શ્રી રઘુવીર સમર્થ.

સદ્‌ગુરૂ શ્રી કૃષ્ણરામ માહારાજ કૃત

મહાકાવ્ય.

શ્રી નીતિ, ભક્તિ અને જ્ઞાન પ્રસારક ગ્રંથ.

ભાગ ૨ જો.

પ્રસિદ્ધ કર્ત્તા.

રામદાસી. હરિવલ્લભ નારાયણ માહારાજ.

મુકામ—અમદાવાદ સારંગપુર ફાફડાની પોળ સામે

શ્રી રણછોડજી મંદિર.

પ્રત ૧૨૦૦, પ્રથમાવૃત્તિ.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૬.

શ્રી માર્તંડ મુદ્રાલય પ્રેસમાં પટેલ. ભીખાભાઈ છગનલાલે

છાપ્યું. ઠે. રતનપોળ મરચીપોળમાં—અમદાવાદ.

કિંમત રૂ. ૧-૮-૦ પોસ્ટેજ જુદું.

સૂચના—પરદેશના ગ્રાહકોને વી. પી. થી મોકલવામાં આવશે.

શ્રીરઘુવીર સમર્થ.

ઉપોદ્‌ઘાત.

મહાન્ ઇશ્વરની સમગ્ર સૃષ્ટિમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિનાં વિવિધ પ્રાણીઓ જન્મ પામે છે અને પોતાના જીવનની યથાશક્તિ મુસાફરી કરી અન્તે તેજ પરબ્રહ્મમાં વિલય પામે છે. આવી ઘટમાળ નિરંતર ચાલ્યાજ કરે છે. આ અગાધ માયાને નિયમમાં રાખવાને તેમજ તેમાં લુબ્ધ થઈ જતાં પામર મનુષ્યોને સુપથે દોરવાને શ્રી પરમાત્મા સાક્ષાત્ પોતાની વિભૂતિરૂપ કેટલાક **મહાપુરૂષોને** પણ આ સૃષ્ટિમાં સરજે છે, અને તેવા ઉચ્ચકોટિના જીવો (મહાત્માઓ) સૃષ્ટિ ઉપર અનેક ઉપકારો કરતા પોતાની યથાર્થ ફરજ બજાવી અન્તે તે પરમપ્રભુના પદને પુનઃપ્રાપ્ત થાય છે.

દરેક દેશમાં મહાત્માઓ જન્મે છે અને તેઓ પોતાની નીતિરીતિથી પોતાના આત્માના અજવાળાથી પ્રજાના આંતર પ્રદેશને આંજી નાંખે છે તેમના ચારિત્ર્યમાં અજબ ફેરફાર કરી તેમની સ્થીતિમાં અવનવો સુધારો કરી જાય છે. ભારતવર્ષ પણ આવા મહાત્માઓના જીવનનાં સબંધમાં મગરૂર છે. આર્યાવર્તમાં અનેક નરરત્નો પાક્યાં છે અને તેઓ સઘળાએ લગભગ એકજ ઇશ્વરી મહાજ્ઞાનનુંજ લક્ષ્યબિન્દુ સાધ્યુ છે. આપણા પવિત્ર દેશમાં ઇશ્વરી અંશરૂપ અનેક ભક્ત કવિઓ થઇ ગયાં છે અને તેઓએ દુનિયાની બીજી ખટપટથી વિરક્ત રહી કેવળ ઇશ્વરી જ્ઞાનની આપ ને કરવામાંજ પોતાનાં જીવનો વિતાવ્યાં છે. પોતે પોતાનોજ સ્વાર્થ સાધ્યો નથી, પરંતુ દેશના અન્ય સ્ત્રી પુરૂષોને પણ પોતાના ઇશ્વરી પ્રેમનો પ્રસાદ આપતાં ગયા છે. પ્રાચીન ઇતિહાસ પુરાણ ઉપરથી એવા ભક્ત કવિઓના અનેક દ્રષ્ટાંતો મળી આવે છે.

આવા પરમાત્માના પુનીત પ્રેમથી વિભૂષિત **મહાત્મા સદ્‌ગુરૂ શ્રી કૃષ્ણરામ મહારાજ** પણ હતા, તેમનાં પવિત્ર જીવનનો ઉલ્લેખ પ્રથમ ભાગમાં કરી ગયા છીએ એટલે હવે તત્સંબંધિ વિશેષ વિવેચન ઉચિત નથી.

આજે તેજ મહાત્માની પ્રસાદીરૂપ શ્રી પરમપ્રભુના પ્રેમમાં ચુસ્ત બની અરપેલી પ્રેમાંજલી રૂપ આ તેમનાજ **મહાકાવ્યનો** દ્વિતીય ગ્રન્થ શ્રદ્ધાલુ વાંચકોની સેવામાં રજુ થાય છે. પ્રથમ ભાગની પેઠે આ દ્વિતીય ભાગપણ અત્યંત રસીક અનેજ્ઞાનના કીર્તનોથી ભરપુર છે. વ્યવહાર અને

પરમાર્થ ઉભય માર્ગને પ્રતિપાદન કરનાર **એકેશ્વરવાદી** આ મહાત્માના કીર્તનો એવાં તો સચોટ છે કે વાંચકના જીવનમાં તેથી કંઇ નુતનજ ફેરફાર થાય છે અને સામન્યતઃ રેહેણી તેવીજ કેહેણી રાખનાર પુરૂષોનાં વાકયો અસર કરી શકે છે. સાક્ષર શ્રીયુત્ કેશવલાલ હરિરામ પોતાના **કેશવકૃતિ** નામના પુસ્તકમાં લખે છે કે.

> હોઠે હરિ આવે નહિ, હૃદય વિષે નહિ રામ;
> જૂઠાં જોડે જોડકાં, એ કવિનું શું કામ.
> પાપી પામર લોકનાં, વર્ણન કરી અપાર;
> કવિત્વને કાળું કરે, એ કવિને ધિક્કાર.
> ઇશ્વરને વિષયી ગણે, જેવો પોતે હોય;
> એવા પામર લોકનો, સંગ ન કરશો કોય.
> નરનારીના અંગ કે, તેનો વિવિધ વિહાર;
> તેમાં મન જેનું ભમે, તે કવિને ધિક્કાર.

કવિવર **સદ્‌ગુરૂ શ્રી કૃષ્ણરામ મહારાજ** પણ પૂર્વોક્તભાવને ટેકો આપનારા હતા. તેઓ શ્રી નક્કી માનતા હતા કે પ્રજાની નીતિનો મોટો આધાર પ્રજાના ધર્મ બળ ઉપર છે, અને ધર્મ બળનો મુખ્ય આધાર ધર્મ ગુરૂઓનાં અદર્શનીય ચારિત્રો ઉપર છે. તેમના જીવનનો ઉલ્લેખ વાંચતાં પણ જણાય છે કે તેઓ ઇશ્વરી જ્ઞાનના ચુસ્ત હિમાયતી હતા અને ભક્તિ રસમાંજ તલ્લીન રેહેતા.

આવા પવિત્ર પુરૂષની લેખિનીથી લખાએલા આ દ્વિતીય ભાગમાં પણ પ્રભુ પ્રાર્થના અને તે વિષે ઉત્તમ બોધ, સમસ્યા, દશ અવતાર ચરિત્ર, રામાયણનો સાર, અવસ્ય જાણવા યોગ્ય તેર મહાપાપનુ સ્પષ્ટિકરણ, પ્રભુ પ્રત્યે કટાક્ષ વચનો, યમયાતના દર્શન, પોતાના શિષ્યો કોણ હતા, તેમજ પોતાના કુટુંબનું વૃત્તાંન્ત, વ્યવહાર કેવી રીતે કરવો કે.પુનર્જન્મ ન આવે અને અન્ય જન્મમાં કઇ યોનીમાં અવતાર આવશે. તેનું ચિન્હકોટી નાંમથી વર્ણન, વિગેરે, ઉત્તમ બોધદાયક હૃદયભેદક વિષયયો વિસ્તારથી વર્ણવ્યાં છે, તે ઉપરાંત સંસ્કૃત, મરાઠી અને હિંદીભાષામાં અને લગ્ન સમયના રાગમાં રૂકમણિ સ્વયંવર, ચાલતાં જમાના વિષે કલિકાલનું વર્ણન, અને વેદાંત વિષય ઘણા ખુલાસા પૂર્વક કીર્તનોમાંજ સમાવેશ કરી દીધો છે. અલ્પમાં આ **મહાકાવ્ય અત્યંત** બોધદાયક અને વાંચવા લાયક છે.

મહારાજ શ્રીએ જ્યાં રાગ બદલાય ત્યાં દેશીફેર એવી સંજ્ઞા રાખી છે અને દરેક કીર્તન નીચે અસલ પુસ્તકનો નંબર મુકેલો છે. અને હ્રસ્વ, દીર્ઘ, રાગના પ્રમાણમાં પોતે રાખેલા છે. અને સાથે શુદ્ધિપત્ર મુક્યું છે. છતાં શુદ્ધાશુદ્ધ જણાય તો વાંચક સજ્જનો સુધારી લેશો એવી આશા છે.

આ અદ્વિતીય બંન્ને ભાગોમાંથી વાંચકને જો કાંઈ પણ બોધ વા કલ્યાણ સાધવાનો માર્ગ મળશે તો હું મહારા યત્નનું સંપૂર્ણ સાર્થક સમજીશ. એજ અંતરની અભિવાંચ્છના. અસ્તુ

કાર્તિક શુક્લપક્ષ. ૧૧ (પ્રબોધિની) ૧૯૭૨

અમદાવાદ

પ્રકાશક.

રામદાસી. હરિવલ્લભ નારાયણ માહારાજ.



અનુક્રમણિકા.

દશાવતાર ચરિત્ર.

ખાસ લક્ષમાં લેવું.

૧૩ મા પૃષ્ટ ઉપર ૧૬ મા કીર્ત્તનમાં ૪ થી તુકમાં—
" એકે ન સુઝે આરો, અતિ અકળાઉં છું રે;" એ લીટી પછી નીચેની બે લીટીઓ વધારીને વાંચવી.

" કષ્ટ કરે છે ક્રોધ લોભને કામજી,
" નથી ઠરવાનો ઠાંમ તે થાંથો થાઉં છું રે. સાં. ૪.

॥ गुरु श्री कृष्णराममहाराजकृत ॥

मंगलाचरणम्—सद्भक्तात्समपेक्षते प्रथमतःपूजान्तुसत्कर्मसु ।
दातुं दीनजनाय पाणिकमले योमोदकान् रक्षति ॥
नाम्ना स्वस्यकरोति सौख्यमतुलं विघ्नान्निहंत्यंजसा ।
भक्तिं दातुमभित्सितीह भजतां कुर्यात्सनोमंगलम् ॥१॥
गंगाद्याःसरितः शतक्रतुमखादेवादिनेशादयः ।
खेटाःसत्वमुखागुणास्तु हिनजा मुख्या महाशक्तयः ॥
ब्रह्मिष्ठाःशुकनारदप्रभृतयःप्रह्लादमुख्याहरेः ।
भक्ताभक्तिमकामिकां विदधतःकुर्वन्तुनोमंगम् ॥२॥

गुणवत्तरैर्विशदबुद्धिभिःश्रितम्
चरणं प्रसिद्धमखिलार्द्धिसिद्धये ॥
सुखदं पवित्रमखिलाघनाशनं
मुहुरानमामि निदधामि चानिशम् ॥१॥
भवतःपदाब्जरजसाभिसंगतो
ममानसालिरटतित्वदाभिधाम् ॥
विमलार्थमक्षरजुषां सतांविदा
स्वयमीश्वरंत्वनुभवाम्यहंयतः ॥२॥

गुरोत्वद्वक्त्राब्जाद्गलितममृतंनैगमवचो
यथाशक्त्या शिष्योप्यनुसरति धृत्वारसिचतत् ॥
धियोजाड्यंहन्तुं शमितुमखिलाघं क्षममिदं
भवेदास्मद्भ्यस्मरति सततं न त्यजतिचेत् ॥३॥
पुराऽविद्याऽध्यासाद्व्यवहितिरभूत्कोटिजनितः
प्रभोरीशात्कृष्णात्ममपुनरिदानींगतमिदम्
गुरोर्वाक्यंश्रुत्वौपनिषदमहंतत्वमसितत्
स्मृतःस्वस्यात्मामेह्यखिलरसरूपोहरिरिति ॥४॥

સદ્ગુરૂ શ્રી કૃષ્ણરામ માહારાજ કૃત

માહાકાવ્ય.

કીર્ત્તન ૧ લુ.

આવો હરજી (૨) આ અવસરે સાંભળો અરજી,
મજ રંકનો વંક ક્ષમા કરીને, મેળ થાવા મનુજ તનું સરજી. આ૦ ૧
બિરુદ જાણ્યું (૨) વેદ શાસ્ત્ર વડે જ્યે વિખાણ્યું,
અધમોનું ઉદ્ધારણ, કષ્ટ હારણ, તમે તે વડે મન માહારુ તાણ્યું આ૦ ૨
ચરણ નમવું (૨) ગમે રમાનાથ પદે રમવું,
ભૂજે ભવ તારક વસ્તુને ગ્રહી, ભાવે ન ભૂધર હવે ભમવું. આ૦ ૩
સાહ્ય કરિયે (૨) સ્વામિ સંકટ સઘળાં હરીયે,
દયા નીધાન દાસના દાસ શીરે, કેશવજી હવે કર ધરીયે. આ૦ ૪
ચિત્ત ધરજ્યો (૨) માહારિ વિનતી માન્યજ કરજ્યો,
માગુ એટલું જ્યે માહારી મન વૃત્તિયો, વાસુદેવજીને નીત્ય વરજ્યો. આ. ૫
કઈક તારયાં (૨) જેને જેને કેશવે કર ધારયા,
જે ચરણ શરણ થયા નાથજીને, તેને આંચોથી સદ્ય ઉગારયા. આ. ૬
વાહારે ધાજ્યો (૨) સુંદરવર હૃદયે સમાજ્યો,
કિંકર માની કૃષ્ણરામ તણો, કૃષ્ણચંદ્ર વેગે કર સાહાજ્યો. આ. ૭
વી૦ ૧ પા૦ ૧

કીર્ત્તન ૨ જુ.

કૃષ્ણ આવો (૨) કાંઈ સરસ સમાચાર કાહાવો,
અતિ આકુલ મન માહારૂં ધીર્ય ધરે, તેહેવું બલવંત બિરૂદ બતાવો કૃષ્ણ. ૧
શિઘ્ર મળિયે (૨) પુરૂષોત્તમ વચને પળિયે,
શઠ હું તો કાંઇ ન સાધિ સકું, તમે ફલ રૂપી પ્રભુ ફળિયે. કૃષ્ણ. ૨

વાટય નિરખું (૨) હરિ હાથ ગ્રહો તો હું હરખું,
સ્વામિ સરવ પદારથ સમજ્યણેથી, જોતાં દીસે ન કો તુપ રરખું. કૃષ્ણ.૩
નથિ ઠરતું (૨) મન માહારૂં કહ્યું નથિ કરતું,
હવે કૃષ્ણ ચિદાનંદ નાથ વિના, નથિ અન્યના આશ્રય ધરતું. કૃષ્ણ. ૪
શું શું કહિયે (૨) અજિ હેત ન ઉપજે હઇયે,
કહો વાહાલા વિયોગ તણા દુઃખનેં, સેવક અમે કયહાં લગી સહિયેં. કૃ.પ
રીસ આહાવિ (૨) કયમ ધરિયે કૃપાલ કહાવી,
ગુણ દોષ ગરીબના જોવાં તજી, હવેં બાંહ બાળ્યકની સાહાવી. કૃ. ૬
રાખો શરણેં (૨) તેનો મુંજને બતાવો નિરણેં,
હરે કૃષ્ણ કૃપાનિધે આ અરજી, ધરો કૃષ્ણરામ તણિ કરણેં. કૃષ્ણ. ૭

વી૦ ૧ પા૦ ૧

કીર્ત્તન ૩ જુ.

કૃપા કરિયે (૨) કેશવજી અમે કરગરીયે,
પુરૂશોત્તમ પૂરણ બ્રહ્મ વિના, કહો કોહોને પદર પસરિયે. કૃ. ૧
મિત્ર માહારા (૨) થઇ નાશિ ગયા કૃયહાં ન્યારા,
નહિ છુટિ સકો દયા સિંધો હરે, જગ જિવન અધમોદ્ધારા. કૃ. ૨
આ અવસર (૨) વશ્યા કયહાં જઇનેં વિશ્વેશ્વર,
સ્વામિનાથ સુતલ તણે દેશ જઈ, સકે બેઠા તમે બળિને ઘર. કૃ. ૩
અંશ અમને (૨) યદુનાથ ન સૂપશો યમનેં,
દીન દાસના દોષ જોષો જ્યો પ્રભો, તો તો લાજ લાગશે તમનેં. કૃ. ૪
પ્રતિ પાલક (૨) દોષ સકલ તણા નિદાલક,
મન બુદ્ધિ અહંકૃતિ પ્રાણ કરણ, સહચિત્ત તણા તમે ચાલક. કૃ. ૫
ગતિ માહારિ (૨) માહારા નાથ છો એક મુરારી,
મધુસુદન મૂકિ ન દેશો હવેં, મુને વિકલ જાંણિનેં વિસારિ. કૃ. ૬
દાદ શુણિયે (૨) ભક્ત વત્સલ ઉત્તર ભણિયે,
કૃષ્ણરામનેં કૃષ્ણ કૃપા કરીનેં, દેવદાસ દાસ તણો ગણિયે. કૃ. ૭

વી૦ ૧ પા૦ ૧

કીર્ત્તન ૪ થુ.

નાથ મળિયે (૨) ત્રીકમજી અમે ટળવળિયે,
પ્રાણ તાર્ત્તિ નિવારક નાથ થઈ, મુંને છેક છબીલા ન છળિયે. ના. ૧

જુવો સાંહાંમું (૨) માહારા નાથ હું મસ્તક નામું,
કરો કરૂણા કટાક્ષ કૃપાલ તમે, તેણે વેદના હું સર્વ વામું. ના. ૨
આજ આહાવિ (૨) કોહોણેં નિર્લજ ટેવ શિખાવિ,
રંક પાલ રમા તણા નાથ તમે, રહો રંક ઉપર શું રિસાવિ. ના. ૩
જાઉં ભામણે (૨) દાસ હાથે બંધાયાતા દામણે,
વશ્ય માય સ્વતંત્ર કેહેવાઇ થયા, વશ્ય કાંમિનીયો તણા કાંમણેં. ના. ૪
શું છે કારણ (૨) નથિ બોલતા કષ્ટ નિવારણ,
સકે કલયુગ અડકયો અંગે હરે, કે વા નિદ્રા તણિ થઇ ધારણ. ના. ૫
એમ ન ઘટે (૨) પ્રભુજિ કાં પ્રેમ ન પ્રગટે,
મજ રંક તણો કર વેગેં ધરો, હવે વિશ્વનાથ વેળા વટે. ના. ૬
મેહેર આણો (૨) તાત થઈ આવડું નવ્ય તાંણો,
કૃષ્ણરાંમ કહે કર જોડિ હરે, હવે જીવ દયા કાંઇ જાંણો. ના. ૭

વી૦ ૧ પા૦ ૧

કીર્ત્તન ૫ મુ.

શરણ વત્સલ (૨) બિરૂદ ધાર્યું તે દાખવિયે બળ,
કૃપા કીલિ વડે મજ કિંકરની, કૃષ્ણ ઉઘાડી દ્યો માંહિલિકળ. શ. ૧
દેહ દુર્લભ (૨) સખા જ્યે હતો તે કરચો સુલ્લભ,
માનવનો આપ્યો ત્યારેં મેહેર કરો, વિશ્વાસિ જનોનાં વલ્લભ. શ. ૨
તેહેમાં બ્રાહ્મણ (૨) સરજ્યો તમે સર્વ શિરોમણ,
મુખ માંનો છો માધવરાય તેનેં, રખે કાળનું લાગતું કામણ. શ. ૩
વિદ્યા બોધી (૨) સાગ સાર જેણે સકુ શોધી,
તોહ્ય માહારે બળે આ અવિદ્યા અજી, નથિ વેગળિ ખસતિ વિરોધી.શ.૪
ક્રોધે લોભે (૨) શ્રેષ્ટ વચન વધ્યા જ્યમ શોભે,
વિષયી મનની વધેં વૃત્તીયો તે, માહારિ વારિ અજિ નવ્ય થોભેં. શ. ૫
આપેં કાચો (૨) જેને તૃષ્ણાનો વાગે તમાચો,
બળ હીનતે શ્યે બળ બોધ કરી, શ્રોતાને સધાવું હું સાચો. શ. ૬
નથી શમતી (૨) દામ દારાનિ વૃત્તીયો દમતી,
પ્રૌઢ પુરૂષ પ્રયત્ન કરચેથિ કદા, નથિ વાસનાઓ તે વિરમતી. શ. ૭
જયક્ત જાહું (૨) કહું છું પણ તેહેમાં હું લુહું,
પંચ મારવાને પાશ પડયો હું પ્રભો, કહો કોણ ઉપાયેથિ ઉઠું. શ. ૮

કૃપા પાખે (૨) રંકને કુણ રોળથિ રાખે,
કૃષ્ણ કરૂણા વિના નવ્ય કોય તરે, એમ વેદ પુરાણ તે ભાખે. શ. ૯
શીશ નાંમું (૨) સ્વામિ નાથ જુવો મજ સાહામું,
તારિ કઇને તરૂં જો તમારા થકી, પ્રતિતિ પરિ પૂરણ પામું. શ. ૧૦
જન્મ જાશ્યે (૨) કરૂણા વિના જન અથડાશ્યે,
જો વિચારશો નહિ જગદીશ તો આ, બાલ રમત્ય સરીખું થાશ્યે. શ. ૧૧
માટે દોડો (૨) ગાઢા ગ્રંથી અવિદ્યાનો છોડો,
કૃષ્ણ કરૂણા કરિ અપરોક્ષ્ય બનો, હવે કાલ રહ્યો છે થોડો. શ. ૧૨
બાંહ ધરિયે (૨) જયે જયે આપ્યું તે સાર્થક કરિયે,
શ્રોતા વક્તા અમે શ્રી નિવાસ તણી, સ્નેહ દ્રષ્ટિયે સઘળાં તરિયે. શ. ૧૩
દાસ માંન્યે (૨) ખોટય નહિ આવે ખાસા ખજ્યાને,
કૃષ્ણ રામને કરૂણા કરવિ ત્યાહારે કૃષ્ણ ઉધારો રાખવો શાંને. શ. ૧૪
વી૦ ૧ પા૦ ૨

કીર્ત્તન ૬ ઠું.

દેશી બીજી. વિતર્ક.

કહો કેશવજી, અમથિ અંતર ધ્યાન થઇ તમે કયાંહાં ગયા,
બોલો ન અજી, દામોદર શું દાસ ઉપર નાંણો દયા. ક. ૧
સકે ભૂતલથી ઉતરચા હેઠા, બળિરાય તણે દ્વારે બેઠા,
કે પરિક્ષિત માતુ ઉદર પેઠા. ક. ૨
સકે રમા સંગ રોકાઈ રહ્યા, કે માધવ મૈથિલ દેશ ગયા,
બે જણને ઘર બે રૂપ થયા. ક. ૩
કે વંદ્રા વનનેં દેશ વશ્યા, કે વરૂણ તણે દરબાર ધસ્યા,
કે ગોપીજનનેં ફંદ ફશ્યા. ક. ૪
કે કાલિય દમવાને માટે, ગયા ગોવિંદ કાલિંદી ઘાટે,
કે ગાય ચરાવા વન વાટે. ક. ૫
કે રાસ ગોપિકાથી રમવા, કે શંખ ચૂડ પૂઠે દમવા,
કે વિદુર ઘેર ભાજી જમવા. ક. ૬
તમે અચિંત્ય શક્તી છો ઈશ્વર, તુમ વિના ન ખાલિ સચરાચર,
માટે સમાચાર લેજ્યો સત્વર. ક. ૭
જ્યાંહાં જ્યાંહાં મન માંને ત્યહાં જાજ્યો, ધરણીધર મજ વાહારે ધાજ્યો
હવે કૃષ્ણરામનો કર સાહાજ્યો. ક. ૮
વી૦ ૧ પા૦ ૫

કીર્ત્તન ૭ મું.

કમળાના કાંત, અમર દ્રુમ સમ છો અભિમત ફલ દાતા,
મન કરવા શાંત પ્રેમ પ્રગટવા પ્રતીતિ દીજે ત્રાતા. ક. ૧
હું ચરણ શરણ આવ્યો હરીનેં, થાકયો છું ફેરિ ફરી ફરીનેં,
કર ધરો હવે કરૂણા કરિનેં. ક. ૨
અધ્યાસેં બહુ અથડાયો છું, ઘટ ઘોર ઘણે ઘેરાયોછું,
પ્રકૃતિ દ્વારા પીડાયો છું. ક. ૩
વિશ્વેશ્વરથી છું વિમુખ અજી, સાધનની સાંન નથિ ઉપજી,
કરગરૂંછું તમને કેશવજી. ક. ૪
વાહુ લાજી વેહેલા ધાઓ વાહારેં, કળ પડશે મુજનેં તો ત્યાહારેં,
યદુનાથ પ્રતીતિ ઘો જય હારે. ક. ૫
બલવંત બિરૂદનેં દેખાડો, પ્રભુજિ નિજ પ્રભૂતા પેખાડો,
અતિ થઈ છે અંક વચ્ચેો આડો. ક. ૬.
અચ્યુત બોલો આપદ્ હરવા, આપ્યો આ દેહ સફલ કરવા;
મન કૃષ્ણરામનું સ્થિર ઠરવા. ક. ૭

વી૦ ૧ પા૦ ૬

કીર્ત્તન ૮ મું.

દેશી બીજી.

આંમ શું સરજિયા કૃષ્ણ અમનેં તમે, વિરતિકે ભક્તિ નથિ મંન ઠરતિ,
ભાવે છે ભ્રાંતિથી ભટકવું ભોગમાં, વૃત્તિ નથિ વિઠલ વરનેં વરતી. આ.૧
સચ્ચિદાનંદ શ્રી નાથનેં વીસરી, અન્ય ઉપાધિમાં બુદ્ધિ વિલસે,
હું કરૂં મેં કરયું મજ વડે એ થયું, એહ બકવાદ બુદ્ધીથિ ન ખસે.આ.૨
સકલ કલ્યાણ શ્રી નાથના ચરણમાં, જીવનેં જાંણ્ય તેહેની ન જાગે,
કંઇક કલેશેં ભરી કલ બલ કરમની, લોકની લવથિ ત્યહાં લક્ષ લાગે.આ.૩
કારણ સર્વ કલ્યાણનું કૃષ્ણ છો, તેહેનું ચિંતન નવ્ય ચિત્ત ચોટે,
રાગનેં દ્વેશથી નિત્ય રગડાઇયે પણ, બુદ્ધિ જઇ લંઘસમાંહે લોટે. આ.૪
કૃષ્ણ કીર્ત્તન કથામૃત રસ દુર્લ્લભ, સ્વલ્પ સુખ કાજ્ય તે જાય છૂટી,
ખોટિ થાવું ગમે ખળ તણા ખેલમાં, કંઇક કરંકોનેં કૂટિ કૂટી. આ.૫
ધર્મ મારગ વિષે ધીર્ય્ય નવ્ય ઉપજે, લોકની બડ બડે નીત્ય બિહિવું,
સૂધા રહિનેં સુધા પાન ભાવે નહિ, આવડે આડા રહી મૂત્ર પીવું. આ.૬

એક બીજી મરચે તોહે ત્રીજી કેરે, નારીના નિરયમાં ભાવે રમવું,
અખિલ આધારનો આશ્રય પરહરી, ભાવે ભૂષ્ટો તણે ઘેરચ ભમવું. આ.૭
શાસ્ત્ર ભણિયે પણ સાંન આવે નહિં, બકતાંને બોધિયે અન્ન માટે,
નાથ નિરખી જુવો દુઃખ કહું કેટલું, અધિક કહેતાં મારૂં હૃદય ફાટે.આ.૮
કમળાના નાથ હવે કાંઈક કરૂણા કરો, ગરિબનિવાજ પ્રભુ જ્ઞાન આપો,
કર જોડી કેશવ કહું છું હું કરગરિ, કૃષ્ણ કૃષ્ણરામનું કષ્ટ કાપો. આ. ૯

વી૦ ૧ પા૦ ૮

કીર્ત્તન ૯ મુ.

મનતણી વાત માહારિ કૃષ્ણ કુંણ સાંભળે, સર્વ સંકટ ભરચાં શરિર ધારિ,
પોત પોતા તણા દુઃખ દાવે દહ્યાં, તે તે શું લેઇ સકે ખબર માહારી.મ. ૧
અંધ કૂપે પડયા ગરવથી ગરબડયા, તાપેંથી તરફડયા દુઃખ પાંમેં.
કામ કીચે કળ્યા મોહ મગરે ગળ્યા, ભીતિ તજવા ભળ્યા કઈક કાંમેં.મ.૨
રાગના રંગડિયા બડ બડયેં બિગડિયા, ટેકના તગડિયા કપટ ભરિયા.
મમતાયેં મર્દિયા ગર્ત્તામાં ગરદિયા, દંભેથી દર્દિયા, વિષય વરિયા.મ. ૩
હું હું કરિ હુંકતા, ભ્રાંત્યેથિ ભૂકતા, માન નવ્ય મૂકતા. લોક લવનું,
તૃષ્ણામાં તાણતાં, મોટયમ માંણતાં, જ્યાંન નવ્ય જાણતાં, ભારે ભવનું.મ.૪
રામાના રોળિયા, ચરમમાં ચોળિયા, પૂત્રોના પોળિયા, કરમેં કુડા,
ચેટકે ચાલતાં, બોલીને બાળતાં, મંદ પણ માહાલતાં, ભટકેં ભૂડાં. મ. ૫
ખેદના ખાંડિયા, ભામાના ભાંડિયા, ડાહ્યા થઇ ડાંડિયા, પાપેં રળતા,
આંસુઓને પોખતા, દીનોને દોખતા, ધન માટે ધોંખતા, છલ્ય છળતા. મ. ૬
ધ્રુણતા દ્વેષથિ, કૃટતા કલેશથી, રાજિ રૂષિ કેશથી, કોન રેહેતા,
ધર્મમાં ધ્રુજતા, પાપિને પૂજતા, બડ બડે બૂઝતા વૈર વેહેતા. મ. ૭
ચઢે કુમતે ચઢેં, વાહાલા થઇને વઢે, નગણા થઇને નડે, ગુણ ગમાવિ,
જ્ઞાંનમાં ધ્યાંનમાં, ગોવિંદ ગાંનમાં, સમજે નહિ સાનમાં, મન શમાવિ.મ.૮
ખળ તણા ખેલથિ, મદ ભરચા મેલથી, વિષય વિષ વેલ્યથિ રંગે રમતા,
દાબિયા દાંમથિ, કામાના કાંમથિ, તિર્થાના નામથિ, હીંડે ભમતા. મ. ૯
વસ્તુ વિસારિને મૂકિ મૂરારિને નિરખતા નારિને રીઝે રંગે,
સ્નેહ જાંણે નહિ, કૃષ્ણજીનો કહિ. બેસે નહિ સ્થિર થઇ, સંત સંગે.મ.૧૦
સર્વ સરખા થયા, ગરવેં ઘેળાઈ ગયા, દીન ઉપર દયા કૃષ્ણ કરિયે,
હેત કરિયે હરી, કહિયે છે કરગરી, પીડા કરતાં પહિ, તરત તરિયે. મ.૧૧

કોણ કોહોને કુહે, સરવ સંકટ સહે, દાવાનલમાં દહે, સરવ સાથ્યે,
હરજિ દેઈ હાંમને,પાળો નિજ નાંમને,કૃષ્ણ કૃષ્ણરામને,પકડો હાથ્યે.મ.૧૨

વી૦ ૧ પા૦ ૯

કીર્ત્તન ૧૦ મુ.

કોણ કારણ અજી કૃષ્ણ બોલો નહિ, શું મુને શઠ લહિ મૂકો વરજી,
હેત હરજી જો દેખાડવું નોહોતું તો, શાંને આ માનવ તનુંને સરજી.કો.૧
આપે અલક્ષ્યની લક્ષ્ય હું કયમ લહું, ગમ્ય ઉઘાડયા વિના શૂરે ગાંઉં,
ભૂત ભાવી ભવત્ કાંઇ ભાસ્યા નહિ,સ્થિર મતી નહિ તેણું થાંથો થાંઉ કો. ૨
પ્રેઽં લાગી રહિ પંચ પર્ચા મુને, આંબળી નાંખે અધ્યાસ આડે,
કાંમ ક્રોધાદિ તે કયેડ મૂકે નહિ, ભેદ બુદ્ધિ ભજન ભંગ પાડે. કો. ૩
લોકની લવ તણો લક્ષ લાગી રહ્યો, પીડા કારી પ્રવર્ત્તી ન છુટી,
સાચિ શ્રદ્ધા નથી ઉપજી શાસ્ત્રથી, કળ વિના શું લહું કૂટિ કૂટિ. કો. ૪
મોટા મોટા મનોરથ મન માંહરે, કોણ ઉપાયથી સાધિ જાંણું,
કૃષ્ણ કરુણા થવી ચ્યાહું છું કૃપણ હું, વ્યાકુલ થાઉછું,જ્યે વીતે ટાંણું. કો.૫
મજથી જ્યે થઈ તેહેવી વીનતીયો કરી, જેવી પ્રેરી તમે વિષ્ણુ વાણિ,
દીન હું દાસ આવ્યો નિજ આશરે, ચક્ષુ આપો મુને ચક્ર પાણી. ૬
અખિલ આધારને ઓળગું નિત્ય હું, ઓળગ અફલ નવ્ય હોય જેહેની,
જેહેવો તેહેવો કૃષ્ણ રામ છે કૃપણનો,લાજ રાખો ધરચું બિરુદ તેહેની.કો.૭

વી૦ ૧ પા૦ ૧૪

દેશી ગ્યારમી.

કીર્ત્તન ૧૧ મુ.

વેગે નાથ ગ્રહો હાથ વેળા જાય છે વહી,
પછી થાય પરીતાપ સમય પાંમશ્યો કહી,
હાંની હોય ઉભયતા પછિ કેહેશો જ્યે કહ્યું નહી. વેગે. ૧
માહારું બાળપણું બહુ પ્રકારે બડ બડે ગયું,
પછિ તરુણપણું વિષય તણા વેગમાં વહ્યું,
રમાનાથ હવે સાચવજ્યોં શેષજ્યે રહ્યું. વે. ૨
નથી ભૂસુરો મુખે ઘૃતાદિ હોમિયાં કદા,
ખાન પાન ભીતિ સ્વપ્ન રતીમાં રમ્યો સદા,
નથિ ભાગિ કોયની અનાથ જાંણિ આપદા, વે. ૨

કદી જ્ઞાંન, ધ્યાંન, દાંન માંન મેં નથી લહ્યા,
નથિ ગમ્યથી ગોવિંદ ચરિત કરણથી ગ્રહ્યાં,
નથિ વાકયથી કૃપાલ કૃષ્ણ નામનેં કહ્યા. વે. ૩
કરચાં કર્મ તે કુકર્મ અહંકારથી ભમ્યો,
કદા સંત સંગતી કરી ક્ષણેક ન શમ્યો,
વાસુદેવને વીસારિ નરક કુંડમાં રમ્યો. વે. ૪
નથી જાન્હવી જળે ઝબોળ્યું અંગ નાંહીનેં,
કદિ અર્ચિયા નથી ગોવિંદ ઘંટ વાહિનેં,
કદી રીઝવ્યા નથિ રમેશ ગાન ગાઈનેં. વે. ૫
બાંધિ ચરણ ઘુઘરુનેં નથી નાચ નાચિયો,
ધરી કૃષ્ણ કથા કાંન નથી રંગે રાચિયો,
હવે હું સમાન પાતકિ તે શોધશો કિયો. વે. ૬
ધરચું બિરુદ પતિત પાવન તે કૃષ્ણ કયહાં જશે,
હવેં હું મળ્યે પતીત સફળ સહજમાં થશે,
કૃષ્ણરામ તારતેથિ કૃષ્ણ ડંકો વાજશે. વે. ૭

વી૦ ૧ પા૦ ૧૫

કીર્ત્તન ૧૨ મુ.

શ્રી કૃષ્ણ કૃપા સિંધો માહારું કષ્ટ કાપિયે,
વ્યગ્ર ધીનેં વિમળ કરી વિષ્ણુ વ્યાપિયે,
જયે રચ્યું અદ્રષ્ટ અનાયાસેં આપિયે. શ્રી. કૃ. ૧
ચ્યાર ખાણ્ય લક્ષ્ય ચોરાશિ વિષે ભમ્યો,
દંભ ભેદ લોભ મોહ તેમણે દમ્યો,
શ્રી નાથ ચરણ પંકજેં ન હુ કદી નમ્યો. શ્રી. કૃ. ૨
કામ કર્દમેં કુંબુદ્ધિ હું ગયો ફશી,
વિષય વાસના વિશેષ ચિત્તમાં વશી,
શ્રી નિવાસનેં લહુ શું સાન નહિ કશી. શ્રી. કૃ. ૩
માત તાત ભ્રાત પૂત્ર માહરાં લહ્યાં,
તે પ્રતાપેં શત્રુ મીત્ર કઇકનેં કહ્યા,
ઉલટે અભ્યાસેં કષ્ટ કઈકિ મેં સહ્યા. શ્રી. કૃ. ૪
નારિ નિરય ગર્ત્ત માંહે હું રમ્યો ક્રમી,

વેદના વિસારિ પુનર્ત્તે જમ્યો વમી,
આવડી આપત્તિ હવેં જાય ન ખમી. શ્રી. કૃ. ૫
અધીભૂત આદિ ત્રિવિધ દાઝિયો દવેં,
ભૂલિ નાથ ભટકતો ભમ્યો ભવો ભવેં,
શ્રીપતે સુધારો શરણુ આવિયો હવેં. શ્રી. કૃ. ૬
પતિત પાવનાદિ વિરુદ બહુ તમે વહો,
સામળા સુજાણુ માહારાં વંકને સહો,
ગરિબ જાણિ હસ્ત હવેં ગોપતિ ગ્રહો. શ્રી. કૃ. ૭
શરણાગત વત્સલ છો શ્રી પતિ તમે,
શીઘ્ર માહારિ વાહાર કરો આવી આ સમે,
કૃષ્ણરામ કૃષ્ણજિના ચરણુનેં નમે. શ્રી. કૃ. ૮

વી૦ ૧ પા૦ ૧૫

કીર્ત્તન ૧૩ મુ.

કૃષ્ણ કૃપા કરશો તો જન્મ સફલ થાશે,
ગમ્ય થયે ગમતા ગુણ આપના ગવાશે,
નહિતર જંજાલથી આ દેહ વ્યર્થ જાશે. કૃ. ૧
કરુણાના સાગરને કયહાં લગે પુકારું,
મોહથિ વિમોહ્યું મન દ્રઢ ન રહે માહારૂં;
બોધ ઉદય થાવાનું લાભું કયમ બારું. કૃ. ૨
જીવ જોર કેટલું તે જકડાયો કરશે,
ધારણામાં નાવો તે ધણિનેં કયમ ધરશે,
પ્રતીતિ પ્રત્યક્ષ વિના પ્રીતિ કયમ ઠરશે. કૃ. ૩
આપ્યો અવતાર આહાવો માનવનો મોટો,
ખાસાનિ કરુણા બિન ઠરશે તે ખોટો,
તમનેં શ્યો આવે છે કૃપા કર્યેં ટોટો. કૃ. ૪
લેશ કૃપા કરતેથિ લક્ષ્ય તે ઉઘડશે,
ભૂત ભાવિ જણ્યેથી ચિત્ત ચેન પડશે,
ઐશ્વર્ય ઉઘાડયેથી શોધ ખરો જડશે. કૃ. ૫
તમનેં છે શક્ય પ્રભુ જ્યે અશક્ય મુજનેં,
રંક જાંણિ રૂઆવો હૃદયના રૂજનેં,
ભવ્ય ભરુંસેંથિ ધરો ભક્ત તણા ભૂજનેં. કૃ. ૬

દીન જાંણિ દીનના દયાલ દયા આંણો,
જન્મ માહારો જંજાલેં જાય છે તે જાંણો,
કૃષ્ણરામ કૃષ્ણ તણી કીર્त्तिયે લોભાણો. કૃ. ૭

વી૦ ૧ પા૦ ૧૬

કીર્त्तन ૧૪ મું.

કીર્ત્તિયો કૃપા નિધાન કૃષ્ણની કરું,
જેહેનું પતિત પાવન એ બિરૂદ આશરૂં,
જેહેનું ચરણ શરણ ધરી યમથિ ન ડરૂં, કી. ૧

જેહેનેં વાહાલા ભક્ત સદા શ્રી થકે ઘણા,
લેશ થયા શરણ તેંહેનેં માન્યા આપણા,
કૃપા વડે કીચ થકે કાહાડયા કઈ જણા. કી. ૨

જેહેના યશ મહિમા ના વાજે ડંકા,
તારયા કઈ ભક્ત જેણેં સૂધા વંકા,
શઠ હશે તે શરણ થતે ધરશે શંકા. કી. ૩

વિશ્વાસિ જનો થકે જ્યે વેગળા નથી,
ગ્રંથ જ્યેહેના ગાયા દ્વૈપાયનેં ગ્રથી,
સમજ્યામાં આવે જ્યે સંત સંગથી. કી. ૪

વિશ્વંભર બિરૂદ જ્યે સ્વયં સદા ધરે,
કોય કો નિમિત્તથિ જ્યે વિશ્વને ભરેં,
નિર્નિમિત્ત નિર્વાહ ભક્તનો કરે. કી. ૫

દાસ ગાય કીર્ત્તન તો રંગેં રાચેં,
નાચતાં ને સંગે પ્રેમ જાંણિ નાંચેં,
સખા થઇનેં સંગે ફરેં સંતનેં સાચેં. કી. ૬

જ્યેહેનો અકળ મહિમાં તે વેદ વિખાંણેં,
શિવ વિરંચિ સરખા તે યશનેં જાણેં,
એહેમાં અભાગિયા તે અંતર આંણેં. કી. ૭

આજ્ઞા અલંઘ્ય જેની ચકવે ચાલેં,
સિંધુ માંનેં સીમા ન પર્વત હાલેં,
વનસ્પતિ કાલેં ફલ પુષ્પેં ફાલેં. કી. ૮

તારાંગણ સઘળા અંતરિક્ષમાં ફરેં,
ઇંદ્ર મેઘ વરસે વાંયુ વાહ્યાં કરેં,
સર્વ ભૂત રોગ તે પણ મંત્રથી ડરેં. ક્રી. ૯
અર્ક કરે અજુવાલું અંબરેં ફરી,
અરણ્યાને આજ્ઞાથિ અગ્નિ લ્યે ચરી,
મરણ તે પણ આજ્ઞાથિ પ્રાણ લ્યે હરી. ક્રી. ૧૦
નામ સ્મરણ જેહેનાથી ભવ ભય ભાજે,
લક્ષ જેહેનું કીધાથિ માયા લાજેં,
રંક દાસનેં શિરેં જ્યેં રંગેં ગાજે. ક્રી. ૧૧
આજ અંતર ધાંન થયા શાંનેં અમથી,
દામોદરરાય અમનેં દાવો તમથી,
ભૂધર કાં અમને ભ્રમાવો ભ્રમથી. ક્રી. ૧૨
રમાં નાથ રહ્યું નથી જાતું રંકે,
ઝેર તે ઉતારો જ્યે આવ્યું ડંકે,
પ્રીતિ કરી કાહાડો હું પડિયો પંકેં. ક્રી. ૧૩
કઈ દિવા નિશીથી હું અરજી કાહાવું,
કાં કૃપાલ દુર્બલ મન કીધું આહાવું,
વાહાલાજિ થઇનેં આમ ન ઘટે વાહાવું. ક્રી. ૧૪
અંતર પટ આભ્યંતર કેરો ખોલો,
જનનેં નવ્ય દીજિયે જયગજીવન ઝોલો,
બાળ્યક જાંણીનેં કૃષ્ણરામ શું બોલો. ક્રી. ૧૫
વી૦ ૧ પા૦ ૧૬

કીર્તન ૧૫ મું.

આવડિ આલસ કયહાં થકી આવી અંગે.જિ,
રંગાયા કુણ રંગે, જ્યે દેવ નાંણો દયારે. સામળા.
નર હરિ નાયક શું નથિ ધરતા નાકજિ,
ચિત્ત ચઢાવી ચાક, નેં ગોવિંદ કયહાં ગયારે. સા. ૧
મન માહારાનેં વિષ્ણુ તણો વિશ્વાસજી,
દેવનેં વાહાલા દાસ, તે આજ કાં વીસરયારે. સાં.
દાસના ઉપર દેખીનેં દૈત્યનો દંભજિ,
તતક્ષણ ફોડી સ્તંભ, તમે ત્યહાં નીસરયારે. સાં. ૨

ગૌતમ ઋષિની અહિલ્યા ઉદ્ધારીજી,
ગૌતમ કીધિ નારિ, ચરણ ના સ્પરશથીરે. સાં.
ગજ પતિ જલમાં જૂઠ થકે મૂકાવાજી,
ગરૂડ તજીનેં આવ્યા, હરી તમે હરખથીરે. સાં. ૩
નંદ રાયનેં વરૂણ તણે દરબારેંજી,
વિઠ્ઠલ ધાયા વાહારેં, તે તરત છોડાવવારે. સાં.
ગૌ ગોપીને કારણેં ગિરિવર ધરિયોજી,
ઈંદ્ર હતો મદ ભરિયો, તે માંન મોડાવવારે. સાં. ૪
દાવાનલનું બે વેળા કરયું પાનજી,
શેવકનેં સનમાંન કરયા બહુ કેશવારે. સાં.
દાસનેં માટે દેહ ધરયા માહારાજેંજી,
આજ અમારે કાજેં, હઠીલા કાં હવારે. સાં. ૫
અલબેલાજી મન માહારૂં અકળાયજી,
કો આગળ કેહેવાય દુઃખની વાતડીરે. સાં.
યદ્દુ પતિ ચાલે જીવ તણું શું જોરજી,
અરજી આઠે પહોર, કરૂં દીન રાતડીરે. સાં. ૬
કેશવ મૂક્યાં કાંન તમે ક્યાંહાં ધરણેજી,
કાં ધરતા નથી કરણું, આ અરજી આ સમેરે, સાં.
આપેં કેહેવાઇ અનાથ જનના બંધોજી,
કેશવ કરૂણા સિંધુ, નિપટ કાં થયા તમેરે. સાં. ૭
જગજીવનના હેત વિના કયમ જીવુંજી,
જન્મ મરણથી બીહીવું, તે ક્યાહારે મિટાવશ્યોરે, સાં.
માધવ આપ્યો દુર્લભ માનવ દેહજી,
નાથ દેખાડવાન્યેહ ક્યાહારે તમે આવશ્યોરે, સાં. ૮
મનની વાતો માધવજી કયહાં કરિયેજી,
અન્ય થકી ઓસરીયે અમે તો સર્વદારે, સાં.
પોત પોતાના હાલમાં સઘળા મસ્તજી,
વીસારિ નિજ વસ્ત ભોગે છે આપદારે. સાં. ૯
તે આગળ શી કરીએ મનની વાતોજી,
અન્ય તણી કરિ ઘાતો જયે પોસે પ્રાણનેરે, સાં.
છબિલા તમારો પાલવ હું નહિ છોડુંજી,
દસો દિશા નહિ દોડું તજી કલ્યાણનેરે. સાં. ૧૦

ધરણીધર હવે રહેતી નથી મુંને ધીરજી,
હલધરજીના વીર વેગે આવો હરીરે, સાં.
બીરૂદ ધરયાની શ્રીપતિ રાખો શરમજી,
કૃષ્ણુરામનાં કરમ હવે જોવાં નહીરે. સાં. ૧૧

વી૦ ૧ પા૦ ૧૮

કીર્ત્તન ૧૬ મું.

આજ કૃપાલને નિર્દયતા કયમ આવીજિ,
બાળ્યક થાકયો બોલાવી, તોહ્યે નથી બોલતારે, સાં.
ઘટિત નથી આમ અર્દિતને શું અરદોજી,
અજિયે અંતર પરદો તે કાં નથી ખોલતારે. સાં. ૧
પરોક્ષ્ય છો તે કાં અપરોક્ષ્ય ન આવોજી,
તપ્તને કાં ફરિ તાવો, અધુરૂં શું અજીરે. સાં.
ચિદાનંદ મેં શી કીધી છે ચોરીજિ,
કાલજડું કાં કોરિ નાખો છો કૃષ્ણુજીરે. સાં. ૨
વિષમ નડે છે વિયોગ દાબાનલજી,
કશી પડે નહી કળ કહો હું શું કરૂંરે, સાં.
ગુણુ ગાઉં છું પણુ ગમ્ય નથી કાંઇ જાગીજિ,
પૃષ્ટે અવિદ્યા લાગિ ધીરજ્ય તે કયમ ધરૂંરે. સાં. ૩
મસ્તક ઉપર મરણુ ભમે છે મારોજી,
એક ન સૂઝે આરો, અતિ અકલાઉં છુંરે. સાં. ૪
સંત સમાગમ સેવાતો નથિ સાચોજી,
તૃષ્ણુાનો વાગ્યે તમાચો પડું છું ઉથલીરે. સાં.
કદાપિ કીર્ત્તન ધારવા બેસું ધ્યાનેજી,
ત્યહાં પડે લોકની કાંને તે કૂછિત કૂથલીરે. સાં. ૫
પાઠ વાંચતાં પ્રગટે મધ્ય પ્રવૃત્તીજી,
વિકાર પામ્યે વૃત્તી મનોવશ્ય રેહે નહીરે. સાં.
પ્રતીતિ પાખે કયમ ઉપજે વિશ્વાસજી,
આઠે પ્રહર ઉદાસ થયો જાઉં કહીંરે. સાં. ૬
મંદ માણુસ તે મંદિરમાં જ્યમ તાકેજી,
કીશ. પેઠા કુણુ હાંકે બિગાડે વસ્તનેરે, સાં.

એમ હું મંદ મતિથિ ન ધરે બીકજી,
રંજાડે રાગાદિક ન માને દસ્તનેરે. સાં. ૭
ગરીબ ઉપર કાં નાંખ્યો છે ઘોરજી,
બાલ હું કરૂં બકોર ત્રાહિ ત્રાહિ પ્રભોરે, સાં.
ચરણ શરણ આવ્યો છું ચાકરી ચોરજી,
ત્રાતા તાંણી દોર, વિઘ્નવારો વિભોરે. સાં. ૮
રંક વત્સલને નિત્ય રટું હું રંકજી,
મજને થવા નિઃશંક પ્રતીતિ આપિયેરે. સાં.
કૃપણ જાણીને કરિયે કરુણા દ્રષ્ટજી,
કૃષ્ણરામનાં કષ્ટ કૃપા કરિ કાપિયેરે. સાં. ૯

વી૦ ૧ પા૦ ૧૯

કીર્ત્તન ૧૭ મું.

કાં અજિ ઉત્તર આપો નહિ અલબેલાજી,
પ્રીતિમંત થઇ પેહેલા હવે કયમ રૂસશ્યોરે, સામળા
ભક્તવત્સલ છો ભૂધરજી તમે ભવ્યજિ,
આજ મુંને અપસવ્ય કૃપાકર કયમ થશોરે. સાં. ૧
કાલાવાલા માહારા કાં નથી ધરતા કાનેજી,
શરમ ધરો છે શાંને, તે ઉત્તર આપતાંરે સાં.
સમર્થ છો તમે સર્વ સુધારવા કાજજી
આલસ કરો કયમ આજ, અધ્યાસ ઉથ્થાપતાંરે. સાં. ૨
નામ તમારૂં પતિત પાવન છે પ્રશસ્તજી,
તે સાંભળીને હસ્ત ધરૂં છું આપનેરે, સાં.
ગૌબ્રાહ્મણ પ્રતિપાલક બિરૂદ નિભાવોજી,
અક્ષિ ગોચર મુને આવો શમાવા તાપનેરે. સાં. ૩
નામ તમારાથિ અશ્મા અંબુયે તરિયાજી,
મહાપાપી ઉદ્ધરિયા, અજામિલ શ્યા કઇરે, સાં.
તેહેવું જાણી હું આવ્યો તમારે શરણજી,
અલગું કરો આવરણ આપે અનુકુલ થઇરે. સાં. ૪
હરજી પૂર્ણ કરોને હઇયાનિ હુશ્યોજિ,
ભવ્ય તમારો ભરૂસો તે સત્ય મનાવિયેરે, સાં.

દીનવત્સલ કરો દિવ્ય દ્રષ્ટિનું દાનજી,
ભીડચભંજન ભગવાન, નિર્બળને નિભાવિયેરે. સાં. ૫
પ્રભુ તમે આપી પરોક્ષ્ય કંઇક પ્રતીતિજિ,
તેથિ ન ભાગી ભીતિ, માહારા મન મૂઢનીરે સાં.
પ્રત્યક્ષ્ય પ્રભુની પ્રભુતાને જ્યમ પ્રીછુંજી,
એહેવી પ્રતીતિ ઇચ્છું શ્રી ગરૂડારૂઢનીરે. સાં. ૬
પરમ કૃપાલ કૃપા કરીને તે આપોજી,
વિમળ મનો કરી વ્યાપો,જ્યે ભાગે ભ્રાંતિયોરે, સાં.
રુગ્ણ જાણી કૃષ્ણરામના ઉપર રીઝોજિ,
અવસર આહાવો બીજો હવે આવશ્યે કીયોરે. સાં. ૭

વી૦ ૧ પા૦ ૨૦

માર્મિક વચનો.

કીર્ત્તન ૧૮ મું.

તુંતો લોભિ છાંનો (૨)
તુને દીન દયાલ કેહે છે તે શાંનો, તુંતો. ૧
દિઠા જ્યે જ્યે ધનવંત તુને ચરણે નમતા,
તેનું લેઇ સર્વસ્વ ને કીધા રમતા,
હતા મરદ તેને કરચા હાંશિ ખમતા. તુંતો. ૨
જ્યાહારે ગજપતિ જલમાંહે જૂડે સાહ્યો,
ત્યાહારે તે સમય તેં તારો મોખ ચાહ્યો,
ગજગંડ મુક્તા તણે લોભે ધાહ્યો. તુંતો. ૩
થયો પ્રગટ પ્રલ્હાદને સ્તંભ વાટે,
આવ્યો હસતો જ્યમ ઇતરનાં હૃદય ફાટે,
તેતો દૈત્યની ગાદિયે બેઠા માટે. તુંતો. ૪
તેંતો વામણો વેશ નિજ અંગે જોડચો,
ધનલોભને કાજ ગ્રહસ્નેહ ત્રોડચો,
વિના નોતરે બલિ તણે દ્વારે દોડચો. તુંતો. ૫
અણુલોભિ શો થઇને કરે અંબુ લીધું,
પછિ રૂપ ત્રીવિક્રમ તરત કિધું,
થયો જ્યમ હતો ત્યમ જ્યારે કાર્ય સિધું. તુંતો. ૬

તેંતો માત ને તાતથી પાંનુ છોડયું,
પછિ કોશિક વિપ્રથી હેત જોડયું;
તેંતો પરણ્યાને લોભે શિવધનુષ ત્રોડયું. તુંતો. ૭
છાયા જાનકીને દશ ગ્રીવે સાધાં,
બેઠા ક્ષુધિત વીયોગ ને દુઃખે દાધાં;
તોહ્યે તેતો શબરી તણાં બદરી ખાધાં. તુંતો. ૮
મારયો વાલિ વાનરને તેં કપટ કળવા,
કીધો મિત્ર સુગ્રિવ તે રિદ્ધિ રળવા,
વગર પઇસાનું વાનર સેન મળવા. તુંતો. ૯
દગો વડિલ બંધુને જેણે સહજ દીધો,
તેહેવા વિભિષણને તેંતો શરણ લીધો;
તાહારા કાર્ય માટે તેં લંકેશ કીધો. તુંતો. ૧૦
થયો પૂત્ર તું તાતને શું નિભાવા,
દેખી નિર્ધન તેં કર્યા કાવાદાવા;
ગયો નંદને ઘેર નવનીત ખાવા. તુંતો. ૧૧
આવી માશી હેતે તુંને ખોળે લીધો,
પયોપાન કાજ્યે સ્તન મુખમાં દિધો;
ત્યાહારે તેં અધિક લોભિ થઇ પ્રાણ પીધો. તુંતો. ૧૨
તુંતો ગુપ્ત ગોપી તણે ઘેર જઇને,
ખાધાં તસ્કરી ગવ્ય નિજ હાથે ગ્રહીને;
થાકી તે તાહારી માંને ઓલંભા કહીને. તુંતો. ૧૩
તુંને માત પય પાતિતિમથવું છોડી,
ગયું દૂધ ઉભરાઇ તે માટે દોડી;
તાહારો લોભ ન સરયો માટે મથની ફોડી. તુંતો. ૧૪
તુંને નાચ્યે તેં વિપ્રોનાં દિલ દઝાડ્યાં,
લીધાં વિપ્રપત્નિથી પકવાન્ન ધાઢાં,
પણ તોહે તેં પ્રેમિને પાછાં કાહાડ્યાં. તુંતો. ૧૫
ગયો નંદ છોડાવવા વરૂણ ધામે,
તેતો નાના શણગાર લેવાને કામે;
તાહારી ડાહાડ્ય ડલકી સદા દેખી દામે. તુંતો. ૧૬
ઘણે લોભે તેં ગોપી ગોમાત કીધાં,

નાનાં વાસરૂ ગોપનાં રૂપ લીધાં;
તેહેનાં વર્ષ પર્યંત તેં દૂધ પીધાં. તુંતો. ૧૭
લોભે વૈકુંઠથી વ્રજવાસે આવ્યો,
તુંને ગોપીયે છાશ કાજે નચાવ્યો;
તાહારો ટેક તેં તાહારે હાથે તજાવ્યો. તુંતો. ૧૮
જેહેને પાસ હોય લેવાની કાંઈક વસ્તો,
તેહેને પાસે આવે હરિ હેતે હસ્તો;
મુજ રંકને તું કયમ જણવે રસ્તો. તુંતો. ૧૯
માહારા મેહેણાથી લાજ લાગે જો તુજને,
હોયે દીનદયાલ તો પકડ્ય ભૂજને;
કૃષ્ણરામ કહે આપ્યાનું ન મળે મુજને. તુંતો. ૨૦
વિ૦ ૨, પા. ૧.

કીર્તન ૧૯ મું.

તુંતો આદી કપટી (૨)
કોણ કરમથી તુજ શું માહારી બુદ્ધિ લપટી. તુંતો ૧
તાહારો માંને વિશ્વાસ તે વિરલા પ્રાણિ,
બાકી કોય ધરતા નથી કરણે કાંણિ;
તાહારે લક્ષણે ટાંક નવ્ય પાય પાણી. તું. ૨
તુન્હે દેવહૂતિ પ્રથમ માત મળિયાં,
નમિ પાગ ઉલટાં તાહારે વચને પળિયાં;
ત્યાહારે તે ગરીબણી તણા હાડ ગળીયાં. તું. ૩
તુંને આપ્યાની હા કહી વચને પળિને,
ત્યારે તેંતો લીધાં ભૂવન ત્રણ્ય છળિને,
તોહે ઉલટો તે સમે બાંધ્યો બળિને. તું. ૪
તેંતો ભાર્ગવ ગોત્રમાં શરીર ધારી,
પીધું પય તેહેનું વાહાલ મુકયું વિસારી;
તેંતો અગ્રજો સહિત ત્યહાં માત મારી. તું. ૫
સૂઝ્યુ દિતિ સૂતોયે સૂધા હાથ્ય તાહારે,
પાઈ અમરોને તેં કરયું કપટ ભારે;
હવે તાહારો વિશ્વાસ તે કોણ ધારે. તું. ૬

આવી સુંદરી વરવા તુને પ્રીતિ વ્યાપી,
ત્યાહારે તેં તેહેને નાથ શી પદવી આપી,
લીધા ઉલટા નાસીકા કાન કાપી. તું. ૭

કીધો મિત્ર સુગ્રીવ તેં માન ગાળી,
છુપી વ્રક્ષમાં વાનર માર્યો વાળી;
તેણે પારખી હૃદય તાહારાની પાળી. તું. ૮

છાયા જાનકી કાજ્ય તે પરવ ધાર્યું,
નમ્યો પાગ્ય તે સિંધુશિરે તોલ ધાર્યું;
કુલ બ્રહ્મ રાક્ષસનું તેં હાથે માર્યું. તું. ૯

તેંતો જન્મ્યા પહેલાં ભાઇ છ મરાવ્યા,
વળી અરધી રાત્રે ઉચાળા ભરાવ્યા;
તાહારા તાતને તેંતો બંધન કરાવ્યા. તું. ૧૦

તેંતો પારકી પુત્રી પર ઘર ઘલાવી,
વલી કંસ કપટી તણે કર ઝલાવી;
કાહાડી એહેવી તેં નંદને હાથ્ય નાવી. તું. ૧૧

ન્યાહાળ્યો ગોપીયે તુજને ઘર કાજ છોડી,
ત્યારે તેને મંદીર ગયો ગુપ્ત દોડી;
ખાધું તસ્કરી ગવ્ય તેં ભાંડ ફોડી. તું. ૧૨

બાળા વ્રજની તુંને પૂજતી ચીત્ત હરખી,
ત્યારે તૂં નીપટ થઇ તેને નગ્ન નીરખી;
તેથી પ્રભૂ તાહારા મન તણી વાત પરખી. તુ. ૧૩

તેંતો રાત્રિયે વનમાં મુરલી બજાવી,
ગોપી સકલ ત્યહાં રાસ રમવાને આવી;
ત્યારે તું ગયો તેમને રણુવન ભમાવી. તું. ૧૪

તુંને નંદ યશોદાજીયે મોટો કીધો,
તેનું ખાઈ પીને દગો અંતે દીધો;
તેનો દામ ચિત્તાદિ તે હરીને લીધો. તું. ૧૫

તાહારો માન્યો વિશ્વાસ જન જેણે જેણે,
ખોયું હું ને માહારાનું સુખ તેણે તેણે;
ધરે લાજ તો લાજે તું માહારે મેહેણે. તું. ૧૬

જો તું રીઝે તો સત્વર ખબર લેજ્યે,
કદી ખીજે તો દેશનિકાલો દેજ્યે;
હોયે મરદ તો તું તાહારૂં બિરૂદ વેહેજ્યે. તું. ૧૭
માહારે પ્રભુજી તુજ સાથ પડીયુ છે પાનું,
છાનું રાખીયે પણ નથી રહેતું છાનું;
કૃષ્ણરામનું મન તુજ ચરણે માન્યું. તું. ૧૮

બિ૦ ૨, પા. ૨.

કીર્તન ૨૦ મું.

હરે રંગ રાખો હવે રંગ રાખો,
શાને શરણ વત્સલ તણો જણવ્યો સાખે, હ. ૧
પેહેલાં પ્રગટ કીધાં તમે બિરૂદ શાંને,
તે તો વેદને શાસ્ત્રથી ગાયા ગાને;
આજ કહેશો અકરતા તે કુણ માને. હરે. ૨
ચરણ સ્પર્શથી ગૌતમ ગ્રહણિ તારી,
સાહામા જઈને સંભાળિ તમે શબર નારી;
રચ્યો ઉદધીને મસ્તકે સેતુ ભારી. હરે. ૩
તમે મરકટ સંઘને મિત્ર કીધો,
વિભિષણ નમ્યો ચરણ તે શરણ લિધો;
ગજગ્રાહથી છોડવિ ડંકો દીધો. હ. ૪
અજામિલ ઉગારિયો નામ કેહેતાં,
નાવિ આંચ અંબરીષને શરણ રેહેતાં;
આજ લાજ ક્યમ આવે મજ ખબરય લેતાં. હ. ૫
થયા પાંડુ ઘર કિંકર સહીને હાશી,
કરયું વિશ્વ તૃપ્તિ તમ્યે પત્ર પ્રાશી;
આજ ક્યહાં ગયા નાથ મજ વેળા નાશી. હ. ૬
રથ હાકયો અર્જુન તણો બાહારય બેશી,
રાખ્યો પરીક્ષિત જનનીને ઉદર પેશી;
મજ દીનને માટે કાં પલટો દેશી. હરે. ૭
વ્રજ રાખવા ગિરિવર હસ્તે ધરીયો,
અન્હે વેળા દાવાનળ પાન કરીયો;

તારી ગોપિકા સકલ વૃત્તિથી વરીયો. હરે. ૮

પ્રભો છૂટી સકશો હવે કોણ પેરચે,
રમાનાથ નિરખી જુવો રંગ લેરચે;
નહિતર હું વગોવીશ હરિ ઘેર ઘેરચે. હરે. ૯

તેણું લક્ષ્મીવર લોકની ગાળી ખાશો,
તાંણા તાંણ્ય કરતાં થશે બહુ તમાસ્યો;
જયગજજીવન નાશીને કેટલે જાશો. હરે. ૧૦

માટે સામળા સારૂં દીસે તે કરજ્યો,
મજ રંકના વંક વીઠ્ઠલ વિસરજયે;
કૃષ્ણરામનો હાથ્ય કેશવજી ધરજ્યો. હરે. ૧૧

વિ૦ ૨, પા. ૪

કીર્તન ૨૧ મું.

દેશી બીજી.

કર ધરિયેજી માહારો કેશવા, સાંમળીયા કરો સંભાળરે;
નહિ મુકું છબીલાજી છેડલો, પ્રભૂ ગૌબ્રાહ્મણ પ્રતિપાળરે. કર. ૧
મેંતો જ્યારે જ્યારે કરયાં કરમને, ત્યારે ત્યારે તમો હતા ત્યાંહિરે;
વશ તમને હતી સરવ વૃત્તિયો, કોણ સત્તા હતી મજમાંહેરે. કર. ૨
કેહેશો વિષયમાં વશ થઇ કેમ રહ્યો, શાને કરવા ગયોતો સ્વાદરે;
તેતો માયાને માધવ પુછિયે, મુજને તો હતી શી યાદરે. કર. ૩
રમાનાથ ન ઉપજે રંકનું, હું તે જીવ કરૂં શું જોરરે;
માયાયે કરયું અજ્ઞાનથી, ઉરમાંહે અંધારૂં ઘોરરે. કર. ૪
એણિયે ઉલટો અધ્યાસ મનાવિયો, કરયો આનંદ અંતરધ્યાનરે.
સચ્ચિદાનંદ સુધા તજાવિયું, વાહાલું કીધું વિષય વિષપાનરે. કર. ૫
અજિ ઉદ્યમ એનો ન ઉખડે, એણે ઉરમાં અતિ અકળાઉંરે;
સંગ માયા ન મૂકે સરવદા, કેશવજી કહો ક્યાંહા જાઉંરે. કર. ૬
સુખે બેઠા તમ્યો સચરાચરે, વળિ વૈકુંઠ કેરચે વાસરે;
માધવજી શું મેહેર ધરો નહિ, દુઃખ પામતો દેખીને દાસરે. કર. ૭
તમે ભોગવો છો જે ભૂધરા, તેતો માહારા બાપનો માલરે;
તમે જોરાવર થઇ જોખ કરો, મુજને તો કરી બેહાલરે. કર. ૮

શ્રીધરજી ન સારૂં દીસશે, થઈ ઉચ્ચ કરો આનંદરે;
શી પદવી કમાશો શ્રીપતે, મજ ઉપર નાંખે ફંદરે. કર. ૯
કો ન પૂછનાર પુરૂષોત્તમા, નથી તમને કો ધણીની ધાકરે,
મન માન્યું કરોછો માધવા, નથી નાથજી ધરતા નાકરે. કર. ૧૦
મનમાં તમે નિશ્ચય માનજ્યો, માહારા ચિત્તતણા છો ચોરરે;
સુખે નહિ સુવા દેઉં સામળા, બહુ જાતીનો કરીશ બકોરરે. કર. ૧૧
પ્રભુ છીદ્ર પ્રકાશીશ પૂર્વનાં, જ્યે જ્યે કુટીલ કરચાં છે કરમરે;
ઉપહાસ થશે પ્રભૂ આપણી, સ્વામિ હુંતો ન રાખું શરમરે. કર. ૧૨
કદી કામ કુટીલથી પડયું નથી, મજ સરખો મળ્યો નથી કોયરે;
જ્યેજ્યે મળિયા તે સરવ સોહામણા, હરિ સમજો તો હાંશી
ન હોયરે. કર. ૧૩
તાંણાતાણ્ય ન કરીયે ત્રીકમજી, જોયાં સરખું થશે યદુવીરરે;
ભલા દીસો તે કરજ્યો ભૂધરા, આપણબેનું રહે જયમ નિરરે. કર. ૧૪
કોઇને પૂછિ જ્યોજ્યો વળિ કૃષ્ણજી, મન માન્યો હોય જે મીત્રરે;
નહિતો વાંચીશ હુંતો દસે દીશે, ચિદાનંદ તમારાં ચરિત્રરે. કર. ૧૫
માહારૂં મન મનચ્યેથી માધવા, પછિ શાની રહે પંચાત્યરે,
યશ વિશદ ગાઉં જગતીતલે, ભગવંત તણો ભલી ભાત્યરે. કર. ૧૬
દેવ કૃપા કટાક્ષે દેખતાં, તમને શો બેસે છે દામરે;
મજ સાહામી નજર કરો નાથજી, કર જોડી કહે કૃષ્ણરામરે. કર. ૧૭
વિ૦ ૨, પા. ૬.

કીર્તન ૨૨ મું.

કાંઈ કરૂણા નજર કરો કૃષ્ણજી, દેવના દેવ દિન દયાળરે,
માહારા બોલ્યાનું દુઃખ ન માનસ્યો, હુંછું બોધ રહિત
નિજ બાળરે. કાંઇ. ૧
અજિયે નથી ચક્ષુ ઉઘડી, ઐશ્વર્ય દબાયાં છે ઉરરે,
જ્યારે કરૂણા કરીને જગાડશો; ત્યારે નાથનું
જાણીશ નૂરરે. કાંઇ. ૨
તમે કાલાના વાહાલા કૃષ્ણ છો, બાલ્યકની કરો બિરૂદાશરે,
વાહાલાને કરૂં નિત્ય વિનતી, પીડા વારી પાહૂં કરો પાશરે.
કાંઈ. ૩

હું તે હરજી વિના દુઃખ કોહોને કહું, મુને વિષમ નડેછે વિયોગરે;
ઉરે એકે ઉકેલ ન ઉકલે, અહિ તત કરૂં શો ઉદ્યોગરે. કાંઇ. ૪
સખા સખ્યપણું દેખાડીયે, જેણે જાડચતા મનની જાયરે;
સમદ્રષ્ટિ બને સર્વ સૃષ્ટિમાં, ઉરે ઉઠે નહિ અંતરાયરે. કાંઈ. ૫
આપ્યો ઉત્તમ જન્મ આ અવસરે, તેનું માધવ રાખીયે માનરે;
પ્રતિતી પૂરણ પેખાવીયે, સાધે ચિત્તનું જ્યમ સમાધાનરે.
કાંઇ. ૬
હું તો ભૂલ્યે ભમૂંછું ભવ્ય થઇ, નથી સ્વામિ શું ઉપજ્યો સ્નેહરે;
ગુણ ગમ્ય વિના શ્યા ગાઈ સકું, નથી મનના શમ્યા સંદેહરે;
કાંઈ. ૭
માહારો વ્યર્થ જન્મ છે વસુધાયે, મહિ માતાને કરવા ભારરે,
મધુસૂદન મેહેર કરી માહારી, કરો વૃત્તિ ને કૃષ્ણાકારરે.
કાંઇ. ૮
ભૂત ભાવિ જણાવિયે ભૂધરા, જેણે ઉખડી જાય અધ્યાસરે
અહંતા મમતા આધી ખસે, વાહાલાનો વધે વિશ્વાસરે કાંઇ. ૯
અનું દીન નીજની આરાધના, એકાગ્ર મતીથી હોયરે;
વિસરે વિષયો તણિ વૃત્તિયો, વચ્ચે વિઘ્ન ન વ્યાપે કોયરે. કાંઇ.૧૦
એક અનાથ બંધુને ઓળગુ, અન્યકેરી મિટે ઓશીયાળરે;
સર્વ રૂપીને સમજું સાંનથી, જલી જાય સકળ સંસારરે. કાંઇ. ૧૧
અનપાયિનિ ભક્તિ ઉપજે, વૈરાગ્ય વિવેક સમેતરે;
કૃષ્ણરામ કહે કર જોડીને, હરજી એહેવું દાખવો હેતરે કાંઇ ૧૨
વિ૦ ૨, પા. ૮.

કીર્ત્તન ૨૩ મું.

દેશી બીજી.

ક્યાહારે મળશો મુજને કૃષ્ણજી હે,
હો માહારા નાયક, જન્મ આહાવો જાય છે નિષ્ફળ. ક્યા. ૧
અનેક જન્મ થયા અથડાતાં, આપ્યો આ અવસર આજ, માધવ,
ભાગવત્ ભગવત્ ગિતા ભણાવ્યાં, લક્ષ્મિવર રાખો તેહેની લાજ.
ક્યા. ૨
ગોવિંદ ઘર ઘર શું અથડાવો, પ્રીતિ રહિત ને પાસ, માધવ;

કેશવજી અજિ આમ ન કરીયે, વિશ્વાસ વિનાના જનનો ખ્યાસ.
કયા. ૩
પ્રેમ દેખ.ડી પ્રથમ પુરૂષોત્તમ, અલભ મેળવ્યો લાભ, માધવ;
અલ્પ કારણ હવે શું અથડાવો, પડતો મુકતા રખે પદ્મનાભ.
કયા. ૪
આપનું આપ્યું અફલ ન થાયે, વેદશાસ્ત્રનો એ લેખ, મા૦
હાથ ન પકડો જો હરજી તો, ભૂધરજી વગોવાશે આ ભેખ.
કયા. ૫
કઉતુક સરખું દીસે છે કેશવ, વાંચવું નિત્ય વેદાંત, મા૦
શિશ્નોદરના સ્વાદિયા જનને, સમજ્યામાં શું આવે સિદ્ધાંત.
કયા. ૬
ગમતું ન બોલિયે તો તો ગમે નહિ, ખરૂં કહ્યે હોય ખાર, માં૦
કૃષ્ણકથાને કામી તો માને, વિપ્રજન કેરો એ છે વ્યાપાર. કયા. ૭
શ્રોતા જાણે જયે ન્યાહાલ કરયાં અમે, વક્તાને આપ્યું અન્ન, મા૦
યાચક જાણે દાતા જનને, મેલના ભરીયા એહેવા મન્ન કયા. ૮
કૃપણ જનોનો સંગ કરંતાં, રંચ ન ઉપજે રંગ; મા.
કાલ જાય છે કલબલ કરતાં, ભટકયેથી ભજન પડે છે ભંગ.
કયા. ૯
આ અવસર નહિ એમ કરયાનો, ઉર માહારૂં અકળાય; મા૦
અન્યતણી ઓશીયાળ મિટાવો, પુરૂષોત્તમ નિત્ય નમું હું પાય,
કયા. ૧૦
સત્ય સચ્ચિદાનંદ તણે હું, સેવક આવ્યો શરણ; મા.
કૃષ્ણરામ તણી અરજી ધરજ્યો, કેશવજી રૂડી રીત્યે કરણ.
કયા. ૧૧

વી૦ ૨ પા૦ ૧૧

કીર્ત્તન ૨૪ મુ.

કેશવજી કરૂણા કીજીયેહે,
હો માહારા નાયક, શ્રીપતિ છો શરણાગત વિશ્રામ. કે૦ ૧.
તાપ ત્રિવિધથી તનુઓ તપે છે, મનમાં નડે છે મોહ, મા૦
દીનદયાલ દયા આણીને, વાહાલાજી ભાગો હવે વિછોહ. કે૦ ૨

આપ્તકામ હવે આપદા વારો, ઘણી થઇ છે ગોવિંદ, મા૦
આવર્ણ દૂર કરીને ઉઘાડો, આભ્યંતર મનો અરવિંદ. કે૦ ૩
કૃપણોની કરણીને ન જૂવો, કૃષ્ણજી કરૂણા નિધાન, મા૦
ચરણ શરણ ચાકરના ચિત્તનું, શ્રીધરજી કિજે સમાધાન. કે૦ ૪
આવી પડ્યો છે સમય આકરો, કાંઇ ન સૂઝે કળ, મા૦
ઇશ્વર જો ઐશ્વર્ય ઉઘાડો, મનના તો નાસે સઘળા મળ. કે૦ ૫
વિશ્વંભર વિશ્વાસ વિના ક્યમ, પરોક્ષે વાધે પ્રીતિ, મા૦
કિંકર ઉપર કરૂણા આણી, પુરૂષોત્તમ દિજીયે પ્રતીતિ. કે૦ ૬
જો હોય જોર વળાવાનું તો, પંથે સુખે વહે સાથ, મા૦
જીર્ણ વોળાવીયાને જાણિને, ઉગારિ લ્યો આવિ અનાથના નાથ. કે૦ ૭
હાંમ હવે નથી રેહેતી હરજી, કષ્ટ કહ્યું નવ્ય જાય, મા૦
કૃષ્ણરામ તેં કૃષ્ણ કૃપાનેં, ચાતક વરષાના સરખી ચ્યહાય. કે૦ ૮
વી૦ ૨ પા૦ ૧૪

કીર્ત્તન ૨૫ મું.

કહું કેટલું કરૂણા સિંધુનેહે,
હો માહારા નાયક, સેવકના સાહામું જુવો શ્રીધર. ક૦ ૧
અંધના ઉરની આંખ્ય ઉઘાડો, પ્રભુતા કરીને પ્રકાશ, મા૦
પોતાનો જન પીડાતો જાણી, બલવીર કીજીયે બિરૂદાશ, ક૦ ૨
ઇશને શરણે અબલ હું આવ્યો, શરણ વત્સલ શુણી નામ, મા૦
આપનું બિરૂદ નિભાવા ઉગારો, ગરિબને ગોવિંદ ઘનશ્યામ. ક૦ ૩
શકત તમે એક સર્વેશ્વર છો, બિજા સકલ બલહિણ મા૦
આપદો આશ્રીતની ઉદ્ધરવા, પુરૂષોત્તમ એક છો પ્રવીણ. ક૦ ૪
સ્વામિ સખા છો સેવક જનના, એક અનાથના નાથ, મા૦
દુઃખ દરિયામાં દાસ ડુબે છે, હરજી હવે પકડો માહારો હાથ. ક૦ ૫
ઇશ્વરતા જો ઉદય કરો તો, સરવ બને ગુણગાન; મા૦
પુરૂષોત્તમથી પામ્યેં પ્રતીતિ, ચિત્ત તણું હોયે સમાધાન. કા૦ ૬
વિકલદાસની વિનતિ શુણીને, કરૂણા કરો કરતાર; મા૦
કૃષ્ણરામને કૃષ્ણ ભરૂસો, ઓળખાવો આવી અખિલાધાર. ક૦ ૭
વિ૦ ૨, પા. ૧૫.

કીર્ત્તન ૨૬ મું.

દેશી ૬૨.

નહિ છોડું છબીલાજી છેડલો, કેશવજી લીધો મેં હેતે કેડલો.
નહી ધ્રૂ. ૧

શાંને શરણવત્સલ કેહેવાઓછો, દોડયા દાસોનીવાહારે ધાઓછો;
ગજરાજ મુકાવ્યો જળે જઇ, આજ મજ માટે આલસ કયમ
થઇ. ન. ૨

શાંને પતિત પાવન બિરૂદને ધરયું, એતો વિશ્વ સકલમાંહે વિસ્તરયું,
નામ બોલે અજામીલ તારિયો, આજ વાહાલા મુંને કાં વિસા-
રિયો. ન. ૩

શાંને કૃપણ વત્સલ ધરયું નામને, કીધું ચંદ્રહાસના કામને,
વિષ ઉગારિ વિષયા વરાવીયો, આજ મુજને કાં ઠગમાં ઠરા-
વીયો. નહી. ૪

શાંને અધમોદ્ધારણ ઓળખાયા, જટાયુ તણી દૂર કરી માયા;
શબરી તારવાને સાહામા ગયા, આજ મુજ ઉપર કાં નાણો દયા.
નહિ. ૫

શાંને તારક નામ ધરયું તમે, તારયા દશદ સમૂદ્રમાં તે સમે,
સ્વયંપાતિની પાંખો નવી કરી, આજ મુજને મુકો છો શું છેત્તરી.
નહિ. ૬

શાંને સુખ કારિણી કહો સન્નતિ, પિંગલા પણ તારિ દુર્મતિ;
કુબ્જાની સંગે કરી ક્રીડા, આજ માહારી નિવારો ન કાં પીડા.
નહિ. ૭

શાંને અંતર સાક્ષી તમે થયા, શ્રુતદેવ જનકને ઘેર ગયા;
ન્યુંન હોતિ તે શિખવી શીક્ષાઓ, આજ મજને મગાવો કાં
ભિક્ષાઓ. નહિ. ૮

શાંને તાપ નિવારક તમ્યે ઠરયા, પત્ર પ્રાશી પાંડવને ઉદ્ધરયા;
રાખ્યો સુધનવા તપ્ત તેલથી, આજ મુજને વિસારયો શા ખેલથી.
નહિ. ૯

મેંતો પાલવ પકડયો આપનો, ભરૂસો તજી પુણ્ય ને પાપનો,
પ્રભૂ નાથ પ્રતિતી દિજીયે, મુને ખળ જાણી ખાસા ન ખીજીએ;
નહિ. ૧૦

તમ્યે કરૂણા સમુદ્ર છો કૃષ્ણજી, અરભકથી ન બોલો કાં અજી:
હું તો શરણ છું શરણ વિશ્રામને, કૃષ્ણ માહારો કહો કૃષ્ણરામને.
નહિ. ૧૧

વી૦ ૨ પા૦ ૧૬

કીર્ત્તન ૨૭ મું.

ક્યાહારે બોલશો કમળાના પતિ, અલબેલા હવે થઈ છે અતિ;
ક્યા. ધ્રુ૦ ૧

ઘડી એક એક જ્યે જાય છે, વિયોગે તે વરંષ સમિ થાય છે;
તમ્યે સુખ સ્વરૂપમાં ઝીલો છો, મુંને પૂણ્ય પાપમાં કાં પિલો છો.
ક્યા. ૨

ધરચો ભારે ભરૂસો જો ભાગશે, ખાસા બિરૂદને *ખાંપણ લાગશે;
મુજને દાસ એટલું માન્યેથી, ખોટચ તમને શી જાયછે ખજ્યાનેથી.
ક્યા. ૩

હું તો અપરાધિ છું અનાદિનો, પણ સેવક છું સમવાદિનો;
તમે ક્ષમાસમુદ્ર કહેવાઇને, વલવલતાને મૂકી શું વાહિને. ક્યા. ૪
મુજને ચરણશરણ વિના અન્યથા, કાંઈ કરતાં આવડતી નથી કથા;
કહો કુંણ હવે સાધન સાધું હું, આપ્ત કામને શ્યાથી આરાધું હું.
ક્યા. ૫

અન્યનો રંગ મુજને ન ઉપજે, મન માહારૂં મલિન છે +તમો રજે;
મનમાં સાક્ષાત્ ÷સત્વ રહે નહિ, કહો કૃષ્ણ હું કૃપણ જાઉં કહીં.
ક્યા. ૬

મુજને મન બુદ્ધિ નવ્ય વશ રહે, દિલ નાથ વિયોગે દૂઃખે દહે;
પ્રતિતિ વિના પ્રેમ ન પામું જી, પ્રેમ પાખે ન વેદના વાંમું જી.
ક્યા. ૭

હવે આળસ કરો તે અયોગ્ય છે, અજી મુજને જુવો અનારોગ્ય છે;
તાપ ત્રિવિધથી હું તપું છું સદા, કૃષ્ણ અરજી કરણ ધરશ્યો કદા.
ક્યા. ૮

કેહેવું વારવાર પડે જેટલું, ×અપ્રતીતને અજ્ઞાન એટલું;
સર્વજ્ઞ સખા સરવ જાણો છો, તો પણ તાત થઈ કયમ તાણો છો.
ક્યા. ૯

---

* ખાંપી. + તમોગુણ ને રજોગુણથી. ÷ સત્વગુણ. × અનુભવ વિનાનો.

બાલ બડબડ ન તજે ત્યહાંલગી, મન મા શુ મળે નહી જ્યહ્વાં લગી,
ન્યાહાનાની તો નિષ્ઠુરતા ન નીસરે, વાહાલા આપે પ્રતીતિ તો વિસરે.
કયા૦ ૧૦

શઠ જાણી આતુરતા શમાવિયે, રીઝ કરીને રંકને રમાવિયે,
અતિ શિઘ્ર પ્રતીતિ આપિયે, અકળામણુ ઉરથી ઉત્થાપિયે.
કયા૦ ૧૧

રમાનાથ રેહેવાતું હવે નથી, કહું કેટલી અરજી કથી કથી,
સેવકના સખા તમે સત્ય છો, કૃષ્ણરામ ગરીબની ગત્ય છો.
કયા૦ ૧૨

વી૦ ૨ પા૦ ૧૭

કીર્ત્તન ૨૮ મુ.

કાંન બોલો કૃપાનિધે કેશવા, મેહેરબાંની કાં ન કરો માધવા,
હેતસ્વી થઇ હઠિલા કાં હવા. કાં૦ ૧
કૃષ્ણ કરૂણા નિધાન કેહેવાઇને, રમાનાથ રહો શું રીસાઇને,
વલવલતાને મૂકો શું વાહિને. કાં૦ ૨
દુઃખ દાવાનળે હું તો દાઝું છું, લંઘસને લહ્યાં તેથી લાજું છું,
જ્ઞાન ભક્તિ વિના વ્યર્થ ગાજું છું. કાં૦ ૩
શિખતો હોય જયમ શીશુ ચાલવા, નથી મરદપણું તોહ્યે માહાલવા,
તેહેને પડતો આવે મા ઝાલવા. કાં૦ ૪
એમ સેવક હું કાંઈ સાધુજી, નથી જ્ઞાન તથાપિ આરાધુંજી,
વિહિલો મૂકો નહિતો તો વાધુજી. કાં૦ ૫
સંતસંગ સધાવો સરવથા, વચ્યે વિઘ્નની નાવવા દો વ્યથા,
કષ્ટ કાપી ચલાવો કેશવ કથા. કાં૦ ૬
હું તો અપરાધી કઇ કાલનો, જીવ ભાવે ભરયો જંજાળનો,
વંક ક્ષમા કરો મજ બાળનો. કાં૦ ૭
આ સમય સાચવિ લ્યો શ્રીધરા, નિજ દાસ જાંગ્રુને રાખો નરા,
પડે ટંટા તે પ્રભુજી કરો પરા. કાં૦ ૮
જો નહિ સાચવો તો મરદાઇ જશું, કિંકરનું તો નહી ચાલે કશું,
આપણ સ્વામિ સેવક સરખા થશું. કાં૦ ૯
એમ કરશો તો લાજ જશે વહી, કુંણ બોલાવશે કૃપાળુ કહી,
માટે નાથ નિર્લજ થાશો નહિં. કાં૦ ૧૦

નરહરિજી નિભાવજ્યો નાંમને, કિંકરના પુરણ કરો કાંમને,
કૃષ્ણદાસ માંનો કૃષ્ણરામને. કાં૦ ૧૧

વી૦ ૨ પા૦ ૨૩

કીર્ત્તન ૨૯ મું.

માહારા નાથ બોલો મેહેર આણીને, જગજીવન જન મુને જાણીને,
તમને કેટલું કેહેવું પડે તાણીને. મા૦ ૧
સ્વામી સરવજ્ઞ સરવા ધાર છો, અતિ અકળિત ચરીત અપાર છો,
તમે સાર સકલ તણું સાર છો. મા૦ ૨
તમે માયા ત્રિગુણથી અતિત છો, રાગ રોષના દોષ રહીત છો,
તમે અતુલ અસુરથી અજીત છો. મા૦ ૩
તમે પ્રેમીજનો તણે પાસ છો, દયાશીલ દાસો તણા દાસ છો,
સેવકના સખા શ્રીનિવાસ છો. મા૦ ૪
ગુરૂગમ્ય વિના ઘણા ગૂઢ છો, અતિ શાંત અઘોર અમૂઢ છો,
ગરીબનિવાજ ગરૂડારૂઢ છો. મા૦ ૫
તમે પતિત પાવન કૃપા પૂર છો, દુષ્ટ વાસનાવાળાથી દૂર છો,
હૃદય રેહેતાં હેતેથી હજૂર છો. મા૦ ૬
તમને પ્રકૃતી પુરૂષ બે અધિન છે, સરવ તુમ વિના સત્તા વિહિન છે,
દેવતા તુમ આગળ દીન છે. મા૦ ૭
તમે નાથ સદા નિજ તંત્ર છો, વિશ્વ વ્યાપક બાહ્યાભ્યંત્ર છો,
નામ માત્રેથી તારક મંત્ર છો. મા૦ ૮
તમે કેશવ કરૂણા નિધાન છો, ભવ્ય ભક્તવત્સલ ભગવાન છો,
સ્વયં જ્યોતીઃ સકલના ભાન છો. મા૦ ૯
તમે સત ચિત આનંદરૂપ છો, અવિનાશી અખીલથી અનૂપ છો,
મજ માટે અજી કાં ચ્યૂપ છો. મા૦ ૧૦
તમને વેદે ને શાસ્ત્રે વિખાણ્યા છો, અપ્રમેયને પ્રેમે પ્રમાણ્યાછો,
જને જીવોનું દૈવત જાણ્યા છો. મા૦ ૧૧
તમે માહામાયી છો માધવા, કરો કરૂણા તો સમજુ સાધવા,
બલવંતી અવિદ્યાને બાધવા. મા૦ ૧૨
હું તો કરગરૂં છું કઇ કાલથી, આઘો રાખો અધ્યાસની આળથી,
બાપ માહારા બોલો નિજ બાળથી. મા૦ ૧૩

કયાહારે પકવ પ્રતિતી આપશ્યો, વિમલ હૃદય કરીને વ્યાપશો,
કળ પડશે જ્યાહારેં કષ્ટ કાપશો. મા૦ ૧૪
કેહેવું કેટલું પડે પૂર્ણ કાંમને, સૂજ્ઞ શરણાગત વિશ્રામને,
કૃષ્ણદાસ માંનો કૃષ્ણરાંમને. મા૦ ૧૫

વિ૦ ૨ પા૦ ૨૩

કીર્ત્તન ૩૦ મુ.

માહારા નાથ નમેરા શું થાઓ છો, તમે કૃપણવત્સલ કેહેવાઓ છો;
વેદે શાસ્ત્રપુરાણે ગવાઓ છો. મા. ૧
માહારૂં મનડું તે તુમ પૂઠળ ભમે, ગોવિંદ વિયોગે નવ્ય ગમે;
અજી બોલતા કાં નથી આ સમે. મા. ૨
ભવ કાંમ રચીત કારમો કૂવો, પડયો તેહેમાં તેહેના કરમ શૂ જૂવો.
તેહેને મારવો શું જ્યે આપે મૂવો. મા. ૩
વાહાલાજીને વિછોહે હું રડવડું, જ્ઞાન પાખે ગરીબ તેં ગડબડું;
પ્રભુ નાથ પેખો હું પગે પડું. મા. ૪
કાહાડો કૂપ માંહાથી કર સાહીને, વેહેલી વેહેલી પોહોંચાડો વધાઇને
વાહાલા નાથ ન મૂકશ્યો વાહીને. મા. ૫
આતો આકરો સમય અતૂલ છે, પ્રાણીમાત્રને અતિ પ્રતિકૂલ છે;
માને તેહેને વૈરાગ્યનું મૂળ છે. મા. ૬
જ્યાહારે શિશુ ઓળખે સંતાપને, બીહે ત્યાહારે બોલાવે બાપને;
એમ હું અરજીયો કરૂં આપને. મા. ૭
ગુપ્ત રેહેવું આવેલા નવ્ય ઘટે, રંક દાસ જુવો તમને રટે;
વેહેલા બોલો વાહાલાજી વેળા વટે. મા. ૮
પાસ બેઠા પરોક્ષ ન થઇ રહો, સંકટ સેવક તણા કયમ સહો,
કૃપાસાગર કાંઇક ઉત્તર કહો. મા. ૯
સખા થઇને કાં અરજી ન સાંભળો, આહાવો અચ્યુત્ત રાખો કાં આંબળો
સાનુંકૂળ થઇને સફળ ફળો. મા. ૧૦
તમને રૂડું ગમે તે કીજીયે, સેવકની સંભાળ તો લીજીયે;
દીન જાણીને ઉત્તર દીજીયે. મા. ૧૧
માહારા માફ કરો અપરાધને, બાળકનો ન ચ્યાહાવો બાધને;
હું તે અલ્પ લહુ શૂં અગાધને. મા. ૧૨

કરી કેશવ કરૂણા દ્રષ્ટને, કાપી નાંખો કિંકરનાં કષ્ટને;
ભલા છો માટે તારોજી ભ્રષ્ટને. મા. ૧૩
માહારી અરજીઓ ઉરમાં ધારજ્યો, પ્રતિતિ આપવાને પધારજ્યો;
નાથ નિજના યશને વધારજ્યો. મા. ૧૪
દાસને દયા દ્રષ્ટે દાખજ્યો, ભીડ્યભંજન ઉત્તર ભાખજ્યો;
કૃષ્ણરામની લાજનેં રાખજ્યો. મા. ૧૫

વી૦ ૨ પા૦ ૨૫

કીર્ત્તન ૩૧ મુ.

દેશી બીજી.

દેવના દેવ (૨) દીનદયાલ મુંને માહારો માંનીયે;
રમા રમણ (૨) રંક પ્રતિપાલ. ધૃ. મુંને. ૧
શ્રવણ ધરી માહારી સાંભળોરે, અરજી અનાથના નાથ;
હારયો જાણી (૨) ગ્રહો હવે હાથ. મુંને. ૨
વિષય વિલાસથી હું વહ્યોરે, વિસારીનેં વિશ્વેશ;
રંક સાહામું (૨) જુઓ રૂપી કેશ. મુંને. ૩
હું મારૂં લહ્યે હાનીયોરે, કઇક બની કઈક વાર;
અવ લોકો (૨) ને અધમોદ્ધાર. મુંને. ૪
ચઉદ ભૂવનના ચીત્રમાંરે, વિલશ્યા, મેં વિવિધ વિનોદ;
માધવજી (૨) મીટાવો એ * મોદ. મુંને. ૫
‡સૌરિયે સંતાપ્યો મુનેરે, †શૌરી વીસારયે સ્પૃષ્ટ;
દયા સીંધો (૨) કરો દયા દષ્ટ. મુંને. ૬
લક્ષ ચોરાશીમાં લોટીયોરે, લક્ષ્મીવર બિન લક્ષ;
પતીત પાવન (૨) કરો હવે પક્ષ. મુંને. ૭
જોખ્યમ સહું જાણો તમ્યેરે, સાક્ષી થઇ સરવત્ર;
આવો આપણ (૨) બે થઇયે એકત્ર. મુંને. ૮
ચરણ શરણ હું તો આવીયોરે, બિજું નથી કાંઈ જોર;
ઘણાં થઇ છે (૨) નીવારીયેં ઘોર. મુંને. ૯
સ્નેહ નજરે કરી નાથજીરે, દાસનાં દુઃખ કરો દૂર;
દ્વિજેપકવ (૨) ભરુસો પૂર. મુંને. ૧૦

---

* મોહ. ‡ યમરાજા. † કૃષ્ણ.

દોષ જુવો રખે દાસનારે, શરણાગત વિશ્રામ;
કરજોડી (૨) કહે કૃષ્ણરામ. મુંને. ૧૧

વી૦ ૨ પા૦ ૨૬

કીર્તન ૩૨ મું.

મધુસુદન (૨) નાથ મુકુંદ કૃપા કરો કૃષ્ણજી,
પુરુષોતમ (૨) પુરણાનંદ. કૃ. ૧
તોય વિના જ્યમ તરફડેરે, માધવ †માંસે મીન;
દુ:ખ ભોગે (૨) બિચ્ચારાં એ દીન. કૃ. ૨
ત્યમ હું તમારી કરુણા બિનરે, કઠીણ કલી તણે કાળ;
જાત્ય જાત્યની (૨) સહુછું જંજાલ. કૃ. ૩
ત્રિવિધ તાપના તાપથીરે, ‡આગે તપ્યા છે અંગ;
વળિ લોક (૨) વળગાડે છે વ્યંગ. કૃ. ૪
સહવાશી શઠ સહુ મળ્યાંરે, અંધને જ્યમ મળે અંધ;
બાંધ્યાને (૨) વળી બાંધે બંધ. કૃ. ૫
જનક તજે જ્યમ *જાતનેરે, તેને જન કોઇ ઝાલી જાય;
જ્યેહેને હાથ્યે (૨) ચઢયો તેહેવો થાય. કૃ. ૬
ત્યમ તમે તાતે તરછોડયોરે, હું પડયો હરામીને હાથ્ય;
શઠ બુદ્ધિ (૨) થયો તેહેની સાથ. કૃ. ૭
કહ્યું ન માન્યું જો કુપણનુંરે, તોતે પ્રબલ કરે પ્રહાર;
પરવશ પડયો (૨) કરૂંછું પુકાર. કૃ. ૮
તાણા તાણ્ય ઘણી કરેરે, તનુ ધન માટે તેહ;
શ્વાન સરખો (૨) સંસારીનો સ્નેહ. કૃ. ૯
ખીજે તો પાગ ખોડો કરેરે, મલપે તો ચાટે મૂખ;
દે તે દોય (૨) પ્રકારેથિ દુ:ખ. કૃ. ૧૦
માનું તો મલીન મતી કરેરે, રોકું તો તે કરે રોષ;
દૂર રેહેતાં (૨) ચઢાવે તે દોષ. કૃ. ૧૧
કષ્ટ કહુ કોહોને જઇરે, વિચારોને વિશ્વનાથ;
હઠ મુકી (૨) ધરો હવે હાથ. કૃ. ૧૨
ચૂક પડી ચિત્ત શૂં ધરોરે, કરૂણાસિંધુ કેહેવાઇ;
ધણી સાહેબ (૨) આવો વાહારે ધાઇ. કૃ. ૧૩

---

† અંદર. ‡ અગ્નીથી. * પુત્રને.

અકળાઉં છું આભ્યંતરેરે, સુઝે નહી સાધંન;
જંજાળે (૨) પડયો છું જંન. ક્ર. ૧૪
આમ શું અરભક ઉપરેરે, રાખો રમાપતી રીસ;
શરણુ આવ્યો (૨) હું નામીને શીશ. ક્ર. ૧૫
માધવ મેહેર કરો મુનેરે, નીજનું નિભાવિને નામ;
કષ્ટ કાપો (૨) કહે કૃષ્ણરામ. ક્ર. ૧૬

બિ૦ ૨, પા. ૨૭

કીર્ત્તન ૩૩ મુ.

માહારા નાથ (૨) મોટું કરો મંન, આવો આણે અવસરે;
દીનબંધુ (૨) દેવા દરશંન. આવો. ૧
જ્યમ ત્યમ કરી હું જીવું છુંરે, આશા ધરી ઉર માંહે;
બલવીર (૨) પકડવા બાંહ. આ. ૨
અલબેલા તમે આપીયોરે, દીવ્ય આ માનવ દેહ;
નાથ તેહેવો (૨) નિભાવવા ન્યેહ. આ. ૩
આપ્યું ને વળી યે આપશોરે, શાસ્ત્ર ભણે તેની સાક્ષ;
કીજે કેશવ (૨) કરૂણા કટાક્ષ. આ. ૪
પતિત પાવન શું પેખશોરે, શઠના સાધનનો નેંમ,
પ્રણતપાલ (૨) કરો હવે પ્રેંમ. આ. ૫
શઠતે હું શૂં સાધી સકૂંરે, આવરણે છું અજાણ,
કૃપણ વત્સલ (૨) કરો કલ્યાણ. આ. ૬
જપ તપ તીરથ દાન વ્રતરે, સરવ તમારે વશ્ય;
રમાનાથ છો (૨) સહુનું રહસ્ય. આ. ૭
ગમતા ગુણ ગવરવવારે, ગોવિંદ આપીયે જ્ઞાન;
ત્રીવીક્રમ જ્યમ (૨) ત્રૂટે ન તાંન. આ. ૮
જયોખેથી યોગ ક્ષેમનેરે, નાથ વહો નીરદોષ;
રૂષિ કેશ (૨) રોળો રાગ રોષ. આ. ૯
સધાવો સજ્જન સંગતીરે, ગુણ ગવરાવીને ગાઉં;
કરી કિર્ત્તંન (૨) કૃતારથ થાઉં. આ. ૧૦
ઉંચા ફ્લ જ્યમ વામણોરે, પંગુ પયોધિનો પાર;
ત્યમ શિષ્ય હું (૨) ઇછું છું સાર. આ. ૧૧

કેશવ કરૂણાથી કશૂંરે, દુર્લભ હોય ન દેવ,
તમને તરત (૨) તારવાની છે ટેવ. આ. ૧૨
અલબેલુ રૂપ અવલોકાવોરે, સચરાચર સરવત્ર;
શિરે ધરીયે (૨) શ્રી ચરણાતપત્ર. આ. ૧૩
મેહર કરીને મીટાવીયેરે, ભવતારક ભવરોગ;
વરદાતા (૨) મિટાવો વિયોગ. આ. ૧૪
મનવૃતિ માહારી મેલીયેરે, નીજ પદ પદ્મનાથ;
બલવંતી (૨) ભરાવીને બાથ. આ. ૧૫
દાસ વત્સલ દામોદરારે, અરજી આ અશરણ શરણ;
કૃષ્ણરામની (૨) ધારજ્યો કરણ. આ. ૧૬

વી૦ ૨ પા૦ ૨૮

કીર્ત્તન. ૩૪ મુ.

કૃષ્ણચંદ્રજી (૨) કરૂણા નિધાન, ઉત્તર કયારે આપશ્યો;
મેહેરબાંનિ (૨) કરી મેહરબાન. ઉ૦ ધૃ૦ ૧
રાત્ર દીવસ તમને રટુરે, આતુર થઇ અખીલેશ;
કલીમલના (૨) મીટાવવા કલેશ. ઉ૦ ૨
અનાથ બંધુને આશરેરે, આવ્યો હું અબલ અધીન;
મમમતીનું (૨) મિટાવા મલીન. ઉ૦ ૩
કાળે કલન કરયું કાયનુંરે, વહિ ગયું વપુનું વિત્ત;
ચેંન પડવા (૨) ને માહારે ચિત્ત. ઉ૦ ૪
વર્ષ ગયાં તે વિફલ ગયાંરે, કળના વિનાથી કૃષ્ણ,
હવે વૃત્તીયો (૨) કરવા વિતૃષ્ણ. ઉ૦ ૫
આયુષ અલ્પ રહ્યું હશેરે, વૃત્તિયો ન થઈ વશ્ય,
સમજાવવા (૨) તેહેનું રહસ્ય. ઉ૦ ૬
ગમ્ય વિના ગુણ ગાઉછુંરે, થતું નથી મન સ્થીર,
બાંહ્ય પકડવા (૨) ને બલવીર. ઉ૦ ૭
આતુરતા ઉત્થાપવારે, વૃદ્ધિ થવા વિશ્વાસ;
વિશ્વનાથના (૨) જોવા વિલાસ. ઉ૦ ૮
શમળતણી શાંતી થવારે, બુદ્ધિને ઉપજવા બોધ,
ચિત્તવૃત્તિનો (૨) થાવાને રોધ. ઉ૦ ૯

અથડામણ ઉખડી જવારે, તૃષ્ણાની ત્રૂટવા તાંત્ય,
ભવભયની (૨) મિટાવવા ભ્રાંત્ય. . ઉ૦ ૧૦
ઓળગ અફળ બને નહીરે, આપની અખીલાધાર,
કૃષ્ણરામની (૨) કરવા વાહાર. ઉ૦ ૧૧

વિ૦ ૨, પા. ૨૯

કીર્ત્તન ૩૫ મુ.

દેશી ફેર.

બોલો વીર બલદેવના, જનને જણાવો જવાપ,
પ્રતીતિયોને પેખ્યા વિના, કહો કયમ શમે અદાપ. બો. ૧
ઓળગ કીધી જયે આપની, તે અફળ જાશે કયંમ;
માધવ મનોરથ પૂરિયે, કલ્પ શાખિ પૂરે જયંમ. બો. ૨
મુને આશ્રય આપનો, ચિત્તમાંહાં ઠરે નિદાંન,
એહેવું કીજીયે આ સમે, ભીડચભંજન ભગવાંન. બો. ૩
માહારી વીનતિયો જયે થઈ, તે સકલ શુણિ કર્ણ;
તેના ઉત્તરને આપિયે, અળગું કરી આવર્ણ. બો. ૪
અતી આતુરતા ઉપજી, તેણે કળ ન પડે કાંઇ;
વેગે હૃદ્રોગ રૂઝાવિયે, શ્રી ગિરધારી ગોસાંઇ. બો. ૫
વાહાલા વાટચ હું જોઉછૂં, કયાહારે કૃષ્ણ દેશો કોલ;
તું છે સેવક માહેરો, બોલીને એહેવો બોલ. બો. ૬
દયા સિંધો દયા કિજીયે, પ્રતિતી દેઇ પ્રશસ્ત;
કૃષ્ણરામનો કૃષ્ણજી, હવે ધારિયે હસ્ત. બો. ૭

વી૦ ૩ પા૦ ૪

કીર્તન ૩૬ મું.

કરૂં કેટલી વિનતી, તમને ત્રિભૂવન નાથ;
હવે ચિત્ત હારિ ગયું, નથી હૃદય રહેતું હાથ. ક. ૧
આહાવો જન્મ વહી જાય છે, તેણે અકળાઉં અતૂલ;
અજી કયાહારે થશો કેશવ, અપરાધિને અનુકૂલ. ક. ૨
દયાસિંધુ જાણી દેવને, હું પદર પડિયો પાપિ;
કાં ન કાહાડો કરૂણા કરી, અંતરપટ અદ્યાપિ. ક. ૩

હું તો દુષ્ટ બુદ્ધિ છું પણ, આવ્યો તમારે શર્ણું;
નિજ બિરૂદને નિભાવવા, ઉઘાડી દ્યો આવર્ણ. ક. ૪
તમ્યો સત્ય સખા જીવના, તમને તજી ક્યાંહાં જાઉં;
આવ્યો આપને આશરે, અજી ક્યાંહાં લગી અકળાઉં. ક. ૫
પ્રતીતી પ્રભો આપીયે, સેવક જાણી સત્વર;
કૃષ્ણરામનો ધારીયે, કરૂણા કરીને કર. ક. ૬

વિ૦ ૩, પા. ૪.

કીર્તન ૩૭ મું.

ગુણ ગાઉં ગોવિંદના, જેનું પતિત પાવન નામ;
જે ભક્ત મનોરથ પૂરે, જે શરણનો વિશ્રામ. ગુ. ૧
જયે સાક્ષિ ચરાચરના, સહુના શુભાશુભ જોય;
જેને જીવ જાણિ ન સકે, કરૂણા વિનાથી કોય. ગુ. ૨
જેણે આપી અચળ પદવિ, ધ્રુવને થઈ મેહેરબાન;
જેણે ગજપતી મૂકાવિયો, કીર્ત્તન શુણીને કાન. ગુ. ૩
જેની ઉલ્લંઘાય ન આજ્ઞા, જયે સકલ કેરો હેતુ;
જેણે અધમને ઉદ્ધારવા, રચ્યો સિંધુ શિરં સેતુ. ગુ. ૪
જેણે ગીરિવર કર ધારીયો, ગૌ ગોપી રક્ષણ કાજ;
જેણે પંચાલીને પૂરચાં, પટ રાખી રૂડી લાજ. ગુ. ૫
જેણે પારથનો રથ હાંકિયો, ગીતાં શુણાવી ગાઈ;
જે પ્રહલાદને પાળવા, સ્તંભમાંથી આવ્યા ધાઈ. ગુ. ૬
મજ સાંહાસું જોઇએ મેહેરથી, પ્રભૂનાથ પૂરણ કામ,
હવે કૃષ્ણરામ કંગાલનો, કર પકડો કૃષ્ણરામ. ગુ. ૭

વી૦ ૩ પા૦ ૪

કીર્ત્તન ૩૮ મુ.

ઘણી થઇ છે ગરીબને, હવે સાહામું જુઓ સ્વામિ,
કરૂં વાહાલાને વિનતી, કરૂણા તણો છું કામી. ઘ. ૧
ભમ્યો ચોરાશિ લક્ષમાં, બહુ વાર નથી બાકી;
સકળ સંકટ ભોગવ્યાં, હવે શરણ આવ્યો થાકી. ઘ. ૨
ત્રિવિધ તાપેથી તાપિયો, હુંતો બહુ થયો હેરાન;
વિમોહેંથી વહ્યો જાઉં છું, હવે ઠરાવીયે સ્થાન ઘ. ૩

અવિદ્યાએ હું આવરચો, ઉપજાવિને અધ્યાસ;
મુધાં લોચન માંહિલાં, તેણે દરદિ થયો હ્રાસ. ધ. ૪
વાસુદેવ વિસારિયા, જે સુહૃદ સખા સત્ય;
તેણે કામ કેડચે પડચો, હવે કોણ થશે ગત્ય. ધ. ૫
દણ્યાં ઐશ્વર્ય દંભથી, લોભે લૂંટી છે લક્ષ;
મદેં મત્ત કીધો મુજને, અવળાં ચલાવી અક્ષ. ધ. ૬
ગુનેગાર છું તો પણ, સ્વામી કરો સંભાળ;
કૃષ્ણરામને કૃષ્ણજી, કૃપા કરો કૃપાળ. ધ. ૭

વી૦ ૩ પા૦ ૫

કીર્ત્તન ૩૯ મું.

દેશી પ્રેર.

કરચાં કરમ માહારાં કૃષ્ણ જોશો કેટલાંરે,
હું છું અવિદ્યાને આવરણે અનીશરે;
જાણ્યે અજાણ્યેથી થઈ આવ્યાં જેટલાંરે,
કૃપા સિંધુને તે કરવાં બક્ષિસરે. ક. ૧
વિવિધ વિશ્વમાં વસો છો વિશ્વના પતીરે,
તે મેં જાણ્યા નથી જોતાં તારતમ્યરે;
તેણે એમર્ચ્યાદિ મજથી બહુ વરાંથતીરે,
ગર્વે હું માહારૂં માન્યે ન લાભિ ગમ્યરે. ક. ૨
લીલાવતિયોના વિલાસ સ્વભાવો તણારે,
તેને સમજ્યા વિના *કાંમે થયો ÷ભંગરે;
જ્યમ ×નલિનીયોના પરિમલ સોહામણારે,
પેખિ પડિયા તે તે મરણ પામ્યા ભૃંગરે. ક. ૩
શુણિ કલરવ શિશુઓના માન્યા મીઠડારે,
તેણે લક્ષ વિના લૂંટાયો હું નાથરે;
કિતવ કઈ વિધિના મિઠા બોલા દીઠડારે,
તેને વિશ્વાસેથી લુંટાયે જ્યમ સાથરે. ક. ૪
ગ્રામ્ય ગીત +ગિને મીઠી માની મોદથીરે,
રહ્યો શુણવા તેણે મરણે કરી બીકરે;

---

* વીષય મારે. ÷ ભાંગપીગે તેવો. × કમળ. + વાણીને.

મોહ્યો મૃગયુ તણા ગાયન વિનોદથીરે,
તેહેવા મૃગને જ્યમ મારે ‡શાકુનીકરે. ક. ૫
†ઉપાદેયની ઇછાયે કષ્ટ પામિનેરે,
સ્વર્ણ સાધતાં આયુષ ગયું વ્યર્થરે;
ભડકો ભૂતનો જ્યમ દેખી અગ્નિ કામીનેરે,
લેતાં વળગે તેણે ઉપજે અનર્થરે. ક. ૬
એહેવાં કઈ પ્રકારે કઉતુકને સેવતાંરે,
ઈશ વીસરયાને ઉપજ્યો અધ્યાસરે;
એણે નિરંજનમાં અંજન થયાં છતાંરે,
તેણે દેવ દેવનો ન થયો દાસરે. ક. ૭
કષ્ટ જાણ્યાં તોહે સ્વભાવ ન ઉખડેરે,
માટે પીડાતો હું આવ્યો છું શરણુરે;
પ્રભૂનાથથી જો પ્રતીતિ દૃષ્ટે પડેરે,
કૃષ્ણરામનું તો ઉઘડે આવર્ણરે. ક. ૮

વી૦ ૩ પા૦ ૫

કીર્ત્તન ૪૦ મુ.

અજી કાં ન બોલો કૃષ્ણ કમળાપતીરે,
આહાવા શું નમેહેરા થાઓ છો નિદાંનરે;
માહારૂં આકુલ થયું છે મનડું અતીરે,
કરી વીનતીયો કાં ન ધરો કાંનરે. અ૦ ૧
તમને સત્ય સખા સમર્થને જાંણીનેરે,
શઠ શેવક હું આવ્યો છું શરણુરે;
પ્રભૂનાથ મુને પીડિત પ્રમાણિનેરે,
અળગું કરવું ઘટે મનનું આવરણુરે. અ૦ ૨
માહારિ શ્રદ્ધા ઠરે સત્ય તે સધાવિયેરે,
કુત્સિત વાસનાઓ કરાવિને દૂરરે;
અજ્ઞ જાણીને પ્રતિતી દેવા આવિયેરે,
જેણે નાથજીનું સમજું હું નૂરરે. અ૦ ૩
અવિશ્વાસ રૂપી ઉપાધિ આઘો ખસેરે,

‡ પારધિ. † મેળવવાની.

ચમત્કાર જોઇ ચેન પડે ચિત્તરે;
જાણી રકું હું જયે સખા સમીપે વસેરે,
પછિ કાં આલોકું અન્ય નિમિત્તરે. અ૦ ૪
પકવ ભરૂસેથી ભજું પ્રભૂનાથનેરે,
લોક બડબડની રાખું ન બીકરે;
સકું શ્રેય તે સધાવિ શિષ્ય સાથનેરે,
ઉલ્લંઘાવી સકું અખીલ અલીકરે. અ૦ ૫
ભૂત ભાવિ વર્ત્તમાન ભાસે સર્વનાંરે,
તેણે કરવું ઘટે ત્યંમ કરાયરે;
ગમ્ય ઉઘડયેથી કષ્ટ પંચ પર્વનાંરે,
દૂર ખસે એહવો ભરૂસો ભરાયરે. અ૦ ૬
પછિ પ્રારબ્ધ પોતાનાં ભોગું એકલાંરે,
આંગતુક વડે આવે ન આંચરે;
ક્રિયમાણ અરપાય કૃષ્ણને ભલાંરે,
તેથી પરવણીયો ખશી જાય પાંચરે. અ૦ ૭
મુંને મુંઢ જાણી મેહેર કરો માધવારે,
પ્રતિતી આપીને દીજીયે પ્રસાદરે;
આહાવા અવસરની સાર્થકતા સાધવારે,
કૃષ્ણરામને ઉપજાવવા અલ્હાદરે. અ૦ ૮

વિ૦ ૩, પા. ૬.

કીર્ત્તન ૪૧ મું.

તમે કૃષ્ણ કેવળ સખા છો સેવક તણારે,
મુંને ભરૂસો છે નાથજીનો ભવ્યરે;
અજી અપરાધ જોશ્યો તો માહારાં છે ઘણાંરે,
કાંઇ પ્રીછયો નથી હું તો હવ્ય કવ્યરે. ત. ૧
આઠે પ્રહર હું તો અજી અનૃતવાદી છું રે,
માહારૂં દિલ સદાયે દંભિ દગાખોરરે;
માહા મંદ મતી તેણું બેમર્યાદિ છું રે,
ચિત્તે ચિંતન વિના છું હું તો ચોરરે. ત. ૨
શાસ્ત્ર શુણ્યાં ભણ્યાં વરણ્યાં તથાપિ ભ્રમેરે,
મુંઢ સમજ્યો નથી માંહ્યલો તે મર્મરે.

અજી ઉદરને *ઉપસ્થ તણે ઉદ્યમેરે,
કુટિલ થઇને અતી કરૂં છું કુકર્મેરે. ત. ૩
માહારૂં તાહારૂં પારકું અજી નથી શમ્યુંરે,
હું માહારાની અજી હોળી ન બુઝે રે;
વિશ્વાસે કરીને મનડું નથી વિરમ્યુંરે,
વાંકે અધ્યાસેથિ સાધન ન સૂઝેરે. ત. ૪
ઉરે આવરણથી અકળાઉં છું હું અતીરે,
નથી દૂર રેહેતાં ક્રોધ લોભ કામરે;
રમાનાથ તણી નથિ ઉપજી રતીરે,
હરે અજી સૂધી હું રહ્યા હરાંમરે. ત. ૫
શરણે આવ્યો હુતો તમને સખા જાણિને રે,
ઉરથી શમી નથી અનીત્યની આસ રે,
શું સમજાવવું પડે તમને શારીંગપાણીનેરે;
હેવ ક્યાહારે અજી ગણશો મુંને દાસ રે. ત. ૬
આહાવો સમય આવ્યો અનૂપમ જાય છે રે,
પ્રભો કેટલો હું તે શુણાવું પુકાર રે;
કૃષ્ણ શુણો કૃષ્ણરામ અકળાય છે રે,
પ્રતીતી આપીને વેગે કરો વાહાર રે. ત. ૭

વિ૦ ૩, પા૦ ૭

કીર્ત્તન ૪૨ મું.

દેશી ઉપર.

કેશવ ક્યાહારે બોલશ્યોરે, માહારૂં આભ્યંતર અકળાય. કે. ધ્રૂ. ૧
અકળીત કળ્યા કયમ જાવો હરી મજ રંકથીરે,
અજી બોલો નહી બળવીર કહો કુંણ વંકથીરે;
વ્યર્થ જન્મ માહારો વહી જાય. કે. ૨
તમે દીનાનુંકંપી દયાળ ક્ષમો અપરાધનેરે,
શર્ણ આવ્યાનો શરણ્ય નાથ ઇચ્છો કયમ બાધનેરે;
તમને ત્યજીને ક્યાંહાં જવાય. કે. ૩
ભારી ગ્રંથી અવિદ્યાનો જયેહ અહં મમતા નામેરે,

* વિષય સુખ માટે.

તે ન ભેદી મજથી શકાય, પ્રયત્ન બહોદાંમેંરે;
કૃષ્ણ કરૂણા કરો તો ભેદાય. કે. ૪
જો શિરીષ કુસુમ પ્રાંતેથિ વજ્ર સકાયે વીંધી રે,
જો †અંધ્રિ ઉર્ફાણ બળેથી ઉલ્લંઘાય જલનીધીરે,
તોએ મજ બળે ગ્રંથી કપાય. કે. ૫
જો આ વાહાતા વાયુનૂં જોર બાંધી સકે પાત્રથીરે,
જો અણાય અંબરનો પાર, બાહુબળ માત્રથીરે,
તોએ મજ બળે ગ્રંથી વધાય. કે. ૬
એવું આવી પડયું છે અશકય કહો હું કયમ કરૂંરે,
કરો કૃપા કટાક્ષ કૃપાલ તો તો સેહેજયે તરૂંરે;
કૃપા વિણુ નથી અન્ય ઉપાય. કે. ૭
હે રંક વત્સલ કરૂણાર્દ્ર સખા શુણો વિનતીરે,
કૃષ્ણરામને કરૂણા નિધાન હવે થઇ છે અતીરે;
ઘો પ્રતીતિ ત્વરિત સુખ થાય. કે. ૮

વિ૦ ૩, પા૦ ૧૦

કીર્ત્તન ૪૩ મું.

પ્રતીતિ પ્રભુ આપીયેરે, પ્રાણનાથ શ્રી પુરૂષ પુરાણ. પ્રતી. ૧
ઉપકારિ અનાથના નાથ, દયાનિધિ દેવ છો રે,
સચરાચરના પ્રતિપાળ, સ્વામિ સ્વય મેવ છો રે;
કિંકર તણું કરવા કલ્યાણ. પ્રતી. ૨
ગુણજ્ઞાતા શરણ વત્સલ, ગરીબ નીવાજ છો રે,
અપ્રેમેય અલૌકિક રૂપ, શ્રી રાજાધિરાજ છો રે;
જીવ સકળના જીવન પ્રાંણ. પ્રતી. ૩
પ્રણ તાર્તિ નિવારક પ્રેષ્ટ, રસજ્ઞ રમેશ છો રે,
ભવ્ય ભક્ત મનોરથ પુરક, શ્રી રૂષીકેશ છો રે;
*અંધ્રીશ્રીતને થવા ઓળખાણ. પ્રતી. ૪
ગીરધર ગુણસાગર ગુપ્ત, રહ્યા શે કારણે રે,
બીક ધારો છો શું બળવંત, નિકળતાં બારણેરે;
પેહેલું વાકય થવાને પ્રમાંણ. પ્રતી. ૫

† પગવડે કુદવું તે. * ચરણના દાસને.

સેવા દાસ તણી હોય સ્વલ્પ, મેરૂ સમ માનો છો રે,
અવગુણના ભરચા અર્ણવ, બિંદુ સમ માનો છો રે;
સખા સેવક રતીના સુજાંણ. પ્રતી. ૬
માહારા અંતકષ્ટ અનંત, કૃપા કરી કાપીયે રે,
કૃષ્ણરામ મતીને કૃષ્ણ, વિમળ કરી વ્યાપીયે રે;
જ્ઞાનરૂપી ઉદય થવા *ભાણ. પ્રતી. ૭

વી૦ ૩ પા૦ ૧૦

કીર્ત્તન ૪૪ મુ.

કયાહારે હરી આવશ્યોરે, માહારી વિનતીઓ થઇ અનેક. કયા. ૧
છાનાં હૃદય નિકેતન માહે બેસો કાંસર્વદારે,
થઇ સાક્ષી શુભાશુભ દ્યોતી પ્રેરો છો કાં પર્વદારે;
છદ્મછલ છિન્ન શું રહો છેક. કયા. ૨
ભૂત ભૌતિક +સ્થાષ્ણુ ÷ચરિષ્ણુ સર્વમાં રહ્યા વશીરે,
રાખી માયા જવનીકા અલગ રહો છો કાં ખશીરે;
કયહાંથી કૌતુક શીખ્યા અકેક. કયા. ૩
જેને જેવો હશે મન ભાવ, તેને ત્યમ ભાસો છો રે,
મુંને નિષ્ઠુર જોઇ શૂં નાથ, અગોચર નાસો છો રે;
એવો સરજ્યો કાં મુજને એક. કયા. ૪
હરિ સરૂવ તમારે હાથ્ય ધારો ત્યમ નીપજે રે,
જ્યમ વૃત્તિ જગાડશો ત્યમ મનો તમને ભજે રે;
તેવો રેહેશે રાખો જ્યમ ટેક. કયા. ૫
તવ કરૂણા વિના અજ્ઞાને વહે જન વાંકડારે,
અનિમિષને રૂપે અનંત ગ્રશ્યા જાયે ફાંકડારે;
×આશિ ‡વિષગ્રશિ લ્યે જ્યમ †ભેક. કયા. ૬
માટે ઇછું હું કરૂણાવલોક તમારો માધવારે,
આપ્યો માનવ દેહ પ્રસાદ તેનું સાર્થક થવારે;
કૃષ્ણરામનો ઉઘડે વિવેક. કયા. ૭

વિ૦ ૩ પા૦ ૧૧

---

* સૂર્ય. + સ્થાવર. ÷ જંગમ. × ખાતું. ‡ સર્પ. † દેડકો.

કીર્ત્તન ૪૫ મું.

બોલ્યું બિરૂદ પાળિયેરે, નાથ પતિત પાવન જયે નામ. બો. ૧
સુખકારીણી સેવા તમારિ શમલ સંહારિણિ રે,
ચ્યાર ખાંણ્ય ચોરાશી લક્ષ્યના ભ્રમણ નિવારિણિ રે;
તેહેવું જાણી કરૂં છું પ્રણામ. બો. ૨
જે જયે આવ્યા ચરણને શર્ણ તે તે સાર્થક થયારે,
તેમને દાસ જાણીને દયાળ તમે કીધી દયારે;
એહેવા સ્વામિ શરણ વિશ્રામ. બો. ૩
તવ કથા સુધાને પાંને વિષય વિષ વામિયારે,
કંઈ કલ્પથી વિસરચું રૂપ તે નિજનું પામિયારે;
લાહ્યા પરિક્ષિત આદિ સ્વધામ. બો. ૪
નામ સ્મરણ થકી *સવિતાસુતના કિંકર ડરચારે,
ગુનેગારની ગ્રીવાથી પાશ કાહાડી પાછા ફરચારે;
બાધ કારી તે થઈ બદલાંમ. બો. ૫
જેના પદ પ્રક્ષાલન વારિથી સ્વઃસરિતા થઈ રે,
તેના સ્પર્શથી ષષ્ઠી સહસ્ત્ર તણી દુર્ગતિ ગઈ રે;
શમ્યા અખિલ અઘૌઘના ધામ. બો. ૬
કૃષ્ણચંદ્રજી કરૂણાશીલ કૃપા કાંઈ કીજીયેરે,
બાળ્યકને ઉપજવા બોધ પ્રતિતીયો દીજીયેરે;
કહે કરગરીને કૃષ્ણરામ. બો. ૭

વિ૦ ૩, પા૦ ૧૨

કીર્તન ૪૬ મું.

દેશી ઢેર, પ્રભાતિયાં.

કૃષ્ણજી કૃપાવલોક કિંકરને કરિયે,
વિનતીયો થઇ વિશેષ, સખા શ્રવણ ધરીયે. કૃ૦ ૧
આપ્તકાંમ અચ્યુતને, આળસકાં આવી,
વીનતિયો વિકલ તણી, શૂં સકે ન ભાવી. કૃ૦ ૨
દીનના દયાળ તમને, કાં દયા ન આવે,
શરણ આવ્યા સેવકને, દમવું શે દાવે. કૃ૦ ૩

---

* સૂર્ય પુત્ર (યમ)

કોણ કરયાં કર્મ તેણે, મંદમતિ માહારી,
અકળગતી ઇશ્વરની, શૂં સકું વિચ્યારિ. કૃ૦ ૪

દિવ્ય દેહ દેવ તમે, આપ્યો આ વેળા,
સફળ કરવો ધારો તો, ભૂધર થાઓ ભેળા. કૃ૦ ૫

નહિતર આ બાળ્યકના, ખેલ સમૂંઠરશે,
ચર્ણ શરણ ચાકરજો, ચ્યાર ખાંણ્ય ફરશે. કૃ૦ ૬

આતુર છું હુ તથાપી, માહરૂં શૂં ચાલે,
ઇશ્વિરની આજ્ઞા બિન, પત્ર કો ન હાલે. કૃ૦ ૭

કરૂણાના સાગરને, કેટલું કહું અજીએ,
અંઘ્રીના આશ્રીતનેં, તારક નંવ્ય તજીએ. કૃ૦ ૮

કાંઇક દ્યો પ્રતીતિતો, સ્થિરતા મન રેહેશે,
કૃષ્ણરામ કૃષ્ણ વિના, કોહોને દુઃખ કેહેશે. કૃ૦ ૯

વિ૦ ૩, પા. ૧૨.

કીર્તન ૪૭ મું.

શ્રી નિવાસ નાથ હરે, હાથ હવે ગ્રહિયે,
આ સમયમાં આવિ આપ, ઝટ જવાપ કહિયે. શ્રી૦ ૧
શાંતચિદાનંદ તમે, કૃષ્ણ કૃપાસિંધો,
વિશ્વનાથ વિશ્વરૂપ, દેવ દીનબંધો. શ્રી૦ ૨
ગરૂડધ્વજ ગોવિંદજી, રૂષી કેશ વિષ્ણો,
ભક્તવત્સલ ભૂધરજી, રમાનાથજિષ્ણો શ્રી૦ ૩
વિશ્વંભર વીનતિયો, કર્ણે ધરો માહારિ,
દાસ તણો દાસ મુંનેં, માંનિયે મુરારિ. શ્રી૦ ૪
કઇ દિવાનિશી કૃપાલ, અરજી મેં કહાવી,
ઉત્તર ન આપો હજી, શૂં રહો રીસાવી. શ્રી૦ ૫
શૂં કહું કૃપાનિધાન, વારવાર વહાલ;
પુરષોત્તમ પ્રાણનાથ, કૃષ્ણ નથી કાલા. શ્રી૦ ૬
આતુરતા અતી થઇ, કાંન્ય ધરો કેશવ;
કૃષ્ણરામ કિંકરને મેહેર કરો માધવ. શ્રી૦ ૭

વિ૦ ૩. પા. ૧૨

કીર્તન ૪૮ મું.

દેશી ફેર, પ્રભાત.

જાગોને જગજીવન માહારે, આભ્યંતર આવો,
રસનું ભરિયું રૂપ તમારૂં, નયને નિરખાવો. જા૦ ૧
આહાવો અનૂપમ અવસર આવ્યે, સૂંવું શ્યા સુખથી,
પાળો પોતાનું વચન જયે બોલ્યા, અર્જુન શૂં મુખથી. જા૦
જાયે છે જિનગાંની જનની, ઉંઘો શૂં આહાવું,
ત્રીવીક્રમ આમ ન ઘટે તમનેં, વચન દેઈ વાહાવું. જા૦ ૩
સુંદર શ્યામ સખા થઇનેં આમ, આળસ કાં આણો,
દાસતણાં દુઃખને દેખિ અજી, મોટચમ શું માંણો. જા૦ ૪
મોટા હોય તે તો આમ ન ઉંઘે, ઝટ ઝબકી જાગેં,
શરણેં આવ્યા શેવકની તે, ભવ ભાવટચં ભાગેં. જા૦ ૫
કોણ કરી છે કેફ તમે જયે, અંગોમાં વ્યાપી,
ધંધોળું ધણિ સાહેબ તોહે. ન ઉતરે અદ્યાપિ. જા૦ ૬
રાવણનેં મારીને લંકા, વિભિષણનેં દીધિ,
કુંભકરણની ઉંઘસકે તમે, લોચનમાં લીધિ. જા૦ ૭
અરક ઉદય થાવાનો અવસર, આવ્યો અલબેલા,
કૃષ્ણરામ શૂં કૃષ્ણજી બોલો, જાગીનેં વેહેલા. જા૦ ૮

વિ૦ ૩, પા. ૧૪

કીર્તન ૪૯ મું.

આવો ને અલબેલા નાયક, વાતડલિ કરિયે,
અન્યો અન્ય કરી આલિંગન, બાથડલિ ભરીયે. આ૦ ૧

કઇંકિ કલ્પનાં કર્મ કટી જાયે, તાપ ત્રિવિધ તરીયે,
વિયોગ વેંગે ભાગે આપણો, સ્થિર થઇનેં ઠરિયે. આ૦ ૨

કાલાવાલા કરી કઇંક કાળથી, કેશવ કરગરીયે,
દીન દાસને શ્રી દામોદર, છેક ન છેતરીયે. આ૦ ૩

માધવજી મજને માહારો કહી, મસ્તક કર ધરીયે,
કૃષ્ણરામની વૃત્તિ સાથ્યે, વીડલ વર વરિયે. આ૦ ૪

વિ૦ ૩. પા. ૧૪

કીર્તન ૫૦ મું.

અલબેલા આપ્યો આ અવસર, જાયે છે એળ્યે,
કયાહારે કરૂંણા કરશો મુજનેં, પોતાની મેળ્યેં. અ૦ ૧
દેવાદિક સરખાને દુર્લભ, માનવ દેહ મોટો,
પ્રીત્યેં આપ્યો તો પરોક્ષ કાં રહો, તમનેં સ્યો ટોટો. અ૦ ૨
શણગારી સુંદરી જો શોભે, વાહાલ હોય વરનું,
માધવનેં માંને એમ ઉઘડે, આપ અનૂચરનૂં. અ૦ ૩
અતીથિનેં આમંત્યો તે, પાતલ જોઇ હસે,
પકવાન્ન પ્રીશ્યા બિન તેહેની, ક્ષુધા ન કયહ્યેં ખસે. અ૦ ૪
એમ ચોરાશિ લક્ષે ફરતાં, માનવ તનું દીધિ,
સર્વ થકી વૈલક્ષણ માહારી, બુદ્ધિ તમે કીધી. અ૦ ૫
એટલે નિમંત્રણ પતરાળે, પૂરૂં કયમ પડશે,
ક્ષુધા જશે જ્યાંહારેં *ખાસાનો, લક્ષ જબર જડશે. અ૦ ૬
ભાંમણે ભૂખ ન ભાગે ભૂધર, અંત અવિદ્યા નડે,
કરૂણા કરો તો કિંકર કેરૂં, હૃદય કમલ ઉઘડે. અ૦ ૭
જીવ તણૂં તે યત્ન કેટલું, જગદીશ્વર જાણો,
અલક્ષ્ય પ્રભૂનો લક્ષ્ય કરે શૂં, ભ્રમથી ભરમાણો. અ૦ ૮
એહેવામાં આ સમય કલીનો, સંગતિ નહિ સારી,
જન સઘળાં જંજાળે જકડયાં, દીસેં દુઃખકારિ. અ૦ ૯
કોય કોય જો હશે કદા ચિત, સંત પુરૂષ સાચા,
અમે શું ઓળખીયે એહેવાનેં, કળના બિન કાચા. અ૦ ૧૦
દેવના દેવ દયા કરશ્યો તો, સઘળું નીપજશે,
કૃષ્ણરામ તે કળ ઉઘાડયે, અનન્યતા ભજશે. અ૦ ૧૧

વિ૦ ૩. પા. ૧૪.

કીર્તન ૫૧ મું.

સાંભળજ્યો વેગેં શ્રીધરજી, વિનતીયો માહારી;
જીતાવે જીતુ હું બાજી, જયે બેઠો હારી. સાં૦ ૧
પાસા સમા તો ત્યાહારે પડશેં, જો સ્નેહે જોશ્યો;
બાળક હારે બાપ તમારૂં, બિરૂદ તમે ખોશ્યો. સાં૦ ૨

---

* ઇશ્વરનો.

માટે કેશવજી મુજને કળ, એહેવી ઉઘાડો;
બાજી તો જીતું બાળકજો, પાસા સમા પાડો. સાં૦ ૩
લક્ષ ચોરાશી અથડાવું જ્યમ, માધવ માહારે મટે;
કૃપા કરો તો કૃષ્ણ વિષે તે, પ્રેમ પૂરણ પ્રગટે. સાં૦ ૪
માહારે હાથ નથી કાંઈ માધવ, હું છું અપરાધી;
ઈશ કૃપાથી અનન્યતા હું, સેહેજ્યે સકું સાધી. સાં૦ ૫
આ સંસાર સમુદ્ર સરીખો, વિષય વિષે ભરીયો;
કહો કૃષ્ણજી કોણ કૃપા બિન, તનું દરશી તરિયો સાં૦ ૬
કેશવજી કરૂણા કરશ્યો તો, તારી લઇને તરૂં;
પતિત પાવન તો બિરૂદ કેહેવાશે, ખાસા એમ ખરૂં. સાં૦ ૭
જો સાધન સાહામૂં જોસ્યો તો, પાપીષ્ટ હું પ્રાણી;
જડબુદ્ધિથી જીવ તે હું કયમ, તમને સકું જાણી. સાં૦ ૮
કૃષ્ણ હતા અપરોક્ષ્ય જે વેળા, યાદવ રૂપ ધરી;
કહો તે વેળા કરૂણા બિન તે, કોહોણે લક્ષ્ય કરી. સાં૦ ૯
પ્રભો પરોક્ષ્યે આજ અમે તે, કયમ સમજી સકિયે,
આવરણે આંજ્યા અજ્ઞાંનિ, બોધ વિના બકિયે. સાં૦ ૧૦
મોહિત છે માધવ માયાયે, જીવતે શૂં જાણે;
કૃષ્ણરામની કળ ઉઘાડો, કૃષ્ણજી આ ટાણે. સાં૦ ૧૧

વિ૦ ૩. પા. ૧૫.

કીર્તન પર મું.

દેશી ફેર.

કરૂણાના સાગરરે, કાં નથી બોલતારે,
આજ આહાવા નિલજ થયા કયમ નાથ. પૂર્વે જ્યે જ્યે કીધાંરે;
બળવંત બિરૂદનેરે, તેહેને સઘલો જાણે સેવકનો સાથ. ક૦ ૧
ધરાતળ જ્યાહારેરે ધશિયું રસાતલેરે,
ત્યારે તમે યજ્ઞ વરાહને વેશ, દંષ્ટ્રા ઉપર ધારીરે;
લાવ્યા તમે દોડતારે, આજ કયમ કરૂણા ન આણો લેશ. ક૦ ૨
ઝુડે ઝાઝા જળમાંરે, અહો જ્યારે ગજપતીરે,
ત્યારે ધાયા ગરૂડ તજીને ગોવિંદ;
શીઘ્ર મૂકાવ્યોરે સેવક સંકષ્ટથીરે, આજ કયમ ધરી બેઠા છો ફંદ. ક૦ ૩

*અપરમાયે દુભ્યોરે, પૂત્ર ‡મનુંવશનોરે,
તેના ઉપર મહેર કરી મહારાજ, અચલ પદ આપીરે,
†ધ્રૂવ કર્યો ધ્રૂવજિનેરે, લક્ષ્મીવર આજ ધરો કયમ લાજ. ક૦ ૪

માબાપનો મેહેલ્યોરે, જ્યારે મારયો જાતો હતોરે,
અનાયાસેં ઉગારયો તે ચંદ્રહાસ, ¹વિષ દેવું રાખીરે;
વિષયા વરાવિયોરે, આજ આહાવા શાંનેં થયા છો ઉદાસ. ક૦ ૫

વિભીષણ આવ્યોરે, વડિલ બંધુનેં તજીરે,
તેને તમે રાખ્યો ચરણને શરણ, લંકાપતી કીધોરે અભય આપી કરીરે;
આજ આહાવું કયમ ²આદરયું આચરણ. ક૦ ૬

અક્રૂરજી આવ્યારે, +મામા તણા મોકલ્યારે,
÷તેણે ⁵જયે જયે ચિંતવ્યા શુભ સંકેત:
તે તે પૂરણ કીધારે ઝલકી જલેં દાખવીરે, આજ આહાવું હરજી
તજો કયમ હેત. ક૦ ૭

ઈંદ્ર જ્યારે કોપ્યોરે વરષા વરસાવિયારે,
ત્યારે ધરયો કર ગીરી ગોવરધંન વ્રજવાસી *વંચાવ્યાંરે દેવ દયા કરીરે;
આજ આહવું મંદ કરો કયમ મંન. ક૦ ૮

+હલાહલેં તાતુંરે જ્યારે યમુના જલ થયુંરે,
ત્યારેં નાથ ‡નાથ્યો તમે કાલિયનાગ,
સજીવન કીધાંરે ગોગોપાલ ગોપીનેરે, વાહાલાં આજ આમ ધરો કાં
વિરાગ, ક૦ ૯

ધરમં ÷લોપાંણારે જ્યારે જ્યારે ભૂતલેંરે,
અતીઘણો વાધ્યો ×ઉલ્વણ અધર્મ;
અવતાર ધરીનેંરે ત્યારેં તમે આવીયારે, ખામી નાથ આજ ધરો કયમ
શરમ. ક૦ ૧૦

---

* ઓરમનમાયે. ‡ ધ્રુવજી. † અચલ. ૧. ઝેર આપવાનું બંધ રાખી વિષયા કન્યા વરાવી. ૨. આરંભ્યું, + કંસ, ÷ અક્રુરજીએ, ૫. જે જે દર્શન વીગેરે માટે જે વીચારો ધારેલા તેઓ શ્રીકૃષ્ણે જળને વિશે વૈકુંઠ દર્શનથી પુર્ણ કરયા. * બચાવ્યાં, + ઘણું ઝેર વાળુ, ‡ દમન કરયો, ÷ નાશ થયા. ૯. ઉલટો,

અજામીલ પાપીરે તેને તમે તારિયોરે, †સુતદ્વારા લેતાં તમારૂં નામ,
એમ મુજનેં ઉગારોરે આ સમયમાં આવિનેરે;
કરજોડી કરગરી કહે કૃષ્ણરામ. ક૦ ૧૧

વી૦ ૩ પા૦ ૧૬

કીર્તન ૫૩ મું.

ક્યારે કરૂણા કરશોરે રંકને રમાપતીરે,
વાહાલા વેગેં હુંતો જોઉં છું વાટ્ય, ચાતક જ્યમ ઇછેરે;
જળ જળધર તણુંરે, અન્ય જળે એહેનો મીટે ન ઉચાટ. ક્યા. ૧
શા માટે જ્યેએહેનીરે ગ્રીવા કાંણી સર્વદારે,
માટે નીચા મુખથી પિવાય ન નીર; ઉંચી ગ્રીવા રાખીરે,
આરાધેએ ‡અંબુદનેંરે, જેણે એહેનું શીતલ થાય શરીર. ક્યા. ૨
એ રીત્યેં છેં માહારારે મન મધ્યે છિદ્ર ઘણાંરે,
તેથી શુણ્યા નિર્ણય નિકળી જાય; સાધન તે શૂં સાધુંરે,
મન સ્થીર રહે નહીરે, માટે કરૂણા પાખે ન અન્ય ઉપાય; ક્ય. ૩
પંખીના જ્યમ બચ્ચાંરે પાંખો જેને આવિ નથીરે,
તેથી આપે ચારો તે કયમ ચરાય, વળીમાંથે ભીતિરે;
કાક ઘુકાદિક તણીરે, નીડમાંથી નીકળી કયમ ફરાય. ક્યા. ૪
તે માતા પિતાનેંરે ઇછે જ્યમ આવતાંરે,
ચારો લ્યાવિ ચાંચમાં ઘાલેં તેહ, પક્ષ છાયા પસરીરે;
મોટાં કરે બાલનેરે, તો આકાશેં ઉડવું શીખેં એહ. ક્યા. ૫
એણી રીત્યેં મજથીરે વિધિ ઉલ્લંઘાય નહીરે,
નથી ઉગી જ્ઞાન વિરાગ બે *પક્ષ, માટે માળા સરખુંરે;
ગ્રહ તજી જોખસુંરે, કાકાદિક શ્યા કામાદિક કરે ભક્ષ. ક્યા. ૬
માટે કરૂણા કરીયેરે મુંનેં દીન જાણીનેરે,
અનાયાસેં આપીને મારૂં અદ્રષ્ટ, પક્ષ જ્યે તમારીરે;
તે છાયાથી મોટો કરોરે, પછી મજથી સાધન બનસે સ્પૃષ્ટ ક્યા. ૭
જ્યમ ન્યાહાનું બાળકરે, પીયે સ્તન પાનનેરે,
પય મળે નહી તો તો બને તેનો પાત, રડીનેં પુકારેરે;
બોલતા ન આવડેરે. તેહેની આવી રક્ષા કરે જ્યમ માત. ક્યા. ૮

---

† નારાયણ નામનોપુત્ર, ‡ મેઘને. * પાંખો.

પયો પાન પાઇરે શીશે હસ્ત ફેરવેરે, બીગડયેથી સૂધરે કરાવે શયન,
ઝબકી જાગી તેહેનેરે આપે લેઈ અંકમારે;
ઉર શું ચાંપી ચક્ષુ મુકાવે રૂદન. કયા. ૯
એણી રીત્યે મજનેરે અલ્પ જ્ઞાની અર્ભનેરે,
કરાવિયે કૃષ્ણ કથામૃત પાન, કથામૃત પાખેરે પડવું બને પાપથીરે;
ગાતાં નથી આવડતું મુંજને ગાંન. કયા. ૧૦
કાલું ઘેલું બોલીરે, આરાધું હું આપનેરે,
પુરૂષોત્તમ શુણીને માહારો પુકાર,
દરશન દેખાડોરે, આલિંગન આપીયેરે,
શીશે કર ધારીને કરિયે સાર. કયા. ૧૧
એણી એણી રીત્યેરે આતુર હું અતી થયોરે; એકે હવે ઉકલે નહી ઉકેલ,
કૃષ્ણરામ ઇછેરે કૃપા થવી કૃષ્ણનીરે;
કરશ્યો ત્યાહારે મનના મીટશે મેલ. કયા. ૧૨
વી૦ ૩ પા૦ ૧૭

કીર્ત્તન ૫૪ મું.

કીંકરની અરજીરે કરણે ધરો કૃષ્ણજીરે,
ગોવિંદજી ગોબ્રાહ્મણ પ્રતિપાલ,
અનાથના બંધોરે, આહાવે રૂડે અવસરેરે;
જન તણી દૂર કરો જંજાલ. કીં. ૧
સંત સમાગમરે મેલ્યો તમે શ્રીપતેરે, સુંદર સત્રને માટે સમાજ,
ત્રૂટવાને માટે રે ટંટા મધ્યે આવીયારે;
લક્ષ્મી તણા નાથ નિભાવજ્યો લાજ. કીં. ૨
માતુલની રાહાડયરે, માહારે માંથે શું ધરોરે,
નિરબળ હું તે કયમ કરીશ નિર્વાહ, પ્રથમ તો પંથેરે પગલું ન ઉપડેરે;
આભ્યંતરે થાતો નથી ઉત્સાહ. કીં. ૩
શરીરના અંગરે શિથીલ રેહે છે સદારે,
એહેવામાં છે ઉષ્ણકાળના દિન, ગરીબ નિવાજરે ગામ્યશાંને મોકલોરે;
ભટકે ભૂધર ભાવ પડે છે ભિંન. કીં. ૪
પૂર્વનાં તે પાપરે કોણ આતે પ્રગટિયાંરે,
આહાવો મોટો જ્યેથિ પડે અંતરાય,
સંતનો સમાગમરે, સુખ તણો સિંધુ તજીરે;
જન થકી યોજન કયમ જવાય. કીં. ૫

હું ઘણો હરામીરે હઇશ કદી હૃદયથીરે,
તો પણ સઘળા મળિયા તે શ્રદ્ધાવાન;
તે સઘળાને પૂણ્યેરે સત્રને નિભાવજ્યોરે,
તમારો છે ભારે ભરૂંસો ભગવાન. કીં. ૬

પ્રભુજી તમારારે પેખિ જોજ્યો બિરુદનેંરે,
પતિતનું પાવન જયે અધમોદ્ધાર,
શરણાગતના વત્સલરે છો તમે સાંમલારે,
વિશ્વપતી વેગે કરજ્યો વાહાર. કીં. ૭

માહારિ મેળ્યે મજથીરે કાંઈ સધાયે નહીરે,
નાથજી નિભાવજ્યો નિજનૂં નામ, સેવકના સંકટરે સત્વર શમાવિયેરે;
કરજોડી કરગરી કહે કૃષ્ણરાપ, કીં. ૮

વિ૦ ૩, પા. ૧૮

કીર્ત્તન ૫૫ મુ.

કૃષ્ણ કાં ન બોલોરે કરૂણાના નિધાન થઇરે, કિંકરની કાંન શુણો ફરિયાદ,
ઉરે કાં ન ઉપજાવો અલ્હાદ, જંજાલમાં જનનીરે જીનગાંની ગઇરે;
શૂન્ય આ જીવવું કયમ જીવાય, અતિ માહારૂં આભ્યંતર અકળાય.
કૃ૦ ૧

અનાથના બંધોરે આમ ન વિસારિયેંરે,
આહાવો આપી અનુપમ દૂર્લભ દેહ, છત્યજણવી નવ્ય દીજિયે છેહ;
કૃપણ જાણીનેંરે કરમાહારો ધારિયેરે, દયા કરી દીજે પ્રતીતિ દયાલ,
અલગી ખસે જયમ અધ્યાસની આળ. કૃ૦ ૨

ઉગરવાનો આરોરે મજને ન ઉકલેરે,
વિષયને વેગે વહ્યો હું જાઉં, સ્થિર મન બિન હું થાંથોથાંઉં,
ભક્તિ ન ઉપજેરે આ અવસરે ભલેરે;
વૃત્તી માહારી થાતી નથીરે વિતૃષ્ણ, પ્રભુ કોણ સાંભળે માહારાં પ્રશ્ન.
કૃ૦ ૩

પશુ તણી પેરચેરે કયહાં સૂધી જીવાડશોરે,
ભજાવો શું ભય નીદ્રા રતિ અહાર, જયેથી પડે જાલ્યમ યમનો માર;
કાંમ કરદમથીરે કયાહારેં મુનેં કહાડશોરે, કેશવ કરિને કરૂણા દ્રષ્ટ,
કયાહારે કળિ મળનાં કાપશો કષ્ટ. કૃ૦ ૪

હું માહારાનિ ટોલીરે હૃદયથી ઓલ્હવોરે,
જ્યેથી મીટે તરત ત્રિવિધના તાપ, આભ્યંતરે ઓલખાયે આપે આપ;
લોપાઇ જ્યમ જાયરે લોક તણી લવોરે, રમાપતી સાથ્યે બને જ્યમ રંગ,
જેથિ ખસે વિવિધ વિવિધનાં વ્યંગ. કૃ૦ ૫
કલ્પદ્રુમ સરખારે કિંકરોને કૃષ્ણ છોરે.
દિવ્ય પદાર્થ તણા દાતાર, તવ શરણાર્થિ તણા ત્રાતાર;
વિઘ્ન રહિતરે વિઠલ વીતૃષ્ણછોરે; ભક્તાવત્સલ છો શ્રી ભગવાંન,
મેહેર કરોને મુંને મેહેરબાંન. કૃ૦ ૬
અભિનવસત્તારે ઉઘાડો આભ્યંતરેરે,
દાસની દિવ્ય દ્રષ્ટી જ્યમ થાય, ભૂત ભવત્ ભાવી સમજાય;
અનન્યતા ઉપજેરે, આણે અવસરેરે, મન તણો મિટિ જાયે જ્યમ મોહ,
વાહાલાજીની સાથ્ય પડે ન વિછોહ. કૃ૦ ૭
પ્રારબ્ધ મેળવિયેરે પ્રભો અનાયાસથીરે,
કરાવિયે કૃષ્ણાર્પણ ક્રિયમાંણ, સંચિત શમાવિ કરો કલ્યાણ;
અનુકૂળ થઇયેરે દામોદર દાસથીરે, સાદ્ય કરો શરણાગત વિશ્રામ,
કરજોડી કરગરી કહે કૃષ્ણરામ. કૃ૦ ૭

વિ૦ ૩ પા૦ ૧૮

કીર્ત્તન ૫૬ મું.

કોણ જનમનીરે કરણિ આતે કલપિયેરે,
જેણે જાંમી જાડયતા મનનિ ન જાય, ઉરે ઉઠે અનેકધા અંતરાય;
માયિક મિથ્યાનેરે માહારાંમાંની મલપિયેરે,
જેણે જાડી જીવને હોય જંજાળ, કળિ ન સકાય જે માંથે કાળ. કો૦ ૧
કાળે કવલ કીધાંરે દીઠા શુણ્યા કંઈકિનારે,
તોહે ત્રૂટે નહિ તૃષ્માની તાંત્ય, નાથ ભજનની નાંવે નિરાંત્ય;
અવગતિયા અથડાતારે અહિ ભૂત અવનિયેરે,
ડાટચા હતા જેણે જોડીને દામ, કાંઈ તેહેને તેમાંના નાવ્યા કાંમ. કો૦ ૨
જેહેને માંન્યા માહારારે જોખ્યમ તેહેણે કરચાંરે,
ગ્રહ સુતનારી સગાંને ધંન, તોહે માહારાં માનતું રહે નહિ મંન;
પૂર્વને પાપેરે પિડે પીડા પેખિયેરે, શિષ્ણોદર કાજ્યે બને સંતાપ,
પાછું તોહે કરવું તજાય ન પાપ. કો૦ ૩

શાસ્ત્રેને વેદેરે પુરાણે શિક્ષા કરીરે,
જૂઠું જગત્સાચા સચ્ચિદાનંદ, કળમાંને અન્ય તે સઘળા ફંદ;
શુણિયે નેં અનુભવિયેરે, તોહે સમજાય નહીરે,
વેગળા ન ખસે મનના વ્યંગ, સાચો સાધી ન સકાયે સત સંગ.
કો૦ ૪

અનુદિન આયુરે ઓછું થતું જાયછેરે,
વિષયના ભોગનો તોહે ન વિરામ, અહંમમ વાધતાં ઉઠે ઉદ્દામ;
ગોવિંદના ગાયનરે ગાવા અજી નવ્ય ગમેંરે,
ભય નિદ્રા આહાર મિથુનના ભાર, ચિત્તે ચોટયા કચહો ન ઉખડે
ચ્યાર. કો૦ ૫

સુધા કૃષ્ણ કથારે શ્રવણે સેવાય નહીંરે,
ઉદ્યમનેં વશ મન આઠે પોહોર, ઘણા ઘટે પેઠા ન નિકળે ઘોર;
શાસ્ત્ર ભણ્યાં તેથીરે સાંન ન ઉઘડીરે,
ઉલટું વાધ્યું તેથી અધિક અભિમાન, ગર્વે કરી ઘટમાં ન ઉઘડયું
જ્ઞાન. કો૦ ૬

સાચા સખા શ્રીધરરે, સમઝાયા નહીં શઠ ધીયેંરે,
વાહાલાજીનો ઉપજ્યો નહી વિશ્વાસ, દંભ તજીને થવાયું ન દાસ;
અનન્યતા ઉરમાંરે, અજીયે ન ઉપજીરે, સામ્ય નજર ન થઇ સરવત્ર,
સાચે સ્નેહે સેવાયા નહીં બ્રહ્મસત્ર. કો૦ ૭

પતિતનાં પાવનરે, પ્રભુ પક્ષ જો કરોરે,
ગરીબ જાણી જો ઉઘાડો જ્ઞાન, અબળને આપો અભયનું દાંન;
પ્રીત્યેથી પ્રતીતિરે પામુંજો પ્રત્યક્ષનેંરે,
તો તો મિટે ત્રિવિધ તપંતા તાપ, પાછાં હવે પુનર્ન પ્રગટે પાપ.
કો૦ ૮

અનાથના બંધોરે, ઉત્તમ આપી તનૂરે,
સફળ કરો તેહેનેં શારિંગધર, અનુદિન અરજી કરે અનુચર;
શ્રીધર મેલવિયારે, જ્યેને તમે સત્રમાંરે,
તેને જ્યમ પ્રિછયું બને નિજ નામ, કૃપા કરો એહેવી કહે કૃષ્ણરામ.
કો૦ ૯

વી૦ ૩ પા૦ ૧૯

કીર્ત્તન ૫૭ મું.

સંભાળી લ્યો સ્વામીરે સેવકનેં આ સમેંરે,
બળહીણો જાણી કરો બિરૂદાશ, પહાંકરો પીડાકારી જયે પાશ;
નિબળાંના બંધુંરે, કહ્યા તમને નીગમેંરે,
એ શુણીને આવ્યો હું તમને શરણુ,
આકુળ છે અજી માહારૂં અંતઃકરણુ. સં૦ ૧
આહાવી તનું આપીરે, મુજને તમે અભિનવીરે,
જેંણિયેં કરી યદુપતી જાણિ સકાય;
વાહાલા તે તો વિષય વેગે વહીજાય,
લોચન ન ઉઘડેંરે, જયમ ઉગ્યા વિના રવીરે;
એમ ન ઉઘડે કૃષ્ણુ કૃપા વિના ઉર,
માટે મુજનેં દીજે પ્રતીતિ પૂર. સં૦ ૨
સત્સંગ મેળાવ્યોરે ભારે બ્રહ્મસત્રનોરે,
આતૂર હું સાધિ સકૂ કયમ એહ;
દુખાયે છે દુઃખેથી માહારો દેહ,
રોજગાર રોકાયોરે સ્વામી સરવત્રનોરે;
વર્ષે વર્ષે વિઘ્નનિ વાધી સવાઇ,
કૃષ્ણાર્પણનાં કર્મગયાં છે કવાઈ. સં૦ ૩
કૃપણના ઉપરરે કૃષ્ણુ કૃપા કીજીએરે.
વાહાલાં હવે વળિયો છે આડો આંક;
વિકળના ક્ષમા કરો હવે વાંક,
આશ્રિત જાણીનેંરે અભયતા દીજીયેરે;
પોતા તણૂં બિરૂદ નિભાવીનેં પરમ,
કૃપણનાં જોવાં મુકી દેઈ કરમ. સં૦ ૪
જંજાલે જકડાયોરે જનમુંને જાણીનેંરે,
વિશ્વંભર વેગે કરિયે વાહાર;
એક છે મુજને તમારો આધાર,
તૃષ્ણાયેં તણાતોરે મુજને કાહાડો તાણીનેરે;
હરિ હરિજનનો પકડો હાથ,
માહારે તો છે સખ્યપણૂં તુમ સાથ. સં૦ ૫

ઉરનાં ઐશ્વર્યરે માહરાં ઉઘાડીયેરે,
જેણે કરી જાલ્યમ વાધે જોર;
ઘટિ જાયેં ધારણાના જ્યમ ઘોર,
અદ્રષ્ટ જે મુજનેરે તેંને દૃષ્ટે પાડીયેરે;
પેખિ સકું હુ જ્યમ નિજ પ્રારબ્ધ,
લક્ષ્મીવરની લક્ષ્ય બને જ્યમ લબ્ધ. સં૦ ૬
શરણ આવ્યાનીરે લાજ કૃભો રાખીયેરે,
ઓાળગતે આપની નોહ્યે અફળ;
કૃપા કરી ઉઘાડો કાંઈક કળ,
ભરૂંસો જ્યમ આવેરે ઉત્તર એહેવો ભાખિયેરે;
સખ્યપણું જણવો શરણ વિશ્રાંમ,
કરજોડી કરગરી કહે કૃષ્ણરામ. સં૦ ૭
વી૦ ૩ પા૦ ૧

કીર્ત્તન ૫૮ મું.

દેશી ફેર.

આવો આણંદ ઘંન, પ્રબળ પ્રતીતિ આપવા,
મહારાજાનો મંન, વિશ્વાસ વિપુલી વ્યાપવા. ૧
કઈ કાળથી કૃષ્ણ, અરજી શુણો છો અભિનવી,
વાહાલા છેક વીતૃષ્ણ, વૃત્તિ તમારી કયમહવી. ૨
દિવ્ય આપીનેં દેહ, આમ આળસ કાં આદરો,
શરણાર્થીને સ્નેહ, સમજાવા કરૂણા કરો. ૩
ભવ્ય આ બ્રહ્મસત્ર, આપને આશરે આદરયું,
તપ્ર મળિયાં છે તત્ર, દિલ જેનું દુઃખભારે ભરયું. ૪
પોતાનેં પ્રારબ્ધ, પ્રાચીન પાપે પીડાયે છે,
લક્ષ્ય થાય ન લબ્ધ, ભારયે ભીડયેંથી ભિડાયે છે. ૫
દેવા દાવાનું દુઃખ, કળ ન પડે તેહેણે કશી,
મ્લાન જોઈને મૂખ, ઉઠે છે ઉર માહારૂં ઉધ્રશી, ૬
અન્નવસ્ત્ર ને ધંન, જોયતું જડે નહિ જંનને,
જાણો જગજીવંન, આતુરતા જયે મંનનેં. ૭
કીધે કોય ઉપાય, કાર્ય કશૂં સરતૂં નથી,
જીવનભાનીસો જાય, મંદશૂં સાધે મથી મથી. ૮

એહેવા સમયમાં આજ, આશ્રિત આશ્રય શ્યોધરે,
લક્ષ્મીવર લાજ, રાખો તો કાર્ય સકળ સરે. ૯
દેવ દીનદયાળ, કૃપણુ વત્સલ કેહેવાઓ છો,
આહાવે કપરે કાળ, નાથ શું નિર્દય થાઓ છો. ૧૦
બિરૂદ ધરિયાં બલીષ્ટ, કેણુ કામે તેં આવશે,
આશ્રિતને અનિષ્ટ, તમ કરીને જો તાવશે. ૧૧
માંઘ મિટવા માટ્ય, ચિંતન કરીયે છે ચર્ણનું,
વાહાલા ઉંઠે ન વાટ્ય, સંભાળજ્યો નિજ શર્ણનું. ૧૨
શરણુ વત્સલ જાણી, અંઘ્રી શરણુ અમે આવિયા,
તમે વૃત્તિને તાંણી, લક્ષ્મીવર જ્યાહારે લ્યાવિયા. ૧૩
જ્યમ રાનના રોઝ, પુરૂષ ધરી પુરે આણુશે,
તે તો મોટી મોજ, મનુષની આપી માંણુશે. ૧૪
એમ અમે અજાણ, પુરૂષ પશુ સરખા હતા,
કરવા કલ્યાંણુ, સત્રમાં આણી કરયા છતાં. ૧૫
પ્રભૂ પ્રેરક થઈ પ્રેરિ અમારી વૃત્તિને,
કેશવ કઇ કઈ, ઓળખાવી આપત્તિને ૧૬
ત્યારે તરકનાથ, કરથી હવે નવ્ય મૂકશો,
સેવકનો સાથ, ચિંત્તન તેહેનું ન ચૂકશો. ૧૭
શરણુ આવ્યાનિ સાહાય, કરૂણાંસિંધો કીજીએ,
વિધ વિધની લાહ્ય, શાંતિ કરી સુખ દીજીયે. ૧૮
સ્વામિ રાખવી શરમ, આ શ્રવણે ધરી અરજીને,
કૃપણુના કર્મ, હવે ન જોવાં હરજીને. ૧૯
પ્રીત્યે દીજે પ્રતીતિ, શીષ્યને થાવા શાંતીની,
કૃષ્ણુરામનિ ભીતિ, ભાગે જ્યે રીત્યે ભ્રાંતિની. ૨૦

વિ૦ ૪, પા૦ ૨.

કીર્ત્તન ૫૯ મું.

કૃષ્ણુ કરૂણા નિધાન, અજી રહો શું અગોચર;
હું તો થાઉંછું હેરાન, આપ કૃપા વિના અનુચર. ૧
વપુ માહારાનું વીત્ત, વિશ્વનાથ વહી જાય છે;
ચાક ચઢિયું છે ચીત્ત, અનુદિન આકુળ થાય છે. ૨

ગુણ ગાવાની ગમ્ય, આભ્યંતર નથિ ઉઘડી;
રમાનાથથિ રમ્ય, ઇચ્છું પ્રતિતી ઘડી ઘડી. ૩
કાલાવાલા કૃપાલ, કંઇક પ્રકારેથી મેં કરયા;
તેંને દીનદયાલ, શું અજી શ્રવણે નથી ધરયા. ૪
દયાસાગર દેવ, કાંઇક તો ઉત્તર કીજીએ,
તત્પ ને તતખેવ, રંક વત્સલ પ્રભૂ રિઝીયે. ૫
આપી દ્રઢવિશ્વાસ, દૂર કરો પરિદેવના;
પ્રભુજી મજ પાસ, સત્ય સધાવો સેવના. ૬
આપ્યો જન્મ અનૂપ, શ્રીપતિ તે સાર્થક કરો;
સુખ સિંધુ સ્વરૂપ, દરશન આપતાં કાં ડરો. ૭
યદ્યપી છે અશુદ્ધ, મન માહારૂં વાસના વાસીત;
પ્રભો કરીયે પ્રબુદ્ધ; પ્રતીતિ આપીને પ્રકાશિત. ૮
રુઝે હૃદયના રોગ, કળજો ઉઘાડો કૃપા કરી;
વાહાલાજીનો વિયોગ, ભાગ્યેથી બેસૂ સુખે ઠરી. ૯
હૃદી જ્ઞાન સવિતૃ, ઉદય કરો જ્યે ખસે ક્ષપા;
પ્રતીતિ દ્યો પવીતૃ, કૃષ્ણરામને કરી કૃપા. ૧૦

વી૦ ૪ પા૦ ૩

કીર્ત્તન ૧૦ મુ.

પ્રભો પ્રણતના પાળ, વાસુદેવ શુણો વિનતી;
કરો કૃષ્ણ કૃપાળ, કૃષ્ણાકાર માહારી મતી, ૧
આપ્યો માનવ દેહ, ભૂમિ તળે ભરતખંડમાં;
આજસુધિ તો એહ, વહ્યો ગયો છે વિતંડમાં. ૨
એથિ સાધે જ્યે અર્થ, તે નથી સાધ્યો અજી લગી;
વહિ જાય છે વ્યર્થ, ફળ તૃષ્ણાયે ફગી ફગી. ૩
અજિ એકે ઉકેલ, પડતો નથી મુને પાપીને;
મનમાં કરે મેલ, વાસના વિધ વિધ વ્યાપીને. ૪
અસંભાવના એક, વિપરીત બીજીએ બે મળી;
તેંણે છળકરયે છેક, વૃત્તિયો વિષય વિષે વળી. ૫
એંણે અંતરધાન, ઐશ્વર્ય આભ્યંતર થયાં;
સમજ્યા વિના સાંન, વર્ષ ગયાં તે વિફળ ગયાં. ૬

સાધ્યું નહી સાધંન, એકે અજી સૂધી આ સમે;
વિષયોનું વ્યસંન, વૃત્તિથી કયમ કરી વીસમે. ૭
આપ્યો આ અવતાર, વિફળ બને છે વિમોહથી;
કરૂં કોણ પ્રકાર, વ્યગ્ર થયો હું વિછોહથી. ૮
પ્રભુનાથ પ્રતિતી, આપો તો ઉકેલ ઉકલે;
ભાગે ભ્રાંતીની ભીતી, થાંથિ વૃત્તિયો ઠરે થલે. ૯
કિધિ કરૂણા જો આપ, નૌતમ નરતનુ આપીને;
તો તો ત્રૈવિધ તાપ, શાંતિ કરો કષ્ટ કાપીને. ૧૦
માહારિ કરણિના કોશ, શૂં જોશો શરણના વત્સલ;
દેહદરશી તે દોષ, પ્રીછયા વિના કરે પલ પલ. ૧૧
ખાસા કરજ્યો ક્ષમાય, જાણો જયે જીવ એ આવરયો;
કૃષ્ણ કરજ્યો કૃપાય, ફંદમાં પાછો ન જાઉં ફરયો. ૧૨
પ્રતિતી વિના પ્રાય, મન માહારે મોદ થશે નહી;
જવાપ દ્યો યદુરાય, કૃષ્ણરામને કરે ગ્રહી. ૧૩

વી૦ ૪ પા૦ ૪

કીર્ત્તન ૧૧ મુ.

શ્રીનીવાસ શરણ્ય, અપીચ્ય દરશણ આપિયે;
અખિલેશાગ્રગણ્ય, અંતરપટને ઉથાપિયે. ૧
શો છે હૃદયનો હેતુ જેથી ન બોલો જન થકે;
તેને ખગેંદ્રકેતુ, કિંકર તે શૂં કરી સકે. ૨
અપ્રમેય અપાર, કૃષ્ણ કળાઓ કયમ કરી;
પ્રણતપાલ પૂકાર, સાંભળો માહારો શ્રવણ ધરી. ૩
તમને પ્રકૃતી પુમાંન, અનિમિષ આદિ અધીન છે;
દેવાદિક જયેનુમાંન, સ્વતઃ તે સત્તા વિહીનછે. ૪
વેદશાસ્ત્ર પુરાણ, કાવ્ય કોષ ઇતિહાસથી;
ગવાયા ગિર્વાણ, વાણિયે તે સ્વ વિકાસથી. ૫
અધોક્ષજ અનંત, કયપ કોનિ કળનામાં આવશો;
શેષશતધૃતી સંત, ગાશે તે જયેટલું ગવાવશો. ૬
ત્યારે હું કોણ માત્ર, અજ્ઞ અવિદ્યાનો આંજીયો;
છત્ર જાણીને છાત્ર, પૂછે તે ઉત્તર કહું કીયો. ૭

મનમાંહ્યરે મેલ, વાસનાનો તે વિપુલ ભર્યો;
કોણ સાધવા ખેલ, વક્તાનો વેશ મુને કર્યો. ૮
હું તે શું કહી સકીશ, અતકર્યનો કરી તર્કને;
માટે ઉર માહ્યારે ઈશ, ઉદ્યોતો અનુભવ અર્કને. ૯
ભ્રમ ભાગવા ભવ્ય, ભૂત ભાવીને ભાસવા;
દિવ્ય દ્રષ્ટિ એ દ્રવ્ય, આપો આપને ઉપાસવા; ૧૦
એહેના પાખેં અનીશ, આતુર હું અકળાઉં છું;
જવાપ ઘો જગદીશ, પ્રણુત બહુ પીડાઉં છું. ૧૧
ઘણી અરજીયો આઇ, તમને સમર્પિ શ્રીપતે;
સુજ્ઞ શાંને સંતાઇ, મજથી રહો છો મહામતે. ૧૨
ભક્ત ને ભગવાન, સુર શાખી સમ છો સદા;
અભિમત ફળદાંન, કરવા મિટાવવા આપદા. ૧૩
બોલિયે બળવીર, બાંહ બાળકની ધારવા;
નિજ ભક્તનું નીર, વાહાલ દેખાડી વધારવા. ૧૪
નથિ અન્ય ઉપાય, સાધવાનિ શકચતા કશી;
મુંને માધવરાય, વરજો રખે મનમાં વશી. ૧૫
વિશ્વનાથ વિફલ, સ્વાત્માની સેવા કયમ થશે;
કૃષ્ણ ફેરવ્યેં કલ, જનની જવનિકા ખશી જશે; ૧૬
પ્રણુતાર્તિ પ્રભંગ, કરવાને કૃષ્ણ સમર્થ છો.
સુખરૂપ શ્રી રંગ, આશ્રીતના તમે અર્થ છો. ૧૭
મન માહારાનો મેંદ, પૂર્ણ કરો પ્રતિતી વડે;
વાહાલાજીના વિનોદ, પ્રણુતને જ્યમ નજરે પડે. ૧૮
સ્વામિ સુખના સિંધુ, સતત સ્મરણ સધાવિયે;
દેવ દીનના બંધુ, અનુચરને ઓળખાવીયે. ૧૯
તપે આંતરી તાપ, મેહેર કરી તે મિટાવજ્યો.
કૃષ્ણરાપને જવાપ, કેહેવાને સત્વર આવજ્યો. ૨૦

વી૦ ૪ પા૦ ૫

કીર્ત્તન ૬૨ મું.

દેશી ફેર.

કરૂણા દ્રષ્ટિ કેશવજી કરોરે, દાસ તણાં દુઃખ કરવા દુર;
એક તમારો મજને આશરોરે, નાથ નિભાવો નિજનું નૂર. ક. ૧

તપિયો હું તૃષ્ણા તણી લહાયથીરે, તેણે કરી ગાત્ર થયા છે ભંગ;
કરૂણા કટાક્ષ તરૂની છાયથીરે, અચ્યુત શીતલ કરીયે અંગ. ક. ૨
વિષયરૂપી વિષધર ડશિયો મુંનેરે, ધન ધન વદતો પડયો હું ધરણ;
ગરૂડધ્વજ પાખે હું કહું કુન્હેરે, આવિ ઉગારો અશરણ શરણ. ક. ૩
આશા પાશ ઘણે હું આવરચોરે, પડીયો કુડુંબ કારાગાર;
કામીનીયે ત્યાંહાં પણ કંઠે ધરચોરે, બિરૂદ નિભાવી કાહાડો બાહાર.
ક. ૪
પૂર્વ કરમની કસર મુંને નડેરે, તેથી ન રૂચે વિમલ વિવેક;
ગમતાં સાધન મજથી નવ્ય ઘડેરે, ત્રીકમ રાખો તો રહે ટેક. ક. ૫
પાપે નરક પચ્યો હું જીવતાંરે, માહા મળમૂત્ર ભરેલે દેહ;
બાહારચ થવા બારાં નવ્ય દીસતાંરે, નીકળું નાથ કરો જો નેહ.
ક. ૬
કામે કુસંગ કર્દમમાં કળ્યોરે, મોહે મનમાં ભરિયો મેલ;
ભ્રાંત્યે ભોગ ભોગવવામાં ભળ્યોરે, એકે ન પડે મુને ઉકેલ. ક. ૭
આહાવો અવસર આવ્યો જાય છેરે, ક્રોધે કલન કરચાં ક્રિયમાણ;
વિવિધ વાસના મનને વહાય છેરે, કહો કયમ હું પામું કલ્યાણ.
ક. ૮
ઘણિ થઇ ઘણિ થઈ ગોવિંદજી હવેરે, ન્યેહ નજરભરિ નિરખો નાથ;
કૃષ્ણરામ કર જોડી વીનવેરે, હઠય મૂકી હવે પકડો હાથ. ક. ૯
વી૦ ૪ પા૦ ૬

કીર્ત્તન ૬૩ મુ.

અરજી અરભકની ઉરે આણજ્યોરે, ગિરિવર ધારિ ગરિબ નીવાજ;
જડબુદ્ધિ છૂં પણ જન જાણજ્યોરે, મજને માહારો કરી મહારાજ,
અ૦ ૧
આદિ અવીનાશિનો હું અંશ છુંરે, ભોગ ભજ્યાથી પડિયો ભેદ;
વિસરચો પણ વિષ્ણુનો વંશ છુંરે, વિસ્મૃતિ તજવા વરણે વેદ.
અ૦ ૨
પંચ પરવવાળી પીડે મુંનેરે, આભ્યંતર કરતી આવરણ;
હેલાથી હલુવો પાડયો હુંને રે, વાહાલા વિષ્ણુ કરચા વિસ્મરણ.
અ૦ ૩

અહંતા ઉપજાવી આ અંગમાંરે, રજમાં રગડયો પ્રગટી રાગ;
રોપે રાસ કરચો રસ રંગમાંરે, દેખ્યા માત્ર લગાડ્યો દાગ. અ૦ ૪
અનન્યતા ભાગી અભિનિવેશથીરે, પ્રીછાવી નહી પ્રભુની પક્ષ;
કાળ સ્વભાવ કરમના કલેશથીરે, ચાલવિયો ચોરાશિ લક્ષ. અ૦ ૫
જકડયો જન્મ મરણ જંજાળથીરે, કઇ ભાંતીનાં કરાવ્યાં કરમ;
અતિશે અથડાવ્યો બહુ આળથીરે, માંહિલો લેવા ન દીધો મરમ.
અ૦ ૬
યજ્ઞ તિરથ વૃત્ત તપને જણાવિયાંરે, પણ નવ્ય જણવ્યા પુરૂષપુરાણ;
ભ્રાંતિ વધ્યાનાં સાધન ભણાવિયાંરે, કેશવ જણવ્યાં નહી કલ્યાણ.
અ૦ ૭
કુસંગમાં કચરચો કઇ કલ્પથીરે, સંચય કીધાં કંઈ સંચીત;
જકડ કરાવિ જૂઠા જલ્પથીરે, પુરૂષોત્તમથી ન બની પ્રીત. અ૦ ૮
સેવક સંકટ ક્યાંહાંસુધી સહેરે, દેવ દયા કરી છોડો દામ;
કરગરતો કર જોડીને કહેરે, કૃષ્ણ તણો કિંકર કૃષ્ણરામ. અ૦ ૯
વિ૦ ૪, પા૦ ૭

કીર્ત્તન ૬૪ મું.

કેશવજી કાં કર ગ્રેહેતા નથીરે, વાહાલા થઇ કાં કરો વિલંબ;
કરણિ કેટલીક કહું માહારી કથીરે, વિવિધ વૃત્તિયો કરે વિડંબ. કે. ૧
આહાવી નરતનું આપી ઉજળીરે, સાધન શુદ્ધ સધાવા કાજ;
વિદ્યા વિધ વિધ શીખાડી વળીરે, મનની શુદ્ધિ થવા મહારાજ. કે. ૨
અનુભવ ઉર ઉઘાડયો અભી નવોરે, જેથી યુક્તિ સકળ જણાય;
પૂછે તેહેને મજથી પ્રીછવોરે, તે જન તૃષ્ણાથી ન તણાય. કે: ૩
ઓળખિયા ઇશ્વર આભ્યંતરેરે, માધવ તો પણ છટકે મંન;
દૃઢ થઇ શરણ ચરણ નો નવ્ય ધરેરે, અથડાતું હીંડે અનુદિંન. કે. ૪
કામ ક્રોધ ને લોભ ન વીસમેરે, તૃષ્ણાની નવ્ય ત્રૂટે તાંત્ય;
રાગ દ્વેષ સદા હૃદયે રમેરે, ભોગ ભજ્યાની ન ટળે ભ્રાંત્ય. કે. ૫
હું માહારાની હઠ્ય હારે નહિરે, ચિત્તથી ચોટયું ન નિકળે ચાંમ;
ગર્વ તનુનો મન રેહે છે ગ્રહિરે, રસ ચાખ્યો પણ ન રટે રામ. કે. ૬
આ અથડામણ અજી ન ઉખડેરે, અનન્યતા નવ્ય ઉપજે ઉર;
જ્ઞાન છતાં પણ મન બહુ ગરબડેરે, ભરૂસો માને નહી ભરપૂર. કે૦ ૭
અલ્પ મતિથી અજી આશા કરેરે, સમજે પણ નવ્ય આવે શરમ;

મંમતા ભરિયું મનડું નવ્ય મરેરે, અજીયે આદરે અતી અધરમ. કે.૮
આયુર્બલ તો અલ્પ રહ્યું હશેરે, તોપણ વહ્યો ફરૂં હું વાંમ;
કરૂણા કૃષ્ણુતણી કયાહારે થશેરે, કર જોડી પૂછે કૃષ્ણરામ. કે. ૯

વી૦ ૪ પા૦ ૮

કીર્ત્તન ૬૫ મુ.

જીવના જીવન જીવ સાહામું જુઓરે, વાહાલાજી વેળા વહી જાય;
કળ નથી પડતી કેશવજી કરયેરે, આભ્યંતર માહારૂં અકળાય.
જી૦ ૧
હાથ થકી હરજી રખે મેલતારે, દુષ્ટપણું માહારૂં દિલ ધારિ;
જો તરછોડો તો હું તરફડુંરે, સમજી જોજયો દેવ મુરારિ. જી૦ ૨
કરમ કરયાં મેં કઇ કલ્પાંતરેરે, અવળો માની મન અધ્યાસ;
સદગુરૂ શરણ વિના સમજયો નહીરે, તેણે વિસરયા વિશ્વ નિવાસ
જી૦ ૩
માયિક વસ્તુ વિષે મન મેલિયુંરે, વાહાલાજી શું પડયો વિયોગ;
લક્ષ ચોરાશી ભમિયો લક્ષ વિનારે, રાગરોષથી વાધ્યા રોગ. જી૦ ૪
કુણ જાણે કરણી કોણ જનમનીરે, કે એ પુરૂષોત્તમની પ્રીતિ;
જેણે માનવ તનું મુજને મળીરે, ન્યાહાળી સકાયે જેથી નીતિ.
જી૦ ૫
સુલભ કરયો સતસંગમ સેહેજમાંરે, જીવનું દેવત જેણે જણાય;
પ્રીતિ ઉપજે પુરૂષોત્તમ વિષેરે, જેણ્યે ચિંતન સકળ ચ્યણાય.
જી૦ ૬
ભષતારક તે ભાગવત ભણાવિયુંરે, ભગવદ્‌ગિતા ભણાવિ ભવ્ય;
વિષ્ણુસહસ્ર નામ વાહાલું કરયુંરે, દીનને દુર્લભ મેળવ્યાં દ્રવ્ય.
જી૦ ૭
કુમતી કાંઈ કરી નથી કૃષ્ણજીરે, વદને વિરતારિ શુભ વાણી;
ગમતા ગોવિંદ ગુણ ગવરાવિયારે, આશ્રિત કીધા કઇને આણી.
જી૦ ૮
તોપણ કુલુપ ન ઉઘડે કિલી વિનારે, એમ પ્રતિતી વિના આવરણુ
ઉઘડી જુદું થતું નથી જીવનુંરે, અવલોકોને અશરણ શરણુ. જી૦ ૯
પ્રતિતી જ્યાહારે પૂરણ આપશોરે, કરૂણા કરી ઉઘાડશો કળ,
બાપ માહારાં બાળ્યકથી બોલશ્યોરે, સઘળું ત્યાહારે થશે સફળ. જી૦૧૦

અદ્ભુતતા જ્યાહારે ઓળખાવશોરે, દ્રષ્ટે દેખાડીને અદ્રષ્ટ;
હું છું માથે ધણી તું હઠીશ નહિરે, કેહેશો એમ ત્યારે મિટશે કષ્ટ.
જી. ૧૧
ફોકટ ફળની ફજેતી છૂટશેરે, વાહાલાનો ઠરશે વિશ્વાસ;
વિષય વાસના વિગલિત થઈ જશેરે, દિલનાં દરદ વામશે દાસ.
જી. ૧૨
પૂરણાનંદ એમ પૂરણ કીજીયેરે, દીનદયાલ દયા કરી દેવ;
સવજ્ઞને શું શું કેહેવું પડેરે, તમને તારવાની નિજ ટેવ. જી૦ ૧૩
અવગુણ જોશો નહિ મજ અજ્ઞનારે, પતિતણા પાવન તમે પ્રેષ્ટ;
ચરણ શરણ ચાકરનાં ચિત્તમાંરે, સરવા વાસી વસજ્યો શ્રેષ્ટ. જી૦ ૧૪
વાટય જાુવું છું હું વેગે કરીરે, ચિત્ત ન બેસે ઠરીને ચોક;
પૂર્ણ પ્રતિતી જ્યાહારે બતાવશોરે, સેવકના ત્યાહારે સમશે શોક.
જી૦ ૧૫
મુજને આપ તણો એક આશરોરે, બીજું સાધનનું નથી બળ;
કૃષ્ણરામ કિંકરને કૃપા કરીરે, કેશવજી ઉઘાડો કળ. જી૦ ૧૬
વિ૦ ૪, પા. ૧૧

કીર્ત્તન ૬૬ મું.

દેશી ફેર.

મનના મેહેવાસીરે, ક્યહાં ગયા કૃષ્ણજી,
અજી આપો ન ઉત્તર એક,
અલબેલા થઇનેરે, આળસ ન કીજીયે;
છબિલાજી છળો છો શું છેક. મં. ૧
તમારે ભરૂંસેરે તાપ ન ઉપજે, વેદ શાસ્ત્ર તણી એ વાણી,
પતિતનું પાવનરે, બિરૂદ છે આપનું, તેને સાચવિયે શારંગ પાંણી.
મ. ૨
આંમ શું આછેટોરે અચ્યુતઅર્ભને, દયાનિધાન દેવના દેવ,
સંત સમાગમરે, છોડાવો શું સેહેજમાં, તમને આહાવિ ઘટે નહી ટેવ.
મ. ૩
રમાતણા નાયકરે, રગડો ન રંકને, અવિનાશી અશરણના શરણ,
ગોવિંદનો દાસરે, ગાંજ્યો જાયે નહીંરે, માટે સેવકનું રાખીયે સ્મરણ.
મ. ૪

હાથ્યથી ન મેહેલોરે, હરજી હું રંકને, પ્રભો બાળકનો દેખિ બિગાડ,
કહું હું તે કોહોનેરે, કરૂણા નિધાન વિના, લક્ષ્મીવર પાળીયે લાડ.
મ. ૫
માતુલને માટેરે, ગાંમ્ય જવું પડે, એતો પુર્વનું પ્રગટયું પાપ,
આ સમયમાં આવોરે અતુલ બલીષ્ટ તમે, જન જાણીને કરવા જ્વાપ.
મ. ૬
મજથી શું થાશેરે, મેળ મતુલ તણો, હું તો પ્રાણી સદા પરતંત્ર,
જ્યે જ્યે કરવું ધારોરે, તે તે તુમથી બને, તમ્યો યંત્રીને હું જ્યમ
યંત્ર. મ. ૭
નિમિત્ત છોડાવોરે, નિજ વશ ધારીને, રમા નાથ જાણી મુને રાંક,
દિનના દયાળરે, દેવ દયા કરો, ક્ષમા કરિનેંજિ માહારાં વાંક. મ. ૮
ભોજનને અર્થેરે, ભાજને સુધા પ્રીશું, ત્યાંથી ઉઠાડીને જ્યમ પાયે ઝેર,
એમ કૃષ્ણ કથારે, પરમ પિયૂષતજી, શાંને મોકલો જ્યાં વસે વેર.
મ. ૯
કરૂણાના સિંધુરે, કૃષ્ણ કેહેવાઇને, આહાવું કાં આદરાવો અનીષ્ટ,
જ્યમગર્ભ કાચોરે, વિછુટતાં વેદના, એમ કિંકર થાઉં છું હું કિલષ્ટ.
મ. ૧૦
અવગુણ ન જોવારે, અવિવેકી જન તણા, નાથ નિજનૂં નિભાવિને નામ.
કૃપણ જાણીનેરે, કરૂણા કેશવ કરો, કષ્ટ કાપો કહે કૃષ્ણરામ. મ. ૧૧
વિ૦ ૪, પા૦ ૧૨

કીર્ત્તન. ૬૭ મુ.

સાંમલાજી સાહેબરે, સાંભળો વીનતી, કર્ણ ધારીને કરૂણા નિધાન,
કૃપણ પુકારૂંરે હુંતો કઇ કાળથી, માહારૂં હૃદય થયું છે હેરાંન
સા૦ ૧
જ્યમ તમે પ્રેરીરે, હૃદયથી વાણીને, તેવી રીત્યે મેં પ્રાર્થના ગાઈ,
એકે અરજીનોરે ઉત્તર ન આવીયો, શ્રી નીવાસ રહ્યાં શું સંતાઇ,
સા૦ ૨
આભ્યંતર માહારેરે, અતી હું આતુર થયો, તે શું જાણો ન જગદાધાર,
રંકના ઉપરરે, આંમ ન રૂશિયે, સદાનંદ થઇ સિરદાર. સા૦ ૩
હુંતે માહારા મનનીરે, અકળામણ શી કહું, નથિ ગણુતી થતિ ગોવિંદ,

વાહાલાને વિછોહેંરે, વિકલ હું બહુ થયો, તેણે મુંઝાયું મન અરવિંદ
સા૦ ૪

આવરણે આવરીયાંરે, ઐશ્વર્ય આંતરી, થયો આણંદ અંતરધાન,
વિસ્મર્ણ તે વાધ્યુંરે, વાસ્તવ વસ્તુનું, તેણે ભૂલી ગયો નિજ ભાંન.
સાં૦ ૫

પંચ પરવાનોરે, પાશ પૃષ્ટે પડયો, ઉલટો ઉપજ્યો અધ્યાસ,
શી ગતી કરશ્યોરે, હવે હરે માહારી, બોલો તો દુઃખ વામું હું દાસ.
સાં૦ ૬

પતિતનું પાવનરે, બિરૂદ જયે આપનું, તેં મે સાંભલ્યું શાસ્ત્રથી સત્ય,
શરણ જ્યે થાશેરે, પ્રણતના પાળનેં, તેની વેગળિ ખસશ્યે વિપત્ય.
સાં૦ ૭

એહેવું શુણ્યેથીરે, દ્રષ્ટિ મેં ઓળખ્યા, શરણાગત વત્સલ સ્વામી,
ચરણને શરણેરે, હું આવ્યો હરજીને, સર્વજ્ઞને મસ્તક નાંમી.
સાં૦ ૮

અવલોકો મુજનેરે, અથડાતો આ ભવે, હરે મદન કદનના મીત્ર,
અનન્યતા થાવારે, ઉર માહારે આ સમે, દીજે પ્રતીતિયો પ્રેષ્ટ પવીત્ર.
સાં૦ ૯

જેહેવો તેહેવો હું છુંરે, દાસ દયાળનો, દયા કરીને હવે છોડો દામ,
એકવાર બોલોરે, અરજીના જવાપનેં, કરજોડી કહે કૃષ્ણરામ.
સાં૦ ૧૦

વિ૦ ૪, ગા. ૧૩

કીર્તન ૬૮ મું.

નમેહેરા ન થઈયેરે નંદજીના નંદન, રંક ઉપર કરીયે ન રોષ,
જન સાહામું જોઈએરે. જગતના જીવન, સેવકનો શુણીને સંક્રોશ.
ન૦ ૧

વ્યાકુલતા વાધેરે, નિત્યે નિત્ય નવનવી, તેથિ એકે પડે ન ઉકેલ,
સાધન ન સાધેરે, સ્મરણ જાયે સવી, મનનો નથી છૂટતો મેલ,
ન૦ ૨

તનું જે આ માહારીરે, વ્યર્થ છે સરવથી, મહી માતાને મારવા ભાર.
કટાક્ષ તમારીરે, કાં મજથી કરતા નથી, કરૂણા મૃત પુરિત અપાર.
ન૦ ૩

તાતનાં તરછોડયારે, જ્યમ બિહે બાળ્યકાં, તેહેની કોણ કરેરે તજવીજ,
દસોદીશ દોડયાંરે, તેણે તપે તાળકાં, તે તો મરે જોતે ન કરે રીઝ.

નં૦ ૪

એ રીત્યે અથડાઇયે'રે, અમે તો આ અવનીયે', કૃષ્ણ કરૂણા વિના થયા કલીષ્ટ,
જાણીને તે ચ્યાહિયેરે, કરૂણા કેશવનીયે, આઘાં ખસશે અમારાં અનીષ્ઠ.

નં૦ ૫

કાં નથી ધરતારે, અરજીયો કાંનમાં, રગડાઇયે અમ્યો અતિ રાંક,
હાથથી કાં ફરતારે, મુકો અમને' રાનમાં, એહેવો શો છે અમારો વાંક.

નં૦ ૬

માતા જ્યમ જો મારેરે, બલહિણા બાળને, તે તે કચહાંજઈ કરે ફિરિયાદ,
તેને તે કુણ વારેરે, રામા રિસાલને', શિશુનો કોણ સાંભળે સાદ.

નં૦ ૭

એણી રીત્યે' અમને'રે, રૂસસ્યો જો રંકને, તો તો કો આગળ કરીયે પુકાર,
કોણ વારે તમને'રે, નાથજી નિઃશંકને, સરવને' શિરે છો શિરદાર.

નં૦ ૮

કદી નથી કરીયુંરે, અવળા આચરણને', તમે કરૂણા સમુદ્ર કૃપાળ;
આજ કાં આદરીયુંરે, અમારા વિસ્મરણને', રંક ઉપર થયા શું રિસાળ.

નં૦ ૯

તમારા કેવાયારે, અમે તો આ લોકમાં, મન નિશ્ચય કરો માહારાજ,
મૂંઢાને જો માયારે, તાણી જાશે શોકમાં, તો તો જાશે તમારી લાજ.

નં૦ ૧૦

હાથેથી વગોશોરે, આપજો આપને', તો તો તોલથશે જશે ટેક,
જનના ન જોશોરે, પ્રભો પુણ્ય પાપને, અમને આશ્રય તમારો છે એક.

નં૦ ૧૧

માટે કરણે' ધરજયોરે, અલએલા અરજીને',
પતિત પાવન પાળજયો નામ,
કૃષ્ણ કૃપા કરજયે.રે, જ્ઞાનના ગરજીને',
કરજોડી કહે કૃષ્ણશંમ.

નં૦ ૧૨

વિ૦ ૪ પા૦ ૧૪

કીર્ત્તન ૧૯ મું.

અજી કાં ન બોલોરે, કૃષ્ણ કૃપાનીધે, કેણુ આવી પડયો અંતરાય,
આવડી તે આળસરે, મજ માટે કયમ ધરો, જાણી જોઇને શ્રીયદુનાય,
અ. ૧

આસાને ખજ્યાંનેરે, ખોટ્ય સકે આવી પડી, તેણે ઘરણે મુકાયાં બિરૂદ,
અધમ ઉદ્ધારણરે, એ સકે ઓળવ્યું, ગરિબ નિવાજને લાગી ગિરદ.
અ. ૨

પતિતનું પાવનરે, ડાટયું સકે પૃથ્વીયે, તાળામાં ઘાલ્યું તારક તેહ;
સંચમાં સંતાડયુંરે, શરણનું વત્સલ, આર્ત્તિ ભંગ ઉડાડિયું એહ.
અ. ૩

પ્રેમી તણું પાલકરે, નાંખ્યું શું પિટારિયે, કેદ કીધું શું કરૂણા નિધાન;
ભક્તનું વત્સલરે, ભગુવું શું થઇ ગયું, મહા બિરૂદનાં કયહાં ગયાં માંન. અ. ૪

કે કોય ઘરમાંરે, ઘોળ આવી પડયો, રમા રાણીથિ થઈ શું રાહાડ્ય;
કરજદાર જાગ્યોરે, શું સકે પૂર્વનો, તેણે દેઇ દુહુવાઇ કરી આડય.
અ. ૫

અજન્માનો બાપરે, શું સકે ગુદરયા, તેનો આવી પડયો સકે શોક,
કે ચાકર કીધોરે, શું સકે ગરૂડને, નાણું આપવા ન મલ્યું રોક.
અ. ૬

શૂં સકે લાગીરે, શીત શીયાળાની, તેણે બાહારચ ન નિકળી સકાય,
નિદ્રાયેં ઘેરાયારે, શૂં સકે નાથજી, તેણે આંખ્ય ન ઉંચી થાય.
અ૦ ૭

કે કોય સેનારે, અરીની આવી પડી, તેણે ઘેરા ઘાલ્યા ચહો તરફ,
શેહરમાં સંતાયારે, શૂં સકે સામળા, કોય શત્રૂનો માનીને કરફ.
અ. ૮

શૂં સકે મૂદ્યારે, પૂમડાં ઘાલીને, કેશવજી તમારા કાંન,
કે લીધી બાધારે, અરજીયો શુણવાની. સકે બેઠા ધરીને ધ્યાંન.
અ. ૯

અકળની કળનારે, કૃપણ હું શું કરૂં, મુંને એકે પડે ન ઉકેલ,

જીવતે શૂં જાણુંરે, હું જગદીશના, ખાંત્યેં કરતા હશ્યો શ્યા ખેલ.
અ. ૧૦
આતુરતા માહારીરે, સર્વજ્ઞ સમજજ્યો, નથી વેઠાતો વાહાલા વિયોગ.
સહાયતા કરજ્યોરે, શીઘ્ર શેવક તણી, મહારા મનના મિટાડવા રોગ,
અ. ૧૧
રહ્યુ નથી જાતુંરે, રમા નાથ રંકથી, હવે હઇયું ધરે નહી હાંમ,
ઉત્તર કાંઈ આપોરે, કેશવ કૃપા કરી, કરજોડી કહે કૃષ્ણરામ. અ. ૧૨
વિ૦ ૪. પા. ૧૫

કીર્તન ૭૦ મું.

દેશી કેર.

શ્રી કૃષ્ણ પ્રત્યે ગર્ભિત વાણી.

જાણ્યો નંદનો ગોવાળીયોરે, તું તો શાંનો રાજાધિરાજ,
અરધી રાત્યેં નાઠો ઉચલીરે, તુને લક્ષ્યે નથી કાંઇ લાજ. જા૦ ૧
તુજને જાત્ય નથી કાંઇ યાદવારે, તાહારે માત તાતનો ન નીમ,
આહીર જાતીમાંહે ઉછરચોરે, તું તો વશિયો વ્રજની સીમ. જા૦ ૨
મરકટ સંગે તૂંતો માહાલિયોરે, તેણે કરમ ન સમઝેં કાંઈ,
તૂંતો ગોરસનો ઘણું લોભિયોરે, માટે આવ્યો તું અવની માંહિ.
જા૦ ૩
ગલિ ગલિ ગોપીનેં ઘર દોડિયોરે, ચોરી પીધાં ગૌનાં ગવ્ય,
તુજમાં અક્કલ આવે કયહાં થકીરે તું ન સમજે હવ્યને કવ્ય. જા. ૪
મોર પક્ષને તું માંથે ધરેરે, ગળે ઘાલે ગુંજ્યાનો હાર,
વૃન માંહે તું વજાડે વાંસળીરે, એણે ઓળખાયો અધિકાર. જા. ૫
કર માંહે રાખે તું શિંગડીરે, વળી કાંબળિ ઓઢે કંધ,
રંગ વિચિત્રની રાખેં જયેષ્ઠિકારે, તુંનેં વનચર સંગે સંબંધ. જા. ૬
તું તો ગોરસ કાજ્યેં નાચીયોરે, તેણે તુજમાં હશે શા ગૂણ,
વ્રજ બાળાનાં વસ્ત્ર હરી ગયોરે, તેણેં આદરે તુજને કૂણ. જા. ૭
ભિક્ષા માંગી ભિક્ષુકિયો થકીરે, તેના ખાધા અણાવી અન્ન;
વ્રક્ષ વિખાંણ્યા તેં તો વીઠલારે, તેણે તારૂં જણાયું મંન. જા. ૮
રાક્ષ વિનોદ રમ્યો તું રામાથીરે, ઇંદ્ર યજ્ઞ કરાવ્યો ભંગ,
વિધી નિશેધ તેં કીધાં વેગળાંરે, તેણે તાહારા જણાયા ઢંગ.
જા. ૯

કરણી શી જાણું કોણ જન્મનીરે, જેણે પાનું પડયું તુજ સાથ,
મન માહારૂં તે હઠય પકડી રહ્યુંરે, ઘણું વારચે રહે નહિ હાથ. જા. ૧૦
કાળા કાંઈક કાંમણ તેં કરયુંરે, નહિ તો આહાવું બને શું આમ,
તાહારાં લક્ષણ જોતાં સરવથારે, કોણ પાડે તુજથી કામ. જા. ૧૧
જાણું છું પણ વશ મન રેહે નહીરે, આરાધે એ તુજને એક,
કૃષ્ણરામ કહે કૃષ્ણ કરે કશુંરે, છબિલા તું છળિશ ન છેક. જા. ૧૨
વિ૦ ૪. પા. ૧૬.

કીર્તન ૭૧ મું.

શરણ સદા હું તે નાથનેરે, જે છે શરણાગત વિશ્રામ,
અનંત ઉજ્વલ મહિમા જયેહનોરે, જેનું કરૂણા સાગર નામ. શ. ૧
જેનો નિર્મલ યશ નિત્ય લોકમાંરે, જેને શુણતે મંગલ હોય,
જેહેનું તીર્થાસ્પદ પદ પંકજરે, જે ધારણાથી મન ધોય. શ. ૨
સંકલ્પ સત્ય છે જેહેના સદારે, જેનું વચન વિફળ નવ્ય જાય,
જે છે દેવ તણે શિરે દેવતારે, જેની આજ્ઞા ન ઉલ્લંઘાય. શ. ૩
વિશ્વંભર બાનું વહે સર્વદારે, જેને કેહેવું પડે નહિ કાંઈ,
જેને રાગ રોષ નહિ કોયથીરે, રહે જયે અચ્યુત ઉરમાંહી. શ. ૪
જે છે ભક્ત મનોર્થના પૂરકરે, જેને માથે નથી કોય નાથ,
જયે બાહ્યાભ્યંતર પૂરી રેહેરે, જેને પાસે ધરે સહુ હાથ, શ. ૫
ત્રિગુણા માયા જયેહેની કિંકરીરે, જે દુરત્યય છે નિજ તંત્ર,
જેની પ્રેરણાથી સહુ નાચતુંરે, જયમ યંત્રી તણે વશ્ય યંત્ર. શ. ૬
જયે છે સમર્થ છે સઘળું સરજવારે, જે છે વિશ્વ સકળ પ્રતિપાળ,
સંહારણ કરવા જયે શકય છેરે, જેને વશ વર્ત્તી છે કાળ. શ. ૭
અષ્ટ સિદ્ધિયો જેની અનુચરીરે, જેહેને વિશ્વ વિધાયક વશ્ય,
જેનો વેદ વિમલ યશ વરણવેરે, રુષિ કેશ જયે સહુનું રહસ્ય. શ. ૮
જયેની અદભૂત ઈશ્વિરતા ઘણીરે, જેની કરૂણા વિના ન કળાય.
જેના આશ્રયથી જન ઉગરેરે, સેવ્યેથી સાયુજય સમાય. શ. ૯
અંતર સાક્ષી અખિલમાં જયે રમેરે, સચરાચર રહિ સરવત્ર,
જયેનું શરણ અંધ્રિ પદ્મ છેરે, જયમ તપ્ત તણે શિરે છત્ર. શ. ૧૦
દોષ જુવે નહિ જયે દાસનારે, જેનો પકવ ભરૂંસો પૂર,
જયેના નામ સ્મરણથી સેહેજમાંરે, દુઃખ દરીદ્ર ભાજે દૂર. શ. ૧૧

અનાથ બંધુ જયે છે આધથીરે, જે જીવન જગદાધાર,
જેહેનું અધમોદ્ધારણ બિરૂદ છેરે, જેછે અકળીત ચરીત અપાર શ.૧૨
જયેને વિરલા કો જાણી સકેરે, જ્યારે જાલ્યમ ગુરૂનું જોર,
બીજા બોધ વિના બડ બડ બકેરે, ચિંતન ચૂકયે થઇ ચોર. શ. ૧૩
માયા મોહિત મન છે જયેહનારે, તે શું સમઝે શુભ સંકેત,
હું માહારૂં કેહેતાં હાલ્યા ફરેરે, હુદી જાણે ન હરિનું હેત. શ. ૧૪
જેહેના દાસને દુઃખ ન ઉપજેરે, જયે કરમ કરે બક્ષીશ,
તે કલ્યાણ રૂપ શ્રીકૃષ્ણનેરે, કૃષ્ણ રામ નમાવે શીશ. શ. ૧૫

વિ૦ ૪. પા. ૧૮.

કીર્તન ૭૨ મું.

વેહેલા આવજયો વાસુદેવજીરે, સેવકની કરવા સહાય;
મુજને મોટું દુઃખ વિયોગનુંરે, માટે મન માહારૂં અકળાય. વે.૧
નંદના નંદન નિર્દય કાં થયારે, કૃષ્ણ કરૂણા નિધાન કેહેવાઈ;
પતિતનું પાવન બિરૂદ ધરી હવેરે, શાંને સામલા રહો સંતાઈ. વે. ૨
સાધન સાધી સકું હું કયમ કરીરે, ધણિ સાહેબ રહે નહિ ધીર;
રંક રસોઇ કરે કયમ જો તેહેનેરે, પેહેલા પીવાં મલે નહી નીર. વે. ૩
એમ મુને સ્વલ્પ પ્રતિતીના વિનારે, ચિત્ત કહો કયમ કરી રહે ચોક;
માટે ભાવિ સુચવીયે સામળારે, સેવકના શમાવવા શોક. વે૦ ૪
આનંદ ઘન અનાયાસે આપીયેરે, દ્રષ્ટે દેખાડીને અદ્રષ્ટ;
મનનિ મલિનતા સર્વ મિટાવીનેરે, કરૂણા કરી કાપીયે કષ્ટ. વે. ૫
આપી અનુપમ આતનું આ સમેરે, તેહેનો નાથ કરો નિર્વાહ;
મજ કિંકરથી કાંઇ બને નહિરે, માટે દેવ મિટાવિયે દાહ. વે. ૬
મજથી કોટિ કોટિ કલ્પે કરીરે, જ્યે સધાય નહી શ્રીનિવાસ;
તે તમે કરૂણા નજરથી કૃષ્ણજિરે, કરી સહજ સકો અવિનાશ. વે. ૭
જયમ ભૂતલને જલધર સેહેજમાંરે, પયો વરષી કરે પય પૂર્ણ
એહેવું અનેક જનથી ન નીપજેરે, ત્યમ નાથ કૃપા કરો તૂર્ણ વે૦ ૮
એક ભરૂંસો મુજને આપનોરે, હું તો આવ્યો છું ચર્ણને શરણ;
દીન દયાલ દયા કરી દાસનુંરે, અળગું કરિયે આવરણ. વે. ૯
આશ્રય અફલ ન હોયે આપનોરે, તમે સખા શરણ વિશ્રાંમ,
બળવંત બિરૂદ બતાવીયે બાળનેરે, કરજોડી કહે કૃષ્ણરામ વે. ૧૦

વી૦ ૪ પા૦ ૧૯

કીર્તન ૭૩ મું.

કામણ કીધું તમે કૃષ્ણજીરે, માહારા ચિત્ત તણા થઈ ચોર,
હું માહારાની હઠ્ય હલુવી કરીરે, જયેથી જાલ્યમ કરતો હું જોર. કાં. ૧
પૂર્વે હું પશુની પેરચે માહાલતોરે, ભય નિદ્રા રતીને આહાર;
ભજતો ભાવે કરીને ભ્રાંતિથીરે, ચિત્તે માંની પદારથ ચ્યાર. કાં. ૨
એ ઉદ્યમ ઉથલાવી નાંખીયોરે, મુંને મનુજ કરયો માહારાજ;
આવિદ્યક એહેને ઓલખાવિયાંરે, લક્ષ્ય કરતાં ઉપજી લાજ. કાં. ૩
તૃષ્ણાનિ તંતુઓ મુજને તાણતીરે, રેહેતા રૂદયે રાગને રોષ;
સંકોચાણી તે હવે શાકયણીરે, દેખ્યા દ્રશ્યા દ્રષ્યમાં દોષ. કાં. ૪
મનમાં મિથ્યા મનોરથ ઉઠતારે, થતા સેહેજ ઘણા સંતાપ;
તે શમિયા સઘળા સંશય જતાંરે, પીડાકારી એ જાણ્યાં પાપ. કાં. ૫
સત્ય સંબંધી આ સંસારનારે, મન માંનતુ વધતો મેલ;
સમજયો સ્વપ્ના સરખા તે સહુરે, ફંદ ફોકટના એ ફેલ. કાં. ૬
અથડાતો અવળા અધ્યાસથીરે, ચિત્ત બેસતું નહિ કદી ચોક;
ધન પૂત્રાદિક માટે ઘણુંતુંરે, તેના સહજ શમી ગયા શોક. કાં. ૭
ગોવિંદ ગુણ ગાવા ગમતા નહિંરે, આડા પડતા અતી અંતરાય;
પંથે પાપને નિત્યે ચાલતોરે, જયેથિ વ્યર્થ જન્મ વહિ જાય. કાં. ૮
આલ પંપાલ સમાંતે ઓળખ્યાંરે, હરી ગાવાનું ઉપજ્યું હેત;
મનનો મોહ તેણે મરદાઇ ગયોરે, સમજાયો શુભ સંકેત. કાં. ૯
કીધું તે કેશવજી પૂરૂં કરોરે, વધે વાહાલાની સાથ્યે વાહાલ;
ઉરમાં અન્યાસક્તિ ન ઉપજેરે, કૃષ્ણરામ તરે કંગાલ. કાં. ૧૦

વિ૦ ૪, પા. ૨૦

કીર્તન ૭૪ મું.

દેશી ફેર.

કેશવજી કરૂણા કરશો તો, સફલ મનોરથ થાશેંરે;
વિપ્રિય સઘળાં જશે વેગળાં, પાપ પ્રચંડ પળાશેંરે. કે. ૧
વેહેમ વિસરશે વિધ વિધ કેરા, પ્રેમ પ્રગટશે સાચોરે;
કાલા વહાલા કરણ ધરીને, રંક ઉપર જો રાચોરે. કે. ૨
બાળકની બિરૂદાશ કરયેથી, સારૂં દીસશે સ્વામીરે;
પ્રણત પાળ પ્રતિતી દેખાડો, આ સમે અંતરયાંમીરે. કે. ૩

કઇંક દીવસથી કરૂછું વીનંતી, યદુપતી જાણવો જવાપરે;
સાખ્યપણું સેવકને બતાવો, તમના મિટવા તાપરે કે. ૪
રંક વત્સલ હવે રંકના ઉપર, કૃપાવલોકન કરીયેરે;
કૃષ્ણરામનો કૃષ્ણચંદ્રજી, કરૂણા કરી કર ધરિયેરે. કે. ૫

વિ૦ ૫, પા૦ ૧

કીર્ત્તન ૭૫ મું.

ગોવિંદજી ગુણ સાગર છો, હવે અવગુણ ચિત્તમાં નવ્ય ધરીયે. ક. ૧
આંજયા અવિદ્યાને આવરણે, ફંદિ થઇને અમે ફરિયે;
શું સાધન અમે શઠ કરિ સકિયે, કયમ કરિ વિઠલને વરિયે. ગો. ૨
શરિરાદિક કેરા અધ્યાસે, હું માહરૂં અમે કરિ મરિયે;
તૃષ્ણા કેરી તાંણે તણાંણા, સ્થિર થઇને કહો કયમ ઠરિયે. ગો. ૩
પ્રાણ તણા પ્રિય પ્રભૂને વિસારિ, હાથ ઘશી હાહા કરિયે;
કૂટ કરમના કરનારા અમે, અવિનાશિને કયમ અનુસરિયે. ગો. ૪
ભ્રાંતિ થકી અમે ભમિયે તોપણ, કાંન વળી કઇના ભરિયે,
શાસ્ત્ર શ્રવણ થકી યમરાયને ડરે, થર થર થર અમે થર થરિયે. ગો. ૫
પાપ કરમ અમે પ્રીછિ અમારાં. નરક યાતનાથી ડરીયે,
તનમન ધનથી ભ્રષ્ટ અમે જન, પ્રાયશ્ચિત કહો શ્યાં ચરિયે. ગો. ૬
કરૂણા કર કેશવજી તમને, કાલાવલા કરિ કરગરીયે,
કૃષ્ણરામ કહે અમે કૃપણ જન, તારશો તમારેથી તરીયે. ગો. ૭

વી૦ ૫ પા૦ ૧

કીર્તન ૭૬ મું.

ઘણી થઇ (૨) ગોવિંદજી હવે,
હાથ અમારો ગ્રહિયેરે. ઘ૦ ૧
કઇક કલ્પથી વિષય રૂપિણી, વૈતરણિયે અમે વહિયેરે,
કેશવના કેહેવાઇ કિંકર, સંકટ હવે ક્યમ સહિયેરે. ઘ૦ ૨
અધમોદ્ધારણ બિરૂદ શુણી અમે, આપ આશરે રહિયેરે,
કરૂણા નિધાન વિના અમે કીંકર, કો આગળ દુઃખ કહિયેરે. ઘ૦ ૩
હું માહારાને હૃદય ધરી અમે, દાવ ત્રિવિધમાં દહિયેરે,
દારૂણ દુઃખ દેખિને દાસને, શ્રીધર સન્મુખ થઇયેરે. ઘ૦ ૪

માત તાત માધવને તજી અમે, જડજન કહો ક્યાં જઇયેરે,
કૃષ્ણરામની અરજી કેશવ, લક્ષ કરી હવે લહિયેરે. ધ૦ ૫

વી૦ ૫ પા૦ ૨

કીર્ત્તન ૭૭ મું.

છેક થયા છળ બુદ્ધિ અમે, નથી નાથ ઉગરવા આરોરે,
કેટલિક કહું કુટિલાઇ અમારી, ધણિ ધરણિધર ધારોરે, છે. ૧
કૃષ્ણકથા કલ્પદ્રુમ શીતેથી, કરણ ખસે નિત્ય ન્યારોરે,
લોક લવે લાગે યશ અવયશ, પીડય કરે તે પ્યારોરે. છે. ૨
ગીથી ગોવિંદના ગુણ ગાતાં, શરમથી હોય વિસારોરે,
બાપડા જન શું બડબડ કરતાં, અલ્પ રહે ન ઉધારોરે, છે. ૩
દિવ્ય પુરૂષનૂં દરશન કરતાં, આંખ્યમાં પડે અંગારોરે,
નિરખવિ નીત્ય નવી નવી ભાવે, નષ્ટ નારિની લારોરે. છે. ૪
દંડવતે નમતાં દક્ષોને, અંગ પડે અસિધારોરે,
અંગ મરોડી અબળા રમતાં, દુઃખ દાયિક જયે દારોરે. છે. ૫
દાંન કરંતા કર ધ્રૂજે જ્યમ, સાંહામો થયો હોય મારોરે,
દામ દબાવવો ભાવે જ્યમ બહુ, પ્રગટ પચવવો પારોરે. છે. ૬
શ્રેષ્ટ ગણ્યાં સહુ નેષ્ટ હવે હરી, શા અવગુણ સંભારોરે;
કૃષ્ણરામ કહે કુટિલ અમે તો, તરિયે તમે જો તારોરે. છે. ૭

વિ૦ ૫ પા૦ ૨

કીર્ત્તન ૭૮ મું.

શૂં કરિયે સાંમળિયાજી, હવે એકે ઉકેલ પડે નહિરે;
જયે જયે કરવું યત્ન ધારિયે, તે તે ઘોરે ઘડે નહિરે. શૂ. ૧
શઠ બુદ્ધિથી શાસ્ત્ર શૂણ્યાં પણ, જોઇતો માર્ગ જડે નહિંરે;
કળ ન પડે જયે કોણ કરચાથી, રાગાદિક રગડે નહીરે. શૂં ૨
આત્મ વિચ્ચાર કરયો પણ ઉરમાં, આવરણેથિ અડે નહિરે;
જન્મ જન્મની પાપ જાડયથી, આભ્યંતર ઉઘડે નહિરે. શૂં. ૩
કુટિલ કલીયુગ મધ્યે જનમ્યાં, તેથી ચિત્ત ઘડે નહિરે;
સંગ ન સંત પુરૂષનો સાધે, જયેથી મન બિગડે નહિરે. શૂં. ૪
કલબલ મૂકી કૃષ્ણ સ્મરણને, પંથે ચિત્ત ચઢે નહિરે;
મદ મોહાદિક રિપુની સાથ્યે, લક્ષ્ય અમારિ લડે નહીરે. શૂં. ૫

વિષ્ણો અમારિ વાહાર કરો તો, તૃષ્ણાદિક તગડે નહિરે;
કૃષ્ણરામ કહે કૃષ્ણ કૃપાથી, લંઘસ કોય નડે નહિરે. શૂં. ૬

વિ૦ ૫, પા૦ ૩.

કીર્ત્તન ૭૯ મું.

દેશી ફેર.

ભરૂંસો તમારો મુંને ભક્ત વત્સલ હે,
બીજું તો નથિ કાંઇ સાધનોનું બલ હે. ભ. ૧
ઓળગ તમારી કરી અફળ ન જાય,
આગમેં નિગમેં કરી ગમ્ય વાળા ગાયહે. ભ. ૨
કલ્પતરૂં રિત્યે તમે પૂરનાર કાંમ,
સખ્યતા દેખાડો મુંનેં શરણ વિશ્રામંહે. ભ. ૩
નરતનું આપી તમે નિરખાવા નૂર,
દયા કરી દેવ મુંનેં કરશો ન દૂર હે. ભ. ૪
કરણિ તે જોશો માહારી કેટલી: કૃપાળ,
બોધ વિના હું છું અજી બળ હીણો બાળ હે. ભ. ૫
કાંમે કીધું કાંમણ તેણે હુ થયો હરાંમી,
કેશવ તજીનેં કૂડી કાંતાનેં કામી હે. ભ. ૬
લોભે લુટી લક્ષ તેણે લોપ થઈ લાજ,
કૃષ્ણને વિસારી ધર્યો કનકને કાજ હે. ભ. ૭
ક્રોધેં લીધિ કેડય તેણે કુમતી ઉઘાડી,
એકેદ થઇ મેં કઇની વૃત્તિયો બિગાડી હે. ભ. ૮
ક્ષમા કરો ખાસા માહારા અનેક અપરાધ,
બાળક તમારો રખે પાંમતો હું બાધ હે. ભ ૯
ત્રાતાર તારક જાંણી તમને છું શરણ,
અચ્યુત ઉઘાડો માહારા ઉરનું આવરણ હે. ભ. ૧૦
પ્રગટ પ્રતીતિ આપો પ્રિયંકર દેવ,
સર્વના જ્યમ સમજું ભૂત ભાવી સ્વય મેવ હે. ભ. ૧૧
દાતાર એ દયા તુમથી એહેવી કરાય,
અનાયાસે આઘા ખસે જ્યમ અંતરાય હે. ભ. ૧૨
યાચુંછું હું તમનેં એટલું યાદવાધીશ,
બક્ષીષ છો માટે કર્મ કરો બક્ષીશ હે. ભ. ૧૩

જગદધીશને તજી શરણુ કયંહાં જાઉં,
રૂષી કેશ જુવો હું તો રંક રગડાંઉ હે. ભ. ૧૪
દયાસિંધું તમને અજી દયા કયમ નાવે,
સ્વામી વિના મુને કોણ શાંતિ ઉપજાવે હે. ભ. ૧૫
ગમ્ય ઉઘાડયા વીના ગુણ શ્યા ગવાય,
દરદ મિટાડયા પાખેં સ્થિરતા ન થાયરે. ભ. ૧૬
દીન દયાલ કરો દયા તણું દાંન,
કૃપા વડે કળ મરડો કરૂણા નિધાન હે. ભ. ૧૭
રમાનાથ રાખો ત્યમ રંક હુ રહીશ,
વેહેવા દેશો તો હું ભવ સમુદ્રે વહીશ હે. ભ. ૧૮
માહારે વશ નથી કાંઇ માયા કે માયીક,
સાધિ હું શું સકું સ્વયં સાંપરાયીક હે. ભ. ૧૯
પ્રતીતિ આપીને પ્રભો પીડાઓ નિવારો,
કૃષ્ણરાંમ તણો કર કૃષ્ણચંદ્ર ધારો હે. ભ. ૨૦

વિ૦ ૫, પા. ૫

કીર્તન ૮૦ મુ.

આંહાવી આલસ ન કીજે હે સાંમળિયા,
પ્રિત્યેં પ્રતીતિયો દીજે હે. સાં. ધ્રૃ. ૧
કલ્યાણના રાશી તમે કમળાના નાથ,
હારચો જાંણી હવેં માહારો પકડીયેં હાથ હે. સાં. ૨
ત્રિગુણ માયા મૃગીતે નર્ત્તકી તમારી,
દેખડે છે તમનેં સહુના વેશ સમારી હે. સાં. ૩
મહદાદિ તત્વ તે છેં તમને અધીન,
તુમ પાખે દીસેં સ્વયં સત્તા વિહીન હે. સાં. ૪
અનાદિ નિધન જે છે અનિમિષ નાંમ,
તે તમારી ચેષ્ટા કહો તેટલું કરે કાંમ હે. સાં. ૫
વિરંચિ તુમારી મતી રૂદ્ર અહંકાર,
સકળનેં શિરે તમે એક સિરદાર હે. સાં ૬
વેદ તે તમારી વાંણી ગવાઓ તે ગાય,
શાસ્ત્ર કરેં શોધ તોહે કળના ન થાય હે. સાં. ૭

ઈંદ્રાદિક દેવ સરવ તમારે છે કર,
આપે નીજ આજ્ઞા માફક સેવકોને વર હે. સાં. ૮
તરણી તે ચક્ષુ નિજ મનો નિશા નાથ,
શ્રોતૃ દિશા તેણુ જુવો માંનો શુણો સાથ હે. સાં. ૯
સર્વના સાક્ષી તમે સર્વના નિયંતૃ,
માહા ભવ તારક છો નામ માત્ર મંત્ર હે. સાં. ૧૦
ભક્તને અધિન તમે ભક્તિના રસીક,
તમારો જે દાસ તેને શાંની કોની બીક હે. સાં. ૧૧
સર્વ સ્વરૂપી તમે સહુના આધાર,
સાર સકળ તણું સ્વામી એક સાર હે. સાં. ૧૨
તીર્થાસ્પદ પદ પદ્મ તમારૂં કૃપાળ,
પ્રબળ પીડાનું હારી પ્રણતનું પાળ હે. સાં. ૧૩
ભવ ભય ભારી તમે કરી સકો દૂર,
તેહેવાને હું શરણે આવ્યો જાણીને જરૂર હે. સાં. ૧૪
મુંને માહારો કહિયે માહારા પ્રિયંકર દેવ,
સેવક ઠરાવો મુંને સખા સ્વય મેવહે. સાં. ૧૫
બાળ્યક હું જાણું નહી સાધનોનું બળ,
કૃપા રૂપી કિલીવડે ઉઘાડિ ઘો કળહે. સાં. ૧૬
વિશ્વાસ વધારો પ્રભો પ્રતીતિયો આપી,
કાલિમા વાસના કેરી કૃષ્ણ નાંખો કાપીહે. સાં. ૧૭
ભરૂંસો તમારો એક મનાવોજી ભવ્ય,
કૃપા કરી આપો દિવ્ય દ્રષ્ટિ રૂપિ દ્રવ્યહે. સાં. ૧૮
શમાવિદ્યો સખા માહરા સકલ સંતાપ,
બિરૂદ બતાવો મુંને બળવંત બાપહે. સાં. ૧૯
વાહાલા હવે મુને વેહેવા દેશો નહિ વામ,
કૃષ્ણજીની કરૂણા થવી ઇચ્છે કૃષ્ણરામહે. સાં. ૨૦

વિ૦ ૫, પા. ૬.

કીર્ત્તન ૮૧ મું.

માહારી કરણી ન જોઇએરે, કેશવજી,
આપી વેશ ન વગોઇએરે. કે૦ ૧

દયા કરી આપ્યો તમે માનવ દેહ,
છત્ય જણુવીને હવે દેવો નહી છેહરે. કે૦ ૨
શ્રીધરજી છો તમે ચતુર સુજાણ,
કર પકડો તો માહારૂં હોય કલ્યાણહે, કે૦ ૩
બાળક:હુ:બીજું તે શું કરી સકું બળ,
કાપી સકું કયમ કઇકિ કલ્પના મળરે. કે૦ ૪
શઠ બુદ્ધિ હું તે શૂં શૂં કરીશ સાધન,
મજથી ન વશ બને મતવાળું મનહે. કે૦ ૫
વિષયની વાસનાનું વાધે નિત્ય જોર,
કૃષ્ણ કથા સલિલથી પણ ભીજે નહી કોરહે, કે૦ ૬
બહુ વિધ લોભ મુંને કરે બહલાંમ,
કેડય ન મુકે અજી ક્રોધને કામહે. કે૦ ૭
તૃષ્ણાની તાંણ્યથી હું પામું નહી તીર,
રસ વિના રામ રટું જ્યમ કહે કીરહે. કે૦ ૮
શાસ્ત્ર ભણ્યાં શુણ્યાં પણ સમજ્યો ન શોધ,
બકતાંને કરવો પડે ધન યાટે બોધહે. કે૦ ૯
વિશ્વંભર તણો અજી નાંવે વિશ્વાસ,
અજીયે ન ખસે આડો ઉરથી અધ્યાસરે. કે૦ ૧૦
દામને દારા વિશે ડલકે છે ડાહાડય,
રાગનેં રોષ અજી કરાવે છે રાહાડયહે. કે૦ ૧૧
ગોવિંદના ગુણનું પ્રીત્યે ભાવે નહી ગાન,
માને ન બીક માહારૂં મન મસ્તાનહે. કે૦ ૧૨
શ્રોતાનેં સમજાવે મન શિક્ષાઓ અનેક,
એહેમાંની તે પાળે નહી આદરેથિ એકહે. કે૦ ૧૩
મુને મળ્યો અવસર એહેવો ઇચ્છે છે શક્ર,
તોયે નવનીત તજી હું પિયુંછું તક્ર હે. કે૦ ૧૪
માધવની માયાથી મુંને થયો મોહ,
વાહાલા વિશ્વનાથ સાથ્યે પડિયો વિછોહહે, કે૦ ૧૫
સચ્ચિદાનંદજીનું રેહેતું નથી સ્મરણ,
અળગું નથી ખસ્તું આડું ઉરનું આવર્ણહે. કે૦ ૧૬

અતિ થઈ અતી થઈ ઉર અકળાઉં,
જંજાલે હું જકડયો જન નાશિ કયહાં જાઉંહે. કે૦ ૧૭
આવ્યો છું અનાથબંધો તવ પદ શર્ણ,
કરૂણા નિધાન શુણો અરજી આકર્ણહે. કે૦ ૧૮
ગિરીવરધારી તમે ગરીબ નિવાજ,
શરણ આવ્યાની રાખો લક્ષ્ય ધરી લાજહે, કે૦ ૧૯
ઘણો ગુનેગાર તોહ્યે ગોવિંદનો દાસ;
વિછોહ ન કરશો માહારો વિશ્વ નિવાસહે. કે૦ ૨૦
આપદા મિટાડો આપે આણંદ ઉઘાડી,
જન જાણી કાહાડો જનની જવનીકા જાડીહે. કે૦ ૨૧
પતિત પાવન તે પેખાડો નિજનાંમ,
કરજોડી કરગરી કહે કૃષ્ણરામ હે. કે૦ ૨૨

બિ૦ ૫. પા. ૭

કીર્ત્તન ૮૨ મું.

દેશી ફેર.

આવો આવોને ગિરિધર આવોરે,
બોલ્યું બળવંત બિરૂદ બતાવોરે,
કયમ કરૂણા નિધાન કહાવોરે, ગિ. ૧
આહાવો મનુજ જન્મ જ્યાહારે આપ્યોરે,
અજી અવળો અધ્યાસ કાં સ્થાપ્યોરે;
તે મેં કૃપણથી જાશે કયમ કાપ્યોરે. ગિ. ૨
જ્યારે વિમળ વિદ્યાઓ શિખાડીરે,
ત્યારે આશાઓ રાખી શિદ આડીરે;
કયમ મજથી સકાશે તે કાહાડિરે. ગિ. ૩
જ્યારે શાસ્ત્રની જણવી શીક્ષારે,
પ્રતીગ્રહની શું રાખી પ્રતીક્ષારે;
એથી ઓળખીશ કયમ અન્વીક્ષારે. ગિ. ૪
જ્યારે સજ્જન સંગતી મેલીરે,
ત્યારે ભ્રાંતિયો શાંને ભેલીરે;
કયમ મુકી સકીશ કામ કેલીરે. ગિ. ૫

જ્યારે વિશદ કથા વંચાવીરે,
શાંને અહં મમતા સંચાવીરે;
તેને કંયમ સકીશ ખંચાવિરે. ગિ. ૬
જ્યારે વ્યાસ મુને કેહેવરાવોરે,
ત્યારે લક્ષ કાં નવ્ય લેહેવરાવોરે;
અજી વિંડબણ શું વેહેવરાવોરે. ગિ. ૭
જ્યારે વાણી વિસ્તારી વદનેરે,
ત્યારે મેળવીયો શીદ મદનેરે;
બાંધ્યો ગાઉં શું શૃંખલા સદનેરે. ગિ. ૮
તમે સર્વજ્ઞ અંતર યામીરે,
ખુશી થઇને શું રાખો છો ખામીરે;
અંતરાયોનેં નાંખો ઉથાંમીરે. ગિ. ૯
આપે અનન્યતા ઉપજાવોરે,
ટંટા માત્ર ને તરત તજાવોરે,
ભાવેં ભક્તિ મારગનેં ભજાવોરે. ગિ, ૧૦
મજ રંકનું કાંઇ, ન ચાલેરે,
મોહ મન મધ્યે રહ્યો માહાલેરે,
ગાડાં ઘટમાં નવાં નિત્ય ઘાલેરે. ગિ. ૧૧
સારી સકળ સંપત્ય તમે સરજીરે,
તેનેં સફળ કરો શ્રીધરજીરે;
કૃષ્ણરામ કરે નિત્ય અરજીરે. ગિ. ૧૨

વિ૦ પં, પા. ૯.

કીર્તન ૮૩ મું.

દેશી ફેર.

કાં નથિ ધરતા કાંન અરજીયો, કાં નથી ધરતા કાંન,
વિષ્ણો તમારૂં મેં શું વણસાડયું, યદુપતિ શું કરયું જ્યાંન. અ. ૧
બાળકને શું બીક ભતાવો, કેશવ કરૂણા નિધાન,
એમ ન સારા દીસો સાંમળિયા, ભક્ત પ્રિય ભગવાન. અ. ૨
મન માહારે તો માન્યો આશ્રય, નારાયણનો નિદાંન,
પૂર્વે પ્રેમી કેહેવાઇ પ્રભો હવે, કપટી ન થઇએ કહાન. અ. ૩
આકુળ થઈ અંતઃકરણ મારૂં, સ્થિર નથિ ઠરતું સ્થાન,

સત્વર કર સેવકનો પકડો, આપો અભય પદ દાંન. અ. ૪
સકળ કલ્યાણ ગુણાકર કેશવ, ધારી બતાવોને ધ્યાંન,
વાણિ વિમળ કરી નિત્ય કરાવો, ગોવિંદ ગુણનાં ગાંન. અ. ૫
શરીરાદિક અધ્યાસ સ્વપન સ્યા, તેહેનું ત્રોડાવોને તાંન,
સંતપુરૂષનો સંગ મેળાવો, વેગેં વધારોજી વાંન, અ. ૬
દોષ ન દેખિયે દાસ તણા હવે, મેહેર કરો મેહેરબાન,
કે આગળ કૃષ્ણરામ પુકારે માધવ રાખો માંન. અ. ૭

વી૦ ૫ પા૦ ૧૨

કીર્તન ૮૪ મું.

મનની પીડય શમાવો હરે માહારા, મનની પીડય શમાવો,
કરૂણા નિધાન કેશવ કર ગ્રેહેવા, આ અવસર માંહે આવો. હરે. ૧
શું ઔષધ કરિયે સામળિયા. કોયની ન લાગે ટાંકી,
યત્ન ન ચાલે તાવત જયહાં લગી, વિષ્ણો નજર હોય વાંકી. હરે. ૨
કોયનું કોય નથીરે સંબંધી, જે જોઇએ તે તે જૂઠું,
માહારા કેહેનારા માયિક સઘળાં, લક્ષ્ય કરી કયહાં લૂંઠું. હરે. ૩
વિવેક થકી વેદાંત વિચ્ચારેં, શોધી લહ્યું સરવ સાંને,
મળિયું સકળ મલીન સ્વારથી, માધવ મન કયમ માંને. હરે. ૪
કોથી ન અર્થ સરે કાંઇ કિંચિત, તાપ ત્રિવિધના વાધેં,
જયહાં જયહાં મનમાંને આસક્તિ, તે તે બળ કરી બાધે. હરે. ૫
ચઉદ ભૂવનની ચીત્ર સંપદા, કાંમ ન કોઇ આવે,
કાળ તણા મુખ માંહિ રહ્યું તે, કાળ થકી શું છુડાવે. હરે. ૬
આશ્રય અનુપમ એક આપનો બળવંત ગુરૂએ બતાવ્યો,
નિર્ણયની નિંદા કરીને નાથનો ચરણ શરણ હું આવ્યો. હરે. ૭
સચ્ચિત્ આણંદ રૂપ રમાપતે આપ કાંમ અવિનાશી.
સ્વયં પ્રકાશ સુદરશનધારી, વિશ્વ સકળના નિવાસી. હરે. ૮
માહા માયી માહારાજ મુરારે, સર્વજ્ઞ સર્વાધાર,
મધુસૂદન મન મથના મોહન, અકળિત ચરિત અપાર. હરે. ૯
જ્ઞાન ગમ્ય પુરૂષોત્તમ પૂરણ, ભક્તિ રસિક ભયહારી.
કારણ સકળ તણું તપે કારણ, બાંહ પકડજયો માહારી. હરે. ૧૦
તીરથ સકળ તણું તમે તીરથ, યજ્ઞ સકળના યજ્ઞ,
ચૈતન ધન તવ ચરણ પંકજે, માહારી લગાવજયો લગ્ન. હરે. ૧૧

પતિત પાવન જયે બિરૂદ તમારૂં, સાંમળા લેજ્યો સંભાળી.
કૃષ્ણસમના સાહામું જોજ્યો, ન્યેહ નજરથી નિહાળી. હરે. ૧૨

વી૦ ૫ પા૦ ૧૩

કીર્ત્તન ૮૫ મું.

દેશી ફેર.

રૂષી કેશ શ્રી રમેશને સદા નમું રે,
પામું જવાપ તો સંતાપ થકે વીસમું રે;
આ સંસાર લાગે ક્ષાર જળધીજ સ્યોરે,
ઉલ્લંધાય તે ઉપાય ન જડે કશ્યોરે. ૧

કળી કાળમાં રસાલ ભક્ત કયહાં મળે રે,
જેની વ્યક્તિ સેવ્યે ભક્તિ નવધા ફળે રે,
આજ લોક દીસે શોક દવના દહ્યારે,
માહા મત્સરે પરસ્પર બળી રહ્યારે. ૨

ઉપકારીને વિસારી ભજે આંધીનેરે,
કોહોનું સારૂં થતાં બારૂં નાંખે બાંધિનેરે;
ગુણ લક્ષ્ય જયે પ્રત્યક્ષ તેને ઢાંકિનેરે,
અહે દોષ કરે રોષ બળ વાંકીને રે, ૩

નારિ નાણાના દબાણારહે દાબથીરે,
રળે દામ સેવે કામ બે હિસાબથીરે;
ભોગે પાપથી સંતાપ તોહ્યે તે કરેરે,
કૃષ્ણ ચુકી માર્ગ મૂકીને આડા ફરે રે. ૪

નિંદે સંતને અનંત કરે આપદારે,
પોસે પ્રાંણ અકલ્યાણ સેવતા સદારે;
એહેવા જનોથી આ મનો માહારૂં લાગીયું રે,
પડયું પાંનું એતો કયાહાનું પાપ જાગીયું રે. ૫

કહો નાથ આ સંઘાતથી હું કયાહાં ખસું રે.
કૃપા દૃષ્ટિ કરો સૃષ્ટિમાં સૂખે વસું રે;
અભયદાન ભગવાન મુંને આપિયેરે,
રાખિ શર્ણને આવર્ણ માહારૂં કાપિયેરે. ૬

હવે હારચો હું પુકારચો પ્રભુત પાળનેરે,
ક્ષમા વંક કરી અંક ધરો બાળનેરે,
ઘણી ગૈ છે થોડી રહિ છે તે સુધારિયેરે,
મેહેર આણિ દીન જાણીને ઉદ્ધારિયેરે. ૭

ચક્રધારી હું તમારિ કૃપા લેશથીરે,
જાણું સર્વ મિટયે ગર્વ છુટું ક્લેશથીરે;
અનવદ્ય કરો સદ્ય કૃપાદાસનેરે,
ફંદ ફેડોને ખશેડો આ અધ્યાસનેરે. ૮

કૃપા સિંધો દીનબંધો જાણી કરગરૂંરે,
હું તે ચોર બીજું જોર કહો શૂં કરૂંરે;
અગોચર રમા વર અજી કાં રહોરે,
કરી પ્રીતીને પ્રતીતિ મુજને કહોરે. ૯

કરો સાંન જેણે જ્ઞાન નેત્ર ઉઘડેરે,
જાગે વર્ય તે ઐશ્વર્ય નજરે પડેરે,
ભાગ્યે ભ્રાંતિ રહે શાંતિ મહારા મંનનેરે,
ભૂત ભાવિ દેઉં બતાવિ સાચા જંનનેરે. ૧૦

મુદ્યા નેત્ર હૃદય ક્ષેત્રનાં ઉઘાડજ્યોરે,
સજીવંન બુટિ જંનને સુંઘાડજ્યોરે;
ઘો નિવૃત્તિ મનોવૃત્તિ ચરણમાં રહેરે,
કૃષ્ણરામ તે પ્રણામ કરીને કહેરે. ૧૧

વી૦ ૫ પા૦ ૧૭

કીર્ત્તન ૮૬ મુ.

વંદુ ચર્ણ શ્રી અશર્ણ શર્ણનું સદારે,
પુછું પ્રશ્ન કહો કૃષ્ણ મળશો કદારે;
નથિ ભ્રાંતિ જતી શાંતિ થતી ચિત્તનેરે.
હું તો શોકુ આલે કું કો નિમત્તનેરે, ૧
નર દેહ આપ્યો તેહ વ્યર્થ જાય છેરે,
વિના પ્રીતિયેંથી ભીતિયે પિડાય છેરે;
આ આદિત્ય હરે નિત્ય આયુઃકાયનુંરે,
અજી દાખ્યો હું ન પામ્યો દાન દાયનુંરે. ૨

શો ઉપાય યદુરાય કૃપણુ હું કરૂંરે,
આ વિયોગ તણો રોગ દેખિને ડરૂંરે,
કંઈ કલ્પ થકે જલ્પના ઘણી કરિરે.
થઈ ભ્રષ્ટ ભોગ્યાં કષ્ટ મેં ફરી ફરિરે. ૩

પૂર્વ પાપથી સંતાપ ઘણા મેં સહ્યાંરે,
ત્રણ્યે તાપના અદાપ ન જાયે કહ્યારે;
ગુનેગાર હું અપાર કંઈ કાળનોરે,
જાણી રંક ક્ષમા વંક કરો બાળનોરે. ૪

મહા પાપિ હું અદ્યાપિ છૂં અજાણતોરે,
તજી શ્રીશને અનીશ વિષય માંણતોરે;
વિદ્યા જાણી ચક્રપાણિને લહ્યો નહિરે,
થઇ યાદ તે પ્રસાદને ઇછું સહીરે. ૫

નથી નાથ કશું હાથ યત્ન માહ્યરેરે,
મિટે ગર્વ પંચ પર્વ ખસે જ્યાહારેરે;
જગદીશને હું શીશ નાંમિને કહુંરે,
ઘો પ્રતિતી તો હું ભીતી તજીને રહુંરે. ૬

અધોક્ષજ હૂં સલજ્જ ક્યહાંલગે ફરૂંરે,
વિના વીર્ય હું તે ધીર્યશે બળે ધરૂંરે;
હું સતૃષ્ણ સદા કૃષ્ણ અપરોક્ષનોરે,
દીઠે પાસે ભય નાસે બંધ મોક્ષનોરે. ૭

હે દયાલ હુંતો બાળ સદા આપનોરે,
કાં અધીન કરો દીન પૂણ્ય પાપનોરે;
બંધ મોક્ષ શું પરોક્ષ રહિ દાખવોરે,
ઘટે દાસને સ્વપાસ હવે રાખવોરે. ૮

નિજ અંશ હું વિભ્રંશ જો પામું ધણીરે,
તેંણે લાજ મહારાજ જશે આપણીરે;
જેવો તેવો તોહ્યે લેવો મુંને અંકમાંરે,
તે ઉતારો વિષ ધારો રહ્યું ડંકમાંરે. ૯

કરો દ્રષ્ટિ તો સમષ્ટિ વ્યષ્ટિને લહુંરે,
છુટ્યે ફંદ ચિદાનંદને સુખે ગ્રહુંરે;

આવ્યા શર્ણ જો આવર્ણ વશ્યા તે રહેરે,
ગુરૂનામને બદલામ તમને કહેરે. ૧૦
જે સમર્થ તે ન વ્યર્થ કરે નામનેરે,
થયા શર્ણ તેના પૂર્ણ કરો કામનેરે;
ઇચ્છે બાળ તે રસાળ સ્નેહ બાપનોરે,
કૃષ્ણરામ વહ્યો વાંમ તેહ્યે આપનોરે. ૧૧

વિ૦ ૫, પા. ૧૮.

કીર્ત્તન ૮૭ મું.

સુખસિંધો દીનબંધો શૂં છુપી રહોરે,
થઈ પ્રીતિમંત ભીતિમેં ન કાં દહોરે;
અપરાધ જે અગાધ થયા દાસથીરે,
તજી રીશ ને બક્ષીશ કરો હાસથીરે. ૧

હું છું બુદ્ધ તે પિનદ્ધ અવિદ્યા વડેરે,
કહો મુક્તિની તે યુક્તિ મુંને શૂં જડેરે;
કામ ક્રોધ તે વિરોધ કરે ચિત્તથીરે,
અજી લોભ તે ન થોભ ધરે વીત્તથીરે. ૨

મહા મોહતે વિછોહ કરે આપનોરે,
અજી દંભ તે આરંભ કરે પાપનોરે;
જે વિષાદતે અલ્હાદને ઉથાંમતીરે,
અજી આશ્યા તે તમાસ્યા જોવું કાંમતીરે. ૩

મદમસ્ત તે સમસ્ત અક્ષને વ્યથેરે,
તે વિકલ્પ શૂંન્ય જલ્પવાદને કથેરે;
રાગ રોષ મનોમોષ કરે સર્વથારે,
નથિ કૃષ્ણની વિતૃષ્ણ થૈ થતી કથારે. ૪

ગુણ શ્યા ગવાય દાગ દિલમાં રહ્યોરે,
ગયો જન્મ વ્યર્થ મન્મથ વેગે વહ્યોરે;
સાધી સેવા નથી રેવાના પ્રવાહ શીરે,
દગ્યું જ્ઞાન તેણે સાંન ઉપજે કશીરે. ૫
માહામાયી ને વરદાયીને વિસારિયારે,
સાધે ભોગ તે ઉદ્યોગ મેં તો ધારિયારે;

અજી ભ્રાંતિ તે આક્રાંતિ કરાવે ઘણીરે,
તે અધૃશ્ય મનોવશ્ય ન રહે ધણીરે. ૬

ચિત્ત ચાંમથી વિરામ નથી પામતુંરે,
અસદ્દગંધનો સંબંધ થવો કામતુંરે;
વિષય વાતનો સાક્ષાતકાર થાય છે રે,
ન વેદાંતથી એકાંત થવું ચ્યાહ્ય છે રે. ૭

વાંચે પાઠ તોહ્યે હાઠ ચણે આંતરીરે,
જપે માળ તોહ્યે જાળમાં પડે ફરીરે;
પ્રાયશ્ચિત કરી વિત્ત ઘણું વાવરેરે,
તોહ્યે તાપ કારી પાપ પંથ આદરેરે. ૮

કરે બોધ તોહ્યે શોધ લહે નહિ ખરોરે,
યદુરાયનો ન પ્રાય ધરે આશરોરે;
એ સ્વભાવથી પ્રસ્તાવ હુંતો પામિનેરે,
આવ્યો શર્ણ તવ ચર્ણ શીશ નાંમિનેરે. ૯

હરે જાણો હું તણાણો વિષય વેગથીરે,
શું શૂં આઉં હું રૂંધાઉં હુ ઉદ્વેગથીરે;
નથી સાધિ શકયો આધિથી હું આપનેરે,
હે કૃપાળો તે પ્રજાળો પૂર્વ પાપનેરે. ૧૦

કૃપાદ્રષ્ટિ સુધા વૃષ્ટિ સમી કીજીયેરે,
દાસ ધારિને ઉગારિ મુંને લીજીયેરે;
દ્યો પ્રતિતી જેણે જીતિ સકું બાજિનેરે,
હું છું ઇશ તુજ શીશ વદો ગાજીનેરે. ૧૧

પરીપૂર્ણ કરો ચૂર્ણ દુઃખ રાશિનેરે,
ટાળો તોદ મહામોદને વિકાશિનેરે;
નીજ દાસ જાણો આસ કરે આપનીરે,
ધરી દીક્ષા ને પ્રતીક્ષા કરૂં જ્વાપનીરે. ૧૨

માહારાજ સર્વ સાજને સુધારિયેરે,
વિશ્વનાથ ધરી હાથને ઉદ્ધારિયેરે;
મુંને હાંમિ દિજે સ્વામિ મનો માંનવારે,
બને પ્રેમ ખસે વેહેમ તે નવ નવાંરે. ૧૩

મા વિલંબ કરો અંબ તાત માહારારે,
અપ્રત્યક્ષ તે સમક્ષ્ય થાઓ જાહારારે;
રહ્યું જાય નહી થાય ચીત્ત આકળુંરે,
કૃષ્ણરામ કૃષ્ણરામને જાણે મળુંરે. ૧૪

વી૦ ૫ પા૦ ૧૯

કીર્ત્તન ૮૮ મું.

દેશી ઢેર.

કેશવજી છો પરમ મંગલ સુખકારીહે,
શરણે આવ્યા સેવકને લ્યો સુધારીહે;
વિનતી શુંણજ્યો વેગેંશ્રી વિશ્વ વિહારિહે,
ગોવિંદ ગરીબ નિવાજહે. ધૃ. ૧
આપની આપી માનવતનું મેતો પાંમિહે,
અધ્યાસેંથી વૃત્તિ સકાય ન ઉથાંમીહે;
કરૂણા કરી તો એટલી કાં રાખો છો ખાંમીહે. ગો. ૨
ધારો મનમાં ધર્મ ધુરંધર જાણહે,
મજને કયમ હોય આપ તણું ઓળખાંણહે;
કેશવ કરૂણા કરશો તો થાશે કલ્યાંણહે. ગો. ૩
જાલ્યમ કામાદિકને શું જીવ સકું જીતીહે,
પરમેશ્વરની સાચિ સધાય કયમ પ્રિતીહે;
પુરૂષોત્તમથી તે માટે ઈચ્છું પ્રતિતીહે. ગો. ૪
કળ સઘળાની કૃષ્ણ તમારે હાથહે,
સ્વામી તમનેં સ્વાધીન સત્વનો સાથહે;
આપે કરૂણા કરશો તો થઈશ સનાથહે. ગો. ૫
હશિ બોલો તો વાધશે માહારી હાંમહે,
શરણે આવ્યો જાણિ શરણ વિશ્રાંમહે;
કૃષ્ણરામનો કર પકડો કૃષ્ણરામહે. ગો. ૬

વી૦ ૬ પા૦ ૭

કીર્ત્તન ૮૯ મું.

સામળિયાજી સખ્યપણૂં તે દેખાડોહે,
કલખલમાંથી મન કિંકર તણું કાહાડોહે;
આભ્યંતરના લોચન લક્ષ ઉઘાડોહે. ગો. ૧

પ્રારબ્ધોનું આવશ્ય જ્યમ સ્કુ પેખીહે,
ચાલિ ન સકે રૂણની મજ ઉપર શેખીહે;
આગંતુકને જ્યમ સકૂં હું ઉવેખિહે. ગો. ૨

સંચિત તે જ્યમ સ્મરણે સુકાય સકળહે,
ક્રિયમાણોની સમજાયે સ્વાર્પણ કળહે;
વાસના તે વિષ્ણુની હોય વિમળહે. ગો. ૩

સંત સમાગમ સુખથી સકાય જ્યમ સાધીહે,
અનન્યતા ઓળખી સકાય આરાધીહે;
અંતઃકરણે ઉઠે ન અન્ય ઉપાધીહે. ગો. ૪

શ્રોતા જનને સત્ય બતાવાય શ્રેયહે,
ગાઇ સકું હું ગવરાવી સકું જ્યમ ગેયહે;
પ્રિયતમ વિષ્ણો વેગે કરો એહેવું પ્રેયહે. ગો. ૫

અયોગ્ય છું પણ ઇચ્છું હું આઠે યાંમહે,
કેવળ કરૂણા કરશો તો સાધે એ કાંમહે;
કૃષ્ણરામનો કર પકડો કૃષ્ણરાંમહે. ગો. ૬

વિ૦ ૬ પા૦ ૮

કીર્ત્તન ૯૦ મું.

આહાવો અવસર આંપ્યો તે જાય ન વ્યર્થહે,
શરણે આવ્યો શ્રીશને જાણી સમર્થહે;
આશ્રિત માની આંપે સુધારજ્યો અર્થહે. ગો. ૧

સાધન સાહામું જોશ્યો તો શઠ છું હું પ્રાણીરે.
અજીયે મજને કૃષ્ણની કળ છે અજાણીહે;
ઓળખીશ જ્યારે ઓળખાવશો કરૂણા આણીહે. ગો. ૨

મજમાં એકે બોધ તણું નથિ બળહે,
ચિંતી ન સકે ચિત્ત જ્યે માહારૂં ચપળહે;
કરૂણા પાખે મજને કશ્યે નથી કળહે. ગો. ૩

કૃષ્ણ કથાને શુણતાં નડે છે કાળિહે,
ખલ વૃત્તિયો મજથી સકાય ન ખાળિહે;
શિષ્ણોદરના વેગ સકાય ન સંભાળીહે. ગો. ૪

સાધન એકે સાધિ સકાય ન સાચુંહે,
માટે તમને અહર્નિશી હું યાચુંરે;
કેશવ કરૂણા પાખે દીસે સર્વ કાચુંહે. ગો. ૫
અળગું થાય જો ચિત્ત ચોટયું છે જે ચામહે,
તો તો છુટે દામ દારાદિક દામહે,
કૃષ્ણરામનો કર પકડો કૃષ્ણરામહે; ગો. ૬

વિ૦ ૬, પા. ૮

કીર્તન ૯૧ મું.

આતે અમને આંમ શું મૂકી દીધારે,
અલબેલા કાં અમથિ અબોલા લિધારે;
કેશવ અમને આમ શું કાયર કીધાહે. ગો. ૧
ધીક્ પડો આ જીવવું વ્યર્થ અમારૂંરે,
પામ્યા નહિં જો કરૂણા કટાક્ષય તમારૂંરે;
સુંદર તનું આપી તેણેં શું થયું સારૂંહે. ગો. ૨
ભાંમણે ન ભાગે અમારી ભૂખહે,
પ્રતીતિ પ્રીશ્યા પાખેં ભરે કયમ કૂખહે,
વિઠલ અમને કયહાં સુધી રાખશ્યો વિમૂખહે. ગો. ૩
કોણ કરયાંતાં કર્મ તે આવિ આ નડિયાંરે,
આભ્યંતરનાં ઐશ્વર્ય્ય અજી ન ઉઘડિયાંરે;
ઝુરણ ભાગે તેહેવાં ન સાધન જડિયાંહે. ગો, ૪
અકળાઇયે છે અનુદિન આઠે પોહોરહે,
બાળ્યક જન તે કેટલો કરિયે બકોરહે;
જણવો કરૂણા કરીનેં તો જાણિયે જોરહે, ગો. ૫
વાહાલા થઇને વેહેવું ઘટે કયમ વાંમહે,
પાળો પેલું પતિત પાવન જયે નાંમહે;
કૃષ્ણરામના કર પકડો કૃષ્ણ રામહે. ગો. ૬

વી૦ ૬ પા૦ ૯

કીર્ત્તન ૯૨ મું.

દેશી ફેર.

કરૂણા કરીને કળ ફેરવશ્યો જો કૃષ્ણ,
વૃત્તી ત્યાહારેં વિષયોથી થશે વિતૃષ્ણ,

સંશય શમશેં પૂછવાં મિટશે પ્રષ્ણ. ક૦ ૧
આપ તણો પણ હું દીસું અંશ અનીશ,
કામ નચાવે કામિનીયો કરિનેં કીશ;
છુટું સેહેજ્યેં તો ચરણ નમાવું શીશ. ક૦ ૨
લક્ષ્ય થતી તે લૂંટી લીધી છે લોભેં,
તેથી મનની ચંચળતા ક્ષણ નવ્ય થોભેં;
સ્થિરતા થાશે તો સેવક થાવા શોભેં. ક૦ ૩
કેડયે પડીને સત્કૃતને બાળે ક્રોધ,
આવરણેંથી આવરતો અંતર બોધ;
શાંતી થાય તો સચ્ચિતનો લાભે શોધ. ક૦ ૪
મત્સર વ્યાપે માધવજીનું બિન જાણ્યે,
ઠરે ન વૃત્તિ તૃષ્ણાની તિક્ષણ તાણ્યે;
વિરાગ આવે તો વહુ ન વ્યારે ખાંણ્યે. ક૦ ૫
ક્ષુધા પિપાસા તે ખીંચે છે કાયાનેં,
નિત્ય નમાવે તે ઉપસ્થ જઈ જાયાનેં;
માધવજી તુંતો આપ તણી માયાનેં. ક૦ ૬
પતિત પાવન મેં બિરૂદ તમારૂં બાંન્યું,
વેદેં શાસ્ત્રેં જ્યે શરણ વત્સલ તાંન્યું;
કૃષ્ણરામે સહુ કૃષ્ણ તણે વશ માંન્યું. ક૦ ૭

વિ૦ ૬. પા. ૧૦

કીર્તન ૯૩ મું.

કરૂણા ઈછું તે કૃષ્ણચંદ્ર નિ થાવી,
જેણિયેં ભાસેં સઘળાનાં ભૂત ભાવી;
જેથી ઉરમાં આવરણ સકે નહિ આવી. ક. ૧
જેથિ જડ ને ચૈતનનેં ન્યારા ન્યાહાળું,
વિષયો માંહે જાતું મન પાછું વાળું;
શ્રીધર સેવા સન્મુખ થઈને સંભાળું. ક. ૨
ત્વમસીનો જેથી હોય બોધ બલીષ્ટ,
આગંતુકનાં ઉત્થાપી સકું અનીષ્ટ;
દઢ કરીમાંનું આનંદ રૂપ ને ઈષ્ટ. ક. ૩

કામ, કર્મની વાસનાઓ જેથી નાસે,
ભ્રાંતી ભાગ્યે ભગવંત સઘળે ભાસે;
વિકલ્પ છુટયે મન રહે હરિને વિશ્વાસે. ક. ૪
સરવાગમનું જ્યે સાર કહ્યું તે જાણું,
વિશ્વેશ્વરની કીર્ત્તિને વિશદ વિખાણું;
કલ્પીત મતથી મન જાય ન કદી તણાણું. ક. ૫
દામોદરનો જ્યમ દાસ સદા કેહેવાઉં,
નિર્ભય થઇને ગિરિધારિના ગુણ ગાઉં;
નરતનું પામી કૃત કૃત્ય જેણે થાઉં. ક. ૬
અઘમોદ્ધારણ નિજ બિરૂદ નિભાવિ નાથ,
કરૂણા કરિયે જ્યમ જાણે સઘળો સાથ;
આશ્રિત માની ધરો કૃષ્ણરામનો હાથ. ક. ૭

વિ૦ ૬. પા. ૧૨.

કીર્તન ૯૪ મું.

દેશી ફેર.

શરણ છું હરે તમને, હે સ્વામિન્. ધૃ.
શરણ છું હરે તમને, જાણું ન શમોદમને;
મિટાવિ દો મનોભ્રમને, હે સ્વામિન્. શર૦ ૧
સાધન ન મજથી સાધે, વિષય વાસના વાધે;
બળવતી તૃષ્ણા બાધે. હે સ્વા૦ શર૦ ૨
લોભાદિક તે લોપેલિક, દમે ઘણા દંભાદિક;
કાંઈ પડતું નથી ઠીક. હે સ્વા૦ શર૦ ૩
આ તનું જે સુંદર આપી, તેને પણ જરા વ્યાપી;
તોહો હું અસઠ અદ્યાપી, હે સ્વા૦ શર૦ ૪
શરણ આવ્યાની શરમ, રાખો પાવન પરમ,
જોશ્યો ન માહારાં કરમ. હે સ્વા૦ શર૦ ૫
ગરિબને થઈ છે ઘણી, ધારો ધુરંધર ધણી;
આપો પ્રતીતી આપણી. હે સ્વા૦ શર૦ ૬
રતિ રમેશ્વરની જાગે, ભ્રાંતિયો સઘળી ભાગે;
કૃષ્ણરામ એહ માગે. હે સ્વા૦ શર. ૭

વિ૦ ૫. પા. ૧૨.

કીર્તન ૯૫ મું.

કાંઇક પ્રતીતિ દીજે, હે સ્વામિન્. ક૦ ધ્રુ૦ ૧
કાંઇક પ્રતીતિ દીજે, કૃપણને કૃપા કીજે;
શીઘ્ર સંભાળ લીજે. હે સ્વા૦ કાં૦ ૧
તાપ ત્રિવિધના તાપેં, વ્યાકુળતા અતી વ્યાપેં;
પીડાઉં છું પૂર્વ પાપેં હે સ્વા૦ કાં૦ ૨
હૃદ્રોગ રૂઝ્યા નથી, વહુ છું વિમોહથી;
કેટલું કહેવાય કથી. હે સ્વા૦ કાં૦ ૩
પામ્યો માનવ કાય, જીવું છું પશુપ્રાય;
એમ તે ક્યમ રહ્યું જાય. હે સ્વા૦ કાં૦ ૪
તિમિર ન નિકળે પેઠું, હઇયું ન બેસે હેઠું;
ક્યહાં લગી કષ્ટ વેઠું. હે સ્વા૦ કાં૦ ૫
યત્ન ન ચાલે માહારૂં, અજીયે ન ઉઘડે બારૂં;
શરણુ ધર્યું છે તમારૂં. હે સ્વા૦ કાં૦ ૬
જન્મ આપ્યો જો રળવા, તો પ્રભો આવો મળવા;
કૃષ્ણરામને ફળવા. હે સ્વા૦ કાં૦ ૭

વી૦ ૬ પા૦ ૧૨

કીર્તન ૯૬ મું.

સુજ્ઞને કેટલું કહું, હે સ્વામીન્, સુ. ધ્રુ.
સુજ્ઞને કેટલું કહું, વિયોગને દુઃખે દહું;
રીર કરતો ક્યમ રહું, હે. સ્વા૦ સુ. ૧
અદ્રઢતે બુદ્ધિ માહારી, રેહેતી નથિ વાકયે વારી,
હઠી હઠી જાય છે હારી. હે. સ્વા૦ સુ. ૨
મોહ સર્પે મનદશું, ઉતરે ન વિષ વશું,
યત્ન કીધું ચાલે ન કશું. હે. સ્વા૦ સુ. ૩
ઉતાવળા અધોક્ષજ, ધાજ્યો ગરૂડધ્વજ;
દેખાડવા ચરણાબ્જ. હે સ્વા૦ સુ. ૪
જાય છે જન્મારો માહારો, સુઝે નહિ એકે આરો;
આશ્રિનેં નાથ ઉગારો. હે સ્વા૦ સુ. ૫

કૃષ્ણ મરડિને કળ, મનના મિટાડો મળ;
બિરૂદનું દાખવો બળ. હે સ્વા૦ સુ. ૬
પતિત પાવન તમે, શરણ રાખો આ સમે;
કૃષ્ણરામ પાગ્ય નમે. હે સ્વા૦ સુ. ૭

વિ૦ ૬, પા૦ ૧૩.

કીર્ત્તન. ૯૭ મુ.

તમારૂં બિરૂદ સાચું. હે સ્વામિન. ત૦ ધ્રૂ.
તમારૂં બિરૂદ સાચું, કદાપિ ન પડે કાચું;
તે જાણી હું જન યાચું. હે સ્વા૦ ત૦ ૧
માંનવાદિ મોહેં ભરયા, વિકલ્પ બુદ્ધિને વરયા,
તારેં તે શું આપે ન તરયા. હે સ્વા૦ ત૦ ૨
જનોંથી જ્યે બને સારૂં, સામર્થ્ય તે તે તમારૂં;
બિજાનું તે કયમ ધારૂં. હે સ્વા૦ ત૦ ૩
અવ્યક્ત પ્રેરે પવન, વરસાવે ત્યહાં વરસે ઘન;
એમ વશ તમને જન. હે સ્વા૦ ત૦ ૪
પરવશ સરવ પ્રાણિ, તમને ન શકે જાણિ;
વિચ્યારે ન વેદ વાણિ. હે સ્વા૦ ત૦ ૫
સ્વાધિન તમારે સહું, જાણિ તમને શરણે રહું;
લક્ષ આપો એટલું લહું. હે સ્વા૦ ત૦ ૬
પ્રતિતી જો પૂર્ણ થાશે, તો માહારી જાડ્યતા જાશે;
કૃષ્ણરામ કીર્ત્તી ગાશે. હે સ્વા૦ ત૦ ૭

વિ૦ ૬, પા. ૧૩

કીર્તન ૯૮ મું.

દેશી ફેર.

કરૂં કેટલી કૃષ્ણને વિનતીરે, કાંઈ જવાપ દીજે.
મુકી મોહ હારી ગઈ મમ મતીરે. કાં૦
કશી વાતે પડતી નથી કળ હવેરે. કાં૦
દિલ દાઝે વિયેગનેં દુઃખ દવેરે. કાં૦ ૧
આપી માનવ તનું જ્યે આ અભિનવીરે. કાં૦
વળી વિમળ વિદ્યાઓ તે શીખવીરે. કાં૦

તોહો લક્ષ ઉઘડી નથી સરવથારે. કાં૦
કણુ લોભ માટે અજી કહું કથારે. કાં૦ ૨
અજી વૃત્તીયો વિષયની વશ નહીરે. કાં૦
કદી ચિત્ત ઠરતું નથી સ્થિર કહીંરે. કાં૦
પ્રતીતિ વિના પ્રીતિ કયમ ઉપજેરે. કાં૦
રજોત્તમના વિક્ષેપ લય કયમ તજેરે. કાં૦ ૩

શુદ્ધ સત્વ ઉઘડયો નથી આ ઘટેરે, કાં૦
મનોવાસનાના મળ કયમ મટેરે; કાં૦
સાચું સાધન કો સધાતું નથીરે, કાં૦
મતી મરદી નાંખે છે મોહે મથીરે. કાં૦ ૪

પાપરાશિ પ્રગટયો કિયા ભવ તણોરે, કાં૦
અજી યોગ સધાયો ન આપણોરે; કાં૦
આંધી મૂઢિનો ભ્રમ હવે જાય છેરે, કાં૦
એણી આર્તિયે મન અકળાય છેરે. કાં૦ ૫
કરે પકડશો કે મુંને પટકશોરે, કાં૦
દયાસિંધુ થઈ નિર્દય કયમ થશોરે; કાં૦
આવ્યો ચરણને શરણ તે પ્રાણીનેરે, કાં૦
યદુનાથ તજશો કયમ જાણીનેરે. કાં૦ ૬

જેવો તેવો પણ શરણ હું આવીયોરે, કાં૦
મુંને અન્ય ઉપાય નવ્ય ભાવીયોરે; કાં૦
મુંને એક છે આપનો આશરોરે, કાં૦
કૃષ્ણરામને કૃષ્ણ કરૂણા કરોરે. કાં૦ ૭

વી૦ ૬ પા૦ ૧૩

કીર્તન ૯૯ મું.

હું તો કૃષ્ણ કરૂણા થવી ચાહુછું રે, જગદીશ જાણો;
એહેના પાખે ઉર અતી અકળાઉછું રે, જગ.
ગુનેગાર છું તોહે ગોવીંદનોરે; જગ.
આદી અંશ છું સચ્ચિદાનંદનોરે. જગ. ૧
તમે પતિત પાવન પિતા જાણિનેરે, જગ.
શરણ આવ્યો હું શારિંગપાણીનેરે; જગ.

ક્ષમાવંત કરવા ઘટે દાસનારે, જગ.
કરી કરૂણા અવડાવો ઉપાસનારે. જગ ૨
પ્રભો પોતાના પૂત્રને પાળિયેરે, જગ.
તનૂ દરશી જાણીને નવ્ય ટાળિયેરે, જગ.
નિજ સ્મરણ ચૂકી જયે વાંકો વહ્યોરે; જગ.
તે તો માયાથી મોહ મજને થયોરે. જગ. ૩

નહિતો સ્મર્ણ અમૃત સમૂં કાં તજુંરે, જગ.
શાંને દુઃખદાયી વિષય વિષ ભજુંરે; જગ.
આહાવો દેહ પાંમી આપ્યો આપણોરે, જગ.
દિવ્યદાસ કાં થાઉં ન તુમ તણોરે. જગ. ૪

મારૂં મારું થાય તે કાં હું આદરૂંરે, જગ.
માયા વશ નથી મુજને કહો શૂં કરૂંરે; જગ.
એ છે આપને સ્વાધીન સર્વદારે, જગ.
તમ્યો દૂર રાખો તો રેહેશે તદારે. જગ. ૫
રવડાવ્યો માયાંનો જયે રડવડેરે, જગ.
તેવા જીવથી જીતવી ક્યમ ઘડેરે; જગ.
માટે માયાથી વિષ મનુજને વ્યથારે, જગ.
માહારા બળથી મિટતી નથી સર્વથારે. જગ. ૬

ઘણી થઇ છે મજ ગરીબને જાંણીયેરે. જગ.
કૃપણ માંની કેશવ કૃપા આંણીયેરે; જગ.
શરણ આવ્યો જાંણી કરે ધારિયેરે, જગ.
કૃષ્ણરામને કૃષ્ણ ઉગારિયેરે. જગ. ૭

વી૦ ૬ પા૦ ૧૪

કીર્ત્તન ૧૦૦ મુ.

પ્રતીતિ દેઇ દાખવો પ્રેયનેરે, પ્રભો નાથ માહારા,
શઠ છું તે સાધી સકું શ્રેયનેરે, પ્ર.
આભ્યંતર તણી આંખ્યો ઉઘાડિયેરે, પ્ર૦
ભૂત ભાવીને દ્રષ્ટે દેખાડિયેરે. પ્ર૦ ૧
સચરાચરે દેખું જ્યમ સ્વામીનેરે, પ્ર૦
સાચો દાસ થઇ ચાલું શિર નાંમિનેરે; પ્ર૦

વિષય વિષ તણી વેદના વીસરેરે, પ્ર૦
મહા મોહ મન માંહેથી નીસરેરે. પ્ર૦ ૨
રહે સહજ સમાધિ જામ્યો સદારે, પ્ર૦
વિષય દૃષ્ટિ કહી ઉપજે નહિ કદારે, પ્ર૦
શમી જાય સકલ વાસનાઓ ગળીરે; પ્ર૦
મતી માહારિ માધવજી શુ રહે મળીરે. પ્ર૦ ૩
નવે જાતિની ભક્તિયો નીપજેરે, પ્ર૦
અતી વિરતી વિષયો વિષે ઉપજેરે; પ્ર૦
સકલ કર્મ સંચિત બળે જ્ઞાનથીરે, પ્ર૦
ભારે ભાગે વીયોગ ભગવાનથીરે. પ્ર૦ ૪
બાધીત વૃત્તીયો બનિ સકે બોધથીરે, પ્ર૦
વ્યવધાન ઉઠે ન વિરોધથીરે; પ્ર૦
વાસુદેવનો વિશદ યશ વર્ણવુંરે, પ્ર૦
કૃષ્ણ કરૂણાથી ઇછું એહેવું થવુંરે. પ્ર૦ ૫
નથી અન્ય સાધન બળ માહ્યરેરે, પ્ર૦
ઇછું કૃષ્ણ કરૂણા થશે કયાહ્યરેરે; પ્ર૦
દયા દીન જાંણી કરો દાસનેંરે, પ્ર૦
અંગી કરિને નિવારો આયાસનેરે. પ્ર૦ ૬
આપી માનવ તનું તો એ આપિયેરે, પ્ર૦
મુનેં દાસની પંક્તિમાં સ્થાપિયેરે; પ્ર૦
આહાવો સમય આપ્યો તે સાર્થક ઠરેરે, પ્ર૦
કૃષ્ણરામ નિત્ય કૃષ્ણનેં કરગરેરે. પ્ર૦ ૭

વિ૦ ૬, પા૦ ૧૫

કીર્ત્તન ૧૦૧ મું.

સાચા સંત સેવ્યા નથી જયે જનેંરે, તે શૂં તમને જાંણે,
દેખેં દેહ દારાને અવેજનેંરે; તે૦
ઘણા કાળથી ગાડાં ઘટમા ભરયાંરે, તે૦
જેના ચામમાં ચિત્ત નિત્યે ઠરયાંરે, તે૦ ૧
બેટા બેટિયો કુળવધુ કાંમતારે, તે૦
જેથી શોકને મોહ મદ પાંમતારે; તે૦

ભજે ભૂતોને યક્ષોને પીરનેરે. તે૦
મારે મૂઠ્ય ચલવે વળી વીરનેરે. તે૦ ૨
જેના ઘહરમાં ઘટમાં ધુંણે ભૂતડાંરે, તે૦
શિરે શીગડિ હ્યે દાંતોથી જૂતડાંરે; તે૦
કાકાબળિયાની ઓળગો જે કરેરે, તે૦
બાધા રાખિને દેવ તીર્થે ફરેરે. તે૦ ૩
બાંધી નજરોને મૂકે ઉતારનેરે, તે૦
માંને સાચો આ મિથ્યા સંસારનેરે; તે૦
કરે ગોષ્ટિ મિથ ઉદર ઉપસ્થનીરે, તે૦
ન્યાહાલે નારિની બારી અધસ્થનીરે. તે૦ ૪
લવે લોકોની લવરીના લક્ષ્યથીરે, તે૦
ડરે નહિ જયે અભક્ષ્યના ભક્ષ્યથીરે; તે૦
મુખે મસો ચચ્ચો વદે માહાલતારે, તે૦
પર દારા ધનમાં નજર ઘાલતારે. તે૦ ૫
સદા પીડતા સ્થિર ચર માંત્રનેરે, તે૦
પોસે પાપે રળિ સ્વજનોને ગાત્રનેરે; તે૦
સાધૂ વિપ્ર સત્પાત્રને નિંદતારે, તે૦
વરણસંકરોને ભજે વંદતારે. તે૦ ૬
કથા કૃષ્ણની કરણે ન સાંભળેરે, તે૦
કાર્ય મૂકી કોય લડતું હોય ત્યાંહાં મળેરે, તે૦
માંને પર મરે ને અમે જીવિયેરે, તે૦
પેઠાં ઘટમાં ધાડાં દાહાડે દીવીયેરે. તે૦ ૭
દેખા દેખ્યે દીક્ષા ધરે વૈષ્ણવીરે, તે૦
અંત ભ્રાંતિયો ઉપજે નિત્યે નવીરે; તે૦
કરી વાત નવ્ય સમજે વિતૃષ્ણનીરે, તે૦
કૃષ્ણરામ કરૂણા ન્યાહ્યે કૃષ્ણનીરે. તે૦ ૮

વિ૦ ૬. પા. ૧૫

કીર્ત્તન ૧૦૨ જું.

દેશી ફેર.

પ્રભુજીને કરૂં પ્રાર્થના, મસ્તક મૂકિને ચર્ણે;
યાચું એટલું જગદીશને, અળગું કરિયે આવર્ણું. પ્ર૦ ૧

એજું આવણું આવરચો, સ્વ સ્વરૂપનો બોધ,
કંઈ વિધ કીધા ઉપાયથી, સાચો લાગ્યો નહિ શોધ. પ્ર૦ ૨
નિકટ વસોછો જે નાથજી, આનંદ રૂપી અતૂલ;
ભ્રમથી ભૂલ્યો હું ભવ્યને, તેનું મોહ એ મૂલ. પ્ર૦ ૩
વળતી વિકળતા ઉપજી, આ હું માનંતા અંગ;
માયિકને માહારાં માનતાં, ભગ સઘળાં થયા ભંગ. પ્ર૦ ૪
કીધાં કર્મ કંઈ વિધ તણાં, અનેક ધારિ ઉદ્દેશ;
વાધિ તે વડે વાસના, કંઈ કઇ ઉપજ્યા કલેશ. પ્ર૦ ૫
તેણે તનુઓ બહુ ધારિયો, ચ્યારે ખાણોનેં ચોક;
અજીયે અથડાઉં છું એ વિષે, ભજતો હર્ષ ને શોક. પ્ર૦ ૬
કરૂણાથી કળ ફેરવો, વેગે થાઉં વિતૃષ્ણ;
પીડિત જાણી પ્રીતિ કરો, કૃષ્ણરામને કૃષ્ણ. પ્ર૦ ૭
વિ૦ ૬, પા૦ ૧૬

કીર્તન ૧૦૩ જું.

કળ ફેરવિયે કરૂણા નિધે, જનની જાડયતા જાય;
સ્મરણ સાધંતાં સ્વામિનું, ઉઠે નહિ અંતરાય. ક૦ ૧
ઉરનાં લોચન ઉઘડે, વિમલ વિભાસે વિવેક;
નિરખું નાથનેં નિત્યદા, અખિલાવાસમાં એક. ક૦ ૨
જ્યે જ્યે અદ્રષ્ટ જીવને, પ્રીછું તેહેને પ્રત્યક્ષ,
વિલોમ ઉદ્યમ વીસરે, અવળાં ચાલે નહિ અક્ષ. ક. ૩
ગ્રંથી છુટી જાય ગર્વનો, ઓગળી જાય અભિમાંન;
વિગલિત થઇ જાય વાસના, ત્રુટે તૃષ્ણાનાં તાંન. ક. ૪
વિરાગ ઉપજે વિષયનો, ઉઠે નહિ કો આસક્તિ;
ચાપલતા છૂટે ચિત્તની, ભાવે ભૂધરની ભક્તિ. ક. ૫
વિયોગ ભાગે વિશ્વેશથી, અવલોકું અપરોક્ષ;
જાતાં જવનીકાં જાણું હું, માહારા રૂપને મોક્ષ. ક. ૬
એહેવો દિન ક્યાહારે આપશો, પૂછું પ્રભુને હું પ્રષ્ણ;
ઉત્તર આપો ઉતાવળો, કૃષ્ણરામને કૃષ્ણ. ક. ૭
વી૦ ૬ પા૦ ૧૭

કીર્ત્તન ૧૦૪ થું.

આશ્રિત હું તો છું આપનો, સર્વેશ્વરને સ્વાધીન;
રાખો જ્યે રીત્યે ત્યમ રહું, દાસ બિચ્ચારો હું દીન. આ૦

દોરે અંધને દેખતો, જ્યમ તે ચલવે ત્યહાં જાય;
મજથી એ રીત્યેં માધવજી, સધવો તેટલું સધાય. આ૦ ૨
ઉદ્યમ મજને શૂં ઉકલે, માહારી મેળ્યેં મહારાજ;
સત્તા આપ્યે સાધી સકું, કરવું જ્યે ઘટે કાજ. આ૦ ૩
શાસ્ત્ર પુરાણ જે સાંભળ્યાં, એહેમાં પણ એ રહસ્ય;
આશ્રિત થાશે તે ઉગરેં, પ્રાણી પ્રભુનેં પરવશ્ય. આ૦ ૪
કરતા હું એમ જ્યે કેહેશે, ચૂકી તે થાશે ચોર;
બલીષ્ટ બંધાશે બંધનેં, દેહાદિકને તે દોર. આ૦ ૫
સદ્‌ગુરૂ સંગે જ્યે સમજશે, સઘળું તમને સ્વતંત્ર;
તેહેનું કર્તૃત્વ ત્રુટશે, મોટો સમજીને મંત્ર. આ૦ ૬
માટે માધવજી માહરી, સમજી રાખજ્યો શરમ;
જન જાણીનેં જોશો નહી, કૃષ્ણરામના કરમ. આ૦ ૭

વિ૦ ૬. પા. ૧૭

કીર્ત્તન ૧૦૫ મું.

કંઈ દિનથી હું તો કરગરૂં, બોલો કાં નહી બળવંત;
જોવો ન ઘટે જગદીશનેં, આવડો અરભકનો અંત. ક૦ ૧
દયા ન ઉપજે કાં દેવને, રંક તણી સૂણી રીર,
પ્રતીતિ પાખે પીડાઉં છું, અલ્પ મતી હું અધીર. ક૦ ૨
જળદાધારને યોગ્ય છે, કરવું કૃપણનું કાંમ;
પુરૂષારથ તો પ્રમાણીયે, હારયાને દ્યો જો હાંમ. ક૦ ૩
જીમુત ગાજે જ્યમ ઘોષથી, સહુના શમવા સંતાપ,
ગોવિંદ બોલો એમ ગાજીને, જનને જણવવા જ્વાપ. ક૦ ૪
શાંને ડરપે છે શમલોથી, તાહારો હું છું ત્રાતાર;
માંથે મુજને ધણિ માંનજ્યે, દિવ્યપદનો દાતાર. ક૦ ૫
એમ ઉત્તર જ્યારેં આપશો, થાશે ત્યારે મન સ્થીર;
એટલા માટે કાં આળસો, ઝટ દેઇ બોલો યદુવીર. ક૦ ૬
એ આશાયે હું ઓળગું, શ્રીધર કીજે સફળ;
પ્રતીતિ પામ્યા બિન નહિ પડે, કૃષ્ણરામને કળ. ક૦ ૭

વિ૦ ૬, પા. ૧૭.

કીર્તન ૧૦૧ હું.

અઘટિત ઘટના છે નાથની, યુક્તે જોતાં જણાય;
સ્વાધિન છો તમે સર્વદા, કળના કોથો નવ્ય થાય. અ૦ ૧
જે હોય જીવ ઝષરૂપનો. જોતાં તે પડે જાળ;
માધવ મીન રૂપેં થઇ, જાળો જનની જંજાળ. અ૦ ૨
નરતનું ગ્રીવા હયરાજની. અદ્ભુત ધારિનેં અંગ;
મન અતિ ચંચલ અશ્વથી. કીધા ભક્ત અભંગ. અ૦ ૩
પક્ષી હંસના રૂપથી, કાર્યે ન પંખાનું કીદ્ધ;
ભિક્ષુક શિવને રૂપેં કરી, રંકને આપો છો રીદ્ધ. અ૦ ૪
આપેં આરોગી ઝેરનેં, જનને અમૃત પાન;
મહા શ્મસાંને આપેં વસો, જનનેં આપો સંસ્થાન. અ૦ ૫
વિરંચિ વેદ વક્તા થઈ, વારચા જનના વિધિષેધ;
ભવના કરતા થઈ ભક્તના, ભવ ભય કીધા ઉછેદ. અ૦ ૬
આપેં સૂકર રૂપેં થઇ, સૂકર યોનિનો ત્યાગ;
ભક્તજનોનેં ભાવેં કરચો, દિલમાં રાખ્યો નહિ દાગ. અ૦ ૭
પૂત્ર દેવહૂતી તણા, થઇનેં તારી તે માત;
સિદ્ધ થઇને અસિદ્ધોને. મૂકયો મસ્તકે હાથ. અ૦ ૮
નરનારાયણ રૂપેં થઈ, તપિયા આતપના તાપ;
અવગુણ ઉપર ગુણ કરચા, કાહાડયા જનના સંતાપ. અ૦ ૯
રૂષભ દેવને રૂપેં કરી, મુખમાં લેઇને પાષાંણ;
જડચર્ય્યાયેં જડ ઉદ્ધરચા, મુનિ થઈ વિસ્તારિ વાણ્ય. અ૦ ૧૦
ક્રોધી નૃહરિના રૂપથી, કાપ્યા સજ્જનના ક્રોધ;
કાંમી યજ્ઞ રૂપેં કરી, તારચા કાંમિ કઈ યોધ. અ૦ ૧૧
કૂર્મ રૂપે જલમાં રહ્યા, પૃષ્ટે ધારિ ગિરિભાર;
જનનો ભાર ઉતારિયો, કીધા ભવ જલધી પાર. અ૦ ૧૨
વામન રૂપેં થઇ દાસનેં, આપ્યાં ઉંચાં પદ આપ;
ત્રિવીક્રમ થઈ સૂધા કરચા, બાંધી બધાણા બાપ. અ૦ ૧૩
પોતે યાચ્યા પણ દાસની, કીધી યાચના દૂર;
ક્ષત્રિય રૂધિરના કુંડમાં, તીરથ કીધાં ભરપૂર. અ૦ ૧૪
શાપાંકીતને ઘર અવતરચા, થઇને દશરથ સુત રામ;
કંઇના શાપ શમાવિયા, નિત્યેં જપતાં જયે નાંમ. અ૦ ૧૫

પોતે દુઃખિત થઈ દાસના, કીધાં કંઇક કલ્યાણ;
રૂપે રોકાઈ નાંમથી; તારયા જલમાં પાષાણ. અ૦ ૧૬
પોતે સ્રીને પરતંત્ર થઈ, તારયા સ્રીના પરતંત્ર;
ઉંચ કુળમાં હે અવતરી, માંન્યા મરકટના મંત્ર. અ૦ ૧૭
કૃષ્ણ થઇનેરે શુભ્રતા, કીધી દાસોને તર્ત;
ઇશ્વર થઇનેરે ગોપીને, ઘર ઘર કીધાંરે નર્ત. અ૦ ૧૮
ગો ગોપીને માતા કરી, પીધું સ્તન પયોપૂર,
પુનરપિ પીવું સ્તનપાનનું, કીધું દાસોનું દૂર. અ૦ ૧૯
નિર્બંધન થઇ બંધાઇયા, પોતે દામથી દેવ;
જનને બંધનથી છોડિયા, જોતાં જોતાં તત્ખેવ. અ૦ ૨૦
સવિતારૂપ થઇ અંબરે, ભ્રમણ કરોછોજી નિત્ય;
ભ્રમવું ભાગો છો ભક્તનું, પુરણ રાખીને પ્રીત્ય. અ૦ ૨૧
દેવ તણા તમે દેવ થઈ, આપે અચ્યુત અવિનાશ;
અંતઃકરણે છાના રહી, કીધા ભક્ત પ્રકાશ. અ૦ ૨૨
જન્મરહિત છો આપે સદા, તોપણ અખિલ અવતાર;
લિધા દાસને કારણે, મનનાં માન્યાં મોરાર. અ૦ ૨૩
જેની માયાએ જણવિયું, જૂદા સરખું આ જક્ત;
તોપણ જાણી કોય નવ્ય સકે, સમજે વિરલા કોય ભક્ત. અ૦ ૨૪
શા શ્યા ગુણને હું વર્ણવું, મુખમાં રસના છે એક;
ગહન ગતીરે ગોવિંદની, કેટલાં જાણું વિવેક. અ૦ ૨૫
કરૂણા સિંધુ કરૂણા કરી, પ્રીત્યે દીજે વિશ્વાસ;
કૃષ્ણરામને માંનજ્યો, કૃષ્ણદાસનો દાસ. અ૦ ૨૬

વિ૦ ૬, પા. ૧૮

કીર્ત્તન ૧૦૭ મુ.

અભંગ.

મંગળ મૂર્ત્તીના, ચરણ સરોજને,
વંદુ મનોજને, પૂર્ણ થાવા;
રથાંગ પાણીને, શીશ સદા નાંમું,
શીઘ્ર જુવો સાહામું, સેવકને. ૧
ઉત્તમ શ્લોકના, જે છો શિખામણી,
ઈછું હું આપણી, પ્રતીતિને,

પવિત્ર કીર્ત્તી જ્યે; મંગલ નામધેય,
સાધે સકલ શ્રેય, જેનેં નામેં. ૨
દિગ્વિતાન સમો, યશ જેહેનો જાણીને,
મન તનું વાંણીને, સૂપ્યાં તેહેનેં,
કોટિ કોટિ કલ્પ, કેરાં કલી મલ,
દીનના વત્સલ, કાપો માહારાં. ૩
આર્ત્ત જાણી માહારી, આર્ત્તિયો નીવારો,
કૃષ્ણ કરણ ધારો, વીનતીને,
કૃષ્ણરામ યાચે, કૃષ્ણની પ્રતીતિ,
આપો કરી પ્રીતિ, શરણાર્થિનેં. ૪

વી૦ ૭ પા૦ ૧

કીર્ત્તન ૧૦૮ મું.

અભંગ.

શ્રી રમાનાથનાં, વંદુ ચરણ પદ્મ;
જેથિ હૃદય સદ્મ, શુદ્ધ થાય.
અનાથ બંધુનો, ઇછું હું અવલોક;
જેણું શમે શોક, સર્વ સાથ્યે. ૧
પ્રાણજીવન તણી, પામું જો પ્રતીતિ;
ભાગે માહા ભીતિ, વિયોગની;
જગદઘહારિણિ, કીર્ત્તિ જેની જાંણી;
વેદેં જ્યે વિખાંણી, તેનેં ગાંઉ. ૨
આપી અનૂપમ, તરવાનિ આ તક;
કીજીયે સાર્થક, શીઘ્ર તેહેને.
દિવ્ય પદાર્થના, છો તમે દાતાર;
તમના ત્રાતાર, એક આપેં. ૩
ચંદ્ર ચકોરને, અમૃત જ્યમ આપેં;
તે ન તપે તાપે, અગ્નિ ચરતાં.
એમ તમારાથી, કરૂણા કટાક્ષનેં;
પાંમિ પ્રત્યક્ષનેં, સુખે રહું. ૪
કાતર્યતા માહારિ, ભક્તાવત્સલ ભાગો;
હવેં રખે ત્યાગો, ગરીબનેં.

કૃષ્ણુરામ તણી, વિનતિ સાંભળો;
મેહેર કરીને મળો, વેગેં વેગે. ૫

વિ૦ ૭, પા. ૨.

કીર્તન ૧૦૯ મું.

અભંગ.

તવ પદ પંકજ, મકરંદનો વાત;
ઇછું હું સાક્ષાત, ઘ્રાણેં એહેવો.
નખમણી શ્રેણિની, ચંદ્રિકા શીશીર;
ઇછું હ્રુદી સ્થીર, થાવી માહારે. ૧
ભૂરિ પૂણ્યવંતેં, અરપ્યાં તુલશી દામ;
શીશ વેહેવા કામ, ઇષિદ્દિચ્છુ઼ં.
પદ્મ દ્વજાંકુશ, વજ્રાદિ ચિહ્નિત;
ચરણ તલે ચિત્ત, ચોટયૂં ચ્યાં હું. ૨
શ્રી રમા રાંણિ તે, સૌભાગ્ય સૂંદરી;
ચાપલ દુર કરી, જેહેને પૂંજે.
જે પદ પદ્મની, પુણ્ય રજો મીશ્ર;
ગંગા કરે તીસ્ર, લોક શુદ્ધિ. ૩
જન્મ અનંતથી, પકવ સમાધીયેં;
લીન ઉપાધીયેં, યોગી જાંણે.
શ્રેયો સકલ તણું, પ્રાગટ્ય જ્યાંથી બને;
એહેવા અલૌકિકનેં, આલોકાવો. ૪
કૃષ્ણ કૃપા કરી, નિજ પદ નિરખાવો;
તત્પનેં શૂં તાવો, દીનબંધો;
કૃષ્ણુરામ તણી, વેગેં કરો વાહાર;
કહું કેટલી વાર, સર્વજ્ઞનેં. ૫

વિ૦ ૭, પા૦ ૨.

કીર્ત્તન ૧૧૦ મું.

અભંગ.

ઇછું પદાંબુજ, પલાશિનિ છાયા;
આશ્રિતની માયા, નિવારિણિ.

તાપેંથી તમને, તાપ હારિ છત્ર,
તવ પદાત પત્ર, શીશે ધારો. ૧
વ્યવધાન વ્યાધીને, સદ્ય શમાવાને;
સ્મૃત્યૂપજાવાને, વૃત્તી પ્રેરો.
મમ મનો વિષ્ટર, કરિનેંકા શીઘ્ર,
પ્રગટ બનો વિષ્ણું, દ્રષ્ટે દેખું.. ૨
મમાંતરાધિનું, નિર્મૂલન કરવા;
શીશે હસ્ત ધરવા, વેગે આવો.
ભક્ત સ્વપેક્ષિત, લીલાકૃતી ધરીને;
આવો કૃપા કરિને, આલોકું હું. ૩
અમોઘ વાંછિતે. આ તનું જ્યે આપી;
આતુર અદ્યાપી, વીયોગેંથી.
કાંતારને જ્યમ, ધુમકેતુ દ્દવક્ષે;
એમ અપ્રત્યક્ષે, દાઝે તનું. ૪
અચિંત્યમાયાની, કલના બને કયંમ;
ચાલે ન ઉદ્યમ, માહારો કીધો.
કરૂણા કટાક્ષને, કૃષ્ણરામ ઇછે;
પ્રતીતિયે પ્રીછે; આપો ત્યાહારે. ૫

વી૦ ૭ પા૦ ૨

કીર્તન ૧૧૧ મું.

અભંગ.

કંજ નયન કૃત્તી, વાસના સનમીત્ર,
પાવન ચરીત્ર, પૂણ્ય કીર્ત્તિ,
ગોદ્વિજ ભૂમી, સુરાર્ત્તિ નિવારક,
ઉદ્ધર્મ હારક, જન્મ જેહેના. ૧
શ્રીલલામતીર્થા, સ્પદ પદ પદ્મ,
ભક્ત હ્રદય સદ્મ, વિભાસક,
અચિંત્ય શક્તિ, અજેય અનંજન,
ભવ ભય ભંજન, સ્મર્ણ માત્રે. ૨
અકુંઠ બોધ, ચરાચર વિજ્ઞાતા,
નિર્ભય પદ દાતા, ધ્યેય મૂર્ત્તિ,

ભક્ત મનોરથ પૂરક, કલ્પતરૂ,
જક્ત ગુરૂના ગુરૂ, કંજનાભ. ૩
ચરાચર ધ્યક્ષ, પ્રધાન પુરૂષેશ,
રામ રૂષીકેશ, સર્વ સાક્ષી,
સચ્ચિદાનંદ, સતાં પતિ શ્રીકાંત,
વર્ણિત વેદાંત, ક્ષાંતી રાશી. ૪
તે પ્રભુનાથ, પ્રતીતિ મુંને આપો,
અંત સ્તિમિર કાપો, કૃપા કરી,
કૃષ્ણ સખા કૃષ્ણરામ, નં કહો માહારો,
દુસ્તર ભવ તારો, હાથે ગ્રહિ. ૫

બિ. ૭ પા. ૩

કીર્ત્તન ૧૧૨ મું.

અભંગ.

નંદના નંદન, ગોપીકા વલ્લભ, સંતને સુલ્લભ સંતાપતી,
બિનતીયો તણો, ઉત્તર કાંઈ આપો,
કષ્ટ સકળ કાપો પ્રતીતિથી. ૧
કયાંહાં સુધી કૃષ્ણના, વેઠું વિયોગનેં,
હ્રૃદયના રોગનેં, કયમ સહું,
દીન દયાલનેં, કાં અજી નાવે દયા,
કેશવજી કયહાં ગયા, મુજનેં મૂકિ. ૨
આંતરિ પેશીને, શૂં અજી છાંના રહો,
કૃષ્ણજી કાં ન કહો, જવાપ કાંઈ,
વાટય જુવું છું હું, વ્યગ્ર થઈ ચિત્ત,
વપુનું વહ્યું વીત્ત, ચિંતા વેગેં. ૩
કાળ ભુજંગની, લાગે સદા ફૂંકો,
દેહ દુઃખે સૂકો, તત્પ થઈ,
એકાદિ અવસરે, કાળ લેશે ગ્રાશી,
વિયોગ દુઃખ રાશી, ભાગ્યાં વિના. ૪
કૃષ્ણ તણો જે હું, કેહેવાયો લોકમાં,
પડતાં વનૌકમાં, તમને હાશી,
સત્ય સખા જાંણી, જયે હું શરણ આવ્યો,

ભ્રમ તણો ભ્રમાવ્યો, જાઇશ જો. ૫
પાપિ પાવન પેલું, બિરૂદ તે કયમ રેહેશે;
કોણ પછી કેહેશે, શર્ણ વત્સલ.
બિરૂદ બલીષ્ટનું, જુઠાપણું ઠરશે;
હાશી પછી કરશે, મોટા મુનિ. ૬
એહેવું વિચ્યારીને, હાથ માહારો પકડો;
પત્ર લિખી કકડો, પઠાવોજી,
પ્રગટ થઈ પ્રભુ, કીજે માહારિ પક્ષ;
પ્રતીતિ પ્રત્યક્ષ, વેગે આપો. ૭
સંવત્ અઢારસેં, સીત્યરના વરસેં;
શાકે સત્તરસેં, છત્રીસના,
જેષ્ટની શુદ્દ, તૃતીયા રવીવારેં;
વીનતીયો ત્યારેં, લખાઇ છે. ૮
વીનતીયો સર્વે, વાંચજ્યો વિશ્વપતી;
હુવે થઇ છે અતી, વેગે આવો.
વિયોગ વન્હિયેં, ચિત્ત થયું તાતું,
રહ્યું નથી જાતું, કૃષ્ણરામે. ૯

વિ૦ ૭ પા૦ ૩

કીર્તન ૧૧૩ મું.

દેશી દેર.

શ્રી હરજી ઉગારોરે, તો ઉગરિયે આ ભવથી,
નહિતર નથી આરોરે, દહિયે છે ત્રિવિધ દવથી. ૧
બચી રહ્યો છું પંચ વિષયમાં, નથિ નિવૃત્તિનો લેશ,
કૃષ્ણ વચનનું કહ્યું નથિ કરતા, આજ્યે કરિયે છે વેશ;
ખોયો જન્મારોરે, લુંટાયો છું લોક લવથી. શ્રી. ૨
દશે ઇંદ્રિયો દુશમન થઈ લાગ્યાં, નિત્ય નવી કરે હાણ્ય,
એકલડા મનને અથડાવે, કરિને તાણા તાંણ્ય;
એક જો સુધારોરે, તો નથિ ડરતા નવથી. શ્રી. ૩
અનેક કલ્પ થયાં અથડાતાં, અજી ન પામિયે પાર,
કઉતુક સકળ ભૂવનનાં જોયાં, તોહ્યે અજી જોયાનો વિચાર;
તૃષ્ણાનો પસારોરે, શમાયે ન વાસવથી. શ્રી. ૪

તો કુંણુ રંક અમે પ્રાંણિ પ્રલયના, ક્યમ કરી છુટિયે પાશ,
પતિત પાવન નાંમ સાંભળિને, છે તુમ તણો વિશ્વાસ;
વચન વિચ્યારોરે, જ્યે બોલ્યાં છોજી ઉદ્ધવથી. શ્રી ૫

રખે માહારાં કર્મ જુવો કેશવ છો, શરણુંાગત વિશ્રામ,
કૃષ્ણરામને તારો કૃપાનિધે, પાળો પોતાનુ નામ;
આશરો તમારોરે, માંન્યો છે મોટો મેં સરવથી. શ્રી. ૬

વી૦ ૭ પા૦ ૪

કીર્ત્તન ૧૧૪ મું.

કૃપાયેં અધિકારીરે, કિજે મુંને કેશવજી;
વૃત્તી જેંણેં માહારીરે, ભરૂંસે તમનેં સકે ભજી. કૃ૦ ૧

ભૂત ભાવિ વર્ત્તમાન ભૂતોનાં, જાણિ સકૂં હું જયંમ,
જ્યે જયમ ત્યમ ઓળખાયા પછી મુંને, ઉકલે શુભ ઉદ્યંમ;
હઠીને ખસે હારીરે, મોહાદિક મુજને તજી. કૃ૦ ૨

કાળ કરમ ને સ્ભાવ વાસના, ઓળખું હું તેનાં રૂપ,
અસંભાવના ઉખડી જાય પછી, ચિત્ત ચિંતન કરે ચ્યૂપ;
ખુશિની ખુમારીરે, હૃદયમાં રહે રજી. કૃ૦ ૩

વિષય તણાં વિષ જાયેં ઉતરી; ઉપજે કથાનો સ્વાદ,
વિપરીત ભાવના, વીસમતાં પછી, ઉદય બને અલ્હાદ;
ધારણાયેં ધારિરે, સ્વામી શું નિત્ય રહું સજી. કૃ૦ ૪

કલિમલ કેટી કલ્પના બળતાં, પ્રીત્યેં ભજું પ્રારબ્ધ,
આગંતુક અવળાં ઉપજેં નહિ, લક્ષ્ય બને જ્યારે લબ્ધ;
કરૂણા તમારીરે, થયેથી સકું રૂપ સમજી. કૃ૦ ૫

આ અરજી મજ અરભકની તમે, કેશવ ધરજ્યો કાંન,
કૃષ્ણરામ તવ કરૂણા ઇચ્છે, ભક્તિ થવા ભગવાન;
તારવાની તઇયારીરે, મુંને કરો માધવજી. કૃ૦ ૬

વી૦ ૭ પા૦ ૫

કીર્ત્તન ૧૧૫ મું.

પ્રતીતિ એહેવી આપોરે, મન માહારૂં જેથી માંને;
કલિમલ કાપોરે, ગમ્ય ઉઘાડીનેં જ્ઞાનેં. પ્ર૦ ધ્રૂ. ૧

સેવા તમારી સફળ સદા એમ, વદે છે વેદ પુરાણ,
સ્વાત્મા સુહૃદ સખા સાક્ષિ તમે પ્રભો, નિખિલના છો નિર્વાણ;
અધ્યાસ ઉત્થાપોરે, ધણિને જ્યમ ધારૂં ધ્યાંને. પ્ર. ૨
કિંકર કેરા કોશ કરમના, જોવા ન જગદાધાર,
માફ કરો મેહેરબાની કરી હવે, અજ્ઞના અધમોદ્ધાર;
તપ્યાને વળી તાવોરે, શમલનાહારી શાંને. પ્ર. ૩
નાંમના અક્ષર લેખથી તરિયા, પયોનિધિયે પાષાણ,
તેહેવા તારક નામને રટતાં, કયમ ન બને કલ્યાણ,
મનને મેળાપોરે, બલીષ્ટને માંની બાંને. પ્ર. ૪
આધિ ખસે અકળામણ ઉરની, સ્વામિનો સમજી સ્નેહ;
સાર્થક પામે સ્મરણ કરંતાં, દુર્લભ આહાવો દેહ,
વૃત્તીયોને વ્યાપોરે, જે તણાયે ન બીજે તાંને. પ્ર. ૫
કાલાવાલા કરી નિત્ય કરગરૂં, સાંભળા લીજે સંભાળ,
ઉત્તર આપો અરજીયો કેરા, પ્રણત જનોના પાળ,
સ્થિર કરી સ્થાપોરે, જ્યે કૃષ્ણરામ ગાયે ગાને. પ્ર. ૬

વી૦ ૭ પા૦ ૫

કીર્ત્તન ૧૧૬ મુ.

દેશી ફેર.

ઘણી થઇ છે ગરીબને ગોવિંદજી,
માહારા બાપ કાં જવાપ ન આપો અજી,
શું અગમ્યને ગમ્ય વિના ગાંઉં,
તજી કૃષ્ણ સતૃપ્ણ હું કયહાં જાઉં. ઘ. ૧
મહા મોહ વિછોહથી કયમ ભાગે,
ઘો પ્રતીતિ તો પૂર્ણ રતી જાગે,
પૂર્ણ કાંમ શું વાંમ વહો મુજથી.
શું રિસાળ થશ્યો તજશ્યો ભુજથી. ઘ. ૨
ક્ષમો વંક હું રંક રટું તમને,
થઇ નાથ ન હાથ સુપો યમને,
પ્રતિપાળ કરાલ ન દ્રષ્ટિ કરો,
જોવા કર્મ તજી સખા શર્મ ધરો. ઘ. ૩

સુખ રાશિ ઉદાશિ શમાવો હરી,
ધરો હસ્ત અઘોઘ નિરસ્ત કરી,
અનુકુળ થઇ દુઃખ મૂળ દહો,
કૃષ્ણરામનો હાથ શ્રીનાથ ગ્રહો. ઘ. ૪

વિ૦ ૭ પા૦ ૬

કીર્ત્તન ૧૧૭ મું.

ક્યારે. બોલશ્યો કરૂણા સિંધુ હરે, આશ્રિતના ઉરની જાણી અરે,
નથિ રંકનું મન નિશ્ચલ રેહેતું, લક્ષ્મીવર લક્ષ્ય નથી લેહેતું,
ક્યારે. ૧

ઘણા કાળ થકે જે વિયોગ પડયો, સતસંગતિ દ્વારાયે શોધ જડયો,
સખા સતચિત આનંદ રૂપી લહ્યા, હવે શોકાદિક કયમ જાયે સહ્યા.
ક્યા૦ ૨

પ્રભોનાથ થકે પ્રતિતી ઇચ્છું, હું પ્રત્યક્ષ પરોક્ષને કયમ પ્રીછું,
નથિ ઉરની અકળામણ મટતી, રમાનાથને વૃત્તિ સદા રટતી.
ક્યા૦ ૩

હવે જ્યે ઘડી જાય તે યુગસરખી, પ્રભુનાથ તમે જુવો મન પરખી,
સરવજ્ઞ સખા સઘળું જાણો, આશ્રિત ઉપર કરૂણા આણો. ક્યા૦ ૪

રમાનાથ હવે નથી જાતું રહ્યું, દિલ દાઝે વિયોગને દુઃખે દહ્યું,
પુરૂષોત્તમ પીડ્ય તમે પરખો, કરી નેહ નજર મુજને નિરખો.
ક્યા૦ ૫

હવે કિંકરને કરૂણા કરવી, અમૃત નજરે આપત હરવી,
પ્રભૂ જોર ન કાંઈ જીવનું ચાલે, તોહ્યે બિરૂદ શુંણી મનડું માહાલે.
ક્યા૦ ૬

કૃપણોના વત્સલ કૃષ્ણ સખા, તમે અંગિકૃતોના અંગ રખા,
એવી હુસ્ય ઉઠે માહારે હઇયે, એકવાર મુંને માહારો કહિયે.
ક્યા૦ ૭

જગજ્જીવન જો જુવો મજ સાહામું, તોતો પ્રબળ પ્રતિતી હું પામું,
નથિ કૃષ્ણ અશકય કશું તમને, અલબેલા ન અથડાવો અમને.
ક્યા૦ ૮

તમે જેહ કરો તે સર્વ બને, માહારા નાથ પ્રતિતી ઘો મુજને.

કરિ ઓળગો કૃષ્ણુનિ સત્ય ઠરે, એમ વેદને શાસ્ત્ર સકલ ઉચ્ચરે.
કયા૦ ૯

માહારિ કરણિ ન નાથ હવે જોવી, ખુશિ થઇ ખળતા મનની ખોહોવી,
નિરખી સહુ શાસ્ત્રતણો નિરણે, પ્રભુનાથ હું આવ્યો ચરણ શરણે.
કયા૦ ૧

વેગે વાહાર કરો વાહાલાજી હવે, દયાસિંધુ ન દાસને નાંખો દવે,
શરણાગત વત્સલ બિરૂદ વહો, કૃષ્ણરામને કાંઇક પ્રતિતી કહો.
કયા૦ ૧૧

વિ૦ ૭, પા. ૬.

કીર્તન ૧૧૮ મું.

કરૂં કેટલી વીનતી કેશવજી,
કોણ ધ્યાંનથી કાંન સુધા છે અજી;
ગુણ ગાંઉં તોહે શરમાંઉ ઘણો,
અજી જવાપ ન પાંમ્યો અમાપ તણો. કરૂં. ૧
નિજ અંશ ભજ્યે જ્યો વિભ્રંશ થશે,
માહારાજ તમારી લાજ જશે;
વિરહાનલ પ્રબળ નડે મુંજને,
તેની શાંતિ કરોજી ધરો ભુજને. કરૂં. ૨
ગુનેગારના વંક અપાર હશે,
કરચે કરૂણાથિ ત્રિગુણા સમેત જશે;
હરે સ્વામિના કામિના કામફળો,
સુખ શશિ સુદ્રષ્ટિ વિકાશિ સળો. કરૂં. ૩
કોણ ઉદ્યમથી પ્રીય તમને મળ્યું,
અકળીત અજીતને કયમ કળ્યું;
થયો શર્ણ તેનું આવર્ણ કટે,
કૃષ્ણરાંમથી વાંમ ન વેહેવું ઘટે. કરૂં. ૪

વિ૦ ૭, પા. ૮

કીર્તન ૧૧૯ મું.

દેશી ઢેર.

આવિયે બંધુ અનાથના, દાસને દરશન દેવારે;
પ્રણત જને કરિ પ્રાર્થના, સફળ થવા તેની સેવારે. ૧

ચંદ્ર ચકોરની ચ્યાહના, સફળ કરે છે જ્યંમ સાચેરે;
ચાતક જ્યમ જલ વાહના, નીરને લેવાને યાચેરે. ૨
એમ પ્રીયંકર નાથની, પ્રબળ પ્રતીતિયે યાચુંરે;
સેવક જનના સાથની, સફળતા સાંભળી રાચુંરે. ૩
હું એક કયંમ અભાગિયો, હરજીના હેતને ન જાણુંરે;
તાત શું મુજને ત્યાગિયો, તરવાનું આપીને ટાંણુરે. ૪
ધિક્ પડો જીવવું માહારૂં, ત્રિવિધના તાપનૂં તાપ્યુંરે;
જગંદાધારનું જાહારૂં, હેત ન હૃદયામાં વ્યાપ્યુંરે. ૫
પ્રાર્થના કંઇક પ્રકારની, કીધિ તે બડબડમાં ખપશેરે;
ગોવિંદના ગુનેગારની, વૃત્તીયો વિકળ થતી જો તપશેરે. ૬
સેવા જયે સચ્ચિદાનંદની, પ્રણતના પાળની પ્યારીરે;
અચ્યુત આનંદ કંદની, તમને જો ન સકે તારિરે. ૭
જેવો તેહેવો પણ આપનિ, ઓશ્રમાં આશ્રિતને સ્થાપોરે;
કૃષ્ણરામ તણા તાપનિ, શાંતિ થવા પ્રતિતી આપોરે. ૮

વિ૦ ૭, પા. ૮

કીર્તન ૧૨૦ મું.

કોણ સાધન કરૂં કૃષ્ણને, મળવાને કારણે માહારેરે;
વીનતિ કરૂં છું વિતૃષ્ણને, કરૂણાથી બોલશ્યો ક્યાહારેરે. ૧
કૃપણ જનો તણા વત્સલ, દીનના બંધૂછો દેવરે;
નિર્બળ જન તણા છો બલ, તારવાની તમને ટેવરે. ૨
ગૌ દ્વિજ ભૂમિના પાળક, અશરણ શરણ તમે આપરે;
દૂષ્ટતાના નિર્દાલક, પ્રગટ તમારો સિદ્ધ પ્રતાપરે. ૩
પતિત તણા તમે પાવન, ઉત્તમ શ્લોક તમે એહેવારે;
નાથજી જનના નિભાવન, સુખની સીમ તમારી સેવારે. ૪
સેવકને છો સુલભ સદા, દુષ્ટથી દૂર છો દાહાડીરે;
અંગિની ટાળવા આપદા, જવનીકા દૂર કરો જાડીરે. ૫
વિકલ જાણિ ન વિસારશ્યો, સેવકને સુખના રાશિરે;
પ્રતીતિ દેવાને પધારશ્યો, કો સમે કમનીયતા કાશીરે. ૬
વિયોગ વહ્નિ બુઝાવવા, મેઘ ગંભિર યા વાચારે;
બોલશો બિરૂદ બતાવવા, સેવકને સ્વામી સાચારે. ૭

તે દિન ક્યાહારે દેખાડશો, રંકની રીર શુણી રાજારે,
કીચ થકી જ્યારે કાહાડશો, મહિમાનિ રાખવા માઝારે. ૮
પ્રીત્યેં પ્રતીતિ બતાવિયે, ભ્રાંતનાં સાધનસ્યાં ભાળોરે;
આર્ત્તિયો અખિલ શમાવિયે, કૃષ્ણરામની કૃષ્ણ કૃપાળોરે. ૯
વી૦ ૭ પા૦ ૯

કીર્ત્તન ૧૨૧ મું.

કૃષ્ણ કૃપાલ કૃતજ્ઞને, ચરણ નમાવું છૂં શીશરે;
આકુંળ જોઈ મજ અજ્ઞનેં, સખ્યપણું જણવો શ્રીશરે. ૧
ચેન પડે નહિ ચિત્તનેં, પ્રભુની પ્રતીતિયો પાખેંરે;
નિઃશંક થાવા નિમિત્તનેં, અવલોકિ જોયું મેં આંખેંરે. ૨
નાગલોક સુરલોકનેં, જીવ જે યત્ન કરી પાંમેરે,
જન્મ મરણ ભય શોકનેં, વિવિધ વિકલ્પનેં ન વાંમેરે. ૩
અષ્ટ મહા મળેં સિદ્ધિયો, સુર સઘળાં હોયેં સ્વાધીનરે,
માયિક સ્વપ્ન શી રીદ્ધિયો, કાળનેં વેગેં બનેં લીનરે. ૪
પશ્ચાતાપ પછી બને, મરણના મુખથી ન નિકળાયરે;
કૃષ્ણ શરણ વિના જીવનેં, નિર્ભય થાવાનો ન ઉપાયરે. ૫
સંત સમાગમે સાંભળ્યું, બિરૂદ તમારૂં તેહ બલીષ્ટરે;
મન માહારૂ તુમ પાખેં વળ્યું, ચરણ શરણ આવ્યો હું કિલષ્ટરે. ૬
અનેક આપદો વેઠીયો, વિષ્ણુથી વિમુખ વહી વાંમરે,
વાસના ચિત્તમાં પેઠિયો, લાધ્યો ન ઠરવાનો ઠામરે. ૭
અખિલ અનિષ્ટનેં છૂટવા, આવ્યો છું શ્રીપતિનેં શરણરે,
તૃષ્ણાનિ તંતીયો ત્રૂટવા, શુદ્ધ થવા અંતઃકરણરે. ૮
કરણિ હવે જોશો નહિ, શરણના વત્સલ સ્વામીરે,
સ્થિર મન માહારૂં રહે સહિ, હરિજો એટલિ ભરો હાંમિરે. ૯
હું છુ ધણિ તુજ મસ્તકે, ડર કાં ધરેં છેં તૂં દાસરે,
એટલુ કહો જો આ તકે, તો મુને ઉપજે વિશ્વાસરે. ૧૦
દિવ્ય દ્રષ્ટિ થયે ગમ્યથી, ગુણ ગોવિંદના ગાઉરે.
ઇછું પ્રતીતિ એ રમ્યથી, આપો તો કૃત કૃત્ય થાઉરે. ૧૧
એ વિના ચિત્ત ન સ્થિર ઠરેં, વેદના કહો કયમ વાંમુંરે,
કૃષ્ણરામ નિત્ય કરગરે, કૃષ્ણ કૃપાળ જુવો મજ સાહામુંરે. ૧૨
વી૦ ૭ પા૦ ૯

કીર્ત્તન ૧૨૨ મું.

આજ શું આળસ આણિને, નાથ નમેહેરા થઈ બેઠારે,
જડ જન મુજને જાણીને, પ્રભુ કયહાં પરોક્ષ થઇ પેઠારે. ૧
કેટલીક અરજીયો ગાઇને, કિંકરે કૃષ્ણાર્પણ કીધીરે,
રશિયા સકે રિસાઇને, લક્ષ્ય ધરીને તે નવ્ય લીધીરે. ૨
કૃપણ વત્સલ કેહેવાઓ છો, પતિતના પાવન પોતેરે,
વિકળ જાણિને શું વાહો છો, યદુપતિ જન સઘળા જોતેરે. ૩
આમ ઘટે નહિ ઇશિને. નાથ અનાથના બંધુરે.
શરણ આવ્યો નાંમિ શીશને, અવલોકો કરૂણાના સિંધુરે. ૪
ગાતાં ન મુજને આવડે, ગુણ ગંભિર તમારા ગાજીરે,
અવ્યક્ત કયમ નજરે પડે, રંક જાણિને થાઓ રાજીરે. ૫
શેષ સહસ્ર મુખે કરી. નિત્ય નવિન ગુણોને ગાયરે,
વેદ વદે વિધિ વિસ્તરી, તોપણ પાર ન તેહેનો થાયરે. ૬
હું કોણ માત્ર તે આગળે, ગાઇ સકું શું ગુણસાગરનેરે,
મન માહારૂં ત્યારે ભાગળે, સત્ય સખા માને શ્રીધરનેરે. ૭
બોબડું બોલવું બાળનું, તોપણ તાતને તે પ્રીય લાગેરે,
બિરૂદ પ્રણતના પાળનું, જાણિ હું એમ બોલું તુમ આગેરે. ૮
વાટય ન ઉઠે વરણવ્યું, કૃષ્ણને કિંકરે જયે અરપ્યુંરે,
કાલાવાલા જાણિને કવ્યું, સત્ય સખાને સ્વરૂપ સમર્પ્યુંરે, ૯
દીનદયાલ દામોદરા, મીષ્ટ નજર કરીને ન્યાહાળોરે,
ગુણ ગાયા જે ખોટા ખરા, અંગિ કરીને પ્રણતને પાળોરે. ૧૦
એક તમારો છે આશરો, યદુપતિ જન મુજને જાણોરે,
પ્રભુજી રખાવિને પાંશરો, અજ્ઞ ઉપર કરૂણા આંણોરે. ૧૧
આવર્ણ આઘું ખસેડીને, ખુશ થઇને પરદો ખોલોરે,
અભે ને અંકમાં તેડીને, બાપ માહારા મુજ શું બોલોરે. ૧૨
ગોવિંદજી ઘણી થઈ હવે, આતુરતા જાણી આવોરે,
કૃષ્ણરામ નિત્ય વીનવે, એકવાર માહારો મુજને મનાવોરે. ૧૩
વી૦ ૭ પા૦ ૧૦

કીર્ત્તન ૧૨૩ મું.

દેશી ઉપર.

જયે કરો તે થાય, હરિ તમે જયે કરો તે થાય.
કર્ત્તું અકર્ત્તું અન્યથા કર્ત્તું, શકય તમે સર્વદાય. હરિ. ૧

જીવ જવનિકાયેં આવરયોતે, કયમ સમઝે કલનાય,
હું કરતા એમ માંની હઠયથી, અંતે અતિ અકળાય. હરિ. ૨
જીવથી જેટલું બની સકે તે, સ્વામિની સહુ સત્તાય,
પરાધીન શું કરે પરાક્રમ, જંજાળે જયે જાય. હરિ. ૩
જ્ઞાનભક્તિ નેં વિરક્તિ તે, શઠથી કયમ સધાય;
ભૂત ભાવિ જયે ભૂતોનાં તે, આવરયે કયમ ઓળખાય. હરિ. ૪
ધારયું કયમ હોય જીવનું સર્વ, હાથ તમારે દાય;
અંતર્દ્રષ્ટિ ઉઘાડવા તમે, કૃષ્ણ કરો કરૂણાય. હરિ. ૫
પ્રણુતપાલ પ્રસાદ તમારે, આઘાં ખસેં અંતરાય,
ઐશ્વર્ય સઘળાં ઉઘડે જ્યારે, શ્રીધર કરો સહાય. હરિ. ૬
એવું જાંણિ તમને આરાધું, નાથ નમી નિત્ય પાય;
કૃષ્ણરામની કળ ઉઘાડો; ઝટ દેઈ યાદવરાય. હરિ. ૭

વી૦ ૭ પા૦ ૧૫

કીર્તન ૧૨૪ મું.

મજ સરખો મતિમંદ, નથિ કોય મજ સરખો મતિમંદ. ધૃ.
દુર્લભ દેહ જયે આપ્યો તે, ખોયો મેં કરતાં ફંદ. નથિ. ૧
લોક લવ કરતાં લુંટાયો, ગાયા ન મેં ગોવિંદ;
ધર્મ ધુરીણનું ધ્યાન ન ધાર્યું, ધસતાં ઘરનેં ધંદ. ન. ૨
સંતની સંગતિ સાધિ ન કદિયે, આદરયે ક્ષુદ્રાનંદ;
જ્ઞાનગતિ વિના ગ્રહિ શકયો નહિ, ચરણ કમળ મકરંદ. ન. ૩
કથામૃત રસ કર્ણ ધરયો નહિ, સેવતાં વિષયી વૃંદ;
નારિ નાણાં માટે નૃત્ય કરંતાં, સેવ્યા ન સુખના કંદ. ન. ૪
પતિત પાવન નાંમ સુણિને, શરણ છું તમનેં મુકુંદ;
કૃષ્ણરામનો કર ધરો હવેં, વેગે વૃંદાવન ચંદ. ન. ૫

વિ૦ ૭, પા૦ ૧૫

કીર્ત્તન ૧૨૫ મું.

રાખશો ત્યમ હું રહિશ, હરિ મુંને રાખશો ત્યમ હું રહિશ.
તારશ્યો તો તરિશ હું સેહેજ્યે, વેહેવાવશો તો વહિશ. હરિ. ૧
સાધનની નથી સાંન મુજને, શો ઓશંકલ થઇશ,
રામ કૃષ્ણ ગોવિંદ એટલું ગ્રેહેવાવશ્યો તો ગ્રહિશ. હ. ૨

લક્ષ્યનાથની નિર્મળી જો, લેહેવાવશ્યો તો લહિશ;
વિયોગ વન્હિહનિ વેદના જો, સેહેવાવશ્યો તો સહિશ. હ. ૩
સત્ય સખાને શરણ આવ્યો, જંજાળે કયમ જઈશ;
કૃષ્ણરામ હું કૃષ્ણ પાખે, કો આગળ દુઃખ કહીશ. હ. ૪

વિ૦ ૭, પા૦ ૧૬.

કીર્ત્તન ૧૨૬ મું.

તમસે જયે ગમે તે ખરૂં. ધ્રૂ૦ ત૦
કોય પ્રકારે યત્ન કરે પણ, તેથી ન હોયે પરૂં, ત૦ ૧
કાળ કહે હું કલ્પ ઘણો પણ, દામોદરથી ડરૂં;
ભિષ્મનું મરણ મેં પાછું બોલાવ્યું, આજ્ઞા એમ અનુસરૂં. ત૦ ૨
મઘવાયે મદથી વિચારચું જે, ગોકુલ જલથી ભરૂં;
અંબુદ અંતર્ધાન કરી તમે, ગિરધર રાખ્યું નરૂં. ત૦ ૩
સુપર્ણે સંકલ્પ કરચો તો જયે, કાલિય નાગને ચરૂ;
તે શિરતવ પદ લાંછન જોઈને, આપે કહે ઓસરૂં. ત૦ ૪
દુર્યોધને દિલ ધારિયું જયે, કૃષ્ણાનાં વસ્ત્ર હરૂં;
ચીરના ઢગ જોઈ કહે હવે, જો છેડું તો હું મરૂં. ત૦ ૫
પ્રલ્હાદજીના પિતા કહે જયે, કુંઅર કડકા કરૂં;
સ્તંભથિ નિકળ્યું રૂપ જોઈ કહે, હું હવે નહિ ઉગરૂં. ત૦ ૬
પારથ પાપ જાણી કહે, હું યુદ્ધથી પાછો ફરૂં;
તેહેને કર કૈરવ હણાવ્યા, ગોવિંદ થઇને ગુરૂ. ત૦ ૭
માટે મુજને માહારો કરો તો, પડે સહુ પાંશરૂં;
ગાંજયો કેહોનો જાઉં નહી પછિ, વૃત્તિથી તમને વરૂં. ત૦ ૮
પોતે પોતાનાં પાપ પ્રીછિ હું, થાંથો થઈ થરથરૂં;
કરૂણાનિધાન કૃપા કરો તો, તાપને તત્ક્ષણ તરૂં. ત૦ ૯
કેશવ શુંગુતા કાં નથી, કઇ કાળથી હું કરગરૂ;
પ્રતીતિ મળે પ્રભુનાથથી તો, અભય મન આદરૂં. ત૦ ૧૦
પતિત પાવન બિરૂદની, હવે રાખજ્યો આબરૂ;
કૃષ્ણરામનો કર ધરો તો, ચરણ શરણે ઠરૂં. ત૦ ૧૧

વિ૦ ૭. પા. ૧૬

કીર્ત્તન ૧૨૭ મું.

દેશી ૯૨. કક્કાના કીર્તનો.

કરૂણાસિંધો કેશવજી, અજી કાં ઉત્તર નવ્ય આપોરે;
કઈક કાળથી કરૂં વિનતી, કાં અજી કષ્ટ ન કાપોરે. ક૦ ૧
કાંઇ કૃપણને કળ નથી પડતી, શાં સાધનને સાધુંરે;
કામ ક્રોધથી કસણાયો ક્યમ, અભેદને આરાધુંરે. ક૦ ૨
કોટિ કોટિ કલ્મષે ભરેલું, મન અશુદ્ધ છે માહારૂંરે;
દ્રઢ ધીરજ્ય ધરીને ક્યમ બેસે, બેહેમ તણું વેહેનારૂંરે. ક૦ ૩
કઠિણ કળિના કાળ વિષે વળિ, પડ્યું વિકળથી પાનુંરે;
શઠને શઠ સંગત્યથી ઉઘડે, શાહાણપણું તે છાનુંરે. ક૦ ૪
કર્મ કુકર્મ કરંતા ક્યાંહાંથી, જાંણ્ય જીવને જાગેરે;
અવળે પંથે વેહેતાં મજને, તૃષ્ણા કદી ન ત્યાગેરે. ક૦ ૫
કિંચિત્કરૂણા કૃષ્ણ કરો તો, સઘળું થાયે સવળુંરે;
બાળક જનની બાંહ્ય ધરો તો, નિષિદ્ધ પંથે ન વળુંરે. ક૦ ૬
કેટલું કેહેવું પડશે તમને, સર્વ જાણ શ્રીધરનેરે;
કૃપા કરીને કેશવ પકડો, કૃષ્ણરામના કરનેરે. ક૦ ૭

વી૦ ૮ પા૦ ૧

કીર્તન ૧૨૮ મું.

ખલજન છું પણ હવે તમારો, પ્રભો પકડીયો પલ્લોરે;
ફરતાં ફરતાં આજ ફળ્યો છે, દરીદ્રને જ્યમ ડલ્લોરે. ખ૦ ૧
ખોળંતાં ખોળંતાં મુજને, વ્યાસ વાંણિયે વાસ્યું;
હરિ હિતકારીને તજીને હવે, જંજાળે ક્યમ જાશુંરે. ખ૦ ૨
ખેલ્યો છું ખોટામાં ઘણુંયે, કામ કામના કામિરે;
વાહાલા વિણ વિસારીને હવે ન થાઉં હરામિરે. ખ૦ ૩
ખરૂયા ખંડ તેટલામાં પડીયો, અતિ વેળા હું આપેરે;
આશ્રય આપ તણો ઉલ્લંઘી, પીડાયો છું પાપેરે. ખ૦ ૪
ખાંપણ લાગ્યાં ખલને સંગે, ખશી પડયો છું ખાડેરે;
પાવન પુરૂશોત્તમ પ્રિછયા બિન, કિલ્વિષને કોણ કાહાડેરે. ખ૦ ૫
ખાસા એક તમારે ખાસો, અધમોદ્ધારણ કેરોરે,
તે માટે મજ તમ ઉપરે, હરિ કરૂણાયે હેરોરે. ખ૦ ૬

ખરા ધણી એક વીસારીને, ઘણા ધણિ શીર થાપ્યાંરે:
તેમણે નિજનો સ્વારથ સાધ્યો, કોટોણે બંધન કાપ્યાંરે. ખ૦ ૭
ખપથી મેં માહારા શીર ઉપર, સખા કરયા શ્રીધરનેંરે;
કૃપા કરીને કેશવ પકડો, કૃષ્ણરામના કરનેંરે. ખ૦ ૮

વિ૦ ૮ પા. ૧

કીર્તન ૧૨૯ મું.

ગમ્ય ઉઘાડો ગોવિંદજી તો, મેલ મિટી જાય મનનોરે;
આંભ્યંતર ઉજ્જુવાળો ઉઘાડો, જન્મ સફળ થાય જનનોરે. ગ૦ ૧
ગહન ગતિ ગોપાલ તમારી, કાંઇક કળ્યામાં આવેરે;
વિધવિધ કેરા વેહેમ વિસરે, ભજન તમારૂં ભાવેરે. ગ૦ ૨
ગમતા ગુણ ગિરિધારીજીના, ગાવા ઉકલે જ્ઞાનેંરે;
હું માહારાની હઠ્ય હારીને, ઉપજે નહિ અભિમાંનેરે. ગ૦ ૩
ગુપ્ત રહ્યા છો ગોપીકેશ તેં, જયમ જાણ્યામાં આવોરે;
એંણી રીતે મજ આશ્રીતનેં, બલિષ્ટ બિરૂદ બતાવોરે. ગ૦ ૪
ગતિયો ભંગ થઇ છે ગીની, ગીત ગ્રામ્યનાં ગાતાંરે;
ચીંતન બિન ચિત્ત ચાક ચઢયું છે, અહર્નીશી અથડાતાંરે. ગ૦ ૫
ગૌબ્રાહ્મણ પ્રતિપાલ તમારે, અધમોદ્ધારણ બાંનુંરે;
આશ્રીતનૂં ઐશ્વર્ય ઉઘાડો, માધવજી મન મહાનુરે. ગ૦ ૬
ગણતી શી કહું મજ દુઃખોની, સાક્ષીરૂપ શ્રીધરને રે;
કૃપા કરીને કેશવ પકડો, કૃષ્ણરામના કરને રે. ગ૦ ૭

વિ૦ ૮, પા. ૨.

કીર્તન ૧૩૦ મું.

ઘણિ થઇ છે ગુણ દોષ ન જોશ્યો, હરજી હવે હઠ્ય મૂકોરે;
સત્ય સખા શ્રવણે સાંભળજયો, તસ તનુજની તૂકોરે. ઘ. ૧
ધર્મ તસ અવની જાણી જ્યમ, વર્ષા શીચેંવારીરે;
એમ મુજનેં આકુળ જોઇનેં હવે, ખબર લીજીયે માહારીરે ઘ. ૨
ઘાસ તણી ગંજી જ્યમ કીચીત, પાવકથી પ જલશેરે;
અઘના ઢગ એ રીત્યે માહારા, તવ કરૂણાથી ટળશેરે. ઘ. ૩
ઘડી ઘડી પલ પલ સખા તમારૂં, સ્મર્ણ સધાવો સાચુરે;
વિયોગ ભાગો વાહાલા વેહેલો, જન હું એટલુ યાચુંરે. ઘ. ૪

ઘટ ઘટ સઘળે ગોવિંદ છો તે, જીવ સકું હું જાણીરે;
પ્રિતી પ્રબળ પરસ્પર પ્રગટે, એહેવી કરો ઇધાંણીરે. ઘ. ૫
ઘોર ઘણા ઘટમાં પીડે છે, કેશવ તેને કાહાડોરે;
મેહેરે માનવ તનું આપી તો, દીવ્ય દીવસ દેખાડોરે. ઘ. ૬
ધારણ છૂટે માયાનો તો, સેવી સકું શ્રીધરનેરે;
કૃપા કરીને કેશવ પકડો, કૃષ્ણરામના કરનેરે. ઘ. ૭

વિ૦ ૮, પા૦ ૩.

કીર્ત્તન ૧૩૧ મું.

ચેંન પડે નહિ ચિત્ત માહારાને, વાહાલાજીને વિયોગેરે;
પ્રેમ પ્રબળ પ્રગટયા બિન પ્રભુને, આલોકું શ્યે ઉદયોગેરે. ચે. ૧
ચિદાનંદને ચ્યહાહું ઘણો પણ, કયમ કરી શોધી કહાડુંરે;
અવલોકંતાં અંતર પાડે, ઉરમાં આવર્ણ આડુંરે. ચે. ૨
ચેટક વળગ્યું હોય જ્યમ જનને, તે તેહેને જાય તાંણીરે;
એમ અવિદ્યાને વશ હું તે, જાઉં જંજાળે જાણીરે. ચે. ૩
ચાપલતા છૂટે નહિ ચિત્તની, ઠરી ન બેસે ઠાંમેરે;
કૃષ્ણ કૃપા બિન કૃપણ પુરૂષ તે, કૃષ્ણજીને કયમ પામેરે. ચે. ૪
ચ્યાતૂરી માહારી કાંઈ નવ્ય ચાલે, અકળ પ્રભૂને કળવારે;
અલભ પડયું પણ આશાઓ ઉઠે, માધવજી શું મળવારે. ચે. ૫
ચટપટી લાગી હરી મળવાને, પરોક્ષ્ય જાગી પ્રીતિરે;
દીનદયાળ દયા કરી દીજે, પ્રગટ થવાની પ્રતીતિરે. ચે. ૬
ચાકરના ચિત્તની જ્યમ ચ્યાહાના, પ્રભૂ સકે તે પૂરીરે;
એમ અવિદ્યા દૂર કરીને, હરી મુને રાખો હજુરીરે. ચે. ૭
ચક્ષુ ઉદય કરો ઉરનાં જ્યમ, અખિલ સકું અવલોકીરે;
કૃષ્ણ કૃપા થયે કૃષ્ણરામને, કોણ સકે પછી રોકીરે. ચે. ૮

વી૦ ૮ પા૦ ૩

કીર્ત્તન ૧૩૨ મું.

છાંના રેહેશો કયાંહાં સૂધી અજી, અમોઘ મહીમાવાળારે;
ચોગમાયાની જવનીકાયે કયમ, કળી સકું તમને કાલારે. છા. ૧
છાતી ઉર ધરી આવે માહારી, નાથનાં બિરૂદ શુંણિનેરે;
કોણ કરમથી કેશવ મુજને, ગુણથી નાંખ્યો ગુણીનેરે. છા. ૨

છત્રધારીને કાં છુપી રેહેવું, ચોરની પેઠયે ચકતાંરે:
નાથને નીરખ્યા પાખે માહારા, જન્મ ગયાં કાંઈ બકતાંરે. છા. ૩
છેકજ માહારી કરણી જોવી, ઘટે ન તારક અજનેરે;
મજથી અગોચર રેહેવું હતું ત્યારે, કાં માનવ કરચો મજનેરે. છા. ૪
છળ કરવું તમને ક્યમ શોભે, અનાથ જનના બંધોરે;
કૃપણ ઉપર આંણો કાંઇ કરૂણા, કેશવ કરૂણાસિંધોરે. છા. ૫
છાપ તમારી વેદશાસ્ત્રમાં, શરણાગતની વત્સલરે;
પુરૂષોત્તમ તે દીજે પ્રતીતિ, કાપવા માહારી કલીમલરે. છા. ૬
છતા બનો તો છોગાળાને, આંખે સકું અવલોકીરે:
કૃષ્ણ કૃપા થયે કૃષ્ણરામને, કોણ સકે પછી રોકરે છા. ૭

વિ. ૮ પા. ૪

કીર્તન ૧૩૩ મું.

જોર કેટલું જીવ કરે જ્યે, ઇશને પકડી આણેરે;
અચીંત્ય માય અકલની કળના, જીવ તે ક્યમ કરી જાણેરે. જો ૧
જ્યમ તરંગ તે વશ જલધીને, ત્યમ જીવ વશ અજનેરે;
તરંગને વશ તોયનિધી નહી, ત્યમ તમે વશ નહી મજનેરે. જો. ૨
જલ જલમાં જ્યમ દીનકર દીસે, પ્રતિબિંબીત બહુ વેશેરે;
પ્રતિબીંબોની ગતીને જાંણે, દીનકર રહિ નિજ દેશેરે. જો. ૩
જુદાં પડ્યાં પ્રતિબિંબ ન જાંણે, અન્યને કે સવિતાનેરે:
એમ તમો અમ સહુને જાંણો, હું ન બિજાને પીતાનેરે. જો. ૪
જંજાલે જ્યે જીવ પડ્યો તે, કેશવને ક્યમ કળશેરે;
તારક નાથ જો થાય તમારી, મેહેર તો તમને મળશેરે. જો. ૫
જાણો છો જોખ્યમ જીવોને, કૃષ્ણ કૃપા વિના કોટીરે;
માટે મુજને આપ કૃપાની; મનમાં આશા મોટીરે. જો. ૬
જ્યગદીશ્વરને ચરણ શરણ છું; અતી આતુર હું પ્રાણીરે;
પીડીતની પીડા પહ્રો કરવા, નાથ બતાવો નીશાંણીરે. જો. ૭
જબર પ્રતીતિ જો આપો તો; આપને સકું અવલોકીરે;
કૃષ્ણ કૃપા થયે કૃષ્ણરામને; કોણ સકે પછી રોકીરે. જો. ૮

વિ૦ ૮. પા. ૫

કીર્તન ૧૩૪ મું.

ઝૂરણુ ભાગે જીવ તણી ક્યમ, પ્રભો પ્રતીતિ પાખેરે;
તિમિર અંધ તે તરણી વિના ક્યમ, દીવાપતીને દાખેરે. ઝૂ. ૧
ઝષ તે જલ પાખે ક્યમ જીવે, ઘૃતમાં મૂક્યાં તથાપીરે;
એમ આતૂર હું આ ભવ માંહે, આપ વિયોગે અદ્યાપિરે. ઝૂ. ૨
ઝાલ દસો દિશ પ્રગટી તે જ્યમ, મેઘ વિના નવ્ય બૂઝેરે;
તાપ તસનેં તવ કરૂણા વીના, એમ ન શાંતી સૂઝેરે. ઝૂ. ૩
ઝેર ચઢ્યું જ્યમ અમૃત પાંખે, ઉતરે ન અન્ય ઉપાયેંરે;
એમ વિષય વિષ હું નવ્ય વાંમુ, કેશવ વગર કૃપાયેરે. ઝૂ. ૪
ઝટકા સરખાં લોક વચન તે, વગર સમજણે વાગેરે,
પુરૂશોત્તમ પ્રતીતિ પાખે ક્યમ, ભ્રાંત્તની ભ્રાંતીયો ભાગેરે. ઝૂ. ૫
ઝાડ સરીખું કાં જીવાડો, આ માનવ અવતારેરે;
જન્મ સફલ થાવા જગજીવન, કરશ્યો કરૂણા ક્યાહારેરે. ઝૂ. ૬
ઝાતકાર જ્યોતી જણવો તો, આપે સકું અવલોકીરે;
કૃષ્ણ કૃપા થયે કૃષ્ણરામને, કોણ સકે પછી રોકીરે. ઝૂ. ૭

વિ૦ ૮, પા૦ ૬

કીર્ત્તન ૧૩૫ મું.

દેશી ફેર.

ટેક તમારો રખે તજો, શરણુ વત્સલ કેરો;
અદ્રષ્ટને જ્યમ દેખું હું, તેહેવી પ્રેરણા પ્રેરો. ટે. ૧
ટોળિ મેળવી જ્યે તમે, તે પણ દુખિણી દીસે;
અણુત્ત જનોને પીડવું, રશીયા કોણ રીસે. ટે. ૨
ટાલ્ય પડી મજ મસ્તકે, જન જૂતીને મારે;
મારથી મુજને મુકાવવા, કૃષ્ણ આવશ્યો ક્યાહારે. ટે. ૩
ટક્કર લેવી ક્યમ બને, મજનેં હરજીથી;
અંધનેં આપેં ક્યમ જડે, વાહાલા મળવાની વીથી. ટે. ૪
ટાળા દેશો અજી ક્યંહાં લગી, છતે અછતા થઇને;
સંતાઓ છો કાં સાંમળા, હ્રદયામાં રહિને. ટે. ૫
ટુટશેં જો તાંણશ્યો ઘણું, સેવકની સાથ્યે,
પતીત પાવન પેલું બિરૂદતે, હરી હારશ્યો હાથ્યે. ટે. ૬

ટાળશો જો મજ પીડાને, તે તો દીસશે સારૂં;
શરણ આવ્યાને સાચવ્યે, બિરૂદ રેહેશે તમારૂં. ટે. ૭
ટાંણુ વિતે છે શોકમાં, સેવકને સંભાળો;
કૃપાવડે કૃષ્ણરામનું, વાહાણ વહી ગયું વાળો ટે. ૮

વિ૦ ૮. પા. ૬.

કીર્ત્તન ૧૩૬ મું

ઠેકાણું નથી તુમ વિના, જીવને ઠરવાનું;
કાલ માયાના યોગથી, સઘળે ડરવાનું. ઠે. ૧
ઠામ ન ખાલી કો કહે, હરિ બિન નીજ ભાખ્યા;
તોપણ મુંજને અગમ્ય છો, એ તમારા તમાશ્યા. ઠે. ૨
ઠસ્સા કરવાને હું ગયો, આ હું માહારાને માંની;
એણે અંતર પડયો આપથી, મજને થઈ હાંની. ઠે. ૩
ઠગ પંક્તી મુજને મળી, ધન સુત ગ્રહ જાયા;
આવરણે મે નચ્ય લહી, માધવની એ માયા. ઠે. ૪
ઠાઠ નવા નીત્ય દાખવી, મજને ભોળવિયો;
રાગ દ્વેષ ઉપજાવીને, યમ હાથ્યે ઓળવિયો. ઠે. ૫
ઠશી રહી ચીત્તવૃત્તિયો, અભ્યાસેથી આડી;
કામ કરમ ને સ્વભાવથી, વાસના થઇ જાડી. ઠે. ૬
ઠેલી ન નીકળે મજ થકી, બલીયણ થઇ બેઠી;
શાસ્ત્ર તણી પણ શીક્ષાની, ચાલી નહિ શેઠી. ઠે. ૭
ઠરી બેસૂ કયમ હું હવે, નથી ચલણજ માહારૂં;
માટે મેં પકડયું નાથજી, ચરણ શરણ તમારૂં. ઠે. ૮
ઠોઠ જાણિ મુજને હવે, પ્રતિતી દેઈ પાળો;
કૃપાવડે કૃષ્ણરાંમનું, વાહાણ વહી ગયું વાળો. ઠે. ૯

વી૦ ૮ પા૦ ૭

કીર્તન ૧૩૭ મું.

ડગતું ચિત્ત હવે સ્થીર કરો, પ્રભો આપી પ્રતીતિ;
આનંદ ઘનને ઓળખ્યે, ભાગે ભ્રાંતની ભીતિ. ડ. ૧
ડગલે ડગલે ચોર છું, હુંતો અવિનાશીનો;
મજ આશ્રીતના ઉર થકી, કાહાડો કરમનો કીનો. ડ. ૨

ડંકે આવ્યું ઝેર તે, આશ્રીતનુ ઉતારો;
પાછું વિષય વીષમાં જતુ, મન માહારૂ નીવારો. ડ. ૩
ડાહાપણુ ચાલે ન મજ તણૂં, મનને વશ કરવા;
નથ નાંમ નૌ આશરી, મેતો ભવજલ તરવા. ડ. ૪
ડંડ સહ્યા યમરાયના, મેતો નીજ શીરે ઝાઝા;
શરણુ વત્સલ હવેં શરણુની, પ્રભો રાખો માઝા. ડ. ૫
ડંકો વ.ગશે દેશમાં, તમને જો ત્રૂઠે;
વાહાલા વેળા વહી જાય છે, આલસ તજી ઉઠો. ડ. ૬
ડાંહામ સહુ હું ક્યહાં લગી, લોકો તણી લવના;
તાપે તપેં ક્યમ તે હવેં, જે થયા માધવના. ડ. ૭
ડાટયું ધન જ્યમ તે જડે, જો જાણુ બતાવે;
હરી કરૂણાથી એમ હરી, હાથ મુજને આવે. ડ. ૮
ડુંગર કાપી દુઃખ તણા, શેવકને સંભાળો;
કૃપાવડે કૃષ્ણુરામનું, વાહાણુ વહી ગયું વાળો. ડ. ૯

વિ૦ ૮, પા. ૮

કીર્ત્તન ૧૩૮ મુ.

ઢંગ તે માહારા સુધારજ્યો. જ્યે જ્યે બિગડ્યા છે પેહેલા;
કળ જાણ્યા વિના કૃષ્ણુની, ઘટે જ્યે થયા ઘેહેલા. ઢં. ૧
ઢોઈ ધૂળ્ય મેં કઇ વરાં, હરી હીરો ગમાવિ;
મલીન થયો છું મંદથી, તોએ સાંન ન આવિ. ઢં. ૨
ઢુંઢ કંડન કીધા ઘણું, મહા અન્ન ઉવેખી;
સબલ થયો શ્રમ તોહે પણ, દીવ્યતા નવ્ય દેખી. ઢં. ૩
ઢાલ તજીને જ્યમ લડ્યો, ઝાઝા વાગે ઝટકા;
શાંતી તજ્યે જ્યમ તોષના, ક્રોધે થયા કટકા. ઢં. ૪
ઢોલ વજાડયો આગમે, શુણી શ્રવણે ન ધરીયો;
સુધા સ્મરણુ તજી શ્રીશનું, વીષ વિષયોને વરીયો. ઢં. ૫
ઢીલો પડયો છું હું હવે, કષ્ટ ભોગી અનેરાં;
સુખ થાવા હવે આશરયાં, ચરણુ કેશવ કેરાં. ઢં. ૬
ઢાળે જ્યમ જલ ઉતરે, નમતું નમ્ર દેશે;
એમ નમ્યાને નાથજી, આવી હૃદયે બેસે. ઢં. ૭
ઢાંકી દ્રષ્ટી આવણુથી, આશ્રીતની ઉઘાડો,

કીંકરને કળ્યા કામના, કીચમાંથી કાહાડો. ઢં. ૮
ઢળવા ન દેશ્યો કર થકી, સુધા પ્યાલો સંભાળો,
કૃપાવડે કૃષ્ણરામનું, વહાણ વહી ગયું વાળો. ઢં. ૯

વિ૦ ૮, પા. ૯.

કીર્તન ૧૩૯ મું.

દેશી ઢેર.

તમે જીવ સકળના જાણ, તમને શું કહીયે;
કેશવ કરવા કલ્યાંણ, કર મુજને ગ્રહીયે. ધ્રૂ. ૧
તારક નામ ધરચું છે તેહેનું, નાથ બતાવો નૂરરે;
ખીચી લ્યો ખીચે છે મુજને, ભવ પાથોધી પૂર. ત૦ ૨
તરંગ તૃષ્ણાના તાંણે છે, તેથી ન ઠરે પાગરે;
મજ આતુરને ઉતરવાનો, ન જડે એકે લાગ. ત૦ ૩
તીર રૂપીણી નીવૃત્તિને, હું કયમ પામું આપેરે;
મંદ પ્રજ્ઞ કયમ મનોર્થ જલને, કૃષ્ણ કૃપા બીન કાપે. ત૦ ૪
તનું ધન ગ્રહસુત જાયારૂપી, બંધ વડે બંધાણોરે;
હાથ પાગશૂં સકું હલાવી, તેંણે જાઉં છું તણાણો. ત૦ ૫
તક આવી છે તરવા કેરી, હાથ ધરો જો હરજીરે;
કાહાડવો નોહોતો કૃપણુને જોતો, શીદ મનુજતનું સરખી. ત૦ ૬
તટસ્થ થઇને તમે તનુંજને, દુઃખી જુવો કયમ દયાહાડીરે;
તારક નામ નિભાવો મજને, કૃપા કળેં લ્યો કાહાડી. ત૦ ૭
તવ નાંમે પાષાણ તરચાં તો, કિંકર ન તરે કયંમરે;
કૃષ્ણરામને કૃપા કરચેથી, ઉકલશે ઉદ્યંમ. ત૦ ૮

વિ૦ ૮ પા૦ ૯

કીર્ત્તન ૧૪૦ મું.

થતું નથી કોયથી પ્રાય, થાય તમારાથી;
સમજાવ્યે શંશય જાય, મનડા માહારાથી. ધ્રૂ. ૧
થાંદેલાથી દૂધ ઝરે જયહાં, રૂધીર માંસનો વાસરે;
ક્ષારપણાથી મીષ્ટપણું તે, કોણે કરચું પ્રકાશ. થ૦ ૨
થાળ ભરીને માંસ જ્યમે તે, પેટે પાચન થાયરે;
ગર્ભ બળે નહી તે અનલે તેં, કોણ થકી સચવાય. થ૦ ૩

થોડું શું રેતોનું જલતે, પ્રવાહમાં ક્યમ જામેરે;
સાજ સકળ તે માંહે શરીરી, કોનાં આપ્યાં પામે. થ૦ ૪
ધડ મૂળે જળ સીંચ્યું તે ક્યમ, પત્રાદીકમાં પોહોંચેરે;
સુકાય કોય એક શાખા તેના, જલને કોણ સંકોચે. થ૦ ૫
થૂ થૂ કહીને જે વીષ્ટાને, દૂર કરે જન દાહાડીરે;
તે ખાતરથી બીજ થકે તે, કોણે સુગંધ કાહાડી. થ૦ ૬
થાંણે થાંણે એક જાતિનું, સલિલ સિચાયે બહુનેરે;
તે પાણીથી પ્રગટ કરે કુંણ, સદ્રશ રસ તે સહુને. થ૦ ૭
થયો શરણ સત્તા જાણી તેને, કૃષ્ણજી તજશ્યો ક્યંમરે,
કૃષ્ણરામને કૃપા કરયેથી, ઉકલશે ઉદ્યંમ. થ૦ ૮

વિ૦ ૮, પા. ૧૦.

કીર્તન ૧૪૧ મું.

દયાનિધાન નિજનો દીન, દાસ મુને જાણો;
અખિલાંગે માની અધીન, કાંઇક કૃપા આણો. ધ્રૂ. ૧
દુર્લભ દેહ દયાથી આપ્યો, માનવનો મહા મોટોરે;
કરૂણા કરી તો પૂરણ કરતાં, તમને શાંનો ટોટો. દ૦ ૨
દૈવત સઘળાંનું તમે દૈવત, એક સદા અવિનાશીરે;
અખિલેશ્વર એવા ઉર માહારે, પ્રિત્યે ઠરો પ્રકાશી. દ૦ ૩
દક્ષપણું માહારૂં શું દેખો, હું અવળો આચરણીરે;
ગુણથી ગુણીત ગરીબ તણી હવે, કૃષ્ણ ન જોવી કરણી. દ૦ ૪
દીવ્ય દ્રષ્ટિનું દાન કરીને, કેશવ કલિમલ કાપોરે;
વિયોગ વીરહાનલ શમવાને, પ્રેષ્ટ પ્રતીતિ આપો. દ૦ ૫
દરદ મિટાવો દીલ માહારાનાં, સત્ય સધાવો સેવારે;
માત તાત માધવને તજી હું, કો આગળ જાઉં કેહેવા. દ૦ ૬
દીનદયાલ તમ્યો છો માહારા, સહાય સર્વ પ્રકારેરે;
ઉર માહારાની આતુરતાને, કૃષ્ણ ભાગશ્યો કયાહારે. દ૦ ૭
દુઃખ દાવાનલ દૂર થવાને, કેશવ કરવું કયંમરે;
કૃષ્ણરામને કૃપા કરયેથી, ઉકલશે ઉદ્યંમ. દ૦ ૮

વિ૦ ૮, પા. ૧૧

કીર્તન ૧૪૨ મું.

ધિક્ પડો સકળ ચતુરાઈ, ધણી જો નવ્ય રીઝયા,
તૃષ્ણાથી જતાં તણાઇ, અર્થ કીયા શીઝયા. ધ૦ ૧
ઘોરી થઇને ભાર વહ્યા બહુ, ઘરની ખીચી ઘાંણીરે;
બાપ ભાઇ કેહેનારા અંતે, ટાંક ન પાયે પાંણી. ધ૦ ૨
ધંધા કરીને અધર્મદ્વારા, દાંમ મેળવ્યા ઝઝારે;
જે આવ્યા તે ત્યમ વવરાયા, અંતે ન રહી માઝા. ધ૦ ૩
ધુરંધર વિદ્વાન થયા, જે દેશ જાણીતા ડાહ્યારે;
ગમ્ય ન ઉઘડી ગોવિંદની તે, ગયા વિષયથી વાહ્યા. ધ૦ ૪
ધરા સકળ જીતીને ફેરવી, દસો દીશામાં દુવાહીરે;
કૃષ્ણ વિમુખ તે ફળ જાણ્યા વિના, મહીપ ગયા મરદાઈ. ધ૦ ૫
ધન મળવાને ધનવાળાની, ક્યાંહિ ચાકરી કીધીરે;
ધર્મ લહ્યા બિન તે તે એની, રોળાઈ અંતે રિદ્ધી ધ૦ ૬
ધસ્યા અહર્નીશ ધરામંડળે, કનક કામિની કાજયેરે;
અજ્ઞજનોને આવી અચાનક, ધરી લીધા યમરાજે. ધ૦ ૭
ધિર ધરીને ધ્યાન હરીનું, કેહો કરી સકું હું ક્યમરે;
કૃષ્ણરામને કૃપા કરયેથી, ઉકલશે ઉદ્યંમ. ધ૦ ૮

વિ૦ ૮, પા૦ ૧૨.

કીર્ત્તન ૧૪૩ મું.

દેશી ફેર.

નરતનું આપી તે સુધારીયેરે, પુરૂષોત્તમ પરમ કૃપાળ;
પ્રગટ પ્રતીતિ પેખાવિયેરે, જ્યમ ત્રૂટે વાસના જાળ. ન૦ ૧
નષ્ટ સરીખાં જે થઈ રહ્યાંરે, ઐશ્વર્ય માંહ્યરે ઉર;
જન જાણીને તેહ જગાડીયેરે, ભરૂસો થાવા ભરપૂર. ન૦ ૨
નાથનો આશ્રય હું ગ્રહી રહુંરે, પછિ તૃષ્ણા ન તાંણી જાય;
વિવેકદ્રષ્ટિને ઉઘાડતાંરે, જ્યે જ્યમ તે ત્યમ ઓળખાય. ન૦ ૩
નિર્મળ યશને ગાઉં નિત્યદારે, ચીત્તથી ઉખડી જાય ચર્મ;
હું માહારાની હઠ્ય હારી ખસેરે, પછિ કુત્સિત ન બને કર્મ. ન૦ ૪
નીરખ્યામાં આવો સચરાચરેરે, જે વશા છો વિશ્વ નિવાસ;
શત્રૂ મિત્ર તણી જાય કલ્પનારે, વાસુદેવનો જોઇ વિલાસ. ન૦ ૫

નજર તમારીયે એ નીપજેરે, અનાયાસે અખીલ પ્રકાર;
ત્રૈકાલિક દ્રષ્ટિ તાજી થતેરે, સમજાયે સર્વે વિચ્ચાર. ન૦ ૬
નિર્ભય પામું હું સેહેજમાંરે, પછિ પદર ન પકડે કોય;
કૃષ્ણુરામને કૃષ્ણુ કૃપા વડેરે, હિતકારી આ સઘળું હોય. ન૦ ૭

વી૦ ૮ પા૦ ૧૨

કીર્તન ૧૪૪ મું.

પદર તમારો પકડયો પ્રભોરે, તમે ભવ ભયના હરણાર;
આપ વિના કો બિજો નથીરે, મન વાંછીતનો કરણાર. પ. ૧
પદારવિંદ તમારાં આશરયાંરે, જયે એયો સકલનાં સ્થાંન;
કાલ તણો પણ જયહાં ભય નહીરે, મનમથનૂં જયહાં નહી માંન. પ.૨
પહીન કરશો મુજને પાપીનેરે, તમે પતિત તણા પાવંન;
દેજ્યો પ્રતિતી પ્રભુ નાથજીરે, માંને જયમ માહારૂં મંન. પ. ૩
પરોક્ષ્ય છો તેહેની પીડા ઘણીરે, મજને ન પડે ઉકેલ;
આપનો અરભક મુજને માનીનેરે, નીરખાવો તમારા ખેલ. પ. ૪
પણ પાંકયું પ્રણતોનું પાળજયોરે, યદુપતી જયમ વાધે યશ;
મજથી કારજય કોય ન નીપજેરે, પ્રભુ સર્વ તમારે વશ. પ. ૫
પટહ તમારા યશ નાંમનોરે, વાજતો સાંભળી વીશ્વેશ;
શરણુ થયો છું હું સ્વામિનેરે, કાપો કૃષ્ણજી માહારા કલેશ. પ. ૬
પક્ષ્ય કરો જો પ્રભુ માહારીરે, પછી મુજને ન પુછે કોય;
કૃષ્ણુરામને કૃષ્ણુ કૃપાવડેરે, હીતકારી આ સઘળું હોય. પ. ૭

વિ૦ ૮ પા૦ ૧૩

કીર્તન ૧૪૫ મુ.

ફંદ નિવારજયો માહારારે, સૌહૃદ દેખાડી સત્ય;
પ્રગટ પ્રતીતિ પેખાડજયોરે, જયમ વામું હું વીષય વિપત્ય. ફં. ૧
ફશિગયો છું હું અધ્યાસથીરે, આ હું મારૂં માનીને ઉર;
માધવની માયાના મોહથીરે, નિર્બળ થઈ બેઠાં નૂર. ફં. ૨
ફેલ ભરેલી લવ લોકનીરે, તેહેનો મુજને થયો છે લક્ષ્ય;
તેણે પરમારથ પ્રીછયું નહીરે, અવળાં ચાલ્યાં છે અક્ષ. ફં. ૩
ફોકટ માયાની આ સત્યતારે, માંની બેઠો છૂં મંદ;
અંતરધાન એણે થયોરે, ઉર માહારા તણો આણંદ. ફં. ૪

ફાલ્ગુન માસની ઘેરનેરે, જ્યમ બોલ્યા રમ્યાનું જોર;
બકવા બહુ વિધનો મેં એમ કરયોરે, રમ્યો રજમાં આઠે પોહોર. ફ઼ં.૫
ફાળ પડી જ્યારે સાંભળ્યુંરે, જ્યે યમરાય છે પુછનાર;
માટે અંઘ્રિ શરણુ હું આવિયોરે, શીર જાંણ્યા તમ્યો શીરદાર. ફ઼ં. ૬
ફળ દેખાડો તમે શરણનૂંરે, પછી મુજને ન પુછે કોય;
કૃષ્ણરામને કૃષ્ણ કૃપાવડેરે, હીતકારી આ સઘલું હોય. ફ઼ં. ૭

વિ૦ ૮ પા૦ ૧૪

કીર્તન ૧૪૬ મુ.

બીરૂદ તમારાં તે બતાવીયેરે, બલવીર ધરયાં જે બલીષ્ટ;
ભવ્ય ભરૂંસો જો ઉપજેરે, હુંતો ઓળખું તમને ઇષ્ટ. બિ. ૧
બકસો કઇક કલ્પના કર્મનેરે, મેંતો કીધાં અજાંણે જ્યેહ;
છેદો વશીરહી જે વાસનારે, જ્યમ શમે સકલ સંદેહ. બિ. ૨
બુદ્ધિને કરો કૃષ્ણાકારતારે, એકાગ્રહ રેહે જ્યમ આપ;
ભૂત ભવત્ ભાવી ભાસે ઉરેરે, જનને એમ દીજે જ્વાપ. બિ. ૩
બોધ ઉપજે જ્યમ આભ્યંતરેરે, બિજાને બતાવી સકાય;
શર્ણુ આવ્યા તે જ્યમ સુખીયા બનેરે, એમ અદ્રષ્ટ ગોચર થાય. બી.૪
બડબડ કરવી જ્યમ છૂટી ખસેરે, વહ્યું વાકય ન હોય વિફળ;
આભ્યંતર અભીમાન ન ઉપજેરે, કરૂણાંથી ઉઘડે કળ. બી. ૫
બાહ્યાભ્યંતર દેખું કૃષ્ણનેરે, વાણીથિ વિશદ યશ ગાઉં;
અનાથ બંધૂને એક આશરેરે, કલીયુગમાં કૃતારથ થાઉં. બિ. ૬
બાધા સર્વ ખસે આ અવસરેરે, પછી મૂજને ન પૂછે કોય;
કૃષ્ણરામને કૃષ્ણ કૃપાવડેરે, હીતકારી આ સઘલું હોય. બિ. ૭

વિ૦ પા૦ ૧૫

કીર્તન ૧૪૭ મું.

દેશી ફેર.

ભમાવશો કેટલુંરે, અજીયે મુજને કૃષ્ણજીરે,
કરૂણા દ્રષ્ટી કરતાં કરો કાં વાર;
ઉચીત છે તમનેરે, અદ્ધમ ઉદ્ધારવારે,
આપ્યો જ્યારે અનુપમ આ અવતાર. ભ. ૧
ભક્તી થવી દુર્લભરે, અમિતના મન વિષેરે,

જાંણોછો તે જાણુ તમે જગદીશ,
પરોક્ષ્ય પ્રભુનીરે પ્રિતિ કયમ ઉપજેરે;
અનન્યતા કયમ સાધુ હું અનીશ. ભ. ૨
ભલા ભલા ભુલેરે, માયા તણા મોહથીરે,
આભ્યંતરથી કાહાડી સકે ન અધ્યાસ;
વાસના વીધ વીધનીરે, મનોથી ન વીરમેરે,
દીવ્ય દ્રષ્ટી પાખે થવાય કયમ દાસ. ભ. ૩
ભવઇયા જયમ લાવેરે, રાજ્ય વિના વેશનેરે,
તેનાથી કયમ રાજાની તુલના થાય;
વીર હાક વાગેરે બેશી રહે વેગળારે,
સાચો હોય તે સમરમ સાંહામો ધાય. ભ. ૪
ભક્ત થાવું દુર્લભરે, એણી રીત્યે ઓળખેરે,
કૃષ્ણ કૃપા કિધેથી ભક્ત થવાય;
કૃષ્ણરામ ઇછેરે, કૃપા થવી કૃષ્ણનીરે,
એ વિના નહિ મુજને અન્ય ઉપાય. ભ. ૫

વિ૦ ૮ પા૦ ૧૫

કીર્તન ૧૪૮ મું.

મનડું તે માહારૂંરે, ત્યારે સ્થીર બેસશેરે,
દયા સિંધો દેશો જયાહારે પ્રતિતી;
સેવકને સત્વરરે, પ્રભુતા પેખાડજયોરે,
જયેણે આહાવી બાજી સકું હું જીતી. મ. ૧
માનવનો દેહરે, આપ્યો તે સાર્થક થશેરે,
હ્રદ્યામાં જો આવશો જગદાધાર;
બિડંબણ સઘળાંરે, મનથી જાશે વેગળાંરે,
બુદ્ધિ જ્યારે કરશો કૃષ્ણાકાર. મ. ૨
મનોરથ સઘળાંરે, સવળાં થાશે મંનનારે,
સત્ય સાધી સકાશે નીજનો શોધ;
દેવાદીનાં દેણાંરે, સઘળાં સાથ્યે છૂટશેરે,
ઉપજશે બલવંત જ્યારે બોધ. મ. ૩
મંગલ સકલનુંરે, સદન જયે શ્રીપતીરે,
તેહને વિષે રેહેશે અખંડીત તાંન;

અદ્રષ્ટ તે સઘલાંરે, મુજને નજરે આવશેરે,
ઉર માંહે ઉઠશે નહિ અભિમાંન મ. ૪
મુરારીને ચરણેરે, ચીત્ત જ્યાહારે ચોટશેરે,
ભક્તિયેથી ભાવ થશે ઉજ્વળ;
એહેવા દીવસ આવેરે, મુંને અનાયાસથીરે,
કૃપાવડે કૃષ્ણ જો ઉઘાડો કળ. મ. ૫
માધવ વિનતીયોરે, ક્યાહારે કરણે ધારશ્યોરે,
અનાથના બંધુ આ અવસર જાય;
કૃષ્ણરામ ઇચ્છેરે, કૃપા થવી કૃષ્ણનીરે,
એ વિના નહી મુજને અન્ય ઉપાય. મ. ૬

વિ૦ ૮ પા૦ ૧૬,

કીર્તન ૧૪૯ મું.

યત્ન કરૂં કીયાંરે, પ્રભુ તમનેં પાંમવારે,
અજી સુધી હું તો અતી છું અજાંણ,
અકળ પ્રભૂનિરે; કળના ક્યમ કરી સકુંરે,
શું કીધાથી રીઝોછો પુરૂષ પુરાણ. ય. ૧
યદ્યપિ પુરાણેરે, સાસ્ત્રે વેદે કાવ્યે કહ્યાંરે,
નાના વિધનાં સાધન જયે નીર્દોષ,
તે તે મજથી સાધ્યાંરે; જાતાં નથી સેહેજ્યમાંરે,
રગડેછે હૃદયમાં રાગને રોષ. ય. ૨
યતેંદ્રિય વાલારે, હશે તે સાધી સકેરે,
પૂર્વ જન્માંતરનાં હશે જયેહેને પૂણ્ય,
કુત્સિત કરનારોરે;હુંતો કંઇક કલ્પનોરે,
તેણે કરી હૃદય છે માહારૂં શૂન્ય. ય. ૩
યાદ નથી રેહેતીરે ક્ષણની ક્ષણાંતરેરે,
કર્ણ શુણ્યાં સાધન વીસરી જાય,
શરીરે ન સત્તારે; સાધન સાધ્યા તણીરે,
કેશવજી કહો કોહોને કેહેવાય. ય. ૪
યાચું છું હુ તમનેરે, પ્રતિતીયો પાંમવારે,
જો આપો તો જન્મ સફળ આ થાય;

કૃષ્ણરામ ઇચ્છેરે કૃપા થવી કૃષ્ણનીરે,
એ વીના નહી મુજને અન્ય ઉપાય. ચ. ૫

વિ૦ ૮ પા૦ ૧૭

કીર્તન ૧૫૦ મું.

રહ્યું નથી જાતુરે, વાહાલાના વિયોગથીરે,
સહ્યા નથી જાતા હવે સંતાપ,
કાલાવાલા કરૂંરે; કરૂણાના નીધાનનેરે,
બાળ્યકથી અજી કાંન બોલો બાપ. ર. ૧
રગડાઉછું નીત્યેરે, ભ્રાંતીયો ભાગ્યા વિનારે,
સકે મુને સ્વામિયે મુકયો વિસારી,
કૃપણુના કરનેરે; ધરશ્યો કે નહિ ધરોરે,
હારિ જાઉછું હુંતો એમ વિચ્ચારિ. ર. ૨
રોગ અજી માહારારે, રૂઝયા નથી હૃદયનારે,
અવીશ્વાસે આતુર આઠે યામ,
ચાતક વર્ષાનેરે, ઇચ્છે ત્યમ ચ્યાહાઉંછુંરે,
વાહાલાજી કાં થઇ બેઠા છો વાંમ. ર. ૩
રૂસવું ન શોભેરે, તમને રંક ઉપરેરે,
કૃપણ વત્સલ કેહેવાઓ છો કૃષ્ણ,
પતીતનું પાવનરે;બિરૂંદ પેલું જયે ધરયુંરે,
વાહાલા હવે રેહેવું ન શોભે વિતૃષ્ણ. ર. ૪
રમાપતી બોલોરે, બોલ્યું બીરૂદ પાલવારે,
પ્રતીતિ પામ્યા વીના જન પીડાય,
કૃષ્ણરામ ઇચ્છેરે; કૃપા થવી કૃષ્ણનીરે,
એ વિના નહી મુંજનેં અન્ય ઉપાય. ર. ૫

વિ૦ ૮ પા૦ ૧૭

કીર્તન ૧૫૧ મું.

દેશી પ્રેર.

લાખેણો આ અવસર આજ. લાહાવો લીજીયેરે;
મધુસુદન શ્રીમહારાજ, કરૂણા કીજીયેરે. લા૦ ૧
લાગ મળ્યો ત્યારે ગુપ્ત ન રહેવું, કેશવ પરમ કૃપાલ;

પ્રતિતી આપવા પ્રગટ બનો પ્રભુ, દિનને દિનદયાલ. લા૦ ૨
લક્ષ લક્ષ અવતારે ભમતાં, લાભ્યો નથી હુતો લક્ષ્ય;
આજ ઇષત્ ઉપજી તે પૂરણ થવા, શ્રીધર થાઓ સમક્ષ્ય. લા૦ ૩
લોકોની લવથી લૂંટાઉં છું, અદ્યાપિ હું તો અજાણ;
સત્ય સખા તુંમ પાખેં માહારૂં, કોણ કરે કલ્યાણ. લા૦ ૪
લાતો સહિ છે યમ કિંકરની, મેં પ્રભો વાર અનેક;
હવે શરણ હું તો આવ્યો હરીને, તારક રાખજ્યો ટેક. લા૦ ૫
લાભ લેવા તમે મુજને આપ્યો, આ અવતાર અનૂપ;
કૃપણને કાહાડયો ત્યાહારે સાચવજ્યો, પાછો પડું નહિં કૂપ. લા૦ ૬
લાયક છે તમને એ કરવું, કૃષ્ણ ઉઘાડવી કળ;
કૃષ્ણરામ તો કૃષ્ણ કૃપાને, સમજે શ્રેય સકળ. લા૦ ૭

વિ૦ ૮, પા. ૧૮

કીર્ત્તન ૧૫૨ મું.

વહિ જાયછે આ અવસર, વાહાલા વિચ્યારીયેરે;
પ્રતીતિ આપવા સત્વર, પ્રભુજી પધારીયેરે. ધ્રૂ. ૧
વિશ્રાંતિ નથી થાતી મુજને, શમ્યા વિના સંતાપ;
હરજી મુજને હાથ્યે ધરચાનો, ઝટ દેઈ દીજે જવાપ. વા૦ ૨
વિયોગનાં દુઃખ વેઠ્યાં ન જાયે, કહો માહારે કરવું કયંમ;
પરમેશ્વરથી પ્રતીતિ મળ્યા વિના, ઉકલે નહીં ઉદ્યંમ. વા૦ ૩
વાટ્ય જોવું છું વ્યગ્ર થઇને, ચીત્ત ચઢયું ચકડોલ;
રમાનાથ રંકને રાખશ્યો, અજીયે શું અરઝોલ. વા૦ ૪
વાંણી સાંભળી વ્યાસ તણી તેણે, ઉપજી હૃદયે આશ;
કૃપણ વત્સલ કેહેવાઓ તો કરો, બાળયકની બિરૂદાશ. વા૦ ૫
વધાઈ પામું વિઠલથી તો, રૂઝે હૃદયના રોગ;
આશા બને જયે અંતે ભાગશે, વાહાલાજીનો વિયોગ. વા૦ ૬
વિશ્વનાથ ઉઘાડો હવે તે, કૃષ્ણ જાણ્યાની કળ;
કૃષ્ણરામ તો કૃષ્ણ કૃપાનેં, સમજે શ્રેય સકળ. વા૦ ૭

વી૦ ૮ પા૦ ૧૯

કીર્ત્તન ૧૫૩ મું.

શરણ વત્સલ શુંણીને નાંમ, શરણ થયો તપનેરે;
સેવકના શરણ વિશ્રામ, વારીયે વિભ્રમનેરે. શ૦ ૧

શુક સ્વામિની વાંણિ સાંભળી, મુંને તો સૂઝયું એમ,
શરણ થયા તે સંકટ વાંમ્યા, શુણ્યાં સરવના ક્ષેમ. શ૦ ૨
શોક હૃદયના સર્વ શમાવો, ચિત્ત ધરે જ્યમ શાંતિ;
એક વાર પ્રતીતિ આપો તો, ભ્રાંતની ભાગે ભ્રાંતિ. શ૦ ૩
શઠ બુદ્ધિવાળો છું હું તેંણે, આશા ન ઉરની જાય;
નાથજી કરૂણા નજર કરો તો, સેવકને સુખ થાય. શ૦ ૪
શત્રૂ મિત્ર એ બુધિ ન ઉપજે, †આખે તમે ઓલખાઓ;
આપદા આર્ત્ત તણી છૂટાવા, શ્રીપતિ સન્મુખ થાઓ. શ૦ ૫
શાસ્ત્રે કહ્યું તે ત્યમ સમજાયે, એહેવિ ઉઘાડો સાંન;
હઠ્ય મૂકિ કર પકડો માહારો, ભક્તવત્સલ ભગવાન. શ૦ ૬
*શાળા સકળ સુધરે એ રીતેં, કૃષ્ણ ઉઘાડો કળ;
કૃષ્ણરામતો કૃષ્ણ કૃપાનેં, સમજે શ્રેય સકળ. શ૦ ૭

વિ૦ ૮, પા૦ ૧૯.

કીર્ત્તન ૧૫૪ મું.

સાંમળિયા શારિંગધર, સૂતા જાગીયેરે;
શરણ આવ્યાનાં સત્વર, સંકટ ભાગીયેરે. ધ્રૂ. ૧
સૂઝય પડે નહિ મુજનેં હૃદયમાં, ઉઠે અતિ ઉચ્ચાટ;
ચાતક મેઘ સરીખિ તમારી, વાહાલાજી જોઉંછૂં વાટ. સૂ. ૨
સમાચાર અજી એકે ન આવ્યા, અરજીયો થઇ છે અનેક;
વિકળ જાણી શું મુજનેં વિસારચો, છબિલાજી છેકા છેક. સૂ ૩
સર્વજ્ઞ થઇને સેવક જનનાં, કષ્ટ સહો છો કયંમ;
અમોઘ વાંછિત ઇશ્વર તમને, અશક્ય શો ઉદ્યંમ. સૂ ૪
સ્વલ્પ સેવા હોય સેવકનિ તેહેંને, માંનો છો મેરૂં સમાન;
અઘના અદ્રિનેં અણુંસમ માંનો, ભીડ્યભંજન ભગવાન. સૂ. ૫
સખા તમારૂં સખ્ય એહેવું હું, શુણીને આવ્યો શર્ણું;
વારવાર કરૂંછું વિનતી, કાં અજી ન શુણો કર્ણ. સૂ. ૬
સમાધાન સેવકને હોયે ત્યમ, કૃષ્ણ ઉઘાડો કળ;
કૃષ્ણરામ તો કૃષ્ણ કૃપાનેં, સમઝે શ્રેય સકળ. સૂ. ૭

વી૦ ૮ પા૦ ૨૦

---

† સર્વત્ર. * શેવક મંડળી.

કીર્ત્તન ૧૫૫ મું.

દેશી ઉપર.

હુંશીલા હરજી હુંશ્ય માહારિ તમે પૂરો;
એકવાર મુજને પ્રતીતી આપીને પ્રભો,
ચિત્ત તણાં ચેટક ચૂરોરે. હું. ૧
હશી હશી પ્રેમે કરી મુજ સાથ્યે બોલો,
જ્યમ હું સખાપણું જાણુંરે;
પુરૂશોત્તમથી પામું પ્રતીતિ,
ઉરમાં વિશ્વાસ્ર તેણે આણુંરે. હું૦ ૨
હળી મળી બેસૂં પછી કીર્ત્તન કરવા,
ગોવિંદના ગુણ ગાઉંરે;
વિશ્વેશ્વરનો વિશદ યશ વર્ણતાં,
કળથી ક્રુતારથ થાઉંરે. હું૦ ૩
હઈયા માંહે વિયોગ હુંતાશન,
અતી મુજને આકરસેરે;
સેવક મન શીતલ તો થાય જો,
તવ કરૂણામૃત વરસેરે. હું૦ ૪
હાસ્ય કરીને ત્યારે હું બેસુ,
મુજને કહો જો માહારોરે;
અનાથ બંધૂ તમને જાંણીને મેતો,
પકડયો છે *શરણ તમારોરે. હું૦ ૫
હાથ્ય તમારેં દોરી સરવની;
જ્યેહ કરો તે નીપજશેરે,
કૃષ્ણરામ તે કૃષ્ણ કૃપાથી,
ભ્રાંતી ગયે તમને ભજશેરે. હું૦ ૬

વિ. ૮ પા. ૨૧

કીર્ત્તન ૧૫૬ મું.

અલબેલા નાયક, આશા છે એક તમારી;
બિરૂદ નીભાવા ‡બાંહડી પકડો, અબળ જાણીને હવે માહારીરે. અ. ૧

---

* આશ્રય. ‡ હાથ.

આતુરતા ચિત્ત મ્હારે ઘણેરે, કળ કશી ન પડે તેણેરે;
એકવાર આપો પ્રતિતી મુજને, જવનીકા દુર ખસે જેણેરે. અ. ૨
આનંદ ઉપજે આભ્યંતરમાં, વિયોગની વેદના જો વાંમુરે;
સર્વ શમે સંતાપ સંઘાત્યે જો, પ્રગટ પ્રતીતિ પામુંરે. અ. ૩
ઓળગ આપનિ અફળ ન જાયેં, વેદ પુરાણ એમ ભાખેરેં;
દીન જનો તણું દુઃખ મિટે કયમ, પ્રભૂની પ્રતીતિયો પાખેરે. અ. ૪
અનાથના તમે બંધૂ કેહેવાઇને, તનુજને કયમ તરછોડોરે;
ટળવળતો મુજને તજીને તમે, પ્રભુકયમ સુખેથી પોહોડોરે. અ. ૫
આશ્રીતને સુખ સઘળાં તમારિ, નજરવડે નીપજશેરે;
કૃષ્ણરામ તે કૃષ્ણ કૃપાથી, ભ્રાંતી ગયે તમનેં ભજશેરે. અ. ૬

વિ૦ ૮. પા. ૨૧

કીર્તન ૧૫૭ મું.

ક્ષમાલો હરજી, ક્ષેમ સકળ હોય તુમથી;
તમારિ કૃપા વિના મૂળ વાસના તે, ઉખડે ન અન્ય ઉદ્યમથીરે. ક્ષ.૧
ક્ષોણીતલે અવતાર આપીને, ઓળખાવો પ્રભૂ તમનેરે;
અથડાતો જાણીને ઉગારો, ફરીને ન સૂંપશ્યો યમનેરે. ક્ષ. ૨
ક્ષેત્ર સહીત ક્ષેત્રજ્ઞ એ તમને, સર્વદા છે સ્વાધીનરે;
આજ્ઞા તમારી સહુ શીરે ધારેં, દેવાદિક પણ દીનરે. ક્ષ. ૩
ક્ષિણ કરે છે અનિમિષ નિત્યેં, આયુ માહારાનેં જાંણોરે;
ત્રિવિધ તાપથી તપ્ત જોઇને, મુજ ઉપર કરૂણા આણોરે. ક્ષ. ૪
ક્ષણ ક્ષણ તુમનેં યાદ કરૂંછું, હઇયું ન બેસે હેઠુંરે;
વાહાલા વિયોગ તણા સંકટનેં, કયાંહાંલગી અજીયે વેઠુંરે. ક્ષ. ૫
ક્ષાર સમુદ્ર સરીખો આ ભવ, તેહેમાં હું ખાઉંછું ગોથાંરે;
તમારી કૃપા ઉઘડ્યા વિના મુજને, પાર કરે કયમ પોથાંરે. ક્ષ. ૬
ક્ષાંતી કરો તો ક્ષેમ તમારી, નજરવઢે નીપજશેરે;
કૃષ્ણરામ તે કૃષ્ણ કૃપાથી, ભ્રાંતી ગયે તમને ભજશેરે. ક્ષ. ૭

વી૦ ૮ પા૦ ૨૨

કીર્તન ૧૫૮ મુ.

આ તમને અરપ્યાં, કક્કાના ધ્રૂપદ બત્રીસ;
શ્રવણ ધરી સખા સેવક ઉપર, અનુકુળ થાજયો ઇશરે. આ. ૧
વાંણિ વિકાશી તે રીત્યે વરણવ્યાં, ઉર થઇને આતૂરરે;

દીન વત્સલ દીલ ધારીને દેજ્યો, જનને તો જ્વાપ જરૂરરે. આ. ૨
સાધન મુજથી અન્ય ન સાધે, જાણોછો તે યદુરાયરે;
આવર્ણાંધ તે એટલું કરી સકે, અંધ દળે કે જયમ ગાયરે. આ. ૩
દાસના દીલમાં શાસ્યાં દુઃખ છે, જાંણોછો તે જગદીશરે;
શરણ વત્સલને શરણ થઈ હું, ચરણ નમાવું છું શીશરે. આ. ૪
જીવતણૂં એથી જોર ન બીજું, વિષ્ણું છે તમને વિદીતરે;
આંખ્યો તે માહારી ત્યારે ઉઘડશે, પ્રભુજી દેશો પ્રતીતરે. આ. ૫
સંવત્ અઢાર એકોન સપ્તતી, દશમિ ફાલ્ગુન વદ્યરે;
શનીવારે સંપૂર્ણ થયાં છે, આ દ્વાત્રીંશતિ પદ્યરે. આ. ૬
નજર તમારીયે નીપજીયાં વળી, નજર કરચે નીપજશેરે;
કૃષ્ણરામ તે કૃષ્ણ કૃપાથી, ભ્રાંતી ગયે તમને ભજશેરે. આ. ૭

વિ૦ ૮, પા૦ ૨૨

તિથિઓ.

કીર્ત્તન ૧૫૯ મુ.

દેશી ૯ર.

પ્રતિપદે આગમે નિગમે, વિષ્ણુને વરણીયારે;
પણ પ્રતીતિ પામ્યા જન જયેહ, તે તમને પરણીયારે. ૧
પ્રભુજીની પ્રભુતા પેખી તેં, નિઃશંક થઇ રહ્યાંરે;
મજ સરખા આ ભવજલમાંહે, વેહેમેથી જાય વહ્યાંરે. ૨
આ કલિયુગના કેહેરમાં, હું કયમ ઉગરૂંરે;
નથી એક વાતનો ઉકેલ, સાધન શ્યાં કરૂંરે. ૩
આ કોણ જન્મનાં પાપ તે, આજ ઉદય થયાંરે;
જેણે પ્રેમ થયા વિના સર્વે, વર્ષ વિફલ ગયાંરે. ૪
માત યૌવન વન છેદવા, પરશુ સ્યો હું હવોરે;
જ્યારે દયા કરીને દયાલ, જ્વાપ ન પાડવોરે. ૫
કાં મુંને ભૂમિને ભાર, કરવાને સરજીયોરે;
તમે પ્રથમ દેખાડી પ્રીતિ, હવે કયમ વરજીયોરે. ૬
શરણ વત્સલ કાંઇ સાંભળો, અરજીયો મજતણીરે;
કૃષ્ણરામને કરવા જ્વાપ, ધશી આવો ધણીરે. ૭

વિ૦ ૮, પા૦ ૨૩

કીર્ત્તન ૧૬૦ મું.

દ્વિતિયાભિનિવેશથી ભય, મજને ઉપજ્યારે,
વિસારીને નિજનું સ્વરૂપ, ભોગ ભ્રમે ભજ્યારે. ૧
જેને જેને માંન્યાં માહારાં, તે તેથી દૂઃખ થયાંરે;
ઉર માંહે વસાવી અધ્યાસ, અદર્શ થઇ ગયાંરે, ૨
વિષમ બુદ્ધિયે વૈરમે, કંઇ જનથી કરયાંરે;
તેણે પ્રગટ થયાં જયે પાપ, તે મનમાં ઠરયાંરે. ૩
સ્વપ્ને સમાં સંસારમાં, રાગ વડે રમ્યોરે;
જયમવા ઇછયો તે જરૂર, પૂર્વે હું જયે વમ્યોરે. ૪
વાસુદેવ નીજ વસ્તુને, વિકલ હું વિસરયોરે;
તેણે જન્મ મરણની જાળ, તેથી ન નીસરયોરે. ૫
તમે કરૂણા કરીને આજ, આપી જયે નરતનુંરે;
તોહે બાંધ્યુ રહ્યું છે મંન, દારા ને દામનુંરે. ૬
કરૂણા કરી તે:તો છોડીયે, ગોવિંદ થઇ ઘણીરે,
કૃષ્ણારામ કરવા જયાપ, ધરી આવો ધણીરે. ૭
વી૦ ૮ પા૦ ૨૪

કીર્ત્તન ૧૬૧ મું.

તૃતિયા અવસ્થા તનુને થઇ, ગતી વિગલિત હવીરે;
અજી ન સરયો એકે અર્થ, આયુ ગયુ સબિરે. ૧
આભ્યંતર અજી વ્યાપીયુ, અંધારૂં અતી ઘણૂંરે;
અવલોકયામાં નાવ્યું કાંઇ, એશ્વર્ય આપણૂંરે. ૨
અનુદીન અતી આકૂલ રહું, ભ્રાંતિયે મન ભમેરે;
ફળ જણ્યા તણી કરૂંણાય, કરૂરયો કો સમેરે. ૩
આદી અંશ હું આપનો, આજ આ લોકમાંરે;
આપનો તજયો થઇને અનીશ, પડીયો શોકમાંરે. ૪
કરૂંણા નજર કિંચીત્ કરી, હાથ્ય ધરો હવેરે;
અતિ દુ:ખીત થયો છું હું દીન, ભૂલ્યે ભવો ભવેરે. ૫
આ અવસરમાંહાં આવિયે, વાહાલાજી વેગથીરે;
હુંતો વળી વળી જોઉં છું વાટ્ય, અતી ઉદ્વેગથીરે. ૬
કેશવ કરણે ધારજયો, અરજીયો આપણીરે;
કૃષ્ણરામને કરવા જવાપ, ધરી આવો ધણીરે. ૭
વિ૦ ૮ પા૦ ૨૪

કીર્ત્તન ૧૬૨ મું.

ચતુર્થી નાસે જારથી કઇ વરાં નિકળ્યોરે;
તોહ્યે વળિ વિસારી વિપત્ય, પાછો ત્યહાં વળ્યોરે. ૧
માધવ માયાની મોહિની, તેથી મોહિત થયોરે;
અજી ઉદ્ધરવાનો ઉપાય, મેં કાંઈ નવ્ય લહ્યોરે. ૨
કામ ક્રોધ નેં લોભ તે, ઉરથી નથી ખસ્યાંરે;
મજ અજ્ઞના કીધા ઉપાય, ચાલે નહિ કશ્યાંરે. ૩
પરોક્ષ પ્રભૂના પ્રેમનેં, કયમ લાભિ સકુંરે;
તૃષ્ણા તણી ભારે તાંણ્ય, ત્યહાં હું કયમ ટકુંરે. ૪
કેવળ પઠન શ્રવણ કરચે, મનો ન વશ રહેરે;
પેખ્યા વિના પ્રગટ પ્રતિતી, વેહેમે સદા વહેરે. ૫
કૃષ્ણ પ્રતીતિ પામ્યેથી, ઓળવી સકું અણીરે;
કૃષ્ણરામને કરવા જવાપ, ધરી આવો ધણીરે. ૬
વી૦ ૮ પા૦ ૨૫

કીર્તન ૧૬૩ મું.

દેશી ઢેર.

પંચમી વૃત્તી જયે અવિદ્યાતણીરે, જયેનું અભિનીવેશ એ નામ;
તેતો અભ્યાસે અથડાવતીરે, બળવંતી કરે બદલામ ૧
પીંડ મરચેથી મનાવે હું મરૂંરે, ઉર ઉપજાવી અભ્યાસ;
અવિનાશી આત્માનેં એ કરેરે, આહાંના અભ્યાસેથી ઉદાસ. ૨
વ્યાપક આત્માને એ ફેરવેરે, ચુકાવીને ચોરાશી લક્ષ;
માનવા દે નહિ માધવરાયનીરે, પ્રતીતિ પેખ્યા વિના પક્ષ. ૩
કેશવજી કહોને હું શું કરૂંરે, મુંને એકે પડે ન ઉકેલ;
અશક્ય જે જે છે મજને ઘણુંરે, તે તે તમને સદા છે સેહેલ. ૪
કિંચિત્ કિંકર ઉપર કિજીયેરે, કરૂણાનીધે કરૂણા દ્રષ્ટ;
દેશો પૂર્ણ પ્રતીતિ જ્યાંહાંરેરે, ત્યારે કિંકર વામશે કષ્ટ. ૫
આ અવસર આપ્યો ઉદ્ધારવારે, ત્યારે વાહાલા કરાવો ન વેહેમ;
કૃષ્ણરામનેં કૃષ્ણ જગાડીયેરે, પ્રતીતિ આપીને પ્રેમ. ૬
વી૦ ૮ પા૦ ૨૫

કીર્તન ૧૬૪ મું.

ષષ્ઠી ઘટીકા જયે દીન રાત્રનીરે, તેમાં એક ઘડી રહી સ્થીર;
ચૈતનધનને ચિત્ત ચિંત્તે નહીરે, અથડાતું ફરે છે અધીર. ૧
કૃષ્ણ કથા કદીયે જો સાંભળેરે; તેમાં આપે રહે ન એકાંત્ય;
વિશ્રાંતિ ન ધરે વિશ્વાસથીરે, ત્રુષ્યા બિન તૃષ્ણાની તાંત્ય. ૨
આઠે યામ તણે તે ઉદ્યમેરે, પૂરૂં પેટ ન પૂરી સકાય;
રૂંણિયા રંજાડે રોષે ભરીરે, તેણે આભ્યંતર અકળાય. ૩
ઉરમાં અંધારૂં આવર્ણનુંરે, તેણે ભાવિ જણાય ન જયેહ;
અણઘટતાં આચર્ણે ઉપજેરે, શમ્યા પાખે સકળ સંદેહ. ૪
વપુ સુંદર આપ્યું વહી જાય છેરે, વાહાલા વાહાલ વિનાથી વ્યર્થ;
કરૂણા કિંચિત્ કેશવજી કરેરે, તો તો અખિલ સધાયે અર્થ. ૫
દિવ્ય દેહ આપ્યો જો દયા કરીરે, ત્યારે ખાસા કરીયે ક્ષેમ;
કૃષ્ણરામને કૃષ્ણ જગાડીયેરે, પ્રતીતિ આપીને પ્રેમ. ૬

વિ૦ ૮, પા૦ ૨૫

કીર્તન ૧૬૫ મું.

સપ્તમી ધાતુ શુક્ર સ્વરૂપીણીરે, તેણે ઉપજે અયોગ્ય અનંગ;
ખાડખણતાં ત્યાંહાં પડવું પડેરે, તોહ્યે ધાર્યો રહે નહી ઢંગ. ૧
પરનારીથી પ્રબળ યમ યાતનારે, ×પોતાનીથી પ્રબળ પ્રસ્તાવ;
જાણ્યામાં આવ્યું પણ જીવનેરે, અજી ભગનો ન ભાગ્યો ભાવ. ૨
નવ યૌવને નજરે દેખનોરે, આંધિ આવે છે આંખે અત્ય;
વિભ્રમથી તે વીસરી જાય છેરે, વેઠી જયેથી વિશેષ વિપત્ય. ૩
વિષ્ટા થકી નીકળીયો જયે કૃમીરે, જયમ વળી વીષ્ટામાં જાય,
એ વાટે જાતાં કોય આંતરેરે, તો તે આભ્યંતર અકળાય. ૪
એપ આ ભગથી નીકળીયો વળીરે, ભગ ભોગ્યાનું રાખે મંન,
માહા માયાની એહેવી મોહીનીરે, તેને જીતી સકે કયમ જંન. ૫
કયહાં સૂધી અજી કૃષ્ણ કરાવશ્યોરે, મુંને અંધને એમનું એમ.
કૃષ્ણરામને કૃષ્ણ જગાડીયેરે, પ્રતીનિ આપીને પ્રેમ. ૬

વિ૦ ૮, પા. ૨૬.

× પરણેલી સ્ત્રીથી.

કીર્ત્તન ૧૬૬ મું.

અષ્ટમી સિદ્ધિ જે છે ઇશિતારે, જેણે ભોગ છતેં ભય દૂર,
મલીન વૃત્તિયો મનની મર્દવારે, જગદીશ તે જણવો જરૂર. ૧
તેથી તાપ ટળે તનુ મંનનાંરે, ઉરે આશા ન ઉડે એક,
વેહેમ ગયે વેદાંત વિચારતાંરે, પછી પ્રગટે પરમ વિવેક. ૨
આભ્યંતરની આંખ્ય ઉઘાડતાંરે, જ્યે છે જ્યમ તે ત્યમ ઓળખાય,
પુરૂશોત્તમની પ્રભૂતા પેખતાંરે, મન નિર્ભય નીશ્ચલ થાય. ૩
ગાયનં ગાતાં ગીરધારી તણૂંરે, રસ ઉપજ્યે હોય રોમાંચ,
કૃષ્ણ કથામૃત સીંધુ ઝીલતાંરે, ત્રણ્યે તાપની નાવેં આંચ. ૪
સાચુ સ્મરણ સધાયે શ્રીશનૂરે, ભ્રાંતી ટળતાં ભાગે ભેદ,
કામ સ્વભાવ કર્મને વાસનાનાંરે, એટલાનો હોયે ઉછેદ ૫
કરૂંણા કરશો એહેવી કૃષ્ણજીરે, ત્યારે થાશે ટાહાડું હેમ,
કૃષ્ણરામને કૃષ્ણ જગાડીયેરે, પ્રતીતિ આપીને પ્રેમ. ૬

વિ૦ ૮ પા૦ ૨૭

કીર્ત્તન ૧૬૭ મું.

દેશી ફેર.

નવમી જ્યે નિષેકનેં આદી, મરણાવસ્થા દેહેની જો;
દેવે ગુપ્ત કરી છે માટે, કળના ન પડે તેહેની જો. ૧
કોણ દેશમાં કીયે અવસરેં, કોણ પ્રકારે આવે જો;
અણ પ્રીછયા માટે એ નીત્યેં, ભ્રાંત કરી ભૂલાવે જો. ૨
ચતૂર પડ્યો હોય ચોકે તો પણ, ઉઠ્યાની હોય આશા જો,
દાન કરંતા દીલ ચાલે નહીં, તૃષ્ણા કરે તમાસ્યા જો. ૩
કદાપી કોય કહે કૃષ્ણ તણો જન, તે પણ પરોક્ષ્ય વાંણી જો;
તનું દરશીથી ધનનેં ધોખે, જાય નહી તે જાંણી જો. ૪
આપે દંભિ તે બિજાને, દીલથી જાંણે દંભી જો;
માટે શૂં કરવું છે તેહેને, તે ન સકે આરંભી જો. ૫
જાણુ અજાંણુ સમાન ઠરે છે, મૃત્યુ ગોચર ન થતાં જો;
સાંપરાયિકનું સાધન ન બને, સત્તા છતાં કે અછતાં જો. ૬
કરમ હીણ જન કૃપણ સદા તે, પ્રતિતી બીન પીડાઇયે જો;
કૃષ્ણરામને કૃપા કરીને શ્રીધરજી કર સાહિયે જો. ૭

વિ૦ ૮ પા૦ ૨૭

કીર્તન ૧૬૮ મું.

દશ મિલીને આ કરસે નીત્યેં, ઇદ્રિયો એકલા મનને જો;
લક્ષ્મીવરની લક્ષ તજાવી, દાખવે તનુ સુત ધનને જો. ૧
આપ આપણા વિષય વિષે તે, મલિનોમાં મન મેલે જો.
ભોગ ભજ્યાની ભ્રાંતિ માટ્યે, ભવ્ય રસે નવ્ય ભેલે જો. ૨
આઠે યામ અહર્નિશ એહેનો. તાંતો કદી ન ત્રૂટે જો;
અનેક આપત્તિ ઉઠે પણ, વિષય વ્યસન નવ્ય છૂટે જો. ૩
કૃષ્ણ ભરૂસો કદીયે ન ધરે, મન એમ નિત્ય અથડાતું જો;
વિષય કદાચિત્તજાવિયે તો, રોષે થઈ જાય રાતું જો. ૪
પરોક્ષ વાતે પ્રીતી ન ધરે, રસિકોયે રગડેલું જો;
નાથ વીષે કયમ નીશંક થઇ રહે, બારે વાટયે બિગડેલું જો. ૫
પ્રગટ પ્રતીતિ બીન મન એહેવે, અજ્ઞ સદા અથડાઇયે જો;
કૃષ્ણરામને કૃપા કરીને, શ્રીધરજી કર સાહીયે જો. ૬

વિ૦ ૮ પા. ૨૮

કીર્તન ૧૬૯ મું.

એકાદશી તલ સંત મેળવો, જેહેને ઘટ માહા શાંતિ જો;
વિરામ વચન વડેથી તે તો, ભાગે મનની ભ્રાંતી જો. ૧
પરોક્ષનેં પ્રત્યક્ષ કરીને, અવલોકાવે તમને જો;
બ્રહ્માકાર જગાડે વૃત્તિ, શમાવે સઘળા ભ્રમને જો. ૨
કરૂણા નજર કરીને કળાથી. પ્રેરે આભ્યંતરને જો;
લૌકિક લક્ષ્ય તજાવિને. લક્ષાવે લક્ષ્મીવરને જો. ૩
પ્રેમ પ્રબળ પુરૂષોત્તમજીનો, પ્રગટ કરાવે મનને જો;
શોક સમુદ્ર થકી તે કાહાડે, જોર કરીને જનને જો. ૪
બોધ વડેથી બાધીત વૃત્તિ, ઇંદ્રીયોની ઉપજાવે જો;
દુરીત સકલને દહન કરીને, ભગવદ્દભક્તિ ભજાવે જો. ૫
આમાનવતનું આપી નાથે, તો એમ સાર્થક કરવી જો;
ચરણ શરણ ચાકરના ચિત્તની, વૃત્તી વીઠલ વરવી જો. ૬
સંત સમાગમ પ્રબળ પ્રતીતી. થયે સુખે ગુણ ગાઇએ જો;
કૃષ્ણરામને કૃપા કરીનેં, શ્રીધરજી કર સાહિયે જો. ૭

વી૦ ૮ પા૦ ૨૮

કીર્તન ૧૭૦ મું.

દ્વાદશી તે જ્યમ વિષ્ણુ પર્વણી, પૂર્વ વૃત્તિને પોસે જો;
ઉજાગરીતના આભ્યંતરના, શ્રમ સઘળાને શોસે જો. ૧
કીરતન કરણારા શુણનારા. પ્રાશન પાંમે પેહેલું જો;
તપસ્વિ ફરી તપે તો તેહેનું, ઘટ થઈ જાયે ઘેલું જો. ૨
એ રીતે હું વૃત્તિ પુરવનો, કીરતનનો કરણારો જો;
ઉજાગરીતને શ્રમીત થયો છું, આપનેં અનુસરણારો જો. ૩
પ્રતીલિ રૂપી પ્રસાદ પેહેલો, ઇછું છું એ માટે જો;
આપો નહિ તો થશે આકળું, આભ્યંતર ઉચ્ચાટેં જો. ૪
વિષ્ણુ પામવા કાજે પર્વણી, આ નરતનું તે આવી જો;
પૂર્વ તમને ફરી તપાવ્યે, ભ્રમ નાંખશે ભ્રમાવી જો. ૫
કરૂંણા સાગર કેશવને છું, ચરણ શરણ હું પ્રાંણી જો;
મજ આભ્યંતરની આપત્તિ, આપનેં નથી અજાંણી જો. ૬
કૃપણ ઉપરે કરૂણા કરવી, ચીદાનંદ તમે ચ્યાહિયે જો;
કૃષ્ણરામને કૃપા કરીનેં, શ્રીધરજી કર સાહીયે જો.. ૭

વિ૦ ૮, પા૦ ૨૯.

કીર્તન ૧૭૧ મું.

દેશી ઢેર.

તેર શકય નથી દેવતા, ક્ષેત્રજ્ઞ પાખે;
આ આત્મા તે આપને, ભુલિ દીન હું ભાંખેં; ૧
આકાશને જ્યેં આવરે, વિશ્વને જ્યે વ્યાપે,
તે સ્વ સ્વરૂપ વિસારીને, તમ થાય છે તાપે. ૨
શુદ્ધ બુદ્ધને મુક્ત જ્યે, અવ્યય અવિનાશી;
આપ વિસારીને તે થયો, અન્યનો અભિલાશી. ૩
એક અભેદ અજન્મા જ્યે, ભૂલ્યે બહુ વિધ ભાશ્યો;
પીડા વિનાનો પીડાતાં, પુછે ગ્રહને રાશ્યો. ૪
આપ્ત કામને કામના, અતી ઉરમાં ઉઠે;
અબાધ્ય રાખે બાધાઓ, ભૂજ બાંધીને પૂઠે. ૫
નજરબંધીયે નાથની, માયા તણી મોટી;
જ્યમનું ત્યમ ભાશ્યા વિના, ઉઠે કલ્પના કોટી. ૬

માધવ માયા ખશેડો તો, સહુ સ્વરૂપ જાણી;
કૃષ્ણરામનો કૃષ્ણજી, પકડો હવે પ્રાણી. ૭

વી૦ ૮ પા૦ ૨૯

કીર્ત્તન ૧૭૨ મુ.

ચઉદ શતક્રતું સૂધી આ, ત્રણ્ય લોક વસે છે;
કલ્પ રૂપીયો કાળ તે, પછી એહેને ગ્રસે છે. ૧
નીમિત્ત પાંમિ શેષની, શ્વાસા નળ ફૂકે;
નૈમિત્તિક એ લયવડે, ત્રણ્ય લોકજ સૂકે. ૨
નિત્યે આયુઃ આ કાયથી, અનિમિષ આ કરસે;
નિત્ય એ લયના તાપથી, તનુ દરશી તરસે. ૩
શત ધૃતીના સો વરષે તે, મહા કલ્પ કેહેવાશે;
પ્રકૃતી કાર્યના માત્રનો, ત્યારે લય થઇ જાશે. ૪
ચઉદ લોકની રચનામાં, કાંઈ રેહેશે ન બાકી;
સમય આવ્યો નથી ત્યાંહા સૂધી, કાળ બેઠો છે તાકી. ૫
પ્રાકૃત પ્રલય કહ્યો એહેને, ઓળખવા કાજે;
સુખ નહી આ સંસારમાં, શીરેં અનિમિષ ગાજે. ૬
મરણ તણા મુખમાં રેહેતાં, ત્યહાં સુખ તે શાંનુ;
તોપણ પશુની પેરચે હું, દુઃખમા સુખ માંનું. ૭
જંજાળે પડ્યો જીવ હું, મરદાઉં છું મોહે;
પ્રતીતિ પાખે પીડાઉ છું, વાહાલાને વિછોહે; ૮
શરણ આવ્યાનેં સાચવો, મન મેહેરજ આણી;
કૃષ્ણરામનો કૃષ્ણ ચંદ્રજી, પકડો હવે પાંણી. ૯

વિ૦ ૮, પા. ૩૦

કીર્તન ૧૭૩ મુ.

પૂણ્ય મહાંન હશે જેના, તેહને ભાવશે ભક્તિ;
કૃષ્ણ કૃપા થયે તેંહને, હશે વિષય વિરક્તી. ૧
પૂર્ણ પ્રતિતિ પામ્યાં તે, વેદશાસ્ત્રે વિખાણ્યા;
માહારા કરિને માધવે, જે જનનેં જાણ્યાં. ૨
સત્ય સખા શ્રી નાથનેં, જાણ્યા મન જેહેણેં;

લાજે ન તે લૌકિક લવે, કે મરણને મેહેણે. ૩
વિઘ્ન વીલય કરવા જેહને, શીરે ગોવિંદ ગાજે
નિઃશંક ગાયે નાથને, મળી સત્ર સમાજે. ૪
ચકોર પ્રાસે પાવકને, ચંદ્રામૃત ચુસ્યે;
ભક્ત ગ્રસે ત્યમ ભવ દુઃખને, હરિ સેવતાં હુંસ્યે. ૫
ભક્તિ રસાયણ પાંમિયા, સંજીવન બુટી;
હૃદય રોગ તેહના રૂઝયાં, મૂળ વાસના છુટી. ૬
અબલ આંણી શકું ક્યમ આપે, તે ભક્તિને તાંણી;
કૃષ્ણરામનો કૃષ્ણજી, પકડો હવે પાંણી. ૭

વિ૦ ૮ પા૦ ૩૦

કીર્તન ૧૭૪ મું.

અમાંસ દ્રષ્ટી ઉઘડેતો, ચીત *ગ્રામ ન ચોટે;
કૃષ્ણ કથા મૃત સિંધુંમાં, લક્ષ્યે મન લોટે. ૧
મનન કરે મન સરવદા, જગદીશ્વરજીનું;
અળ્યપણું સમજી સકું હું, સખાનું સખીનું. ૨
દીન વત્સલ એહેવી દાસને, દયા દ્રષ્ટી કરીયે;
વિશેષ થઇ જ્યે વિનતિયો રૂદયામાં ધરિયે. ૩
એક તમારે આશરે, સઘળું એ સધારો;
પ્રતીતિ પ્રીત્યે આપસ્યો, તો સ્થિર મન થાશે. ૪
સત્ર સમાજ સુધારવા, સમાચારજ લેજ્યો;
પ્રતિ ઉત્તર ઉતાવળો, કિંકરને કેહેજ્યો. ૫
શોડશ તિથી સમર્પિયો, ષોડશ પદ બંધે;
કુંઠિત વાણી વિકુંઠ થજ્યો, શ્રીધરને સમંધે. ૬
સંવત સેંહે અષ્ટાદશ, અગન્યોત્તરે વર્ષે;
માઘ વદ્ય તૃતિયા કુંજે, થયો ગ્રંથ સહર્ષે. ૭
‡ગી જગવી જ્યમ ગોવીદેં, તેહેવી મજથી ગવાણી;
કૃષ્ણરામનો કૃષ્ણજી, પકડો હવે પાંણી. ૮

વિ૦ ૮, પા૦ ૩૧.

---

* વિષયમાં. ‡ વાણી.

કીર્ત્તન ૧૭૫ મું.

દેશી ૬૨.

કૃષ્ણ તમારિરે કરૂણા થાય તો તરીયે,
નહિતર ભણિનેરે; અભિમાની થઈ ફરીયે. ૧
વિશ્વ સકળમાંરે, કોય સુણ્યો ન સર્વજ્ઞ;
માધવજી બિનરે, અન્ય સકલ જન અજ્ઞ. ૨
તોપણ જે જનરે, અમ્યો અનૂપમ માંને;
શાસ્ત્ર નિપુણ છુંરે, એમ કલ્પે અજ્ઞાંને. ૩
સહુ જન સરખારે, ત્રણ્ય તાપ નવ્ય વામે;
સહુથી અધીકારે, ચ્યાર ચતુર થઇ પાંમે. ૪
ઘોષ ઘણાનુંરે, કંઠેથી નીત્ય કરવું;
બ્રહ્મ કરમનેરે, મૂકિ ઘરઘર ફરવુ. ૫
માન જનોથીરે, મળવું ચ્યાહે એ ભ્રાંતિ;
કદી અવજ્ઞારે, થાય પણ ન બને શાંતી. ૬
શાસ્ત્ર સકલનુંરે, શ્રુતિયોનું સજ્જનનું;
રહસ્ય એ છેરે, શુદ્ધ થવું જ્યે મનનું. ૭
દિગ્ગજ જીત્યારે, તોપણ નહી સુખકારી;
બલવંતી તૃષ્ણારે, એહેવી જેમણે મારી. ૮
અભય હરીનેરે, લહી દ્રઢ થઈ ઉપાસે;
તે જન ધન્યારે, વિમલ રહે વિશ્વાસે. ૯
શબ્દ કુશળ થઇરે, અનુદીન જ્યે અથડાયા;
હરી ન જાણ્યારે, તે જન શાંના ડાહ્યા. ૧૦
હે મા માયારે, તૂં છે પ્રબલા ધાઢી;
ચીત્ર ચરીત્રારે, રૂપ જવનીકા જાડી. ૧૧
એઠી સહુનેરે, અંત નિલયે સાચે;
બલાતકારેરે, પંડીતને શીર નાચે. ૧૨
એ અનુમાનેરે, જાણી તૂં નીકટની;
કૃષ્ણરામેરે, અનંત હરીની નટની. ૧૩

વિ૦ ૯. પા. ૬.

કીર્ત્તન ૧૭૬ મું.

દેશી ફેર સાખી.

કૃષ્ણ કૃપાલ દેવાને દરસન, આહાવે અવસરે આવોજી;
માધવ મન માહાશનું સંકટ, મેહેર કરીને મીટાવોજી. ધૃ. ૧
હઇયું હાથ રહે નહી હરજી, બલવંત બીરૂદ બતાવોજી;
ધીરજ્ય આવે ત્યમ ધરણીધર, સરસ સમાચાર કાહાવોજી. કૃ. ૨
અનન્યતા ઉપજાવો ઇશ્વર, ભુધરજી જ્યમ ભાવોજી;
યોગ ક્ષેમ કાજ્યે જ્યગજીવન, આવડું કાં અથડાવોજી. કૃ. ૩
વેદ વચનથી વિશ્વંભર તમે, કરૂણાં સિંધો કહાવોજી;
ઉત્તમ મનુજ જન્મ આપીનેં, કલબલ શાંનેં કરાવોજી. કૃ. ૪
સર્વ સામર્થ્યે પુર્ણ છતાં તમે, રકને શું રઝળાવોજી;
ગરીબ નીવાજ ઘટીત નહી તમને, ફંદમાં શું ફેલાવોજી. કૃ. ૫
ભમવું ભાવે નહી મુને ભૂધર, સ્થીર કરી સ્થાને ઠરાવોજી;
કલેશ કલ્પનાં કેશવ કાપો, ગોવિંદ ગુણ ગવરાવોજી. કૃ. ૬
સાચો છે શ્રીધર તુંમ સાથ્યેં, દાસ જનોને દાવોજી;
માટે સાહ્ય કરો મધુસૂદન, વચન પ્રતિતી જણાવોજી. કૃ. ૭
આશ્રય એક તમારો ઉત્તમ, મન માહારાને મનાવોજી;
વારંવાર કહુ શું વિઠલ સાચો રંગ સધાવોજી, કૃ. ૮
દેવ દયા કરી દીન દાસનો, કર કમલાપતી સાહવોજી;
કૃષ્ણરામને કૃષ્ણ કૃપા કરી, નૌતમ છબી નીરખાવોજી. કૃ. ૯

વી૦ ૯ પા૦ ૧૦

કીર્તન ૧૭૭ મું.

સાખી.

પાય નમી પ્રણામ કરૂં હું, નિત્યે નરહરીને. ધૃ. ૧
સચરાચર સઘળું વશ જેહેને, અપરિમિત મહિમા;
ધરમ તણા સંસ્થાપન અરથે, આવે રૂપ ધરીને. પા. ૨
જેની વેદે વીમલ વરણવી, વીરૂદતણી સીમા;
જેને શરણ થયે નવ્ય પામે, જીવ જનમ ફરીને. પા. ૩
ઉત્પત્તિ પાલન સિંહારણ, વિશ્વ તણું કરતા;
કષ્ટ ન પાંમે કોય કદાચીત, જેને અનુસરીને. પા. ૪

જેના પદ પ્રાપ્તિને કારણ, તપસી તપ ચરતા;
જેની કથા સુધારસ પાને, કઇક ગયા તરીને. પા. ૫
સકળ મનોરથ સેહેજ્યે પૂરે, રેહેતા વિશ્વાસે;
ગોપીજન પદ પાંમી જેહેનું, કાંત લહિ વરીને. પા. ૬
દંભિત જનથી દૂર વસે; રેહે પ્રેમીને પાસે;
જેના પદ રજથી શ્રી ગંગા, પાતક લ્યે હરીને. પા. ૭
પ્રિતિ દેખે ત્યહાં પુરૂશોત્તમ, નાચંતો આવે;
ગોબ્રાહ્મણની વાહાર કરે જે, જોતાં નજર ભરીને. પા. ૮
યજ્ઞાદીકથી અતિશે જેને, ભક્તિ મન ભાવે;
ચિંતનવાળાને ચિત્ત બેસે, નિત્યે જ્યે ઠરીને. પા. ૯
પતિત પાવન અધમોદ્ધારન, શરણાગત ત્રાતા;
મજ બાળક વેળા હરી બેઠાં, કાં આળસ કરીને. પા. ૧૦
કરૂણા સાગર છો કેશવજી, દેવ દીવ્ય દાતા;
કૃષ્ણરામની વાહારે ચઢજ્યો, કહું છું કરગરીને. પા. ૧૧

વિ૦ ૯. પા. ૧૧

કીર્તન ૧૭૮ મું.

સાંભળજ્યો શરણાગત વત્સલ, વિનતિ વિરહિત જનનીરે;
ભગવત્કરૂણા વિનાથી ભ્રાંતિ, જાય ન જીવના મનનીરે. સાં. ૧
માનવ જન્મ મળ્યો છે તથાપી, મલિન સમો હું માણુંરે;
કરૂણા કરી જો કળ ફેરવોતો, જગદીશ્વરને જાણુંરે. સાં. ૨
મુજને તો હું માહારાનિ હઠ્ય, મોહિત કરીને મરદેરે;
કોઈ કરચેંથી કળ નથી પડતી, દેવ માયાની દરદેરે. સાં. ૩
કૃષ્ણ કથા સાંભળું તથાપી, શુદ્ધ મનન નવ્ય સૂઝેરે;
વિશ્વંભર વિશ્વાસ વિનાથી, હૃદયના રોગ ન રૂઝેરે. સા. ૪
અલ્પાયાસેથી અન્નાછાદન, જો મેળવો જગજીવનરે;
ચીંતા રૂપી જો ચીતા શમાવો, તો તો સધાય કાંઈ સાધનરે.સાં. ૫
સર્વજ્ઞ તમને શરણુ આવ્યો છું, નાથજી મજને નિભાવોરે;
કૃષ્ણરામને કૃષ્ણ કૃપા કરો, તમને ફરિને ન તાવોરે. સાં. ૬

વિ૦ ૯, પા. ૧૨

કીર્તન ૧૭૯ મું.

દેશી ફેર.

અંતરયામી અરજી માહારી સાંભળોરે
બીજા પાસે કયમ કહું મનની વાતજો;
મદ મત્સરને મોહ ભરેલા માંનવીરે,
મનમાંને કયમ સહુસા તેં સંઘાતજો. અં. ૧
હું માહારૂં તાહારૂં ને આતે પારકુંરે,
એહજ મીથ્યા મન માંને છે સત્યજો;
મેં કીધું માહારે કરવું આ મજ વડેરે,
તે આગળ શી કેહેવી દીલની ગત્યજો. અં. ૨
આપ તણી માયાના અકળિત પાશથીરે,
બંધાણું છે આપે આખું જયક્તજો;
લોભ રૂપ વ્યાપારે સહુકો વ્યાપીયુંરે,
સહુમાં વ્યાપી તૃષ્ણા રૂપી શક્તજો. અં. ૩
યતી તપસ્વી સંન્યાસી સહુ એહમાંરે,
નથી માયાથી વીરહીત બીજું કાંઇજો;
પરમારથ સ્વારથ તે સધાય શા થકેરે,
શોધી જોઇને સમજે નહી તે માંહિજો. અં. ૪
તે આગળ જઇને શી કરવી યાચનારે,
જેને અંગે કામ ક્રોધને લોભજો;
આપે આપણુ ફળની તૃષ્ણા જે કરેરે,
તે પાસે માગંતા પામું ક્ષોભજો. અં. ૫
ભૂખ્યા પાસે ભૂખ્યો જઇને શૂં જયમેરે,
વસ્તુ વિયોગી શું દેખાડે વસ્તજો;
ઇચ્છા વરજીત પૂરણ કો લાભે નહીરે,
મનવડે ખોળી જોયું જયક્ત સમસ્તજો. અં. ૬
સદ્‌ગુરૂ વચને સત્ય વાત જાણી પડીરે,
સમર્થ છો તમે વિશ્વ તણા આધારજો,
ઘટઘટને મધ્યેં વ્યાપો છો વિધ વિધેરે,
નિર્ગુણ સગુણ તમે છો એક અપારજો. અં. ૭

ઉત્પત્તિ પાલન સિંહારણ વિશ્વનારે,
તરણ તારણ છો શરણાગત વિશ્રાંમજો;
ભક્તવત્સલ ભવભયના ભંજન ભૂધરારે,
અધમોદ્ધારણ એક આપનું નામજો. અં. ૮
એહ બિરૂદ જાંણીને યાચું આપનેરે,
જયમ જાણો ત્યમ કરવી જનની સાચજો;
વિશ્વંભર બાંનું બહુ સાચવવું ઘટેરે,
જો વિસરે તો લોક હસારત થાયજો. અં. ૯
સમર્થનો સેવક કેહેવાયો લોકમાંરે,
તે કયમ માંગે ઘરઘર ભિક્ષા અન્નજો;
સમર્થને સેવ્યા તે એમ કયમ આથડેરે,
માટે વાત વિચારી સમજો મંનજો. અં. ૧૦
બિરૂદતણું બાનૂંરે આપે આપનુંરે,
સંભાળીને કરવું જયમનું ત્યંમજો;
કૃષ્ણરામ કીંકર કરજોડી કરગરેરે,
કીજે એહવું જયે લાજ ન જાય જયંમજો. અં. ૧૧

વિ૦ ૯ પા૦ ૧૬

કીર્તન ૧૮૦ મુ.

ઈશ્વરતા ઉરમાં ઈશ્વર ઉઘાડિયેરે,
ઉપજાવા અખીલેશ્વર કેરૂં જ્ઞાનજો;
સ્નેહ કરીનેં સજીવ બુટી સુંઘાડીયેરે,
તારકનાથ મેળવવા તુંમ શું તાંનજો. ઈ. ૧
દ્રઢ ઘોખો મીટી જાયે જેણ્યે ધ્વંસનોરે,
એમ ઉલટાવી નાંખો આ અધ્યાસજો;
પંથ પેખાડો પ્રતીતીયે મહા હંસનોરે,
જેણે ભાસો સકળ વિષે શ્રીનીવાસજો. ઈ. ૨
આડો આવરણાંતરપટ આઘો કરોરે,
પંચ પરવવાળી તે જયમ પલાયજો;
બુદ્ધિ વિષે નિજરૂપ બોધ બળીયો ભરોરે,
જેથી કેશવજીની કરૂણા કળાયજો. ઈ. ૩

પાપરૂપીયાં પ્રચંડ પટલ પરાં ખસેરે,
દિવ્ય દ્રષ્ટિયો બન્યે થવાયે દક્ષજો;
હૃદય સદા ભિજ્યું રહે રમેશને રસેરે,
પરોક્ષ જે તે સઘળાં હોય પ્રત્યક્ષજો. ઈ. ૪

વિમળ વિરતિયો બને વિષયના ભોગનીરે,
તૃષ્ણા કેરી જેંણિયે ત્રૂટે તાંત્યજો;
વેગે વેદના ભાગે જ્યમ વિયોગનીરે,
.યોગ ક્ષેમ ભજ્યાની ભાગે ભ્રાંત્યજો. ઈ. ૫

કામ ક્રોધ કે લોભ પછી લુટે નહીરે,
વિઘ્ન વિલય થઈ જાયે વિસરેં વેહેમજો;
સખ્ય સચ્ચિદાનંદતણું ભાસે સહીરે,
પ્રગટે પુરૂષોત્તમની સાથ્યે પ્રેમજો. ઈ. ૬

ગુણ કીર્ત્તન ગોવિંદ તણાં ગાવાં ગમેરે,
આડયે અંતરાય નવ્ય ઉઠે એકજો;
સાચી શાંતિથી મન માહારૂં વીરમેરે,
વિમળવાસના ઉઘડે બનેં વિવેકજો. ઈ. ૭

સુંદર જન્મ થયો તેહેનૂં સાર્થક બનેરે,
પતિત પાવની નીજની પામું પ્રતિતીજો;
પોતાનું પ્રારબ્ધ ભજું નીશ્ચલ મનેરે,
ભાગે જન્મજરા મરણોની ભ્રાંતીજો. ઈ. ૮

જીવન શેષ જીવવું જીવું જ્યોખમાંરે,
કૃષ્ણ ચંદ્રને અર્પતાં ક્રીયમાણજો;
મરણ થતાં જ્યમ પામું વિદેહ મોક્ષમાંરે,
કરૂણાથી એહવું કરીયે કલ્યાણજો. ઈ. ૯

પરાભક્તિને ઉઘાડો આભ્યંતરેરે,
જયે ઉપજેથી સાર્થક સઘળું હોયજો;
જીવથી જે સાધે નહિ તે કરૂણા કરેરે,
જન્મ અંધ તે જગતને જેણે જોયજો ઈ. ૧૦

જેથી મુક વદે વેદાદિક વાણીનેરે,
પંગુ જયેણે ગિરી ઉલ્લંધિ જાયજો;

એહેવા શ્રીધરજીને સમર્થ જાંણીનેરે,
કૃપા ઇછતો નીત્ય નમું હું પાયજો. ઈ. ૧૧
શઠના સાંધનને શાંને સંભારીયેરે,
ગરિબ નિવાજ જુવો શાંને ગુણ દોષજો;
તમે તમારૂં બિરૂદ નીભાવા તારીયેરે,
રંક ઉપર નવ્ય ઘટે રાખવો રોષજો. ઇ. ૧૨
શરણ થયો છું તમને સરવ પ્રકારથીરે,
શરણાગતના વત્સલ છો તમે સત્યજો;
માટે મુકાવિયે માયાના મારથીરે,
છોગાળા નિજની ઓળખાવી છત્યજો. ઇ. ૧૩
તમને શું કેહેવું પડશે સરવજ્ઞનેરે,
માહારા નાથ સકળ જાણો છો મર્મજો;
આપ આશરે રાખોજી મજ અજ્ઞનેરે,
કૃષ્ણરામ કેરાં નવ્ય જોવાં કરમજો. ઈ. ૧૪

વિ૦ ૯ પા૦ ૧૯

કીર્ત્તન ૧૮૧ મું.

દેશી ફેર ગુરૂસ્તુતિ.

વંદુ શ્રી સદ્‌ગુરૂકે ચરણ, શ્રી સદ્‌ગુરૂકે ચરણ; ધૃ.
ગુરૂ બ્રહ્મા ભવ બ્રહ્મ અધોક્ષજ, ગુરૂ અશરણ કે શરણ. વં. ૧
જ્ઞાનાંજનકી ભરત શલાકા, આંજત જયહાં આવરણ;
દોષ રહિત દ્રષ્ટીસુ દિખાવે, અવીનાશીકું અરણ. વં. ૨
સંશય સકળ શમાવે સુનાવે, કૃષ્ણ કથા નીત્ય કરણ;
શુદ્ધ સ્વરૂપ સૂનાય મીટાવે, જન્મ જરા ભય મરણ. વં. ૩
નારાયણ નૌકા નીરખાવે, ભવસાગરકું તરણ;
કૃષ્ણરામ કહે સહજ ગુરૂ કરે, સકલ શમલકો ક્ષરણ. વં. ૪

વિ૦ ૯, પા. ૨૧.

કીર્તન ૧૮૨ મું.

દેશી ફેર.

કંઇક દીવસથી હું કરગરૂં કલીષ્ટ,
અવિદ્યા આવર્ણનું મિટવા અનીષ્ટ;
કાં નથી બોલતા દ્રષ્ટરે, માહારા કૃષ્ણ કૃપાલો. ૧

અંશ તમારો હું છું અલબેલા,
પુરૂશોત્તમ માહારા છો સખા પેહેલા;
વાહાલ દેખાડો હવે વેહેલારે. મા૦ ૨

તમને તજી ગયો ગ્રામ્યને ભોગે,
અથડાયો હું ઘણો અવળે ઉદ્યોગે;
વિમોહ પામ્યો વિયોગેરે. મા૦ ૩

જ્યહાંગયો ત્યહાં મુને જંજાળોવાધી,
આદિ સખાને હું ન સકયો આરાધી;
એથી ન શમ્યો અંતરાધીરે. મા૦ ૪

જે મળ્યા સંગી તે સઘળા ઠગારા,
ઉલટા અધ્યાસના ઉપજાવનારા;
ધણીને વિસારયા તે દ્વારારે. મા૦ ૫

ત્યારે ખાણ્યે યોની લક્ષ ચોરાશી
કંઇ વરા ભોગી મે માહા દુઃખ રાશી,
એથી હું પામ્યો છું ઉદાસીરે. મા૦ ૬

તરણી તનયે મુને કંઈ વરાં તાડયો,
પુય શ્રોણિત કૃમી ગર્ત્તામાં પાડયો;
રાગ રોષે હું રંજાડયોરે. મા૦ ૭

નાથ તમે આજ નરતનું આપી,
તોહે શકયો ન અધ્યાસ ઉત્થાપી;
આતૂર હું છું અઘાપીરે. મા૦ ૮

કરૂણા કરી ત્યારે પૂરણ કરીયે,
ભવ્ય ભરૂંસેથી દિલ ભરિયે;
અરજીના જવાપ ઉચ્ચરીયેરે. મા૦ ૯

પ્રભૂજીને પત્ર મેં લીખીયા અનેક,
અજી સુધી નાવિયો ઉત્તર એક;
છબીલા છબો શું છેકરે. મા૦ ૧૦

શરણ વત્સલ તમને શરણ હું આવ્યો,
તાપે ઘણી વરાં મુજને તપાવ્યો;
ઇશ હું અનીશ ઠરાવ્યોરે. મા૦ ૧૧

પિડિત જાંણી મુને દાખવો પ્રીતી,
વ્યર્થ આ જન્મ માહારો જાય છે વિતી;
પ્રણુત પાલક ઘો પ્રતિતીરે. મા૦ ૧૨
કાલાવાલા માહારાં કર્યું સાંભળીયેં,
સેવકને કલ્પદ્રુમ સમ ફળિયેં;
કૃષ્ણુરામને કૃષ્ણુ મળીંયેરે. મા૦ ૧૩

વિ૦ ૯ પા૦ ૨૩

કીર્તન ૧૮૩ મું.

દેશી ફેર–સમસ્યા.

†દશદારાના પતીના ઘરમાં, બે જણી નીત્યે લડતી દેખી;
તે મધ્યે ×એક પરોક્ષવાળી, +બીજીને અપરોક્ષી પેખી. ૧
પરોક્ષવાળી સાચી તોહે, લાજ ધરંતી બોલે માંને;
બીજી તો વિશ્વાસ વિનાની, ડંમર હાંકે પોલે પાંને. ૨
‡ત્રિજી રંગની સાથ્યે જળની, રીત્યેં તે ત્યંહાં તેહવિ ચાલે;
પોતાનેં નહિં સમજણુ ત્યારે, બેની સાથ્યેં બેનું પાળે. ૩
અપરોક્ષીને ભલું મનાવા, *ત્રણ્ય સમજણી પક્ષે આવી;
એક ÷અજાણી તે પણુ તેહેમાં, આવી પક્ષે બિન બોલાવી. ૪
તેહુ અજાંણી બે ગુણુ જાંણે, તેહેમાં એક સ્વભાવેં વેહેછેં;
*બિજો ગુણુ તો અપરોક્ષીની, આજ્ઞાયે રાખેં ત્યમ રેહે છે. ૫
બીજી‖ બે અજ્ઞાંની તેહને, કાંઈક અપરોક્ષીનું પાસું;
તે બે જણીયે એમ વિચાર્યું, જીતે તેહેની પક્ષેં જાશું. ૬
ɤછેલ્લી તે અજ્ઞાંની પોતે, સદાયેં ચાલે સ્વભાવ રીતી;
તેંહેનેં શાંની કરવી જોઈએ, બેજણીમાં એકેની પ્રીતી. ૭
પરોક્ષવાળી સાચી છે પણુ, પક્ષ વિનાની †નિબળી ભાસે;
બીજી જુઠી પણુ બળવંતી, થઈ બેઠી જઈ પતીની પાસેં. ૮
આ સમજાવે એ સમજાવે, લૌકીક વૈદિક પ્રમાણુ ક્રમથી;
કોહોનું સાચું જુઠું કોહોનું, તે નવ્ય સમઝે સ્વામિ ભ્રમથી; ૯
સમર્થનો સેવક છે તોહે, પ્રેમ પ્રેમદાને વશ પડીયો;
લડાઈ ઘરમાંથી ચુકવવા, સત્ય વાતનો શોધ ન જડીયો ૧૦

---

† દશ ઇંદ્રિયો. × કર્મેંદ્રિ. + ચક્ષુ. ‡ વાણી. * ઘ્રાણુત્વક્ ને રસના. ÷ ઉપસ્થ. ‖ પાદને હસ્ત. ɤ ગુદા. † નબળી.

તેટલા વાસ્તે *જુઠી તેતો, સદાય ‡સાચી થઇને બેઠી;
ઘોળ અતીશે પડીયો ઘરમાં, સાચીની ચાલે નહિ શેઠી. ૧૧
ચીદાનંદના રાજ્ય વિશે આ, કયમ ચાલે અંધેર ધાહાડી;
કૃષ્ણુરામના ઘરનો કજીયો, કૃષ્ણ કૃપા કરી નાંખો કાહાડી. ૧૨

વિ૦ ૯, પા. ૨૪.

કીર્તન ૧૮૪ મું.

દેશી ફેર–ગરબો.

સાંમળિયા સ્નેહીની સાથ્યે, પ્રીતલડી બંધાણી વાહાલા;
વારી જાઉં વિમળ છબીને, મીઠી મુખની વાણી. વા૦ ૧
યોગી તપસી રૂષી મુનીવર, ધરે તમારૂં ધ્યાન; વા૦
મણિમય મુકુટ વિરાજે મસ્તક, કોટી સૂર્ય સમાન. વા૦ ૨
મકર કુંડળની શોભા જોતાં, લાજે ભાસ્કર ઇંદુ; વા૦
કેસરી તીલક લલાટે શોભે, મધ્યે મૃગમદ બિંદુ. વા૦ ૩
કંઠે મુક્તાહાર અનૂપમ, વૈજયંતી માળ; વા૦
વનમાળાને તુળશીમાળા, કૌસ્તુભ ઝાક ઝમાળ. વા૦ ૪
ઉર ઉપર ભ્રગુ લાંછન શોભે, શ્રીવત્સની શ્રી ઝળકે; વા૦
બાંહે બાજુબંધ ઝૂમતે, ચોસર મોતી લલકે. વા૦ ૫
વેઢ મૂદ્રિકા કડાં સાંકળાં, પુહુંચી પરમ વિશાળ; વા૦
કટી મેખલા રાજે કટીયે, ઘુઘરૂ શબ્દ રસાળ. વા૦ ૬
પીતાંબર પરીધાાંન કીધાં, પાયે નૂપુર વાજે, વા૦
મન લોચનને આનંદકારી, રૂપ તમારૂં રાજે. વા૦ ૭
જેના ઉપર કૃપા તમારી, તે નજરે નિત્ય ન્યાહાળે; વા૦
બીજા જનનો બકવા કરતાં, જન્મ ગયો જંજાળે. વા૦ ૮
હું ને માહારામાં લોભાંણા, દેહને દેખે દ્રષ્ટ; વા૦
તેને કયાંહાંથી દરશન એહેવું, સાંમળિયાનું સ્પષ્ટ. વા૦ ૯
કર જોડીને પૂછું તમને, મન માહારાનું પ્રષ્ણ; વા૦
નજરે પડસ્યો નાથ કયાહારે, કૃષ્ણુરામને કૃષ્ણ. વા૦ ૧૦

વિ૦ ૧૦ પા૦ ૧,

---

* નેત્ર. ‡ કર્ણેંદ્રિ.

કીર્તન ૧૮૫ મું.

દેશી ઠેર.

હું તો એક આશધું આપનેં,
મજ ઉપર થઇ મહેરબાન; વિઠલ વેહેલા આવિયે.
બીજાં પ્રીછું નહિ પૂણ્ય પાપનેં,
જયેથી ઉલટું હોય અભિમાન. વિઠલ૦ ૧
જયેહેનો અગાધ મહિમા લોકમાં,
જયેહનાં પાવન પૂણ્ય ચરિત્ર; વિઠલ૦
માહારે ચૌદ ભૂવનના ચોકમાં,
માધવજી તમ્યો છો મીત્ર. વિઠલ૦ ૨
હું તો ચરણ ને શરણેં આવિયો,
જેની ઓળગ અફળ ન હોય; વિઠલ૦
જેહેનો બળવંત ગુરૂયેં બતાવિયો,
મહા મહિમા ન જાણતું કોય. વિઠલ૦ ૩
જયે જયે શરણ થયા તવ ચરણનેં,
તેનેં જ્ઞાંનેથી લાભી ગમ્ય; વિઠલ૦
તે તે ઉલ્લંઘીને આવરણનેં,
પામ્યા રમાનાથ પદ રમ્ય. વિઠલ૦ ૪
છૂટ્યા જન્મ મરણ જંજાળથી,
તેનાં વિઘ્ન થયાં વિદ્ધંસ; વિઠલ૦
ઉગરચા અધ્યાસના આળથી,
તે તે પૂર્ણ થયા પરમ હંસ. વિઠલ૦ ૫
તેમણે હસ્ત મુકયો જયેહેને મસ્તકે,
તે તે સદ્ય થયાં સહુ સંત; વિઠલ૦
તે તે પુરૂષ લખાયા પુસ્તકે,
એહેવા કૃષ્ણ છો કરૂણાવંત. વિઠલ૦ ૬
જેનાં નામ સ્મરણનાં માત્રથી,
અજામીલ તરચો અઘવાંન; વિઠલ૦
શબરી થઇ શ્રેષ્ટ સુપાત્રથી,
જેણીયેં ભાવેં ભજ્યા ભગવાન. વિઠલ૦ ૭

બ્રહ્મહત્યા મિટી જેનાં નામથી,
સ્વયં પાતીનેં ઉગ્યાં *પર; વિઠલ૦
પિંગલા પણ છૂટી પ્રણામથી,
કાંમ હાંમનો છૂટયો ડર. વિઠલ૦ ૮
એણિ રીત્યેં અધમને ઉદ્ધારવા,
આપેં અવની ધરચા અવતાર. વિઠલ૦
અસુરોનો ભાર ઉતારવા,
સેવક તણી કરવા સાર. વિઠલ૦ ૯
મજ ઉપર મેહેર કરો હવે,
દેવના દેવ દીન દયાળ; વિઠલ૦
હું તો ભૂલી ભમ્યો છું ભવો ભવેં,
પીડા વારી કરો પ્રતીપાળ. વિઠલ૦ ૧૦
પ્રભૂનાથ પોતાનો બિચારીનેં,
માહારા મનની પૂરો હાંમ; વિઠલ૦
આશ્રિત સહિત લીજે ઉગારીનેં,
કર જોડી કહે કૃષ્ણરામ. વિઠલ૦ ૧૧

વિ૦ ૧૦ પા૦ ૪

કીર્ત્તન ૧૮૬ મું.

દેશી ફેર.

આજ શું આવીરે, ખાસા ખોટય ખજ્યાંનેં,
કરૂણા સમુદ્રની કરૂણા ખુટી, માધવ તે કોણ માંનેં. આ. ૧
આગેં તો અધમ અનેક ઉદ્ધારચા, તે તે લખાયા પાંને;
આજ ગરીબની અરજી અજીયે, કાં નથી ધરતાં કાંનેં. આ. ૨
કોય શ્રવણેંથી કોય મનનેંથી, કોય ગાતે ગુણગાંને;
કોય પૂજનથી કોય વંદનથી, કોય ધરતેથી ધ્યાંનેં. આ. ૩
કઈક તપોબળથી તમે તારચા, કઈ સખ્યેં કઇ જ્ઞાંને;
કઈ કેવળ કરૂણાથી તારચા, ભાવ થકી ભગવાનેં. આ. ૪
કઈ તીર્થેથી કંઇક વ્રતોથી, કઇક કરંતે દાંને;
કંઇ સ્નેહેંથી કંઇ દ્વેષેથી, કઇક ધરચેથી બાંને. આ. ૫

---

* પાંખો.

એહેમાંનાં સાધન આ કળિયુગમાં, શ્રીધર જોવાં શાંને;
શરણુ માત્રથી મજને તારો, અથડાતો અભિમાંને. આ. ૬
નાત્ય જયમાડનાર આગંતુકને, જયમ પ્રીસે સનમાંને;
યશ તેહેનો તે બોલે જગતમાં, ખુશ થઇ †ખાંને ખાંને. આ. ૭
એ રીત્યે મજ દીન દાસને, સંભાળી લ્યો સાંને;
કૃષ્ણરામ કહે કૃષ્ણ કૃપા વડે, તારો તમારે તાંને. આ. ૮

વિ૦ ૧૦. પા. ૭

કીર્તન ૧૮૭ મું.

અરજ્યો માહારીરે, કેશવ કરણે ધરજ્યો;
હઇયું હાથ્ય હવે નથિ રેહેતું, સહાય સેવકની કરજ્યો. અ. ૧
શુંન્ય જીવવું ન ગમે શ્રીધર, પડિ રહેવું પીડામાં;
ક્રોધ કરકમાં લોભ લક્ષ્યમાં, કાંમ તણી ક્રીડામાં. અ. ૨
આહાર ભય મીથુન નીદ્રા તેહેને, ક્યહાં સૂધી હવે ભજીયે;
પુરૂષ કરીને પશુ સરખો કાં, રાખો મજને અજીયે. અ. ૩
નરક મૂળ નારીની સાથ્યે, કાં મુજને ક્રીડાવો;
હું માહારૂં એ હુતાશન મધ્યે, અજીયે કાં હીંડાવો. અ. ૪
દુઃખ મૂળ આ દેહને માટે, શું અભિમાન ધરાવો;
પાપ મૂળ પરીવારને માટે, ફંદમાં શીદ ફરાવો. અ. ૫
શોક મૂળ તે સગાંને માટે, મમતામાં કાં મરદો;
અનર્થ કેરાં મૂળ અરથને, માટે કાં અજી અરદો. અ. ૬
બંધન મૂળ બંધુ જનનો ચિત્ત, કાં ઉપજાવો ચટકો;
લક્ષ્ય ચોરાશી મૂળ લોકની, લવમાં કાં પ્રભુ પટકો. અ. ૭
ક્લેશ મૂળ કરમોની વૃત્તી, અજિયે કાં ઉપજાવો;
ભ્રાંતીવડે પીડા ભોગી તેં, ભ્રાંતીને શું ભજાવો. અ. ૮
ઘણી થઇ ઘણી થઈ ગોવિંદજી હવે, તાપ ત્રિવિધના ટાળો;
મજ શરણાગતનું આભ્યંતર, જ્ઞાંન આપી ઉજ્જુવાળો. અ. ૯
દેખતો જ્યમ દોરે અંધોને, જ્યહાં લેઇ જાય ત્યહાં જાતા;
એમ હું વશ્ય તમને છું ઇશ્વર, શરણુ લહી કરો શાતા. અ. ૧૦
ગુણ અવગુણ નવ્ય જોઇએ ગિરિધર, હું આધીન તમારે;
અનાથ બધો આપ તણો છે, આશ્રય એકજ માહારે. અ. ૧૧

---

† ઠેકાણે ઠેકાણે.

આભ્યંતરની આંખ્ય ઉઘાડો, તો સહુ લક્ષણ શોભે;
આજ સુધી આવરણે આંજી, લૂટિ લિધો મુને લેભે. અ. ૧૨
વર્ત્તમાન સહ ભૂત ભાવિતે, નજરે મુજને પાડો;
અનાયાસથી પ્રારબ્ધોનાં, ફળ મુજને પોહેચાડો. અ. ૧૩
હવે અથડામણ ભાગો હરજી, ગોવિંદ ગુણ ગવરાવો;
કૃષ્ણ કથામૃત સરિતા મધ્યે, નિત્ય મુજને નહવરાવો. અ. ૧૪
કૃષ્ણ વિના કિંકર કહે કોહોને, ધણિ સાહ્યબ મન ધારો;
કૃષ્ણ ધરી કર કૃષ્ણરાંમને, કરૂણા કરીને તારો. અ. ૧૫

વી૦ ૧૦ પા૦ ૮

કીર્ત્તન ૧૮૮ મુ.

દેશી ઢેર.

માહારી અરજીયો અશરણ શરણરે,
સાંમળીયાજી સાંભળીયે.
કેશવજી ઉઘાડી કરણરે. સાં૦
તમે ગૌબ્રાહ્મણ પ્રતિપાળરે. સાં૦
આશ્રિતની ઉતારીયે આળરે. સાં. ૧
હું તો બહુ દીનથી પૂકારૂંરે સાં૦
બળવીર ઉઘાડીયે બારૂંરે, સાં૦
ઉર અકળાંમણ મુંને આવેરે, સાં૦
ભૂતળના ભોગ ન ભાવેરે. સા. ૨
નિંદ્રા પણ નાંવે નિશિયેંરે, સાં૦
મુને સાંન ન કશિયે સૂઝેરે; સાં૦
કયમ વાહાલાનો વિયોગ વેઠુંરે, સાં૦
માહારૂં હઇયું ન બેસે હેઠુંરે. સાં. ૩
કઇ કલ્પથી હું અથડાઉંરે, સાં૦
બહુ વેશ ધરી વગોવાઉંરે; સાં૦
કઈ લક્ષ ચોરાશીમેં ભોગીરે, સાં૦
તોહે અજી ફરૂં છું વિયોગીરે. સા. ૪
જગજીવન સઘળું જાણોરે, સાં૦
અજિ સૂધી દયા કયમ નાંણોરે; સાં૦

હવે આભ્યંતર ઉઘાડોરે, સાં૦
ભૂત ભાવીને નજરે પાડોરે. સાં. ૫
ઉરનો અંતર પટ ખોલોરે, સાં૦
બાળ્યકની સાથ્યે બોલોરે; સાં૦
ભૂધરજી ભવ દૂઃખ ભાગોરે, સાં૦
જન માટે જીવન જાગોરે. સા. ૬
આહાવિ દુર્લભ તનુંને આપીરે, સાં૦
આમ અથડાવો શું અઘાપીરે; સાં૦
જળ તારક મણીને ઝલાવીરે, સાં૦
કયમ ડુબાડો આડો ચલાવીરે. સાં. ૭
ભુજે ભાગવત દેઈ શું ભુલાવોરે, સાં૦
ખોટામાં શાંને ખેલાવોરે; સા૦
ચિત્ત ચરણ વિષે ચોટાડોરે, સાં૦
ભ્રાંતીના ભ્રમણ છુટાડોરે. સા. ૮
શીશ્નોદરના જયે સ્વાદીરે, સાં૦
તે તો બડબડે બે મર્યાદીરે; સાં૦
તેમને ટાંકણે કયહાં લગી ટાંકુરે, સાં૦
વારૂ કેહેતાં પડે છે વાંકુંરે. સાં. ૯
ગુણમાંથી અવગુણ ઢુકેરે, સાં૦
અલ્પ અવગુણે માહા ગુગુ મૂકેરે; સાં૦
એહેવો સંગ મળ્યે નિત્ય સૂકુરે, સાં૦
મેહેરબાંની કરોતો હું મૂકુંરે. સાં. ૧૦
પ્રતિતી જો દાખવો પૂરણરે, સાં૦
તો ચેટક સહુ થાંયે ચુરણરે; સાં૦
હવે ગોવિંદજી ઘણી થઇ છેરે, સાં૦
સંભાળો જયે સ્વલ્પ રહી છેરે. સાં. ૧૧
ઐશ્વર્ય ઉઘાડો મનનેરે, સાં૦
જોઞ્ય મનાવે જયમ જનનેરે; સાં૦
દીજે ઉત્તર કરૂણા કરિનેરે, સાં૦
કહે કૃષ્ણરામ કરગરીનેરે. સાં. ૧૨

વિ૦ ૧૦, પા. ૯

કીર્ત્તન ૧૮૯ મું.

કાંઇ કરૂણા નજરે જોઇયેરે, અલબેલા આ અવસરમાં.
ખુશિ થઇનેં ખટપટ ખોઇયેરે. અ૦
હવે અરજી ઉતાવળી શુંણિયેરે. અ૦
ત્રણ્ય ગુણથી મુનેં ન ગુણિયેરે. અ૦ ૧
નેંન સેંનથી માયા નિવારોરે. અ૦
મુખે કહો જયે એ દાસ છે માહારોરે. અ૦
માહારૂં ચિત્ત ચરણમાં રાખોરે. અ૦
દયા દ્રષ્ટિયેં એક વાર દાખોરે. અ૦ ૨
સંકલ્પ વિકલ્પ શમાવોરે. અ૦
રૂષિકેશનેં રંગે રમાવોરે. અ૦
ગુણ ગવરાવો મુંને ગમતારે. અ૦
મેલાંની મુકાવો મમતારે. અ૦ ૩
શરણેં આંણિ મેલ્યાનેં સુધારોરે. અ૦
પકડાવિ દ્યો કૃષ્ણ કિનારોરે. અ૦
અદ્રષ્ટ સુદ્રષ્ટ કરાવોરે. અ૦
ધણી થઈ ને ધીર્ય ધરાવોરે. અ૦ ૪
શું સમજી મેળવિયા સાથી રે. અ૦
હું શઠ તેહંનેં તારૂં શ્યાથીરે. અ૦
મજમાં તે ઐશ્વર્ય કયાંથુરે. અ૦
ફરે મન માહારૂં અજી થાંથુરે. અ૦ ૫
મુંનેં તૃષ્ણાયેં નાંખ્યો છું બાંધીરે. અ૦
નથિ આંખ્યેથી નીકળી આંધીરે. અ૦
અજી મન માહારામાં ભ્રાંતીરે. અ૦
તો હું શિષ્યોનેં શી કરૂં શાંતીરે. અ૦ ૬
અંધ અંધનેં શું દેખાડેરે. અ૦
કીચેં કળ્યો બીજાનેં શું કાહાડેરે. અ૦
મુંને માહારા તરવાનો ઉધારોરે. અ૦
બીજાનેં બતાવું શું આરોરે. અ૦ ૭
સહુની હાથ્ય તમારે દોરીરે. અ૦
ચલવો ત્યમ ચાલે ધોરીરે. અ૦

હું તો શિષ્યો સહિત છું શરણેરે. અ૦
માટે નાથ બતાવો નીરણેરે. અ૦ ૮
કલ બલ કરવી તે મિટાવોરે. અ૦
સમજાવી સત્ય વઢાવોરે. અ૦
મન ભારચે મનાવો ભરૂસોરે. અ૦
કરો પૂર્ણ હઇયાંની હુંશ્યોરે. અ૦ ૯
પ્રતીતિયો પ્રબળ પેખાડોરે. અ૦
દિવ્ય દિવસ મુંને દેખાડો.રે. અ૦
આ અવસર અંતરથી ખોલોરે. અ૦
કૃષ્ણ કૃષ્ણરાંમથી બોલોરે. અ૦ ૧૦

વી૦ ૧૦ પા૦ ૧૦

કીર્તન ૧૯૦ મું.

દેશી ૨.

શ્રેયસ્કારી કૃષ્ણ મુરારી, પ્રભુજી પૂરણ કાંમરે.
શરણાગત વીશ્રામ, શુણો વીનતી;
વિયોગ દુઃખથી વૃત્તી માહારી, વિશ્રાંતી નવ્ય પાંમેરે,
અનુદીન અઠે યાંમે, આકુળ રહે અતી. ૧
ક્ષુધાવંતને જ્યે મન ભાવે, બહુવિધ બીજા ભોગરે,
અન્ન તણો ઉદ્યોગ ઇચ્છે એકલો;
એમ વિયોગીને મન નાવે, ધન સુત દારા ધાંમરે,
કૃષ્ણ મળ્યાનો કાંમ, ભાશ્યો જ્યે ભલો. ૨
અનેક ભવથી હું અથડાતો, આ અવળે અભ્યાસેરે
વિષય તણે વિશ્વાસે, વાહ્યો જાઉં છું;
પ્રેષ્ઠ વિયોગેથી પીડાતો, કરતો ત્રાહિ ત્રાહિરે,
માધવને મનમાંહી, મળવું ચ્યહાંઉં છુ. ૩
કર્માકર્મ વિકર્મ કેરી, કળના હું નવ્ય જાણુંરે,
હૃદય અતી રૂંધાંણું, વાસના વડે;
ઘટ સઘળાંને નાખ્યું ઘેરી, અવિદ્યા આવરણેંરે,
કાંઇ ન સૂઝે નિરણે, કળ ક્યમ પડે. ૪
દીનદયાળ તમને, પૂછું તે કહો પ્રબ્ણુરે,

કરૂણા કરીનેં કૃષ્ણ, ક્યાહારેં બોલશ્યો;
કૃષ્ણરામના મનના ભ્રમનેં, દૂર કરી દૂર્ઘટનેંરે,
આપે અંતરપટનેં, ક્યાહારે ખોલશ્યો. ૫

વી૦ ૧૦ પા૦ ૧૧

કીર્त्तન ૧૯૧ મું.

શ્રી ગરૂડધ્વજ ગોવિંદ સ્વામી, મેહેર કરીનેં મળિયેરે,
સેવકની સાંભળીયેં, વેગેં વિનતી;
અખિલ જનોના અંતરયામી, માધવજી મહારાજરે,
કિંકર જનની લાજ રાખો રમાપતી. ૧
સમય બન્યો સંકષ્ટકારી, મર્યાદા મરદાંણીરે.
કરણેં કરણેં કાંણી પેઠી કલેશની;
નિપટ થયા સહુ નર નેં નારી, ચેટક નાના ચણતાંરે,
ભલી ભણાવી ભણતાં વિદ્યા દ્વેશની. ૨
વાંધો પાડી વૈર કરંતાં, શું નાહાનાં શું મોહોટાંરે,
ચીત્ત સરવનાં ચોટ્યાં દારા દામમાં;
અવગા મારગનેં આચરતાં, સુકૃત સેહેજ્યેં હારેરે,
ધર્મ પંથ નવ્ય ધારેં, એકે યામંમાં, ૩
ઉત્તમ માનવ દેહ આવ્યે, યત્ન કશું નવ્ય જાંણેંરેં,
ઓળખે નહિ આ ટાંણેં, કરૂણા કૃષ્ણની;
ફંદી સંગે ફંદ ફેલાવ્યે, કાળ ન જાણે જાતોરે,
વિધવિધ પૂછેં વાતો, પીડા પ્રપણની. ૪
સંત સમાગમ સંકટ સરખો, ભાવ વિનાથી ભાસેરે,
પાખંડીનેં પાસે બેસેં, ચોરે ચઢી;
પાપિજનનો પ્રેમ પરખો, હરી કીર્त्तનમાં ઉંઘેરે,
પડે છીંકણી સૂંઘે, તોહો આખડી. ૫
બળાતકારેં બેસારિયે તો, વચ્ચે વાતો કાહાડેરે,
ભંગ ભજનમાં પાડે, પણ ન સાંભળે;
પૂણ્ય પંથમાં પેસારિયે તો, નિજનું ડહાપણ ચલવેરે,
હઠથી હાલા હલવેં, અવળું આંબળે. ૬
શાસ્ત્ર તણી જ્યે શિક્ષા તેહેનેં, મનમાં સત્ય ન માંનેરે,
ડંમર પોલે પાંને, હાંકે આપની;

દેખે દુર્લભ દારા દેહેનેં, સૌવરણેં શણગારેરે,
વાહાલી વાત વિચ્યારેં, મનમાં પાપની. ૭
તે આગળ કહો કૃષ્ણ કથા તે, શે રંગે વંચાયરે,
મન માહારૂં ભમચાય, સૂઝય ન લાભે કશી;
વિશ્વંભરજી એહ વ્યથા તે, કિંકર સેહેશે ક્યંમરે,
સેવકનેં જોઇ શ્રંમ, ધણી આવો ધશી. ૮
સજ્જન જનનો સંગ આપો, હૃદયે જયેને રંગરે,
આ અલબેલું અંગ તે સાર્થક કરો;
કલિમલ કિંકર જનનાં કાપો, વાહાલા વાહાલ કરીનેંરે,
બાળને બાંહે ધરીને રાખો, નાથ નરો. ૯
આશ્રય આવ્યાનેં ઉગારો, દૂર કરીનેં દેવુંરે,
શું શું પડશે કેહેવું સુંદર શ્યામનેં;
તારક માહારા તાપ નિવારો, દિવ્ય કૃપા દેખાડોરે,
કલબલમાંથી કાહાડો કૃષ્ણરામનેં ૧૦

વિ૦ ૧૦ પા૦ ૧૧

કીર્તન ૧૯૨ મું.

દેશી ઉપર.

કૃપાનજર કરિયેરે, ગિરિવરધારી; આ પદો ઉદ્ધરિયેરે. ગિ૦ ધ્રુ. ૧
એકે મુજનેં ઉગરવાનો નથી આરો, જાયછે જન્મારોરે. ગિ૦ ૨
ખાસા આતો સમય આવી પડયો ખોટો, સદ્વસ્તુનો ટોટોરે. ગિ૦ ૩
ઘટ ધણી ધારણાયેં થયાં ઘેહેલાં, મનો આદિ મેલાંરે. ગિ૦ ૪
ઉર અતિ અહંતાથી અંજાતું, તે નથી મંજાતુ રે. ગિ૦ ૫
મન માંહે મમતા અતી ઘણિ માહાલે, ચિંતન ન ચાલેરે. ગિ૦ ૬
ચક્ષુરાદી ઇંદ્રિયો વાંકાં વળેં છે, મોહમાં મળે છેરે. ગિ૦ ૭
સંતની સંગતી શુદ્ધ ન સાધેં, વિપત્તિયો વાધે રે. ગિ૦ ૮
રોજગાર રોકાયા ને ન મળે નાંણું, સુખ સંકોચાંણુંરે. ગિ૦ ૯
એકે મજથી સાધન જાય ન સાધ્યું, વેર બધે વાધ્યુંરે. ગિ૦ ૧૦
જોતાં સહુની દ્રષ્ટિ થકે વિષ વરસે, તેથી મનડુ તરસેરે. ગિ૦ ૧૧
વાહાલાં વાહ'લાં નિત્ય પરસ્પર લડતાં, બોલે બડબડતાંરે. ગિ૦ ૧૨
શાહાણાં જનેં સ્નાન સંધ્યાઓ સંકોચી, મેહેલ્યા નહિ મોચીરે.ગિ. ૧૩
રાજા તેતો રંકનેં રંચ ન પાળે, ન્યાય ન નિહાળેરે. ગિ૦ ૧૪

મુખિયા તેતો મમો ચચ્યો મુખે બોલે, કોય પળે નહિ કોલેરે. ગિ. ૧૫
મુમુત્ત ન મુકે કો મોડું કે ન્યાંહાનું, તેથિ પડિયું પાંનુંરે. ગિ૦ ૧૬
સ્વામી એહેવાં સંકટ કયમ સેહેવાશે, રંકે કયમ રેહેવાશેરે. ગિ૦૧૭
આહાવે સમયે મજને તો પડી છે માહારી, હઠિગયોછું હારીરે. ગિ.૧૮
તુમ વિના કષ્ટ એહેવાં કોણ ભાગે, લક્ષ વિનાથી લાગેરે. ગિ૦ ૧૯
આજ આહાવા નાશી પેઠા કોણ લાજે, કૃષ્ણરામને કાજેરે. ગિ. ૨૦
વિ૦ ૧૦, પા૦ ૧૩.

કીર્તન ૧૯૩ મું.

આંખડલિ ઉઘાડોરે માહારી,
શ્રીધર હુંતો સેવા સાધુ તમારી. આં. ૧
હુંતો અજી કામ કીચમાંહાં કળિયો;
ચામની ચલકિ ચ્યાહિને ચિત્ત ચલિયો. આં. ૨
ધન લોભે ધંધે અમે અજી ધશિયે;
કૃપણ મુજને સાંન આવી નથી કશિયે. આં. ૩
રોપે કરી આંખ્ય બને છે અજી રાતી;
કઠિણ હૃદયથી ન નીકળી કાતી. આં. ૪
વિષયની વાસના ઉર અતી વાધે,
બડબડ લોક તણી અતિ બાધે. આં. ૫
અન્ય ઉપર ઇર્ષાઓ અજી અતિ ઉઠે;
રીસે કરી મન રગડાતું રૂઠે. આં. ૬
અહંપણ ઉર આવરણ કરે છે,
ભારે ઘટે ભ્રાંતી મમતા ભરે છે. આં. ૭
મત મુમતોનો મન અજી મળિયો;
જ્ઞાને ગર્વ કસ્યોયે અજી નથી ગળિયો. આં. ૮
દભિ ગસ્રાં દાંન દયા અજી દંભે,
અભ્યાસ ન ઉખડે અવળે આરંભે. આં. ૯
મોહે અજી વિપરિત ભાવના માહાલે;
ચિંતનની ચ્યાતુરી અજીયે ન ચાલે. આં. ૧૦
ઘટે વશી ધારણા તે મન ઘોળે,
ધણિ તણાં ધ્યાંન વેળા ધંધોળે. આં. ૧૧
ટીખલના ટંટા અજીયે ટોકે,

કશ્યે કશ્યે કઉતુકે કીર્તનને રોકે. આં. ૧૨
ધોખો વશી મનને તે અજીયે ધૂણાવે;
કલિમલ હારિણી કથા ન શુણાવે. આં. ૧૩
મન માંહે મદ ભરીયો તે અજી ગરદે;
ગંદાઇની ગોષ્ટીમાં અજીયે ગરદે. આં. ૧૪
અતિ અસંભાવના ઉર અજી વ્યાપિ,
કૃપણ કિંકરથી જતી નથી કાપી. આં. ૧૫
સાંમળિયાજી મજને તે આમ શું સરજ્યો;
વાહાલા મજને વિકલ કરી કાં વરજ્યો. આં. ૧૬
અજી ઉરથી અલગી ન જાય આસક્તિ,
ભાવે કરી ભાવે ન ભગદભક્તી. આં. ૧૭
અજી હું તે આમ કયહાં સૂધી અથડાઉં;
રમાપતી જુવોને હું અજી રગડાઉં. આં. ૧૮
મુજને નથી કળ કશિ વાતે પડતી,
જંજાળેથી શોધ કશી નથી જડતી. આં. ૧૯
કૃષ્ણ મુંજને કૃપણ જાંણીને કૃપા કરીયે;
હરિ હેત દેખાડીને આપદા હરિયે. આં. ૨૦
રશિયાજીને વિયોગે નથિ રેહેવાતું,
સખા મેં તો સંકષ્ટ નથી સેહેવાતુંરે. આં. ૨૧
સખા હવે અરજીયો માહારિ ચિત્ત ધરજ્યો,
કૃષ્ણ કૃપા કૃષ્ણરાંમને કરજ્યોરે. આં. ૨૨

વી૦ ૧૦ પા૦ ૧૩

કીર્તન ૧૯૪ મું.

દેશી ફેર.

શરણ આવ્યો છું હું તાહારેરે, સાંમળિયાવાલા;
શરણ આવ્યો છું તાહારે. ધ્રૂ.
દુખ દરિયામાં ડૂબતો દેખી;
કર પકડીશ માહારો કયહારેરે. સાં. ૧
ભુવન ભુવન યહાં ભમિ ભમિ થાકયો,
જ્યાહાં ગયો ત્યહાં પડયો મારરે;
મરણ તણા મૂખમાંથિ ઉગારવા,

વિઠલ કરજ્ય માહારિ વાહારરે. સાં. ૨
હું નેં તૂં એ બે એક છતાં વચ્ચેં,
આવિ પડ્યો અંતરાયરે;
હું તુને ભૂલતાં હાંનિયો ઉઠી,
શૂં કહું કહિ ન સકાયરે. સાં. ૩
માયાયે મોહ કરચો મન માંહે,
વપુ દેખાડીને વાહ્યોરે:
ઘોરમાં નાંખિનેં ઘેહેલો કીધો,
દિવ્ય હતો જ્યે હું ડાહ્યોરે. સાં. ૪
માયા ન અજીયે મૂકે મુજને,
જ્યહાં જાઉં ત્યહાં સંગે આવેરે;
દેહ દારા સૂત દામ દેખાડિનેં,
લક્ષ ભૂલાવી લલચાવેરે. સાં. ૫
જ્યેથી જ્યેથી દૂઃખ ભોગવ્યાં જાડાં,
ત્યહાં ત્યહાં જઇ પાછો પટકેરે;
અનાથ બન્ધુના આશ્રય પાખેં,
એ અથડાવતિ ન અટકેરે. સાં. ૬
શરણ તિહારૂં સફલ સદાયે,
વિફલ થયું નથી જાંણ્યુંરે;
સદ્ગુરૂરાયના મૂખથિ સાંભળ્યું જ્યે,
વેદ ને શાસ્ત્રથી વિખાણ્યુંરે. સાં. ૭
ગા બ્રાહ્મણ પ્રતિપાલ ગોવિંદ તું,
નિજ તણૂં બિરૂદ નિભાવ્યરે;
કૃષ્ણરામના કષ્ટ મિટાવવા,
અલબેલાજી વેહેલો આવ્યરે. સાં. ૮

વિ૦ ૧૦ પા. ૧૪

કીર્તન ૧૯૫ મું.

મુંને એકવાર માહારો કહોરે, હરિ હવે હાથ ગ્રહો. ધ્રૂ. ૧
અબળા જ્યમ અલંકાર ધરે પણ,
ચિત્તમાં જો હોય વ્યભિચારરે.
પરણ્યો તેથી પ્રીતિ કરે નહિ,

તો તો એ ભૂષણુ ભારરે. હરિ. ૨
એમ હું અનેક ઉપાય કરૂં પણ,
ચિત્ત નથી જ્યારે ચોખટરે;
હરજી હશી નથી બોલ્યા જ્યહાં લગી,
ત્યહાં લગી ફંદ તે ફોકટરે. હરિ. ૩
માધવજી કાંઇ મન તો વિચ્ચારો,
હું તો જીવ તમ્યો ઇશરે;
માયા જયે માહ્યરે મસ્તકેં નાચે તે,
તમનેં નમાવે શીશરે. હરિ. ૪

ઘણુંએક તાંણી પકડું મન પણ,
આસક્તિયેં પડે ઉંધુંરે;
અબળથી એટલું વશ રહે નહી ત્યારે,
શુ કરી સકું પછી સુધુંરે. હરિ. ૫
કૃપણ વત્સલ કેહેવાઓ છો કેશવ,
દીન જાણો કાંઇ દરદરે;
કહો હું કયમ તજી સકું એ અવિદ્યા,
જ્ઞાંન વિના થયો ગરદરે. હરિ. ૬

કરૂણાસાગર કાંઇક કૃપા કરો,
મનના મિટાવો મેલરે;
મજનેં અશકય પડે જયે જયે તે,
શ્રીધરજી તમનેં સેહેલરે. હરિ. ૭
રંગ નથી પણ રંગ સધાવો,
પૂંજી આપીનેં મુંને પાળોરે;
એક વાર અમૃત દ્રષ્ટિ કરીનેં,
તાપ ત્રિવિધના ટાળોરે. હરિ. ૮
જાય છે આ જીનગાની જીવન,
વિયોગથી રહ્યું નથી જાતુંરે;
આવડું દુઃખ દાવાનલ દાસેં,
શ્રીપતે નથી સેહેવાતુંરે. હરિ. ૯
અરજી અનેક કરી તોહ્યે અજીયે,
બોલો ન કાં બિરૂદાલારે;

કિંકર માંની કૃપણ જાણી માહારી,
કળ ઉઘાડો હવે કાલારે. હરિ. ૧૦
અંતર સાક્ષી જાણો આતુરતા,
શું કેહેવું પડે તમને સ્વામીરે;
કૃષ્ણરામની વાહાર કરો પ્રભો,
કહું છું સદા શિરનાંમીરે. હરિ. ૧૧
વી૦ ૧૦ પા૦ ૧૫

કીર્ત્તન ૧૯૬ મું.

કાં નથી બોલતો તું આજરે, હો નંદના કુંઅર. કાં૦ ધૃ.
સર્વજ્ઞ સર્વાધાર તુંને કયમ, દાસ ઉપર ઘટે દાઝરે. હો. ૧
વિશ્વ સકળ વશ વર્ત્તી તુજને, માયા સહિત માહારાજરે,
કાળરૂપે તું કવળ કરે છે, જયમ *આખું ને ‡અહિરાજરે. હો. ૨
અંતર મુખના ઉરમાં વસે તું, બહિર્મુખોથી +બાજ્યરે;
અકળ ગતી તાહારી વિરલા ઓળખે, વિકળ શું જાણે આવે વાજ્યરે. હો.૩
કૃપણ તણા વત્સલ તું કેશવ, લક્ષ્ય ધરી રાખ્ય માહારી લાજરે;
અબળ હું આવ્યોછું આશ્રય તાહારે, સહિતશ્રોતા ને સમાજરે. હો. ૪
પૂર્વે અધમ અનેક ઉધારયા, રમાપતી આપીને સ્વારાજરે;
એ રીત્યે હવે મજને ઉદ્ધારવા, ગોવિંદજી તું શિરે ગાજરે. હો. ૫
આ ભવસાગર અંબુ ઉતારવા, પેહેલિ પેહેલિ બંધાવી દ્યે ÷પાજરે;
આ અવસર અતી આકરા મધ્યે, તનુંજને કરીશ ન તાજરે. હો. ૬
અનાથ બંધુ તુંને અનુકુળ થાવા, સુધારય તું માહારાં સાજરે;
છબિલાજી આ સમે છુપ નવ્ય રહિયે, કૃષ્ણરામ તણે કાજરે. હો. ૭
વિ૦ ૧૦ પા. ૧૬

કીર્તન ૧૯૭ મું.

મન તણી પીડ્ય કાં ન જાંણોરે,
માધવજી માહારા. મ. ધૃ.
દીન દયાળ કહેવાઈ દામોદર,
મુજ ઉપર મેહેર કાં ન આણોરે. મા. ૧
હવે અથડાવું ન ગમે ગોવિંદજી,

---

* ઉંદર. ‡ સાપ. + બાહાર. ÷ પાળ બાંધવી તે.

અનેક વાર અથડાંણોરે;
વિષય વિલાસ કરતાં હું વીઠલ,
શાસ્ત્ર લદ્યે શરમાંણોરે. મા. ૨
કઇ કઈ વેળા હું કૃષ્ણ અજાંણ્યે,
તૃષ્ણાની તાંણ્યેં તણાંણોરે;
શિશ્નોદર માટે કઈ કઇ વેળા,
વનિતાને હાથ્યે વેચાંણોરે. મા. ૩
કૃષ્ણ તમારી કરૂણા થકી હવેં,
આ અવર ઓળખાંણોરે;
કૃષ્ણરામને કૃષ્ણચંદ્ર હવેં;
પોતાનો દાસ પ્રમાણોરે. મા. ૪
વિ૦ ૧૦, પા. ૧૬

કીર્તન ૧૯૮ મું.

દેશી ફેર—લગ્ન સમયનો રાગ.

આવો માધવજી માહારાજ, મનોહર.
કેશવ કીંકરને કાજ. મ.
માહારૂં મન તુમ શૂં માંન્યું. મ.
બળવંત બિરૂદ બાંન્યું. મ. ૧
તમે દાસના વત્સલ દેવ. મ.
સુખકારી તમારી સેવ, મ.
તુમ સેવ્યેથિ સહુ સેવાય; મ.
પ્રથક્ દ્રષ્ટિયેં પૂર્ણ ન થાય. મ. ૨
જ્યમ વૃક્ષ મૂળમાં જળ. મ.
સીચ્યેથી સિચાય સકળ. મ.
જ્યમ પ્રાંણને આપ્યે આહાર, મ.
તન્ત્રાદિ બને તઇયાર. મ. ૩
જૂદું જૂદું સેવાયે કયંમ, મ.
સર્વ સુધરે ન વાધે શ્રંમ, મ.
સચરાચર તમને વશ્ય; મ.
રમાનાથ છો સહુનું રહસ્ય. મ. ૪
તુમ પાખેં કહું કોને, મ.

મ્હારા મિટાવિ દ્યો મોહોનેં; મ.
માહારૂં અકળાય છે ઉર, મ.
જગદીશ તે જાંણો જરૂર. મ. ૫
મુનેં એકે પડે ન ઉકેલ. મ.
શ્રી નિવાસનેં તો સહુ સેહેલ; મ.
કિંકરને કરૂણા દ્રષ્ટ. મ.
શ્રીધરજી કરોનેં સ્પષ્ટ. મ. ૬
મુંને લક્ષ્ય વિનાથી લેપ. મ.
લાગેથી બન્યો વીક્ષેપ. મ.
કઇ કલ્પ તણા કલિમલ. મ.
તેથી મનનેં પડે નહિ કલ. મ ૭
હું તે કોહોને કહું કયહાંજાઉં. મ.
સ્થિર મન બિન થાંથો થાઉં. મ.
જાણી મેહેર કરો જગદીશ. મ.
કૃષ્ણરામ નમાવે શીશ. મ ૮

વિ૦ ૧૦ પા૦ ૧૭

કીર્તન ૧૯૯ મું.

જ્યે થયા છેં પ્રકૃતિ પાર. મનોહર.
તેંનેં શાંનો નડે સંસાર. મ૦
જ્યે મૂર્ખ માહા મતીમંદ. મ૦
તેહેનેં આંહાંને વિષે આનંદ. મ૦ ૧
તેને શંશય શાંનો હોય. મ૦
જ્યે આ જગતુનેં સાચું જોય. મ૦
જ્યે મજ સરખો અહનિચ. મ૦
તેનેં કરમ તે ભાસે કીચ. મ૦ ૨
સમજે પણ નવ્ય નિકળાય. મ૦
આભ્યંતર તે અકળાય. મ૦
તેહેને એકે ન સૂઝે આરો. મ૦
ઉગરે જો તમે ઉગારો. મ૦ ૩
માટે રીઝ કરો રૂષિકેશ. મ૦
કરૂણા કરી કાપો કલેશ. મ૦

હું તો ચરણ શરણ આવ્યો. મ૦
રાગ દોષનો રગડાવ્યો. મ૦ ૪
પ્રભુ કર માહારો પકડો. મ૦
જંજાલેં રખે જકડો. મ૦
રૂપ રંગીલું દેખાડો. મ૦
કહાડી અંતર પટ આડો. મ૦ ૫
ચિત્તમાં કાં બેઠા ચૂપ. મ૦
રાજી થઇ નિરખાવો રૂપ. મ૦
ચૂપ રહે તે તો હોય ચોર, મ૦
ત્યાહારે શાંને ધરો પર મોર. મ૦ ૬
તમે છબિલા છત્રપતી. મ૦
ત્યાહારેં ગોપાવો કાં ગતી. મ૦
અજી આળસ શાંને કરો. મ૦
કૃષ્ણરામનો હસ્ત ધરો. મ૦ ૭

વિ૦ ૧૦ પા૦ ૧૭.

કીર્ત્તન ૨૦૦ મું.

જ્યારેં ચક્ર થકી ડરશો. મનોહર.
ત્યારે ચક્ર શાંને ધરશો. મ.
બિહે જયે ક્રોધાદિ થકે. મં.
તેતો શું ગદા ધારી શકે. મ. ૧
જેનેં લાગે અવિદ્યાનો ડર. મ.
તેતો શંખ ધરે શું કર. મ.
જે ઓસરે દેખી અનંગ. મ.
તેતો શાંનેં ધરે શ્યારિંગ. મ. ૨
લાગે કમકમિ દેખી કાળ. મ.
તે શું ભ્રકુટી ધારેં કરાળ. મ.
જે ન દોષનેં માફ કરે. મ.
તે કાં કરૂણા કટાક્ષ્ય ધરે. મ. ૩
જ્યેથી દરીદ્ર નચ્ય નાસે. મ.
તે કાં શ્રીનેં ધરે પાસે. મ.

જેથી માયાનું ખસે માંન. મ.
તે કાં મધુર ધરે મુસ્કયાંન. મ. ૪
જેથી ભાગી સકાય ન ભેદ. મ.
તે કાં વાંણિથી વિસ્તરે વેદ. મ.
જયે ઉગારી સકે ન અનાથ. મ.
તેતો ચ્યાર ધરે શીદ હાથ. મ. ૫
જયેને વાહાલા ન હોયે જીવ. મ.
તે ન કૌસ્તુભ ધારે ગ્રીવ. મ.
જયેથી પૂર્ણ બને નહિ કાંમ. મ.
તે ન રૂપ ધરે ઘનશ્યાંમ. મ. ૬
જેથી મન વશ ન થાયે ખૂશ. મ.
તે ન અંઘ્રિ ધરે અંકુશ. મ.
જયેથી રખાય નહિ શરણે. મ.
તે ન ધ્વજ ધારે ચરણે. મ. ૭
જયે ન પાપ ગિરી કાપે. મ.
તે ન વજ્ર ધરે છાપે. મ.
જેથી દાસનો ડરપે ન દાગ. મ.
તે ન પદ્મ ધરે નિજ પાગ. મ. ૮
જેહને વિપ્ર ન વાહાલા મંન. મ.
તે ન ધારે ભ્રગુ લાંછન. મ.
એવા છબિલા થઇ ન છળો. મ.
કૃષ્ણરામને કૃષ્ણ મળો. મ. ૯

વિ૦ ૧૦, પા. ૧૮.

કીર્તન ૨૦૧ લું.

જયે આપદ હરવા અનીશ, મનોહર.
તેતો મુકુટ ન ધારે શીશ, મ.
જયેનું જ્ઞાંન થતું હોય કુંઠ, મ.
તેતો નાંમ ધરે ન વિકુંઠ, મ. ૧
જયેથી દાસના છૂટે ન દાંમ, મ.
તે ન શરણ વત્સલ ધરે નાંમ, મ.
જેને બોધ નહી બહુનો, મ.

તે ન સાક્ષિ ઠરે સહુનો, મ. ૨
જેનો રંક દાસ રગડાય, મ.
તે ન કરૂણા કર કેહેવાય, મ.
જેને રંક ઉપર હોય રોષ, મ.
તેને કોણ કહે નિર્દોષ, મ. ૩
જે ન વિકલ તણી કરે વાહાર, મ.
તે ન કેહેવાય અધમોદ્ધાર, મ.
જો ભક્તવત્સલ કાહાવો, મ.
તો તો આંખ્ય આગળ આવો, મ. ૪
જો પતિત પાવન કેહેવાઓ, મ.
તોતો સત્વર વાહારેં ધાઓ, મ.
માહારા અવગુણ જો જોસ્યો, મ.
તોતો નિજનાં બિરૂદ ખોહોસ્યો, મ. ૫
હુંતો ચરણ નમાવું શીશ, મ.
માહારા વંક કરો બક્શીશ, મ.
પ્રભુતા પ્રભો પેખાડો, મ.
અદ્રષ્ટનેં દેખાડો, મ. ૬
આંમ શુન્ય શું જીવાવો, મ.
અનુભવમાં કાં નાવો, મ.
માહારો જન્મ વ્યર્થ જાશે, મ.
તેતો કોહોને કેહેવાશે, મ. ૭
કેશવ કરૂણા કીજે, મ.
પ્રતીતિ પૂરણ દીજે, મ.
કૃષ્ણરામ તણી અરજી, મ.
સાંભળજ્યો શ્રીધરજી. મ. ૮

વિ૦ ૧૦ પા૦ ૧૮

કીર્તન ૨૦૨ જું.

દેશી ૯૨.

આવો અલબેલા અખિલેશ, કિંકર કારણે કેશવારે;
રંકવત્સલ થઇ રૂષીકેશ, આજ હઠીલા તમે કાં હવારે. ૧

પ્રભો કાં ન શુણો પુકાર, આપના અંશની અરજીને રે;
શીદ છાંના રહો શિરદાર, નૌતમ નરતનું સરજીને રે. ૨
અવિનાશી કરાવીનેં આસ, ઉત્તમ વસ્તુ આપ્યા તણીરે;
હવે હરજી ન કરિયે હાસ, ધરમ ધુરંધર થઇ ધણિરે. ૩
દાસ વત્સલ કેહેવાઇ દેવ ગોવિદ ગોપ્ય કાં થઈ ગયારે;
તમનેં આ શી પડી આજ ટેવ, દેવના દેવ ક્યહાં ગઈ દયારે. ૪
સકે નિદ્રાતણો થયો સંગ, અચ્યુત આંખ્યો તેણિયે મળીરે;
કલિમલ હારીનેં અંગ, શું શકે આવી અડકયો કલિરે. ૫
સકે નિષ્કામીનેં પાસ, આવી કાંમેં તમનેં ઓળંગ્યારે;
કોય સુંદરીયેં શ્રીનિવાસ, ભૂરકી નાંખીનેં સકે ભોળવ્યારે. ૬
કે દાંન કરચાં કઈ કોટ્ય, પૂર્વે દેવ બહુ દાસનેં રે;
તેથી આજ ખજ્યાનેં ખોટ્ય, શું સકે આવિ શ્રીનિવાસનેં રે. ૭
સકે ઉથાપન કર્યું આજ, શરણનું વત્સલ તે વત્તનેં રે;
તમેં મૃદુલ થઇ મહારાજ, આજ શું મળિયા કોઈ મત્તનેં રે. ૮
પેલું કરૂણાસાગર નાંમ, આજ શું પૂરચું તે પિછારિયેં રે;
નાથ નિર્દય થઇનેં આંમ; શું ચઢિ બેઠા છો અટારિયેં રે. ૯
દિગ્મંડલ કેરી વિતાંન, સરખી નિરમળ કીર્ત્તિ કાં ખુવોરે;
કૃષ્ણરામની અરજી કાંન, ધારીનેં જન જાંણી સાહાંમું જુવોરે. ૧૦

વિ૦ ૧૦ પા૦ ૧૯

કીર્તન ૨૦૩ જું.

તમે બ્રહ્મણ્ય દેવ કેહેવાઇ,
મજ બ્રાહ્મણથી કાં નથી બોલતારે;
રહો રંક સાથ્યેં શૂં રિસાઈ,
કાં અજી અંતર પટ નથિ ખોલતા. ૧
તમનેં બ્રાહ્મણેં કીધો બિગાડ,
શૂં સકે અચ્યુત તે ઉર આંણિયો;
ભ્રગુ રૂષિયે લત્તા પ્રાહાર,
કીધો વક્ષસ્થલ તે વિખાણીયોરે. ૨
તેણેં તમને ભ્રગુલાંછંન,
વક્ષમાં દીસે વરણાગીયુ રે;
યશ ગાયેં તમારા જંન,

કહો તમને કિયું આંપણુ લાગિયુંરે. ૩
વળિ નારદેં દીધો શ્યાપ,
વૈદેહી વિયોગ તેથી થયોરે;
તેથી પ્રગટયો તમારો પ્રતાપ,
જ્યારેં લંકા નાથ હરી ગયોરે. ૪
જાંણ્યા જ્યે છો જગદીશ,
સહુને શીશ્યે સોહ્યાંમણાંરે;
રચ્યો સેતુ સમુદ્ર નેં શીશ,
જોઇનેં પ્રતીતિ ન રહિ મણારે. ૫
દુરવાસાયે ચલવી શક્તિ,
ઓળખાવવા ભક્તિ અંબરીષનીરે;
વળિ દાસ વત્સલ તવ વ્યક્તિ,
જણવી જગતનેં જગદીશનીરે. ૬
લહિ આપના મનની વાત,
યાદવ કુળના વિછેદનીરે;
ત્યારેં શ્યાપ દેઈ સાક્ષાત,
વાડવ વાંણી બોલ્યા વેદનીરે. ૭
તેમણે માંથે લેઇને ગાલ,
કાંમ તમારૂં ધારયું કરયુંરે;
તમે બ્રહ્મણ્ય બ્રાહ્મણ પાલ,
થઈ આજ અવળું કાં આદરયુંરે. ૮
ભલા બ્રાહ્મણ કેરા ગૂણ,
તેનેં જાંણે જ્યે જન કેળવેરે;
તમને કુંકુમ પત્રી કૂણ,
આપીનેં રૂકમણીનેં મેળવેરે. ૯
મન માન્યું તમારૂં નાથ,
કીધૂં ચટ દેઈ ચોસઠ્ય દિંનમાંરે;
વાક્પતીને સઘળી સાથ,
વિપ્રેં વિદ્યા ભણાવી મંનમાંરે. ૧૦
આમ કાંમનેં ન મળે એહ,
તાંદુલ તે વિપ્રેં આંણિ આપિયારે;

શ્રી દામાજીયેં કરિને સ્નેહ,
તમને વિશ્વ માંહે વિખ્યાપિયારે. ૧૧
તોહે તે ગુણ વિસરયા કયંમ,
અંતરયામી આંણે સમેરે;
માટે કૃષ્ણરામને રમ્ય,
કરૂણા કીજીયે કેશવ તમેરે. ૧૨

વિ૦ ૧૦ પા૦ ૨૦

કીર્ત્તન ૨૦૪ થું.

જ્યાહારેં મુખનેં ન આપીયે આહાર,
તો તો શરીર સૂકાઈ જશેરે;
ત્યમ વિપ્રની ન કરયે વાહાર,
આખું વિશ્વ તે આકુળ થશેરે. ૧
માટે મુજનેં કરીયે મેહેર,
બ્રહ્મણ્ય દેવ બ્રાહ્મણ ગણિરે;
કલિમલનો મિટાડવા કેહેર,
કરજ્યો સર્વ સફળ વિદ્યા ભણિરે. ૨
માહારે એક ભરૂંસો ભવ્ય,
બ્રહ્મણ્ય દેવનો સર્વદારે;
હું ન સમજું હવ્ય કે કવ્ય,
આશ્રીત જાંણી ભાગો આપદારે. ૩
શ્રોતાના હૃદયમાં સાંન,
સહુનેં શ્રેયો તણી ઉપજાવિયેરે;
મુખ માનીને રાખો માંન,
લક્ષ્મીના નાથ ન લજવિયેરે. ૪
તમે પ્રેરણા કરીનેં મંન,
આશ્રિત કીધાં કઈ આંણિનેરે;
તે તે સર્વ સુધારીનેં જંન,
પ્રભુજી તારો તે પ્રાંણિનેરે. ૫
ગોવિંદ તમારાં ગાંન,
તેમને શ્રદ્ધાથી ગવરાવિયેરે;
નિત્ય કૃષ્ણ કથામૃત પાંન,

પોતાના માંની પવરાવિયેરે. ૬
તેમના કઇક ભાતીના કલેશ,
કેશવ કરૂણાં કરીને કાહાડિયેરે;
માહારા મનથી મિટાવી દ્વેષ,
ઇશ્વરતા ઉરમાં ઉઘાડિયેરે. ૭
નથિ તુમ વિના બીજો ઠાંમ,
વીનતીયો મનની કોહોને કહુંરે;
કરજોડી કહે કૃષ્ણરામ,
રંક હું નાથને શરણે રહુંરે. ૮

વિ૦ ૧૦ પા૦ ૨૧,

કીર્તન ૨૦૫ મું.

ઓહો બલવંત બલભદ્ર વીર, અચ્યુત આળસને મૂકીનેરે.
ધરણીધર આપીયે ધીર, સેવક જાયે છે હવે સૂકીનેરે. ૧
ચહો તરફ ચકે મમ ચીત્ત, વાટ્ય નિહાળે વાહાલા તણીરે;
નાથ નાવ્યા તે શું છે નિમિત્ત, ધરમ ધુરંધર થઇ ધણિરે. ૨
દેવ તમને અતી ઘણું દાસ, વાહાલા તે વેદ શાસ્ત્રથી વરણવ્યારે;
સત્યવક્તા થઈ શ્રીનિવાસ, હરજી હઠીલા આજ કાં હવારે. ૩
સકે દાસની પંક્તિથિ બાહારચ, કાહાડી નાંખશો મુજને કૃષ્ણજીરે;
અપરાધ જોઇને અપાર, ત્રીકમ મુંજને શું મુકશો તજીરે. ૪
એહેવું ધારયું હતું જો મંન, તો કાં માનવતનું આપિ તમેરે;
પ્રભુનાથ પતિત પાવંન, બિરૂદ વગોશો કયમ આ સમેરે. ૫
અતિ ઉત્તમ બ્રાહ્મણ વરણ, ખાસા આપીને કાં ખસતો કરોરે;
આપે કેહેવાઈ અશરણ શરણ, રંકના ઉપર કાં રૂઠ્યા ફરોરે; ૬
અતી ઉંચ કરી અવિનાશ, પાછો ન નાંખિયે મુજને પટકતોરે;
વગોવાશ્યે પ્રભો વિશ્વાસ, જો મુને ભવમાં નાંખશો ભટકતોરે. ૭
અતી આભ્યંતર અકળાય, માહા માયાવી માધવ માહારૂંરે;
કષ્ટ કોહોના આગળ કેહેવાય, જગજીવનજી કરિને જાહારૂં. ૮
દીનબંધુ દયા કરી દેવ, જીવના અવગુણ સાંહાંમું શું જુવોરે;
તમે ત્રીકમજી તતખેવ, દ્રષ્ટી કરીને કળિ મળ ધુવોરે. ૯
માહારા નાથ નમેહેરા ન થાઓ, કિંકર માટે આ કળિકાળમાંરે;

શીઘ્ર સેવકનો કર સાહાઓ, જનને જવા નવ્ય ઘો જંજાળમાંરે. ૧૦
કેહેવું પડશે કેટલી વાર, અંતર સાક્ષીનેં આવડુંરે;
નાથ જાંણ્યા વિના નિરધાર, ગોવિંદ ગરીબ હું ગડબડુંરે. ૧૧
મુંને માહારો કેહેતા માહારાજ, ખોટ્ય ખજ્યાંને શી જાયછે રે;
કૃષ્ણ કૃષ્ણરામનેં કાજ, આવડી આળસ કાં થાય છેરે. ૧૨

વિ૦ ૧૦, પા૦ ૨૧.

કીર્તન ૨૦૬ હું.

દેશી ફેર.

કૃપાનિધી કમળાનાયકરે, શુંણો માહારી વિનતી;
વિમળ વરદાનના દાયકરે, લેજ્યો માહારી સંનતી. ૧
ગોવિંદજી ગુણના સાગરરે, છતાં નિર્ગુણ સદા;
ન્યેહેં કરીનેં નટવરના નાગરરે, ભાગો માહારી આપદા. ૨
કઇ કઈ કલ્પથી કેશવરે, અતી અથડાઉં છું;
માહારા મિત્ર ભૂલિનેં માધવરે, જ્યોખ્યમમાં જાઉં છું. ૩
તમારાથી મુજનેં ત્રિકમરે, વિસ્મરણેં વિયોગ પડયો;
દોડે લેવા મૃગ જલનેં જ્યમરે, એ રીત્યેં હું આથડયો. ૪
ફંદ તણી વળગી ફાંશીરે, દેહ ધન દારા દેખ્યે;
એણેં મન લીધું ઉકાંશીરે, આપત્તિ વધારી અલેખે. ૫
છતો અછતા સરખો થઇરે, હું બડબડ કરવા બેઠો;
માયિકનેં માહારાં મન લહીરે, પીડા તણે પંથે પેઠો. ૬
કેશવજી માહારી કરણીરે, કથી કહું કેટલી;
વાહાલા મેં ન જાયે વરણીરે, જાંણો તમે જેટલી. ૭
કાળ સ્વભાવ કરમથીરે, રચેલો જયે દેહનેં;
મઢયો મળ માંસ ચરમથીરે, હું માંન્યો મેં તેહનેં. ૮
વિશુદ્ધ સ્વરૂપ વિસારયુંરે, માહારૂં મેં આપથી;
કૃષ્ણરામે ધ્યાંન ધારયુંરે, પૂર્વના પાપથી. ૯

વિ૦ ૧૦, પા. ૨૨.

કીર્તન ૨૦૭ મું.

આહાવો અલબેલો અવસરરે, તારવા આપ્યો તમે;
કેશવ પકડો નહિ જો કરરે, તો બિગડયો છે આ સમે. ૧

ક્ષતણા દેહને દેખીરે, વિષકુંભ પયો મુખ શો;
ઉદ્ધરવાનો માર્ગ ઉવેખીરે, સમજ્યો હું તેહેને સુખ શો. ૨
મળ મૂત્ર લીંટ નેં આંસૂરે, નવ દ્વારેંથી ઝરતો;
ફળરૂપી માંની ફાંસૂરે, હિંડયો તેની પૂઠે ફરતો ૩
ન્યાહાળ્યો મેં નિરયનો ખાડોરે, નિકળ્યો હું દુઃખેં જયેથી;
અજ્ઞાંનેથિ ચાલ્યો હું આડોરે, ફરી ફરી રમિયો તેથી. ૪
પુત્રાદિક પિંડનેં પેખ્યારે, વાહાલા જયમ હીમસ્યા;
દગા દેનારાનેં દેખ્યારે, હુંશ્યેંથી હકીમ શ્યા. ૫
મોહોર વિના મંદિરે ચોકીરે, બેસે જયમ બારણેં;
રાખે એમ સહુ મળિ રોકીરે, નાંખી મોહ ધારણે. ૬
તથાપિ મેં માહારાં માંનીરે, સદા હું પ્રમત્ત રહ્યો;
હુંશ્યે કઈ વેળા હાંનીરે; માહારે માથે સહ્યો. ૭
હુંતો છું શરણ તમારેરે, નથી બળ બીજું કાંઇ;
વાહાલા તમે ધાજ્યો વાહારેરે, આહાવા અવસરમાંહિ. ૮
રખે માહારા દોષનેં ધારોરે, દયાળુતા નિજની દેખી;
કૃષ્ણ કૃષ્ણરાંમનેં તારોરે, પોતાનું બિરૂદ પેખી. ૯

વિ૦, ૧૦ પા. ૨૩

કીર્તન ૨૦૮ મુ.

દેશી ઢેર.

ગયું ગયું વ્યર્થ આયુષ્ય માહારૂં, સ્મરણ ન સાધ્યું તમારૂં. ગ. ૧
કીર્ત્તન કૃષ્ણનું કલિમલ હારી, તેહેવું તજી લોકની લવલવ ધારી. ગ. ૨
ચિંતન ચૈતન ધનનું ચૂકી, ધુળ્ય ધોવાનેં ધશ્યો હું ઢુંકી. ગ. ૩
વાહાલપણું વાસુદેવનું ત્યાગી, લાલચ્ય લોલુપો કેરી લાગી. ગ. ૪
સર્વના સાક્ષિની લાજ ન આવી, લૌકિક લાજેં હું નાંખ્યો ભમાવી. ગ. ૫
શરણવત્સલ તાણું શરણ ન ધાર્યું વિકલોનું માંન મેં હૃદય વિચાર્યું. ગ. ૬
માધવ શી ગતિ માહારી થાશે, કૃપણવત્સલ વિના કોંને કેહેવાશે. ગ ૭
લક્ષ્મીના નાથ હવે રાખવી લાજ, માફ કરો દોષ માહરા મહારાજ. ગ ૮
કૃષ્ણરામ કહે કરૂણા કીજે, પ્રણતના પાલ પ્રતીતિ દીજે ગ. ૯

વી૦ ૧૦ પા૦ ૨૩

કીર્ત્તન ૨૦૯ મું.

દેશી ફેર-ગરબો.

ક્યાહારે આવશ્યો કમળા નાથરે, કૃષ્ણજી કાલારે;
હેતેં ધરવાને માહારો હાથરે, છેહેલ છોગાળારે. ૧
માહારૂં ચિત્ત ઠરતૂં નથિ ચોકરે, ભોજન ન ભાવેરે;
નથિ શાંતીથિ શમતો શોકરે, નીદડી ન આવેરે. ૨
તપેં વિવિધ ત્રિવિધના તાપરે, અજી નથી શમતારે;
માંહિ મોહનાં ભરિયા માપરે, મિટતી નથી મમતારે. ૩
ગુણ ગોવિંદજીના ન ગવાયરે, અંતરાય ઉઠેંરે;
શુદ્ધિ રાખીનેં નવ્ય સંભળાયરે, પાપ લાગ્યાં પૂઠેંરે. ૪
અહંકારથી અંધારૂ ઘોરરે, આદરિયું આડુરે;
ચુકી ચિંતનને થઇ ગયો ચોરરે, જામી રહ્યુ જાડુંરે. ૫
કપટી કોણ જન્મનાં કૃત્યરે, આડયે આજ આવ્યાંરે;
કૃષ્ણરામનેં કૃષ્ણના સત્યરે, ભજન ભૂલાવ્યાંરે. ૬

વિ૦ ૧૦ પા૦ ૨૪

કીર્ત્તન ૨૧૦ મુ.

ગરૂડધ્વજ ગોકુલચંદ્રરે, મેહેર કરો મોટીરે;
માહારાં માફ કરો નાથ મુકુંદરે, કલિમલ કોટીરે. ૧
હુંતો આવ્યો છું ચરણનેં શરણરે, સત્ય સખા જાંણીરે;
માહારૂં અળગું કરિયે આવરણરે, શારિંગપાંણિરે. ૨
તમારિ ઓળગ અફળ ન જાયરે, વેદશાસ્ત્ર વરણેંરે;
તેહેનેં જોખ્યમ કદિયે ન થાયરે, જ્યે આવ્યા શરણેંરે. ૩
ખરા ભાવ થકી રાય ખટ્વંગરે, શરણથી સુધારચોરે;
એક મૂહુર્ત્તમાં કરીનેં અસંગરે, તરત તેહેનેં તારચોરે. ૪
ગજરાજે જ્યાહારેં જાંણ્યો ઘોરરે, ચરણ શરણ આવ્યોરે;
પૂર્ણ સ્તુતિ સાંભળી એક પોહોરરે, તરત છોડાવ્યોરે. ૫
દેવ દાસોનાં દુઃખ જોઈ દ્રષ્ટરે, અનેક અનેરાંરે;
કૃષ્ણ કરૂણાથી કાપિયે કષ્ટરે, કૃષ્ણરામ કેરાંરે. ૬

વી૦ ૧૦ પા૦ ૨૪

કીર્ત્તન ૨૧૧ મું.

દેશી ફેર.

આવો અચ્યુત આણંદ કારીરે, ગોવિંદજી
ખાસા ખબરચ લીજીયે માહારીરે ગો.
પ્રભુજી ક્યહાં સૂધી પુકારૂંરે. ગો૦
મનડું હઠી જાય છે માહરૂંરે. ગો૦ ૧
આળસ આવડી [illegible]ી ક્યહાંથીરે. ગો૦
શૂં તુમમાં પેઠિ મુજ માંહાંથીરે. ગો૦
નિર્લજ કાં થઈ બેઠા આહાવારે; ગો૦
ગયા શૂં કુબજ્યા મન મનાવારે. ગો૦ ૨
પ્રભુજી કાં મન થાંથું પડિયુંરે. ગો૦
શૂં શિરમણિનું કલંક ચઢિયુંરે, ગો૦
નાથ નિરાંત્ય નથી કાં મનમાંરે; ગો૦
રાસ રમો શૂં વ્રંદાવનમાંરે. ગો૦ ૩
કઉતુક આહાવા ક્યમ કરોછોરે, ગો૦
શૂં કોય ફંદી સંગ ફરોછોરે; ગો૦
તમને નિદ્રા નોહોતી જાંણીરે, ગો૦
શૂં મુચકુંદ જગાડી આંણીરે. ગો૦ ૪
રંગીલા કાં થાઓ રીસાલરે, ગો૦
શૂં કોય ગોપિયે દીધિ ગાલરે. ગો૦
શૂં કહિ ચોરી કરવા પેઠારે, ગો૦
કે યશોદાના બાંધ્યા બેઠારે. ગો૦ ૫
સ્વામી શરણાગતના વત્સલરે, ગો૦
બલીષ્ટ તે ક્યહાં ખોવાયૂં બળરે; ગો૦
કે એ ગોવર્દ્ધન ધરી ધાકુંરે, ગો૦
કે મજને નિષ્ઠુર જોઈ નાઠુંરે. ગો૦ ૬
જ્યે જે બિરૂદ પૂર્વનાં ધરિયાંરે, ગો૦
તે શૂં આજ મજુષે ભરીયાંરે; ગો૦
સંભાળો નહિતો તે શડશે રે. ગો૦
†કંસારે કંસારી ચઢશેરે. ગો૦ ૭

---

† હે કંસને મારનાર.

પુરચો શંખ સકે શૂં ઘરમાંરે. ગો૦
સાંહામું કાં ન જુવો અવસરમાંરે; ગો૦
હરિ શૂં દાંન કરંતાં હારયારે, ગો૦
કે કોય વધુએં તમનેં વારયારે. ગો૦ ૮
કે કોય છળ પુરૂષેં છેતરિયારે, ગો૦
કે કોય દગાખોરથી ડરિયારે; ગો૦
કેશવ હુંતો કેડ્ય ન મેહેલુંરે, ગો૦
મજનેં બિરૂદ બતાવો વેહેલુંરે. ગો૦ ૯
માહારે તુમથી પડીયું પાંનુંરે, ગો૦
રેહેવું પરવડશે કયમ છાનુંરે; ગો૦
દામોદર તુમ સાથ્યેં દાવોરે, ગો૦
કાં કરૂણાના સીંધુ કાહાવોરે. ગો૦ ૧૦
આભ્યંતર માહારૂં અકળાંણુંરે, ગો૦
ત્રીકમ વીતી જાય છે ટાંણુંરે; ગો૦
સેવકની અરજી સાંભળિયેરે, ગો૦
કેશવ કૃષ્ણરામનેં મળિયેરે. ગો૦ ૧૧

વી૦ ૧૦ પા૦ ૨૫

કીર્ત્તન ૨૧૨ મું.

જ્યારેં છળથી રેહેશો છાંનારે. કેશવજી.
ત્યારે કરૂણાસિંધુ શાનારે; કે૦
હુંતો અથડાતો તો આદીરે, કે૦
માનવ તનૂ પ્રસાદીરે. કે૦ ૧
એતે આપ વિના કુણ આપેરે, કે૦
શક્ય હોય તે સંકટ કાપેરે; કે૦
કેટલું કર્મ તણું તે જોરરે, કે૦
હાથ્ય તુમારે સહુના દોરરે. કે૦ ૨
વૃત્તી સઘળી તુમથી જાગે રે કે૦
લોહોવત્ અયસ્કાંતનેં આગેરે; કે૦
તવ શક્તિથી હોય અજ્ઞાંનરે, કે૦
તવ કરૂણાથી ઉઘડે જ્ઞાંનરે. કે૦ ૩
માટે કહૂ છું હું શિર નાંમીરે, કે૦

સન્મુખ આવો મુજને સ્વામીરે; કે૦
પુરૂશોત્તમજી પ્રત્યય આપોરે, કે૦
કૃષ્ણરામના સંકષ્ટ કાપોરે. કે૦ ૪

વી૦ ૧૦ પા૦ ૨૬

કીર્તન ૨૧૩ મું.

દશી પ્રેર.

માયા તમારી એ માધવારે, જણવે છે આજું જોર;
વિધ વિધ વેદનારે, શું સજું સાધન સાધવારે,
દાખવે દાંમના દોર, ભારચે વળી ભેદનારે. ૧
છતો છુપાડે છળ થકીરે, મિથ્યામાં મેળવે મંન,
રગડે રાગથી, બળથી ઉઠાડે છે બકીરે:
આ હું માહારૂં ને અન્ય, દઝવે દાગથીરે. ૨
વેઠાવે વેદના ગર્ભનીરે, ડગવા ન દ્યે દઇ ડંક,
ધૂણાવે દ્વેષથીરે, આશા કરાવે છે અર્ભનીરે;
કૂડા ચડાવે કલંક, કૂટાવે કલેશથીરે. ૩
વેદાંત વાક્ય વિચ્ચારથીરે, ન્યાહાળતાં નિત્યા નિત્ય,
શોધ થવા સમેરે, અન્ય થતાં અહંકારથીરે;
ચટ ચોરી લ્યે ચીત્ત, દેવરૂપે;દમેરે. ૪
ભણ્યા ભલેરાને ભોળવીરે, તૃષ્ણા તણી કરી તાંત્ય,
તાંણી લ્યે તાપમાંરે, આત્મજ્ઞાનને ઓળવીરે;
ભટકાવે ભલિ ભાંત્ય, પટકે પાપમાંરે. ૫
પરખવા દ્યે નહિ પાત્રનેરે, દત્તવા દ્યે નહિ દત્ત,
વાહાલાંના વેશથીરે, લક્ષાવે લૌકિક માત્રનેરે;
મોટો મનાવે મુમુત્ત, અસદુપદેશથીરે. ૬
કાંમ કાંમણે કામી કરેરે, અબળા તણે આધીન,
મરદે મરદનેરે, ખોટું દેખાડીને ખેતરેરે;
લંઘસમાં કરે લીન, દાખવી દરદનેરે. ૭
માનવને સંગે માનવીરે, દેવી દેવને વાસ,
પશુને ચોપગીરે, દાનવને સંગે દાનવીરે;
થઇને પ્રસારે પાસ, ઠગણી લ્યે ઠગીરે. ૮

વૃદ્ધ મરણ માંચે સુવેરે, તોહ્યે મુકાવે ન માંમ,
ક્યરે કરકમાંરે, રામા રૂપ ત્યહાં થઈ રૂવેરે;
રટવા ઘે નહિ રામ, નાંખે નરકમાંરે. ૯
પરમારથની પ્રીતિમાંરે, આવી કરે અંતરાય,
પ્રેરે પ્રમાદમાંરે, ગોવિંદ ગુણની ગીતીમાંરે;
મનનેં ન ઘે મળવાય, વાળિ લ્યે વાદમાંરે. ૧૦
એક તમાંરે એ આશરેરે, તાજી થઇ કરે તાંન,
શાં શાં વિખાણિયેરે આત્મ સ્વરૂપનેં આવરેરે;
ઉપજાવે અભિમાન, યુક્તિ ન જાણિયેરે. ૧૧
ઉગરે ક્યમ અસાધ્યથીરે, પ્રાંણિ પડયો પરવશ્ય,
એહેનું ન ઉપજેરે, નાશી સકે ક્યહાં નાશથીરે;
રંચન સમજે રહસ્ય, શું તજે શું ભજેરે. ૧૨
કૃષ્ણરામ કહે કરગરીરે, તન મન રૂપી પ્રાંણ,
તમનેં હું. નમું રે, નાથ નિહાળો ન્યેહેં કરીરે;
હરી જો હઠાવો હાંણ્ય, વેહેતો વીસમું રે. ૧૩

વિ૦ ૧૧. પા. ૩

કીર્તન ૨૧૪ મું.

દેશી ધ્રેર.

કોણ જનમની આ કરણીયો, જેણે કરી મન મતીમંદરે,
વૃત્તિયો વિષયનેં પરણિયો, ફળરૂપી માંનીનેં ફંદરે. કો. ૧
સકળ કલ્યાણના રાશિનેં, કૃષ્ણને. ન ભજે મન માહારૂંરે;
વનિતા વપુ આદી વિનાશિનેં, વશ બને યદ્યપી વારૂંરે. કો. ૨
નરતનું નોતમ પામીનેં, અજિયે નથિ સરિયો કોય અર્થરે;
સ્મરણેંસેવાયા નહિ સ્વામિનેં, વપુવિમળ વહિ ગયું વ્યર્થરે. કો. ૩
કૃપણ હું કર્મ કુડાં કરૂં, વિદ્યા ભણિ તોહ્યે વાહ્યોરે,
પંચ પરવાનો પાસ્યો ફરૂં, લોક માંને મુંને ડાહ્યોરે. કો. ૪
વિષદ યશ યદ્યપિ વર્ણવું, વિશ્વનાથનો નિત્યરે,
કૃષ્ણનેં કવનેં કરીનેં કવું, તોપણ સાધે નહિ પ્રીત્યરે. કો. ૫
દંભ દેખે માહારા દિલતણો, અંતર સાક્ષિ એ આપરે,
એથી માંને ન મુંને આપણો, તેંણેં તપે ત્રિવિધના તાપરે. કો. ૬

કૃષ્ણ કરૂણા.નિધે કયહાં લગી, આમનો આમ અથડાવોરે;
આપની ઓળગો ઓળગી, જે તમે હુંડી વજડાવોરે. કો. ૭
હાથ્ય છે દોરિયો સર્વની. અંતઃકરણાદિની તમનેંરે;
ગ્રંથી છોડચે છુટે ગર્વની, વાહાલા જો પ્રેરો વિરમનેંરે. કો. ૮
આશ્રય શરણ વિશ્રામનો, શુંણિનેં હું આવ્યો છું શરણેરે;
કેશવજી કૃષ્ણરાંમનો, કર ધરો મિટવા આવર્ણરે. કો. ૯

વિ૦ ૧૧ પા૦ ૮

કીર્તન ૨૧૫ મું.

જય અખિલ જગદધિપ માધવા, પરમ પાવન સગુણ વેશરે,
વિશદ ગુણ કીર્ત્તી કરતા હુવા, ભક્ત કારણ ભુવનેશરે. જય. ૧
જય અનઘ બ્રહ્મ તમસઃ પરા, અજ અમલ સકળ ગુણધામરે;
કમળદળ નેત્ર કમલા વરા, કૃષ્ણ કરૂણાનિધી નાંમરે. જય. ૨
જય સતત સકળ સુરભૂષણા, પ્રણતપાળક ભગવાંનરે;
દૂષ્ટ દૂર્જન દનુજ દૂષણા, અતુલ બળ તેજોનિધાંનરે. જય. ૩
જય તપસી યોગી રૂદી સદ્મની, રાજસે મણિરિવ આપરે;
વિકસસે રવિરિવ પદ્મની, યદુકુળ સકળ પ્રતાપરે. જય. ૪
જય જનની દેવકી બાલકા, નંદ યશોદા ગ્રહે વાસરે;
વ્રજ વધુ ગોપ ગોપાલકા, પ્રેમ પરિ પૂરક આસરે. જય. ૫
જય અતુલ અસુર સિંહારકા, ગિરિવરધારિ ગોવિંદરે;
વ્રજ જન સકળ સુખકારકા, અભિમતદાયી આનંદરે. જય. ૬
જય કઠિણ કંસ વિધ્વંસકા, અવની ઉત્તારકા ભારરે;
શિશુપાલ કાળ યવનાદિકા, વધ કરયા દૂષ્ટ અપારરે. જય. ૭
જય સખા પાંડુસુત પાલકા, દ્રૌપદી પટકુળદાતારે;
કૌરવ નિકર નિર્દાલકા, સતત સેવક જન ત્રાતારે. જય. ૮
જય સદય હૃદય કરૂણાયતન, સકલ સામર્થ્ય પરિપૂર્ણરે;
લાલસા કૃષ્ણરામસ્ય મન, સંસ્તી શીઘ્ર હોય ચૂર્ણરે. જય. ૯

વિ૦ ૧૧, પા. ૯

કીર્ત્તન ૨૧૬ મું.

દેશી ઉપર.

વિનતી મ્હારી સાંભળો,
પ્રભુ મ્હારા (૨) સર્વજ્ઞ સુજાંણ,

મહેરબાંની કરીને મળો;
પ્રાણ પ્યારા (૨) કરવા કલ્યાંણ. વી૦ ૧
ક્યહાં સૂધી અથડાવશો,
અજી મુજને (૨) હે પ્રણતના પાલ,
પ્રતીતિ કયાહારે પેખાવશો;
ધરિ ભુજને (૨) માહારા કૃષ્ણ કૃપાલ. વી૦ ૨
માંનવ તનું આપી તમેં,
શું રળવા (૨) વિચ્ચારો વિશ્વેશ,
વીતિ જાય છે આહાવો સમે;
આવો મળવા (૨) રંકને રૂષિ કેશ. વી૦ ૩
સાધન જોવાં ક્યાં ઘટે,
શઠ કેરાં (૨) હે કૃપણ વત્સલ,
મુજથી ન મોહાદી મટે;
આંણિ વેરાં (૨) ઉઘાડ્યા બિન કલ. વી૦ ૪
પરોક્ષ્ય છો તે પ્રેષ્ટને,
ક્યમ જાંણું (૨) હું માહા મતી મંદ,
શાસ્ત્રેં સાંભળ્યા શ્રેષ્ટનેં;
તોહે માંણુ (૨) હું આ ફોકટ ફંદ. વી૦ ૫
આસ્યા ઉપજી આપની,
મન માહારે (૨) મિટવા મહા મોહ,
જ્વાળા શમાવી તાપની;
હવેં ક્યાહારે (૨) ભાગશ્યો સ્વ વિછોહ. વી૦ ૬
કઈક કલ્પથી હું આથડું,
તમે જાણો (૨) દુઃખ માહારાં દયાળ,
પ્રીતી કરો હું પગે પડું;
દયા આંણો; (૨) હે કૃષ્ણ કૃપાળ. વી૦ ૭
નજરબંધી હવે છોડિયે,
તે કરેલી (૨) નિજ માયાની નાથ,
તાંતિયો સઘળી ત્રોડીયે;
મત મેહેલી (૨) તમને જોડું હું હાથ. વી૦ ૮
માહા માયી તમે માધવા,

હઠ્ય મેહેલો (૨) ગણી મુજને ગુલાંમ,
કૃષ્ણરામને લાધવા,
કર વેહેલો (૨) ધરિયે કૃષ્ણરાંમ. વી૦ ૯

વી૦ ૧૧ પા૦ ૧૨

કીર્ત્તન ૨૧૭ મું.

મન માહારૂં માંને નહિ,
કયમ કીજ્યે (૨) કહો કૃષ્ણ જીવંન,
ઠરતું નથી સ્થિરતા ગ્રહિ;
હવેં દીજેં (૨) સુંદર દરશંન. મ૦ ૧
સૂવું સુહાવે ન સેજમાં,
નવ્ય ભાવે (૨) ભવ કેરા ભોગ;
તાંણ્યું ન જાય કોહોના તેજમાં,
ચિત્ત ચ્યાહાવે (૨) જીવન શું યોગ. મ૦ ૨
જ્યમ જલધર શું પ્રીતડી,
કરી ભાખે (૨) ચાતક અકલાય;
ત્યમ મન માહારાનેં ઘડી,
તુમ પાખેં (૨) યુગ સરખી જાય. મ૦ ૩
બિરૂદ જો નોહોતું બતાવવું,
ત્યારેં શાનેં (૨) કરયું કરીનું કાજ;
અન્ય હવે ઓળખાવવું,
કોણ માંને (૨) અલબેલા આજ. મ૦ ૪
પ્રીતિ પતાસા તણી ધરી,
માંને મૂકે (૨) તેતો બીજા બાળ;
હોય હઠીલું જે કો હરી,
તે ન ચુકે (૨) જાંણિ જંજાળ. મ૦ ૫
કામ કુટીલથી પડયું નથી,
કદી તમનેં, (૨) હો ચિત્તના ચોર
પલ્લો પકડિયો છે પ્રેમથી,
મેંતો યમનેં, (૨) જણુવીને જોર. મ૦ ૬
તરત અજામિલ તારતાં,

મન ભાવે, (૨) ભૂલી ગયા ભરમ;
આજ મુંને ઉદ્ધારતાં,
કયમ આવે (૨) સાંમળિયા શરમ. મ૦ ૭
આનાકાંની કરશો હરી,
પત્ય ખોવા (૨) રખે રાખો રોષ,
શરણાગતના ફરી ફરી;
નવ્ય જોવા (૨) દયાસિંધો દોષ. મ૦ ૮
અરભક બેઠો અંકથી,
ગ્રહે દાઢી (૨) ધરે તાત શું હસ્ત;
રીઝ પામે તેતો રંકથી;
કરી આડી (૨) લ્યે વાંછિત વસ્ત. મ૦ ૯
યોગ ક્ષેમ જગતીપતી,
અનાયાસે (૨) વહો વિશ્વાવાસ;
કૃષ્ણરામ કરે વીનતી,
વિશ્વાસે (૨) તજી અન્યની આસ. મ૦ ૧૦

વિ૦ ૧૧ પા૦ ૧૩

કીર્ત્તન ૨૧૮ મુ.

દેશી ઢેર.

સાંભળો સેવકની વિનતીરે, તમ્યો ત્રિભુવન ધરણાધાર;
મહારાજા રાજા કમળાપતીરે, હરે વિશ્વતણા કિરતાર. ૧
ભક્તાંના વત્સલ છો ભૂધરારે, તમે આદિ નિરંજન નાથ;
સરવા વાસી સરવ થકી પરારે, હરિ સરવ તમારે હાથ. ૨
અંતરયામી આત્મારામછોરે, પ્રભો પૂરણ પરમાનંદ;
સ્વામી શરણાગત વિશ્રાંમછોરે, ગહુન ગુણનિધી શ્રીગોવિંદ. ૩
સ્વામિ સેવક કેરે કારણેરે, તમે ધરિયા બહુ અવતાર;
વીઠલ જાઉં તમને વારણેરે, સદા કીધી સેવકની સાર. ૪
સ્વામિ અશરણ કેરા શરણછોરે, નાથ નોધારાં આધાર;
અમૃત પૂરણ અંતઃકરણ છોરે, હરે જગત જીવાડણહાર. ૫
સ્વામી સ્વાધીન છો તમે આપથીરે, હરી જયેહ કરો તે થાય;
એક તમારા સ્મરણ પ્રતાપથીરે, ભારે ભવબંધન મૂકાય. ૬

પૂરણ કરૂણાવંત કૃપાલછોરે, કૃષ્ણ મનસા પૂરણ કાંમ;
પતિત પાવન દીનદયાળ છોરે, એક અધમોદ્ધારણ નાંમ. ૭
બ્રહ્મારૂપે થઇ સૃષ્ટી કરોરે, વળિ વિષ્ણુરૂપેં પ્રતિપાલ;
શંકર રૂપેં થઇનેં સંહરોરે, કૃષ્ણ વશ રહે તમનેં કાલ. ૮
શક્તિ સકલ વશ તુમ તણેરે. વળી અષ્ટ સિદ્ધિ નવનીધ્ય;
આગમ નિગમ તે એમ ભણેરે સ્વામિ એક તમે સ્વતઃસિદ્ધ. ૯
એક એક રોમના કૂપમાંરે, વસે વિશ્વ અપારાવાર;
ભૂલે ભલા ભલેરા રૂપમાંરે, પ્રભો કોય ન પાંમે પાર. ૧૦
યોગી તપસ્વી તે ધ્યાનેં ધરેરે, વળી વેદ વિમળ યશ ગાય;
સાધુ સંત કઇ શોધતાં ફરેરે. તોહ્યે કળના કોથી ન થાય. ૧૧
સ્વામી સેવકજનનેં તારવારે, તમે રૂપ ધરયાં સાકાર;
યોગીજનનેં ધ્યાંને ધારવારે, નહિતો શા તમનેં અવતાર. ૧૨
ચક્ર ગદા ધનું શંખ કરે ધરોરે, તેતો દૂષ્ટ દમનનેં કાજ;
એક ઇશ્વરરૂપેં થઇ કરોરે, તમે સકલ ભુવનનું રાજ. ૧૩
માયા આવરણથી વેગળારે, પ્રભો મુક્ત તમારા વિલાસ;
સ્વામી કોથી નવ્ય જાઓ કવ્યારે, હરે વ્યાપક સરવાવાસ. ૧૪
સદ્ગુરૂ વચન શ્રીહરિરે, એવા જાણ્યા તમ્યો મમ નાથ;
કૃષ્ણરામ કહે છે કરગરીરે, હવે હેતેં ધરો મુજ હાથ. ૧૫
વિ૦ ૧૧, પા. ૧૪

કીર્તન ૨૧૯ મું.

હું અપરાધી અનંત કાલનોરે, કઈ કરમ તણો કરનાર;
વંક ક્ષમા કીજે મજ બાલનોરે, તમે તમ તણા ત્રાતાર. ૧
જૂઠો સબંધ સાચો કરીરે, કદી ભજ્યા નથી ભગવાંન;
શાબાસ તમનેં છે હો શ્રીહરીરે, તમે રાખ્યું બિરૂદનું માન. ૨
મેહેર કરી મનુષ્યદેહ આપિયેરે, તેહમાં આપી ઉત્તમ વરણ;
તાપ ત્રયના હું સંતાપિયોરે, સ્વામી આવ્યો તમારે શરણ. ૩
કરૂણા કટાક્ષ તરૂની છાયથીરે, સ્વામી શીતલ કરીયે અંગ;
ઇચ્છા એટલી છે જયે આ કાયથીરે, રખે પડે ભજનમાં ભંગ. ૪
નામ તમારૂં સમર્થ સાંભળ્યુરે. કરો કર્મ તમે બક્ષિસ;
માહારૂં મનડું તુમ પાસે વળ્યુંરે, હુંતો ચરણેં નાંમું શીશ. ૫
હુંતો પાલવ વળગ્યો તુમ તણુંરે, રખે મુકો શ્રીમહારાજ;

અથડાતો આવ્યો છું તુમ ભણીરે, પ્રભો રાખની નિશ્ચે લાજ. ૬
સહુથી વિશ્વંભર બાનું તમેરે, ઘણું સાચવજ્યો અવિનાશ;
રખે અન્ન વસ્ત્ર ભૂલો સમેરે, રખે થાયે લોકમાં હાસ. ૭
અન્ન વિના ઘડિભર ચાલે નહિરે, દેવ દેહ શીથિલ થઇ જાય;
સમર્થનો સેવક જાયે કહીંરે, દુઃખ કો આગળ કેહેવાય. ૮
લાજ લાખેણી જાયે હરીરે, જો ભિક્ષા માંગે ભક્ત;
માટે બિરૂદ રખે જાઓ વીસરીરે, જોજ્યો જૂઠા ન કહે જક્ત. ૯
સમર્થ જાણી તમને યાચીયેરે, જાણી વિશ્વમાં કીજે નિભાવ;
નાંમ તમારેથી જયમ રાચીયેરે, કીજે એહેવું જયે ચુકું ન દાવ. ૧૦
સ્વામી મન સ્થિર કીજે માહ્રરૂં રે, રખે અન્ય ઉપાધી હોય;
માટે કર જોડીને કરગરૂં રે, હવે સ્વામી સન્મુખ જોય ૧૧
દુર્લભ દેહ આપ્યો છે મેહેરથીરે, રખે વ્યર્થ નીગમી જાય;
માધવ તવ માયાની લેહેરથીરે, રખે મન માહારૂં પલટાય. ૧૨
હરિની અકળિત માયા જોરથીરે, ભૂલે ભલા ભલેરા ભરમ;
રાખી સકે તેહેવા તો કો નથીરે, સ્વામી રાખો તો રહે શરમ. ૧૩
કોણ જાણે એ તમારા ખ્યાલનેરે, પ્રભુ કોથી ન રહે ટેક;
કિંકર કૃષ્ણરામ કંગાલનેરે, તમ્યો તારણહારા એક. ૧૪

વી૦ ૧૧ પા૦ ૧૫

કીર્તન ૨૨૦ મું.

દેશી ટેર.

મન શાંતી થવા પ્રતીતિ દીજે. મન૦ ધ્રુ૦
અકળામણ મિટતી નથી મનની,
અન્ય ઉપાય કરચે બીજે. મન. ૧
સાધન સાધે ન મુજથી સૂધાં,
માધવજી મન માની જે;
મંગલ રૂપ શ્રીમદન મોહનનું,
નિરખ્યા વિના ક્યો અરથ શીજે. મન. ૨
સાક્ષાત્ દ્રષ્ટિ સધાવ્યા પાખે,
ભક્તિ વિના દિલ કયમ ભિજે;
જાવા લાગી જીનગાંની તોહો,
ખાસા હવે તો ખબરચ લીજે. મન. ૩

પરોક્ષ પાંમ્યો પ્રતીતિયો બહુધા,
હૃદય ન તેથી અજી રીઝે;
કરૂણા કર કેશવજી મુજને,
ખસતો કરો છો શ્યે ખીજ્યે. મન. ૪
બાપ હવે બાળકથી બોલો,
અવલોકનમહાં આવી જે;
કળ ઉઘાડવા માંહિલી કેશવ,
કૃષ્ણરામને કૃપા કીજે. મન. ૫

વિ૦ ૧૧ પા૦ ૧૮.

કીર્તન ૨૨૧ મું.

દેશી દેર.

યદુનાથ યત્ન બતાવો, જ્યેથિ જાય જવનીકા અલગી;
ગોવિંદ ગુણ ગવરાવો, ગતી ગમ્ય જગવી અમ લગી. ધ્રુ૦ ૧
અવતાર અનૂપમ આપ્યો, અભ્યાસ ન જાય ઉથાપ્યો;
શામલોનો છું સંતાપ્યો. યદુ. ૨
ઐશ્વર્ય નથી ઉઘડિયું, અદ્રષ્ટ ન દ્રષ્ટે પડિયું;
ચિત્ત અજી ચાંમથી મઢિયું. યદુ. ૩
જડ મતી અજી નથી ખસતી, વિમલાભક્તિ નથી વસતી;
દ્દઢ ધીરજ મન નથી ઠસતી. યદુ. ૪
કેશવજી કાંઇક વિચ્ચારો, હું તે શું કરી સકિશ બિચ્ચારો;
તમને જો ગમે તો તારો. યદુ. ૫
તમેં તમ જનોના ત્રાતા, દાસોને અભિમત દાતા;
કરો કૃષ્ણરામનેં શાતા. યદુ. ૬

વી૦ ૧૧ પા૦ ૧૮

કીર્ત્તન ૨૨૨ મું.

મહારાજ કૃષ્ણ કૃપાળો, કાંઈ સન્મુખ મુજશૂં થઇયે;
અભ્યાસ અવળો ટાળો, તેની પ્રતીતિ મુજનેં કહિયે. ધ્રુ૦ ૧
અજિ શૂંન્ય જીવવું જીવું, પડે પ્રતીતિ પાખેં બીહિવું;
કયમ બને કથામૃત પીવું. મ૦ ૨

અજિ અંતરપટ નવ્ય ત્રુટયો, છળકારી લોભ ન છૂટયો;
બીન લક્ષ્યે જાઉં છું લૂંટયો. મ૦ ૩
ગુણ ગાઉં કશ્યા બીન ગતિયે, કયમ અલગ રહું અવિરતિયે;
મન મુષિત મદાંકિત મતિયે. મ૦ ૪
જગજ્જીવનને કયમ જાણું, તેણે ત્યમનું ત્યમ હું તણું;
હુવે વીતિ જાય છે ટાંણું. મ૦ ૫
નર દેહ નિરર્થ બને છે, આયુષ અનિમિષ અશને છે;
તેની લાજ સરવ તમને છે. મ૦ ૬
અજી આંજ્યો હું અધ્યાસે, અથડાઉં છું અણુવિશ્વાસે;
ઉગરૂં કયમ અલ્પાયાસે. મ૦ ૭
છો ભક્ત વત્સલ ભૂધરજી, રખે મૂકો મજને વરજી;
કરે કૃષ્ણરાંમ નિત્ય અરજી. મ૦ ૮

વિ૦ ૧૧ પા. ૧૯

કીર્ત્તન ૨૨૩ મું.

દેશી ઍર.

કાલારે અજી બોલશ્યો કયાહારેં, વાહાલારે વેગેં આવોજી વાહારેં. ધૃ. ૧
ચિત્ત ચોરયું ચાકર તણું, વાળી તુમમાં વૃત્તિ;
કાં ન નિવારો કૃષ્ણજી, આતુરની આપત્તિ. કા૦ ૨
ગોવિંદ પાખે નવ્ય ગમે, કિંકરને કાંઈ;
પતિત પાવન પેહું બિરૂદ તે, મન માહ્યરાં માંહિ. કા૦ ૩
સુહૃત સખા તમેં જીવના, વ્યાસેં વાણીયેં વરણ્યા;
જાંણ્યામાં ત્યહારેં આવિયા, એહેવા જ્યાહારે આકરણ્યા. કા૦ ૪
લક્ષ્ય ચોરાશીના લેખથી, જેણેં મુજને કાહાડયો,
આપી માનવ તનું આપનેં, સેવવા સરજાડયો. કા૦ ૫
સધાવા સજ્જન સંગતી, બ્રહ્મસત્રમાં ભેળ્યો;
કથા સુધારસ પાવાનેં, મત મૂકાવી મેલ્યો. કા૦ ૬
નિત્ય નવાં નિપજાવીનેં, કીર્ત્તન કરાવો છો;
તાપેં તપ્યો તેહેનેં તાણીનેં, સ્થિતિમાં ઠરાવો છો. કા૦ ૭
વિસ્મૃતીવાન નેં વિકલનેં, સધાવો છો સ્મર્ણ;
કૃષ્ણરામ એમ જાણીને, તમને આવ્યો છું શરણ. કા૦ ૮

વિ૦ ૧૧. પા. ૧૯.

કીર્ત્તન ૨૨૪ મું.

નહિતર નીષ્ઠુર નિગુરાને, એહેવું સુખ કોણ આપે,
તોહે પતિત હું પીડાઉછું, પોતાને પૂર્વ પાપે. કા. ૧
સંસ્કાર હીણા હૃદયમાં, માહારે મોહાદી ભરિયાં;
સાંભળ્યા ગુણ નવ્ય સાંભરે, કાન્યે જ્યે કરણે ધરિયા. કા. ૨
વૈર વાહાલ વશિયાં રૂદે, અંગે આમય ઉઠે;
કથા કરણમાં ન ઉતરે, પડિ નિંદ્રા પૂઠે. કા. ૩
સ્વાભિમાંન લેઇ સાંકડે, લૌકિકથી લૂટે;
કામ ક્રોધ કસણે કળે, તૃષ્ણાઓ ન ત્રૂટે. કા. ૪
અનેક એહેવી આપદા, તેહેમાં મન જાય તાણ્યું;
આશ્રીત જન અકળાય તે, આપને શું અજાંણ્યું. કા. ૫
પીડ પ્રણુતની પહ્રી થવા, પ્રભુ દીજે પ્રતિતી;
નાથ માંથે છો તે જણવતાં, ભાગે હૃદયની ભીતી. કા. ૬
ઓળખું જો હું માહારૂં, સુખ દુઃખ જ્યે શેષ;
નાથ તો નિઃશંક વરતું હું, લક્ષ્ય પામેથી લેશ. કા. ૭
કૃષ્ણ કૃપા નજરે કરી, અંતર પટ ખોલો;
જનને પ્રીતી જાહાર થવા, કૃષ્ણરામથી બોલો. કા. ૮

વિ૦ ૧૧ પા૦ ૨૦

કીર્તન ૨૨૫ મું.

દેશી ફેર.

ગિરિવરધારી, શ્રી કમલાકાંત મુરારી,
જ્યેહેનું સ્મરણ માહા ભય હારી,
યશ ગાવે જેહેનો ત્રિપુરારી;
રહું હું રંક, હવેથી વંક,
ક્ષમા કરી વિનતી શુણજ્યો માહારી. ગિ. ૧
જેહેનું ચરણ ક્ષાલન વારી,
સ્વર સરિતાં શંકર શિરધારી;
સગર કૌમાર, સાઠ હજાર,
મૃતક અવગતીયા લીધા તારી. ગિ. ૨
મહિમાં શેષ અશેષ ન જાંણે,
વદન હજારે નિત્ય વિખાંણે;

જેહેના અનંત, યશને સંત,
સદા વરણે અનુભવ ઓળખાંણે. ગિ. ૩
જેહેની કથા સુધા જન માંણે,
તે જન બીક ન યમની આંણે;
વિષય વિતૃષ્ણ, થશે તે કૃષ્ણ,
કથામૃત શુણિ જો રહસ્ય છાંણે. ગિ. ૪
એહવા સ્વામિ સદા સુખ રાશી,
અંતર સાક્ષી વિશ્વ નિવાસી;
નિજને ચરણ, થયો છું શરણ,
અજી કયમ રાખો મુંને ઉદાસી. ગિ. ૫
પ્રભુજી પૂર્ણ કરો મન આશિ,
આભ્યંતર ઐશ્વર્ય વિકાશી;
કલિમલ કાપો, પ્રતીતિ આપો,
કૃષ્ણજી કૃષ્ણરામને ખાસી. ગિ. ૬

વિ૦ ૧૨, પા૦ ૧.

કીર્તન ૨૨૬ મું.

જન્મ સુધારો, આવ્યો જયે અલભ તુમારો,
નિજ બિરૂદ ધરયું તે વિચ્યારો;
આંણિયે આ ભવજળનો આરો,
નથી મુને સાંન, કરૂ શું ગાન;
તમે ધરણીધર મનમાં ધારો. જ. ૧
અતી અપરાધ ક્ષમા કરો માહારો,
તમ તનુંજ દેખીને તારો;
હવે પ્રભુનાથ, ધરો મુજ હાથ,
ચરણનો આશ્રીત જાણી ઉગારો. જ. ૨
આવડું શું મુજને અથડાવો,
અજી કાં અવલોકનમાં નાવો;
મનના તાપ, શમે જયમ આપ,
પ્રતીતિ એહેવી કાંઇ બતાવો. જ. ૩
ગુણ ગિરિધારીના ગવરાવો,

પ્રેમ પ્રબલ પ્રભુનો પ્રગટાવો;
મુજને એક, રખાવો ટેક,
તમારો ભ્રાંત કરી ન ભમાવો. જ. ૪
અંતર્દષ્ટી માહારિ ઉઘાડો,
ભૂત ભાવી સહુ નજરે પાડો;
આપો પ્રતીતિ, જાય છે વીતિ,
દિવ્ય આ ફરી મળશે કયહાં ધાહાડો. જ. ૫
યદ્યપી અજી સૂધી છું આડો,
તથાપી શરણ પ્રતાપ દેખાડો;
રહ્યો અદબીજ, પડેલો કીચ,
કૃષ્ણજી કૃષ્ણરામને કાહાડો. જ. ૬

વિ૦ ૧૨ પા. ૧

કીર્તન ૨૨૭ મું.

દેશી ફેર.

હરિરે સાંભળો, હું તો તાહારો જનમ જનમનો દાસ,
વાહાલા દીજે વિશ્વાસ, હરજી હવે ન કરીયે દાસ. હ. ૧
તાહારિ મેહેરથી તે આપીયો આ, દુર્લભ માનવ દેહ;
હાથ પકડી હવે માહારો, સફળ કરીયે તેહ; હ. ૨
કેશવ કલિયુગ આવીયો, તેણે કાંઇ ન રહ્યું તાંન,
કરણ ધરવું ગમે ન કોઇને, કૃષ્ણ કથામૃત પાંન. હ. ૩
તીર્થ જપ તપ યજ્ઞ વ્રતતે, ગયાં સર્વ લોપાઇ;
જ્યમ ત્યમ કરી પડે જીવવું. આભ્યંતરે અકળાઇ. હ. ૪
કઉતુક કહું હવે કેટલાં, શોધ્યા મળે કહી સંત;
પ્રચુર પાખંડ વ્યાપીયું, આખે અધર્મ અનંત. હ. ૫
ભામાંઓ નાંખે ભૂરકી, કઇ વિધ કરાવે કલેશ;
લોક લવથી નીત્ય વાધે, હૃદય રાગ ને દ્વેષ. હ. ૬
હવે કયારે ગ્રહેશો હાથ માહારો, નાથ હું અકળાઉં;
તુમ વિના કોહોને કહું, કહો કૃષ્ણ હું કયહાં જાઉં. હ. ૭
અનાથ બંધો આ સમે હવે, સહાઓ કર માહારો;
કૃષ્ણરામને કૃષ્ણજી, એક આશરો તાહારો. હ. ૮

વિ. ૧૨ પા. ૨

કીર્ત્તન ૨૨૮ મું.

દેશી ફેર.

કરૂણાનિધાન કરૂણા કરો, મન માન્યા માધવ,
અરજી અરભકની ઉરે ધરો. મ૦
ગોવિંદ કાંઈ ગમતૂં નથી. મ૦
કેશવજી શું કહુ કથી. મ૦ ૧
સ્વપ્ન સમાન સંસારરે. મ૦
પ્રીછયો પણ નાવ્યે તેનો પારરે. મ૦
મતવાલુ મન તેનું કારણુરે. મ૦
વશ નથી થાતું જ્યમ વારણુરે, મ૦ ૨
કામ કર્દમ માંહે કળ્યું. મ૦
મિથ્યા મનોરથમાં મળ્યું; મ૦
આવરિયું અવિદ્યા વડે. મ૦
પીડાના પથમાં પાછું પડે. મ૦ ૩
જ્ઞાનની લાભી ન ગમ્યરે. મ૦
રાગાદિ કોને ગણે રમ્યરે. મ૦
દામ દારા રૂપી દોરરે. મ૦
જકડાયું તે શું કરે જોરર. મ૦ ૪
એવા મનથી પડયું પાનુંરે. મ૦
છગ કરે છે રહી છાનુંરે. મ૦
ઉગરવાનો નથી આરોરે. મ૦
કૃષ્ણરાંમને તો ઉગારોરે. મ૦ ૫

વિ૦ ૧૨ પા૦ ૫

કીર્ત્તન ૨૨૯ મું.

કરૂણા નજર કાંઈ કીજીયે, મ૦
ખબરચ સેવક તણી લીજીયે; મ૦
આશરો એક તમારોરે, મ૦
તમ જાંણીને મુને તારોરે. મ૦ ૧
અલબેલો અવસર જાય છે, મ૦
ચિત્ત માહારૂં તમને ચ્યહાય છે, મ૦

ભાવીનેં નજરેં પાડજ્યો; મ૰
ધારણા ઘટની ઉઘાડજ્યો, મ૰ ૨
શેષ આયુષને જણાવજ્યો: મ૰
ભ્રાંતિ તજાય તે ભણાવજ્યો, મ૰
વિષયથિ કરજ્યો વિરામરે; મ૰
મનનેં ઠરાવજ્યો ઠાંમરે. મ૰ ૩
આતુરતા અતિશેં થઇ, મ૰
જંજાળેં જીનગાંની ગઈ; મ૰
અજીયે ક્યાહાં લગી અથડાઉંરે, મ૰
કરૂણા કેશવ તણી ચ્યહાંઉરે. મ૰ ૪
મધુસૂદન માહારાજરે, મ૰
રાખો સેવક તણી લાજરે; મ૰
જેહેવો તેહેવો પણ હું દાસરે, મ૰
સંભાળી લ્યો શ્રી નિવાસરે. મ૰ ૫
કેશવ જોશ્યો ન કરમરે, મ૰
પતીત પાવન તમે પરમરે; મ૰
નાથ નિભાવો નિજ નાંમરે, મ૰
કરજોડી કહે કૃષ્ણરામરે. મ૰ ૬

વિ૰ ૧૨ પા૰ ૬

કીર્તન ૨૩૦ જું.

દેશી ઢેર.

માહારાજ અરજ માહારી સાંભળો, અવિનાશી આળસમાં કાં ભળો;
અલબેલા તજો મન આંબળો. મ. ૧
દિધું નિમંત્રણ તમે નાથરે, તેતો જાણે સઘળો સાથરે;
હવે ખાલી બતાવો શું હાથરે મ. ૨
આપ્યો દુર્લભ માનવ દેહરે, ઝઝે યત્ને મળે નહિ જ્યેહરે;
ત્યમ નાથ હવેં કરો ન્યેહરે. મ. ૩
તેમાં ઉત્તમ આપી વર્ણરે, કૃષ્ણ કથા શૃણાવી કર્ણરે;
એમ ઉરનું મીટાવો આવર્ણરે. મ. ૪
ભાગવત નેં ગીતા ભણાવ્યાંરે, યદુનાથ તે યુકતે જણાવ્યારે;
ચિંતન કાજ્યેં જ્યેહ ચણાવ્યાંરે. મ. ૫

એતો અભિનવ આપી છે વસ્તરે, જ્યેથી સમજાયે તત્વ સમસ્તરે;
એમ હરજી ધરો હવેં હસ્તરે. મ ૬
પેહેલાં ક્રોધ લોભ ને કામરે, ઠરવાં મુકે નહીં અજી માંમરે;
માટે શરણ આવ્યો કૃષ્ણરાંમરે. મ. ૭

વિ૦ ૧૨, પા. ૬.

કીર્તન ૨૩૧ મુ.

મુંને લોકતો માંને છે વ્યાસરે, અજી માહારો મિટ્યો ન અધ્યાસરે;
હરિ સંભાળો થાય ન હાસરે મા. ૧
કયમ તરી સકું કયમ તારૂંરે, ગોવિંદ ગજું શૂં માહારૂંરે;
તમે રાખજ્યો બિરૂદ તમારૂંરે. મા. ૨
નથિ મજમાં ઐશ્વર્ય એકરે, હુંતો છળ બુદ્ધિ છું છેકરે;
રાખો નાથ તો રેહેશે ટેકરે. મ. ૩
તમે મુખ બ્રાહ્મણનેં માનોરે, એથી સહુની ઉઘારો છો સાંનોરે;
એમાં અન્યનો પ્રતાપ શાંનોરે. મ. ૪
સરવ તારયે તમારે તરશેરે, બિજાથી તો અરથ શ્યો સરશેરે;
કૃષ્ણરામ કાલા વાલા કરશેરે. મ. ૫

વિ૦ ૧,૨ પા૦ ૭

કીર્તન ૨૩૨ હું.

દેશી ફેર.

કેશવજી સાંભળજ્યો કાંન, ભક્ત તણી અરજી ભગવાંન,
માનવ તનુંનું રાખો માન, આવ્યો આ સમે;
કિંકર કેરાં કષ્ટ કાપો, અલબેલાજી ભક્તિ આપો,
સ્થિર કરીને મુજને સ્થાપો, ત્રીકમજી તમે. કે. ૧
વાહાલાજીનો છે વિશ્વાસ, સહાય કરીયે શ્રી નીવાસ,
જેહેવો તેવો હું છું દાસ, કૃષ્ણજી કેરો;
તૃંણા કેરી ત્રોડો તાંત્ય, ભૂધરજી ભૂલાવો ભ્રાંત્ય,
અરભકનેં રાખી એકાંત્ય, પ્રેમનેં પ્રેરો. કે. ૨
બળતા રાખ્યા પાંચે વીર, પંચાળીને પૂરચાં ચીર,
અંબરીશનું રાખ્યું નીર, દુરવાસા વેળા;

ગોપી સંગ રમ્યા ગોવિંદ, મેહેર કરી નીરખ્યો મુચકુંદ,
કૃષ્ણરામ ઉપર આણંદ, આંણિયેહેલાં. કે. ૩

વિ૦ ૧૨ પા૦ ૭,

કીર્તન ૨૩૩ મું.

વાહાલાજી દેખાડો વાહાલ, ખાસાના નિરખાવો ખ્યાલ,
ન્યેહેથી મુનેં કરો નિહાલ, દાસ દાસ જાંણી;
એક તમારો છે આધાર, સાંભળી તમને અધમોદ્ધાર,
વેહેલી કરજ્યો માહારી વાહાર, શારિંગપાણી. વા. ૧
જન્મ જાય છે આહાવો વ્યર્થ, અજીયે એકે સરયો ન અર્થ,
સાંભળી શ્રીપતિને સમર્થ, શરણે હું આવ્યો;
શરણાગતના છો વિશ્રામ, પ્રેમી જનના પૂરણ કાંમ,
તેહેવાથી હું વેહેતો વાંમ, ભ્રમનો ભમાવ્યો. વા. ૨
હરિ વિસારયે ભોગી હાંણ્ય, કઈ વેળા ચોરાશી ખાંણ્ય,
વ્યાસ તણી સાંભળતાં વાંણ્ય, મહા દુઃખ મેં પ્રીછયું;
કૃષ્ણરામને કૃષ્ણ કૃપાલ, પ્રતીતિ આપો પરમ રસાલ;
માહારો કહો મુજને ગોપાલ, એટલું હું ઇચ્છું. વા. ૩

વી૦ ૧૨ પા૦ ૯

કીર્તન ૨૩૪ મું.

દેશી દેર.

પ્રભુ માહારા પ્રેમ કરી જે, ખબરય દાસની લીજે;
તરણતારણ છો તમે શ્રીકમજી, આપી અભયપદ દિજે. પ્ર. ૧
શા અપરાધ જુવો સેવકના, ઘટિત નથી ગોવિંદ;
શરણ આવ્યાની લાજ રાખિયે, મેહેર કરીને મુકુંદ. પ્ર. ૨
દીન દયાલ તમ્યો દામોદર, અધમોદ્ધારણ એક;
શરણાગતનેં સહજ ઉગારો, તેહ તમારો ટેક. પ્ર. ૩
ચૌદ ભુવનની ચીત્ર સંપદા, કોય ન આવે કાંમ;
જયે મળિસું તે માયિક સઘળું, ધન સુત દારા ધાંમ. પ્ર. ૪
અવિનાશી એક આપ અનૂપમ, કાળ તણું શિરકાળ;
સ્મરણ માત્રથી સહજ શમાવો, જીવ તણી જંજાળ. પ્ર. ૫
મન માહારૂં તવ ચરણે માન્યું, અન્ય ગમે નહિ કાંઈ;

હાથ ધરીને ઉગારો હરજી, દાસ ગણી મનમાંહિ. પ્ર. ૬
માફ કરો અપરાધ અનેરાં, કેશવ કરૂણા નિધાન;
પતિત પાવન તમે બિરૂદ ધરચાનું, માધવ રાખો માંન. પ્ર. ૭
અન્ય વિષે આસક્તિ ન ઉઠે, કરજ્યો એહેવું કાંમ;
એક તમારો આશ્રય માહારે, કહે કિંકર કૃષ્ણરાંમ. પ્ર. ૮

વિ૦ ૧૨ પા૦ ૧૧

કીર્ત્તન ૨૩૫ મું.

પ્રભુ માહારા પ્રીતિ કરો હવે, કરગરિ કહુછું કૃપાલ;
કરૂણાકરની કરૂણા વિનાથી, હું શું કરી સકું બાલ. પ્ર. ૧
લોક તણી લવને સાંભળતાં, ઉદર પડે છે ફાળ;
માધવજી હવે સધ મીટાવો, અન્ય તણી ઓશિયાળ. પ્ર. ૨
અન્નાછાદન સહજ ચલાવો, ગુણ સાગર ગોપાલ;
માનવને પાસે માગ્યાનો, ત્રીકમ નથી હવે તાલ. પ્ર. ૩
જોઉં જ્યહાં જ્યહાં ત્યહાં ત્યહાં દીસે, જીવને અતિ જંજાળ;
કેશવજી હવે કઉતુક કરતો, આવ્યો કઠીણ કળીકાળ. પ્ર. ૪
અથડાવો જો આ અવસર તો, ગિરિધર લાગે ગાળ;
અરભક ઉપર આંમ ન થઇયે, રમાનાથ રીસાળ. પ્ર. ૫
શરણાગત વત્સલ સાંમળિયા, જનની શમાવો જાળ;
જન્મ જરા ભય મરણ તણી હવે, અલગી કરોને આળ. પ્ર. ૬
અધિભૂતાદિક ત્રિવિધ તાપને, દૂર કરોજી દયાળ;
અનાથ બંધો હવે ઉપજાવો, હૃદયે ભક્તિ રસાળ. પ્ર. ૭
જ્ઞાન તણી કરો ગમ્ય ગોવિંદજી, દેઇ વિવેક વિશાલ;
કૃષ્ણરામની કૃષ્ણજી કરિયે, પ્રેમ ધરી પ્રતિપાલ. પ્ર. ૮

વિ૦ ૧૨, પા. ૧૨.

કીર્ત્તન ૨૩૬ મું.

દેશી રે.

થાય તમારૂં કરયું રે, મુરારે, થાય તમારૂં કરયું.
તુમથી વિમુખ થઇ યત્ન કરયું તેહેનું,
અફળામણ ઉગરયું રે. મુરારે. ૧

ધ્રુવનું કારજ્ય જ્યે મન માંન્યું, શરણ થયે તે સરયું;
આજ્ઞા ભંગ કરી ત્યારે નહુષે, અજગર રૂપ ધરયું રે. મુ. ૨
સુગ્રિવ શરણ આવ્યો ત્યહારે વાલિનું, સંકટ સહજ તરયું;
દુર્યોધનાદિક દુષ્ટ થયા ત્યાહારે, સેન સકુળ સંહરયુ રે. મુ. ૩
ગોકુલ શરણ થયું ત્યાહારે ઇંદ્રના, દુઃખ થકી ન ડરયું;
એમ નિદાન કરી કૃષ્ણરામનું, મન માધવને વરયું રે. મુ. ૪

વિ૦, ૧૨ પા. ૧૩

કીર્તન ૨૩૭ મું.

કાં અજી બોલતા નથીરે. મુરારે, કાં અજી બોલતા નથી.
માહારે તુમારે બિચ્ચ જ્યે અંતરપટ, ખાસા શું ખોલતા નથીરે. મુ. ૧
આહાવો અનૂપમ દેહ આપીને, ચ્યતુર શું ચ્યૂપ થઈ રહો;
કૃપણની અરજી કાંન શુણિને, કાંઈક તો ઉત્તર કહોરે. મુ. ૨
કઇ કઇ કલ્પ ગયા મુંને વીતિ, તુમથી વિયોગ પડયે;
આજ ખબરચ્ય થઈ ત્યાહારે આરાધું, શાસ્ત્રથી શોધ્ય જડયેરે. મુ. ૩
શ્રીપતિ છો તમે સાક્ષી સરવના, જીવનું સંકટ લહો;
કૃપાનિધાંન થઇ કૃષ્ણરામને, છળથી શું છાના રહોરે. મુ. ૪

વી૦ ૧૦ પા૦ ૧૩

કીર્તન ૨૩૮ મું.

જીવ પડયો છું જુવો જંજાલેં, શોકસાગરમાં વહું;
ઉગરવાનો આરો નવ્ય ઉકલે, તુમ બિન કોહોંને કહું રે. મુ. કાં. ૧
શૂં નથી જાણતાં જ્યે નાથ વિયોગે, કંઇ માહારા જન્મ ગયા;
નાથ નિહાળો છો તોહે અજી કાં, દાસને ન કરો દયારે. મુ. ૨
શૂં છે અશક્ય સદા શ્રીપતાંને, જ્યેહ ધારો તે કરો;
કિંકર જનને કલેશિત દેખીને, કાં માહારો કર ન ધરોરે. મુ. ૩
કોણ પૂરવનુ પાપ આહારૂં પ્રગટયું જ્યે તમને ન ઉપજે કૃપા;
દીન દયાલ આ દિવસને અવસરે, ખોહોતા નથી કાં †ક્ષપારે મુ. ૪
શું જુવો સાધન સાંહાંમું શ્રીધરજી, મુજથી તો કાંઇ ન બને;
કૃપણવત્સલ કૃષ્ણરામને તારો, જો દયા આવે તુમને રે. મુ ૫

વિ૦ ૧૨ પા૦ ૧૩

---

† રાત્રી.

કીર્તન ૨૩૯ મુ.

ચરણ શરણ છું નાથ તુમારે, અન્ય શો ઉપાય કરૂં;
કિંચિત કરૂણા દ્રષ્ટિ કરો તો, કંઇકનેં તારીનેં તરૂ રે. મુ. ૧
ભારે ભરૂસો તુમારો ધરૂં છું, પતિત પાવન શુંણી નાંમ;
કઇક દિવસથી કરૂં છું અરજીયો, સાંભળજ્યો સુંદરશ્યાંમરે. મુ. ૨
આભ્યંતર ઐશ્વર્ય ઉઘાડો, દિવ્ય નજર કરો દેવ;
આનંદઘન મુંનેં આશ્રિત માની, તાપ નિવારો તતખેવરે. મુ. ૩
અભિનવ સત્તા કાંઇક ઉઘાડો, જ્યેથી પ્રતીતિ ઠરે;
શોક સમુદ્રથી સેવક નિકળિનેં, કિર્ત્તન નિત્ય કરેરે. મુ. ૪
માહારો કહો મુજનેં એક વેળા, શ્રીધર મુખથી સજી;
કૃષ્ણરામ શૂં કૃષ્ણજી બોલો, આળસ ન કરો અજીરે. મુ. ૫

વિ૦ ૧૨, પા૦ ૧૪

કીર્ત્તન ૨૪૦ મું.

દેશી ફેર.

આમ શું આળસ આદરી, રૂષ્ટ થઈ રમાનાથ; હરીરે.
બલવંત ન કરો બરોબરી, સેવક જનની સાથ. હ. ૧
મુજ મોહિત મતિમંદનેં, પુનઃ ન કરિયે મોહ; હ.
અચ્યુત આનંદ કંદનેં, દીનનો સેહેવો ન દ્રોહ. હ. ૨
પોતે બેશી પરમાસનેં, રુષિકેશ્વર થઈ રમ્ય; હ.
દિવ્ય થઇનેં દાસનેં, કીચમાં રાખો કયંમ. હ. ૩
ગુણસાગર ગોવિંદ તમેં, અવગુણ ન જુવો આંમ; હ.
અતી અનુપમ આંણે સમેં, વાહાલાજી ન વહો વાંમ. હ. ૪
નિર્ભય જાંણી નાથનેં, હું આવ્યો છું શરણ; હ.
હરજી ગ્રહી હવે હાથનેં, અળગું કરો આવરણ. હ. ૫
બિરૂદ નિભાવિયે આપણાં, પતિત પાવન તમે પરમ; હ.
ચરણ શરણ આવ્યાં તણાં, કૃષ્ણ ન જોવાં કરમ. હ. ૬
કર્ત્તુ અકર્ત્તુ અન્યથા, કરવા તમ્યો છો સમર્થ; હ.
કરણ શુણ્યેથી તમારી કથા, નાસે અખિલ અનર્થ. હ. ૭
ગોબ્રાહ્મણના પાલક છો, કેશવ પરમ કૃપાલ; હ.

ચિત્તાદિકના ચાલક છો, દીન વત્સલ છો દયાલ. હ. ૮
જે જન શરણે આવિયા, તેને તમે જ્યમ ચ્યહ્યાઓ; હ.
કૃષ્ણરામ તે નિભાવિયા, ત્યમ માહારો કર સહાઓ. હ. ૯

વિ૦ ૧૨, પા૦ ૧૪

કીર્તન ૨૪૧ મું.

સેવકનેં ઘણું સુલ્લભ છો, દાસના વત્સલ દેવ. હ.
વિશ્વાસીના વલ્લભ છો, સુખકારી તવ સેવ. હ. ૧
બલવંત બિરૂદ નિભાવિયે, આપેં અનાથના નાથ. હ.
મજને માહારો મનાવિયે, હેતેં ધરીનેં હાથ. હ. ૨
અવસર આવ્યો જાય છે, વાહાલા વહીને વ્યર્થ. હ.
ઉર માહારૂં અકળાય છે, એકે સરે નહિ અર્થ. હ. ૩
આવડી આળસ આંણીનેં, બેઠા છો કાં બલવંત. હ.
જન નિજનો મુંને જાંણીનેં, કૃપા કરો કૃપાવંત. હ. ૪
કઇકિ દિવસથિ હું કરગરૂં, અરજીયો કરતો અનેક. હ.
કૃપણ હું તે બિજું શૂં કરૂં, છત્ય વરજીત છું છેક. હ. ૫
ઉર ઐશ્વર્ય ઉઘાડિયે, વૃત્તી થવાનેં વિતૃષ્ણ. હ.
દિવ્ય પ્રતીતિ દેખાડિયે, કિંકર જનનેં કૃષ્ણ. હ. ૬
ગોવિંદજી હવે થઇ ઘણી, મેહેર કરો માહારાજ. હ.
ધરી આવો માહારા ધણી, કૃષ્ણરામને કાજ. હ. ૭

વિ૦ ૧૨, પા. ૧૫.

કીર્તન ૨૪૨ મુ.

દેશી ફેર.

આવોનેં બંધું અનાથના, દાસને દ્યો દરશંન,
સેવક જનના સાથના, યદુપતી છો જીવંન. ૧
કીધિ પ્રતિજ્ઞા પાળિયે, આપની અફળ ન હોય;
તાપ ત્રિવિધના ટાળિયે, જન સઘળાં જ્યમ જોય. ૨
આપ છો એક અવેજમાં, માહારે તો શ્રી માહારાજ;
શરણ આવ્યા તેહેની સેહેજ્યમાં, રાખો રમાપતી લાજ. ૩
ચૌદ ભુવનની ચ્યાતુરી, નાના વિભાતિનિ જ્યેહ;
દૈવી અને જયેં આસુરી, ત્રિગુણનિ રચના ત્યેહ. ૪

બ્રહ્મલોક ને આદરિ, શેષના શિર પર્યંત;
માયિક રચના જયે ઠરી, એટલાને શિરે અંત. ૫
કઉતુક દીસે કારમાં, ત્રિવિધ વિવિધના લોક,
પીડે સકળ સંસારમાં, નિત્ય હરખને શોક. ૬
એમ સરીખિ સંપદા, સંસારીનિ સમસ્ત;
સત્ય ઠરે નહિ તે કદા, અંતે હોય જયે અસ્ત. ૭
કાળ તણા મુખમાં વસે, જયેહ સદા પરાધીન;
હુલાસ બનેં એહેનેં રસેં, પણ નવ્ય સમજે દીન. ૮
આ માયા તણી જાળથી, નીકળી કયંમ સકાય;
કૃષ્ણરામ કઇ કાળથી, ઇચ્છે છે આપ કૃપાય. ૯

વી૦ ૧૨ પા૦ ૧૬

કીર્ત્તન ૨૪૩ મું.

સદ્‌ગુરૂ સંગ બન્યો સહી, તેંણે તે ઉપજી સાંન;
વિષયને વેગેં જતો વહી, સમજયો હવે સંસ્થાન. ૧
નાથ તમે નિભ્રાંત છો, પૂરણ પ્રકૃતી પાર;
આશ્રિતના એકાંત છો, શમલ શમાવણહાર. ૨
ગૌ બ્રાહ્મણ પ્રતિપાલ છો, શરણાગત વિશ્રામ;
કાલ તણું શિરે કાલ છો, અધમોદ્ધારણ નાંમ. ૩
કર્ત્તુ અકર્ત્તુ અન્યથા, કરવા કાજ્યે સમર્થ;
કરણ શુણ્યે જયેહેની કથા, અખિલ સધાયે અર્થ. ૪
ઉત્તમ જયેહેની ઉપાસના, બલવંત જયેહેનાં બિરૂદ;
દોષ દલન કરી દાસનાં, દેવ મિટાડિયે દરદ. ૫
હું તો તમારા ચરણને, શરણ સદા શ્રીનિવાસ;
અળગું કરી આવરણનેં, પ્રેમથી રાખજ્યો પાસ. ૬
એક ભરૂસો આપનો, બિજું નથી કાંઈ બલ;
પુરૂષોત્તમના પ્રતાપનો, આશરો એક અમલ. ૭
બલવંત બિરૂદ નિભાવજ્યો, પતિત પાવન જયે પરમ;
અતી ઉતાવળા આવજ્યો, શિષ્યની રાખવા શરમ. ૮
ઉર ઐશ્વર્ય ઉઘાડજ્યો, વૃત્તી કરીનેં વિતૃષ્ણ;
કાંમ કીચથી કાહાડજ્યો, કૃષ્ણરામનેં કૃષ્ણ. ૯

વિ૦ ૧૨, પા૦ ૧૭

કીર્ત્તન ૨૪૪ મું.

દેશી ફેર.

આવિયે બંધુ અનાથના, લક્ષ્મી પતી;
કીજીએ કરૂણા દ્રષ્ટ. લ.
સખા છો સેવક સાથના, લ.
કાપો કૃપણુના કષ્ટ; લ. ૧
મુજને તમારો આશરો, લ.
અબલ નેં છે બલવાન; લ.
પ્રભુજી રખાવો પાંશરો, લ.
ભક્તવત્સલ ભગવાન. લ. ૨
અંશ કેહેવાઉં હું આપનો, લ.
ગોવિંદ ગરીબ નીવાજ; લ.
બાલ તે જ્યમ હોય બાપનો, લ.
કુણ લોપે તેની લાજ. લ. ૩
માયા તમારીયેં મરદીયો, લ.
તેણે ન ઓળખાય આપ; લ.
દિવ્ય તોહે થયો દરદીયો, લ.
પૂઠયેં પડ્યાં પૂણ્ય પાપ. લ. ૪
અથડાંઉં છું આ લોકમાં, લ.
ભંગ થયે ભગ ભાગ્ય; લ.
શમલે પડયો છૂં શોકમાં, લ.
ઉર અતિ વધી આગ્ય. લ. ૫
ચિંતવ્યું કાર્ય ન નીપજે, લ.
એકે પડે ન ઉકેલ, લ.
સાધન શુદ્ધ ન સંપજે, લ.
મનનો ન નિકળે મેલ. લ. ૬
સાધે ન સજ્જન સંગતી, લ.
આભ્યંતર અકળાય; લ.
કૃષ્ણરામેં કૃષ્ણની ગતી, લ.
કૃપણેથી કયમ કળાય. લ. ૭

વિ૦ ૧૨. પૂ. ૧૭

કીર્તન ૨૪૫ મું.

મનુજ જનમ તમે આપીયો, લ.
નાથ દેખાડવા ન્યેહ; લ.
તાપ ત્રિવિધથી તાપીયો, લ.
અફલ બને છે એહ. લ. ૧

કેશવ કરૂણા જો કરો, લ.
તો તો સફળ સહુ હોય; લ.
કિંકરનો કર જો ધરો, લ.
તો પછી પૂછે ન કોય. લ. ૨

વિઘ્ન રહે સર્વ વેગળાં, લ
નિત્ય નવું વાધે નૂર; લ.
અઘનાસે થઇ આકળા, લ.
ઐશ્વર્ય ઉઘડે ઉર. લ. ૩

વિવિધ મિટે સહુ વેદના, લ.
તાપ ટળી જાયે સર્વ; લ.
ભ્રમ ભાગે પછી ભેદના, લ.
પાંચે ખશી જાયે પર્વ. લ. ૪

ભય ભાગે ભવ રોગનો, લ.
અળગું ખસે આવર્ણ; લ.
યોગ બને વિયોગનો, લ.
ચિત્ત ઠરે તવ ચર્ણ. લ. ૫

તે દિન ક્યાહારે દેખાડશો, લ.
જન્મ સફળ જયમ થાય; લ.
અદ્રષ્ટ નજરે પાડશો, લ.
ક્યાહારે કેશવરાય. લ. ૬

મન માહારૂં ઇચ્છે સદા, લ.
એહેવો બનવો અર્થ. લ.
કરૂણા કરી કરશો કદા, લ.
શ્રીધર નાથ સમર્થ. લ. ૭

શરણાગત વીશ્રામને, લ.
આશરે છું હું અનાથ; લ.
કરૂણા કરી કૃષ્ણરામને, લ.
હેતે ધરો શિર હાથ. લ. ૮

વી૦ ૧૨ પા૦ ૧૯

કીર્તન ૨૪૬ મું.

દેશી ફેર.

વાહાલા દૂર ન કરિયે દાસને,
હુતો ત્યહાં ત્યહાં આવત કાંમ મુરારે. વા.
પોતે બેશીને પરમાસને,
હવે વાહાલા વહો કાં વાંમ. મુ. દૂ. ૧
માધવ મુજને મુશારો આપતાં,
શીશી જાતિ ખજ્યાંને ખોટ્ય; મુ.
માહારો કરિને તે મુજને સ્થાપતાં,
મધ્યે કોણે આ ચલવી ચોટ્ય. મુ. દૂ. ૨
હુંતો ચાકર પેઢી પાંચનો,
ઘણો જુનો હતો જગદીશ; મુ.
લોભી હતો નહિ હું લાંચનો,
શાંને રીઝ તજી કરી રીસ. મુ. દૂ. ૩
શું એ લક્ષ્મીજીએ લલચાવીયા,
જેને શેહેર વસાવાનું શાંહાંન; મુ.
કે કોય જનથી ચચાવિયા,
કોણે ભરિયા તમારા કાંન. મુ. દૂ. ૪
પ્રભો પારકું કહ્યું પરમાંણિયું,
નાથ ન્યાહાળી ન જોયો ન્યાય; મુ.
જુઠાપણું શું માહારૂં જાંણિયું;
વિના વાંકેથી કીધો વિદાય. મુ. દૂ. ૫
માતાને સાંખ્ય શિખાવતાં;
હુંતો પુસ્તક રાખત પાંચ, મુ.
આત્મ સ્વરૂપ ઓળખાવતાં;
હુંતો વીઠલ કરત વીખાણ. મુ. દૂ. ૬

તમે ધર્મ કહ્યા પરમહંસના,
જ્યારે મુક્તિયો જાણવી શ્રેણિ; મુ.
પાસે હું કરત પ્રશંસના,
વને વનફૂળ આપત વેણી. મુ. દ્દ. ૭
ચોવીસ ગુરૂ યદુરાયને,
તમે કહ્યા જણાવ્યું જ્ઞાંન; મુ.
પાસ બેશી નમી પાયને,
હું તો. ધાદીને રાખત ધ્યાંન. મુ. દ્દ. ૮
સ્વામી સત્ય વ્રત્તને રે મુસ્તકે,
ધરી હાથ કહી જ્યે વાત; મુ.
પાસ બેશી લિખિ પુસ્તકે,
હું તો ગુણિજન આગળ ગાત. મુ. દ્દ ૯
જ્યારે મંદ્રાચલ ધરચો અંગથી,
ત્યારે શ્રમિત થયાં હશે ગાત્ર; મુ.
ચંબુ લ્યાવત ભરી ગંગથી;
હું તો પાવત ભરિ પંચ પાત્ર. મુ. દ્દ. ૧૦
જ્યારે દૈત્ય હણિને *ઇલા ઉદ્ધરી,
ત્યારે થયા હરયોજી થકીત; મુ.
હું તો પ્રેમેથી પાસે બેશી કરી,
ચાંપી ચરણ ચોળાત નવનીત. મુ. દ્દ. ૧૧
બેઠા હિરણ્યકશિપુને આસને,
કરી પ્રેમી પ્રહલ્હાદનું કૃત્ય; મુ.
હું તો ઉર ધરી અતિશે અલ્હાદને,
નાથ નાચી દેખાડત નૃત્ય. મુ. દ્દ. ૧૨
જ્યારે બલીયે પખાલ્યા રે પાયને,
તમે ત્રિવિક્રમ થયા તર્ત્ત, મુ.
ત્યારે કર તમારી રે કાયને,
હું તો જય જય કરીને આવર્ત્ત. મુ; દ્દ. ૧૩
તમે પરશું પ્રચંડ કરે ગ્રહી,
જ્યારે પૃથ્વી ફરયા સર્વત્ર; મુ.

---

* પૃથ્વી.

ત્યારે હું પ્રીત્યે પાસે રહી,
તમને શીશે ધરત ‡આતપત્ર. મુ. હૃ. ૧૪
જ્યારે તપ કીધું બદ્રિકાશ્રમે,
ત્યારે શેવા કરત થઇ છાત્ર; મુ.
ભૂમિને દોહિ જ્યેશું સમે,
ત્યોરે પકડી રહત હું પાત્ર. મુ. હૃ. ૧૫
જ્યારે કવિનું કષ્ટજ કાપિયું,
ત્યહાં હું પકડત નક્રનું +આસ્ય; મુ.
જ્યારે ધ્રુવને અચળ પદ આપીયું,
કૃષ્ણરામ કરત ત્યહાં દાસ્ય. મુ. હૃ. ૧૬

વિ૦ ૧૩, પા ૪

કીર્તન ૨૪૭ મું.

જ્યારે શ્યાપથી શલ્યાને ઉદ્ધરી,
કરિ સુંદરિ ચરણને સ્પર્શ. મુ.
ત્યારે તે પદ રજને વેણી કરી,
હું તો પાસ રાખત ધરી હર્ષ. મુ. હૃ. ૧
ખાધાં શબરીના બદરી સ્વાદે કરી;
તેહેનાં બાહાર પડયાં હશે બીજ. મુ.
તે હું વાવીને આપત ફરિ ફરિ;
પાંમત પુરૂષોત્તમથી રીઝ. મુ. હૃ. ૨
મોડયું કાલીય નાગના માંનને;
શિરે આદરી નૃત્ય રસાલ. મુ.
ત્યહાં હું વજાડત મેલી તાંનને;
વારૂ વીણા મૃદંગને તાલ. મુ. હૃ. ૩
તમને માતાયે બાંધ્યા જ્યારે દાંમણે;
જાંણી ચોરી ખાધાની ટેવ. મુ.
ભૂધર જઈ તમને ભાંમણે,
હું તો આવી છોડત તતખેવ. મુ. હૃ. ૪

---

‡ છત્ર. + મુખ.

તમે નંદરાયનેં છુટાવવા,
ગયા વરૂણ તણેં દરબાર; મુ.
ત્યારે નિગારખે કહિ ઉઠાવવા,
હુંતો આગે ચાલત છડીદાર. મુ. દૃ. ૫

રમ્યા રાસ ગોપીનેં મનાવીનેં,
નાચ્યા ઘુઘરૂં બાંધીનેં પાય; મુ.
હુતો આપત બિડલાં બનાવીનેં,
વાયુ ઢાળી શીતલ કરત કાય. મુ. દૃ. ૬

પૂરયાં ચીર પોતાની વિચ્યારીનેં,
પંચરંગિ પંચાલિને નાથ. મુ.
ત્યહાં હું ગાંઠડી શિર ધારિનેં,
કાહાડી આપત હરજીનેં હાથ. મુ. દૃ. ૭

ભારે ભૂંડા જનોનેં ભરમાવવા,
બોલ્યા બાબત્ય બૌદ્ધ શરીર; મુ.
ત્યહાં હું શુદ્ધ જનોનેં શરમાવવા,
ધરમ કહીનેં રખાવત ધીર. મુ. દૃ. ૮

સ્વામી ગયા દિવસ શું સંભારીયે,
હવેં રહ્યા તણી કરો વાત; મુ.
માધવ માહારો કરીનેં મુંનેં ધારીયે,
થવા દીજે ન ગરીબની ઘાત; મુ. દૃ. ૯

જયે હું મોહોટાંનો ચાકર મૂળથી,
તેનેં અથડાવો શૂં આજ; મુ.
શાંનેં સૂધો કરયો મુંનેં ધૂળથી,
તેણેં જાશે લાખેણી લાજ. મુ. દૃ. ૧૦

દેવ દોષ ન જોઇયેરે દાસના,
આવ્યો શરણુ હવેં ક્યહાં જાઉં; મુ.
વિમલ કરોનેં માહારી વાસના,
ગુણ ગમતા તમારા ગાઉં. મુ દૃ. ૧૧

કૃષ્ણ કરૂણાનિધાંન કહેવાઇનેં,
નાથ નજર ન કરિયે ક્રૂર; મુ.

હવે સેવકનો કર સાહિનેં,
હ્રુદય મુકીનેં રાખો હજૂર; મુ. દ્દ. ૧૨
આહાવે અવસરે આલસ ન રાખશો,
કમલાનાથ ન જોશો કરમ; મુ.
પ્રભો પાછો પટકતો જો નાંખશ્યો,
તેણે જાશે તમારી શરમ. મુ દ્દ. ૧૩
નથી ભક્તિવિરાગ કે જ્ઞાંનનો,
છાંટો એક છબીલાજી છેક; મુ.
એક ભારચે ભરૂસો ભગવાનનો,
તમ્યો તારશ્યો રાખશ્યો ટેક. મુ. દ્દ. ૧૪
તમ્યો જેનેં ઉગારો તે ઉગરે,
નથી કર કરમાદિકનૂં કાંમ; મુ.
માટે કર જોડીનેં કરગરૂં,
કૃષ્ણુરામનેં તારો કૃષ્ણુરામ. મુ. દ્દ. ૧૫

વી૦ ૧૩ પા૦ ૫

કીર્તન ૨૪૮ મું.

દેશી કેર.

બોલિયે શ્રી બલદેવના બંધવા,
પ્રીતિ પરખાવવા પ્રતીતિ દીજે;
કયહાં લગણ કરગરૂં કરૂણાના સિંધુને,
સાંમળા શીઘ્ર સંભાળ લીજે. બો. ૧
દાસના દોષનેં દેખશ્યો કયહાં લગી,
પૂણ્ય કીર્ત્તે પ્રભો પીડ્ય વારો;
આધિ આભ્યંતર કેરો અલગો થવા,
મુજને એક વાર તો કોહોનેં મારો. બો. ૨
તુમ વિના અવરનેં યાચેથી નવ્ય સરે,
કાંમ મનના સકલ તુમથી સાધે
અન્યનેં ઓળગ્યે વાંમેં નહિ આપદા,
માટે મન માહારૂં તમનેં આરાધે. બો. ૩
સકળ સચરાચર વશ્ય તમને સદા,
પ્રકૃતિને પુરૂષ પરતંત્ર તમનેં;

ચરણને શરણ જે જાયે થયા નાથને;
તે તે છુટયા ભારચે ભવના ભ્રમને. ઓ. ૪
સારનું સાર છો સરવનું શ્રીપતે,
પતિત પાવન ધરયું બિરૂદ આપે;
તે જાણી ચરણમેં શરણ હું આવિયો,
તપિયો છું પૂર્વથી ત્રિવિધ તાપે. ઓ. ૫
આનંદઘન પ્રભુ ઉરના ઉઘાડિયે;
લોચન માહારાં લક્ષ્ય થાવા;
કૃષ્ણ ગોપાલ કૃષ્ણરામનો કર ધરો,
કલ્પના ના મિટે કાલા હાવા. ઓ. ૬

લિ૦ ૧૩ પા૦ ૯

કીર્તન ૨૪૯ મું.

દેશી ફેર.

માહારૂં મન ગુરૂ ચરણે માંન્યું, ભગવંતનું બાંનું બાન્યું;
સદ્‌ગુરૂ શરણાર્થી.

મેં તો પતિત પાવન પ્રભુ પ્રીછ્યા, અથડાવાની મિટિ ઇચ્છા. સ. ૧
ગુણ ગાતા ગોવિંદજીનાં, રિપુ કામ ક્રોધાદિક બીહિના; સ.
મિટિ લોક સરીખિ લવના, ભય ભાગી ગયા ભવ ભવના. સ. ૨
દેહ દુર્લભ માનુષી દાખી, રીઝે રામ રસાયણ ચાખી; સ.
મેં તો સ્નેહી લહ્યા સાંમળિયા, તાપ તપતા ત્રણ્યે ટળિયા. સ. ૩
ચરણ શરણ થઇ મતિ માહારી, હર્ષાદિક નાઠા હારી; સ.
કાંને કૃષ્ણ કથામૃત પીધું, દાઓ જીતી નગારૂં દીધું. સ. ૪
માધવજી શું મન મળિયું, કઇક જન્મોનું સુક્રત ફળિયું; સ.
મુંને હેત દેખાડયું હરજી, મીટી અન્યોની કરવી અરજી. સ. ૫
શ્રીધરજીયે બીરૂદ સંભાળ્યું, નાંમ પતીત પાવન પાળ્યું. સ.
કરમોની કલ્પના કાપી, છબીલેજીયે લીધો છાપી. સ. ૬
સંજીવની મૂળિ સુંઘાડી, અભ્યંતરે આંખ્ય ઉઘાડી, સ.
મધુસૂદન લાગ્યા મીઠા, દેવ દેવળે દેવળે દીઠા. સ. ૭
વેદાંતના વાકય વિચારી, માહારા મિત્ર મેં જાણ્યા મુરારી, સ.
ગુણ દોષ તણી ગઇ દ્રષ્ટી, સમઝી શ્રીપતિનિ સ્રષ્ટી, સ. ૮

ગઈ ઈષણા જયે દુઃખ દેતી, મીટી ફલ તૃષ્ણાની ફજેતી, સ.
ગુરૂ શરણનો મહિમા મોટો, શમ્યો સઘકાળનો સોટો. સ. ૯
મુને ભાવિરે ભગવદ્ ભક્તિ, અલગી ખશી ગઈ આસક્તિ, સ.
કઈ કલંક માહારાં કાપ્યાં, થાણા મનમાં હરીનાં સ્થાપ્યાં. સ. ૧૦
હું તો ભામણા લેઉ સજ્જનને, જેણે સ્થિર કીધું માહારા મનને. સ.
માહારા સંશય સકલ શમાવ્યા, હૃદે રમાનાથને રમાવ્યા. સ. ૧૧
બડબડ બહુ વિઘની બાળી, દેખાડી નિત્ય દિવાળી, સ.
શી શેવા ગુરૂજીનિ કરીયે, મુસ્તક ચરણે જઈ ધરિયે. સ. ૧૨
ગુરૂ ગોવિંદ માંની ગ્રહિયે, આજ્ઞા અનુસારે રહિયે, સ.
તૃષ્ણા તણી તંતિયો ત્રોડી, કૃષ્ણરામ રહે કરજોડી. સ. ૧૩

વી૦ ૧૩ પા૦ ૧૦

કીર્ત્તન ૨૫૦ મું.

અજી કાં નથી બોલતા હરજી,
માહારી શુણતા નથી કાં અરજી. હે કૃષ્ણ કૃપાલ હરે.
અજી શું જુવો સાધન સાંહામું,
હું તો વિરહથી વેદના વાંમુ. હે કૃ. ૧
માહારી શાઠ્યતા સઘળી જાંણો,
અજી કાં કરૂણા નવ્ય આણો. હે કૃ.
માહારે એકે નથી હવે આરો,
વાસુદેવજી કાં ન વિચ્ચારો. હે કૃ. ૨
આહાવો જન્મ આપ્યો જ્યારે આપે,
ત્યારે ત્રાતા તપાવો ન તાપે. હે કૃ.
માહારિ વૃત્તિયો તમને વશાવો,
મુને નિજનો દાસ ઠરાવો. હે કૃ. ૩
ગુણસાગર છો ગિરધારી,
માહારા અવગુણ નાંખો વિસારિ, હે કૃ.
માહારે આશરો એક તમારો,
આશ્રિત જાંણીને ઉગારો. હે કૃ. ૪
મુને નિર્ભયતા દેખાડો,
પ્રતિતી પૂરણ પેખાડો; હે કૃ.

આવણું ઉઘાડો ઉરનું,
જ્યમ ઉઘાડ્યું અક્રુરનું. હે કૃ. ૫
કંઈ ભાતીનાં સંકટ કાપો,
માહારૂં વિમલ હૃદય કરી વ્યાપો; હે કૃ.
માહારા અંતર તાપ શમાવો,
કાંઈ જવાપ કૃપા કરી કાહાવો. હે કૃ. ૬
વીશ્વાસ વિશેષ વધારો,
મુંને એકવાર કોહોને માહારો; હે કૃ.
આહાવો જન્મ જાય છે વીતિ,
પ્રભુ ક્યાહારેં દેખાડશો પ્રીતિ. હે કૃ. ૭
અકળાંમણુ મનની ભગો,
જન માટે સત્વર જાગો; હે કૃ.
મુને ગાતાં ન આવડે કાંઈ,
તેણું અકળાઉ ઉર માંહિ. હે કૃ. ૮
પરતંત્ર સદા હું તમનેં,
હું તે સમજુ ક્યા ઉદ્યમને હે કૃ.
કળ કોણુ ઉઘાડે માહારિ,
કૃષ્ણરામને આશા તમારી. હે કૃ. ૯
વિ૦ ૧૩ પા૦ ૧૧

કીર્તન ૨૫૨ મું.

દેશી ૨.

માહારે તો એક આશરો છે તમારો. ધ્રૂ.
કોય મુને વંદો કોય મુને નિંદો,
કોય ભૂડો કહો કોય સારો. મા૦ ૧
કૃષ્ણ કથા રસ પાંન કરચે હવેં,
લાગે છે ભવરસ ખારો. મા૦ ૨
મન માહારૂં અજી મંદ મતી તેણું,
વિષયનો હોય ન વિસારો. મા૦ ૩
સાધન સબળ ન સાધી સકાયાં,
ઉગરૂં જો આપેં ઉગારો. મા૦ ૪

દુર્લભ માનવ દેહ મળે મુને,
આજીયે ન ઉકર્યો આરો. મા૦ ૫
કૃપણ જાંણીને માહારી અરજી કેશવ,
કાંઇક તો કરણે ધારો. મા૦ ૬
કૃષ્ણરામને કોય પ્રકારે,
તારક નામથી તારો. મા૦ ૭
વિ૦ ૧૪ પા. ૯

કીર્ત્તન ૨૫૨ મું.

સમશ્યા.

[૧]ચોવિસમા અજી કાં ચેતે નહિ, [૨]પંચમ [૩]જનું ફરી કયહાં પાંમે;
સંસારસુખને [૪]દ્વાદશ માંની, કાં તેહેની [૫]એકાદશી કાંમે. ચો. ૧
કઇ વેળાએ સુખના ઉપર, કાલ રૂપી [૬]પંનરમુ પડે;
એ સુખ ભોગ્યેથી [૭]ઓગણીસમા, [૮]ધરનારો તુંને નિત્ય નડે. ચો. ૨
[૯]તૃતિય છે તું પણ એ અધ્યાસે, [૧૦]તેરમા પ્રત્યે તુંને લીધો;
એ સુખ [૧૧]બાવીસમું થવું ઇચ્છે, કરમે તુંને [૧૨]અંતિમ કીધો ચો. ૩
[૧૩]આદિ પયોમુખ સમરસે તોહો, ન રિ [૧૪]દશમે નિજ [૧૫]ષષ્ટ કરી,
શ્યા રસને ચ્યૂએ મન માની, [૧૬]એકવિસમી ત્યહાં [૧૭]દ્વિતિયા ધરી. ચો.
એ સુખે તાહારા [૧૮]સત્તરમાંને, જોઇને તું [૧૯]સહસ થાને હવે;
જો તૂં તાહારા [૨૦]તુર્યને ઇચ્છે, તો તૂં રખે પડે લોક લવે. ચો. ૫
[૨૧]અષ્ટાદશને પ્રસંગે ફરી ઉરે, [૨૨]અષ્ટમી અવલંબીને અજ;
સ્વસ્વરૂપની [૨૩]સોળમી લહે તૂં, [૨૪]નવમ ધારિ [૨૫]વિસમાંને ભજી. ચો. ૬
[૨૬]ચતુર્દશમનો ઉદય થયેથી, તૂં તાહારા [૨૭]ત્રેવિસમામાં વસે;
[૨૮]પચિસમાંનિ રચિ રચનામાં, તૂં પછિ ન વહે વિષય રસે. ચો. ૭

---

૧ શુક્લ (સારિ અવસ્થા). ૨ શોભન. ૩ શરીર. ૪ ધૃવ (અચલ). ૫ વૃદ્ધિ ૬ વજ્ર. ૭ પરિઘ (શસ્ત્ર). ૮ યમઘ્ન્ત. ૯ આયુષ્માન્. ૧૦ વ્યાઘાત. ૧૧ સાધ્ય. ૧૨ છેલ્લુ (રાગ) વૈધૃત. ૧૩ વિષ્કુંભ (ઝેરનો ઘડો) ૧૪ ગંડ (ગાલ) ૧૫ અતિગંડ (મોટાગાલ) ૧૬ સિદ્ધિ. ૧૭ પ્રીતિ. ૧૮ વ્યતીપાત (ભારે દુઃખ) ૧૯ સુકર્મા. ૨૦ સૌભાગ્ય (સુખ) ૨૧ વરીયાન (શ્રેષ્ટ) ૨૨ ધૃતી (ધૈર્ય) ૨૩ સિદ્ધિ. ૨૪ શલ. ૨૫ શિવ. ૨૬ હર્ષણ (આનંદ) ૨૭ શુભ (સુખ અથવા તેજ) ૨૮ બ્રહ્મ.

૨૭છવિસમાં સરખાને દુર્લભ, જયે વૈભવ તે તુજને મળે;
કૃષ્ણરામ કહે યોગ સમજતાં, યોગ થયેથી વિયોગ ટળે. યો. ૮

વિ૦ ૧૪ પા૦ ૮.

કીર્તન ૨૫૩ મું.

દેશી ટેક

કિંકરને કરૂણા કરો, હો કૃષ્ણજી, આપો અભયપદ દાંન;
અરજી કરૂં તે ઉરે ધરો, હો કૃષ્ણજી, કેશવ ધરીને કાંન. ૧
કઇક કલ્પથી હું આથડયો, હો કૃ૦ વિવિધ ધરીને વેશ;
આ અવસર આજ સાંપડયો, હો કૃ૦ રંગ થવા રૂષીકેશ. ૨
માનવ દેહ કયાંહાંથી મળે, હો કૃ૦ ચકતાં ચોરાશી લક્ષ;
ભાગ્ય એહેવું ત્યાહારે ભળે, હો કૃ૦ જો પ્રભુજી કરો પક્ષ. ૩
આ *અજનાંભને આંગણે, હો કૃ૦ દુર્લભ માનવ દેહ;
સુર સરખાંને નવ્ય બને, હો કૃ૦ આપ્યો મુંને તમે તેહ. ૪
ભાંમણે જાઉં ભગવંતને, હો કૃ૦ શ્યા શ્યા ગણાવું ગુણ;
ઉત્તમ વરણ અસંતને, હો કૃ૦ કૃષ્ણ વિના કરે કુંણ. ૫
જન્મ થકી જંજાળમાં, હો કૃ૦ મળવા ન દીધું મંન;
કુટિલ કલી તણા કાળમાં, હો કૃ૦ જાળવી લિધો હું જંન. ૬
વિમલ વિદ્યાઓ શિખવી, હો કૃ૦ જેથી જણાયે તત્વ;
નિત્યે કળા જગવી નવી, હો કૃ૦ શુદ્ધ જગાવ્યું સત્વ. ૭
કેવળ કર્ણથી કરાવિયું, હો કૃ૦ કૃષ્ણકથામૃત પાંન;
ધારણા દ્વારા ધરાવિયું, હો કૃ૦ સહજ જગાડિ સાંન. ૮
દૂર રાખ્યો દૂષ્ટ સંગથી, હો કૃ૦ આદરાવ્યો ન અધર્મ;
અકળાવ્યો ન અનંગથી, હો કૃ૦ ચિત્તે ઠરાવ્યું ન ચર્મ. ૯
વિમળ વિકાશી વાણિને, હો કૃ૦ કિર્ત્તન કરાવ્યા કાજ્ય;
તૃષ્ણા ન જાયે તાંણિને, હો કૃ૦ રાગ રોષતેં રાજ્ય. ૧૦
સંગત્યે જે જન મેળવ્યા, હો કૃ૦ હૃદયે ઠરે જયહાં રંગ;
ભૂલ્યા હતા પણ ભેળવ્યા, હો કૃ૦ સાધવાને સતસંગ ૧૧
ત્રિવિક્રમ તેહેને તારજયો, હો કૃ૦ નાથ નિભાવજયો નાંમ;
વિઘ્નના પંથને વારજયો, હો કૃ૦ હૃદયે રટાવજયો રાંમ. ૧૨
કરણી ન જોશયો કોઈની, હો કૃ૦ કેશવ કરૂણા નિધાંન;

---

૨૯ ઇંદ્ર. * ભરતખંડ.

મમતા તજાવજ્યો મોહિની, હો કૃ૦. અલગું કરી અભિમાંન. ૧૩
દૈવત દિલ દેખાડજ્યો, હો કૃ૦ શ્રદ્ધા સધાવજ્યો સત્ય.
કલબલમાંથી કહાડજ્યો, હો કૃ૦ વેગળી કરીને વિપત્ય. ૧૪
ધારણા નિજની ધરાવજ્યો, હો કૃ૦ અલગું ખશેડી આવર્ણ;
સ્થિર સહુના ઠરાવજ્યો, હો કૃ૦ ચિત્ત તમારે ચર્ણ. ૧૫
અનાયાસથી આપજ્યો, હો કૃ૦ સ્વલ્પ શ્રમે પ્રારબ્ધ;
દાસની પંક્તિમાં સ્થાપજ્યો, હો કૃ૦ લક્ષ કરાવિને લબ્ધ. ૧૬
આપના માંની ઉદ્ધારજ્યો, હો કૃ૦ હેતે ઠરાવિને હાંમ;
તેને પૂણ્યે મુંને તારજ્યો, હો કૃ૦ કરગરી કહે કૃષ્ણરાંમ ૧૭

વિ૦ ૧૪, પા. ૧૧

કીર્તન ૨૫૪ મું.

દેશી ફેર.

અજી કાં ન બોલો માહારા દીન દયાલ હે. ધૃ.
કુણ કોણ દીનથી હું અરજી કરૂં છું;
ઉત્તર ન આપો અજી કૃષ્ણ કૃપાલ હે. અ. ૧
કૃપણ વત્સલ કેહેવાઇ હવે હરે,
રમાપતિ કાં થયા છો આવડા રિસાલ હે. અ. ૨
સાધન સાહામું હવે શું જુવો શ્રીધર;
કુટિલ આવ્યો છે આતો કલિનો કાલ હે. અ. ૩
શરણાગતની સાર ન કરો તો,
ગિરિવરધારી તમને લાગશે ગાળ હે. અ. ૪
ગુણ અવગુણ નવ્ય જોઇએ ગરિબના;
શરણ આવ્યાની લીજે સહજ સંભાળ હે. અ. ૫
કૃષ્ણ કૃપા કરી કૃષ્ણરાંમની,
પીડા નિવારી પ્રભુ કીજે પ્રતિપાલ હે. અ. ૬

વિ૦ ૧૪, પા૦ ૧૩

કીર્ત્તન ૨૫૫ મું.

દેશી ફેર.

હવે સ્નેહ નજર કરો નાથજી,
અમે આપના કેહેવરાવિરે. હવે. ધૃ. ૧

આપ તમે બાળકને સંભાળો,
હરે હાથ પકડિયે આવિરે. હવે. ૨
નિર્બળ જાણિને નાથ નિભાવો,
તમે બળવંત બિરૂદ બતાવીરે. હવે ૩
સમર્થ જાણિને શરણ આવ્યા અમે,
હવે હાશિ અમારિ ન ચહાવીરે. હવે. ૪
જોઇ ઘણા ઘણા અવગુણ અમથી,
રખે નાથજી રેહેતા રીસાવીરે. હવે. ૫
રાંકોને મૂકો રઝળતાં રખે હરી,
તમે કરૂણાનિધાન કહાવીરે. હવે. ૬
અર્ભકને અથડાતાં જાણી,
હવે બાંહ્યે પકડીયે બોલાવીરે. હવે. ૭
સંકટ છુટે સહજ અમારાં,
તેહેવું સાધન દીજે સધાવિરે. હવે. ૮
તાપ ત્રય જયમ ટળે અમારા,
તેહેવિ કૃષ્ણ કથા સુધા પાવિરે. હવે. ૯
હરખ ઘણે હરી ગુણ ગવરાવો,
જડ વાણિનું જાડ્યતા જાવિરે. હવે. ૧૦
સ્મરણ રખાવો શ્રીધરજીનું,
હર્ય હાની અમારી હડાવિરે. હવે. ૧૧
અદ્રષ્ટ દીજીયે અનાયાસથી,
ચિત્ત વૃત્તિયો વિમલ કરાવિરે. હવે. ૧૨
કષ્ટ દૂર કરી કૃષ્ણરામને,
તમે નર હરિ લીજે નિભાવિ રે. હવે. ૧૩

વિ૦ ૧૪, પા૦ ૧૪.

કીર્તન ૨૫૬ મું.

દેશી ફેર.

હાંરે વાહાલા કૃષ્ણ, કરૂણાનિધે આવિયે;
હાંરે દેવદરશન દિવ્ય દેખાવિયેજીરે કૃ. ૧
હાંરે તમે ચતુર થઇ રખે ચુકતા;
હાંરે મજ રંકને વિસારી રખે મૂકતાજીરે. કૃ. ૨

હાંરે રખે જોતાં કૃપણ તણા કરમને;
હાંરે હવે નાથજી નિભાવો નિજ ધરમનેંજીરે. કૃ. ૩
હાંરે અમે જયે જયે કરયાં કરમ કારચમાં;
હાંરે તેણે સંકટ સહ્યાં સંસારમાંજીરે. કૃ. ૪
હાંરે અમને માયા તમારીયે મરદિયા
હાંરે હતા દિવ્ય તે કરયા બહુ દરદિયાજીરે. કૃ. ૫
હાંરે એણિયે ઉલટો અધ્યાસ મનાવિયો;
હાંરે પછી દાખની વસ્તો બનાવિયોજીરે. કૃ. ૬
હાંરે વાલા વિઠલનાથ વિસરાવિયા;
હાંરે ઠઠી ઠગબાજીમાં ઠરાવિયાજીરે. કૃ. ૭
હાંરે ખોટા નજરબંધીના ખેલથી;
હાંરે મલિન કીધા માયાના મેલથીજીરે. કૃ. ૮
હાંરે અંગોઅંગે અનંગ ઉપજાવિયો;
હાંરે ભ્રમે ભટકયાનો માર્ગ ભજાવિયોજીરે. કૃ. ૯
હાંરે માન્યાં મિથ્યા સબંધીને મેળવ્યાં,
હાંરે ઘણે કષ્ટે કરિ તે અમે કેળવ્યાજીરે. કૃ. ૧૦
હાંરે કશી નાંખ્યા કનક તણે કામણે,
હાંરે સાંન નાવવા દીધી શિખાંમણેજીરે. કૃ. ૧૧
હાંરે ધુળ્ય મેળવ્યા ધુરતના સંગથિ,
હાંરે રોળી નાંખ્યા રામાઓના રંગથી જીરે. કૃ. ૧૨
હાંરે સર્વે મેળવ્યાં પદાર્થ તે કારચમાં,
હાંરે ગુંદિ નાંખ્યા ગંદાઈ તણી ગારચમાં જીરે. કૃ. ૧૩
હાંરે જન્મ મરણ તણાં જંજાળથી,
હાંરે અતી અથડાવ્યા કઈ આળથી જીરે. કૃ. ૧૪
હાંરે કષ્ટ કહિને બતાવું કેટલાં,
હાંરે તમે જાણોછો થાય છે જેટલાં જીરે. કૃ. ૧૫
હાંરે જ્યારે અવસર આ તમે આપિયા,
હાંરે અમે શરણ આવ્યા તાપ તાપિયા જીરે. કૃ. ૧૬
હાંરે શરણ આવ્યાની લાજ હવે રાખિયે,
હાંરે હવે પાછા પટકલા ન નાંખિયે જીરે. કૃ. ૧૭

હાંરે માહારા મનના મનોર્થને જાંણુજ્યો,
હાંરે કૃપા કૃષ્ણરામ ઉપર આણુજ્યો જીરે. કૃ. ૧૮

વિ૦ ૧૪ પા. ૧૬

કીર્ત્તન ૨૫૭ મું.

દેશી ફેર.

હોરે કૃપાનિધિ કેશવા, માહારા મનની તું જાંણ્ય;
પીડા પુરી કરચ પ્રિયતમા, તાત થઇનેં ન તાંણ્ય. હો. ૧
તુંતો એક અનાદિ અકળ ગતી, માહારી વાહારે આવ્ય;
સમાચાર સોહામણા, કાંઇ કેશવ કાહાવ્ય. હો. ૨
તુંતો અશરણ કેરા શરણ છે, અધમોનો ઉદ્ધાર;
પતિત પાવન પુરૂષોત્તમા, શીઘ્ર કરચ માહારી સાર. હો. ૩
એક ભારે ભરૂંસો તાહારો, માહારા પ્રાણજીવંન;
ચરણ શરણ હું આવિયો, સૂંપિ તન મન ધંન. હો. ૪
માહારા જ્યે અપરાધ અતી ઘણા, માફ કરચ તે મુરારિ;
નજર ભરી મુંને નિરખ્ય તું, રખે મૂકે વિસારિ. હો. ૫
માહારા તાપ ત્રિવિધના શમાવિયે, કરી કરૂણા કટાક્ષ;
દીન દયાલ તું દેવ છે, તેની શાસ્ત્રોમાં સાક્ષ. હો. ૬
હવેં શાંને ભમાવે છે સાંમળા, કૃપાસિંધુ કેહેવાઈ;
કોહોંનેં હું કહું કરૂણાનિધે. મન રહે અકળાઇ. હો. ૭
હાથી આપીનેં દાનમાં, હવે અંકુશ સાટ;
કાં તું કરાવેં છે કલ્પના, ઉર માહારે ઉચાટ. હો. ૮
મુંનેં ખસતો ન મૂકીશ ખલ ગણી, હુંતો તાહારો છું દાસ;
શરણાગતની લાજનેં, રાખજે શ્રીનિવાસ. હો. ૯
તુંતો મંગલકારી છે માધવા, ઘણો ગરિબ નિવાજ;
કાલાવાલા કૃષ્ણરામના, માની લ્યે મહારાજ. હો. ૧૦

વિ૦ ૧૪, પા. ૧૯

કીર્તન ૨૫૮ મું.

દેશી ફેર.

આવો માહારા આત્મબંધો, ગોવિંદા ગિરધારીરે,
કમળાનાયક કરૂણાસિંધો, મધુસુદન મુરારીરે. આ. ૧

વિશ્વંભર વિશ્વાંતરયામિ, વિશ્વનાથ વરદેશરે;
કોટિ કોટિ બ્રહ્માંડોત્પાદક, રમાનાથ રૂષિકેશરે. આ. ૨
સત્ય સચ્ચિદાનંદ નિર્ગુણ, સકલ ગુણાકર શ્રેષ્ટરે;
વશ્યમાય મહા વિઘ્નનિવારક, પ્રાણિ માત્રના પ્રેષ્ટરે. આ. ૩
ધરમનિભાવન ધરમ સ્વરૂપી, ગૌબ્રાહ્મણ પ્રતિપાલરે;
ગોપીજન વલ્લભ ગોકુલપતી, કેશવ પરમ કૃપાલરે. આ. ૪
અવિનાશી અખિલોના સાક્ષિ, પુરૂષોત્તમ પરબ્રહ્મરે;
શરણાગત વત્સલ સુખદાતા, સગુણ સ્વરૂપી રમ્યરે. આ. ૫
અચિંત્ય શક્તિ અવ્યય અચ્યુત, માધવ મંગળ રૂપરે;
ગદા સુદરશન શારિંગધારી, અખંડ કીર્ત્તિ અનૂપરે. આ. ૬
સચરાચરવાસી સર્વોત્તમ, સમર્થ કરવા સર્વરે;
અધમોદ્ધારણ કષ્ટનિવારણ, અકુંઠ ધામ અગર્વરે. આ. ૭
કિંચિત્કરૂણા કટાક્ષ કરિયે, ગરિબને ગરિબનિવાજરે;
અલબેલા હવે આળસ તજીયે, કૃષ્ણરામને કાજરે. આ. ૮

વિ૦ ૧૪, પા. ૨૧

કીર્તન ૨૫૯ મું.

દેશી પ્રેર.

નમું નમુંરે, નરહરિ નાથને, નિત્યે નમુંરે;
ખમું ખમુંરે, આવડું દુઃખ કયહાંલગી ખમુંરે. ધ્રૂ. ૧
રમાનાથ હવે કરીને રીઝ,
બાળિયે સકળ સંચિતતણાં બીજ. નમું. ૨
પ્રારબ્ધ કર્મતણું જેહ પ્રમાંણ,
પોહોંચાડો પ્રેમ કરી પુરૂષ પુરાણ. નમું. ૩
કૃષ્ણાર્પણ કરાવો ક્રિયમાંણ,
કેશવ કર ધરી કરીયે કલ્યાણ. નમું. ૪
માહારે છે આપ તણો આશ્રય એક,
તરત છોડી નાંખશો તરત જશે ટેક. નમું. ૫
ચૈતનઘન થઈ ચિત્તના ચોર,
બાળક જાંણીને શું કરાવો બકોર. નમું. ૬
ન ગમે મુને ફોકટ દુનિયાના ફંદ,

ચેટક થઇનેં તમેં લાગ્યા ચિદાનંદ. નમું. ૭
હવે નથી રહ્યો હું તો માહારચે હાથ્ય;
ચકતું ચિત્ત ફરે શ્રીધર સાથ્ય. નમું. ૮
ધરણિધર મુંનેં રેહેતી નથી ધીર,
રમાનાયક માહારી શુંણુજ્યો રીર. નમું ૯
રંગ રસિયા વિના રહ્યું નવ્ય જાય,
શ્રીધરજી ક્યાહારે કરસ્યો સહાય. નમું ૧૦
ગોવિંદ શીઘ્ર જ્યમ તારચો ગજેંદ્ર,
ત્યમ મળો કૃષ્ણરામનેં કૃષ્ણચંદ્ર. નમું ૧૧

વિ૦ ૧૪ પા૦ ૨૨

કીર્ત્તન ૨૬૦ મું.

દેશી ફેર.

માહારિ ભક્ત પ્રિય ભગવાન, હરજી અરજી ધરજ્યો કાન. ધૃ. ૧
કઇ કઇ જન્મ ધરચા મેં કેશવ, આ અવની મોઝાર;
આ અવતાર અનૂપમ આપ્યો, શ્રીધર કરજ્યો સાર. મા. ૨
માત પિતા જ્યમ બાળક કેરી, સહજ કરે સંભાળ;
એમ કરો માધવજી માહારી, પ્રેમ ધરી પ્રતિપાળ. મા. ૩
ભલાપણું શૂં જોશ્યો ભૂધર, જીવતણું યદુરાય,
કરમ કરો બકશીશ કૃપાકર, લાગું તમને પાય. મા. ૪
મજ અર્ભકથી કાંઈ ન ઉપજે, જ્ઞાન ભક્તિ વૈરાગ;
સાધન તે હું સાધિ સકું શૂં, તૃષ્ણા થાય ન ત્યાગ. મા. ૫
અખિલ વિશ્વ આધીન તુમારે, જયેહ કરો તે થાય;
કરૂણાં દ્રષ્ટેં જોતાં કેશવ, જનનૂં દુઃખ તો જાય. મા. ૬
દાન દયાનેં જપ તપ તીરથ, વિવેક વિદ્યા જ્ઞાન;
દયા કરોતો સહેજ્યેં સાધે, કેશવ કૃપા નિધાન. મા. ૭
હું પતીત તમે અધમોદ્ધારણ, બિરૂદની રાખો લાજ;
તાંણા તાંણ્ય ન કરિયે ત્રીકમ, કૃષ્ણરામનેં કાજ. મા ૮

વી૦ ૧૫ પા૦ ૧

કીર્તન ૨૧૧ મું.

દેશી ફેર.

આ અવસર આવ્યો, અનૂપમ આ અવસર આવ્યો,
શાસ્ત્ર સંકેતેં ગુરૂના મુખથી, કૃષ્ણ તમે કાહાવ્યો. આ. ૧
કોટિ કોટિ અવતારે ભમતાં, યત્ને કરયે નાવે;
સેહેજયમાં તે તમે આવ્યો શ્રીધર, સદ્ગુરૂ સમજાવે. આ. ૨
ભાગવતગીતા વસ્તુ ભણાવી, યોગી જેનેં જાણેં;
ત્યમ હવેં કર પકડો માહારો તારક, તત્ક્ષણ આ ટાંણે. આ. ૩
પ્રીતિ કરી તો પૂરણ કરિયે, વિઠલજી વારૂં;
આથડાવો ન હવેં તમે ઇશ્વર, સ્વલ્પ તણેં સારૂ. આ. ૪
સમજી જોયો શામળિયા મનમાં, કેહેવું મુંને ન ઘટે;
માહારે તમારે મેળ કરો હરી, પ્રેમ રખે પલટે. આ. ૫
જયહાં જયહાં જન્મ ધરૂં ત્યહાં પડશે, આવવું તો તમનેં;
સંગે દૂઃખ જશે બે જણનાં, કર ધરતાં અમનેં. આ. ૬
અન્નાછાદન સહજ ચલાવો, ભજન પડે નહિ ભંગ;
કૃષ્ણરામને કૃષ્ણ કૃપા કરો, રાખો બિરૂદનો રંગ. આ. ૭

વિ૦ ૧૫, પા૦ ૧

કીર્ત્તન ૨૧૨ મું.

દેશી ફેર.

આવો હરિ નાથ માહારા, પ્રેમીના પ્રાણ પ્યારા. ધ્રૂ. ૧
કઇ પ્રકારે અરજી કેશવ, ગવરાવિ ત્યમ ગાઈ;
સાંભળતા નથી કાં સાંમળીયા, શૂં રહ્યા સંતાઈ. આ. ૨
જોતા હશો જગજીવનજી, ત્રીકમ માહારો ટેક;
મજ સરીખા તમનેં ઝાઝા, માહારે તો તમે એક. આ. ૩
વ્યાસજીના વાક્ય શુણિ, મેં ધરચો વિશ્વાસ;
જેહેવો તેહેવો હું તમારો, દામોદર છું દાસ. આ. ૪
અજામિલ ઉદ્ધારતાં હરી, કાં ન જોયા કરમ;
આજ મુનેં ઉદ્ધારિ લેતાં, શે આવે છે શરમ. આ. ૫
કેટલે નાશી જાશો કેશવ, મન માહારાથી દૂર;
કઉતુક કરવું મૂકિ દેઇનેં, નાથ બતાવો નૂર. આ. ૬

અંતરયામી આવવું પડશે, જ્યહાં જઇશ ત્યહાં સંગ;
શોકયની સાથ્યે ભાગશેં તેહેમાં, શ્યો કમાશ્યો ઢંગ. આ. ૭
દેવ તમારૂં બળ દેખાડો, નીડર થવા નાથ;
કૃષ્ણરામ તણો ધરો, હરજી હેતેં હાથ. આ. ૮

વિ૦ ૧૫, પા૦ ૨

કીર્તન ૨૬૩ મું.

દેશી પ્રેર.

દરશણ દીજીયે દયાળા. ધ્રૂ.
મદન મોહન મહા માયી માધવ, વિઠલ વઇકુંઠવાળા. દ. ૧
મેહેર કરો મધૂસૂદન મુજનેં, ગૌ બ્રાહ્મણ પ્રતિપાળા. દ. ૨
યત્ન અજાંણ્યે કરયાં તોહે યમના, પાછા ફરયા નહિ પાળા. દ. ૩
સદ્ગુરૂ શરણ ધરયા બિન કોથી, કળ્યા ન જાઓ તમે કાળા. દ. ૪
હારી શરણ હવેં આવ્યો હું હરજી, ચકવા તજીનેં ચાળા. દ. ૫
માધવનો થયે માંમ જશેતો, હસશેં હરામિ હાલા. દ. ૬
દાસના દોષ ધારીનેં દિલમાં, ત્રિકમ ન દીજીયે ટાળા. દ. ૭
સચ્ચિદાનંદના સ્મરણ થકે કઈ, સઘ સુધરી ગઈ શાળા. દ. ૮
તિલક ધરયું મેંતો શરણ ત્રિકમનું, માધવ નામની માળા. દ. ૯
કિંકર જાંણિ કૃષ્ણરામની, યદુપતિ ઓલ્હવો જ્વાલા. દ. ૧૦

વિ૦ ૧૫ પા૦ ૭

કીર્તન ૨૬૪ મું.

દેશી પ્રેર.

આવો આળસ તજીનેં અવિનાશરે, છેડલો હું નહિ છોડું;
દીનબંધુ તણો થઈ દાસરે, દસો દિશ નહિ દોડું. ધ્રૂ. ૧
ગરીબનીવાજ કેહેવાઇ ગોવીંદજી, દાસના દોષ શું વિચ્ચારોરે;
પોતાનું બીરૂદ પેખી પુરૂષોત્તમ, શરણાગતનેં સુધારોરે. છે. ૨
અન્યોમાં ભાસે તે અવગુણ મારા, બીજાનો કાંઈ નથી વાંકરે;
અણવિશ્વાસી આભ્યંતર મારૂં તેથી, વળિયો છે આડો આંકરે. છે. ૩
અનન્યતા ઉપજાવો મન માહારે, ભ્રાંતિ ભમણ જેથી ભાગેરે,
સંત પુરૂષનોસંગ સધાવો જેથી, જાંણ્ય જીવનજીનિ જાગેરે.છે. ૪
શઠજન કેરા સંગ કરે માહારૂં, માન ઘટે છે મોડાતુંરે;

કષ્ટ જાણ્યૂં પણ કૃષ્ણ કૃપા વિના, મજથિ તે નથી છોડાતુંરે. છે. ૫
માનવ જન્મ મહાન તેમાં વળી, દુર્લભ બ્રાહ્મણ જાતીરે;
હાઓ આવ્યો પણ હું દુર્બળથી, તૃષ્ણાનિ તંતૂ ન તજાતીરે. છે. ૬
વિશ્વંભરનો ભરૂંસો ન ઉપજે, અલ્પ મતી હું એહેવોરે;
જાડ્યતા જલધિયેં ડુબુછું હું હવેં, હાથ હરિ માહારો એહેવોરે.છે.૭
કો આગળ કૃપાસિંધો પુકારૂં, કૃપણ હું કયહાં કરૂં અરજીરે;
કૃષ્ણરામ તણું કષ્ટ નિવારો, સાહાય કરીનેં શ્રીધરજીરે. છે. ૮

વિ૦ ૧૫, પા. ૧૦.

કીર્ત્તન ૨૯૫ મું.

દેશી ફેર.

સેવકની શુણો વીનતીરે, કેશવ કમળા કાંત. હરે હરે;
આતુરતા થઈ છે અતીરે, શમલેં કરચો છું હું શ્રાંત. હરે હરે. ૧
વસ્તુ સેવા મુકી વેગળીરે, દુઃખદાયિ સેવ્યો મેં દામ. હ.
મલિનતા મન માંહે મળીરે. હૃદયે રટ્યા નહિ રામ. હ. ૨
હું માહારાનિ હઠયેં થકીરે, આવિ અવિદ્યાનિ આડ્ય, હ.
બડબડ કઇ વિધની બકીરે, રાગ રોષે કરી રાહાડ્ય. હ. ૩
ચિંતન પંથે ન ચાલિયોરે, વિસારીનેં વિશ્વનાથ; હ.
મોહ મુમતથિ હું માહાલીયોરે, હઇયું રહ્યુ નહિ હાથ. હ. ૪
શાસ્ત્રનિ શીક્ષા ન સાંભળિરે, વારૂ વિચારચા ન વેદ; હ.
ટીખળ બુદ્ધિ નથી ટળીરે, ભાશિ રહ્યા છે ભેદ. હ. ૫
જોખ્યમ જન્મ મરણ તણારે, કાલ કરમને સ્વભાવ. હ.
ઘણિ ઘણિવાર ભોગ્યા ઘણારે, દિલથી ચુકીને દાવ. હ. ૬
અશરણ કેરા શરણનીરે, પ્રીછિ લહી નહિ પેર; હ.
ઇશ્વરના આચરણનીરે, લક્ષ્યે લહી નથી લેહેર. હ. ૭
જંજાળે જન્મ ગયો વહીરે, વિષયનો કરતા વિનોદ; હ.
નાથનેં માહારા માન્યા નહીરે, મિથ્યાનો માનીનેં મોદ. હ. ૮
નાથ નિહાળો ન્યેહેં કરીરે, કરૂણાનિધાન કિરતાર; હ.
સેવા સેવકથી નથી સરીરે, અપરાધી છું અપાર. હ. ૯
પતિત પાવન શુણિ નાંમનેરે, આવ્યો છું ચરણને શરણ. હ.
માધવ રાખો માહારિ માંમનેરે, આળગુ અશેડી આવરણ. હ. ૧૦

એક તમારો છે આશરોરે, બિજુ નથી કાંઈ બલ; હ.
કૃષ્ણરામને કૃપા કરોરે, કૃષ્ણજી કાપો કલિમલ. હ. ૧૧
વિ૦ ૧૫ પા૦ ૧૩

કીર્ત્તન ૨૧૬ મુ.

કૃષ્ણચંદ્રજીરે, જે થશે અનુકુળ, દાસ ભાવેં ભજી;
એકોત્તર શતરે, તેહેના તરશેં કૂળ, ભવ ભ્રમનેં તજી. ૧
જગત્ જુઠુંરે, શ્રીપતિ છે સત્ય, એવું જ્યે મન લહે;
તેના કુળનીરે, તરવાની વિગત્ય, ક્રમથી શાસ્ત્ર કહે. ૨
પિતૃપક્ષનાંરે, તરે કુળ ચોવીસ, સસરાના ષોડશ;
માતુલ તણાંરે, તરશેં કુળ વીસ, દુહિતાના દ્વાદશ. ૩
ભગની તણાંરે, એકાદશ સ્પષ્ટ, દશ તે કુળ ફઇનાં;
નિજ માશીનાંરે, કુળ તરશેં અષ્ટ, પૂર્વે તરયાં કઇનાં. ૪
એહેમાં જ્યે જ્યેરે, નહિ હોયેં વર્તમાન; તે પૂર્વનાં કહિયે,
કૃષ્ણરામનેંરે, કૃષ્ણ વસો નિદાંન, હિતકારી હઇયે. ૫
વિ૦ ૧૨, પા. ૧૫

કીર્તન ૨૧૭ મું.

દેશી ફેર.

સચરાચરના વાસી, સુણજ્યો સર્વજ્ઞ,
હું અવળો અધ્યાસી, અપરાધી અજ્ઞ;
માટે હું ભવજલમાં, મમતાયેં મગ્ન,
કાંઇ ન સમજું કળમાં, લાગ્યે કયમ લગ્ન. સ. ૧
આ તનુ ઇશે આપી, માનુષિ મહાંન,
આતુરતા અદ્યાપી, નવ્ય મિટે નિદાંન;
શ્રેષ્ટ કેહેવાયા સારૂં, ભાસે કયમ ભાંન,
તરૂં અને કયમ તારૂ, નિજ પરાભિમાંન. સ. ૨
વિદ્યા વિશદ ભણાવી, કેહેવરાવ્યો વ્યાસ,
કઇનેં પ્રીતિ જણાવી, મેલ્યા મજ પાસ;
તે જાંણેં મુંને આતો, હશેં હરિના ખાસ,
વિમલ સુંણીનેં વાતો, ધરતા વિશ્વાસ. સ. ૩
પણ હું પોપટ સરખો, વરણું વેદાંત,
પ્રભુજી સઘળું પરખો, ઉર દાંત અદાંત;

માહિલું મન તો મેલું, શમલો ચે શ્રાંત,
દાગ શેષે રંગેલું, રહે નહિ એકાંત સ. ૪
પૂછે પ્રીતિ કરીને, જન ભાવી વાત,
હું શું કહું વિસ્તરિને, આપે અજ્ઞાત;
પરોક્ષ્યની શું પ્રીછું, વેહેમી વિખ્યાત,
પ્રભો પ્રતીતિ ઇચ્છું, માટે સાક્ષાત્. સ. ૫
જ્યે થયું નેં જ્યે થાશે, જ્યે થાય છે આજ,
એ સઘળું ઓળખાશે, માધવ મહારાજ;
જો મજથી જન જાંણે, નિજ નિજનાં કાજ,
તો મર્યાદા આંણે, લોપે નહિ લાજ. સ. ૬
ઉદય કરો જો આપેં, ઐશ્વર્ય અકલ,
તો તે તેજ પ્રતાપે, વશ હોયે સકલ;
પછી ન કોઇ પાડે વૈગુણ્ય વિકલ,
કળ ઉઘડી તે કાહાડે, મલિનોના મલ. સ. ૭
તો આ સઘળાં શોભે, આપ્યાં જ્યે અઘ,
નહિતર કામે લોભે, ઉલ્લંઘી હદ;
લક્ષ કરીને ધારો, આપે અનવદ્ય,
આ અવસર ઉગારો, સેવકને સદ્ય. સ. ૮
કેશવ કરૂણા કીજે, દીન જાંણી દેવ,
પૂર્ણ પ્રતીતિ દીજે, સ્વામી સ્વયમેવ;
ઓળખ્યામાં જ્યમ આવે, તારકની ટેવ,
ભ્રાંતિ મિટયેથી ભાવે, શ્રીધરની સેવ. સ. ૯
અધર્મ કાંઇ ન ઉઠે, ઉરમાંહે એક,
પ્રતીતિ પામ્યાં પૂઠે, નાંસે અવિવેક;
આપે આપ ઉખડશે, ત્રૈવિધના ટેક,
જ્ઞાનચક્ષુ ઉઘડશે, ઉરમાંહે અનેક. સ. ૧૦
એમ કરો અવિનાશી, જ્યમ વાધે રંગ,
વૃત્તિયો સર્વ વિકાશી, પાંમે નહિ ભંગ;
સખા સર્વની શુદ્ધિ, કરો અંગો અંગ,
કૃષ્ણરાંમની બુદ્ધિ, જ્યમ રહે અસંગ. સ. ૧૧

વિ૦ ૧૫ પા૦ ૧૬

કીર્તન ૨૬૮ મું.

દેશી ફેર.

હરે કહું કેટલી વાર, અધમોદ્ધાર, સ્વામી શ્રીધરજી,
હરે અશરણના શર્ણ, શુણજ્યો કર્ણ, આતુરની અરજી. ૧
હરે છો પરમ કૃપાલ, દીન દયાલ, જીવ દયા જાણો.
હરે આ ભવ જલમાંહ્ય, પકડો બાંહ્ય તાત રખે તાંણો. ૨
હરે હું જીવું શુન્ય, પૂરવ પૂણ્ય, પાખે પીડાતો;
હરે નહિ સાધન સાંન, ગોવિંદ ગાંન, ગમ્ય વિના ગાતો. ૩
હરે અંતર સાક્ષિ, કરૂણાક્ષિ, કરિને કાંઇ ન્યાહાળો;
હરે જણવીને જવાપ, ત્રિવિધતાપ, તનુજ તણા ટાળો. ૪
હરે છો આશ્રય એક, પરમ બિવેક, કરિને મેં જોયું;
હરે થઇ વિષયાધિન, જાંણ્ય વિહીન, આયુષ મેં ખોયું. ૫
હરે આ માનવ દેહ, અ.પ્યો તેહ, સ્વામી સફલ કરો;
હરે હું દાસ હરીશ, જો મજ શીશ, નિજ કર પદ્મ ધરો. ૬
હરે માહારા અપરાધ. જેહ અગાધ, તે મન નવ્ય ધરશો;
હરે થઇને અપરોક્ષ, વિયોગ મોક્ષ્ય, ક્યાહારે હવે કરશો. ૭
હરે હું જોઉંછું વાટ, ઉર ઉચ્ચાટ, નિત્ય નવા વ્યાપે;
હરે છો માહારા ઇષ્ટ, અખિલા નીષ્ટ, તુમ બિન કુણ કાપે. ૮
હરે જે મરદે મોહ, પડ્યે વિછોહ, તે સબળો સાલે;
હરે પરવણિયો પંચ, ખસે ન રંચ, મનમાં તે માહાલે. ૯
હરે હું મેલો મંન, શ્રોતા જંન, ને શું શુદ્ધ કરૂં;
હરે જો આપો લક્ષ, કરિને પક્ષ, તો તારીને તરૂં. ૧૦
હરે ઉઘાડો ગમ્ય, હૃદયે રમ્ય, પૂર્વ પ્રતીતિ દેઈ;
હરે આપી વિશ્વાસ, મુજને દાસ, કહો અંકમાં લેઈ. ૧૧
હરે આ સઘળા લોક, તેમની ટોક, હું નવ્ય સકું સહી;
હરે શૂં જણજું જોર, કોયનો તોર, ચિત્તમાં ચાલે નહિ. ૧૨
હરે છો ગરિબનિવાજ, માહારી લાજ, રંક લહી રાખો;
હરે મુજને લહિ રંક, થવા નિઃશંક, ભાવિ સકલ ભાખો. ૧૩
હરે સર્વજ્ઞ અકલ, તમને ખલ, જન તે શું જાંણે;
હરે આપે અભિમાન, કરે નિદાન, તે અંતર આંણે. ૧૪

હરે છો પૂર્ણાનંદ, માહારા ફંદ, તમ લહી ત્રોડો;
હરે હું શા ગુણગાઉં,મન અકળાઉં, પરોક્ષ્ય કાં પોહોડો. ૧૫
હરે હું છું અલ્પજ્ઞ, તમને તજ્ઞ, શું ગાઉં મન લાજ્યે;
હરે દોડો તત્કાળ, કૃષ્ણ ગોપાળ, કૃષ્ણરામ કાજ્યે, ૧૬

વિ૦ ૧૫ પા૦ ૧૯

કીર્તન ૨૬૯ મું.

દેશી ફેર.

કાં ન બોલો કરૂણાનિધે, સાંમળિયા સુજાણરે,
કેશવજી કલ્યાંણ, છાંના કાં રહોરે;
છાંનો રહે તે હોય છબીલા, ચિત્તતણો ચોરરે,
માથે ત્યારે મોર, નુપર કાં વહોરે. ૧
અનિમિષના જો આધિનમાં, હશો જગજીવંનરે,
શાંને સુદરશંન, ત્યારે કર ધરોરે;
લક્ષ્મીજીના લલચાવ્યા જો, બેઠા હશો ધાંમરે,
ત્યારે તે નિષ્કાંમ, નાંમ પરિહરોરે. ૨
કો એક દેશે બેઠા હશો, જો થઇને ઉદાસીરે,
ત્યારે સર્વાવાસી, તમને કુણ કહેરે;
જો તમને કાંઇ લાગ્યો હશે, કોય વસ્તુનો ફંદરે,
ત્યારે પૂર્ણાનંદ, નામ કયમ રહેરે. ૩
જોતા હશો બ્રાહ્મણોની જો આ વાંકી ટેવરે,
તો બ્રહ્મણ્ય દેવ, નામ કાં ધરયુંરે;
દાસજનોનાં જોશ્યો જ્યાહારે, માંહિલાં મેલાં મંનરે,
તો પાપિ પાવંન નાંમ કાં વરયુંરે. ૪
જો શરણાગત કેરાં જોશ્યો, સાધનોનાં બળરે,
તો શરણવત્સલ, નાંમ શાંને રાખોરે;
વિશ્વાસી જનોથી રેહેશો, દેવ જો દુર્લભરે,
વિશ્વાસી વલ્લભ નાંમ, શાંને ભાખોરે. ૫
ભક્તજનોને જ્યારે પીડે, દારિદ્રનો ડરરે,
તો શાંને શ્રીધર, નાંમ સંગ્રહ્યુંરે;
શીશ નાંમે તેને, જ્યારે પીડે જન્મ મર્ણરે,
તો શાંને શરણ્ય, બિરૂદ સંગ્રહ્યુંરે. ૬

કિંકર જનોના જ્યારે, ભય ન રોયે ભંગરે,
તો શાને શારિંગ, પકડો પાણિયેરે;
આશ્રિતોની અવિદ્યાને, કરી સકશો મોક્ષરે,
આવો અપરોક્ષ, તો તે જાંણિયેરે. ૭
માહારે તો આધાર તમે, છો અવિનાશી એકરે,
છળશો તે કયમ છેક, શરણે આવ્યાનેરે;
બાપ ધારયા બિરૂદ તે તે, બાળકને બતાવોરે,
તનુજને નવ્ય તાવો, તાપે તાવ્યાનેરે. ૮
સેવકે સમર્પિ તમને, અરજ્યો અનંતરે,
કૃષ્ણ કરૂણાવંત, કરૂણા કીજીયેરે;
પતિતના પાવન પ્રભો, કાંઈક કરો પ્રીતિરે,
પ્રત્યક્ષ પ્રતીતિ મુજને દીજીયેરે. ૯
પરોક્ષ પ્રતીતિયોથી, નિઃશંક ન થાઉંરે,
ગોવિંદને ગાઉં, કોણ ગમ્યથીરે;
કૃષ્ણજીની કરૂણાને હું કૃષ્ણરામ ઇચ્છુંરે,
પ્રતીતિ જયમ ઇચ્છું રમ્ય રમ્યથીરે. ૧૦

વિ૦ ૧૫ પા૦ ૨૧,

કીર્તન ૨૭૦ મું.

દેશી ફેર.

કૃષ્ણ કૃપાકારે બોલશ્યો કરૂણાથી, હું તો વેગે જોવું છું વાટ્ય. આવો.
હું તો તનુજ તાણાઉં છું ત્રિગુણાથી, તાતને પુકારૂં તે માટ્ય. આ૦ ૧
માહારા આદિ સખા છો અવિનાશી, જગદીશ્વર જીવન પ્રાણ, આ૦
તમે સર્વજ્ઞ સચરાચરવાસી, કેશવજી પરમ કલ્યાંણ. આ૦ ૨
તમે કર્તું અકર્તું અન્યથા, કરવાને સદા છો સમર્થ. આ૦
મુંને વિષયના વિષની વ્યાપી વ્યથા, તેણે આ વપુ વહેછે વ્યર્થ. આ૦ ૩
ગુણ શાશા ગાઉં ગોપાલના, જે છે અચિંત્ય શક્તિ અપાર. આ૦
કહ્યા કાલાવાલા મજ બાળના, અચ્યુત તે કરો અંગિકાર. આ૦ ૪
માહારી કરણી ન જોશો માધવ, હું તો અજ્ઞાંને છું અજાંણ. આ૦
નથી શકય હું સાધન સાધવા, ઉરે ઉઘડી નથી ઓળખાંણ; આ૦ ૫
પીડે વસમું દુઃખ વિયોગનું, તેણે કાંઇ પડે નહિ કલ. આ૦

તેહેમાં શું બળ ચાલે ઉદ્યોગનું, માહારાં ઇંદ્રિય આતે સકલ. આ. ૬
દુઃખ દરિયામાં પડિયો દાસને, આપે ઉદ્ધારો અશરણ શરણ. આ.
અવલોકાવો વિશ્વનિવાસને, અળગું કરીને આવણ. આ. ૭
માહારિ અરજ્યો ઉરમાં આણિને, યદુનાથજી કરીયે જવાપ આ.
નિજ જાત પિડાતો જાણીને, બિરૂદાસ કરો તમે બાપ. આ. ૮
સ્વામી સંકષ્ટ જાતું નથી સહ્યું, પ્રિયતમ પોહોડો શું પરોક્ષ. આ.
આ વપુ તણું આસુર્બલ વહ્યું, અજી કાં ન બનો અપરોક્ષ. આ. ૯
તમને કલ્પતરૂ કામધેનું સમા, ચિંતુ ચિંતામણિ સમા જાણિ. આ.
માહારા સર્વાપરાધ કરીને ક્ષમા. રોષ મૂકી દ્યો રથાંગપાણિ. આ ૧૦
જે જનોને આંણ્યા તમે આપેથી, આ સત્ર માહ્યા રૂષિકેશ. આ.
તેતો પીડાતા પેખી પાપેથી, તેને વિમલ કરો વિશ્વેશ. આ. ૧૧
તેના યોગક્ષેમને અનાયાસે, સદા ચાલવો શ્રીશ સુજાંણ. આ.
વિશ્વંભર આપને વિશ્વાસે, તેતો પ્રાંણી ધરિ રહ્યા પ્રાંણ. આ. ૧૨
તેતો નિશ્ચય કરિને નાથને, જયમ જાણી રાકે જયકારી. આ.
સખા સખ્યપણું સર્વ સાથને, દેખાડી દ્યો દેવ મુરારી. આ. ૧૩
સર્વ વળગ્યા શરણ વિશ્રાંમને, શ્રોતા વક્તા જવા ભયભીતિ. આ.
કૃષ્ણચંદ્ર વેગે કૃષ્ણરામને, દીજે પ્રીતિયે પૂર્ણ પ્રતીતિ. આ. ૧૪

વી૦ ૧૫ પા૦ ૨૪

કીર્ત્તન ૨૭૧ મું.

કશી ફેર.

કઇંક કાળથી અરજી કરૂં છું, સખા નથી કાં શુણતારે. કેશવજી.
વિઠલથી વરદાન વરૂં છું, નાથ કરો નિર્ગુણતારે. કે૦ ૧
વ્યાસ તણાં તે વચન સાંભળી, સમજ્યો શ્રીશ સખાનેરે. કે૦
વરદેશ્વરને યાચ્યું વળી વળી, કાહાડો કરમ કરવાનેરે. કે૦ ૨
કલ્પ કઇકથી કૃષ્ણ તમારૂં, ચિંતન ચૂકી ગયો છુંરે. કે૦
હાર્દ લહ્યા બિન કહિ હું માહારૂં, વિઠલ વિમુખ થયોછુંરે. કે૦ ૩
આજ અનૂપમ આ તનુ આપી, કરૂણા નજર કરીનેરે. કે૦
આવરણે ઘેરચો અદ્યાપિ, હું નવ્ય પ્રીછું હરીનેરે. કે૦ ૪
પરોક્ષ રેહેતાં પરમેશ્વરનો, બલિષ્ટ બોધ ન પાંમુરે. કે૦
અધ્યાસાંકિત અભ્યંતરનો, ધોખો ક્યમ કરી વાંમુરે. કે૦ ૫

કરૂણા કરી તો પૂરણ કરીયે, ખાસા ન રહે ખામીરે. કે૦
મજ શિર નિજ કરપંકજ ધરિયે, આ સમે અંતર્યામીરે. કે૦ ૬
હું પતિત તમે પતિતના પાવન, મજવડે શોભા તમનેંરે. કે૦
નાથ સદા તમે બિરૂદ નિભાવન, આદરો નિજ ઉદ્યમનેંરે. કે૦ ૭
પારસ કેરી પ્રબળ પરિક્ષ્યા, લોહેં જયમ લક્ષાશેરે. કે૦
એમ અધમોદ્ધારણની ઇક્ષા, અધમ મળ્યે ઓળખાશેરે. કે૦ ૮
લોહ મળે પારસ વિક્રમનેં, જન જોઇનેં જયમ જાંણેરે. કે૦
એમ હું પતિત મળ્યેથી તમનેં, પાવનકારિ પ્રમાણેરે. કે૦ ૯
માટે આ અનુકુળ ઉદ્યમનેં, રખે ચતુર થઈ ચૂકોરે. કે૦
તારકનાથ કહું છું તમનેં, મુંનેં ન કરથી મૂકોરે. કે૦ ૧૦
અનાથ બંધો નિજનો અનુભવ, આશ્રિતને ઓળખાવોરે. કે૦
મેહેરબાની કરીનેં મુજનેં માધવ, બલિષ્ટ બિરૂદ બતાવોરે. કે૦ ૧૧
આ અવસર તે આવે કયાંહાથી, ફ૬ જવાનો ફરીનેંરે. કે૦
માટે દૂઃખ દાવાનલમાંથી, કાહાડો મૂનેં કર ધરિનેંરે. કે૦ ૧૨
અનેક વિધની ગાઈ મેં અરજી, જયમ પ્રેરી તમે વાંણીરે. કે૦
અજી હઠીલા કાં થાઓ હરજી, મતિ માહારી અકળાંણીરે. કે૦ ૧૩
જગદીશ્વર ઐશ્વર્ય જગાડો, મિટાડી મનના મળનેંરે. કે૦
કૃપા કરીનેં કૃષ્ણ ઉઘાડો, કૃષ્ણરામનો કળનેંરે. કે૦ ૧૪

વી૦ ૧૫ પા૦ ૨૭

કીર્તન ૨૭૨ મું.

દેશી ફેર.

પ્રભુજી પૂર્વે કરતા પ્રેમીની પ્રતિપાલ,
અચ્યય આશ્રિતોને નિત્ય પ્રતીતિ આપતા;
રશિયા આજ થયા છો આવડા કાં રિસાલ,
કેશવ કૃપણ તણાં કાં કષ્ટ નથી કાપતા. ૧
શ્રીધર સેવકોનેં સદા જુવો સમભાવ,
જનનેં કલ્પદ્રુમના સરખા જો કેહેવાઓ છો;
ત્રિકમ અમ તપ્તોના કાં ન મિટાવો તાવ,
વિઠલ વૈકલ્યોથી શાંને વૈષમ થાઓછો. ૨
કેશવ કરૂણાસિંધુ કેહેવાઓ છો ક્યંમ,

વેદ શાસ્ત્રપુરાણ ઇતિહાસોની વાણિયે,
વિકલ વ્યગ્રધિયોનો વારો જો વિભ્રંમ,
જીવની જાડ્યતા નાસે તો તમને જાણીયે. ૩
અચિંત્ય શક્તિયો છે આપ તણી અનંત,
તે તે ઓળખ્યામાં ક્યમ આવે અમ અજ્ઞાનીને;
અગમ્ય ઇશ્વરતા છે અકલ તણી અત્યંત,
ધણિ તે ધારણામાં નાવે મોહાંધા ધ્યાનીને. ૪
જીવન જવનીકાનું જાલ્યમ બાધ્યું જોર,
તેણે કોય ઉપાયેથી કાં ન ઉઘડે;
તનુંને ધ્યાને પ્રગટયો હું માહારાનો તોર,
એના માટે અમને આંતરી અવિદ્યા નડે. ૫
કેહે છે કૃષ્ણ કથા જો શૃણસ્યો ધારી કાંન,
શ્રદ્ધાથી જો શ્રીધરજી શું પ્રેમ સાધસ્યો;
અવળા અધ્યાસોનાં ખશી જાશે અભિમાન,
તો તો બળવંતીને બોધ બળેથી બાંધસ્યો. ૬
તે સાચું પણ તૃષ્ણા તરંગિણીની તાંણ્ય,
ચરણે ચોટાડવા દે નહિ ચાપલ ચિત્તને;
હરજી પરોક્ષ્ય તેણે અમને હોયે હાંણ્ય,
નિશ્ચય કીધું મેં તો નાથ એ નિમિત્તને. ૭
પરોક્ષ શાંને રહોછો પતિતના પાવન,
મજથિ ડરપો છો શું પાપ તમને બાંધશે;
માધવ મજ ઉપર જો મેહેર આંણો મંન,
સ્વામી સ્નેહ તેણે મજથી સાધશે. ૮
આહાવા ઉદાર થઇને શું જોશો અપરાધ,
તમને શરણે આવ્યા સેવકના સાંમળા;
અલિપ્ટ બિરૂદ કેરા થવા ન દેશો બાધ;
આવી અરભકને લ્યો અંકે મુકી આંબળા. ૯
હરજી હઠ્ય મૂકીને હેતે પકડો હાથ,
આપે અનાથના બંધો માહારો આ સમે;
શ્રીધર જાણે સઘળા જ્યમ શિષ્યનો સાથ,
તવ પદ શરણાર્થિના નિત્યે ત્રાતા છો તમે. ૧૦

અચ્યુત આશ્રિતોનાં આભ્યંતર અકળાય,
દ્રષ્ટે સાક્ષાત જોવાને સુંદર શાંમને;
પ્રત્યક્ષ પ્રતીતિયે પાંમ્યેથી પ્રીતિ કળાય,
કેશવ કેહૃથા કયાહારે કરશો કૃષ્ણરામને. ૧૧

વિ૦ ૧૫, પા૦ ૩૦

કીર્તન ૨૭૩ મું.

દેશી ફેર.

શિષ્ય હિતાર્થ ઇશ્વર સ્તવન.

શ્રી શ્રીધરજી સુણો વીનતી, કયારે કરશો કરૂણા કટાક્ષરે;
ઉરે અકળામણુ થઈ છે અતી, દબાઇ ગયાં દિલનાં દાક્ષરે. શ્રી. ૧
પ્રભો પ્રેરણાયેં પ્રાણી પ્રેરિયા, મુનેં મેળવ્યા જયે માહારાજરે;
ઘણે દુઃખે તે જનનેં ઘેરિયા, લક્ષ્ય કરી તેહેની રાખો લાજરે. શ્રી. ૨
નંદલાલ તે નિર્બળ ક્યા થયા, ગાભરા થયા ગંગારામરે;
શોભારામ તેમનાથી સૂના થયા, હરજીવનની હુઠી હાંમરે. શ્રી. ૩
માહાસુખરામ મનથી હારીયા, ગણપતરામને થઇ ગ્લાનીરે;
મોતિભાઇનેં તે માયાયેં વારિયા, જકડાઇ ગયા જીવણજાનીરે. શ્રી. ૪
ધણિ પાસ તે બાપુમેહેતા ધસ્યા, શુષ્ક થઈ ગયા છે સખી ચંદરે;
જીવણદાસ તે જંજાળે ગ્રસ્યા, હીરાભાઇનેં તે વળગ્યો ફંદરે. શ્રી. ૫
માહાસુખજાની મનથી વિરમ્યા, દુખેં દયાળદાસ દુખાયારે;
ભ્રાંત્યે પાનાભાઇ ફરે છે ભમ્યા, રૂણેં હાંસાભાઇ રોકાયારે. શ્રી. ૬
સેવકરામનેં સંકટે શોકિયા, ભાઇચંદ થયા ભયભીતરે;
બાપાભાઇને માતાયે રોકીયા, ન્યાંહાંનાભાઇનેં ઉઘડ્યાં નિમિત્તરે. શ્રી. ૭
ઉજમરામ ઉદાસી પાંમીયા, આશારામ ઉર અકળાંણારે;
બાવાલાલપુરિ બળ વાંમિયા, રાજારામ બીખેંથી રોકાણારે. શ્રી. ૮
રાયજી શેઠ રૂગ્ણ થયા ઘણા, અમરદાસને થઈ અવલાઇરે;
પ્રાણદાસ દિસે છે પીડાંમણા, ભ્રાંત બિન છે ભવાનીભાઇરે. શ્રી. ૯

ઘરવાલીનું ઘટ સૂનૂ અજી, અતી આતુર થઈ આધારરે;
લાડકુઅેર લક્ષે કાંઈ નીપજી, શામકુઅેરે લહ્યું નહિ સારરે. શ્રી. ૧૦
સાંન કાંઇ સદાશિવને ઉઘડી, દેવશંકર દુખિયા દીસેરે;
ભૂલ્ય કાંઇ ભાગી ભગવાનનિ, હરજીશેઠ શૂં લહિ હિસેરે. શ્રી. ૧૧
બેહેચરદાસ બાણુયા બાવરા, લંઘસે પડ્યા લક્ષ્મીરામરે;
ગણપતિપુરિ રેહે છે ગાભરા, ખોજાઇદાસ ખોલેછે નાંમરે. શ્રી. ૧૨
હિમંત તે હઠી ગયો રોગથી, હિમંતરામ હારયા દેવાથીરે;
શિવશંકર ત્રાસ્યા ઉદ્યોગથી, હું પણ તપ્યો કષ્ટ કેહેવાથીરે. શ્રી. ૧૩
જયે જયે મળીયા તે દુખિયા મળ્યા, આવ્યા અખિલ તમારે શરણુરે;
ક્ષેમ પંથ ઇચ્છે પણ ખળભળ્યા, કૃષ્ણચંદ્ર સાંભળજ્યો કરણુરે. શ્રી.૧૪
રમાનાથ રંકો સાંહાંમૂં ન્યાહાળિનેં, અનાયાસે દિજે અન્નાદીકરે;
શરણવત્સલ બિરૂદ સંભાળીને, બલવીર મિટાવિયે બીકરે. શ્રી. ૧૫
પ્રતીતિ દીજે પૂરણ પ્રીતિથી, જ્યમ દાસોનાં દુઃખ ખસે દૂરરે;
રમાનાથને રટિયે જયે રીતિથિ, અમારાં એમ ઉઘાડો ઉરરે. શ્રી. ૧૬
જન્મ જાય છે વહિ જંજાળથી, નથિ મનનેં થાતી નિરાંત્યરે;
કાયા કસાઈ જાય છે કાળથી, ત્રૂટતી નથી તૃષ્ણાની તાંત્યરે. શ્રી. ૧૭
આહાવો સંત્સમાજ તમે આપિયો, તેતે વેગેં વેરાવા લાગોરે;
સંકટથી સમાજ સંતાપિયો, ભૂધર તેહેની ભાવટ ભાગોરે. શ્રી. ૧૮
વાહાલા વિલંબ ન કરશો હવે, શિઘ્ર દીજે પ્રતીતિ સ્વામીરે;
માટે કૃષ્ણરામ નિત્ય વિનવે, સ્વામિ શ્રીપતીને શિરનાંમીરે. શ્રી. ૧૯

વી૦ ૧૫ પા૦ ૩૨

કીર્તન ૨૭૪ મું.

દેશી ફેર

અલબેલાજી આવોરે, સત્વર શ્રીધરજી
મન માહારૂં મનાવોરે, શ્રવણ ધરી અરજી. ૧
ઈચ્છા મન માહારેરે, દરશન કરવાનિ;
મનોવૃત્તિ દ્વારેરે, વિઠલ વરવાની. ૨
ઉદ્યમ શો કરીયેરે, પાપી અમે પ્રાંણિ;
તમે તારો તો તરીયેરે, અથડાતા જાંણિ. ૩
એહેવો નિર્ણય જાણીરે, ચરણ શરણ રહીએ;

શુણો શારીંગપાંણિરે, કેટલાં દુઃખ કહિયે. ૪
રૂષીકોતો રગડેરે, તાંણા તાંણ્ય કરી;
બેહેક્યુ મન બિગડેરે, કોહો ક્યંમ રાખુ ધરી. ૫
કુબ્જ વિધની કલબલરે, કૃષ્ણ તજી કીધી;
મેતો હાથ્યે હલાહલરે, વિષ વલ્લિ પીધી. ૬
ખલ જનની સંગતીરે, ભ્રાંત્યે મુને ભાવી;
માહારિ મલિન થઈ મતિરે, શીખામણ નાવિ. ૭
ગતિ બેઠો ગમાવિરે, ગોવિંદ નવ્ય ગાયા;
એટલે ઉર આવિરે, મતવાળી માયા. ૮
ઘણિ ધારણા પેઠિરે, આભ્યંતર આડિ;
બલિયણ એ થઇ બેઠિરે, જોર કરી જાડી. ૯
વાઙ્મન વિધાંણારે, અવળે અધ્યાસે;
બળિયાં બંધાણાંરે, વિષયને વિશ્વાસે. ૧૦
ચક્ષૂ ચોળાંણીરે, રજની રજ ઉડે;
કરણ કચરાંણીરે, આકળિયું ઝૂડ્યે. ૧૧
છર વાધ્યો ચિત્તેરે, રસના રગડાંણી;
નારિ નિરચે નિત્યેરે, ઉપસ્થ જકડાંણી. ૧૨
જડતા વધિ કરમાંરે, ત્વક્ તે તમ થઇ;
સૌગંધિના સરમાંરે, નાસા ડુબાઈ ગઇ. ૧૩
ઝઘને વધિ પીડારે, ગુદ આસન ન ઠરે;
વહિ ગઇ બુધ્ય વ્રિડારે, અજી સુધી ન ધરે. ૧૪
બાહારને ભીતરરે, અજ્ઞાને અંગ ગ્રસ્યાં;
વિસરાવિને ઇશ્વરરે, સઘળે વિઘ્ન વસ્યાં. ૧૫
ટક્કર ઘણી લે છે રે, અહંકાર આડી;
દાહાડી દુઃખ દે છે રે, ક્યમ સકું કાહાડી. ૧૬
ઠગલો ભલો ભાવેરે, આશાઓ ઉપજાવી;
અતી કામ ઓભાવેરે, સુંદરી સમઝાવી. ૧૭
ડગવા નથી દેતોરે, કપરો ક્રોધ કદા;
હૃદયે વશી રેહેતોરે, રાગને રોષ સદા. ૧૮
ઢગ વાધ્યા દુઃખનારે, જડતાથી જાડા;
શ્રીપતી અજી સુખનારે, દિઠા નથી દાહાડા. ૧૯

ગણુતી નથિ થાતીરે, ક્લેશ કરમ કેરી;
માયા મદ માતીરે, મરદે થઇ મેહેરી. ૨૦
તપીયો ત્રણ્ય તાપેરે, દુ:ખાનલને દવે;
સતસંગ પ્રતાપેરે, સમઝ્યો હું કાંઇક હવે. ૨૧
થર થર મન ધ્રૂજેરે, જાંણીને યમ ડરને;
સાધન નવ્ય સૂઝેરે, સાધવા શ્રીધરને. ૨૨
દસ દિશા તપાસૂંરે , ઉગરવા આરો;
નાથજી કયહાં નાસૂંરે, પ્રષ્ઠે પડ્યો મારો. ૨૩
ધન સુત ગ્રહ દારારે, તેમને પાશ પડ્યો;
મરદે થઇ માહારારે, જાળવડે જકડ્યો. ૨૪
નરહરિ અકળાઉંરે, દોષીને દેખીનેરે;
હરિ કહો કહ્યાં જાઉંરે, એમને ઉવેખીને. ૨૫
પતીતોનું પાવનરે, બિરૂંદ તમારૂં છે;
માંને માહારૂં મનરે, સહુથી એ સારૂં છે. ૨૬
કૃશીઓ મુને છોડોરે, હરજી હસ્ત ધરો;
મનના મળ મોડોરે, કેશવ કરૂણા કરો. ૨૭
બક્ષીશ કરીનેરે, સઘળાં પાતકને;
માહારે માથે ઠરીનેરે, સંભાળો આ તકને. ૨૮
ભય ભવનો મિટાડોરે, કરૂણા આંણીને:
કાંમ કીચથી કાહાડોરે, તનુજને તાંણીને. ૨૯
મનમથને મરદોરે, ક્રોધ કશી કાહાડો;
પછી કરીયે પરદોરે, આવર્ણનો આડો. ૩૦
યશ યદુપતિજીનોરે, ગવરાવો ગમતો;
કલિમલનો કીનોરે, દુર કરો દમતો. ૩૧
રસ રૂદયે વાધેરે, જ્યમ રમા નાથ તણો;
બળિયો કો ન લાધેરે, ત્યમ મુને માહારો ગણો. ૩૨
લક્ષ્ય ચોરાશી ફેરીરે, લક્ષ્ય કરી ટાળો;
હેત નજરે હેરીરે, પ્રણુત જાંણી પાળો. ૩૩
વપુ આપ્યું વારૂંરે, વ્યર્થ વહે નહિ જ્યમ;
દીસે જ્યમ સારૂંરે, ત્રીકમજી કરો ત્યમ. ૩૪
શતક્રતુને આદીરે, ઇચ્છે આ અવસરને;

પ્રભુ તેહ પ્રસાદીરે, આપી હું અનુચરને. ૩૫
ષટ્ શાસ્ત્રને શોધીરે, ભાગવત જયે ગાયું;
શુક સ્વામિયે બોધીરે, પરિક્ષિતને પાયું. ૩૬
સરસ રસ જેહેનોરે, તે મુને અવડાવો;
મુખદ્વારા એહેનોરે, વિષદ યશ ગવરાવો. ૩૭
હરિરસના કામીરે, તે મુને મેળવિયે;
વિષયા રસ વામીરે, તે રસ કેળવીએ. ૩૮
ક્ષણ એક ન વીતેરે, વિષ્ણુથી વિમુખ રહી;
રમાનાથ એ રીત્યેરે, કરીએ માહારો કહિ. ૩૯
શ્રીધરજી આ સારેરે, અવસર મલસ્યો કદા;
કૃષ્ણરામને ધારેરે, દાસનો દાસ સદા. ૪૦
વર્ગ આઠે ગાયારે, અક્ષર ચ્યાલીસે;
કેશવ ધણી ચ્યહ્યારે, કૃષ્ણરામ શીશે. ૪૧

વિ૦ ૧૭ પા. ૧

કીર્ત્તન ૨૭૫ મું.

દશી ફેર–ગરબો.

આવો આવો અનાથના નાથ, ગિરિવર ધારીરે;
આપણ બે મળી ભરીયે બાથ, હાથ પ્રસારીરે. ૧
માહારા જન્મ જન્મની જાળ, કર્મની કાપોરે;
બલવીર પોતાનો બાળ, અંકમાં સ્થાપોરે. ૨
સુંદર વર કરીને સાંન, નીકટ બોલાવોરે;
શ્રીનાથ તણો સંતાન, મુજને મનાવોરે. ૩
કઈ કલ્પથી પડિયો વીયોગ, ભૂધર ભાગોરે;
રમાનાથ મિટાડવા રોગ, ઝટ દેઇ જાગોરે. ૪
આહાવો દુર્લભ આપ્યો દેહ, કરૂણા કરીનેરે;
સ્વામિનાથ કરો ત્યમ સ્નેહ, કહું કરગરીનેરે. ૫
મુને વિત્યું તે વિસરી જાય, જન્માંતરનુંરે;
માટે સ્મરણ ન સાધી સકાય, લક્ષ્મીવરનુંરે. ૬
કિધો માયાયે મન મોહ, શૂં લહિ સકીએરે;
વાસુદેવથી થઇને વિછોહ, બડબડ બકીયેરે. ૭

માહારા માંનીને મધુસૂદન, ભજવું ન ભાવેરે;
માહારૂં મેલ ભરેલું મન, અતિ અકળાવેરે. ૮
જે છો સમર્થ સરવાધાર, કમળા નાયકરે;
માટે સેવકની કરો સાર, વાંછીત દાયકરે ૯
માહારો જન્મ જાય છે શૂંન્ય, કરૂણા પાખેરે;
મેળ થાતાં પાપને પૂણ્ય, આંતરી રાખેરે. ૧૦
માટે મેહેર થકી મેહેરબાન, જુવો મજ સાંહાંમુરે;
દિવ્ય દરશનનું દ્યો દાન, હું શિર નાંમુરે. ૧૧
માહારે બિજું નથી કાંઇ બળ, સાધન કેરૂંરે;
તમ્યે કયાહારે ઉઘાડશો કળ, હરજી હું હેરૂંરે. ૧૨
મુને વાહાલા તણો વિશ્વાસ, ભરૂંસો ભારીરે;
સેવક જાંણિ શ્રીનિવાસ, લિજે સુધારીરે. ૧૩
હું તો આવ્યો ચરણને શરણ, નાથ તુમારેરે;
તુમ બિન અવળાં આચરણ, કોણ સુમારેરે. ૧૪
તમે શરણાગત વિશ્રામ, દિનના બંધૂરે;
કિંકરના પૂરણ કામ, કરૂણાસિંધૂરે. ૧૫
માનવ જયેં મૂકી માંન, શરણે આવ્યારે;
તેહેને આપ્યાં અભય પદ, દાન નિજના ઠરાવ્યારે. ૧૬
હવે માહારો ધરોને હાથ, પતિતના પાવનરે;
જયમ જાંણે સઘળો સાથ, બિરૂદ નિભાવનરે. ૧૭
માહારૂં આભ્યંતર ઉદ્યોતિ, આવર્ણ કાહાડોરે;
જગદિશ તે ઝગમગ જ્યોતી, દિવ્ય દેખાડોરે. ૧૮
જયમ ભૂત ભાવિ વર્તમાન, સહુંનાં હું જાંણૂંરે;
ગોવિંદ તણાં ગુણ ગાંન, વિશદ વિખાણંરે. ૧૯
જયેને આભ્યંતર અલ્હાદ, તેને શુંણાવુંરે;
જયે પ્રીછે તમારો પ્રસાદ, તેને ભણાવુંરે. ૨૦
મળી પ્રેમી પરસ્પર જન, કીર્તન કીજેરે;
અલબેલાને અનુદીન, ભાંમણાં લિજેરે. ૨૧
ભય નિંદ્રા રતીને આહાર, વશ રહે અમનેરે;
આપો નાથ એહેવો અધિકાર, જીતિયે યમનેરે. ૨૨
અવલોકીયે દૃષ્ટે અદષ્ઠ, જયેહ અમારાંરે;

કીયમાંણ તણાં ટળે કષ્ટ, દુઃખ દેનારાંરે. ૨૩
પછિ લોક તણી જાય લાજ, મનથી મિટિનેરે;
દુઃખ દાવાનળની દાઝ, નાસે હઠીનેરે. ૨૪
પોતાનાં પછિ પ્રારબ્ધ, ભોગિયે પોતેરે;
એહેવિ લક્ષ કરોને લબ્ધ, યદુપતિ જોતેરે. ૨૫
ઐશ્વર્ય ઉઘાડો ઉર, કરૂણા કરીનેરે;
જ્યમ નાથનૂં નીરખું નૂર, દૃષ્ટે ભરીનેરે. ૨૬
દાસ વત્સલ છોડો દામ, આપે અમારોરે;
કર જોડી કહે કૃષ્ણરાંમ, દાસ તુમારોરે. ૨૭

લિ૦ ૧૭ પા૦ ૧૦

કીર્ત્તન ૨૭૬ મું.

દેશી ફેર.

પત્રરૂપે જીવાત્માએ કરેલું દેહ દુઃખ વર્ણન.

કાગદ માહારો કૃષ્ણચંદ્રજી, વાંચજ્યો વિશ્વનિવાસરે;
ઉત્તાવળો તેહેનો ઉત્તર લખજ્યો, દુઃખ જ્યમ વામું હું દાસરે. ૧
રંક જાંણી રમાનાથ ગુનો માહારો બકસોરે, બકસોને બલભદ્ર ભ્રાતા;
શ્રીધર સેવકને કરો શાતા, દીવ્યપદાર્થના છો તમે દાતા. રંક. ૨
સ્વસ્તી શ્રીદ્વારાવતિ નગરિ, મુક્તિપુરી મહીમાંહરે;
અખીલ લોકના આશ્રયરૂપી, યદુપતીજી વસે જ્યાંહરે. રંક. ૩
કોટી કોટી બ્રહ્માંડના નાયિક, શરણાગત વિશ્રામરે;
સહજમાં સર્વ સંતાપ નિવારક, નિર્મળ જેહેનાં નાંમરે. રંક. ૪
સચરાચર સઘળું વશ જેહેને, તારક જેહેની ટેવરે;
જેહેની પદરજને નિત્ય ઇચ્છે, નર મુનિ માનવદેવરે. રંક. ૫
કર્તું અકર્તું અન્યથા કર્તું, સદાય જ્યેહ સમર્થરે;
જેહેની આજ્ઞાને અનુસરતાં, નાસે અખીલ અનર્થરે. રંક. ૬
ચક્રવર્તિ જ્યે સર્વે શિરોમણી, શ્રીમહારાજા ધીરાજરે;
તે પ્રભુ પ્રત્યે પત્ર લખું હું, કરૂણા ઉપજવા કાજરે. રંક. ૭
દેહગાંમથી લિખીતંજન, જીવાજી કુમાવીશરે;
હસ્ત બાંધીને ભૂમી લગ્ન થઈ, ચરણ નમાવે શીશરે. રંક. ૮

વિગત્યબંધ હવે લખું વીનતી, કરણે ધરો કીરતારરે,
નરતનું નગરી તણો તમે આપ્યો, રૂડો મુંને રોજગારરે. રંક. ૯
પૂર્વે પશુ પક્ષી તણી પુરીયો, તેહેનો હતો અધીકારરે;
તેહેમાં ખોટ્ય લહી આજ આપ્યો, સુંદર શકો કટારરે. રંક. ૧૦
કુંમાવીશ હું કમાઈ કરવા, લક્ષ બોલી કરી રોકરે;
નવ મહિના કેડે નીકળિયો, સહજ શમાવા શોકરે. રંક. ૧૧
નવ દરવાજા કેરી નગરી, સાંહામું જોઈ થયો સજ્જરે;
દેઈ દુદામા દેહ નગરપર, ધારી ચઢાવ્યો ધ્વજરે. રંક. ૧૨
ત્યહાં એક સુધી સુંદરી પરણ્યો, પતિવ્રતા જયે પૂરરે;
કામાદાર કપટી તે તેમણે, દારા રખાવી દૂરરે રંક. ૧૩
જેથી સકળ પદારથ સાધે, દુખાવી તે ટાહીરે;
પીડાકારી પ્રવૃત્તિ સાથ્યે, વિહિવા મેળવ્યો વાહીરે. રંક. ૧૪
તેહેના સંબંધી સહુ મળી આવ્યા, જમીદાર તે જાડારે;
ચાકર થઈને પણ તે ચાલે, આજ્ઞા ઉલ્લંઘી આડારે. રંક. ૧૫
રાજ્ય મદે હુંને આવ્યો અંધાપો, દાખી ન જોયું દૃષ્ટરે.
તોશાખાનું મેં ન તપાસ્યું, સાન ધરી નહિ સ્પૃષ્ટરે. રંક. ૧૬
રાગ રાગણી નાચ તાંનમાં, ભવાઈ શુંણુતાં ભાંડરે;
કામાદાર કુટીલોયે હું કીધો, ડાહ્યો હતો પણ ડાંડરે. રંક. ૧૭
દંભાજી દેસાઇયે મુજને, વીખાંણુ કરીને વાહ્યોરે;
લોભાજી લશકરીની સાથ્યે; દસો દીશા હું ધાયોરે. રંક. ૧૮
કામાજી કોટવાળે મુજને, કામ કાંમણે કશીયોરે;
ફંદાજી ફોજ્યદારની સંગે, ફોગટ ફળમાં ફશીયોરે. રંક ૧૯
ક્રોધાજી કોઠારી તેણે, કોઠાર કીધો ખાલીરે;
અહંકારજી અદાલતવાળા, અપકીર્તિ તેણે આલીરે. રંક. ૨૦
મીથ્યા યત્નમાં મુંને મેળવ્યો, મોહાજી મુજમુદારેરે;
મમતાજી મુનશીયે મનમાં, મલીન કીધો ભારેરે. રંક. ૨૧
પ્રવૃત્તિ રાંણીયે કીધી પીડા, કૂડાં કરાવ્યાં કર્મરે;
મત્સરજી મેહેલદારે મુજને, ધારવા ન દીધો ધર્મરે. રંક. ૨૨
કુમત્તજી મોહોતે શરીયે તે, દાન દટંતર કીધુ રે;
કપટીજી કીલીખાંનાવાલે, ડાહાપણે તાળું દીધુંરે. રંક. ૨૩
તૃષ્ણાજી તોપખાંનાવાળે, દારૂ ગોળી ન સાંચીરે;

ક્લેશાજી કાજીયે કહીયે, સાચી કિતાબ ન વાંચીરે. રંકે. ૨૪
જડતાજી જણુશખાંનાવાળે, રૂડી જણુશ ન રાખીરે;
દોષાજી દશ ક્રોશીવાળે, આળસ રખાવી આખીરે. રંક. ૨૫
આનકજી ચાવડીયો વાલેં, ચેટક બહુ વળગાડ્યાંરે;
ડંમરજી દરવાનેં પાછાં, સુસંગ ગાડાં કાહાડ્યાંરે. રંક. ૨૬
શઠતાજી સબજી મંડીવાલા, સદા શળેલા ભરડેરેં;
પ્રપંચજી જે પોતદાર તેં, ધાહાડી દંતજ ઘરડેરે. રંક. ૨૭
નીષ્ઠુરતાજી નગરશેઠતે, લાવે નગરમાં ધાડાંરે;
ચંચળતાજી ચોકીદાર તેં, જોખ્યમ કરતા જાડાંરે. રંક. ૨૮
એણી વિગતે કામાદાર તે, અવળું ચાલે આપેરે;
લક્ષ નાંણું તે ઉપજવા દે નહી, સ્વાર્થવડે સંતાપેરે. રંક. ૨૯
એટલામાં સરકાર થકે એક, જરાસંધ ચોપદારરે,
આવ્યો તેણે લક્ષ્ય ન દીઠું, મોહોકમ દીધો મારરે. રંક. ૩૦
પરગણાં સર્વે પીડ્યાં તેણે, વાંચજ્યો તેહેની વિગત્યરેં,
પેટલાવાદમાં માલ ખપે નહી, છોછી થઇ છે છત્યરે. રંક. ૩૧
મુક્ષુવાદના ઘાટ રોકાયા, વેગે ન ઉતરે વસ્તરે;
શીર નગરી તે કંપવા લાગી, કર્ણપુરી ઉદ્ધસ્તરે. રંક. ૩૨
કર નગરીમાં કાંઇ રહ્યું નહી, પદ નગરી પીડાયરે;
લોચન પૂરનું નૂર ગયું વહી, નાસાપુરી નીગલાયરે. રંક. ૩૩
શિશ્નપુરી તે ભંગ થઇ ગઇ, ગુદ પૂરની ગતી ભાગીરે;
પૃષ્ઠપૂરી તે વળી બેવડી, કરપુરી કંપવા લાગીરે. રંક. ૩૪
દંતપુરીનો વંશ રહ્યો નહી, હૃદયપુરી થઇ રૂદ્ધરે;
કંઠપુરીમાં કાક કળકળ્યા, વાક્પુરની ગઇ શુદ્ધરે. રંક. ૩૫
પ્રવત્તિ પટરાંણી અકળાંણી, માહારૂં કહ્યું ન માંનેરે;
દેહ નગરમાં દાહ ઉઠીયો, કેશવ ધરજ્યો કાંનેરે. રંક. ૩૬
થોડુ લખ્યું તે ઘણું માનજ્યો, પીડાનો નહી પારરે,
રળવા અવ્યો પણ મૂડી ગમાવી, શ્રીધર કરજ્યો સારરે. રંક. ૩૭
લક્ષરોક નાંણું ન ભરાંણું, પડ્યો ન એકે ઉકેલરે;
કમાઈ કરવા મેં લીધોતો, નરતનુ નગરી મેહેલરેં. રંક. ૩૮
બુદ્ધિ વિનાનું બારે વાટ્યે, ગાંઠ્ય ગમાવ્યું નાંણુંરે;
હવે કરૂં શું હું તે હરજી, ત્રીકમ વીતું ટાંણુંરે. રંક. ૩૯

ગુનેગાર છું ઘણો તમારો, શ્રીધર આવ્યો શર્ણરે;
દુષ્ટ થયો પણ દાસ તમારો, સ્વામી રાખજ્યો સ્મર્ણરે. રંક. ૪૦
અસાવધાન રહે અથડાયો, કેદ રહ્યો નહી કાંમરે;
બાંધી મુઠી હવે જાય છે ઉઘડી, માધવ રાખો માંમરે. રંક. ૪૧
વૈભવ સઘળો વેહેવા લાગ્યો, માથે ગાજ્યું મર્ણરે;
કૃષ્ણરામનેં કૃષ્ણ સાચવો, અશર્ણ કેરા શરણરે. રંક. ૪૨
સંવત્ ૧૯૭૩ ફાલ્ગુન શુદ્ધિ ૫ ગુરૌ. લિ૦ કૃષ્ણરામ.

વી૦ ૧૮ ગા૦ ૩૭

કીર્ત્તન ૨૭૭ મું.

સેવકજનને છો સેહેલા, ગોવિંદ ગરિબનિવાજ. આવો અલબેલા.
વિઠ્ઠલજી વેહેલા વેહેલા, કિંકરજનનેં કાજ. આ૦ ૧
અખિલ જગતના ઇશ તમે, અમે તમારા દાસ. આ૦
પ્રભુજી પૂરો સમય સમય, આશ્રિતજનની આશ. આ૦ ૨
આજ શું અંતરધાન થઇ, બેઠા બળિને ઘેરચ. આ૦
ધણિ થઇને કાં ધારો નહિ, પ્રણત જનોની પેરચ. આ૦ ૩
નાથ અમે કયમ નિગમીયે, દોહ્યલા ભારે દિંન. આ૦
વિષય રતિ કયમ વિરમીયે, મેલ ભરેલે મંન. આ૦ ૪
સાધે ન સજ્જન સંગતિ, ઉઠે અતિ અંતરાય. આ૦
મનન કરે નહિ મંદ મતિ, વાત વિસરી જાય. આ૦ ૫
લોક લવેથી લુંટાઇએ, અવળા ચાલે અક્ષ. આ૦
કળ જાંણ્યા બિન કુટાઇએ, લૌકિક કેરે લક્ષ. આ૦ ૬
ભેદ દ્રષ્ટિથી ભોગવિયે, પાપ રચ્યા પ્રારબ્ધ. આ૦
જંજાલે મન યોગવિયે, લક્ષ થઈ નહિ લબ્ધ. આ૦ ૭
કઠિણ કળિના કાળમાં, રગડાઇએ અમે રંક. આ૦
જીવ પડયો છું જાળમાં, આડો વળિયો અંક. આ૦ ૮
અષ્ટ પ્રહર ને ઉદ્યમેં, પુરૂં ન ભરાય પેટ. આ૦
દંભાદિક તેમાંહી દમે, નિર્બળ જાંણિ ન્યેહ. આ૦ ૯
સાત સાંધણાં સાધતાં, ત્રુટી જાય છે તેર. આ૦
તોપણ જન બહુ બાંધતાં, વાત વાતમાં વેર. આ૦ ૧૦
ત્રિવિધ તાપના તાપથી, દોહો દિશ દીસે દાહ. આ૦

અહંમમતાના અદાપથી, ઉખડી જાય ઉત્સાહ. આ૦ ૧૧
પૂત્રાદિક પરિવારથી, અછતે છતે અદાપ. આ૦
વિષય તણા વ્યાપારથી, પૂરણ પ્રગટે પાપ. આ૦ ૧૨
સ્વાર્થ સધાયે નહિ તેણે, સગાં કરે છે રોષ. આ૦
મનકલ્પિત મારી મેહેણે, મતી કરે છે મોષ. આ૦ ૧૩
કરણ ન ઉતરે કૃષ્ણકથા, ઉઘડે નહિ ઓળખાંણ. આ૦
વિધ વિધની નિત્ય વધે વ્યથા, ન કળે પદનિર્વાંણ. આ૦ ૧૪
આભ્યંતર અકળાય છે, ઉકેલ ન પડે એક. આ૦
ભંગ ભજનમાં થાય છે, ત્રીકમ રાખો ટેક. આ૦ ૧૫
એક તમારો આશરો, નાથ નિભાવો લાજ. આ૦
કૃષ્ણજી આળસ કાં કરો, કૃષ્ણરામને કાજ. આ૦ ૧૬

વિ૦ ૨૨, પા૦ ૧

કીર્તન ૨૭૮ મું.

દેશી ફેર.

કૃષ્ણજી જીવન પ્રાંણ, અજી કાં ન મજથી બોલો;
સેવક જનને સુજાંણ, જાંણી ન દીજીયે ઓલો. ૧
કો આગળ કેહેવાશે, દુઃખ તે દોહ્યલું માહારૂં;
મૂહીયું કયમ સેહેવાશે, બાલથી બલવંત બારૂં. ૨
અદ્રષ્ટ દ્રષ્ટે પાડશો, તો મન સ્થિરતા થાશે;
કામ કીચથી કાહાડશ્યો, સુખથી તો જીવાશે. ૩
આહાવો અનૂપમ દેહ તે, વ્યર્થ જાય છે વાંમી;
સમતા નથી સંદેહ તે, જયેહ રહ્યા છે જાંમી. ૪
એકે પડે ન ઉકેલ, મનડું રહે ખમચાઈ;
મતિમાં વધારે મેલ, બેઠી જ્યે બલવંત બાઈ. ૫
સાધન કો ન સધાય, શરિરાદિક સૂકાણાં;
દાન શ્યાં દેઈ સકાય, નમળે નિર્મળ નાંણાં. ૬
પ્રચ્છક જનના પ્રષ્ણ, તે તણો જવાપ ન જાંણું;
કળના પડે નહિ કૃષ્ણ, ગમતું ગવાય ન ગાંણું. ૭
કયમ તરૂં તારૂં કયંમ, આપને અન્ય જનોને;
ઉકલે શો ઉદ્યંમ, માહારા કે પરના મનોને. ૮

મજથી સહુ જન એઠ, તે મુંને એહજ જાણે;
પ્રીતિ તમારી પ્રેઠ, ઓળખાઈ નહિ આ ટાંણે. ૯
આભ્યંતર અકળાય, અકલ એકે ન સૂઝે.
એહેવો ન લાભ્યો ઉપાય, જ્યે કરચેં +હૃદ્રુજ રૂઝે. ૧૦
હું છું ચરણને શરણ, તમને શ્રી શ્રીધરજી;
કૃષ્ણરામ તરુી કરણ, ધરજ્યો ઉતાવળિ અરજી. ૧૧
વિ૦ ૨૨ પા૦ ૨

કીર્ત્તન ૨૭૯ મુ.

દેશી ફેર.

તમે ગોવિંદ (૨) ગરિબનિવાજરે, માહારિ કરણી ન જોશો.
લક્ષ્મીવર (૨) રાખજ્યો લાજરે, માહારિ કરણી ન જોશો. ધ્રૂ. ૧
લક્ષ ચોરાશીના લેખમાં હું, ભટકયો વારંવાર,
અતિ ઘણી ભોગી આપદારે, હવે હરજી (૨) હું પામ્યો હારરે. મા. ૨
દામદારાના દામથી, કઈ વિધ બંધાંણા બંધ,
છબિલા તે હવે છોડિયેરે, તુમ સાથ્યેં (૨) સધાવિ સબંધરે. મા. ૩
*સંયમનીનેં ‡સ્વામિયે, મુનેં કઇ વિધ દીધા દંડ;
જો તે દિન પાછા આવશેરે, તોતો ખાસું (૨) બિરૂદ થાશે ખંડરે. મા. ૪
ચરણ શરણ જ્યે આવિયા તે, ગાંજ્યા કોહોના ન જાય;
વેદ વદે એમ નિત્યદારે, તેતો નિશ્ચય (૨) નિર્ભય થાયરે. મા. ૫
વ્યાસ વચનથી સાંભળ્યાં, તમે આદી અનાથના નાથ;
ચરણશરણ હું આવિયોરે, હવે હરજી (૨) ધરો હેતે હાથરે. મા. ૬
દોષ દક્ષન કરો દાસનાનેં, કર્મ કરો બક્ષીશ;
કરૂણા કરી મુનેં કાહાડિયેરે, મોહજાળ (૨) થકે જગદીશરે. મા. ૭
વિમલ કરો માહારી વાસના જયમ, વિષ્ણુ વધે વિશ્વાસ;
આશ્રિત સહિત ઉગારિયેરે, દિલમાંની (૨) દાસનો દાસરે. મા. ૮
અન્ય ઉપાધિ ઉઠે રખેં. એમ સાચવજ્યો દેઇ હાંમ;
એક છે આપનો આશરોરે, કર જોડી (૨) કહે કૃષ્ણરાંમરે. મા. ૯
વિ૦ ૨૨, પા૦ ૩

+ હૃદય ઘા. * યમરાયની સ્ત્રી. ‡ યમરાજ.

કીર્ત્તન ૨૮૦ મું.

દેશી પ્રેર.

આવ્યને તું નંદજીના, નંદન છોગાળા.
અવલોકું અલબેલા તાહારા, આંખ્યોના ઉલાળા. આ.
મસ્તક ઉપર મોલ્ય, તેના ઉપર ખોશિ કલકી;
જોવા જેવી જોઉં, તાહારા કુંડલોની ઝળકી. આ. ૧
કેસરિ તિલક મધ્યે, શ્યામ બિંદુ શોભે;
ભ્રૂનર્ત્તન જોવાને માહારૂં, મન ઘણું લોભે. આ.
કેશયૂથનો કશિને કેહેવો, બાંધ્યો છે અંબોડો;
કપોળ ઉપર વાંકડો શો, જોઉં અલકનો જોડો. આ. ૨
નાસીકાને નિરખું જેવી, દીપકની જ્યોતી;
તે નીચે લલકંતૂ દેખું, ભદ્ર જાતિનૂં મોતી. આ.
શ્રીવત્સની શ્રીને નિરખું, વક્ષમાં વિશાળા,
અવલોકું *આપાગ સુધિ, વૈજયંતિ માળા. આ. ૩
ઉર ઉપર માળાનાં મોતી, તેનાં નિરલું માપાં;
કરણ પાછળે કેહેવાં કીધાં, અણ્ગંધનાં છાપાં. આ.
કર્ણયુગલમાં કેહેવાં ખોસ્યાં, કર્ણિકારનાં ફૂલ;
પૂછું બાજુબંધ બેનું, શું બેહું છે મૂલ. આ. ૪
તુલશીનિ નવ મંજુરિકાનો, કોણે અરપ્યો હાર,
વક્ષસ્થળની શ્રી ઉપર કયમ, થઈ બેઠો શિરદાર. આ.
પહૂંચી પરમ બિશાળ તુજને, આહાવી કોહોણે આપી;
જોજ્યે બાજૂબંધ ફૂમતાં, કાંતો લેશે કાપી. આ. ૫
કડાં સાંકળાં મૂદડીયો જોઉં, કેહેવે ઘાટે ઘડિયા,
નાના વિધનાં નંગ ક્યાંથી, યશોદાયે જડિયા. આ.
કટિ કિંકણિ કેરી કેહેવી, ગાજે છે ઘુઘરિયો;
બહુવિધ બુટિદાર આહાવો, વાગો કોણે ધરિયો. આ. ૬
પીતાંબર પેહેરયું તે ઉપર, કચ્છ ભીડિયો શાને;
ગાયેછે મુરલીમાં સ્વરથી, કુંણ ગમતાને ગાને. આ.
પાગ ઉપરે નૂપુર કેહેવાં, રૂણઝુણ રૂણઝુણ વાજે;
એહેવો મોટો થઇને તૂં કાં, નાચંતાં નવ્ય લાજે. આ. ૭

---

* મસ્તકથી ચર્ણ સુધા.

નિરખું મણિના સરખા નખતેં, પાંગોની આંગુળિયે,
એકવાર આવો તો આપણ આલિંગનથી મળિયે. આ.
દુર્લભ આહાવો જન્મ જાય છે, અજીએ કાં નવ્ય ઝાંખે;
ઉંચ કરી મુજનેં પુરૂશોત્તમ, કાં પટકંતો નાંખે. આ. ૮
નયન આપિનેં નિર્મળ તાહારિ, છબિ કાં નવ્ય નિરખાવે;
અનેક અરજી શુંણિ તોપણ, કાં અવલોકનમાં નાવે. આ.
અલિષ્ટ થઈનેં કાં ઇચ્છે છે, સાધનનાં બળનેં;
કૃષ્ણ કૃપાકીલીથી ઉઘાડ્ય, કૃષ્ણરામની કળનેં. આ. ૯

વિ૦ ૨૨ પા૦ ૪

કીર્તન ૨૮૧ મું.

દેશી ફેર, છંદ.

શુણો કૃષ્ણ, પૂછું પ્રષ્ણ, ક્યાહારે વિતૃષ્ણ, કરસ્યો મંનને;
થઈ સંન્ય, મુજનેં ભવ્ય, કરશો દિવ્ય, દેઇ દરશંનને. ૧
ગુનેંગાર, હું છું અપાર, આ સંસારમાં, વહ્યો જાઉંછું;
નથિ ઠીક, પડતું બીક, થી હું અલીક, થી અકલાંઊછું. ૨
માહારૂં કષ્ટ, જોઇનેં દ્રષ્ટ, કાં અજી સ્પષ્ટ, ન કરો મેહેરની;
રમાનાથ, ગ્રહી માહારો હાથ, ને મજ સાથ, કરો લક્ષ લેહેરની. ૩
આપ્યો દેહ, જાણવી જયેહ, તો પરગેહ, શૂં ભટકાવવું;
કૃષ્ણરામ,નેં દેઇ હાંમ, સુંદર શ્યાંમ, વપુ નિરખાવવું. ૪

વિ૦ ૨૨ પા. ૫

કીર્ત્તન ૨૮૨ મું.

દેશી ફેર. ગરબાની ચાલ.

માહારી વીનતી વિનતિ, શ્રીધર સાંભળોરે;
પ્રભુનાથ પ્રભુનાથજી પરમાનંદ, યાદવરાય દાસને દરશણ દીજીયેરે;
હુંતો મંદમતી મંદમતિ, થાઉં આકળોરે,
નથિ છૂટતા છૂટતા, ફોકટ ફંદ. યા૦ ૧
હુંતો આપથી આપથિ, અતિ ઊલટું વહ્યોરે;
તેણે વીસરી વીસરિ, સઘળી સાંન, યા૦
ત્રણ્ય તાપથી તાપથી, હુંતો સદા દહ્યોરે;

ધારિ જોયું ધારિ જોયું, ન ધણિનું ધ્યાંન. ચા૦ ૨
મહા મોહથી મોહથી, ઊલટું ચાલિયોરે,
અથડાયો અથડાયો, હું વાર અનંત: ચા૦
હું વિછોહથી વિછોહથી, મદમાં માહાલિયોરે,
નથિ સેવ્યા નથિ સેવ્યા, કદા કોય સંત. ચા૦ ૩
આજ મેહેરથી મેહેરથિ, માંનવ દેહનેંરે,
તમે આપ્યો તમે આપ્યો, સુધારવા સરવ; ચા૦
વળિ લેહેરથી લેહેરથી, જણવ્યો જ્યેહનેંરે,
પહ્રાં કરવા પહ્રાં કરવા, પાંચે પરવ. ચા૦ ૪
એહેના સાધનનેં સાધનનેં, તે ભણાવિયાંરે,
જેનેં કીધાથી કીધાથી, કષ્ટ કપાય; ચા૦
વળિ જંનનેં જંનનેં, શાસ્ત્ર જણાવિયારે,
તોહ્યે મંનનેં મંનનેં, સ્થિરતા ન થાય. ચા૦ ૫
નથિ સાધતું સાધતું, સાધન હાંમથીરે,
ઉર માહારૂં ઉર માહારૂં, અતી અકળાય; ચા૦
કષ્ટ વાધતું વાધતું, ચાલે કાંમથીરે,
આહાવો જન્મ આહાવો જન્મ, વ્યર્થ વહિ જાય. ચા૦ ૬
હુંતો આશરે આશરે, આવ્યો છું આપનેંરે,
કરો કરૂણા કરો કરૂણા, નજરથી કાંમ; ચા૦
અનુવાસરેં વાસરે, જપતો જવાપનેંરે,
કર જોડી કર જોડી, કહે કૃષ્ણરામ. ચા૦ ૭

વિ૦ ૨૨, પા. ૬

કીર્તન ૨૮૩ મું.

દેશી ફેર.

આવો ઉજમેં ઉતાવળારે, કૃષ્ણ કૃપાસિંધુ;
સેવક કારણેં સાંમળારે, દેવ દીનબંધુ. ૧
હેલા હેત દેખાડિયેરે, પૂરવનિ જ્યે પ્રીતિ;
કિંકર કીચથી કાહાડિયેરે, ભાગિનેં ભવભીતિ. ૨
આપણ બે વચ્ચે ઉહિયુંરે, અવિદ્યા આવર્ણ;
તેણે લક્ષ માહારૂં લુટિયુંરે, વધારયું વિસ્મર્ણ. ૩

તેણે ચિત્ત ન ચૂકાવિયું રે, સાચું શ્રીધરનું;
મંગળકારિ મુકાવિયું રે, ગાવું ગિરધરનું. ૪
તેથી હું માહારાના માપનારે, ઠાલા ઉક્યા ઠગ;
પછી પૂણ્યને પાપનારે, ઢંગે વધ્યા ઢગ. ૫
ચૂકિ ચોરાશિ લક્ષમાંરે, અથડાયો અપાર;
વિફળ વિશ્વના વૃક્ષમાંરે, સાચે માનિ સાર. ૬
ભવરોગે હું ભારિયોરે, નિરોગી નિર્મળ;
વિરસ વિષય મેં વધારિયોરે, ફાંસુનેં લહિ ફળ. ૭
ત્રિવિધ તાપના તાપથીરે, હલુવા થયા હાલ;
હું માહારાના અલાપથીરે, ખોટા ખેલ્યા ખ્યાલ. ૮
શું જાણું જયે સંકેતથિરે, આપ્યો આ અવતાર;
હરે આપેં તમે હેતથીરે, કીધિ માહારિ સાર. ૯
સુઘડ સંતને મેળવ્યારે, સાચો થવા શોધ;
કરી સંગ મેં કેળવ્યારે, તેથિ લહ્યો બોધ. ૧૦
માહારા જાંણ્યા મેં નાથનેરે એક સખા ઇશ;
હવેં જોડી હું હાથનેરેં, ચરણેં નાંમું શીશ. ૧૧
ગુનેગાર ગોપાલનોરે, હું અજી અગાધ;
ક્ષમા કીજીયે બાલનોરે, એ અતી અપરાધ. ૧૨
માહારે આપનો આશરોરે, પતિત પાવન પરમ;
પ્રભો રાખજ્યો પાંશરોરે, સંભાળિને શરમ. ૧૩
મુંને હાથથી ન મૂકશ્યોરે, અનાથના નાથ;
ચિદાનંદ ન ચુકશોરે, દેતેં ધરિ હાથ. ૧૪
આહાવા અવસરમાં આવિયેરે, દેવાનેં દરશંન;
બિરૂદ આપના બતાવિયેરે, મનાવા મમ મંન. ૧૫
માહારાં સંકટ શમાવિયેરે, પોહોચાડિ પ્રારબ્ધ;
રમાનાથથી રમાવિયેરે, લક્ષ કરિ લબ્ધ. ૧૬
અતિ આતુરતા ભાગિયેરે, જીવનિ જગજીવંન;
જવનિકા તજી જાગિયેરે, દીજીયે દરશંન. ૧૭
ઉરેં ઇશિતા ઉઘાડિયેરે, છોગાળા છત્યની;
સંજીવનિ સૂંઘાડિયેરે, બૂટિ બાબત્યની. ૧૮
પ્રભુતા પરખાવિયેરે, ઉરેં આવીનેં;

નજરે નિરખાવિયેરે, ભૂત ભાવીને. ૧૯
ઉર અરજીયો ધારિયેરે, દાસની દયાલ;
કૃષ્ણરામને તારિયેરે, બાપ માંની બાલ. ૨૦

વિ૦ ૨૨ પા૦ ૭

કીર્તન ૨૮૪ મું.

દેશી ફેર. "આજ વધાઇ" એ ચાલ.

હો વિઠલ આવોને વેહેલા,
સદા નંદ સેવકને સેહેલા. હો. ધૃ. ૧
શાંને માહારાં કરમ જુવો કૂડાં,
અધ્યાસેંથિ આ વશ્યા ઉંડાં;
કુચ્છિતને જોયાનું શું કારણ,
નથિ એહેમાં ત્રીકમજી તારણ. હો. ૨
અલેહેતાંથી કર્મ કરચાંતાં અમે,
ત્યાહારે સહુમાં સત્તા આપીતિ તમે;
તમારી સત્તા થકે નિપજ્યાં,
ભુલ્યે મેતો માહારાં માની ભજ્યાં. હો. ૩
આ ઇંદ્રિયો પ્રાણ મનો કાયા,
એથી બન્યા ધન સુત ગ્રહ જાયા;
એતો મુંને માયા આવી વળગી,
અંધ્યાસેંથી થાતી નથી અળગી. હો. ૪
ઉરે લોભ કામ ક્રોધ કીડે,
પ્રગટ મદ મોહ મત્સર પીડે;
અવિદ્યા કરી આવર્ણ નડે,
જોરાવર જંજાળે જકડે હો. ૫
મુંને નથી ઉકેલ કો પડતો,
સાચો નથી શોધ કશો જડતો;
શુણ્યો સર્વ શાસ્ત્ર તણો નિરણે,
આવ્યો તુમ ચરણ તણે શરણે. હો. ૬
તમ્યો છો શરણ વત્સલ સ્વામી,

અખિલ કેરા અંતરયામી;
તમને શું કેહેવું પડે કેશવ,
ઘણી માહારિ વાહાર કરો ધવ ધવ. હો ૭

તમારા બલવંત બિરૂદ બહુ,
તેને વેદ શાસ્ત્ર વિખાણે સહુ;
તમે પ્રભુ પતિત પાવન કાહાવો,
પ્રતીતિ તે મુંને પરખાવો. હો ૮

જવનિકા દૂર કરો જાડી,
પ્રભૂત પ્રભૂના પેખાડી;
તમારે હાથ સકલ બાજી,
શું કરશે પાપાદિક પ્યાજી. હો. ૯
કારયમાં કર્માદિક જાંણ્યા,
સ્વપ્ન સરખાં તે પરમાણ્યા;
તમ્યો છો જીવના સત્ય સખા,
કાહાડી નાંખો કલિમલ કેરી કખ હો. ૧૦

હવે જો કર્મ માહારાં જોશ્યો,
પોતાનાં બિરૂદ પોતે ખોશ્યો.
શરણ આવ્યા તેને સંભાળો,
તતક્ષણ તાપ માહારા ટાળો. હો. ૧૧

ઉરે ઈશ્વરતા ઉઘાડો,
સંજીવની મૂલી સૂંઘાડો;
જ્યારે આપી માનવતનુ સરજી,
ત્યારે મુંને હાથ્ય રાખો હરજી. હો. ૧૨

હરે માહારી આતુરતા જાંણો,
રહસ્ય હૃદય સમજી છાંણો:
ઘણી મુંનેં ઉગારો કર ધરીનેં,
કહે કૃષ્ણરામ ફરી ફરીનેં. હો. ૧૩

વિ૦ ૨૨ પા૦ ૧૧

કીર્ત્તન ૨૮૫ મું.

હું તમારે આશરે, તમે નાથ માહારારે;
ગુણ કદી ન વિસરે, ત્રીકમ તમારારે. હૂં. ૧
જેણે આપી માનવ પદવિ, ફરતાં ચોરાશિરે;
વિઠલ કહું છું વિનવી, હવે હોય ન હાંશિરે. હૂં. ૨
પશુ પક્ષિ કેરા ફેરથી, થાકયો ભમીનેરે;
માધવ તમારી મેહેરથી, હવે રહું શમીનેરે. હૂં. ૩
સાધન સરસ શીખાડિયે, જેથી પ્રભુતા પામુરે;
પ્રતીતિ પૂરણ પેખાડિયે, જેથી વેદના વાંમુરે. હૂં. ૪
હવે કર્મ ન જોશયો કારમાં, મેહેરબાંનિ કરિનેરે;
આ શોક સિંધુ સંસારમાં, રખે નાંખો ફરિનેરે. હૂં. ૫
પ્રભો પ્રેમ પૂરણ પ્રગટાવીયે, મુંને માહારો માંનીને;
રસના વડે રટાવિયે, દીનબંધૂ દાનીને. હૂં. ૬
પ્રીતી પૂરણ પમાડીયે, રૂષીકેશ રૂડીરે;
પેશી રહી તે કાહાડિયે, અવિદ્યાં ઉંડીરે. હૂં. ૭
હું કઈ કલ્પથી આથડૂં, તમે સર્વ જાંણોરે,
શોક મોહાદિકમાં શડૂં, વિષયે વણ્ઝાંણોરે. હૂં. ૮
હું તો શરણ આવ્યો સામળા, હવે શરમ રાખોરે;
ઉરથી તજીને આંબળા, દયા દ્રષ્ટે દાખોરે. હૂં. ૯
હું પતિત કઈ કાળનો, તમે પતિત પાવનરે;
બકસો ગુંનો મજ બાળનો, નિર્બળનો નિભાવનરે. હૂં. ૧૦
જયે જે આવ્યા તવ શરણેં, તેને પ્રીત્યે પાળ્યારે;
કેશવ કથાને કરણેં, શુણતાં સંભાળ્યારે. હૂં. ૧૧
નામ તમારૂં રટતાં, અજામિળ તારયોરે;
ગજરાજને જૂડે ઝટતાં, આવી ઉગારયોરે. હૂં. ૧૨
શ્રીદામા સંતોષિયો, તાંદુલ આરોગેરે;
પેશી ગુફામાં પોખિયો, મુચકુંદ યોગીરે. હૂં. ૧૩
બહુલાશ્વને ઘર જઈને, યુક્તી જણાવીરે;
શ્રુત દેવને સદને રહિને, શીક્ષ્યા શુણાવિરે. હૂં. ૧૪
કેટલી ભલાઇ ભાખિયે, ઉગારયા ઝાઝારે;
એ રીત્યે માહારિ રાખિયે, સાંખ્યજી માઝારે. હૂં. ૧૫

દેવ દરવાજો ખોલિયે, આવરણુ કાહાડીરે;
મુજ બાળ્યકથી બોલિયે, દામોદર દાહાડીરે. હૂં. ૧૬
ઉરની અકળાંમણુ ભાગિયે, છળથી છોગાળારે;
કૃષ્ણુરામ કેહેવાઇ ન ત્યાગિયે, કૃષ્ણુરામને કાળારે. હૂં. ૧૭
વી૦ ૨૨ પા૦ ૧૨

કીર્તન ૨૮૬ મું.

દેશી પ્રેર.

અરજી શુણુજ્યોરે અવિનાશી, કયમ થઈ બેઠા વૈકુંઠવાસિ;
કેશવ તમનેંરે કરગરીયે, કઇ દિનથી અમે અરજી કરિયે. ૧
કાન તમારારે કયહાં મૂકયા, ચાકરનૂં ચિંતન કયમ ચુકયા;
બિરૂદ તમારાં જ્યે માહા બળિયાં, કથળ્યાં કે શૂં કીયે કળિયાં. ૨
અંતર સાક્ષીરે કેહેવાઓ, ધણિ કાં વાહારેં વેગેં ન ધાઓ;
સર્વજ્ઞ થઇનેંરે સ્વાંમી, આજ ગયા કયહાં અંતરયામી. ૩
કરૂણાસાગરરે કેહેવાઇ, પુરૂષોત્તમ કાં જાઓ પલટાઇ;
કૃપણુ વત્સળ કેહેવાઈ હે કાળા, અમથી કાં ભરિયા ઉચાળા. ૪
દેવ કેહેવાઇનેંરે દાતા, સેવકનેં કાં ન કરો શાતા;
દીનદયાળ તણૂંરે બાનૂં, દીન પીડાતાં રેહેશે શાંનું ૫
ભક્ત મનોરથનારે પૂરક, ચ્યૂપ થઇ બેઠા કાં દુખ ચુરક;
અનાથ બંધુરે થઇનેં, અમ માટે પેઠા જઇનેં. ૬
કષ્ટ વિમોચકરે કેહેવાયા, અમ ઉપર નાંખો કાં માંયા;
આનંદઘન કેહેવાઇરે આપે, અમનેં વિલપાવો કાં વિલાપેં. ૭
દુઃખ વિયોગનાંરે કાપો, અલબેલાજી દરશંન આપો;
નથી સંકટનેરે સેહેવાતું, અમ રંકોથી રહ્યું નથી જાતું. ૮
કૃપણુ અમે કોહોનેરે કહિયે, સેવક થઈ સંકટ કયમ સહિયે;
કેશવજીનારે કેહેવાઇયે, અજીયે કયહાંસૂધી અથડાઇયે. ૯
શરણાગતનારે વત્સલ, કાં નવ્ય ઉઘાડો માંહિલી કળ;
કરણી સાંહાંમૂરે નવ્ય જોઇયે, કિંકરનાં કલિમલનેં ધોઇયે. ૧૦
આળસ તજીનેંરે આવો, બાળ્યકનેં તે બિરૂદ બતાવો;
આભ્યંતરનેંરે ઉઘાડો, ભૂત ભાવિનેં નજરે પાડો. ૧૧
કેટલું કહિયેરે તમનેં, તુમ બિન અન્ય સખા નહિ અમનેં;
અંતર પટનેંરે ખોલો, કૃષ્ણુજી કૃષ્ણુરામથી બોલો. ૧૨
વી૦ ૨૨, પા. ૧૬.

કીર્તન ૨૮૭ મું.

દેશી ફેર.

વાહાલા વાહાલપણું નિરખાવ્ય. ધૃ. ૧
પતિત પાવન તાહારૂં બિરૂદ અનાદી, અમને તે ઓળખાવ્ય;
છાતિમાં છુપિ છુપિ કાં રહે છે, અવલોકનમાં આવ્ય. વા. ૨
કાંઇક દિનથી હું તો અરજી કરૂં છું, કાંઇક ઉત્તર કહાવ્ય;
શરણવત્સલ જ્યે નાંમ ધરયું છે, બાળ્યકને બતાવ્ય. વા. ૩
મજનેં તો આશ્રય એક તિહારો, તમનેં ફરીનેં ન તાવ્ય.
કૃષ્ણરાંમની કળ ઉઘાડ્ય કાંઇ, તું તાહારૂં બિરૂદ નિભાવ્ય. વા. ૪

વિ૦ ૨૨ પા૦ ૧૭

કીર્તન ૨૮૮ મું.

કરૂણાના સાગર માહારો, કાં ન સુંણોજી પુકાર. ધૃ.
અંતર સાક્ષિ વસો છો આભ્યંતર, કે શું ગયા છો કેદાર. ક. ૧
ઇંદ્રિયો સકલ ઉદ્યોત કરો છો તમે, પ્રવૃત્તિ નિવૃત્તિ પ્રેરણાર;
શકયતા નહિ કોયની તુમ પાખેં, સર્વના તમે શિરદાર. ક. ૨
વિદ્યા અવિદ્યા વશ છે તુમારે, જેના અતુલ અધિકાર;
પેહેલિ પ્રેરો ત્યારે મુક્તિ ભાસે, બીજીયેંથી સંસાર. ક. ૩
મહત્વાદિક મોહોટા ઘણા જે, સૃષ્ટીના સરજણહાર;
તે પણ તુમથી સત્તા પામ્યા ત્યારે, કેહેવાણા કરતાર. ક. ૪
સ્વયંભુનું પણ સૂત્ર ગુંથાયું, ત્યારે ન ઉકલ્યો તાર.
કરૂણા કરી તમે વેદ વિસ્તારયા, અંતર કરીનેં સંચાર. ક. ૫
સાધન સહુ વશવર્તિ તમારે, જ્યેં અંતરી જ્યે આહાર;
પ્રેમ તમારો પ્રેરયો કરે તે, વૃત્તિનેં કૃષ્ણાકાર. ક. ૬
એક તમેં ને અનંત તમે છો, નિર્ગુણ ગુણભંડાર;
સહસ્ર મુખેંથી શેષ રટે તોહ્યે, પાંમે ન પૂરણનો પાર. ક. ૭
કિંકર જાણિ મુને કરૂણા કરો હવે, અથડાવો ન આવાર;
કૃષ્ણરામને કૃષ્ણ તુમારો, એક અતુલ આધાર. ક. ૮

વી૦ ૨૨ પા૦ ૧૭

કીર્તન ૨૮૯ મું.

દેશી ફેર.

આવો નટવરનંદનના નંદનરે, સાંમળિયાજી સાંભળીયે.
અવિનાશી અઘૌઘ નિકંદનરે. સાં.
તમે અચ્યુત આપે કાહાવીરે. સાં.
આજ આળસ ધરો ક્યમ આહાવીરે. સાં. ૧
મુંને છેક છબિલા ન છળિયેરે, સાં.
મેહેરબાની કરીનેં મળિયેરે; સાં.
માહારૂં જોર કીયું તે જાંણોરે, સાં.
તમે તાત થઈ નંચ્ય તાંણોરે. સાં. ૨
જ્યમ બાલ બીહે હાઉ દેખીરે, સાં.
તેને તાત ન મૂકે ઉવેખીરે. સાં.
બાલ બિહિતું થરથર કાંપેરે. સાં.
તેને તાત તે ઉરથી ચાંપેરે. સાં. ૩
ત્યમ કાંમ ક્રોધ મત્સરથીરે. સાં.
દેખી હું ડરૂં તેહેના ડરથીરે. સાં.
માંહારૂં મન તે થરથર ધ્રુજેરે. સાં.
સખા સાધન એકે ન સુજેરે. સાં. ૪
માટે પ્રભુનેં નિત્ય પૂકારૂંરે. સાં.
છુટી સકવા ગજું નથી માહારૂંરે. સાં.
તમે સર્વ પ્રકાર સુધારોરે. સાં.
અર્ભકનેં આવી ઉગારોરે. સાં. ૫
માહારે માંથે તમે છો નાયકરે. સાં.
નિર્બળને નિર્ભય દાયકરે. સાં.
પ્રૌઢ પુત્ર પોતે રળિ જ્યમશેરે. સાં.
ન્યાંહાનાં બાલ તે તાતનેં નમશેરે. સાં.
ત્યમ કૃત ત્રેતા દ્વાપરનારે. સાં. ૬
જ્યે જીવતે બિનમત્સરનારે. સાં.
તેતો સાધન સબળા કરતારે. સાં.
તારી કેસે આપે તરતારે. સાં.

દ્રઢ ધીર્ય હ્રદયમાં ધરતારે. સાં. ૭
જેને તૃષ્ણા ન સકતી તાંણીરે. સાં.
તેતો પાંમતા તમને પાંણીરે. સાં.
અમે કલિયુગમાં અવતરીયારે. સાં.
હ્રદે રાગ રોષને ભરીયારે. સાં. ૮
અમથી તો સાધે ન સાધનરે. સાં.
મેલ ભરીયાં અમારાં છે મનરે. સાં.
માટે દ્રઢ ધીરજ નથી રેહેતીરે. સાં.
વૃત્તિયો નથી વશમાં રેહેતીરે. સાં. ૯
પ્રૌઢ પાપે રચ્યાં પ્રારબ્ધરે. સાં.
માટે લક્ષ્ય થતી નથી લબ્ધરે. સાં.
તેહેમાં સહુથી હું બહુ પાપીરે. સાં.
ઉર ઉઘડ્યું નથી અદ્યાપીરે. સાં. ૧૦
ભણ્યો ભાગવત ગીતા ભાષ્યરે. સાં.
તોહ્યે હ્રદય થયું ન પ્રકાશ્યરે. સાં.
વ્યાસ કેહેવાઈ વગોવાઉંરે. સાં.
સ્થિરતા બિન થાંથો થાઉંરે. સાં. ૧૧
ભગવજ્જન પૂછે ભાવિરે. સાં.
તેહેને હું શું સકું બતાવીરે. સાં.
હવે શી ગતી માહારી થાશેરે. સાં.
તુમ પાખે ક્યાંહાં કેહેવાશેરે. સાં. ૧૨
કરૂણા કર કરૂણા કરીયેરે. સાં.
બાળ્યકને બાંહે ધરિયેરે. સાં.
માહારી કૃષ્ણ ન જોસ્યે કરણીરે. સાં.
હૂંતો છું અવળો આચરણીરે. સાં. ૧૩
હું ચરણ શરણ છું દાસરે, સાં.
સંભાળ કરો શ્રીનિવાસરે; સાં.
તમે શરણાગત વિશ્રામરે. સાં.
પાળો પતિત પાવન નાંમરે. સાં. ૧૪
મુંને પકવ પ્રતીતિ દીજેરે, સાં.
જ્યમ મનડું માહારૂં રીઝેરે; સાં.

માહારી વૃત્તી કરો વિતૃષ્ણુરે, સાં.
કૃષ્ણુરામથી બોલો કૃષ્ણુરે. સાં. ૧૫

વિ૦ ૨૨ પા૦ ૨૧

કીર્ત્તન ૨૯૦ મું.

દેશી ફેર.

પ્રતીતિ આપો પ્રિયતમરે, વિસ્મરણ વિસરવા;
વૃત્તિયોનો થાવા વિરમરે, ધૃઢતા મન ધરવા. ૧
કઇક કાલથી કૃપણ પુકારૂં, બાલ જાણીને ઉઘાડીયે બારૂં;
ઉરથી આઘુ ખસે અંધારૂ, અનૂકુલ બને ઉદ્યમરે. વિ. ૨
લક્ષ થવાને ઉઘાડો લોચન, વિવેક દ્યોતિયે વિશ્વ વિરોચન;
પરિ વેદના કરવા પરિમોચન, શિઘ્ર શુદ્ધ જગાવો શમરે. વિ. ૩
ભૂત ભાવીને ભવત્ સમજાવો, ભક્તિ રસીક જન સંગ ભજાવો;
વાસના વિષય તણી વરજાવો, પછિ પૂછિ સકે નહિ યમરે. વિ. ૪
પતિતપાવન જયે બિરૂદ ધરયુંછે, સ્થિરથઇ તે માહારે ચિત્તે ઠરયુંછે;
કૃષ્ણુરામ કહે કારય સરયું છે, ભુધર તેહેનો ભાગો ભ્રમરે. વિ. ૫

વિ૦ ૨૨ પા. ૨૨

કીર્ત્તન ૨૯૧ મું.

ક્યાહારે બોલશો કરૂણાકરરે, મેહેરબાન મુરારે;
સેવકના સખા શ્રીધરરે, વેગે આવવા વાહારે. ધૃ. ૧
નિત્ય પુકાર નવો મે કીધો, દીનવત્સલ તેહેનો જવાપ ન દીધો.
હવે કાહાવશો ક્યાહારે ખબરચરે, મેહરબાન મુરારે. ૨
જીનગાની હવે લાગી જાવા, લક્ષ્ય તણો નવ્ય લાવ્યો લાહાવા;
કૃપાલ કાં કરો કાવાદાવા, આહાવો પામશ્યો ક્યાંહા અવસરરે. મે.૩
વિષમ નડેછે વિયોગ તમારો, ઉગરવાનો નથી કોય આરો;
આપનો યશ અંવલોકી ઉગારો, શરણાગતને સત્વરરે. મે. ૪
ભવ્ય ભરૂંસેથી દીલ ભરીયે, પ્રતીતિ આપવા જવાપ ઉચ્ચરીયે;
કેવળ કરૂણા કરિને ધરિયે, કૃષ્ણ કૃષ્ણુરામનો કરરે. મે. ૫

વિ૦ ૨૨, પા૦ ૨૩

કીર્તન ૨૯૨ મું.

પ્રશ્નરૂપ ગુણ વર્ણન.

આવો તજી મન આંબળો, રંગ રીઝે, (૨) પ્રભુજી મજ પાસ,
સંશય કહું તે સાંભળો, તેના દીજે. ઉત્તર અવિનાશ. આ. ૧
આદિ અભેદ છો જો તમે, ત્યારે માયા, (૨) કુણ બીજી વસ્ત;
જેના ભમાવેલા ભમે, જન વાહ્યા, સંસારિ સમસ્ત. આ. ૨
આપ્ત કાંમ જો આપથી, છો છબીલા, (૨) પૂરણ પરબ્રહ્મ;
આપ ઇચ્છાના પ્રતાપથી, બહુ લીલા, કરો કેશવ કચ્યંમ. આ. ૩
ક્ષેત્ર સકલ મધ્યે હૃદિ, ક્ષેત્રજ્ઞ, (૨) છો એકજ આપ;
કોણ ભોગે છે ફરીફરી, થઇ અજ્ઞ, ત્રણ્ય ભાતિના તાપ. આ. ૪
અંશ તમારો આવર્ણથી, કચમ આંજ્યો (૨) અવિદ્યાથી જાય;
જીવ જરા ભય મર્ણથી, ગયો ગાંજ્યો, તે કયમ કેહેવાય. આ. ૫
વ્યાપક આત્મા જો ઠરે, ત્યારે તેનેં (૨) શો ભ્રમવાનો ભર્મ;
આપે અકરતા તો કો કરે, ધરિ દેહનેં, કઈ વિધનાં કર્મ. આ. ૬
આત્મા એક સહુનો યદા, ત્યારે બહુની (૨) ગતિ કાં ન કળાય;
એક છુટે જ્યારે આપદા, સાથે સહુની, કાં મુક્તિ ન થાય. આ. ૭
માયા મરચા વિના લિંગનું, કયમ છૂટે, (૨) બંધન બલવાન;
ચિત્ત વિષયના સંગનું, તે ન ત્રુટે, સાંધ્યૂં સંધાન. આ. ૮
પ્રકૃતિ વિનાથી પુમાનનેં, જન જાંણે, (૨) અળગો કયમ એક;
પુરૂષ વિનાથી પ્રધાનને, પરમાંણે, છૂટચે કયમ છેક. આ. ૯
જ્ઞાંન થાય કદી સાંભળે, સુમતિથી, (૨) આવે ઓળખાંણ,
તરત થયું તે તો ટળે, પ્રકૃતીથી, કયમ થાય કલ્યાંણ. આ. ૧૦
સહુજન ચાલે સ્વભાવથી, નવ્ય ત્યાગેં, (૨) વિજાતિનો વેષ;
બહુવિધ શાસ્ત્ર બણાવથી, તારે લાગેં, કોહોંને વિધિ નિષેધ. આ. ૧૧
જીવ ઇશ નથી જૂજવા, જ્યારે અંતેં, (૨) નિત્યે નિજ તંત્ર;
સેવ્ય સેવક ત્યારે કાં હવા, કહ્યા સંતે, કાં નિયમ્ય નિયંતૃ. આ. ૧૨
અનાવરિત આત્મા હશે, તો તેંહાનેં (૨) કયમ મોક્ષને બંધ;
જેંને કલંક નથી કશે, એહેવાને, કાં થયો ગુણ ગંધ. આ. ૧૩
નિત્ય મુક્ત આત્મા યદા, તેનેં આશી (૨) મુક્તીની આસ;
સત્ય સ્વરૂપ જો છે સદા, એ ઉદાસી, ત્યારે કાં અધ્યાસ. આ. ૧૪
પંચભૂતનાં પેહેરીયા, અંગરખા (૨) આત્માયે અપાર;

ઉચ્ચ નીચ કહિયે કિયાં, સહુ સરખાં, દીસે નરનારચ. આ. ૧૫
વિશ્વ વૃક્ષના નીડમાં, બેઠા ચોગે (૨) પક્ષી બે પવીત્ર;
એક ભર્ચો કયમ ભીડ્યમાં, ભુલી ભોગે, મુક્યો કયમ મીત્ર. આ. ૧૬
જાગૃત સ્વપ્ન સુષૂપ્તિયો, કયમ લાગે (૨) એકલને અંગ;
જૂદો જગાધિ જુવે કીયો, નિત્ય જાગે, રહિ આપે અસંગ. આ. ૧૭
કોણુ પૂણ્ય પરતાપથી, એક સુખિયો (૨) રહે શુદ્ધ સુજાંણુ;
કિયા પૂર્વના પાપથી, થઈ દુખિયો, રહે એક અજાંણુ. આ. ૧૮
હાકનાર જ્યમ હાકશે, જેણું રસ્તે (૨) વેહેશેજી વેહેલ;
રાખો કહે ત્યહાં રાખશે, પરહસ્તે, એ બિચ્ચારા બેલ. આ. ૧૯
જીવ ઇશનો પ્રેરિયો, કર્મ કરશે (૨) રગડાશે રાંક;
માયા ઘેનથી ઘેરિયો, કેનો ઠરશે, વિઠલ એ વાંક. આ. ૨૦
હાથ પાગ બાંધી કરી, જલ ઉંડે (૨) નાંખ્યો જેને નાથ;
આપેસ કે કયમ ઉદ્ધરી, તેતો બૂડે, જો ન પકડો હાથ. આ. ૨૧
ભલા દિસો જ્યમ ભૂધરા, ત્યમ કરીયે (૨) સ્વામી સંભાળ;
લક્ષ ધરી લક્ષ્મીવરા, હવે ધરિયે, જનની જંજાળ. આ. ૨૨
વિશ્વેશ્વરા વાંકા વહો, સહુ સાથ્યે (૨) શું ન ધરો નાક;
છેતરી કયમ છાંના રહો, નથી માથે, કો ધણિની ધાક. આ. ૨૩
નિર્ગુણ છો ત્યારે નાથજી, કયમ ધરિયું (૨) પૂરૂષનૂં રૂપ;
બ્રહ્માજીયે ઓળખ્યું ભજી, દ્રઢ કરિયું, અંતરમાં અનૂપ. આ. ૨૪
અક્રિય છો ત્યારે આપથી, કાં વછોડ્યાં (૨) પ્રકૃતીથિ સત્વ;
પ્રીત્યે પોતાના પ્રતાપથી, કયમ જોડ્યાં, જીવાડીને તત્વ. આ. ૨૫
અવયવ જો તમને નથી, તો હજારો (૨) કયમ કરપદ કર્ણ;
પ્રાંણી તમારાં પ્રાંણથી, સહુ ધારો, કયમ અશરણ શર્ણ. આ. ૨૬
વેદ તણી વિધિયો ઘણી, કહો મીઠી (૨) કાં ભુલાવો ભર્મ;
પુત્રી હતી પોતા તણી, કાં ન દીઠી, સંભાળિ ન શર્મ. આ. ૨૭
આપે અકરતા છો તમે, ત્યારે હરજી (૨) તમે ત્રિભુવન તાત;
કલ્પ કલ્પ કેરે સમે, કાં સરજી, સૃષ્ટી બહુ ભાત્ય. આ. ૨૮
દક્ષની પરણ્યા દીકરી, દાંન લીધું, (૨) ભલિ ભાગી ભૂખ;
અસુર યજ્ઞસહ સંહરી, વળિ કીધું, કાં મેષનું મુખ. આ. ૨૯
પ્રેષ્ટ જાંણીને પ્રાંણના, ત્યહાં થપાવ્યા, (૨) કરિ કોટના નાથ;
ભોળા કેહેવાઇને બાંણના, કાં કપાવ્યા, પાસે રહિને હાથ. આ. ૩૦

કોશ સુંપ્યો ભંડારિને, લેઈ દીક્ષા, (૨) સાચવવું આહાંઓ;
ભસ્મ ચરમ વપુ ધારિને, છતે ભીક્ષા, માંગી કાં ખાઓ. આ. ૩૧
ચતુરપણે ચતુરા ચકી, તમે શાંને, (૨) થઈ આત્મારામ;
મોહ થયા મોહિની થકી, મનમાંને, કયમ બાળ્યો કાંમ. આ. ૩૨
ભસ્માંગદના ડરપને, ધરિ કંપ્યા, (૨) ન શકયા લેઈ વેર;
ઉર સોહાવી સર્પને, કયમ જંપ્યા, જીરવીને ઝેર. આ. ૩૩
નાચ્યા તમે કયમ નગ્ન થઈ, મૂકીને, (૨) જગદીશનો ટેક;
પુત્ર હણ્યો કર શૂલ ગ્રહિ, ચૂકીને, કયમ એકજ એક. આ. ૩૪
ઉત્તમ થઈ ઉલટુક શું, આચરો છો, (૨) પૂજાવીને લિંગ;
વિશ્વ વસાવ્યું જયે વશું, કાં કરો છો, ભલા થઇને ભંગ. આ. ૩૫
મેળ નાખ્યો શું મૂળનો, કરચે કંઠે (૨) કાં કુંડલ એક;
તકીયો મળ્યો ન શું તૂલનો, ધરચો પૃઠે, કાં હલનો ટેક આ. ૩૬
લાંચ લેઈ અગિયારથી, વારેવારે, (૨) શું દહો ત્રૈલોક,
સંચય શું કરો સ્વારથી, વહિ ભારે, ઝોકીને ઝોક. આ. ૩૭
ફેરી ફરો અંતરિક્ષ રહી, નિત્ય નેકે, (૨) કાં તજી ઘરસૂત્ર.
નગથી પગ પામે નહી, એમાં એકે, સારથી કે પુંત્ર. આ. ૩૮
બ્રાહ્મણના છો પાલકા, તો જયમાડો, (૨) ધરિ પૂરણ પ્રીત્ય;
સાઠ્ય સહસ્ત્ર રૂષીબાલકા, કાં ભમાડો, પાછ્યે પગે નિત્ય. આ. ૩૯
જલ જગતિનું હરો ભમી, ન નિહાળ્યે (૨) કાં ભલા થઇ ભર્ગ;
તર્ષા તોહ્યે શું નથી શમી, ત્રણ્ય કાળે, અજી ઇચ્છો અર્ઘ્ય. આ. ૪૦
માસે માસે લ્યો નવા નવા, સખા સાથ્યે, (૨) જુવો અયન અનૂપ;
ખોયું ફરોછો શું શોધવા, નાવે હાથ્યે, રાત્રીતણું રૂપ. આ. ૪૧
જયે કોય જાય તમને મળી, તેની ચોકી, (૨) શું કરો થઈ દેવ;
નાવવા ઘો પાછો વળી, રહો રોકી, એ શિ તમને ટેવ. આ. ૪૨
પેટ પૂરૂં ન ભરે કદા, કે ડરોછો (૨) મૂષકને દસ્ત;
કે સેવક કાજયે સદા, એ ધરોછો, મોદક એ હસ્ત. આ. ૪૩
વૃત્ત કુંઆરાં આચરો, રહિ શુદ્ધ, (૨) તો ધરો કાં દંડ;
સુંદર થઇને સુંદરી, કરિ યુદ્ધ, કાં હણ્યા ચંડ મુંડ. આ. ૪૪
આત્મ સ્વરૂપ અભિન્નને, જ્યારે બોધો (૨) કરિ સત્ર સમાજ;
વૈકુંઠ જઇને અન્યને, શાંને શોધો, દરશનને કાજ. આ. ૪૫
એજ સ્વરૂપ અકુંઠથી, રહ્યું વ્યાપી (૨) જ્યારે જાણો વિચ્યાર;

ત્યારે તમે વૈકુંઠથી, શાને શાપી, પાડ્યા પ્રતિહાર. આ. ૪૬
શાંતરૂપ જ્યારે છો યતી, કયમ બળિયા (૨) ત્યારે સાઠ્યહજાર;
દરશને કાં ન થઈ ગતી, મોક્ષ મળિયા, કયમ ગંગનેવાર. આ.૪૭
આપ સકલના ઇશિ થઈ, કાં તપો છો (૨) તપ થઈ પરતંત્ર;
શીતાદીને સદા સહી, એ જપો છો, તમે કોહોનો મંત્ર. આ. ૪૮
વિશ્વ વસે કઇ રોમમાં, એવી કાયા, (૨) વ્યાપક સરવત્ર;
જ્યેહ સમાંઓ ન વ્યોમમાં, તે સમાયા, કયમ વટને પત્ર. આ.૪૯
દાસ દૂધ શું આપવા, કોય નાખ્યો (૨) કરવાને પૂષ્ટ;
ભૂધર કયમ ભૂખ્યા હવા, શાંને ધાવ્યો, અંઘ્રીનો અંગુષ્ટ. આ. ૫૦
કામ રહિત એહેવા કહી, વેદે વરણ્યાં, (૨) ત્યારે આશો અનંગ.
પ્રીત્યે પોતાને કરે ગ્રહી, કયમ પરણ્યા, સહજાને સંગ. આ ૫૧
શેથે માળે કાં ચઢાવિયો, જેણે જાપ્યા (૨) ધૃવ નોહોતો ચોર;
હાલે ન ત્યમ કાં જડાવિયો, કરે આપ્યા, શિશુમારનાદાર. આ.૫૨
કરીનું શું સારૂં કરયું, જેને ઝાંખ્યો (૨) સાંભળીને પુકાર;
સુમ સંસાર તણું હરયું, કાહાડી નાંખ્યો, બાધા વિશ્વથી બાહારય;
આ. ૫૩
બાહારવટે તમે કા ગયા, દયાસિંધુ (૨) કરી લોકનો ત્યાગ;
વૈકુંઠવાસી જુદા થયા, કોણ બંધુ, માંગતો હતો ભાગ. આ. ૫૪
હંસ થઇને હંસનું, કયમ બાળ્યું (૨) ધાઢું ઘરસૂત્ર;
વિષય વણિજના વંશનું, કુળ બાળ્યું, આપીને ઉત્ર. આ. ૫૫
નૈષ્ઠિક થૈ સરવજ્ઞને, ગાઓ ગાંને (૨) જ્યારે આપને આપ;
ત્યારે ઉદ્ધરતાં અજ્ઞને, પામ્યાં શાને, સંસારિથી શાપ. આ. ૫૬
યતિના ધર્મ જણાવવા, જ્યારે દીધો (૨) શુભ બોધ સુજાણ;
ભ્રાંતને ત્યારે ભ્રમાવવા, શાંને લીધો, મુખથી પાષાણ. આ. ૫૭
નિત્યે રહ્યા કયમ નેમથી, થૈ ઉદાસી (૨) શો હતો આરોપ;
કો શું પકડતો તો પ્રેમથી, ગયા નાશી, અગ્નીમાં અલોપ. આ. ૫૮
અત્રિયે એક બોલાવિયા, ધરિ ધ્યાંને (૨) દરશનને દેવ;
ત્યારે ઉતાવળા આવિયા, ત્રણ્ય શાંને, શું જયમવિતી શેવ. આ. ૫૯
એક ગુરૂથી ગયું નહી, શુ શમીને (૨) એ અહંપદ ઈશ;
માથુ કરી ભ્રત્તી ગ્રહી, કાં ભમીને, ચિંતવ્યા ચોવિસ. આ. ૬૦
સદ્દ થઈ મધૂને સમે, ગયા હારી (૨) કરી ન જણુંવ્યો જીવ;

ટેક તજીને કાં તમે, ત્યહાં ધારી, ઘોડાની ગ્રીવ. આ. ૬૧
ગોપાલક નાંમે કરી, જો ગવાયા (૨) શ્રુતિયોથી સ્પૃષ્ટ;
ત્યારે ધનુષ કરમાં ધરી, તમે ધાયા, કાં ગાયને પૃષ્ટ. આ. ૬૨
ડુબ્યું ત્રિલોક તેણે ક્ષણે, કહ્યું ખોટું (૨) સત્યવૃત્તને સંગ;
એમ દેખાડયું એ લક્ષણે, સકે મોટું, શીશે થયૂં શૃંગ આ. ૬૩
બાજુબંધ અજુવાળવા, શાંણુ સારો (૨) શું ન પડયો દ્રષ્ટ;
અથવા કંકુને ટાળવા, તમે ધારચો, ફરતો ગિરિ પૃષ્ટ. આ. ૬૪
વૈદ્ય થઈ અજી દામને, શૂં નિહાળો, (૨) કરિ ઘનિનો યોગ;
જો થવું ચ્યાહો નાંમને, તોતો ટાળો, મજ રંકના રોગ. આ. ૬૫
સમ દ્રષ્ટિ કેહેવાઇને, કયમ દીધી, (૨) અસુરોને આંચ;
સુધાસુરોને પાઈને, સકે લીધી, લક્ષ્મીવર લાંચ્ચ. આ. ૬૬
નીકળ્યા નાક વાટયે થઈ, દૈત્ય મારચો (૨) એહેવો ક્યો ઉત્સાહ;
દંષ્ટ્રાવડે ધારી મહી, તમે ધારચો, કાં વેષ વરાહ. આ. ૬૭
પ્રલ્હાદે ભજ્યા પ્રિયતમ, સહ્યો દેહેનો (૨) સબળો સંતાપ;
પ્રસંન થર્યા પુરૂષોત્તમા, ત્યારે તેહેનો, કાં મારચો બાપ. આ. ૬૮
કયારે પેઠાતા જયે સ્તંભથી, નીકળિયા (૨) ઉગારવા અર્ભ;
નાદ કીધો કાં દંભથી, જેણે ગળિયા, ગરિબણિયોના ગર્ભ. આ.૬૯
પરધન ઉપર રાચવા, સહેહાસે (૨) શી આવીતિ ખોટ્ય;
જગદીશ્વર ગયા યાચવા, બલિ પાસે, દેઈ કાં દોટ્ય. આ. ૭૦
વામન વેશે હાથમાં, જલ લીધૂં (૨) ચકિયા રહિ ચ્યૂપ;
સત્ય મૂકી સહુ સાથમાં, પછિ કીધૂં, ત્રીવિક્રમ રૂપ. આ. ૭૧
બંધન કાં કીધો બલિ, પળ્યો સમને (૨) નથિ ચૂકયો લગાર;
છત્ય સઘળી લીધી છળી, કોય તમનેં, નોહોતું પુછનાર. આ. ૭૨
આપ્યું ઇંદ્રને તે ક્ષણે, વાળ્યું દેવું (૨) શું લિધુતું ઉધાર;
ઈશ થઈ એહેવે લક્ષણે, પડયું રેહેવું, થઇ દેવડીદાર. આ. ૭૩
વિભુને થવું પડયૂં વાંમાણું, ધરિ ભુજને (૨) સેહેવો પડયો શ્રંમ;
જાંણો છો દુઃખ યાચ્યા તણું, તોહ્યે મુજને, ભીખાવો કયંમ. આ.૭૪
બ્રાહ્મણ થઈ એ શું ભણ્યા, માને મારી (૨) ગ્રહિ પરશુ પ્રચંડ;
કાં ક્ષત્રીના રૂધિર તણા, કરચા ભારી, કુરૂક્ષેત્રમાં કુંડ. આ. ૭૫
મહિપનું માંન ઉતારિયું, ધનું તોડી (૨) સીતા વરચાં સેહેજ;
દાન વેળા કયમ હારિયું, કર જોડી, તપસ્વીનું તેજ. આ. ૭૬

*બ્રાહ્મણી ને ક્ષત્રી થઇ, કાં સ્પરશો (૨) અંધી તમે આપ;
પૂછશે કો પલ્લો અહીં, શો કરશો, જગદીશ્વર જવાપ. આ. ૭૭
રાય તણે રૂપે કરી, જ્યારે આપ્યા (૨) કઇ દરદી દાંન;
વરવા આવી જયે સુંદરિ, તેનાં કાપ્યાં, કાં નાકને કાંન. આ. ૭૮
પંખી પઠાંવ્યો ધાંમને, એહેમાં શાંનું (૨) ચિંતવિયે ચીત્ર;
કરો ન પંખાના કાંમને, તોતો માનું, માધવ હું મીત્ર. આ. ૭૯
ત્યાગ કરી સર્વ વસ્તનો, વન વળિયા (૨) મળ્યો નારીને ચોર;
વેષ લીધો વાનપ્રસ્થનો, ત્યારે મળિયા, શૂ શબરીનાં બોર. આ.૮૦
સખ્ય કરયું સુગ્રીવથી, પણ પાળ્યું, (૨) સૂંપીને શેહેર;
વાલી વધ્યો કાં જીવથી, એતે વાળ્યું, કોણુ જન્મનું વેર. આ. ૮૧
અર્ધ નાંમ લખી અર્ણવે, જે જયે ધારયાં (૨) તે તરયા પાષાંણુ.
આખે નાંમે જો અમે હવે, જશું મારયા, તો એ કે હોને હાંણ્ય.
આ. ૮૨
વિપ્ર તણા વંશને હણી, હવેહેલાં (૨) કયમ થાશો પવીત્ર;
એ શું સલ્હા તેથી ભણિ, તેણી વેળાં, હતા મરકટ મીત્ર. આ. ૮૩
રાક્ષસ કુલને સંહરિ, તેનું આયુઃ (૨) સંચય કરયું શેષ;
ભક્તને આપ્યું ભેળું કરી, તે ચીરાયુઃ, કીધો લંકેશ. આ. ૮૪
ભ્રાતે ભજ્યા ભાવે કરી, જેણે જીત્યા (૨) તેને કાં કરયો બાહારય;
લોકાપવાદે કાં તજી, સતિ સીતા, તમે નિર્મલ નારય. આ. ૮૫
અવધપુરીના પ્રાંણિને, વેગે વહીને (૨) પોહોચાડ્યા ધામ;
ધોબી તજ્યો તે શું જાણિને, તિર્થ જઇને, જે રટતો રામ. આ.૮૬
શોધી નહિ કાં સુંદરી, જેને પેટે (૨) પોંચે મનની આસ;
મત્સગંધા માતા કરી, વશ્યા બેટે, કાં થઇને વ્યાસ. આ. ૮૭
મર્મ જણાવા મોટાઇનો, વેદ ભાખ્યો (૨) ઓળખાવા અંશ;
કૈલાસવાસી કોઠાઇનો, કયમ રાખ્યો, વિધવાથી વંશ. આ. ૮૮
અધ તણો જયે સારથી, તેના ત્રોડ્યા (૨) બંધ આપીને દ્રષ્ટ;
શાંહાંણા થયા કયમ સ્વારથી, તમે દોડ્યા, કાં પૂત્રની પૃષ્ટ. આ.૮૯
જયેષ્ટ ભ્રાત છ ગયા મરી, લાગી ઇજા (૨) ગડગડિયું વ્યોમ;
જન્મ થયાં પેહેલાં હરી, હતો ત્રીજો, શું ભૂવનમાં ભોમ. આ. ૯૦
સૌરી હતો શૂં સાતમે, મુખ માગ્યો (૨) કે એ મુખનો વશમ;

* અહલ્યાને.

કે એ પ્રગટ્યા તે સમે, કલિ લાગ્યો, કહો કાં થયા શ્યામ. આ. ૯૧
માત તાતને તમ્યો મળ્યા, જ્યારે વરથી (૨) તો શિ લીધિ સંભાળ;
અરધ નિશાયે ઉચળ્યા, કેના ડરથી, થઇ કાળના કાળ. આ. ૯૨
શાંમ સ્વરૂપ વિકાશિયું, તનું ભીની (૨) રહ્યો પાછળ નાગ;
કઉતુક સરખીયું ભાશિયુ, નહિ બીહિની, સકે થઇ બે ભાગ આ.૯૩
પાવા આવિ પયોપાંનને, બે બે લીધા (૨) જગજીવન જાણ;
જાંણી તમે કોણ જ્યાંનને, એ ના પીધા, પયો સહિતાં પ્રાણ. આ ૯૪
સ્કંધ બેસારી સત્કીયો, દેખડાવ્યાં [૨] જેણે વનનાં ઝાડ;
પથ્થર સાથે પટકિયો, રવડાવ્યાં, કાં તેનાં હાડ. આ. ૯૫
સુખ કારણ જ્યારે પૂછિયું, પાસે આવી [૨] જાંણીને જાત;
વિશ્વ દેખાડ્યું મુખે કિયું, બિન્હરાવી, માધવ કાં માત. આ. ૯૬
ચોરી કરી કયમ હારિયાં, ઘર ઘરથી (૨) ગોપિયોના ગવ્ય;
મર્કટને કયમ ચારિયાં, વનચરથી, શું મળિયું દ્રવ્ય. આ. ૯૭
નિર્બંધન થઇ નામથી. કુણ શાપે (૨) તજવિ પડી ટેવ;
કાં બંધાયા દામથી, તમ્યો આપે, દામોદર દેવ. આ ૯૮
કોણ રંગથી રાચિયા, અવિનાશી (૨) ગોપીયોને પાશ;
ઘુઘરૂ બાંધી નાચિયા, સહિ હાશી, શૂં ન મળતી છાશ. આ. ૯૯
વચ્છ પાલક થઈ વચ્છનેં, કયમ મારયો (૨) શૂંહતા પગ પાંચ;
તીર્થ નિવાસી સ્વચ્છને કાં વિદારયો, શું લેવીતિ ચાંચ. આ ૧૦૦
મરચા અઘાસુરને અડી, નવ્ય નાહ્યા (૨) કરવા ભોજંન;
હેઠી ન મૂકી શીંગડી ગયા વાહ્યા, શું ‡અહીરને અન્ન. આ. ૧૦૧
તોહ્યે શું પેટ ભરયું નહીં, વળિ લીધાં (૨) બહુ રૂપ વિશુદ્ધ;
સાથ્યે શિશુ સહુના થઇ, વળિ પિધાં, †ગૌગોપીનાં દૂધ. આ. ૧૦૨
ઇંદ્ર યજ્ઞ ઉંઝવાંવિયો, તમે શાંને (૨) વિધિના વદનાર;
પર્વત કયાં પૂજાવિયો, એવિ સાંને, સહ્યો ગિરિધર ભાર. આ, ૧૦૩
ગોપવંશની બાલિકા, સહુ સરખી (૨) મન રાખીને લગ્ન;
વ્રતે પૂજતી કાલિકા, તેને નિરખી, કાં નિરંજન નગ્ન. આ. ૧૦૪
પૂજ્યજનોની પ્રત્નિયો, તેનું યાચ્યું (૨) આપે કયમ અન્ન;
કહો અપરાધ હતો કિયો, જ્યે ન રાચ્યું, મુનિયોનું મંન. આ.૧૦૫

‡ ગોવાળને. † બ્રહ્માએ ગૌગોપ ગુપ્ત કર્યા તે સમયનું વર્ણન છે.

પામર સાથ્યે શૂં લડી, સંહારયો (૨) કુચ્છિત ફુલ કાજ્ય;
વાહુકને સ્કધે ચઢી, તેને મારચો, એવિ શી હતી દાજ્ય. આ. ૧૦૬
ખાઈ ગરૂડના ભાગને, નાંઠો ત્યાંથી (૨) કુદું કરિ કત્ય;
માટે શું નાથ્યો નાગને, તમે કયાંથી, શીખ્યા હતા નૃત્ય. આ. ૧૦૭
ગવ્ય ગોપીનાં ઘણા ચરચા, વળિ લીધાં. (૨) હશે કઇ બલિદાન;
થઇતિ અજીર્ણ [1]જ્યેબરાં, તમે કીધાં, દાવાનળ પાંન આ. ૧૦૮
કૃષ્ણ ઓઢવિ કાંબળી કયમ ભાવી (૨) શું ન મળિ દુશાલ;
વિષ્ણું વંશની વાંસળી, કાં બજાવી, એવી શી છે રસાલ. આ. ૧૦૯
જે પદ રજ પામે નહિં, દિલ જાૂઠે (૨) કોય રંક કે રાય;
તે તમે વ્રંદાવને રહિ, ફરિ પૂંઠે, કયમ ચારી ગાય. આ. ૧૧૦
મધુર મુરલિના નાદથી, પત્ય મૂકી (૨) મોહ્યું લોક;
ગોપી સરવ મર્યાદથી, ગઈ ચૂકી, શું ભણ્યાતા [2]કોક. આ. ૧૧૧
અંતરયામી અનંગથી, કયમ ભમિયા (૨) એ છે શ્યો ઉદેશ
પરનારીના સંગથી, રાસ રમિયા, રીઝી રુષિ કેશ. આ. ૧૧૨
કાંમણ કયાહાં શીખ્યા હતા, અંગોઅંગે (૨] ભરચાં દીસે અનેક;
છબિલા કયાંથી થયાં છતાં, ગોપી સંગે, પ્રીત્યે પ્રત્યેક. આ. ૧૧૩
અશ્વ આવ્યો ત્યારે કેશવા, શાંને મારચો [૨] કાં ન ઘાલી લગામ.
બાલપણામાં બેસવા, એવો સારો શું ન આવતો કામ. આ. ૧૧૪
સમાચાર અક્રૂરથી, શુંણિ મુકયાં (૨) વ્રજવાસી જંન;
ભજતાં ભાવ ભરપૂરથી, નથિ ચૂકયાં, તો કાં થયા ભિન્ન. આ, ૧૧૫
યમુનાને જલે જણાવિયું, તમે કયાંથી (૨) અક્રુરને લોક;
ગરૂડને પાસે અણાવિયું, સકે ત્યાંથી, આપી નાણું રોક. આ. ૧૧૬
પ્રભુ પારકી વસ્તને, દેખી સારી (૨) કાં કીધું કપટ;
કંઠ ધરિ નિજ હસ્તને, શાંને મારિ, નાખ્યો પરિયટ. આ. ૧૧૭
ગોવિંદ ગોપી સંબંધને, પરહરિને (૨) ગયા મથુરા મે'લી;
શાંને રમ્યા લેઈ ગંધને, સુધી કરિને, કુબજ્યા શું [3]કેલી. આ. ૧૧૮
એહરી નામ જણાવવા, આડો પાડી (૨) આણ્યો ગજનો અંત;
કે કોય વસ્તુ બણાવવા, લીધા કાહાડી, કાં દમીને દંત આ. ૧૧૯
ગોવિંદ ગાયો ચારવા, વન જાતા (૨) દોહિ પીતા દૂધ;
માટે શું મલ્લને મારવા, થયા માતા, જીરવીયું યૂદ્ધ, આ. ૧૨૦

---

૧ જે વખતે. ૨ કોકશાસ્ત્ર. ૩ વિષય ક્રિડા.

ખબરચ લેને જ્યે ઘડી ઘડી, ન વિસામો (૨) ધરતો જોઈ વાટ્ય;
આવિયા જેને રથે ચઢી, એવો માંમો, મારિયો શામાટ્ય આ ૧૨૧
કોણ વેર મન આંણિને, પ્રાણ લીધા [૨] કાં પછાડયો પ્રશસ્ત;
દુઃખ માંમીનું વા જાણીને, તમે કીધા, શું હલુવા હસ્ત આ. ૧૨૨
અજામીલ મુક્તી ગયો, નામે રીઝયો [૨] જેથી જીતાયા યંમ;
[1]દરશ દીઠેથી થયો, જન્મ બીજો, મુચકુંદને કયમ આ. ૧૨૩
નિર્ભય કોને ભયે કરી, તમે ખશિયા [૨] નાશીને નેટય;
તાતનું ગામ તજી હરી, કાં વશિયા; [2]સસરાને બેટય આ ૧૨૪
ગુરૂને ઘેર જઈ તમે, ભલો ભણિયો (૨) સાચવવો સ્વાર્થ;
શંખ લોભે તેણે સમે, દૈત્ય હણિયો, કાં થઈ પરમાર્થ. આ ૧૨૫
[3]બેહેન્ય લીધી જેની તસકરિ, ધોળે દાહાડે [૨] ભોળવિ સહુ ભૂપ;
તેનું તમે મુંડન કરી, ઘાલિ ગાડે, કાં કીધો કુરૂપ. આ ૧૨૬
માધવ એવી મોહિની, કયાંથી જાણી [૨] કે નથિ કાંઈ શરમ;
કન્યા સારિ દીઠી કોયની, તેને આંણી, કાં ભુલાવિને ભરમ.આ. ૧૨૭
સોલસહસ્ત્ર શત આઠને, ક્યા વ્યાપારે [૨] પુરૂં પડશે અન્ન;
ઘડી કઈકિના ઘાટને, વારે વારે, સકે લીધું ધંન. આ. ૧૨૮
પાલક પાંડુ પુત્રના, થઈ હરાવ્યા [૨] કાં પાંચે વીર;
અણી તાંતણા સૂત્રના, શું વવાવ્યાં, તેના ઉગ્યાં ચીર. આ. ૧૨૯
શિશુપાલે શું ખોટું કહ્યું, હણ્યો ગાળે [૨] અચ્યુત કાં આપ;
કાશી નગર તમે કાં દહ્યું, બાનાંવાલે, શું કરયુંતું પાપ. આ. ૧૩૦
પ્રાશિ પત્ર ઈહા સુત્રને, તૃપ્ત કીધાં [૨] જ્યારે જગદીશ;
ત્યારે વિપ્રના પુત્રને, જ્યાંથિ લીધા, એ કુણ છે ઈશ. આ. ૧૩૧
વિશ્વ દેખાડયું અંગથી, જ્યારે થાકયો [૨] ત્યારે આપ્યું જ્ઞાન;
શિષ્ય વિજયનો શા રંગથી, રથ હાંકયો, તજી ઈશાભિમાંન.
આ. ૧૩૨
આયુધ મૂકયાંતાં આપથી, ત્યારે શાંને [૨] ધરયું રથનૂં અંગ;
ભીષ્મ તણા મહા તાપથી, કુણ ધ્યાને, નિજ પણ કરયુંભંગ.
આ. ૧૩૩
રંક શ્રીદામાના તાંદલા, લિધા માંગી (૨) મૂકી મર્યાદ;
ભાગ્ય ઉઘાડી કહ્યાં ભલા, રહ્ય લાગી, શો હતો એ સ્વાદ. આ. ૧૩૪

---

૧ દરશંન. ૨ લક્ષ્મીના પીતા (સમુદ્ર). ૩ રૂક્ષ્મણી.

જનકરાય શ્રુત દેવના, તમે સાથ્યે (૨) ઘરમાં ગયા નાથ;
કોહોની કરીતી સેવના, તેનો માથે, શું હતો એ હાથ. આ. ૧૩૫
છોડચો ઉદ્ધવના અધ્યાસને, પ્રીત્યે પૂછચે (૨) કહ્યા પુરણ પ્રાણ;
તો કાં તજી ગયા દાસને, તેનું શું છે, કારણ કહી કૃષ્ણ. આ. ૧૩૬
યાદવ જ્યારે વધારિયા, ત્યારે ભ્રમથી (૨) કાં કરાવ્યો કોપ;
કિયે સ્વધામ સધારિયા, આજ અમથી, આંમ રહો છો અલોપ.
આ ૧૩૭
વર્ણાશ્રમના ધર્મને, કહો સાચા (૨) જાણવીને યોન;
કુટિલ કરાવી કર્મને, કયમ રાચ્યા. તમે થઇને મોન. આ. ૧૩૮
પાસે આવીને અનાથને, મુખ માગ્યું (૨) દેવું પડતું દાન;
સકોચ્યા એ પદ હાથને, કે એ વાગ્યું, પેલા વટનૂં પાંન. આ.૧૩૯
ગરૂડને રોજી આપતાં, તો કાં બેશી, (૨) અવેં માહારાજ;
બિગડ્યા પછી જો થશો છતાં, ત્યારે પેશી, કાં રહ્યા છો આજ.
આ. ૧૪૦
એકાર્ણવ જલેં સાથ્યરો, અહિ અંગે (૨) કરિ સૂતા શીદ;
પલંગ કાં નવ્ય પાથ્યરો, કુણ રંગે, કરો નાથજી નીંદ. આ. ૧૪૧
ભારે જળના ભેદથી, ભિજવાવ્યું, (૨) મણિ પૂરક સદ્મ;
ઉદરે અર્કના તેજથી, ઉગિ આવ્યું, શું એ નાભિયે પદ્મ. આ. ૧૪૨
પીતાંબર પોતે ધરો, રમા સંગે (૨) ભોગો સર્વ ભોગ;
ભક્તનેં કાં ભગુવા કરો, અંગોઅંગે જાણવીને યોગ. આ. ૧૪૩
વિઠ્ઠલ શાં શાં વખાણિયે, દિસે અવળાં (૨) એ અગુણના ગુણ;
ગુરૂ ગમ્યથી જાંણિયે, તો છે સવળા, પણ સમજે કુણ. આ. ૧૪૪
પ્રેષ્ટ તમારી પ્રેરણા, જેવી મનને, (૨) તેવિ વિસ્તરણિ વાંણ્ય;
તેહેવા ગાયા ગુણ આપણા, જાણિ જનનેં, કરજ્યો કલ્યાંણ. આ.૧૪૫
રીઝો તો બંધ છોડાવજ્યો, વળિ વેહેલી, (૨) પૂરજ્યો મન હાંમ;
ખીજો તો માહારી ગોડાવજ્યો, તે હવેલી, જેનું કેહેલનું કાંમ.
આ. ૧૪૬
રાય થઇને રંકનેં કરે ધરજ્યો, (૨) જયે ન બૂડે બાળ;
વિશ્વનાથ માહારા વંકને, ક્ષમા કરજ્યો, હો દીન દયાળ. આ. ૧૪૭
હરજી ન બોલો કાં હશી, મન માંન્યે, (૨) નવ્ય ધરિયે ટેક;
પુરૂષોત્તમ પાસે વશી, હવે શાંને, છાંના રહો છેક. આ. ૧૪૮

અંતઃકરણ અકળાઇને, રહ્યું એહેતું, (૨) ભાવેથી ભોગ;
ચક્ષુ દેખવું ચ્યહાહિને, નથિ સેહેતું, વિઠલના વિયોગ. આ. ૧૪૯
શાસ્ત્ર પુરાણ ને વેદથી, ગવરાવો (૨) નિજ બિરૂદ અપાર;
ભક્તવત્સલ શ્યા ભેદથી, નવ્ય આવો, દ્રષ્ટિને દ્વાર. આ. ૧૫૦
દાખવિ દેહે સોહ્યામણે, આ નિશાની (૨) શું કરવા સુખ;
ભૂધર માંહારી ભાંમણે, મન માની, ભાગે નહિ ભુંખ. આ. ૧૫૧
દ્રષ્ટિ આપી તો દેખાવીયે, હવે સ્વામી (૨) રંગીલૂં રૂપ;
લક્ષ આપી તો લક્ષાવિયે, કૃષ્ણ કાંમી, અબલો ના અનૂપ. આ. ૧૫૨
પેટ આપ્યું ત્યારે પેટને, નિત્ય ભરિયે, (૨) અનાયાસે આપ;
ભેખ આપ્યો ત્યારે ભેખ્યને, દેઈ હરિયે, માહારાં પૂણ્ય ને પાપ. આ. ૧૫૩
માત તાત સુત બંધવા, મિત્ર મોટા, (૨) દારા પશુ વિત્ત,
નજરે પડચા જ્યે નવા નવા, ઠરચા ખોટા, સ્વરગાદિ સહિત. આ. ૧૫૪
સર્વ સારનૂં સાર છો, એક આપે (૨) ભરિયા ભરપૂર;
અધમ તણા ઉદ્ધાર છો, જેને જાપે, દુઃખ ભાજ્યે દૂર. આ ૧૫૫
આ અવસર આપ્યો હરિ, થઇ દાતા, (૨) જાણિ ઉપનીઆસ;
દરશનને દાને કરી, કરો શાતા, દિલ માંનીને દાસ. આ. ૧૫૬
સાંભળિ વિશ્વાસે રહે, દુઃખ વાંમી, (૨) મન નાથનું નામ;
કાલાવાલા કરીને કહે, શિરનામી, કિંકર કૃષ્ણરામ. આ. ૧૫૭

સોરઠા.

એકસો સત્તાવંન, તૂક લખી, ત્રિશ્રૃંખલે;
માધવ મનવો મંન, કૃષ્ણરામ કરે વિનતી. આ. ૧૫૮
સંવત્ શત અઢાર, ચ્યુમોત્તરને ફાલ્ગુને,
વદિ સપ્તમી શનીવાર, ગ્રંથ પૂર્ણ લિખિયો તદા. આ. ૧૫૯
વીં૦ ૨૫ પા૦ ૧

કીર્ત્તન ૨૯૩ મું.

દેશી દેર.

સેવક જનના સાથનીરે, અરજી અશર્ણના શર્ણ, શ્રીધર સાંભળોરે.
અમ અબલીષ્ટ અનાથનીરે, કેશવ ધરીને કરણ. શ્રી. ૧
દેવ દયા કરી આપીયોરે, દિવ્ય આ દુર્લભ દેહ. શ્રી.

કળના વિના અમે કાપીયેરે, તૃષ્ણા સંતિયે તેહ. શ્રી. ૨
પૂર્વના પાપ પ્રવાહથીરે, ઉઘડી સક્યું નહિ ઉર. શ્રી.
દંમદારાના દાહથીરે, નિર્મળ ભાસ્યું ન ભૂર. શ્રી. ૩
અહંમમતાના અલાપથીરે, ઘેલું ગાયું અમે ગાન. શ્રી.
તાણ્યા ત્રિવિધના તાપથીરે, શેકાયા ન રહિ સાંન. શ્રી. ૪
કાંમ તણા મહા કીચમાંરે, લપટાયા ન રહિ લાજ. શ્રી.
વિષય વૈતરણિ બિજમાંરે, માહાલ્યા અમે માહારાજ. શ્રી. ૫
ક્રોધે કર્યાં ક્રિયમાંણનેરે, લોભેથી લુંટાઈ લક્ષ. શ્રી.
પાપે રળિ પોખ્યા પ્રાણનેરે, ભાળ્યુ ન ભક્ષાભક્ષ. શ્રી. ૬
નારી નિરયના ગર્તનેરે, દેખતાં બંધાઇ દ્રષ્ટ. શ્રી.
ન્યાહાંના શિશુના નર્તનેરે, પેખી કર્યા તેની પ્રષ્ટ. શ્રી. ૭
ભય રતિ નિદ્રા આહારનેરે, આદરિયા અનુદિન. શ્રી.
ઉત્તમ આ અધિકારનેરે, મેલે ન સમજ્યું મંન. શ્રી. ૮
એમ પડ્યા અમે જાળમાંરે, તોપણ રાખવા રંગ. શ્રી.
આપે મેળવિયો આ કાળમાંરે, શ્રીશ તમે સતસંગ. શ્રી. ૯
કૃષ્ણકથા કરણે પડીરે, સંતના મુખથી શ્રેષ્ટ. શ્રી.
જીવો ને શોધ્ય ત્યાહારે જડીરે, પ્રભુજીને લહ્યા પ્રેષ્ટ. શ્રી. ૧૦
કિર્તન પેઠા કર્ણમાંરે, ગીથી ગવાયાં તેહ. શ્રી.
શ્રીપતી આવ્યા સ્મરણમાંરે, નાથ નિભાવવા ન્યેહ. શ્રી. ૧૧
સત્તા જણાણી સર્વથીરે, ઉચ્ચ આપની એક. શ્રી.
તોપણ અમે પંચ પર્વધીરે, છુટિ સકાય ન છેક. શ્રી. ૧૨
રસ જાણ્યો પણ રંકથીરે, જબર ધર્યો ન જાય. શ્રી.
વિષયનું વિષ ડંકથીરે, ઉતારો તો સુખ થાય. શ્રી. ૧૩
કઠિણ સમય કલિ કાળમાંરે, વૃત્તિ સકલ વિપરિત. શ્રી.
વિષય વશ્યા વૃદ્ધ બાલમાંરે, આદરે સકલ અનીત. શ્રી. ૧૪
ગૌ વિપ્રોને પીડા કરેરે, પાખંડીને કરી પૂજ્ય. શ્રી.
આપનૂં માઠું આદરેરે, સંગ વિના નહિ સૂજ્ય. શ્રી. ૧૫
વેદશાસ્ત્ર શુણવાં તજીરે, અથડાયે આઠે પહોર; શ્રી.
પ્રાકૃત પાખંડને ભજીરે, બોલે કરીને બકોર. શ્રી. ૧૬
છત્યના જયે જન છાકીયારે, તેને ન સુળગી સાંન. શ્રી.
દંડ ભરે થઈ ડાકીયારે, દેવું ગમે નહિ દાન. શ્રી. ૧૭

વપુએ વૈષ્ણવનો ધરેરે, ભાવ નથી પણ ભખ. શ્રી.
કાંસાકુટી કીર્તન કરેરે, રંગ ન સમજે રેખ. શ્રી. ૧૮
વરણસંકર ધરી વેશનેરે, બેઠા જ્યે વિણુ વૈરાગ્ય; શ્રી.
માને તેના ઉપદેશનેરે, પ્રિછ્યા વિના નમે પાગ્ય. શ્રી, ૧૯
ફંદી ફિરે શેરી શેરીયેરે, સ્વલ્પ સિદ્ધીયે સીદ્ધ; શ્રી.
માન મૂકયા મરદ મેહેરીયેરે, તેને નમે ચ્યાહિ રિદ્ધ. શ્રી. ૨૦
મદિરા પીયે ફરે માહાલતારે, કરમાં નગ્ન કરવાલ. શ્રી.
ચાલ્ય વાંકીયે ચાલતારે, કૈને કરે બેહાલ શ્રી. ૨૧
સઘ કરાવે સમાધિયોરે, તુલસી ધરે નિજ પાગ. શ્રી.
દેવતા મેલિ આરાધિયોરે, દિલથી ખશ્યા નહિ દાગ. શ્રી. ૨૨
મન માન્યા મત કલ્પનારે, વેદથી કરે વિરોધ; શ્રી.
જાડ્ય ભરેલા જલ્પતારે, બુદ્ધિ બીગાડવા બોધ. શ્રી. ૨૩
પાખંડીની પધરામણીરે, શીખ્યા ફરાવા સર્વે; શ્રી.
ભ્રાંતિ તણી વિદ્યા ભણીરે, ઓળખાયે જાણ્યે અગર્વ. શ્રી. ૨૪
શ્વાન બેસારે ગોદમાંરે, સહુને નમાવે શીશ; શ્રી.
મુસલમાન સંગ મોદમાંરે, અગ્રણી થયા અનીશ. શ્રી. ૨૫
પિંજારાને પગે પડેરે, સ્પરશે યવનના ચર્ણ; શ્રી.
જડ બુદ્ધીને કયાંથી જડેરે, અનૂકુલ આચર્ણ. શ્રી. ૨૬
એણે અઘટતું આદરેરે, યાત્રામાં યુવતિના સંગ; શ્રી.
શાસ્ત્ર ન કોય શ્રવણે ધરેરે, તેથી થયા ભગભંગ. શ્રી. ૨૭
ફળ દેખે તેનું દ્રષ્ટથીરે, તોપણ ન કરે તોલ; શ્રી.
કસર જાય છે કષ્ટથીરે, પણ ભૂલ્યા ફીરે ભાલ. શ્રી. ૨૮
રાજાયે કર ઘણા ઘોચીયારે, વર્ષે વર્ષ સવાઈ; શ્રી.
પ્રથ્વીયે રસ સંકોચીયારે, ઔષધી સકલ કવાઈ. શ્રી. ૨૯
આઠે માસે ઉંચુ જુવેરે, વ્રષ્ટિ સકે નહિ થાય; શ્રી.
રોજગાર વિના સહુ રૂવેરે, હાથ ઘસે કહે હાય. શ્રી. ૩૦
દેવાના દવ નાંખે દહિરે, ભારચે નાંણાની ભીડ્ય; શ્રી.
નિપજ્યૂં ખાવાની આશા નહિરે, તેહેને ચરી જાય ટીડ્ય. શ્રી. ૩૧
દગા દસો દિશ વ્યાપતારે, દલથી ભાગે દેશ. શ્રી.
કિલ્લા ભલા ભલા કાંપતારે, કટક કરાવે કલેશ. શ્રી. ૩૨
વિશ્વાસ તજ્યો વેપારિયેરે, આપે ન ટાંક ઉધાર; શ્રી.

નિર્લજ થઇ નરનારીયેરે, કપટે ખોયા કાર. શ્રી. ૩૩
વાટ્ય પાડે વેળાવિયારે, શચ પાડી લ્યે માલ; શ્રી.
ધુતારા નગરે આવીયારે, હરિ જાચે કરિ બેહાલ. શ્રી. ૩૪
કોળિ કોચે ઘર રાત્રિયેરે, આંખે ફરે અસવાર; શ્રી.
જાર આદરયું યાત્રીયેરે, મિત્ર મરાવે માર. શ્રી. ૩૫
કાંમીનિ કડકડા મોડતીરે, પતિના સાંહાંમી પ્રચંડ; શ્રી.
દુઃખી થતી કઇ દોડતીરે, બાળપણે થઇ રંડ. શ્રી. ૩૬
કઇ બે ત્રણ્યને પરણતારે, પુરૂ ન તેનું કરાય; શ્રી.
અગ્નિના દોષોને વરણતારે, મારંતા તેહ મરાય. શ્રી. ૩૭
કલેશ કરે સાહામાં રહીરે, લડીમરે આપે આપ; શ્રી.
ઉંઘે ન ઉંઘવા ઘે નહીરે, પાડોશીના પણ પાપ. શ્રી. ૩૮
કઠીણ કાળમાં કયમ કરીરે, ધારણ રાખિયે ધીર, શ્રી.
રોગ વધ્યા વપુ વિસ્તરીરે, નિવલુ કરે તે નીર; શ્રી. ૩૯
ખરચ વધે નિત્ય નવું નવુંરે, ઘરમાં મળે નહિ ધંન, શ્રી.
સત્સંગ મૂકિ વિદેશ જવુંરે, માધવ ભાવે ન મંન. શ્રી. ૪૦
કદિ ન મળે તે આજ મળ્યુંરે, તે કયમ મૂકિ સકાય. શ્રી.
કૃષ્ણ કથામૃત નિકળ્યુંરે, તે પછી ક્યારે સધાય. શ્રી. ૪૧
અકળાઇયે આભ્યંતરેરે, ચિત્ત ચઢયું ચકડોલ, શ્રી.
વૃત્તિયો એમ હવે ન વરેરે, કલ્પવા કઇના કપોલ. શ્રી. ૪૨
વિશ્વંભર વિશ્વાસનેરે, ઉપજાવો અમ ઉર, શ્રી.
દીન જાણી અમ દાસનેરે, દીજે પ્રતીતિ પૂર. શ્રી. ૪૩
અમને ઉકેલ ન ઉકલેરે, વાહાલાજી કરિયે વાહાર, શ્રી.
ભૂધરજી ભાવે ભલેરે, સેવકની કરો સાર; શ્રી. ૪૪
હવે તમારે શરણ છુંરે, સાધનની નથી સાંન, શ્રી.
પવન તમે અમે પર્ણ છુંરે, કીજે દયાનું દાંન; શ્રી. ૪૫
વિકલોને જો વિસારશ્યોરે, પતિતના પાવન પરમ, શ્રી.
તોપછિ શું બિરૂદ ધારશ્યોરે, શ્રીપતિ જો જાય શરમ. શ્રી. ૪૬
અનાથ બંધો આવિયેરે, આળસ ન કરિયે આંમ; શ્રી.
બલવંત બિરૂદ બતાવિયેરે, કરગરિ કહે કૃષ્ણરામ. શ્રી. ૪૭

દોહા.

અવસર અરજીની કરી, તૂકો સુડતાલીશ;
કૃષ્ણરામ કરણે ધરી, કૃપા કરો જગદીશ. ૧

કીર્તન ૨૯૪. મું.

દેશી ઉપર.

શાંને સંતાયા છો સામળારે લોલ,
કોણ કળી સકે તે કળારે લોલ;
ચૈતન ઘન ચિદાભાસથીરે લોલ,
જાણું તે કયમ જડાવાસથીરે લોલ. ૧
શું લહું સ્વામી તે કયાહારેરે લોલ,
ગમ્યમાં નાવો ગુણ ગ્રહેરે લોલ;
ચિંતુ ચકું હું ચ્યાહાઉં ચિત્તેરે લોલ,
માયામાં નાવો મહન્મદિરે લોલ. ૨
પ્રભુજી કાં પરદો ગ્રહોરે લોલ,
મદન કદન સદને રહોરે લોલ;
શોધ કાં બોધો ન સારથીરે લોલ,
વાસુદેવાત્મજાડગારથીરે લોલ. ૩
હરિ કાં ન જણાવો હેતનેરે લોલ,
નિજાગજાગ્ર જ નિકેતનેરે લોલ;
પ્રિય પેઠા કુણ પાખંડિરે લોલ,
અરૂણા તરૂણા કરિ આંખડિરે લોલ. ૪

અપૂર્ણ. વી૦ ૨૯ પા૦ ૧૯

કીર્તન ૨૯૫ મું.

દેશી ઉપર.

જુવોનેં મુજ સાંહામું યદુરાયરે;
આતુર હું નિત્યે અરજી કરૂં છું. ધૃ. જુ. ૧
વાહાલા વિયોગનો વન્હિ હવે તો, સેવકે કયમ સહ્યો જાયરે,
થાંથો થઇનેં હું થરથરૂં છુંરે. જુ. ૨
કઈ કે કલ્પથી કષ્ટ મેં ભોગ્યાં, શું કહું કહી ન સકાયરે;
હવે તો હું એહેનાથી ડરૂં છુંરે. જુ. ૩
દુર્લભ દેહ આ આજ આવ્યો છે, શ્રેય જેનાથિ સધાયરે;
તોહ્યે હું વિકલ વિષય વરૂં છુંરે. જુ. ૪
મન માહારૂં અજી ન મૂકે મમતા, અહર્નિશી અથડાયરે;

તેણે તમારૂં સ્મરણ વિસરૂં છુ રે. જુ. ૫
માયા તમારી માહા બલવંતી, જીવને જોરે ન જીતાયરે;
એ માટે ઇશ આશ્રય ધરૂં છુ રે. જુ ૬
શરણ આવ્યો છું શરણવત્સલને, પુરૂષોત્તમ નમિ પાયરે;
કિંકર હું કૃષ્ણરામ કરગરૂં છુ રે. જુ. ૭

વી૦ ૩૩ પા૦ ૧

કીર્તન ૨૯૬ મું.

હવે તો પ્રિય પતીતિ હું ચ્યાહાઉંરે,
માધવજી દીજે મેહેર કરીનેરે. હવે. ૧
ગાઢ અવિદ્યા તણે આવરણે, અનુભવ બિન અકળાઉંરે;
થાકયો છું જન્મ ફેરિયો ફરીનેરે. હ. ૨
જાડયેંથિ જીવવું ન શોભેજી જીવનજી, પ્રેષ્ટતણે વિરહથી પિડાઉંરે;
તૃષ્ણાનદીને કયમ સકું તરીનેરે; હ. ૩
ભૂત ભાવિ ભવત્ સૂઝય પડ્યા વિના, વિષયને વેગે વહ્યો જાઉંરે;
કહો કયમ કરી હું બેસું ઠરીનેરે. હ. ૪
કો આગળ કૃષ્ણચંદ્ર હું પુકારૂં, ધણિને વરજીને કયહાં ધાઉંરે;
અળગાં ખસેડો કામાદિ અરિને. હ. ૫
બાલ જાણિને બિરૂદાસ કરો માહારિ, જ્ઞાન વિકાસો ગુણ ગાઉંરે;
ભાવેથિ ભવ્ય ભરૂસો ધરીનેરે. હ. ૬
આનંદ ઉદય કરો ને આભ્યંતર, કિંકર હું નિજનો કેહેવાઉંરે;
વહું ન આપ અંઘ્રિ આશરીનેરે. હ. ૭
કરૂણા કરી એહેવિ કળને ઉઘાડો, કિર્ત્તિસુધા પી શ્રોતાને પાંઉંરે;
હું કૃષ્ણરામ કૃષ્ણને વરીનેરે. હ. ૮

વી૦ ૩૩ પા૦ ૧

કીર્ત્તન ૨૯૭ મું.

કરોને બાલકની બિરૂદાશરે, કેશવજી વેગે કિંકર જાણિનેરે. ક. ૧
પ્રેષ્ટ વિયોગે હું પૃથક્ થઈ પડયો છું, પંચ પરવા તણે પાશરે;
અર્ભકને છોડો કરૂણા આણીનેરે. ક. ૨
આભ્યંતર માહારે અજુવાળે, જ્ઞાન સવિતૃનો પ્રકાશરે;

ગુણુ ગમ્યે ગાઉં વિકાસો વાણીનેરે. ક. ૩
અહંમમતાનો અધ્યાસ મિટાવો, કાહાડીને કલિમલની કાશરે;
વેહેવિ છુડાવો ગ્રહની ઘાણીનેરે. ક. ૪
આવાગમ તણો આધિ મિટાવો, અન્યતણિ મિટાવિને આશરે;
કાહાડોને કાંમ કીચથી તાંણિનેરે. ક. ૫
ભક્તિ અનન્ય ભજાવો મન માહારે, અન્ય સર્વ મિટાવિ આયાસરે.
સમજાવો સાર સર્વનું છાંણિનેરે. ક. ૬
મત મુકાવિને મનને ઠિરાવો, આપ અંઘ્રિમાંહે અવિનાશરે.
નિશ્ચય કરાવા બોલો નિશાણીનેરે. ક. ૭
દિવ્ય દ્રષ્ટિ આપીને દિવ્યતા દેખાડો, શરણે રાખોને શ્રિનિવાસરે;
કહે કૃષ્ણુરામ પકડો પાણીનેરે. ક. ૮

વિ૦ ૩૩ પા૦ ૨

કીર્તન ૨૯૮ મું.

દેશી ફેર.

તેર મહા પાપનું વર્ણન

તમે સાંભળો શાહાણા જન પાપ તરવા,
મહા પાપની શાંતિને વેગે કરવા;
જન્મ મરણના ટાળવા ફેરા ફરવા. તમે. ૧
અતી ઉત્તમ આર્વાચો જન્મ માનવ,
ધરી લક્ષ તજીયે હવે લોકની લવ;
વળી આપેથી આપ સંભાળો ધવ ધવ. તમે. ૨
પ્રથમ પાપ જે પાપીને સંગે ફરવું,
તેહેનું વચન વાહાલું કરી ચિત્ત ધરવું;
એહના સરખું આદરથી આચરણ કરવું. તમે. ૩
પિતા માતા ભગની સુતા કુલવધૂ ફઇ,
આજા જયેષ્ઠબંધુ સાસુ નામને કહી;
તેહેને મમ્મેચચ્ચે દેવી ગાલી કઇ કઇ. તમે. ૪
નિત્યે દોષ પરનાં જોઇ કરવી ચાડી,
વિના વૈરથી રાહાડ્ય અતી રચવી જાડી;
હૃદય બાળવાં પરનાં વદી વાત આડી. તમે. ૫

વિના રોગથી વ્યસન કરવાં અનેરાં,
નારી નિરખવી જ્યેહે જ્યાંહાં દેવ ડે'રાં;
વળી અન્નાદી જમવા આશૌચ કેરાં. તમે. ૬
વળી દ્યુત રમવું અંગે કીચ ધરવું,
છાંટી અન્યને મુત્રમલ હાસ કરવું;
મરવા માટે સજીવને કૂટી મરવું. તમે. ૭
સાજું અંગ તોહ્યે શકટ બેલ જોડી,
જાવું યાત્રાયે સહુ થકે પેહેલાં દોડી,
દેવી આંચો બ્રાહ્મણ તણા માનમોડી. તમે. ૮
સારી વસ્તુ ઔષધ વિના ખાવી આપે,
પ્રાણ પુત્રાદિ પોષવા રલીને પાપે,
ગુણ ઉપરી અવગુણ કરવા તાપે. તમે. ૯
સેહેજે વાત કરતાં મુખે વીષ્ટા વરસે,
કેહેતાં શિક્ષા ઉલટો તેહેને તે આકરસે,
કૃષ્ણરામ એ પેહેલાં પાતકથી તરસે. તમે. ૧૦

(૨)

બીજા પાતક કેરી હવે કહીયે વાતોં,
વદી શપથ વિશ્વાસીની કરવી ઘાતો;
પિતા માતાદિ વૃદ્ધોને હણવી લાતો. તમે. ૧
પેખી પાપીઅસંતને સંતમાની,
થવું શરણ જ્યેથી બને તેજો હાની,
નગ્ન નીરખવી નારીયો પ્રગટ છાની. તમે. ૨
યશ કરવો પણ પોષ્યોનાં પ્રાણ પીડી,
ખાવું નીચ ઘર અન્ન ને દ્વાર ભીડી;
દેવો રંકને મારતે મુખડું બીડી. તમે. ૩
રજોવંતી નારીનું નિરખેલું ખાવું,
કરી કોગળા તીર્થમાં મલીન નાંહાવું;
નારી રૂપે નર નાચે તે જોવા જાવું. તમે. ૪
વિના દોષે પરણેલી પત્નીને તજવી,
વિટલ પુરૂષોની વાંતી શી વનિતા ભજવી,
ગપ્પાં હાંકવાં તે બધું ચકલું ગજવી. તમે. ૫

બ્રાહ્મણ બ્રાહ્મણિને મૃતા શૌચે અડવું,
રડાવીને તેહેને દ્રિસંધ્યાયે રડવું;
વાંધે વેર ધારીને વાહાલાથી લડવું. તમે. ૬
થઇ વૃદ્ધ પણ પરણવી કુકુલ નારી,
કેહેવું સત્ય પણ જયેથી થાય દોષ ભારી,
જાણી જોઇને કંઇ નાખવા જંતુ મારી. તમે. ૭
પશુ જાતિની નારીથી રતિએ રમવું,
લેઈ લાંચો દુષ્ટોથી ધરમીને દમવું;
વિના દેવ નૈવેદ્ય અભડાયું જમવું. તમે. ૮
નિત્યે ગો બ્રાહ્મણ સંતને દેવી ગાળો,
જન ઉજળાને શિરે કેહેવી આળો;
રૂડા માર્ગ રોધીને જે દેવો ટાલો. તમે. ૯
વગર આપદે અશુભ આચરણ કરવું,
નારી નારીના વશ નરોને આદરવું;
કૃષ્ણરામ એ બીજા પાતકથી ડરવું. તમે. ૧૦

(૨)

ત્રિજા પાપની રીત્ય જયે દમવો દાતું.
ધન લોભે પારદ સહિત ધમવી ધાતુ;
પુત્ર પ્રાણપોષી દુઃખિ કરવી માતુ, તમે. ૧
ઘણે કામે કામિની મુખે રેતો પાવું,
મારી નિજ કરે શસ્ત્ર નિજ અંગે ઘાવું;
રાંકી જીવતાં જંતુનું માંસ ખાવું. તમે. ૨
સંબંધિનું મુરદું બળ્યા પાખે જમવું,
વિજાતિની વિધવા થકે રતિયે રમવું;
દેહ દંડ દેઇ વિપ્રોને વાંકે દમવું. તમે. ૩
પરનારિના પેટમાં ગર્ભ દેવો,
સકલ સરખો વિપ્રો થકે વેરો લેવો;
ગુણવંત પુરૂષોનો અવગુણ એવો. તમે. ૪
ગર્ભ ગાળવો ઔષધ આપી ભારી,
જણી જીવતાં નાંખવા બાલ મારી;
કરી ગમન વણસાડવી કો કુંઆરી. તમે. ૫

મુકી થાપણો મૃતક કેરી ઓળવવી,
ભલા ભાઈબંધોની ભામા ભોળવવી;
પતિ સહિતા સતિ યુવતીયોને ઓળવવી. તમે. ૬
કઈ જનને કામણ કરી કસવા કામે,
ક્રોધે આપની ઘાત કરી મરવું સામે;
અભિચાર કરી ચાલવું નિત્ય હરામે. તમે. ૭
છતે ધન ન ખાવું ને ખાવા ન દેવું,
વળી વીકટ વેળા વીકટ દાન લેવું;
નિજ ધર્મને ત્યજીને પાખંડ વે'વું. તમે. ૮
કઈનાં કઉતકે કાન ભરવા કુભાવે,
ચડચા જનને ઉતારવો ધર્મ નાવે;
ન પીવાય તો ઢોળવું દમવું દાવે. તમે. ૯
કરી દંભ પણ ગર્વથી ગજવી ગાજે,
મૃતક ન્યાહાનાનું ધન જમી મન ન લાજે,
કૃષ્ણરામ એ ત્રીજા પાતકથી દાઝે. તમે. ૧૦

(૪)

ચોથું પાપ જે ભગનિની ગ્રેહેવી નીવી,
થઈ વણી દીક્ષા વિના મદિરા પીવી;
તગાદે દેવાળા તણી કરવી દીવી. તમે. ૧
ગૌજાતિને લત્તાથી પ્રાહાર કરવો,
ધરી પીઠચે પલાણુ ને ભાર ભરવો;
દ્વિજોત્તમ તણાં પુત્રને વેઠચે ધરવો. તમે. ૨
નાહાવું નહિ રજોવંતીને અડીને અંગે,
સ્વાદે સંગ કરવો રાખી વૃષલી સંગે;
ગાવો વેદ અતિ શુદ્રોને શુંણતાં રંગે. તમે. ૩
શશિ સૂર્ય ઉપરાગમાં અન્ન જમવું,
ત્યજી શીલ ભ્રષ્ટો તણે ઘેર ભમવું;
દમી વિપ્રોને શુદ્રોને પાગ નમવું. તમે. ૪
વળી વિપ્ર પત્નિને તે કરવી દાશી,
પતિવ્રત્ત ધરણારની કરવી હાશી;
રાંધ્યું દેવને કરવું નૈવેદ્ય વાશી. તમે. ૫

જેમાં ભૂત બોલે તેહેનું રાંધ્યું ખાવું,
આપ્યા પાખે બ્રાહ્મણ તણું અન્ન ચાહાવું;
એકાદશીએ એકાદશા જમવા જાવું. તમે. ૬
મારી જોર દેઇને કોહોની વસ્તુ હરવી,
દેવો દંડ અપરાધ બિન જૂઠી ભરવી;
નિજ ગોત્રીની કન્યા જાણીને વરવી. તમે. ૭
સંન્યાસી જાતિને કરે દામ દેવો,
દેવ વિપ્રે.ને અરપેલો ખુંચી લેવો:
યતિ થઇને પણ અંગે શણગાર વેહેવો. તમે. ૮
દેઇ નોતરૂં વાળવો વિપ્ર ભૂખ્યો,
આપે થઇ સુખી રાખે સત્પાત્ર રૂખો;
ભલા અન્નથી ભરવી શ્વાનોની કૂખો. તમે ૯
પોષે પ્રાણ પણ પુણ્યથી પાછો સરકે,
ઘણા જ્ઞાનીજનને દેખી નિત્ય ઘુરકે,
કૃષ્ણરામ એ ચોથા પાતકથિ થરકે. તમે. ૧૦

(૫)

કહું પંચમ પાપની વાત વરણી,
પરગામિ કરવી નિજ પત્નિ પરણી;
કરી શિષ્ય શીખાવવી કુટિલ કરણી. તમે. ૧
પરનારીને પરતણે પાશ લેવી,
નિજ ભગિની પુત્રિને વિટલોને દેવી;
ખાઇ કુડી કમાઇને હાથ્ય ગ્રેહેવી. તમે. ૨
કન્યાવિક્રય કરીને તે દામ લેવા,
તેહેના ઘરતણા જમવા પકવાન્ન મેવા;
અતિ ઉંચ થઇ નીચની કરવી સેવા. તમે. ૩
મુખે અન્નનો ગ્રાસ પણ દેવી ગાળી,
ધન લોભે કોહોને ગળે વાહાવી પાળી;
છતે જીવે કો નાખવું મુરદું બાળી. તમે. ૪
અતિ અવળા આચરણીને શિષ્ય કરવો,
પાપી કેરા ઉપદેશને કરણે ધરવો;
કુટિલ દેતે પ્રસાદીથી કોષ્ટ ભરવો. તમે. ૫

આપે શુદ્ર પણ દ્વિજને ચરણે નમાવે,
બેશી વ્યાસ ગાદીએ શિક્ષા શુણાવે;
અણજાણે સાંભળવા ત્યહાં ઉંચ આવે. તમે. ૬
મુખે શુદ્ર થઇ શ્રુતિઓનાં વચન કેહેવાં;
વળી કૃષ્ણનાં કર્મ કહે જીવ જેહેવાં,
વળી વિપ્ર વાર્ષિકને ઉલાળી લેવા. તમે. ૭
ઘણા કર તે વધારવા રંક માથે,
દેખી વિપ્રને હણવી લાકડિઓ હાથે;
સદા સંગ કરવો શમલવંતી સાથે. તમે. ૮
જતે મળતે દ્રવ્યે નવ્ય વાળે દેવું,
થઈ ફારગતીએ વળી વળગી લેવું;
વિના વિપ્રજાતિને મહાદાન ગ્રેહેવું. તમે. ૯
જાતિ વિપ્ર થઇ દેવનો પંથ મૂકે,
રમે વ્યેશ્યાથી સ્નાનને સંધ્યા ચૂકે;
કૃષ્ણરામ એ પાપ પચમથી સૂકે. તમે. ૧૦

(૬)

છઠું પાપ જે ગરીબની ગાયો વાળે,
ઘાલી ગોટો ઘર માંહે સર્વસ્વ બાળે;
રાખી સાચો વેહેવારને નામું ગાળે. તમે. ૧
ન્યાહાનાં બાલને માનો વિયોગ પાડે;
ખુંચી લેઇ ઘર રંકને બાહારય કાહાડે;
ઉંચ ભેગો મહા નીચને રાખે ભાડે. તમે. ૨
ભલી વર્ણ વસ્તી વચે વાસે પાપી,
વધુ કુલવતી ગુણિને કાહાડે સંતાપી;
કીધાં વિપ્રોના વાર્ષિક નાંખે કાપી; તમે. ૩
કહી વિપ્રોને આપ્યાની હા ને નાપે,
કળી ક્ષેત્રાંનાં ધાન્યને અધિક માપે;
કરી ક્ષુદ્ર દીક્ષા કુટિલ મંત્ર જાપે. તમે. ૪
સાચે જુઠે જે દેવના સંમ ઘાલે,
નાઠા ધેનુ બ્રાહ્મણને જે કહી ઝલાવે;
જન જીવતે પત્ર જૂઠો ચલાવે. તમે. ૫

જલે તારતાં ધનને દેખી ડુબાડે,
મુકી વીર વિદ્યાએ વસ્તુ ઉડાડે:
પ્રેરી આગીઓ અંગોઅંગે દઝાડે. તમે. ૬
પીએ ઉંચ થઈ નીચ વાસણનું વારી;
મારે માતને કંઠ ઘાલી કટારી,
કહી ઉંચની પરણાવે નીચ નારી. તમે. ૭
મહા તીર્થ વારીમાં મલમૂત્ર નાખે,
દેઇ દંડ દક્ષોને પાપીને રાખે;
નિજ માતને તાતનું મિથુન ઝાંખે. તમે. ૮
સદા સંત બ્રાહ્મણ તણી નિંદા ભાખે,
વગર સમજતાં બાળોને જૂદા રાખે;
સુવે બન્ને સંધ્યા સમે કષ્ટ પાખે, તમે. ૯
દમી વિપ્રને પાપીના પાય પૂજે,
દિધી પીઠ તેના ઉપર જોરે ઝુઝે;
કૃષ્ણરામ એ છઠા પાતકથી ધ્રુજે. તમે. ૧૦

(૭)

હવે સપ્તમ પાપને અવલોકાવું,
મારી ચુગલને શાહુ થઈ જોવા જાવું;
ઉંચ નીચને ભેગાં બેશીને ખાવું. તમે. ૧
બન્ને સંધ્યા સમયે નારી મિથુન કરવું,
બ્રહ્મદ્રોહિના અન્નથી ઉદર ભરવું;
વિના વિધિએ કરી ઘાતને આપે મરવું. તમે. ૨
કરી વૈર વટલાવવું ટાંકુ જલનું,
રાખી દેવ બાધા ખાવું શિશુના મલનું;
તજી શાસ્ત્ર નિર્ણય કહ્યું કરવું ખલનું. તમે ૩
અબળા અધર્મીને વશ રેહેવું નરને,
કોહોના કીધા પુરાવવા વાપી સરને;
દેવો સહીતાં ગોડાવવાં દેવ ઘરને. તમે. ૪
મહા મારગ પાડવા ઘાલી ગાડાં,
દેવ મંદીરે મારવાં બકરાં પાડાં;
દેતાં દાન નિવારવાં બોધિ આડાં. તમે ૫

મધ્યે સાગરે વૈરેથી વાહાણ ત્રોડે,
હરિ જાય પરનારીને ઘાલી ઘોડે;
વિના રાજાની આજ્ઞાથી શક્કો ગોડે. તમે. ૬
કોહોને સાટે કોય તોતીયો આવે બણીને,
મોડે વિપ્રનું માન મહા વિદ્યા ભણીને;
કોહોનું દાટયું ધન કો હણે ભૂમિ ખણીને. તમે. ૭
અજાણ્યાને હીંડાડે કોય અવળી વાટે;
રોકે વિપ્રનાં અન્ન નિજ લોભ માટે,
મારી પુત્ર પરનો ઘાલી ઘરમેં દાટે. તમે. ૮
કરે નજર અતીથિના સાહાંમી કરડી,
કથા કૃષ્ણની મધ્યેથી નાખે મરડી;
બોલે ગુરૂને ગાલી ઘણી દંત કરડી. તમે. ૯
નિજ પતિને રોલાવીને આપે નાસે,
બેસે એકલો પરની યુવતીને પાસે;
કૃષ્ણરામ એ સાતમે પાપે ત્રાસે. તમે. ૧૦

(૮)

કહું વાત અષ્ટમ માહા પાપ કેરી,
કોહોનું ધામ ગોડાવવું માની વેરી;
રજોવંતી ચડાવવી નાવે પ્રેરી તમે. ૧
વગર ભૂતે વેહેમી અંગે ભૂત ઘાલે,
લેઇ કરજ વાડવ તણું પાછું ના'લે;
કથા કૃષ્ણની નિંદિ મદ મત્ત ચાલે. તમે. ૨.
નોહોતું લેહેણું તોહે ગળે પડીને લેવું,
છતે દેવે નથી માગતા એમ કેહેવું;
મરણ લગણ પણ વૈર મૂકી ન દેવું. તમે. ૩
રવી સાંહામો રહી ઉભો લઘુ શંકા કરવી,
દારાને વિના દોષ તજી કહાડે હરવી;
રજોવંતીને સંગે ગંગા ઉતરવી, તમે. ૪
રજોવંતી જાણી તોહે કરવી કેલી,
ભૂલી નથી તોહે સરવમાં કરવી ભેલી;
ચોરી લેવું વાહાલાનું ધન મનડું મેલી. તમે. ૫

આપે થઇને વ્યભિચારી બીજાને કરવું,
દગો દેઈ મા બાપનું ચિત્ત હરવું;
પ્રથમ ભ્રષ્ટ થઈ તેહેવી વનિતાને વરવું. તમે. ૬
કદી ધર્મ નવ્ય કરવો કરવા ન દેવો,
વેદશાસ્ત્રના પંથને જૂઠો કેહેવો.
કોમલ કૃષ્ણના દાસને કપટી કેહેવો, તમે. ૭
બેઠી પંક્તિમાં વૈરથી કરવો વેહેરો.
ઘણી વસ્તીના ગામને દેવો ઘેરો;
લેવો માલ ન વારસો વિપ્ર કેરો. તમે. ૮
મેલી ઇશ ઇચ્છા વિના વાત કરવી,
નિત્યે ચરમની વૃત્તિને ચિત્ત ધરવી;
આપી દેવ વિપ્રાને તે વસ્તુ હરવી. તમે. ૯
પ્રતિવ્રત્ત ધરણારીને નિત્ય ટો'કે,
કથા કૃષ્ણની શુણનારા જનને રોકે;
કૃષ્ણરામ એ અષ્ટમ પાપે શોકે. તમે. ૧૦

(૯)

નવમ પાપની જાતિને નિરખી લીજે,
સદા હિંસક જાતિને પુષ્ટ કીજે;
ગળ્યા વગર ગો આદિનું દૂધ પીજે. તમે. ૧
થઇ વૈદ્ય ને ઔષધ આપી મારે,
વિજાતિને સ્વજાતિમાં ભેળવો ધારે,
કરે અબળા આલિંગન દેવિ પારે. તમે. ૨
વિના ગો પશુજાતિનું મૂત્ર પાયે,
થઇ ઉંચ ને ચૌરનો સંગી થાયે,
મરચા મુરદાને નીચે થઇ નિકળિ જાયે. તમે. ૩
પરમહંસના મુખમાં કુવસ્તુ ઘાલે,
બેસી ઘોડે રંકોને મરદંતો ચાલે,
મુકી વસ્તુ નાલે કેવા બદલી આપે. તમે. ૪
મરચા મુરદા પાસે રજોવંતી આણે,
જમ્યો બાપ તે લ્યે ભરી દાણે દાણે,
વગર ઇચ્છાએ તરૂણીને બળતાં તાંણે. તમે. ૫

વગર પૂછે પી જાય પાપીનું પાણી,
મહા પાક વણસાડે મન વૈરિ જાણી,
મુકી રણમાં જાય રોગીને દાવો આણી. તમે. ૬
વિના વિપ્ર સાક્ષિથી કન્યા વરાવે,
દેવું નાપીને ઉલટો દોષી ઠરાવે,
અતિ નીચ ને ઉંચ પદવિ ધરાવે. તમે. ૭
વગર ભૂતે ધુણી કોહોનું નામ બોલે,
સકલ લોક શુણતાં કોહોનાં છિદ્ર ખોલે,
કરે આપ વર્ણન સદા પાને પોલે તમે. ૮
ગુરૂ ગમ્ય બિન શાસ્ત્રની શિક્ષા વાંચે,
ભરે કુડી સાક્ષિ તે લલચાઇ લાંચે,
સત્પાત્રોને આપ્યા બિન દ્રવ્ય સાંચે. તમે. ૯
સદા દાન લે પણ કદી પોતે ના'પે,
વગર વાંકેથી નાક ને કાન કાપે,
કૃષ્ણરામ તરસે એતો નવમ પાપે. તમે. ૧૦

(૧૦)

દશમ પાપ જે સરવના વૈરી થાવું,
જાણી જોઇને વિપ્રને ઝેર પાવું,
તજી કૃષ્ણ કીર્તનને કલ્પીત ગાવું. તમે. ૧
ઘણા જનના પોષકને તે લુંટી લેવો,
થોડે વાંકે દક્ષોને મહા દંડ દેવો,
પૂછે અંધ તેહેને જૂઠો માર્ગ કેહેવો, તમે. ૨
આપે પીને મદિરા અજાણ્યાને પાવી,
અતિ શૂદ્રોને ઘેર ત્રિપીંડી ખાવી,
રૂડી પરણી પરનારીને હરિને જાવી. તમે. ૩
મહામત્ત શત્રુ તણું અન્ન જમવું,
મારયો નાથ તે નારીને લ્યાવી રમવું,
કરયો જેણે ઉપકાર તે જનને દમવું. તમે. ૪
કરી કપટને મારવો ભૂપ ઘાતે,
બેઠો આસને વ્યાસ તે હણવો લાતે,
કોહાની હાની કરવી અતિ સહજ વાતે. તમે. ૫

મરણુ વેળા પણુ રંકનું ખત ન ફાડે,
સદા સર્વદા ચાલે આચરણે આડે,
ચઢયો વૃક્ષ તે જનને બીહ્ રાવી પાડે. તમે. ૬
કરે જીવતા જનની મુંમ્હાઈ બાળી,
હરે વિપ્રનું ધન ગલે વાહી પાળી,
કથા ભંગ પાડે દ્વિજ માન ગાળી. તમે. ૭
થતા દાસને મરદી કંઠી કઢાવે,
થોડે વાંકે વૈશ્યોને શુળી ચઢાવે,
લાવી ધાડું દ્વિજ થઇ દરોડા પડાવે. તમે. ૮
તપોધમ વિના શિવનું નિર્માલ્ય ખાવું,
ઘાલી ચેટક દ્રવ્યનું રળવું ચાહાવું,
મળ્યું ગંગાજલને ત્યજી ગર્તે નાહાવું. તમે. ૯
સદા પાનું પાડી મળી રેહેવું ઠગથી,
મહા લોભીને યાચવું વગર વગથી,
કૃષ્ણુરામ પીડાય એ, દશમ અઘથી. તમે. ૧૦

(૧૧)

કહું પાપ અગીયારમું સાંભળો જન,
સદા લેવું અધમથી વિપ્રનું ધન,
નિત્યે માંહિલું મલીન બહુ રાખવું મન. તમે. ૧
રાજા કેરી રાણી તણો સંગ કરવો,
તવો તપ્ત કરી તે ઉપર દ્વિજને ધરવો,
પ્રિત્યે પાખંડી પંથ પેખી આદરવો. તમે. ૨
મુકી વન્હિને વસ્તિનો દેશ દઝવે,
ફલિત વૃક્ષોને કાપીને રાંન ગજવે,
નરનારીને વેશે નારીને લજવે તમે. ૩
હાંકે ગપ્પાં જેમ સર્વને ત્રાસ આવે,
ગૌ બ્રાહ્મણુ રંક શિર કર ઠરાવે,
થઇ ઉંચ ને ક્ષેત્ર લીલી ભવાવે. તમે. ૪
વિધિ હોય તથાપિ નરમેધ કરવું,
કરી પરગામી પુત્રિને પેટ ભરવું;
વગર વિધીયે મારી પશુ માંસ ચરવું. તમે. ૫

ગુરૂદારાનું ધર્ષણ કરવું બળથી,
અપરમાત ભગની તણો અંગ કલથી,
વટલાવવાં વિપ્રોનાં અન્ન મલથી. તમે. ૬
દેતાં દાન ભાગવતનું નવ્ય દેવા દેવું,
બ્રહ્મદ્રોહને નિંદવું શિવનું સેહેવું,
ચિતા મધ્યેથી મુરદાને ખાવા લેવું. તમે. ૭
અધર્મીનું ઉચ્છિષ્ટ આદરથી ખાવું,
ગ્રહણ વેળા પરનારીનું મિથુન ચ્યાહાવું;
રજોવંતીનું આભડચું અન્ન લાહાવું. તમે. ૮
ઘણા કામનું પુસ્તક લેવું ચોરી,
કંઠે ઘાલવી વિપ્રને ફાંસી દોરી;
મરચા મુરદાનું લેવું કાલજડું કોરી. તમે. ૯
જાણી જીવતાં બાલને નાખે નાળે,
આપે બોલી દ્વિજ દેવનાં સંમ ન પાળે;
કૃષ્ણરામ અગિયારમું પાપ બાળે. તમે. ૧૦

(૧૨)

હવે દ્વાદશમ પાપને કહીયે જાડું,
હરિહરને જુદા કરી ઘાલે ગાડું;
કરી મતનું અભિમાનને બોલે આડું. તમે. ૧
માને ઈશના કરમને જીવ જેવાં,
કરે શિષ્ય પણ સખે એહેવા ને એહેવા,
થઇ સુજ્ઞ પણ અંગ અભિમાન વેહેવાં. તમે. ૨
થઇ શુદ્ર પણ દિક્ષાથી લ્યે જનોઇ,
વળી વૈરાગી યુવતીને રાખે જોઇ,
બાનુવેષ ધારીને જાયે વગોઇ, તમે. ૩
આવ્યા શરણ સજ્જનને તે નાખે બાંધી,
મારે શત્રુ ગાફિલને શર ચાપ સાંધી,
થઇ ઉંચ વેચે ધની ધાન્ય રાંધી, તમે. ૪
ગૌ આદિના ચરવાના ક્ષેત્ર રૂંધે,
અજારો કરી હિંસાના અજને નુંધે,
વિના વાંકે વ્યાપારીને નાંખે ઉંધે. તમે. ૫

હરિધેનુ બ્રાહ્મણની હિંસકને આપે,
મારી મૂક્ય મરાવી વા દ્વિજને તાપે,
સ્વયં સ્વાર્થે માબાપનું શિશ કાપે. તમે. ૬
જડયું નં શેતાનું પાછું ન આલે,
માની વૈરીને મારે બ્રાહ્મણને ભાલે,
નાંખી જાળ દ્વિજ મત્સને ઉંચ ઝાલે. તમે. ૭
દેઈ વ્યાઘ્રનો વાલ દ્વિજ નૃપને રગડે,
બેઠી સાથે વ્યભિચારથી બાપ બિગડે,
નપુંસકને કન્યા વરાવીને ઝઘડે. તમે. ૮
એકાદશી વૃતવાળાને ભંગ પાડે,
તજ્યું સૂતકી અન્ન તે'ને તે જમાડે,
મારે માંસને લોભે ગૌ ઘોળે દાહાડે. તમે. ૯
નારી નિધન કરી જીવતાં આપે રેહેવું,
ક્રિયા ભ્રષ્ટ થઈ નીચ મહાદાન એહેવું,
કૃષ્ણરામ એ બારમે પાપે દેહેવું. તમે. ૧૦

(૧૩)

હવે તેરમા પાપને કહીયે છેહેલું,
કરે છાનું અંગે જે જે વિધિયે મેલ્યું,
આપે દાન કુપાત્રના કરમેં પેહેલું. તમે. ૧
વળી પ્રસ્રવણ નવ જલ કેરાં રોકે,
આશાપાશને ત્યાગે નહિ સૂતે ચોકે,
રડે પુત્ર સત્પાત્રને મારી પોકે. તમે. ૨
સર્વ જાતિની નારીનું કરવું સેવન,
ઘણા જનના દ્રોહિ ગળાને લેવું ધન,
વગર જ્ઞાનવૈરાગ્યથી તજવા નિજ જન. તમે. ૩
આઠે પોહોર પાપે રળી સ્વજન પોખે,
ઘડી ન કરે સત્સંગ દેવોને દોખે,
દાટી નિજનું ધન પારકું હરવા ધોખે. તમે. ૪
કહી કીમીયો કરવા હરે દ્રવ્ય કોહોનું,
પડયું વિપ્રનું શોધ કરી જાય સોનું,
તજી વિપ્ર મહાજન જમાડે જનોનું. તમે. ૫

ઘણો કામ ને ક્રોધ ને લોભ રાખે,
કોહોનું જાય ઉખડી તેહેવું સેહેજ ભાખે,
સર્વ જાતિનું રાંધેલું ઉંચ ચાખે. તમે ૬
વેદ વિપ્રોનાં વાકયને જુઠાં જાંણે,
બગર સમજણે કંઇક મત કલ્પી તાંણે,
કોહોનું જાય મરજાદ પણ મેહેર નાંણે. તમે. ૭
નાખે કુંડ અગ્નિ તણે મુત્ર મલને,
પીયે નિજની પત્નીનું પય ખીંચી કલને,
પીયે ઓટેલું કંઇક પતિતોના જલને. તમે. ૮
કરે મૃતક નારી તણું મિથુન પેખી,
થઇ નીચ ને ઉંચપર ચલવે શેખી,
જમે વિપ્રને ગૌ તણું માંસ દેખી. તમે. ૯
માત તાત ને પ્રેતથી મુક્તિ ન કરે,
કથા કૃષ્ણની કોય દિન કરણ ન ધરે,
ઋણ ત્રણ્યને કોય ઉપાયે ન તરે. તમે. ૧૦
કહ્યા તેર મહાપાપને તારતમથી,
સકાશે તરી કયમ હરિ એહેવાં અમથી,
કૃષ્ણરામ કહે કૃષ્ણ ઉગારો યમથી. તમે. ૧૧

વીં૦ ૧૬ પા૦ ૧

કીર્ત્તન ૨૯૯ મુ.

ગર્ભથી અવસાન સુધી અવસ્થાનો ગરબો.

પૂજું પ્રથમ સિદ્ધિ બુદ્ધિરાય, પાય નમું ગણપતિરે લોલ.
મનક્રમ વચનેં સેવું માય, સહાય કરો સતીરે લોલ: ૧
વિષ્ણુ વિરંચીનેં જે ઇશનેં, શીશ નમું વળીરે લોલ;
વંદૂ અમર સકલના અધીશનેં, નિશદિશેં લળીરે લોલ ૨
સકલ દેવનેં માગી માનનેં, ધ્યાન ધરીયચૂરે લોલ;
ગર્ભાદિક યાવત અવસાનનેં, ગાંનમહાં મચૂરે લોલ. ૩
આદિ આવ્યો જઠર મોઝાર, કારમાં નરકમાંરે લોલ;
મહા મળમૂત્ર તણો ભંડાર, મારના થરકમાંરે લોલ ૪
જઠરા નલેં પીડાયેં જંનને, તંન અધોમુખેરે લોલ;

તેણે કરીનેં થાયે દહંનને, મન દ્રઢ નહી દુઃખેંરે લોલ. ૫
કરડે છે ત્યહાં કંઈ ક્રમિકીટતે, મીટમીચી રહેરે લોલ;
વિષ ભરીયા વળગેં છે વીટતે, દીઠ આવી ગ્રહેંરે લોલ. ૬
મેદ ચરમ શ્રોણિત જયે મસ્ત, સમસ્ત તે ખૂંચતાંરે લોલ;
કીધાં સકલ જંતુએ ગ્રસ્ત, અસ્ત ઉધાંચ્યતાંરે લોલ. ૭
માતા કરતી જયે ભોજ્યંન, અન્ન ઊન્હાં અતીરે લોલ;
પ્રગટે તેહ તણો જે દહંન, તંનતનુ દાઝતીરે લોલ. ૮
ખારાં ખાટાં તીખાં ખાય, માય મધુરા વળીરે લોલ;
તેંણે કરી વાધે પીડાય, થાય તનું આકળીરે લોલ. ૯
કરતી માત પુરૂષ સંભોગ, યોગયુંલ જણુંરે લોલ;
ઉલટો લાગે તે ઉધ્યોગ, રોગ દુઃખ તે તણુંરે લોલ. ૧૦
એહેવી બહુ વિધ લાગે બાલને, જ્વાળ અગન્યથીરે લોલ;
સંકટ કોણુ કરે સંભાળનેં, પાળક કો નથીરે લોલ. ૧૧
કરતો શ્રીહરજીનું સ્મર્ણ, તે અર્ણવ દુઃખ સહીરે લોલ;
એકવાર છુંટું જો અશરણ શર્ણતો, ચર્ણ મુકું નહીરે લોલ. ૧૨
ધાઓ અનાથ કેરાં નાથ કે, હાથ આવી ગ્રહોરે લોલ;
માહારે મધુસૂદન છો આથ્યકે, સાથ્યશમળસહોરે લોલ. ૧૩
આંણ્યો આભ્યંતર અહમેવતે, સેવ ચુકયો ખરોરે લોલ,
મહા અપરાધ થયો મજ એવતે, દેવ ક્ષમા કરોરે લોલ. ૧૪
એકવાર બાલ્યક બોલે આળ, ગાળ મા બાપનેંરે લોલ;
તોહ્યે લ્યે તેંની સંભાળ, કાલ નહિં આપનેંરે લોલ. ૧૫
ક્ષમા કરોને એ અપરાધ, અગાધ તે આ સમેરે લોલ;
બાળ્યકનો નવ્ય ચ્યાહાશો બાધ, ગાધગતી અમેરે લોલ. ૧૬
અકળાંમણુ આવે છે મુજ, ગુઝ્ય પીડા બહુરે લોલ;
અનેક પેરચની આવે અમૂઝ્ય, સૂઝ્યબિન શું કહુંરે લોલ, ૧૭
ઝીલેં જલ દાદુર મત્સર કરકતે, સરકવું કરે સુખેંરે લોલ;
પણ મુજ નહિ નીકળવા નરકતે, ગરક થઈ રહુંરે લોલ. ૧૮
એહેવી અરજી શુણી અવિનાશ, શ્વાસ ઉઘાડીયોરે લોલ;
માતુ પુરણ કરી દશ માસ, પાશથી કાહાડીયોરે લોલ. ૧૯
જતરડે વાળો નીકળે જ્યંમ, ત્યમ તે નીકળ્યોરે લોલ;
ક્રમી સહોદર નિકળે કયંમ, ભ્રમ મળને મળ્યોરે લોલ. ૨૦
હુંઅહાં તૂંત્યહાં રડતો એમ તે, નેમ રહ્યો નહીરે લોલ;

પુરૂષોત્તમનો વિસરચો પ્રેમ તે, ક્ષેમ થશે કહીરે લોલ. ૨૧
બાંધી મૂઠી થયો અવતાર, પાર પાંમ્યા તણોરે લોલ;
દેવ પરસ્પર કરચો વિચ્ચાર, ભાર પડિયો ઘણોરે લોલ; ૨૨
સકે શૂં ઇંદ્રાસન એ લેશે, રેહેશે સુકર્મ રથેંરે લોલ.
કે પગ આપણને શિરેં દેશે કે, વેહેશે ઉદક પથેં પથેંરે લોલ. ૨૩
બાલ એમ કીધો બંધન મુક્ત, ભક્ત જાંણી હરીરે લોલ;
અશનકાજ કીધો ઊદ્યુક્ત, યુક્ત પયેં કરીરે લોલ. ૨૪
માતપિતા કરતા મંગલ, તે જળ હળ તો જુવેરે લોલ;
કેહે છેં કરમાશે કોમળ તે, ગલથૂથિ ટુંહેરે લોલ, ૨૫
વજાડે ભેરિ મૃદંગને તાલ, રસાલ વિણા વળીરે લોલ;
આવ્યો પુત્ર થઇ જયમ ભાલ, બાળ આવ્યાં મળીરે લોલ. ૨૬
વેંહેચેં ગોળ ધાંણા પાંન, દાન બહુ વિધ તણારે લોલ;
યાચક બહુવિધ કરતા ગાંન, માંન પામે ઘણાંરે લોલ. ૨૭
જન્મે દિવસ થયા અગિયાર, ત્યારપછી શું થયુંરે લોલ;
કરતી મંગળ મુખ ઉચ્ચાર, નારય આવી બહુંરે લોલ. ૨૮
તેડચા જોશી જન નિરધાર, સાર મૂહુર્ત્ત ભણેરે લોલ;
બાંધ્યૂં પારણું તેજ અપાર, દ્વાર પોતા તણેરે લોલ. ૨૯
કોય દિન દરદને ખાંસી વરાધ્ય, અગાધ ગળું પડેરે લોલ,
મત્કુણ મત્સર કરતા બાધ્ય, સાધ્ય નહિ તે રડેરે લોલ. ૩૦
ભુખે રડતે પાય ફિરિયાતું રાતું મુખ કહેરે લોલ;
દુઃખે રડે તો પાય પયમાતું, થાતું શૂં લહેરે લોલ. ૩૧
એમ પય પીતાં થયા ષટ માસ, આસ પોહોતી અતીરે લોલ;
વળતો કરાવ્યો અન્નવાસ તે, હાસ વિલાસથીરે લોલ. ૩૨
દિન ઉપર દિન વહીને જાય, વ્યહાય માને સુખેરે લોલ;
આવ્યા દંત વધો રસનાય, માય કાલે મુખેરે લોલ. ૩૩
માંને ઉપજે મનશું વાહાલ, ખ્યાલ ખેલાવતીરે લોલ;
ચુંબન કરતી મુખ લેઈ ગાલ, બાલને હુલાવતીરે લોલ. ૩૪
માધવની માયા ને જોર, તે દોર બાંધ્યા રમેરે લોલ;
સઘળાં હું માહારૂં કરિ સોહોર, ઠોર ઠોરે ભમેરે લોલ. ૩૫
લીધિ કાષ્ટ પંથિકા ગ્રહણ, ચરણ ચાલી સકેરે લોલ;
લીધિ માત અંગુલી શરણ, ધરણ પડે રમેરે લોલ. ૩૬

માત શીતળા ઓરી રહ્યો, ગયો દિન આંચનોરે લોલ;
પરમેશ્વરની પ્રીતિ ન લહ્યો, થયો વર્ષ પાંચનોરે લોલ. ૩૭
કરતો બાલ લિલા રંગરેલ, ઘેલઘેલાં ગમેરે લોલ;
બહુ બાલ્યક શૂં રચતો ફેલ, બેલ વળગી રમેરે લોલ. ૩૮
અતિ વિધના ઓલંભા લાવે તે, આવે મા કહનેરે લોલ;
તેને સમજાવી વોળાવે, મનાવે હાંકનેરે લોલ. ૩૯
મૂક્યો ભણવા વર્ષે આઠ તે, પાઠ ભણે લખેરે લોલ;
મા કેહેતી મેહેતાને ઠાઠ કે, સાઠ મારો રખેરે લોલ. ૪૦
પરથમ ભણિયો અંક અઢાર, માર મેહેતા તણોરે લોલ;
હરણ ગણુન સરવાળા સાર તે, ચ્યાર પ્રહર ભણેરે લોલ. ૪૧
કીધાં કકા કેરા લેપ તે, ખેપ કરી ઘણોરે લોલ;
વિંજન પ્લૂત વિસર્ગ રેફ, બે પક્ષે ભણ્યોરે લોલ. ૪૨
શીખે લઘુ ગુરૂ કાના માત્ર, તે રાત્ર દિવસ રસેરે લોલ;
શીખ્યો નાંમાં થયો ગુણપાત્ર, છાત્ર દેખીને હસેરે લોલ. ૪૩
ખત કાગળ ચીઠી ને હુંડી, રૂડી લીખતોરે લોલ;
ધાતો વિદ્યા મૂળની ઉંડી, પ્રૌઢિ શીખતોરે લોલ. ૪૪
વળતો લેખાં ભણવા લીધ કે, સીદ્ધ મલાવતાંરે લોલ;
માંડયું વ્યાજ ભણ્યો વિધ વિધ, રિદ્ધ ચલાવતાંરે લોલ. ૪૫
પદાર્થ માત્રની શીખ્યો પરીક્ષા, શીક્ષ્યા નવી નવીરે લોલ;
ઓળખી ન આત્મરતી અન્વિક્ષા, દિક્ષા વૈષ્ણવીરે લોલ. ૪૬
ઓછું દેવું. લેવું અધિક તે, ઠીક વિદ્યા ભણેરે લોલ;
હઇયે નહી હરજીની હીક, તે બીક કોહોની ગણેરે લોલ. ૪૭
એમ કરંતાં થયાં વર્ષ તેર, ઘેરચ માંગૂં ગયુંરે લોલ;
પરણાવ્યો બહુ હર્ષેજ ભેરચ, ઝેરને સુધા લહ્યુંરે લોલ. ૪૮
બાલ પૂરણ થઈ તરૂણા જાગી, ભાગી ભૂલવણીરે લોલ;
વિસરયા નાથ વધી વરણાગી, લાગી લય ઘણીરે લોલ. ૪૯
શોભ્યો સોળ વરસ સંતાન, સાંન આવી સહુરે લોલ;
ભૂષણ વસ્ત્ર કરે પરિધાંન તે, ગાન મહાં કહુરે લોલ. ૫૦
પૂહૂચી વેઢ વીટિયો વાંક, સાંકળાંને કડાંરે લોલ;
સેરચ કંદોરો કટિને લાંક, કાંકણ કરે અડ્યારે લોલ ૫૧
કાંને કુંડલ કંઠે માલ, પ્રવાળ સોનામણીરે લોલ;

ઉપર હેમ સાંકળી વિશાળ, રસાળ શોભા બણીરે લોલ. ૫૨
મસ્તક ઉપર બાંધી મોલ્ય, ચોલ રંગે ચુવેરે લોલ;
તાતાં ભરિયાં મુખ તંબોલ, લોલ અધર જુવેરે લોલ. ૫૩
પેહેરે ધોતર કટિ કંદોર, કોરચ રેશમ કણોરે લોલ;
જ્યામા નીમા પટકા જોર, તોર તેનો ઘણોરે લોલ. ૫૪
લાલ મોજડી ચમચમ થાય, તે પાય સોહ્યાંમણિરે લોલ;
લટકે ચાલે જોતો જાય કે, છાયા પોતા તણીરે લોલ. ૫૫
તાત પરિક્ષા તનયની લેતતો, ચેતન ક્ષણે ક્ષણેરે લોલ;
સૂપી કુંચી દુકાન સમેત તે, હિત કરી ઘણેરે લોલ. ૫૬
માંડયો ઊધમ આણી પ્રીત કે, નિત્ય નવો નવોરે લોલ;
લીધી પૂંજી પીતાનૂં વિત્તતે, ચિત્ત ચપળ હવોરે લોલ. ૫૭
લાવે લાભ કપટથી અત્યતે, છત્ય છાંની કરેરે લોલ;
માતપિતા જો પૂછે વિગત્ય તો, સત્ય ન ઉચ્ચરેરે લોલ ૫૮
માત કહે છે પતિને માંનો, એન્યાંનો શૂં રળેરે લોલ;
કીધો આપે એક ખજ્યાંનો, તે છાંનો છત્ય છળેરે લોલ. ૫૯
પરણે વરસ થયાં જ્યાહાં સાત, જાત યૌવનપણુંરે લોલ;
વીતી તરૂણ તણી વિખ્યાત, નાથ ન ભજ્યા ક્ષણુંરે લોલ. ૬૦
મન મોહ્યું માનની સંઘાત, રાત્ય દિવસે રસેરે લોલ;
તાલી લેઈ પરસ્પર હાત, વાત કરિને હસેરે લોલ. ૬૧
આવી વળગે અબળા અંગતે, રંગ રચી રહીરે લોલ;
વાધે અંન્યો અન્ય અનંગતે, ઢંગ રહે નહિરે લોલ. ૬૨
કરતો કામિની કુચ મરદંનતે, તનમન ધન્ય શૂંરે લોલ;
ચ્યુંબન ગંડને અધર દશંન. તે અન્યોઅન્ય શૂંરે લોલ. ૬૩
જેથી પ્રથમ પાંમતો ત્રાસ, વાસના ત્યહાં ઠરીરે લોલ;
મૂઢમતી ન લહ્યો અવિનાશને, પાશ પડયો ફરીરે લોલ; ૬૪
વિષરૂપી જયે વિષયા સ્વાદને, પાદ ભીડીને રમેરે લોલ.
ન ગણે પરવ ધરમ મર્યાદને, આદર એ ગમેરે લોલ; ૬૫
યુવતીના યુગ્મ પયોધર જયેહ, સ્નેહથી રહે ગ્રહીરે લોલ;
મેદ ચરમ શ્રોણિતનો દેહ, તેહ ખર લહે નહીરે લોલ. ૬૬
ગંડસ્થળ જયે જ્યમણા ડાબા, ગાબા તે ગમેરે લોલ
પંચભૂતની ન લહે આભાતે, લાભા ઉજમેરે લોલ. ૬૭

ભોગ રૂપીયા માંણુ ભોગ તે, યોગમથી ચણ્યોરે લોલ;
વિર્થ તણો નિત્ય સાધે વિયોગ તે, રોગ વધે ઘણોરે લોલ. ૬૮
પરદારા શું નાંખે દ્રષ્ટ, પ્રષ્ટ તેની ભમેરે લોલ;
જેથી પૂર્વે પામ્યો કષ્ટ તે, ભ્રષ્ટ ભુલ્યો સમેરે લોલ. ૬૯
ઇશ લહ્યા બિન કયમ રહે આડચ, ડાહાડ્ય રહિ નીવિયેરે લોલ.
કામેં ઘટમાં ઘાલી ધાડ્ય કે, દાહાડે દીવિયેંરે લોલ; ૭૦
એ'વા માંણુ ભોગ અનેકનેં, ટેક તજી વહ્યોરે લોલ;
દશ ઇંદ્રિમાં વશ નહિ એક તે, છેક કુટિલ થયોરે લોલ. ૭૧
કથા કૃષ્ણની ન ધરે કાંન, તો સાંન આવે કશીરે લોલ;
ગમિયા ગુંણિકા કેરાં ગાંન કે, ચાંનક ત્યહાં વશીરે લોલ. ૭૨
પેટને કાજ્યે પટકતો પૂંછ તે, ઉંચ તનુએ બણીરે લોલ;
તે દિન વિસરી મરડે મૂંછ, ને તૂચ્છ ગણ્યા ધણીરે લોલ. ૭૩
દેખી ચતુરા કેરાં ચેહેન ને, નેંન રહે ઠરીરે લોલ;
જ્યે ઘેરયો માયાનેં ઘેન કે, તે ન ઉઠે ફરીરે લોલ. ૭૪
જાંણ્યા નહિ જગજીવન ઉર તે, ભૂર ભુલ્યો ભમ્યોરે લોલ;
જયમવા ઇચ્છયો તેહ જરૂર કે, પૂરવેં જ્યે વમ્યોરે લોલ. ૭૫
આવ્યાં સુત તનયા બે ત્રણ્ય, ઝરણુ જયમ જયમ ઝરેરે લોલ;
તેમાં કોયક પાંમે મરણુ તો, અરણુવ દુઃખ ધરેરે લોલ. ૭૬
કરતો પ્રેમદાની પ્રતિપાલ કે, વાહાલ ઘણું વશુંરે લોલ;
સ્રીની શીખામણુ વશ ચાલે, નિહાળે નહિ કશુંરે લોલ. ૭૭
સ્રી કહે દિયર જ્યેઠનેં માંહ, ત્યહાં વસવું નહિરે લોલ;
ભિન્ન ભવન લેઇને રહો કયાંહ, બાંહ મુજનેં ગ્રહીરે લોલ. ૭૮
સાસુ સસરો નણુદલ જ્યેહ, ગેહ તે તજો પહુંરે લોલ;
મજ શું નહિ સાસૂને સ્નેહ કે, તેહ લહો ખરૂંરે લોલ. ૭૯
ભ્રાત તમારા માંગે ભ.ગ તે, ત્યાગ કરો તમેરે લોલ;
જો જઇ રેહેશો જુદી જાગ તો, પાગ નમું અમેરે લોલ. ૮૦
વિનતા કેરી માંની વાત, હાથ તેહેને હુવોરે લોલ;
તજીયાં તાત માત ને ભ્રાત તે, જાત રહ્યો જુવોરે લોલ. ૮૧
વ્યાપ્યો મદ મત્સર અહંકાર, નારય સંગે બધોરે લોલ;
લાવ્યે લાભ કરયે વ્યાપાર જે, કાર ઘણો વધોરે લોલ. ૮૨
શિશ્નોદર તૃસકનો સંગી, અંગી કરી રહ્યોરે લોલ;

ઇશ્વર જનની વાત ઉલ્લંઘી, ભંગી ભ્રમે વહ્યોરે લોલ. ૮૩
ધન યૌવન મદે થયો પ્રમત્ત, મત્ત મોટ્યમપણુંરે લોલ;
સેવન સ્તુતિ કીર્તિ ને મુમત્તથી, દત્ત કરે ઘણુંરે લોલ. ૮૪
હું માહારૂં તાહારૂં ને પરકે, તિમિર તે રહીરે લોલ;
વિશ્વંભરણુ જયે વિશ્વંભરને, તે ખર લહે નહિરે લોલ. ૮૫
જંતરિયો માયાની જાળ તે, ચાલ્ય વસ્તાઈથીરે લોલ;
ગુણનિધિ ન લહ્યા શ્રીગોપાલ, હાલ મસ્તાઇથીરે લોલ. ૮૬
પરનિંદા પરધન પરદારને, સાર માંની સકયોરે લોલ;
ભલા જન્મનો ખોયો ભાર, બાહાર રહી બકયોરે લોલ. ૮૭
દિન ઉપર વહી જાયે ધંન, મન મમતા વધેરે લોલ;
જગતપતી જયે જગજ્જીવંનને, જન ન લહે હૃદેરે લોલ. ૮૮
ભય નિદ્રા મૈથુન ને અહાર એ, ચ્યાર ધરમ લહ્યોરે લોલ;
ન પડયો અંતર પશુથિ લગાર, જાર દારે દહ્યોરે લોલ. ૮૯
લાગી નિશદિન સ્ત્રીશું લક્ષ તે, દક્ષપણું વહ્યોરે લોલ;
વિરચ વિહીન થયાં તમ ચક્ષ, લક્ષ તે નવ્ય લહ્યોરે લોલ. ૯૦
કૃષ્ણ કથા કદિ ન ધરે કરણ કે, શરણ થયો નહિરે લોલ;
માથે મોટું ન સમજ્યો મરણ કે, ધરણમહાં રહીરે લોલ. ૯૧
એકાદશી વૃત ન કરયાં નેટ, તે પેટ પૂરણ ભરીરે લોલ;
માનવતનુ ઉઠાડી વેઠ્ય કે, ચેટક ગયું ચરીરે લોલ. ૯૨
કીધો નહિ સજ્જનનો સંગ તે, ઢંગ ન જાંણિયોરે લોલ;
અતિ અશુચી થઈ અંગોઅંગ તે, રંગ ન માંણિયોરે લોલ ૯૩
ભોજન ભાવંતે ભૂસુરને, પૂર્ણ ન પોખિયારે લોલ;
જે જન હરિહર કેરા હજુર તે, દૂરથી દોખિયારે લોલ. ૯૪
ન જપ્યાં નારાયણનાં નામ, તે કાંમ ગણાવતારે લોલ;
દેખી પાત્ર ન અરપ્યો દામ તે, ધામ ચ્યણાવતાંરે લોલ. ૯૫
પ્રીત્યે પોષા નહિ પરમહંસ તે, વંશ ઉદ્ધારવારે લોલ;
ધર્મ પંથનાં કીધાં ધ્વંસ, તે દંશ વધારવારે લોલ. ૯૬
સેવ્યા નહિ જોડે શિવશક્તિ કે, ભક્તિ ન અનુસરીરે લોલ;
વપુ ઉપર રાખી ન વિરક્તિ તે, વ્યક્તિ વીસરીરે લોલ. ૯૭
ભૂત દયાનો ન ધરચો ભાવ, દાવ ચૂકી ગયોરે લોલ;
પાપતણો ન કરચો પ્રસ્તાવ કે, નાવ ન હરિ લહ્યોરે લોલ. ૯૮

કીધાં નહિ કદિયે સત્કરમ, ધરમ ધાર્યો નહિરે લોલ;
સદ્ગુરૂ સેવતાં રાખી શરમ, ચરમ ચૂથ્યું ગ્રહીરે લોલ. ૯૯
ન કર્યું સુરસરિતાદિક સ્નાન કે, પાંન ન બિંદનુંરે લોલ;
ધાર્યું ન ધરણીધરનું ધ્યાન, ગાંન ગોવિંદનુંરે લોલ. ૧૦૦
પ્રીછ્યો ન પરમારથની પ્યેર, ઝેર આઝું ભજીરે લોલ;
કીધો કંઇક જંતુનો કેહેર, મેહેર ન ઉપજીરે લોલ. ૧૦૧
ડંમર હાંકી પોલે પાંને કે, માંને એ મેં કર્યુંરે લોલ;
સરવેશ્વરને સમજે શાંને તે, કાંને કુલુપ ધર્યુંરે લોલ. ૧૦૨
હું હું કરિને ઉઠે હુકી, મૂકી માંમનેરે લોલ;
યુવતી જનો શું રહે નિત્ય ઝુકી કે, ચૂકી રામનેરે લોલ. ૧૦૩
યૌવન વીતું આવી ઝાક કે, આખર આથમ્યોરે લોલ;
ધારિ ન ધર્મરાયની ધાક કે, ચાક ચઢી ભમ્યોરે લોલ. ૧૦૪
આવી જરા જણવતી જોરતે, ઠોર ઠોરે વશીરે લોલ;
કચના કીધા સિત અંકોર, ચોર લીધો ગ્રશીરે લોલ. ૧૦૫
કલિયા કુંદ કલીશ્યા દંત તે, અંત રહ્યા ભમેરે લોલ;
ચિંત્યા નહિ ચૈતન ઘન ચિંતતે, સંત સમાગમેરે લોલ. ૧૦૬
કંપે કરપદ કંધર શીર કે, નીર નયનેં વહેરે લોલ;
બડબડ વાધી થયો બધીરતે, જીરણુતા સહેરે લોલ. ૧૦૭
વાધ્યાં કફ મારૂતનેં પિતકે, શીત જાયે સહુરે લોલ;
કમ્મર બેવડી થઇ થકી તકે, વિત્ત સકલ વહ્યુંરે લોલ. ૧૦૮
કાષ્ટ જેષ્ટિકા પકડી કરકે, તિમરતા થઇરે લોલ;
પુત્રાદિક થઈ બેઠાં પરકે, જર જ્યોંખે ગ્રહીરે લોલ. ૧૦૯
ત્રુટે મંચક તનું તરફડતું, શડતું સ્વેદજેરે લોલ;
પેખ્યા બિન મૂકે કહી પડતું, રડતું રહે રજેરે લોલ. ૧૧૦
દેખતો ઊજળું એટલું દૂધતે શુદ્ધનેં આવરીરે લોલ
જાય ન સહ્યું જરાનું યુદ્ધ, ખુધ્ય થઇ બાવરીરે લોલ. ૧૧૧
દરદી બોલાવે દશવાર તે; દાર ન હિલે ઘરેરે લોલ;
પેખી ન જુવે નિજ પરવાર, સાર શાંને કરેરે લોલ. ૧૧૨
જીરણ જ્યમ તેલીનો બેલ, મેલથી મશક દસેરે લોલ;
રંગ તણી તે કરતો રેલ તે, પેહેલમાં પગ ઘસેરે લોલ. ૧૧૩
ગમતાં ઘરણાં લેતિઘેરી, પ્રેરી પ્રેરીપતિરે લોલ;

વનિતા તે થઇ બેઠી વેરી કે, મેહેરી જ્યે હતીરે લોલ. ૧૧૪
પોષ્ય હતાં તે પ્રીસે અન્નતે, મંત્ર વિના મળેરે લોલ.
અહ પાલકવત્ કરે અંશન જે, ઘંન મુવો રળીરે લોલ: ૧૧૫
મમતા અજી લગણુ નવ્ય મૂઈ, ભૂઇ પડયો બડબડરે લોલ
મુખથી લાલ જાય છે ચુઇ તે, સૂઈ રહ્યો શડેરે લોલ. ૧૧૬
જેણે કુછિત કીધી કમાઇ કે, ધાઈ દિશો દસેંરે લોલ:
ખળજન સહુ મળિને ગયાં ખાઈ, ભાઈ રીઝયા રસેરે લોલ. ૧૧૭
વળતાં વાંકું બોલી વગોય, હોય સહુ સ્વારથીરે લોલ;
પાછું વાળીને નવ્ય જોય, કોય કોહોનું નથીરે લોલ. ૧૧૮
ઘાડો ઘરેરો વ્યાપ્યો શ્રીવકે, દિવ્ય ન દિસેં ધરચારે લોલ.
જબર જંજાળે પડિયો જીવનેં, શિવ નવ સંભરચારે લોલ. ૧૧૯
મળિયાં સગાં સંબંધી સમસ્ત તે, અસ્ત સમે અડેરે લોલ;
વાંચ્છે અજી સૂધી નિજ વસ્તતે, હસ્ત ધરી રડેરે લોલ. ૧૨૦
કાંઈ હશે તે મૂક્યું કુત્ર, તે પૂત્ર પુછે ઘશ્યોરે લોલ:
મુક્ત થઈ જાતાં મલ મૂત્રતે ઉત્તર કહે કશ્યોરે લોલ. ૧૨૧
દાન ન દે કે નવ્ય દેવરાવે, જોવરાવે જુવેરે લોલ;
રામ કહે નહિ નવ્ય કેહેવરાવે તે, નવ્હરાવે રૂવેંરે લોલ. ૧૨૨
કરમહીણુ મરિયો કર કુટી તે, લૂટી લીધો ઠગેરે લોલ;
જન્મસમે હતી બાંધી મૂઠી તે, છુટી વિના વગેરે લોલ. ૧૨૩
જણુ બે આવ્યા યમના દૂત તે, નુતન વેશ ધરીરે લોલ;
ઝાલી લીધું જીવનું જૂત તે, ઉતકટતા કરીરે લોલ. ૧૨૪
પ્રથક તનુમાં કરી પ્રવેશ કે, કેશ કાઢી ધરેરે લોલ;
મારે રોરડા પામે કલેશ તે, લેશ ન ઉગરેરે લોલ. ૧૨૫
કેહે છે કિંકર યમના વાંણ્ય, પ્રાણ પોખ્યા તમેરે લોલ;
કુટિલ કરયું નહિ કયમ કલ્યાણ, જાણ્ય ગયો સમેરે લોલ. ૧૨૬
ખાધું કયમ પરવશ હો ખળ જ્યે, છળ કીધા ઘણારે લોલ;
અલિષ્ટનું શિર ન લહ્યું બલકે, મળ મોઠા ગણ્યારે લોલ. ૧૨૭
જાણ્યા ક્યમ નહિ જગદાધાર, નારચ નરની લવેંરે લોલ;
પ્રીછયો નહિ મળશે પુનાર, માર પડશે હવેરે લોલ. ૧૨૮
શું કરવા આવ્યો શું કીધું, લીધું ન લક્ષ ભજીરે લોલ;
વિષય રૂપિ વિષ કાં પીધું, કે શીંધુ સુધા તજીરે લોલ. ૧૨૯

શઠ કાં હરિને ન માંન્યા સાચા કે, વાચા મને કરીરે લોલ;
એમ કહિ તાંણિંને મારે તમાચા, પાછા ફરી ફરીરે લોલ. ૧૩૦
નવાણુવહઝાર યોજંન, કે ક્ષણ બે ત્રણ્યમહાંરે લોલ;
જાય લેઈ મજલે યમના જંન, ઘન યાતના જ્યહાંરે લોલ. ૧૩૧
લાગે અનલ અર્કનો તાપ કે, બાપ કહી રડેરે લોલ;
પેહેલાં સંભારીને પાપ કે, આપ ઉંધો પડેરે લોલ. ૧૩૨
શ્વાન દસે કંઈ કરતાં સોર, ઘોર ઘણો સહેરે લોલ;
રાજભટે જ્યમ પકડયો ચોર કે, દોર બાંધ્યો વહેરે લોલ. ૧૩૩
મારે ઘણા શસ્ત્રના ઘાય કે, પાય બાંધ્યો દમેરે લોલ;
ક્ષુધા ઘણી પણ ત્યહાં શું ખાય, માંસ કાપી જ્યમેરે લોલ. ૧૩૪
વૃશ્ચિક સર્પ દસેં દેઇ ડંક, કે પંકમાં રહે પડીરે લોલ;
ચક્ષુ ખણી કાહાડે બટકંક, તે રંક રહે રડીરે લોલ. ૧૩૫
ગજ શાર્દૂલ ચીરીનેં મારે, ત્યારે તરફડેરે લોલ;
હાથ ઘશી હા દૈવ પુકારે, વાહારે કુંણ ચઢેરે લોલ. ૧૩૬
ગ્રંથી બાંધી ગિરીથી ગડાવે, ફડાવે ફૂલિયેરે લોલ;
શ્રોણિત સરિતા મધ્યે શડાવે, ચઢાવે સૂળિયેરે લોલ. ૧૩૭
અરધો દાટે અવની માંહિ, જ્યાંહિ ચેટક ચકેરે લોલ;
તીરંબાજી કરે જંન ત્યાંહિ, કયાંહિ નાશી સકેરે લોલ. ૧૩૮
નાંખે દુર્ગંધીને ખાડકે, તાડ ચઢાવિનેરે લોલ;
કાપે કોહોવાડાથી હાડકે, ફાડ ફડાવિનેરે લોલ. ૧૩૯
તપવે તાતી તેલ કઢાય, ધાયને કરગરેરે લોલ;
કચરે કંટક માંહિ કાય, હાય હાહા કરેરે લોલ. ૧૪૦
પ્રૌઢિ ભોગી પીડા પિંડકે, ષંઢ સમો થઇરે લોલ;
સેવક કાય કરે શત ખંડકે, દંડ રહે સહીરે લોલ. ૧૪૧
એણી રીત્યે નર વા નારય, માર અંગે સહેરે લોલ;
જયે મહા પાપ તણા કરણાર, ક્ષાર કર્દમે રહેરે લોલ. ૧૪૨
નિજનૂં પૂણ્ય પાપ પાથેયતે, પ્રેયાપ્રેય કરેરે લોલ;
એણે સ્વર્ગ નરક અનુમેયતે, હેય એ સહું ઠરેરે લોલ. ૧૪૩
ભારે ભોગ્યો પાપનો ભારતે, કારાગારથીરે લોલ;
પટકયો પશુ પક્ષિ અવતાર, પાર જેનો નથીરે લોલ. ૧૪૪
કીધો શુદ્ધ કેટલે કાળ, તે આળ ઉલંઘવારે લોલ;

નાંખ્યો જનની જઠરની જાળ, બાળ મનુજ થવારે લોલ. ૧૪૫
એહેવી કઇંકવાર પીડાયતો, સહાય વિના બણીરે લોલ;
હવે જો શરણુ હરીને જાયતો, ધાય વાહારે ધણીરે લોલ. ૧૪૬
સદ્‌ગુરૂ શાસ્ત્ર તણો કરે સાથતો, વાત જાંણે ખરીરે લોલ;
માંથે નરહરિને કરે નાથતો, હાથ ગ્રહે હરીરે લોલ, ૧૪૭
સ્ત્રી કે સ્ત્રી સંગીનો સંગકે, ભંગ કરે સદારે લોલ,
અતિશે જેથી વાધે અનંગ, અંગને આપદારે લોલ. ૧૪૮
અકર્તા જાંણે આત્મ સ્વરૂપને, ચુપ થઇ ચકેરે લોલ;
તો ફરિ ન પડે ભવને કુપ, અનૂપમ થઇ સકેરે લોલ. ૧૪૯
કૃષ્ણ કથામાં જો ધરે કાંન કે, તો સાંન થયે લહેરે લોલ,
ભારે ભય ભાગે ભગવાંન કે, ચાંનક જો રહેરે લોલ. ૧૫૦
મનથી જો મૂકે માહારૂં તાહારૂંતો, દારૂણ દુઃખ લહીરે લોલ;
પ્રભુનૂં ધ્યાંન કરે જો પ્યારૂંતો, સારૂં થાય સહીરે લોલ. ૧૫૧
સમજી થાય સજ્જનને શરણુતો, ચરણ ગ્રહી રટેરે લોલ;
ઓળખે અળગું થાય આવરણ તો, મરણ જનમ મટેરે લોલ. ૧૫૨
સત્પાત્રોનૂં પોષણ ચ્યહાયતો, પાય નમી સદારે લોલ;
ગમતા ગુણ ગિરધરના ગાય તો, જાય સહુ આપદારે લોલ. ૧૫૩
સાંભળો શરણાગત વિશ્રામ, રામ મમ વિનતીરે લોલ;
જાંણી પતિતપાવન તવ નામ, હાંમ મેં ધરી અતીરે લોલ. ૧૫૪
એહવી પીડા કઇ કઇ વાર, માર મેં ઘણા સહ્યારે લોલ;
આવ્યો શરણ જાંણિ ત્રાતાર, સાર કરીયે દયારે લોલ. ૧૫૫
સાધન હું શું કરી સકું સ્વામી કે, કામી ક્લેશી બહુરે લોલ;
આશરિ તમને અંતરયામી કે, નામી શિર રહુંરે લોલ. ૧૫૬
શરણ છું ઉત્તરાયે કહ્યું મુખકે, સુખ જાંણી ખરૂંરે લોલ;
રાખ્યો પરિક્ષિત પેશી કુખ કે, દુઃખ દહન કરયુંરે લોલ. ૧૫૭
મુજ ઉપર જો કરસ્યો મેહેર, તો ઝેર મિટી જશેરે લોલ;
ઘટથી જાશે અવિદ્યા ઘેર કે, લેહેર ઘણી થશેરે લોલ. ૧૫૮
ભૂત ભાવિ સહુ નજરે પડશે ને, જડશે શોધ ખરારે લોલ;
ગર્વાદિ ગરીબ ગડબડશે તે, નડશે નજરે પાહારે લોલ. ૧૫૯
અવિનાશી ઉતારજ્યો આળ કે, પાલક થઈ તમ્યોરે લોલ;
કેહછે કૃષ્ણરામ કંગાલ કે, બાલક છું અમ્યોરે લોલ. ૧૬૦

સોરઠા.

તૂક એકસો સાઠ, ગવાઇ આ ગરબા તણી;
ગાય શુણે કરે પાઠ, કૃષ્ણ કૃપા હોય તેહને. ૧
સંવત્ શત અઢાર, ચ્યુમોત્યરને ફાલ્ગુને
વદ્ય તૃતીયા બુધવાર, પૂર્ણ લિખ્યો ગરબો તદા. ૨

વિ૦ ૨૬ પા૦ ૧૦

કીર્ત્તન ૩૦૦ મું.

કાગળ

આદિ આરાધું ગણપતી, જેથી વિઘ્ન પલાય;
સહાય કરો મા સરસ્વતી, વસો મમ રસનાય. ૧
સરવ દેવ રૂષિ સાથને, નમિ ચરણે લાગું;
પત્ર લખું પ્રભુનાથને, મન વાંછિત માંગું. ૨
સ્વસ્ત શ્રી સર્વ લોકમાં, મધ્ય મહાશુભસ્થાને;
ચઉદ ભવનના ચોકમાં. વસે વિવિધ વિધાંને. ૩
ખાલી નથી જ્યે વિના કહી, રહે સઘળે વ્યાપી;
રેહેતાં સમીપ જાંણે નહિ, જેને કોય કદાપી. ૪
શ્રોતૃ વિના જ્યે સાંભળે, સહુ જનની વાંણિ,
પાગ વિના પેહેલે પળે, પકડે વિના પાંણિ. ૫
મનો વિના જ્યે મનન કરે, લક્ષણને લેખે;
ઘ્રાંણ વિના ગંધને હરે, દ્રષ્ટી વિના દેખે. ૬
ચિત્ત વિના જ્યે ચિંતવે, સહુનાં દિલ દાખે;
વાંણિ વિના જ્યે વર્ણવે, રસના વિના ચાખે. ૭
સ્પર્શ લહે જ્યે ત્વચા બિના, અહંતા વિના હેરે;
પ્રાણ વિના સર્વ પ્રાણિના, પ્રાણ માત્રને પ્રેરે. ૮
સ્વપ્ન જાગર્ત્તિ જેને નથી, ન સુષુપ્તિ લગાર;
જ્યે ષડ્ભાવ વિકારથી, સર્વદા રહે બાહારચ. ૯
અન્વયથી સહુને મળે, પણ રહે વ્યતિ રેક;
બહુ રૂપી થઇને છળે, પણ આપે એક. ૧૦
દેશ કાલ વસ્તુ વડે, પરિછેદ ન થાય;

વિશ્વ સકળ ભાજે ઘડે, પણ નવ્ય લેપાય. ૧૧
કર્ત્તું અકર્ત્તું અન્યથા, કરવાને સમર્થ;
જેને જાણ્યા વિના જન વ્યથા, વેઠે છે વ્યર્થ. ૧૨
નામ રૂપ જેને નહિ, નામ રૂપને જાંણે;
નેતિ નેતિ એવું કહિ, જેને વેદ વિખાંણે. ૧૩
જેનિ માયાથી ભુલા ભમે, દ્વૈતને સત્ય માની;
મમતા અહંતા નવ્ય શમે, કયમ થાયે જ્ઞાની. ૧૪
સમ દ્રષ્ટી જયે રહે સદા, કલ્પવૃક્ષની રીત્યેં;
કાપે સેવકની આપદા, પાળે પૂરણ પ્રીત્યેં. ૧૫
તે પ્રભુ પ્રત્યે લીખું અમે, પત્રમાં મજકુર;
વાંચી વિનતીને તે સમે, હરિ થાજ્યો હજુર. ૧૬
ભક્ત વાહાલા સર્વ કોયથી, પાળો સત્ય વચંન;
પત્ર પૂષ્પ ફલ તોયથી સદ્ય થાઓ પ્રસન્ન. ૧૭
ભક્ત કારણ તમે ભૂધરા, થયા સગુણાકાર;
પાળ ગ્રહણ તેનેં કરયાં, ધરિ બહુ અવતાર. ૧૮
પુજ્યારાધેય ઇશ્વર, પરબ્રહ્મ પરંમ;
અપ્રમેય અખિલેશ્વર, એક તંમોત્તંમ. ૧૯
ગુણ સઘળા જેને નમેં, ગુણવંતજ થાવા;
યોગીજન જયેહેમાં રમે, જન્મ બંધ મુકાવા. ૨૦
ભૂતલ ભાર ઉતારવા, વેશ સગુણ બનાવો;
યોગીને ધ્યાને ધારવા, રૂપ ગમતાં લાવો. ૨૧
સ્વયં શંભુ તમે સુરપતી, તમે વિષ્ણુ વિધાતા;
ઉમા શચી રમા સરસ્વતી, તમે વિશ્વની માતા. ૨૨
પુરૂષ તમે પ્રકૃતિ તમે, માયા પંચ પર્વ;
તુમથી થાય તુમમાં શમે, સચરાચર સર્વ. ૨૩
કારય કારણ પેખતાં, સર્વ વેશ તમારા;
વિવર્ત્ત પક્ષેં દેખતાં, સહુથી તમે ન્યારા. ૨૪
જીવ રૂપ એ તુમતણું, પ્રતિબિંબ કહાવે;
માંની અધ્યાસે અહંપણું, કર્મ કરવાને ધાવેં. ૨૫
તુમથી વિમુખ તે ફરી ફરી, જીવ જોખ્યમ પામેં;
સમજે તમારૂં સ્મરણ કરી, તો તે વેદના વામે. ૨૬

માયા નર્તની તુંમ તણી, સહુને શિરે નાંચે;
ધારણામાં નાવો ધણી, કીધે મન કાચે. ૨૭
શરણુ થાય તે ઉગરે, છો શરણુના સાથી;
આપબળે કોય શું કરે, મન મોટું પ્રમાથી. ૨૮
નામ તંતિના દામથી, જન સર્વે ન થાયા;
ધર્મ અર્થ ને કાંમથી, લોભિષ્ટ લોભાયા. ૨૯
અસંભાવના મન વશી, છૂટે નહિ કોથી;
મોક્ષની માલ્યમ નહિ કશી, માયાના મોહોથી. ૩૦
એહેવા ગહન ગુણલાયક, મન વાંણિથી દૂર;
દાસને વાંચ્છિત દાયક, કરૂણાના પૂર. ૩૧
ગંગાજળ સમ નિર્મળ, કળના કયમ થાયે;
શરણાગત જન વત્સલ, ગુણ જેના ગવાયે. ૩૨
શી ઉપમા દેઉં શ્રીપતી, પ્રભુજી શ્રીપંચ;
ધ્યેય ધ્યાન ધ્યાતા ધૃતી, ફળ ભેદ ન રંચ. ૩૩
પરદો મિટાવો આવર્ણનો, કરો માહારી સાર;
ચરણાન્ શ્રીતવ ચરણનો, માહારે આધાર. ૩૪
લિખિતં જન તુમ તણો, નિજ નાંમે નાંમ;
દાસનો દાસ મુંને ગણો, પ્રભુ પૂરણ કાંમ. ૩૫
પ્રણામ માહારો ફરી ફરી, હરિ માંની લીજે;
દીન જાંણીને દયા કરી, દેવ દરશન દીજે. ૩૬
તત્ર કુશળ છે સર્વદા, નિજ રૂપનિ રીઝે;
અત્ર કુશળની સંપદા, કરૂણાકર કીજે. ૩૭
સમાચાર એક પ્રીછજયો, રખે મુજને વિસારો;
સાનુકુલ શ્રીધર થજયો, આશરો છે તમારો. ૩૮
અવગુણ અનેક જનમતણા, માહારા માફજ કરિયે;
અપરાધ જયે માહારા ઘણા, તેને ચિત્તે ન ધરિયે. ૩૯
ગુણસાગર ગોવિંદ છો, અતિશે ઉપકારી;
અંચ્યુત આનંદ કંદ છો, મમ નાથ મુરારી. ૪૦
જનની જઠરમાં મુને તમે, રાખ્યો ભયથી ઉગારી;
બાહારચ કાહાડયો સૂતી સમે, સર્વ સાજ સમારી. ૪૧
ભ્રમતા ચોરાશી લક્ષથી, મુંને દીધો વિસાંમો;

પ્રભુજી તમારી પક્ષથી, હું મનુજ તનું પામ્યો; ૪૨
કરણ નેત્ર નાસા ત્વચા, રસના પદ હસ્ત.
ઇંદ્રિયોના ટાળ્યા અચા, જગાવીને સમસ્ત. ૪૩
સૂતિ વાંણિ મારી જે હતી, તમે સહજ જગાવી;
અંતરયામી તમ્યો અતી, નિજ કરૂણા બતાવી. ૪૪
માતુ પયોધરને વિષે, પયો પ્રગટજ કીધૂં;
વિશ્વંભર તે નિશેદિશે, બહુદિન મે પીધૂં. ૪૫
મુખમંડળ અવકાશમાં, દંત પંક્તિ બનાવી;
અંતઃકરણના અવાસમાં, વૃત્તિયોને જગાવિ. ૪૬
માતુ પિતુ પ્રેરિ હરી, મમ કષ્ટ કપાવ્યું;
જે જોઇએ તે ફરી ફરી, બિન માંગ્યે અપાવ્યું. ૪૭
પછી કંઈકિ યજમાનથી, ધનધાન્ય મળાવ્યું;
તે મેં કાંઈકિ જ્ઞાનથી, ખાધૂં ખવરાવ્યું. ૪૮
દેશવિદેશ તમ્યો ઘણી, બિરૂદાશજ કીધી;
વિકટ આંચ ઓળવી અણિ, સતસંગતિ દીધી. ૪૯
પરનિંદા પરદારની, વાસના ન જગાડી;
લંપટ નર વા નારની, પ્રીતિ ન પમાડિ. ૫૦
વાંણિ વળાવિ વિવેકમાં, તેથી શંકર ગાયા;
રાખી બ્રાહ્મણના ટેકમાં, કીધી શુદ્ધ કાયા. ૫૧
પરમહંસ મમ ધામનો, તમે યોગજ કીધો;
સ્વકીય સહસ્ર નામનો, ઉપદેશજ દીધો. ૫૨
પરાધીનપણું છોડવ્યો, કીધો નિજ તંત્ર;
નિત્યેં વિચ્યાર દેઇ નવો, ઉપજાવ્યો મંત્ર. ૫૩
પછિ ઉત્તમ ઉત્તમરામની, મુંને ગાંઠયજ પાડી;
મહિમ્ન ગીતા નામની, ટીકાઓ શિખાડી. ૫૪
વ્યાસ પુત્ર શુકનું કહ્યું, ભાગવત ભણાવ્યું;
યથાર્થ તે દિલમાં રહ્યુ, વીસરાવા ન પામ્યું. ૫૫
વ્યાકરણ વિના વિભક્તિયો, ઓળખ્યામાં આવી;
કાવ્યકોશ વિના વ્યક્તીયો, શબ્દની સમજાવી. ૫૬
ન્યાય વિના અપ્રમેયની, સમજણને સધાવી;
સાંખ્ય વિના સત્ શ્રેયની, સુરૂચી ઉપજાવી. ૫૭

વેદાંત વાક્ય વિચ્ચારનો, ઉપજાવ્યો બોધ;
શાસ્ત્ર સકળના સારનો, સમઝાવ્યો શોધ. ૫૮
ઈહામૂત્ર વૈરાગનો. શમદમનો પાર;
નિત્યાનિત્ય વિભાગનો, સમજાવ્યો વિચ્ચાર. ૫૯
જન સઘળાથિ વિલક્ષણી, સત્વ શ્રદ્ધા સધાવી;
બુદ્ધિ જતી જ્યે વિષયભણી, ત્યહાંથી તરત ફિરાવી. ૬૦
બાપ માહારા તમે બિરૂદને, દાખવિયું દાંને;
તુમ પાખ્યે અન્ય વરદને, હવે શોધૂં શાંને. ૬૧
ભાંમણા લેઉં ભગવંતને, જેને કરૂણા અપાર;
કીધાં અજાણ અસંતને, મુને બહુ ઉપકાર. ૬૨
શો એ શંકર સ્વામીનેં, થાંઉ હું જન દીન;
વાંગ મન સહશિરનામીનેં, રહુ સદા અધીન. ૬૩
બીજું લખ્યું માહારૂં વાંચિયેં, મન મેહેરજ આંણી;
આ અવસર તે જનમ કીયે, ફરિ પાંમું હું પ્રાણી. ૬૪
અન્ય ઉપાધી હવેં રખ્યે, માહારે મન વ્યાપે;
અનાથ બંધૂને ઓળખ્યે, કયમ કાંમ સંતાપે. ૬૫
અનન્ય ચિંતન પ્રેમની, હવેં વૃત્તિ વધારો;
સુખેથિ યોગ ક્ષેમની, સુધિ વાટચ સુધારો. ૬૬
અન્ન વસ્ત્રને કારણેં, શાંને જનને યચાવો,
બુદ્ધિહિનોને બારણેં, નટવત શૂં નચાવો. ૬૭
અધર્મિ જન જ્યે અભાગીયા, તે શું પૂરણ કરશેં;
સવિતુ સમીપે આગીયા, તે શું તેજ પ્રસરશે. ૬૮
કાંમી ક્રોધીને લાલચી, વનિતાઓના વશ્ય;
પ્રપંચ માંહે રહ્યા પચી, તે શું જાણે રહસ્ય. ૬૯
ધન યૌવન મદ કેફથી, હીંડંતા હીસે;
વિના ‡વિશાણુને *શેફથી, પશુ સરખા દીસે. ૭૦
હું હું કરી હુંકે સદા, કળિના જન કેહેરી;
આપે આપણી આપદા, જાંણે નહિ ઝેરી. ૭૧
વિષરૂપી વિષયોને વિષે, જ્યમ વિષના કીટ;
રમે રમાવે અહર્નિશે, માંડીને મીટ. ૭૨

---

‡ શીંગડાં. * પુચ્છ.

દિનમાં ચોરે ચાવડી, બેઠા હાંકે ગપાટા;
ચોરે નિશાયે આડા પડી, મેહેલી મુખ ફાટાં. ૭૩
શંખિનિયોની સાંનથી, જ્યેનાં મન ઘેરચાં;
ધૂર્ત્ત જનોના ધ્યાનથી, કરે કર્મ અનેરાં. ૭૪
કાળ શત્રુ માથે ફરે, તેની બીક ન આંણે;
પરદારા પર ધન હરે, પર લોક ન જાંણે. ૭૫
બ્રાહ્મણ સરખી વસ્તને, સેવક કરિ રાખે;
ચલવી પોતાના દસ્તને, ભૂંડું મુખ ભાખે. ૭૬
શ્રુતી સ્મૃતી કે પુરાણની, જાંણે નહિ વાત;
તૃપ્તિ ઈચ્છે નિજ પ્રાણની, કરી અન્યની ઘાત. ૭૭
તે પાસે પડે માંગવું, તે શું આપે બિચ્યારા;
તેથિ ભલું વપુ ત્યાગવું, મન મોહન માહારા. ૭૮
ભૂખ્યો જ્યમ ભૂખ્યા કનેં, શું જમવા જાય;
ત્યમ મુજ સરખા તે મુંને, તે શું કરશે સહાય. ૭૯
ઓળખી આત્મારામને, અથડાવું ન શોભે;
નિત્યે જપું નિજ નાંમને, મન રાખીનેં થોભે. ૮૦
તુમ પાખેં હું કહું કુન્હેં, નિજ બીરૂદ સંભારો;
પકવ ભરૂંસો ઘો મુન્હેં, આપે આવી ઉગારો. ૮૧
ભૂપતિને વરિ ભામિની, જો ભિખવા જાશે;
તેવા તે નિજ સ્વામીની, અપહાશી થાશે. ૮૨
જ્યેહ જમાવે પારકા, જનની ચોરાશી;
તેહ તણા નિજ દારકા, કયમ રેહે ઉપવાશી. ૮૩
નિત્યે નિશંક થઈ ફરે, મોટાનાં મેળાપી;
તે કયમ કોથી કર ધરે. સકેં અન્યનેં આપી. ૮૪
હાથી આપ્યો જેણેં દાનમાં, તે શું અંકુશ નાપે;
જો જયો ધણી હવેં ધ્યાનમાં, ન વિપત્તિ વ્યાપે. ૮૫
તમે અઘટ ઘટના કરી, સ્વલ્પનો શ્યો ભાર;
માહારી મતી તમનેં વરી, જાંણી ત્રાતાર. ૮૬
શરણાગતની લાજનેં, રાખવી એ રીતિ;
એહ ઘટે મહારાજને, દીજે વચન પ્રતીતિ. ૮૭
સ્વામી તમે સન્મુખ થજ્યો, દાસ મુજને ધારી;

બીજું લખ્યું વળિ વાંચજ્યો, સંકટના હારી. ૮૮
શરણાગત વિશ્રાંમનો, માંનિ વિશ્વાસ;
જાપ થજ્યોં નિત્ય નામનો, મુંને શ્વાસોશ્વાસ. ૮૯
મન માહારૂં નિશ્ચળ ઠરી, નિત્ય ધ્યાનજ ધરજ્યો;
બુદ્ધિ દ્રઢ નિશ્ચય કરી, તવ ચરણે ઠરજ્યો. ૯૦
વાંણી કીર્ત્તન પ્રેમથી, રંગી નિત્ય રમજ્યો;
વિષય વાસના નેમથી, રહિ નિત્યે શમજ્યો. ૯૧
કર્ણને ગુણગણ ગાંનનૂં, સાંભળવું ગમજ્યો;
પદ મૂકી અભિમાનનું, શિર સહુને નમજ્યો. ૯૨
કીર્ત્તિ તીર્થમાં ઝીલવા, ચિત્ત નિત્યે જાજ્યો;
મૂઘું કમળ મન ખીલવા, સત સંગતી થાજ્યો. ૯૩
રાજી થજ્યો રસના ઘણૂં, નૈવેદ્યને ભક્ષી;
સર્વ રૂપ સ્વામી તણૂં, અવલોકજ્યો અક્ષી. ૯૪
વિષ્ણું વિરંચી રૂદ્રમાં, રખે ભેદજ ભાસો;
આ સંસાર સમુદ્રમા, આસક્તિ ન થાશો. ૯૫
ભાગવત ગીતા ભાષ્યનૂં. મન રેહેજ્યો ધ્યાન;
લોક તણા અપહાસ્યનૂં, જાજ્યો અભિમાંન. ૯૬
ઉત્તમ કુળ જે નરતનું, તેની રેહેજ્યો માંમ;
અંતે દેવ અનંતનું, ન વિસરશો નાંમ. ૯૭
માહારા હરી હું હરજીનો, એહેવો ટેકજ રેહેજ્યો;
અનાથ બંધુ આ અરજીનો, સદ્ય ઉત્તર કેહેજ્યો. ૯૮
શું શું લિખું સર્વજ્ઞનેં, હું પત્રજમાંહિ;
કૃષ્ણ કૃપાળ કૃતજ્ઞનેં, ન અજાંણ્યું કાંઈ. ૯૯
તમે પતિત પાવન કરચાં, અધમોને ઉદ્ધારચાં;
જે જન કૃષ્ણે કર ધરચા, તેને સહજ ઉગારચા. ૧૦૦
માટે મુંને કરૂણા કરો, સંકષ્ટ શમાવી;
માહારો કહી મમ કર ધરો, રખે મૂકો ભમાવી. ૧૦૧
કેશવ માહારા કરમની, જો કોટડી જોશો;
તો તો તમે નિજ ધરમની, વાંણીને વગો'શો. ૧૦૨
તુમથી છે કમળાપતી, દાસોને દાવો;
માટે વાંચી માહારી વિનતી, વાહારે વેહેલા આવો. ૧૦૩

છુટી છબિલા નહિ સકો, નિજ વાકયે બંધાયા;
માહારા તમે હું તમ થકો, નથિ નૂતન માયા. ૧૦૪
અલબેલા અજી આળશી, થઇને કાં બેસો;
દાસ તણા દિલમાં વશી, નાસતાં શું પેસો. ૧૦૫
શાંને પ્રગટ કરચું પારખું, વિસ્તારીનેં વાંણી;
માંનો ઘણું થોડું લખ્યું, દીન દાસને જાંણી. ૧૦૬
જે જયે તમે મુજ ઉપરે, કીધા ઉપકાર;
તે તે હૃદયથી ન વિસરે, મુંને વારંવાર. ૧૦૭
કરજોડી કહે કરગરી, કિંકર કૃષ્ણરામ;
મુંકુંદ વિશ્વંભર હરી., શિર નાંમે નામ. ૧૦૮
માલા સમર્પિ મુરારીનેં, વાકયમણીની બનાવી;
દાસ વાકય ઉપર ધારીનેં, બાંહ ગ્રેહેજયો આવી. ૧૦૯

સોરઠ.

તૂક એકસો નવ, કાગદ માલાની થઈ;
મેહેર કરો માધવ, કૃષ્ણરામનેં કૃષ્ણજી. ૧
સંવત્ શત અઢાર. ચ્યુમોત્યરને ફાલ્યગુનેં;
વદ્ય નવમી શશીવાર, કાગદ પૂરણ લીખ્યો. ૨

વી૦ ૨૭ પા૦ ૧

કીર્તન ૩૦૧ લું.

દેશી કેર.

પૂજુ પ્રથમ ગણરાય, સેવું સરસ્વતિ સાદરે; જીરેજી.
વિઘ્ન વિવિધનાં વિલાય, વાણિ વિમળ મુખ વિસ્તરે. જીરેજી. ૧
ગાંઉ ગોવિંદ ગુણ ગાંન, જયેહ પહ્રા કરે પાશનેંરે; જીરેજી.
માંગુ અભયપદ દાન, અરજી કરૂ અવિનાશને. જીરેજી. ૨
શાસ્ત્ર સકળ કરે શોધ, શ્રુતિયો સરવ જેને સંસ્તવેં; જીરેજી.
પાંમી પૂરણ પ્રતિબોધ, ક્રાંતદરશી જેને કવે. જીરેજી. ૩
હઠબ્યે હરષ વિષાદ, નિશ્ચય થાય નિશાંણિયે; જીરેજી.
અધ્યારોપ અપવાદ, કીધે વદાયે વાંણિયે. જીરેજી. ૪
જેનેં ભયેં કરિ વહાય, વાયુ વિભાસે બિભાવસુ; જીરેજી.
વરસે ઇંદ્ર દિનરાય, તપે મરણ ધાયે ધશું. જીરેજી. ૫

જેને પ્રકાશે ન કોય, રવિ શશિ શિખી ઉડુ વીજલી; જીરેજી.
જેનાં પ્રકાશ્યાં એ જોય, જયેહ રહે સહુમાં મળી. જીરેજી. ૬
અભ્ર ગરજના તેજ, અંબરે જયમ ઉઠે શમે; જીરેજી.
જેને વિષે ત્યમ સેહેજ, ત્રિગુણ ત્રિવિધતાને રમે. જીરેજી. ૭
અસત અખિલ આ લોક, સત્ય દિસે જયેના સત્યથી; જીરેજી.
અજર અખંડ અશોક, વેગળો જયેહ વિપત્યથી. જીરેજી. ૮
જેને પ્રકાશે પ્રકાશ, પ્રકૃતિ પ્રમુખ સહુ પાંમિયાં; જીરેજી.
વિસ્તરિ વિવિધ વિલાસ, યુક્તે જોડાઇને જાંમિયા જીરેજી. ૯
અખીલ તણો અધિષ્ટાંન, અવધિ નિષેધનો જયે અતી; જીરેજી.
પ્રભવ પ્રલયં સંસ્થાન, જયે કાષ્ટા જયે પરાગતી. જીરેજી. ૧૦
સ્વયં પ્રકાશ સ્વત સિદ્ધ, ભક્તેચ્છિત ધરે દેહને; જીરેજી.
અષ્ટ સિદ્ધિ નવ નિદ્ધ, શક્તિ સકલ વશ જયેહને. જીરેજી. ૧૧
નીત્યે રહે નિર્દોષ, સ્વગત સજાતિ વિજાતિથી; જીરેજી.
પુરિત કરે પંચકોશ, ભિન્ન રહિ નિજ ભાતિથી. જીરેજી. ૧૨
આત્મારામ અગર્વ, નિત્ય તૃપ્ત નિજાનંદથી; જીરેજી.
વિષ્ણું વિરંચિને શર્વ, રૂપ ધરે નિજ છંદથી. જીરેજી. ૧૩
રજ તમ સત્વ સંબંધ, લાગિ સકે નહિ લક્ષતાં; જીરેજી.
ગુણ ધરતાં પણ ગંધ, સંગ ન થાયે સમક્ષતાં. જીરેજી. ૧૪
વિશ્વ થકે જે વિભક્ત, વિશ્વ વસે જેનેં વિષે; જીરેજી.
અંતરયામિ અસક્ત, વ્યાપી રહ્યો જયે દશો દિશે. જીરેજી ૧૫
એક રૂપી જયે અપાર, વિવિધ વેશે વિલસી રહે; જીરેજી.
નિર્ગુણ સગુણાકાર, જેને કો વિરલા લહે. જીરેજી. ૧૬
દિવ્ય દિવ્ય ધરી દેહ, સેવક સહાય કરે સદા; જીરેજી.
પ્રસન્ન થજ્યો મુનેં તેહ, આપે મિટાવજ્યો આપદા. જીરેજી. ૧૭
ગુણનિધિ શ્રીગોપાળ, વિષ્ણું શુણો માહારિ વિનતી; જીરેજી.
ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, કરૂણા કર કમળાપતી. જીરેજી. ૧૮
હું ને તમે બે એક, આદિ અંતમહાં દેખતાં; જીરેજી.
તત્વમસી ને વિવેક, લક્ષણાયે કરી લેખતાં. જીરેજી. ૧૯
વિશ્વ વૃક્ષનેં શીશ, સૂપર્ણ આપણ બે જણાં; જીરેજી.
અમે જીવ તમ્યો ઇશ, સખા સમાન સોહામણા. જીરેજી ૨૦
મજને પડી ગઈ ટેવ, વૃક્ષનાં ફળ ભોગ્યા તણી; જીરેજી.

દિલથી વિસારયા દેવ, ધર્મધુરિંધર જયે ધણીરે જીરેજી. ૨૧
અમે તો વિસારયા નાથ, તમે તો મુને ન વિસારિયો. જીરેજી.
સખા થઇ આવ્યા સાથ, જયહાંજયહાં મે દેહ ધારિયોજીરેજી. ૨૨
વિઠલ પડિયો વિયોગ, ભટકયો પછી હું ભેખમાં; જીરેજી
ભ્રમથી ભોગતો ભોગ, લક્ષ ચોરાશિના લેખમાં. જીરેજી. ૨૩
અથડાયો હું અપાર, કામ કામના કામિને; જીરેજી.
અનેક ધરયા અવતાર, પણ સંભારયા નહિ સ્વામિને. જીરેજી. ૨૪
ચિંતન બિન થઇ ચોર, બુદ્ધિ વિહીન થઇ બકયો; જીરેજી.
નિજ માયા તણે જોર, જીવન જાણિ નવ્ય સકયો. જીરેજી. ૨૫
લક્ષ્મીવર કરિ લેહેર, અથડાતો મુને જાંણિને; જીરેજી.
માનવ તનુની મેહેર, કીધિ ઊઘાડી વાંણિને. જીરેજી. ૨૬
શ્રીધર કીધિ સાર, સાચવિયો સર્વત્રમાં; જીરેજી.
અનેક કરયા ઉપકાર, તે તે લિખ્યા છે મે પત્રમાં. જીરેજી. ૨૭
બુડતાં રાખ્યો બાપ, સાહ્યો કર સ્વભાવથી જીરેજી.
ત્યમ હવે આપે આપ, તપતો રાખો ત્રણ તાવથી. જીરેજી. ૨૮
તમારો અમારો પ્રેમ, હરજી અનાદિનો જયે હતો; જીરેજી.
ક્ષેમરૂપ કરિ ક્ષેમ, છત્ય આપીનેં કરયો છતો. જીરેજી. ૨૯
દેવ તમારો હું દાસ, ઇશ તમે મમ મસ્તકે; જીરેજી.
સાચવજયો અવિનાશ, મેળ થયો ન મિટી સકે. જીરેજી. ૩૦
યાચું હૂ જગદાધાર, મન વૃત્તિ તમને વરો; જીરેજી.
શરણાગત ત્રાતાર, બાળ તમારો બાંહે ધરો. જીરેજી. ૩૧
ત્રિકમ તમારો એ ટેક, નજર કરીને નિમેષમાં; જીરેજી.
ઉદ્ધરયા અધમ અનેક, ડંકો વજાડીને દેશમાં. જીરેજી. ૩૨
ગોવિંદ ઉતારોને ગાળ, જન્મ જરા ભય નાશની; જીરેજી.
આત્મ સ્વરૂપીને આળ, આવિ લાગી અધ્યાસની. જીરેજી. ૩૩
બાળિ વાસનાનાં બિજ, સંચિત સર્વ શમાવિયે; જીરેજી.
રમાનાથ કરિ રીઝ, ભક્તને હવે ન ભમાવિયે. જીરેજી. ૩૪
કૃષ્ણાર્પણ ક્રિયમાંણ, કરિ જયમ સકું ત્યમ કીજીયે. જીરેજી.
પ્રારબ્ધનું પરિમાણ, દિલ દૂખ્યા વિના દીજીયે. જીરેજી. ૩૫
મોહન મુકાવીને મામ, ભ્રાંત કરી ન ભમાડશો, જીરેજી.
કૃપણજનોથી કામ, પુરૂષોત્તમ ન પમાડશો; જીરેજી. ૩૬

શ્રોતા થઇ શ્રીનિવાસ, ભાગવત ગીતા દામિના; જીરેજી.
પ્રીત્યે ઠરી મમ પાસ, સાંભળજ્યો સ્વામીના. જીરેજી. ૩૭
દાન કરીને આ દેહ, ભક્તિ થવાને ભણાવિયા; જીરેજી.
તમને સમર્પુ હું તેહ, જ્યે તમે જયુક્તે જણાવીયાં જીરેજી. ૩૮
નામ સહસ્ત્રનું ગાંન, ભીષ્મનું ભાખ્યું જ્યે ભણું; જીરેજી.
કેશવ ધરીને કાંન, આપે સાંભળજો આપણું. જીરેજી. ૩૯
વિઠલ વાહાલી વસ્ત, અચ્યુત વિના કયહાં આપિયે; જીરેજી.
હરજી ધરી શિર હસ્ત, માહારો કરી મુને સ્થાપિયે. જીરેજી. ૪૦
દાસને કાજ્યે દયાળ, જાન્હવિ જળ શિરસા વરયું; જીરેજી.
જાંણિ જગતની ઝાળ, કાળકૂટ કંઠે ધરયું. જીરેજી. ૪૧
આપ બણી અવધૂત, દાસ *કરંકના કુંડની; જીરેજી.
વપુયે ધરો છો વિભૂત, માળા ધરી તેના મુંડની. જીરેજી. ૪૨
કાળ બલીતણું કૃત્ય, દિનવત્સલ દિલ દાખિયું; જીરેજી.
નાથ દેખાડિને નૃત્ય, જગત જોરાવરથી રાખિયું. જીરેજી. ૪૩
પારવતી તણી પ્રીત્ય, પૂજા પ્રદોષ તણી લહિં; જીરેજી.
નૃત્ય કરો છો નિત્ય, ભાંમણે જાઉં ભોળા થઈ. જીરેજી. ૪૪
છો કરૂણાનિધિ કૃષ્ણ, સેવકને સન્મુખ સદા; જીરેજી.
પૂછું કહો મુને પ્રશ્ન, કરૂણા કરિ મળશો કદા. જીરેજી. ૪૫
સ્વામી કહો સંકેત, મન માંન્યે જ્યમ માહારૂં; જીરેજી.
હરજી તમારૂં હેત, જગત જીવન કરો જાહારૂં. જીરેજી. ૪૬
દેઇ નિમંત્રણ નેટ, પતરાળી પાસે ધરી; જીરેજી.
પ્રભુ કાં ન ભરો પેટ, હાંશી હવે શું કરો હરી. જીરેજી. ૪૭
વિઠલ દેઈ વિશ્વાસ, ઘરની રસોઇ ચુકાવિને; જીરેજી.
હવે તો ન કરિયે હાસ, માધવ માંમ મુકાવિને. જીરેજી. ૪૮
મોટાને મંદિર કોય, વગર નિમંત્રિત આવતા; જીરેજી.
તે પણ પૂરણ હોય, મોદક મળે મન ભાવતા. જીરેજી. ૪૯
છબિલા તમારી છાપ, દ્વારથી ક્ષુધિત ન કો વળે; જીરેજી.
દેઇ નિમંત્રણ આપ, જીવન કયમ ચલવો જળે. જીરેજી. ૫૦
અલબેલ થાયે અસૂર, નિજ સેવકને નિહાળિયે જીરેજી.
ભિક્ષા આપો ભરપૂર, પતિત પાવન બિરૂદ પાળિયે. જીરેજી. ૫૧

---

* હાડપીંજર.

સાંમળિયા કરો સાર, પાળો પોતાનાં નાંમને; જીરેજી.
એક તમારો આધાર, છે કિંકર કૃષ્ણરામનેં. જીરેજી. ૫૨

બિ૦ ૨૭ પા૦ ૯

કીર્તન ૩૦૨ જું.

દેશી ફેર.

કરજોડી કરૂ છું વિનતિ,
ગોવિંદજીરે, પ્રભુ ગરિબ નિવાજ,
હરજી અરજી માહારી સાંભળો. ધૃ.
તમે જન્મ અનૂપમ આપીયો,
લક્ષ્મી વરરે, તેની રાખો લાજ, હ. ૧
હુંતો નાના પ્રકારના નરકમાં.
પડયો પુરવેરે, કરતો પુકાર. હ.
ત્યાંતો યમને કિંકરે બાંધિયો,
વળી દીધોરે, મુને મોહોકમ માર. હ. ૨
મળમૂત્ર ભરિ વૈતરણીયેં,
ઉંધે માથેરે, મુંને દીધાં ઝકોલ. હ.
વળી ક્ષાર કર્દમે ખીચતાં,
ત્યહાં દશિયારે, અહી વૃશ્ચિક કોલ. હ. ૩
વળી અરધો અવનિયે ડાટીને,
તીરંબાજીરે, કીધી મુને તાકિ. હ.
પરવતથી પડતો નાંખીને,
અંગ ભાગિયાંરે, ન રહિ કાંઈ બાકિ. હ. ૪
વળિ ઝાડે ચઢાવિને ઝીકિયો,
કુરાઢાથીરે, કીધા કઇ કાપ. હ.
દાવાનળમાં નાંખિ દઝાડીયો.
બીક માનીરે, મેં પુકારચા બાપ. હ. ૫
વળિ ઉંચો આરોપિને સૂળિયે,
કંટકોમારે, આકરસતાં અંગ. હ.
જોરે જેરબંધથી ઝૂડીને,

ચાંપિ ભૂતળરે મુંને કરતાં ભંગ, હે. ૬
હઠયે હાથીના પગથી બાંધીને,
છાતી ઉપરરે, પછડાવતા પાય. હે.
વપુ વ્યાઘ્રને પાસે ચિરાવીને,
વળિ તળતારે, તાતિ તેલ કઢાય. હે. ૭
મુખેં શીસુ ઉકાળિને શીચતા,
દોડાવતારે, તપ્ત ભૂમિમાં દોડચ. હે.
વળિ માંસ ત્રોડાવતા સાંણુસે,
નીચોડતારે, માહારૂ અંગ મરોડ્ય. હે. ૮
વળિ કંક બટાદીનિ ચાંચથી,
ખોતરાવતારે, માહારા નેત્રોની કોરચ. હે.
શીખવીને શ્વાનોને દશાવતાર,
ગળે ઘાલતારે, ફાંસીતણા દોર. હે. ૯
કર દેઈ કટારી કટાવતા,
મજહાથ્થેરે, માહારા અંગનું માંસ. હે.
મળમૂત્ર ને માંસ જમાડતા,
જ્યમ બાગેરે, રસના વિષે ફાંસ. હે. ૧૦
વળિ તપ્ત લોહની પુતળી,
તેની સંગેરે, ભીડાવતા બાથ. હે.
મુખેરે તો રેડતા રોગીયું,
મોડી નાંખતારે, હાથસહિતા હાથ. હે. ૧૧
ઘણી ઘોર ગુફામાં ઘાલતા,
પછિ છાટચનુરે, ત્યહાં કરતા પિધાન. હે.
વળિ ભૂત થકી ભડકાવતા,
કાપી લેતારે, વળિ નાક ને કાંન. હે. ૧૨
વજ્ર કરવતથી વપુ વહેરતા,
તપ્ત સાંકળેરે, તાંણી આંધતા કાય. હે.
વળિ દંશ રૂરૂ વળગાડતા,
કંઠ દશકળારે, વળિ શ્રંખલા પાય. હે. ૧૩
એહેવિ બહુવિધ પીડા બહુવરાં,
મેં તો ભોગવીરે, વિષ્ણુને વિસારી. હે.

કષ્ટ કહિ સંભળાવું કેટલાં,
નથિ ચાલતીરે, એવડી ગતિ માહારી. હ. ૧૪
પછિ શેષ પાપનેં ભોગવા,
થયો મળનોરે, કઇ વેળા કીટ. હ.
ત્યહાં તો તનુ પીડાથી તરફડયો,
જ્યહાં પડતાંરે, મળમૂત્ર ને લીંટ. હ. ૧૫
વળિ સ્વેદજ સરવના રૂપથી,
કઇ જીવોનેંરે, દશિ દીધાં દુ:ખ. હ.
પછિ સર્પાદિકના વેશથી,
ઉર ઘશિયાંરે, વિષ ભરિયે મૂખ. હ. ૧૬
પછિ જળ જંતુની યોનિયો,
મત્સાદિકરે, થઇ પડિયો જાળ. હ.
વળિ વ્યાઘ્રાદિકના વેશથી,
રોળિ રંકનેરે, કઈના કીધા કાળ. હ. ૧૭
વળિ શલભાદિકના શરીરથી,
સહિ અંગેરે, અગનિ તણી આંચ. હ.
પછિ સરવ પંખિના વેશથી,
કઈ જ્યંતુનેરે, ગ્રશિ લીધા ચાંચ. હ. ૧૮
વળિ ધાન્ય ફળોના આંતરિ,
થઈ સ્વેદજરે, કઈ કીધા બિગાડ. હ.
વળિ કપિ આદીનેં કલેવરેં,
કાળે વદનેંરે, કડકડાવી ડાહાડ્ય. હ. ૧૯
વળિ શ્રંગાલાદિ સ્વરૂપથી,
કાળે કાળેરે, બહુ પાડયો બકોર. હ.
બોલ્યો સારિકા શુકના રૂપથી.
કળા માંડીરે, નાચ્યો થઈ મોર. હ. ૨૦
વળિ વૃશ્ચિકાદિકના વેશથી,
મારિ આંકડોરે, કઇને જણુંચ્યું ઝેર, હ.
પછિ મુષકાદિક થઈ માહાલીયો,
કાપિ કામનીરે, જણુશ્યો ઘેરચ ઘેર. હ. ૨૧
વળિ રોઝાદિક થઇ રાનમાં,

કઇ ક્ષેત્રનાંરે, ખોળિ ખાધાં ધાંન. હે.
પછિ માર્જારાદિક રૂપથી,
અભડાવ્યાંરે, કૈનાં પકવાંન. હે. ૨૨
ગાજ્યો ઘૂક કપોત થઇ ઘણું,
અપશકુનેરે, કૈને પાડી ફાળ હે.
વળિ વણિયર, નોળ ને રીંછનાં,
રૂપ ધરીનેરે, બિહવરાવ્યાં બાળ. હે. ૨૩
થયો ઘાંચી તણે ઘેર ગોરીયો,
કંઠે કંધરરે, ઘાલિ બાંધિયાં ચક્ષ. હે.
ફરચ્યો ઘાંણિને પાછળ ફેરીયો,
નવ્ય મળિયુંરે, ભલિ ભાતિનું ભક્ષ. હે. ૨૪
વહિ પીઠે પખાલો પાંણિની,
મહિષ થઇનેરે, દીધિ બહુ દોહ્ય. હે.
બાંધ્યું જકડિ નગારૂં પૃષ્ઠથી,
ચાવિ કાંકલ્યરે, ઉંટ થઇ ઉંચિ કોટ્ય. હે. ૨૫
શ્વાન થઇને ભસ્યો શેરિ શેરિયેં,
કઈ જનને રે, દશિ દીધા દંત. હે.
વહિ ગુણ્યો થઈ ગરદભ રૂપેં,
સહિ લાતોરે, અબળાનિ અનંત. હે, ૨૬
વળિ અજ, ગાડર, રૂપેં બન્યો,
હિંસકનેરે, કરે કીધો કાળ. હે.
વળિ શશક, હરિણ, રૂપે થઇ,
વન વનમાંરે, ફરચ્યો દેતો ફાળ. હે. ૨૭
હાથી રૂપે થઇને હાલીયો,
ચ્યાર હાથનુંરે, નિરખાવ્યું નાક. હે.
ભૂંડ રૂપે થઇને ભટકીયો,
જ્યહાં ઉડેરે, મળ મૂત્રની છાક. હે. ૨૮
ઘોલ વેઠયો ઘોડાના રૂપથી,
ઘાલિ મુખમાંરે, લોહ કેરી લગામ. હે.
અંતે અદ્રિ તરૂના રૂપથી,
દુઃખ વેઠયાંરે, શાં ગણાવું નાંમ. હે. ૨૯

એહેવાં રૂપ અનેક આ અવનીયે,
ધરિ વિધવિધરે, અથડાયો અપાર. હે.
ચ્યાર ખાંણ્ય ચોરાશિ લક્ષમાં,
મુંને પડિયારે, કઇ વિધના માર. હે. ૩૦
પછિ જનનિ જઠરમાં યાતના,
નિચે મસ્તકેરે, ભોગી નવ માસ. હે.
મળ મૂત્રના ગર્ત્ત મહા મળ્યો,
આંધ્યો ગ્રંથિયેરે, જ્યમ થાય ન શ્વાસ. હે. ૩૧
કૃમિકિટ કઈ ત્યહાં કરડતાં,
અતિ લાગીરે, જઠરા નળ આંચ. હા
પછિ અવયવ ઉઘડ્યા અંગમાં,
થયા મહિનારે, જ્યારે પૂરણ પાંચ. હે. ૩૨
સપ્ત માંસે સાંન સ્વપ્ન સમી,
ઉરે ઉઘડીરે, ત્યારે જાણ્યું દૂઃખ. હે.
ઉર અકળામણ આવિ અતી,
પણ બોલીરે, ન સકાયે મૂખ. હે. ૩૩
સર્વ જન્મના સંકટ સાંભરયા,
જન્મ મરણનીરે, જાણી જંજાળ, હે.
કાંઇ સ્તુતિ કરી ત્યહાં કરગરી,
સંભારયારે, પ્રભુજી પ્રતિપાળ. હે. ૩૪
શ્રીનિવાસે શ્વાસ ઉઘાડિયો,
વા’રે ધાયારે, તમે અશરણ શરણ, હે.
ગર્ભવાસના ગર્તથી કાહાડિયો,
વળિ વળગ્યુંરે, અવિદ્યાનું આવર્ણ. હે. ૩૫
તોહ્યે અખરચ લિધી તમે ત્રીકમા,
પયો પાયુંરે, પ્રગટીને તર્ત; હે.
મેંતો તમને તોહ્યે નવ્ય ઓળખ્યા,
કઈ વિધનાંરે, નાચ્યો હું નર્ત. હે. ૩૬
મિથ્યા મા તણિ લાગી મોહિની,
પછિ કલ્પ્યારે, તનું દેખીને તાત, હા.
પછિ, કાકા, મામા, ને, કાકીયો,
સગાં માન્યારે, ભગનીને ભ્રાત. હે. ૩૭

પછિ ઉપજી અહંતા અંગમાં,
માહારાં માંન્યાંરે. તે સંબધી જંન, હ.
રૂડિ વસ્તુમાં રાગજ ઉપજ્યો,
દ્વેષ વાધ્યોરે, અણગમતે મંન. હ. ૩૮
બહુ બાળપણે બકતો ભમ્યો,
બાળચકોથીરે, રચતો બહુફેલ. હ.
ઘણિ દીધિ પરસ્પર ગાળિયો,
મન પેઠોરે, મમતાનો મેલ, હ. ૩૯
તાકી તરૂણપણામાં તારૂણી,
મન માન્યુરે, માનનિને સાથ્ય. હ.
અંગોઅંગે અનંગતો ઉલટયો,
વહ્યો વેગેરે, હઇયું નહિ હાથ્ય. હ. ૪૦
મળ મૂત્રાદિ દુર્ગંધ્યે ભરચો,
અબળાનોરે, તે ગમિયો ગર્ત, હ.
જેથી પૂર્વે પીડા પાંમીયો,
તન, મન, ધન રે, ત્યહાં સૂંપ્યાં તર્ત. હ. ૪૧
સંત સંગતિ કરવિ ન સાંભરિ,
દારા દામેરે, ડળકી મુંજ ડાહાડ્ય; હ.
કાંમે કૃષ્ણચંદ્ર વિસારતાં,
ઘટે ઘાલીરે, ધોળે દાહાડે ધાડ્ય. હ. ૪૨
ઘણું દેશે, વિદેશે, દોડીયો,
કરચાં સાધનરે, શીશ્નોદર કાજ. હ.
કદિ કારણ કૃષ્ણ ન ઓળખ્યા,
મિત્ર માહારારે, મહારાજાધિરાજ. હ. ૪૩
કઇ જનથી કપટ ઘણાં કીધાં,
પીડી પરનેરે, પોષ્યા નિજ પ્રાણ. હ.
મેંતો મુરદાનિ મમતા મન ધરી,
હરી વીસારીરે, હાથ્યે કરિ હાંણ્ય. હ. ૪૪
જેનો વેદ વિમળ યશ વર્ણવે,
જેની આજ્ઞારે, ઉલ્લંઘી ન જાય. હ.
જેને બ્રહ્માદિક સરખા ભજે,

નારદાદિરે, ગુણ જેના ગાય. હે. ૪૫
રટે શેષ સહસ્ત્ર મુખે કરી.
સ્તુતિ કરતીરે, શારદા સર્વ કાળ. હે.
જેને શરણ થયેથી સર્વથા,
મિટિ જાયેરે, જીવની જંજાળ. હે. ૪૬
જયે છે કર્તું અકર્તુ અન્યથા,
કરવાનેરે, સ્વતસિદ્ધ સમર્થ. હે.
જેને સ્વાધીન સચરાચર વસે,
જેને નામેરે, ખશિ જાય અનર્થ. હે. ૪૭
જે છે દેવ તણે શિરે દેવતા,
જેના કરમાંરે, વશ રેહે છે કાળ, હે.
રાખ્યે ખબરચ સરવની સહેજ્યમાં,
પ્રાંણી માત્રનીરે, જે કરે પ્રતિપાળ. હે. ૪૮
વાશિ વિશ્વ સકળમાં જે વસે,
સર્વ કરતાંરે, જેને લાગે ન લેપ. હે.
જેનો પાર ન પ્રીછયો પડે કદા,
સર્વ શાસ્ત્રેરે, કરિ શોધ્ય સંક્ષેપ. હે. ૪૯
જેણે ભક્ત તણા ભય ભાગિયા,
નાના વિધનારે, ધરિને અવતાર. હે.
દંભી જનને દંડ દિધા બહુ,
ઉતારિયારે, ભૂતલના ભાર. હે. ૫૦
કરે કઇક કરમની માફીયો,
શરણાગતનીરે, લ્યે સહજ સંભાળ. હે.
પતિત પાવન જેનું બિરૂદ છે,
વળિ નિત્યેરે, છે દીન દયાળ. હે. ૫૧
જેના કીર્તને કલિમલ નાસે છે,
જેને સુણતાંરે થાય બુદ્ધિને બોધ. હે.
જેને મનનેથી મરદાઇને ખસે,
કઈ કાળનારે રિપુ કામ ને ક્રોધ હે. ૫૨
જેની કરૂણા થયે સર્વ લોકમાં,
હરિ ભાસેરે, સચરાચર વાસ. હે.

જેનો રંગ હૃદયમાં લાગતાં,
ભય ભાગેરે, મિટે મરણનું હાસ. હ. ૫૩
જેની આજ્ઞાથી મરણ આવે ઘણું,
લાંચ લેઇનેરે, કદિ પાછું ન જાય. હ.
તપે દિનકર પચવે જઠરાગ્નિ,
ઇંદ્ર વરસેરે, ભયે વાયુ વહાય. હ. ૫૪
જેને ગુરૂ કરૂણાથી જાણતાં,
ખસે અળગુંરે, અવિદ્યાનું આવર્ણ. હ.
સત્ય શુદ્ધ શાસ્ત્ર સંકેતથી,
મન માનેરે, જેને અશરણ શરણ. હ. ૫૫
એહેવા વિષ્ણુને મેંતો વિસારિયા,
પ્રીતિ ન કરીરે, હવે શ્યા થશે હાલ. હ.
નામ સ્મરણ મુકિ મારા નાથનું,
નિત્ય ચાલ્યોરે, હું અવળે ચાલ. હ. ૫૬
કદિ સ્નાન ન કીધું ગંગામાં,
નવ્ય પૂજ્યારે, વિશ્વેશ્વર નાથ, હ.
કદિ પાત્ર સુપાત્રને પારખી,
નથી આપ્યુંરે, દાંન જમણે હાથ. હ. ૫૭
વિલશ્યો વનિતાના વિનોદમાં,
ચિત્ત ધરિનેરે, ચુંથ્યું મેં ચરમ. હ.
ગુણ ગાયા નહિ ગોવિંદના,
જેથી છુટેરે, કઈ કલ્પના કરમ. હ. ૫૮
નથી સદગુરૂને શરણ થયો,
કૃષ્ણ કીર્તનરે, નથિ શુણિયા કાંન. હ.
સ્વર્ણ સિંહ સહિત સત્પાત્રને,
કરે નાપ્યુંરે, ભાગવતનું દાંન. હ. ૫૯
જેથી પાશપહૂા થાય પીડતા,
રમા નાથનીરે, જેથી થાયે રીઝ; હ.
તેહેવા વેદાંત વાકય વિચ્યારથી,
નથિ બાળ્યાંરે, વાસનાનાં બીજ. હ. ૬૦
પ્રીત્યે પૂજ્યા નથી પ્રભુ નાથને,

નથિ નાચ્યોરે, બાંધિ ઘુઘરૂ પાય, હે.
નથિ કીર્તન કીધાં કૃષ્ણનાં,
જેથી જોખ્યમરે, મૂળ સહિતાં જાય. હે. ૬૧
નથિ ભગવદ્દગીતા ભાવથી,
મન ધારીરે, સ્વ વિચ્ચાર સમેત. હે.
જેહણે આહાવો અવસર આપીયો,
નથિ જાણ્યૂંરે, તે હરીનું હેત. હે. ૬૨
હુંતો ભય નિદ્રા રતિઆહારમાં,
પશુ સરખોરે, અથડાયો અજાણ. હે.
હાકિ ડંમર ચ્યકલે ચોવટે,
નવ્ય પ્રીછ્યારે, કેશવ કલ્યાંણ. હે. ૬૩
હુંતે હુંને માહારા માહાલિયો,
દીન વીતારે, એણિ રીત્યેં અનંત. હે.
કોણ જાણે કોણ પ્રતાપથી,
મુંને મળિયારે, સત્યવાદી સંત. હે. ૬૪
તેણે મહિમાં હરીનો જણાવીયો,
કૃપા કરિનેરે, ઉઘાડ્યા કાંન. હે.
તેણે આ સઘળું ઓળખાવીયું,
કાંઇ મનમાંરે, હવે ઉપજી સાંન. હે. ૬૫
દુઃખ ઓળખિ દિલમાં દાઝિયો,
માંથે મોટુંરે, મેં નિહાળ્યું મરણ; હે.
સરવ ભયને સહેજ શમાવવા,
હુંતો આવ્યોરે, શ્રીધરને શરણ, હે. ૬૬
ભટકંતો ભમ્યો છું ભવોભવે,
અથડામણ્યરે, ભોગી છે અપાર. હે.
દેવ દુઃખ મિટાવાને માહારૂં,
કરો કરૂણારે, કેશવ કિરતાર. હે. ૬૭
તમે અધમોદ્ધારણ ઇશ છો,
દામોદરરે, માનો મુને દાસ; હે.
માહારૂં મનડું સ્થિર કરી સ્થાપીયે,
બોલ્યકનીરે, કરિયે બિરૂદાશ. હે. ૬૮

ઘણું તપ્ત થયો છું તાપથી,
કરો શીતળરે, કરિ કરૂણા દ્રષ્ટ; હ.
આવર્ણને અળગું ખસેડીને,
શેવકનેરે, થાઓ શ્રીધર સ્પષ્ટ. હ. ૬૯
માહારૂં મનડું દુખાય છે માધવા,
ધરણીધરરે, રેહેતી નથિ ધીર; હ.
માહારે એક તમારો આશરો,
વાહારે ધાજયોરે, શ્રીશ્યામ શરીર. હ. ૭૦
મધુસૂદન માફ કરો હવે,
જન્મ જન્મનારે, અપરાધ અનેક. હ.
હવે અથડામણુ અળગિ કરો,
જ્યમ થઇયેરે, આપણુ બે એક. હ. ૭૧
હું અંશ તમારો અધ્યાસથી,
વહ્યો ઉલટોરે, પરિહરીને પ્રીત. હ.
માટે પ્રલયની પીડા ભોગવી,
બહુ વેઠયાંરે વર્ષા ગ્રીષ્મને શીત. હ. ૭૨
એતો સર્વે સ્વપન સરખું ગયું,
હવે ઉદયોરે, સુખ જ્ઞાન સવીતૃ; હ.
પુરૂશોત્તમજીના પ્રેમથી,
સદ્ય થાઇશરે, હું પતિત પવીતૃ. હ. ૭૩
અનાયાસે અદ્રષ્ટ આલોકાવો,
ગંવરાવારે, ગોવિંદ ગુણગાંન. હ.
કૃષ્ણરામ કંગાલનું કૃષ્ણમાં,
નિત્ય રાખજયોરે, ત્રીકમજી તાંન. હ. ૭૪

સં. ૧૮૭૩ ચૈત્ર શુકલ ૩ ગુરૌ.

લિ૦ ભટ કૃષ્ણરામ ભક્તિરામ.

કીર્ત્તન ૩૦૩ જું.

ભોગવટો (કુટુંબનુ વર્ણન)

દેશીફેર.

આવો તો કરીયે વાતડી, હે કૃષ્ણજી.
હશિ હશી ભીડિયે છાતડી. હે કૃ૦ ૧
દુઃખની શી ગણુતિ કહું; હે કૃ૦
અકળાઈ મન માહારે રહું. હે કૃ૦ ૨
ગૌ બ્રાહ્મણુ પ્રતિપાળ હે કૃ૦
સાંમળા લેજ્યો સંભાળ. હે કૃ૦ ૩
મોહન મૂકિ આંબળો, હે કૃ૦
શ્રીધર અરજી સાંભળો, હે કૃ૦ ૪
જનની હતી તે જયે જાંણુતી, હે કૃ૦
પુરૂશોત્તમને પ્રમાણુતી; હે કૃ૦ ૫
કીર્ત્તને ગાતી કૃષ્ણને, હે કૃ૦
કાંઈ ન પૂછતિ પ્રશ્નને. હે કૃ૦ ૬
પ્રતિવ્રતા તણા ધર્મને, હે કૃ૦
સાચવતી સત કર્મને. હે કૃ૦ ૭
કેહેતી સરસ શિખાંમણો, હે કૃ૦
કુસંગ ન કરતિ કો તણો; હે કૃ૦ ૮
આસક્તિ નવ્ય રાખતી, હે કૃ૦
દુશ્મન કોંને ન દાખતી. હે કૃ૦ ૯
જગંદબા સરખી હતી, હે કૃ૦
જેહેનું મન રેહેતું યતી; હે કૃ૦ ૧૦
જાણુતી સઘળિ યુક્તિને હે કૃ૦
તે તો મળી ગઈ મુક્તિને. હે કૃ૦ ૧૧
તાત હતા તે તારતા, હે કૃ૦
વિઘ્નના પંથને વારતા. હે કૃ૦ ૧૨
ક્રોધી કેહેવાતા જંનમાં, હે કૃ૦
મેહેર ઘણી હતી મંનમાં; હે કૃ૦ ૧૩
શિખામણો કેહેતાં ખરી, હે કૃ૦

નજર હતી જેહેની નરિ. હે કૃ૦ ૧૪
રેવા જળે મૂકિ તનું, હે કૃ૦
પુનરપિ જ્યમ નાવે જનું. હે કૃ૦ ૧૫
કાકા મળ્યા તે કારચમા, હે કૃ૦
એક એકને ચંદ્ર બારમાં હે કૃ૦ ૧૬
હાલે પોતાના હાલમાં, હે કૃ૦
વૈર વધારચા વાહાલમાં. હે કૃ૦ ૧૭
મનને માંન્યે માહાલતા; હે કૃ૦
ઉદ્યમ અવળે ચાલતા. હે કૃ૦ ૧૮
ફઇ મળ્યાં તે ફાંસુ ભમેં, હે કૃ૦
વિઘ્નના પંથથી ન વીસમેં; હે કૃ૦ ૧૯
સમજણ છે પણ શરમથી, હે કૃ૦
ભોળવાઇ ગયાં ભરમથી. હે કૃ૦ ૨૦
સંગ વિના સાંસો પડે, હે કૃ૦
જોઇતો માર્ગ તે શૂં જડે. હે કૃ૦ ૨૧
અપર માતા આદિ મળી, હે કૃ૦
ખળ સંગે તે ખળભળી; હે કૃ૦ ૨૩
શીક્ષા સરસ માંને નહી. હે કૃ૦
વિચ્યાર વિના જાયે વહિ. હે કૃ૦ ૨૨
સમજે નહીં કાંઈ સાનમાં, હે કૃ૦
મરદાઈ જાય છે માનમાં. હે કૃ૦ ૨૪
ઉત્તમ અવસર આવિયો, હે કૃ૦
તોપણ ફંદ ફેલાવિયો; હે કૃ૦ ૨૫
દુઃખ પડતું નવ્ય દેખતિ, હે કૃ૦
ઉત્તમ માર્ગને ઉવેખતી, હે કૃ૦ ૨૬
મુખથી તો મીઠું વદે, હે કૃ૦
રંગ ન કાંઇ રહે હૃદે હે કૃ૦ ૨૭
આપ ઉપાઇ વાતો રચણે, હે કૃ૦
દુઃખ દાઇને સગાં ગણે; હે કૃ૦ ૨૮
બોલ્યું પ્રમાણ ન પાળતી, હે કૃ૦
શ્રેષ્ટને નેષ્ટ નિહાળતી, હે કૃ૦ ૨૯

ભાઈ મળ્યો તે ભોળિયો, હે કૃ૦
તેણે ન નિર્ણય તોળિયો. હે કૃ૦ ૩૦
મરડ વદે મોહોટાં થકે, હે કૃ૦
સુહૃદને સમઝી નવ્ય સકે; હે કૃ૦ ૩૧
જાણે જયે હું બહુ સમજણો, હે કૃ૦
અવગુણ જાણે ન આપણો. હે કૃ૦ ૩૨
કાંઇક સુધરચો સંગથી; હે કૃ૦
પણ રીઝયો કોય રંગથી. હે કૃ૦ ૩૩
સાવધાની જાંણી નહિ, હે કૃ૦
ગમતી ગ્રંથી રહ્યો ગ્રહિ; હે કૃ૦ ૩૪
કઠિણ મળી સહુ કાકિયો, હે કૃ૦
તેથિ હું તરતજ થાકિયો. હે કૃ૦ ૩૫
કઇ વિધની કલબલ કરે, હે કૃ૦
સહજમાં આંસુ ભરે. હે કૃ૦ ૩૬
મળ્યે થકી મુમતે ચઢે; હે કૃ૦
વાત કરંતાં લડિ પડે. હે કૃ૦ ૩૭
મામા મળ્યા તે મરડતા; હે કૃ૦
સાંન વિના શળ્યા ભરડતા. હે કૃ૦ ૩૮
માંહો માંહ્ય લડી મરે; હે કૃ૦
બીજાને બદલાંમી કરે. હે કૃ૦ ૩૯
દાસ થઇને દામના; હે કૃ૦
ન્યાહાળી જુવે નહિ નામના. હે કૃ૦ ૪૦
અબળાના ઉપદેશથી; હે કૃ૦
ધુંણે દિવાનીશિ દ્વેષથી. હે કૃ૦ ૪૧
વિષ્ણું થકે વિમુખે વહે; હે કૃ૦
દીકરીયોને દુઃખે દહે. હે કૃ૦ ૪૨
મૂર્ખ મળી બે માંમિયો; હે કૃ૦
નિત્યે લડે સાંહાંમ સાંહામિયો. હે કૃ૦ ૪૩
ગતિ બિન ગરવે ગાજતી; હે કૃ૦
લવ કરતાં નવ્ય લાજતી. હે કૃ૦ ૪૪
પોતાના પતીને પ્રેરતી; હે કૃ૦

વાહાલાં વિષે વિષ વેરતી. હે કૃ૦ ૪૫
સસરા હતા કાંઈ સાંનમાં; હે કૃ૦
સમઝતા સ્વરથી ગાંનમાં. હે કૃ૦ ૪૬
કઈક સગાને પોષતા; હે કૃ૦
છત થોડી ને હતા છતા. હે કૃ૦ ૪૭
દીન ઉપર રાખતા દયા; હે કૃ૦
પ્રથમ તે પરલોકે ગયા હે કૃ૦ ૪૮
સાસુમાં સાંન થોડી હતી; હે કૃ૦
તો પણ કોઇને ન પીડતી. હે કૃ૦ ૪૯
સંસાર સાચો માનતી; હે કૃ૦
બહુવિધ બાધાઓ બાંનતી. હે કૃ૦ ૫૦
લોક લવે લક્ષ લાગતી; હે કૃ૦
દુઃખ ને સુખ લહિ માંગતી; હે કૃ૦ ૫૧
પરણી મળી તે પીડતી. હે કૃ૦
હું હું કરતી હીંડતી; હે કૃ૦ ૫૨
ધરમ ન સમઝે ધારિને; હે કૃ૦
માન્ય કરે ન મુરારિને. હે કૃ૦ ૫૩
તૃષ્ણાતણા બહુ તાનથી; હે કૃ૦
સત્ય ન સમઝે સાંનથી. હે કૃ૦ ૫૪
કથા ન ઉતરે કાનમાં; હે કૃ૦
ગળે ન ગોવિંદ ગાનમાં. હે કૃ૦ ૫૫
શુંન્ય હ્રદય રેહે છે સદા; હે કૃ૦
અવલોકે નહિ આપદા હે કૃ૦ ૫૬
લોક તણી લવરી ગમે; હે કૃ૦
જાતો ન જાંણિ સકે સમે. હે કૃ૦ ૫૭
કહિયે તો કલેશ કરિ લડે; હે કૃ૦
રોષ હ્રદય રાખિ રડે. હે કૃ૦ ૫૮
ભણનારા ન ભલા મળ્યા; હે કૃ૦
કાંમ તણે કીચે કળ્યા. હે કૃ૦ ૫૯
ભાગવત વસ્તુને ભણે; હે કૃ૦
તો પણ ચેટકને ચણે. હે કૃ૦ ૬૦

સમ દ્રષ્ટી થાયે નહિ, હે કૃ૦
વિષય મહાં જાયે વહિ, હે કૃ૦ ૬૧
કળિ ન સકે નિજ કષ્ટને, હે કૃ૦
ભલાં કહે નિત્ય ભ્રષ્ટને; હે કૃ૦ ૬૨
આપ આપનું ન ખોલતા, હે કૃ૦
રજમાં મન રગદોલતા. હે કૃ૦ ૬૩
કહ્યું ન કરણે ઉતરે, હે કૃ૦
શૂં તારી શકે શૂં તરે રે. હે કૃ૦ ૬૪
વિદ્યા ભણે પણ નવ્ય ગણે, હે કૃ૦
જાણે જયે મોટા આપણે. હે કૃ૦ ૬૫
અલ્પજ્ઞ એ'વા શું કરે, હે કૃ૦
આપ તરે ન અન્ય શું તરે, હે કૃ૦ ૬૬
વાંચી પુરાણ પ્રૌઢ નવ્ય થયા, હે કૃ૦
પોપટિયા જ્ઞાનથી છકી ગયા. હે કૃ૦ ૬૭
ધારી ધારીને જોયું લોકમાં, હે કૃ૦
વૃત્તિ વિરામે સાવ શોકમાં. હે કૃ૦ ૬૮
પાડોશી મળ્યાં પાતળાં, હે કૃ૦
ગરખડાટ માંહે ગળ્યાં. હે કૃ૦ ૬૯
સત્ય વચન નવ પાળતાં, હે કૃ૦
બળે બિજાને બાળતાં. હે કૃ૦ ૭૦
નિત્યે લડે એક એકથી, હે કૃ૦
ટંટા કરે બહુ ટેકથિ, હે કૃ૦ ૭૧
ગોળને ખોળ તોલે ગણે, હે કૃ૦
કલ્પિને કંઈ કઉતુક ચણે. હે કૃ૦ ૭૨
અન્યનું અનિષ્ટ તકાવતાં; હે કૃ૦
બકેં બિજાનેં બકાવતાં હે કૃ૦ ૭૩
શ્રોતા સુજાંણ ન કો મળ્યા. હે કૃ૦
જે મલિયા તે છરે છળ્યા. હે કૃ૦ ૭૪
કોય ન કરણે કથા ધરે, હે કૃ૦
આપ આપમાં લવ્યાં કરે; હે કૃ૦ ૭૫
શાસ્ત્ર શિખામણ શૂં લહે, હે કૃ૦

જ્ઞાનનિ ગોષ્ટી ન કો ગ્રહે. હે કૂ૦ ૭૬
આવશ્યક નવ્ય ઓળખે, હે કૂ૦
દહિ રહ્યા આપને દુઃખે; હે કૂ૦ ૭૭
નષ્ટપણું નવ્ય નીસરે, હે કૂ૦
આજની વાત કાલ્ય વિસરે; હે કૂ૦ ૭૮
અન્વીક્ષ્યા નવ્ય ઉપજે, હે કૂ૦
તાંતો ન મનનો કો તજે. હે કૂ૦ ૭૯
માંહિલું તત્વ ન જુવે મથી, હે કૂ૦
પ્રીત્યે કરી પુછતા નથી. હે કૂ૦ ૮૦
નિત્યા નિત્ય વિવેકને, હે કૂ૦
આશરિ ઓળખે ન એકને, હે કૂ૦ ૮૧
પ્રવૃત્તિ માંહે રહ્યા પચી, હે કૂ૦
મમતા માહે રહે મચી. હે કૂ૦ ૮૨
ઉલટા ઉદ્યમને કરે, હે કૂ૦
કથા તજીને તીર્થે ફરે. હે કૂ૦ ૮૩
લૌકિક લક્ષે લોભાવિયા, હે કૂ૦
ડાહાપણે સરવ દબાવિયા. હે કૂ૦ ૮૪
દાનવેળા કર થરથરે; હે કૂ૦
એહેવાથી અરથ કિયો સરે. હે કૂ૦ ૮૫
ખડબડ ધનવાળા બકે; હે કૂ૦
નિર્ધન તે શું કરી સકે. હે કૂ૦ ૮૬
સમય મળ્યો કલીકાળનો; હે કૂ૦
અનેકની ઓશિયાળનો. હે કૂ૦ ૮૭
સત્ય રહ્યું સંતાઇને; હે કૂ૦
પાપ રહ્યું પસરાઇને. હે કૂ૦ ૮૮
ધરમ ગયું ધરણી ધશી; હે કૂ૦
જ્ઞાંન લીધું દંભે દશી. હે કૂ૦ ૮૯
પૂણ્ય ગયું પાતાલમાં; હે કૂ૦
સમદ્રષ્ટિ રહિ બાલમાં. હે કૂ૦ ૯૦
સસ્ય ગયાં સૂકાઇને; હે કૂ૦
રસ ગયા રીસાઇને. હે કૂ૦ ૯૧

ગમ્ય ગઇ છે ધોવાઇને; હે કૃ૦
વિવેક ગયો વગોવાઇને. હે કૃ૦ ૯૨
પાત્ર પરિક્ષા રહિ નહિ; હે કૃ૦
સ્થિરતા ગઈ થાંથી થઈ. હે કૃ૦ ૯૩
આયુષ્ય અલ્પ થયાં બહુ; હે કૃ૦
શાસ્ત્ર તજીને વહે સહુ. હે કૃ૦ ૯૪
ચ્યાહિ કરે સહુ ચોરિયો; હે કૃ૦
ગુર્જરે પેઠો ગોરિયો. હે કૃ૦ ૯૫
અર્થ ગઇ અવની ગળી; હે કૃ૦
ઉંચું ન આવે મરે રળી. હે કૃ૦ ૯૬
ગુણમાંથી અવગુણ ગ્રહે; હે કૃ૦
લક્ષ કરી ન વસ્તુ લહે. હે કૃ૦ ૯૭
ઘર મળ્યું તે ઘોરે ઘણે; હે કૃ૦
દાઝિયે દુઃખ દેવા તણે. હે કૃ૦ ૯૮
એકાંત માટે એ ગ્રહ્યું; હે કૃ૦
સહ વસવું ન ગયું સહ્યું. હે કૃ૦ ૯૯
કૃષ્ણ ભજન થવું ચ્યાહિને; હે કૃ૦
લીધું નિકેત વહ્રાઇને. હે કૃ૦ ૧૦૦
ન્યાત મળી નહિ નિર્મળી; હે કૃ૦
એક એકથી રહે બળિ. હે કૃ૦ ૧૦૧
શઠબુદ્ધિ કરે શેઠિયો; હે કૃ૦
સત્ શિક્ષા પડી હેઠિયો. હે કૃ૦ ૧૦૨
ગમ્ય ગઈ કુળ ગોત્રની; હે કૃ૦
પ્રીતી નહિ પાઠ સ્તોત્રની. હે કૃ૦ ૧૦૩
અંગ મળ્યું તે રોગિયુ, હે કૃ૦
ભવ્ય પદાર્થનું ભોગિયું હે કૃ૦ ૧૦૪
પદ કરથી પાંણિ ઝરે; હે કૃ૦
આસન ન અતિશે ઠરે. હે કૃ૦ ૧૦૫
નાસિકા નિત્ય સ્રવતી હવી; હે કૃ૦
પાપે તમાકુ પડે સુંઘવી. હે કૃ૦ ૧૦૬
પાચન થાય નહિ અન્નનું; હે કૃ૦

યત્ન ન ચાલે જંનનું. હે કૃ૦ ૧૦૭
મન મળ્યું તે મંદ છે ઘણું; હે કૃ૦
આપ સંભાળે ન આપણું. હે કૃ૦ ૧૦૮
ઉઠતી ચાલે આસક્તિયો; હે કૃ૦
નેક ખસે ન નવક્તિયો. હે કૃ૦ ૧૦૯
કામ ને ક્રોધ મદ લોભના; હે કૃ૦
કરી સકાય નહિં ક્ષોભના. હે કૃ૦ ૧૧૦
જે મળ્યાં તે દુખિયા મળ્યાં; હે કૃ૦
બાબત બાબત્યનાં મળ્યાં. હે કૃ૦ ૧૧૧
કોનું દુઃખ જાયે કહ્યું; હે કૃ૦
શ્રીધર જાતું નથિ સહ્યું. હે કૃ૦ ૧૧૨
શાસ્ત્ર મળ્યું તે સોહામણું; હે કૃ૦
વારવાર લે ઉભાંમણું. હે કૃ૦ ૧૧૩
તોપણ તૃષ્ણા નવ્ય ખસે; હે કૃ૦
પ્રેમ અજી ન હૃદે વસે. હે કૃ૦ ૧૧૪
કહો હું શું કરૂં નાથજી; હે કૃ૦
અરજી ન કાંને ધરો અજી. હે કૃ૦ ૧૧૫
જે દીઠું તે જ્વાળમાં; હે કૃ૦
જન પડયો છે જંજાળમાં. હે કૃ૦ ૧૧૬
નથિ ઉગરવાનો સમે; હે કૃ૦
હવે તો હાથ પકડો તમે. હે કૃ૦ ૧૧૭
વિલંબ વિઠલ શુ કરો; હે કૃ૦
એક છે આપનો આશરો. હે કૃ૦ ૧૧૮
સંકટ સકળ શમાવિયે; હે કૃ૦
શિઘ્ર સમાચાર કાહાવિયે. હે કૃ૦ ૧૧૯
પાનું પડયું પ્રભુ નાથથી; હે કૃ૦
હવે ન મૂકશ્યો હાથથી. હે કૃ૦ ૧૨૦
ઠરવાનું ઠેકાણું નથી; હે કૃ૦
વિયોગ દુઃખ નાખે મથી. હે કૃ૦ ૧૨૧
શી શી આપદા ગણાવિયે; હે કૃ૦
જાંણને શું કહિ જણાવિયે. હે કૃ૦ ૧૨૨

દાસનું દુઃખ હવે દેખિયે; હે કૃ૦
આશ્રિતને ન ઉવેખિયે. હે કૃ૦ ૧૨૩
કોહોને દુઃખ કહું માહારૂં; હે કૃ૦
જગજીવન કરિ જાહારૂં. હે કૃ૦ ૧૨૪
રમાનાથ હવે રીઝીયે; હે કૃ૦
શીઘ્ર સમાચાર લીજીયે. હે કૃ૦ ૧૨૫
ભોગવટો કહ્યો ભોગનો; હે કૃ૦
વાહાલા તણા એ વિયોગનો. હે કૃ૦ ૧૨૬
તૂક સવાસો તારવી; હે કૃ૦
ધર્યું સાહેબ દિલ ધારવી. હે કૃ૦ ૧૨૭
વાહાલા તણો વિશ્વાસ છે; હે કૃ૦
કૃષ્ણરામ દાસનો દાસ છે. હે કૃ૦ ૧૨૮

દોહરો.

અષ્ટવિંશ શત તૂક તે, ભોગવટાની ગાથ;
કૃષ્ણરામને કૃષ્ણજી, ઉગારો કર સાહિ. ૧.

(સંવત્ ૧૮૭૩ ના ચૈત્ર સુદી ૭, ભોમે.)

લી૦ ભટ કૃષ્ણરામ ભક્તિરામ.

વિ૦ ૧૯ પા. ૬૫

હિંદુસ્તાની

કીર્તન ૩૦૪ થું.

દેશીફેર.

કુંચીત કૃષ્ણ શિરે રૂહવેણી, ગુંફીત સ્નિગ્ધ સુગંધ સુખેણી;
માનું ફણીધર ફેણી હે, એસે કૃષ્ણકું ધ્યાઉં. ૧
મૂર્ધ્ની મયૂરકિ ચંદ્રીકા સાજે, મણિમય રચીત કીરીટ બિરાજે;
કોટી દીવાકર લાજે હે, એ. ૨
કેસરી તીલક લલાટ ત્રીધારા, તા બિચ્ચ મૃગમદ બિંદુ સુધારયા;
મુખ છબી ચંદ્ર ઉજીયારાહે. એ. ૩
મકરાકાર કુંડલ ઉદ્યોતી, નાસા સરલ માંનું દીપક જ્યોતી;
તા બિચ લલકત મોતી હે. એ. ૪
કરૂણા કટાક્ષ કમલ દલ લોચન, ઉદીત પલક પુનિ પુનિ સંકોચન;
ભ્રૂકો વિલાસ ભય મોચન હે. એ. ૫
સ્મિત મુખ મૃદુમૃદુ મંજુલ હાસા, બાહુ આજાનું માનુ ગજનાસા;
વપુ નવઘન સંકાશાહે. એ. ૬
ઉર મુક્તા તુલસી વન માળા, કૌસ્તુભ મણિ છબિ પરમ રસાલા;
શ્રી વત્સ અંક વિશાલા હે. એ. ૭
શોભાયમાન સુંદર ભૂજચ્યારી, ચક્ર ગદા ધનું અંબુજ ધારી;
અતુલ અસુર દલ હારી રે. એ. ૮
વામ વિભાગેં રાજીતસા ભરણી, મહાલક્ષ્મીસા વિદ્યુત સમ વરણી;
સેવક સંકષ્ટ હરીણીરે. એ. ૯
કટિ કિંકિની તામેં ઘુઘરૂ વાજેં, પીત વસન પરીધાન વિરાજેં;
પદ નૂપુર ધ્વની ગાજેરે. એ. ૧૦
પદ નખ પ્રતી માનું શશીકી ‡આભા, મુનીજન મન જયહાં પાવત લોભા;
નાના ચિન્હ તલ શોભા હે. એ. ૧૧
જ્યા ચરનનકા મહીમા અગાધા, અગમ નીગમ વિધી પાર ન લાધા;
હરત જનમકી બાધા હે. એ. ૧૨
પાવન રૂદય નયન મુખ કરણ, પાવન કરપદ મહીમા સ્મરણ;

‡ કાંતિ.

પ્રભુ પ્રણુતારતી હરણુ હે. ઐ. ૧૩
પાવન નામ સ્મરણુ સંસારા, જ્યાતે પાવત ભવજલ પારા;
સચ્ચિદાનંદ અગારા હે. ઐ. ૧૪
અશરણુ શરણુ સદાંતરયામી, દીન દયાલ સચરાચર સ્વામી;
સબ ઘટ ઘટકે ગામિ હે. ઐ. ૧૫
કૃષ્ણુરામ કિંકર પૂકારે, જ્યાંની સમર્થ આયો શરણુ તુમારે;
તુમ બિન કોન ઉગારે હે. ઐ. ૧૬

બિ૦ ૯ પા૦ ૨૨

કીર્ત્તન ૩૦૫ મુ.

દેશી પ્રેર.

સુનોજી કૃપાલ અરજી એક આજરે સુ. ધૃ. ૧
જયો તવચરનકી ભક્તિ સદાહિ,
કરત મનનંન મૃત્ય સમાજરે;
વાકું કરૂણા તુમ જયો કરત હો,
યામેં કહા ચીત્ર મહારાજરે. સુ. ૨
જયો હોય મેરે સરખો નિષ્ઠુર,
ભક્તિ દીન હીન શુધ્ય ત્યાજરે;
નામ સ્મરનસૂં બરજ્યનિગોરા,
મદ મત્સર સમવેતની લાજરે. સુ. ૩
પરિપૂરન અજ્ઞાંનકો ભાજન,
અતિ નિર્દય પતિતકો રાજરે;
ઐસે કું તારોગે નહીતો,
બિરૂદ કૃપાલ ધરચો કુંન કાજરે. સુ. ૪
અપરાધીકી સહાય્ય કરોગે,
જયબ કરૂણા કર ખરે શ્રીરાજરે;
કૃષ્ણુરામ કહે તુમજ્યુ તુમારી,
બિરૂદ ધરચેકી રખવી લાજરે. સુ. ૫

બિ. ૧૩ પા. ૧૬

કીર્તન ૩૦૬ હું.

દેશીફેર ગજલ.

કયોં રૂષાય માનભયે, બોલતે ન મોસું,
દીનબંધુ દેવ બિના, મેં પુકારૂં કોસું. કયો. ૧
જ્યાકે પદ સીસ ધરચો, સો લિખ્યો લલાટેં;
શરણાગત વત્સ સો, કર સૂં કયોં કાટેં. કયોં. ૨
તુમ ગરીબકે નિવાજ, મેં ગરીબ સબસું;
પ્રાણનાથ મેં પુકાર, કરતા હું કબસું. કયો. ૩
સુનતે કયોં નહિ સુજાન, કાન મૂંધ બેઠયે;
દોષ મેરચે દેખ્ય ડરચે, કહા છુપાય પેઠયે. કયો. ૪
મેં તુમારે શરણ આયો, જ્યાંની બલજોરી;
બલિયે બક્ષીસ કરો, ચાકરકી ચોરી. કયો. ૫
ઇશ્વરતા ઉદય કરી, તાપ પાપટારો;
દેહ દિયો દુર્લભ સો, શ્રીપતે સુધારો. કયો. ૬
નાથ હે સદા તુમારે, હાથ સકલ બાજી;
કૃષ્ણરામ કિંકરપર, રસિયે રહો રાજી. કયો. ૭

વી૦ ૩ પા૦ ૧૩

કીર્તન ૩૦૭ મું.

દેશીફેર.

આવો મેરચે પ્રાંનનકે પ્યારે, વિઠલ વ્રંદાવન વારે,
કૃપા નિધાન કૃષ્ણ કારે. આ. ૧
માધુરી મોરલી તેરી બજ્યા, સુંદર સ્વર સમ ન સૂં ગજ્યા;
એકબેર સુનાવ મોકું મજ્યા. આ. ૨
દેખું તેરી કીટ મુકુટ કલકી, નયન કીકિયોંકી ચલકી,
ગંડકુંડલોકી ઝલકી. આ. ૩
ગોપીકા ઘર કેસેં ધસિયા, ચોરચે નવનીત દહી છસિયાં.
રંચેક ચખાવ મોય રસિયા. આ. ૪
ક્યાહું તેરી પાવન પદ રજકું, જ્યાકિ નિત્ય ઇચ્છા શિવ અજકું.
કહો કેંસેં સુલભ ભઇ વ્રજકું. આ. ૫

કહા મેં તિલ તેરે ચોરચે, છુપિ કયોં રહે નંદ છોરચે;
કૃષ્ણરામ રહે કરજોરચે. આ. ૬

વી. ૩ પા૦ ૧

કીર્તન ૩૦૮ મું.

હરી તુમ ઇષ્ઠ સખા મેરા, મે નિજ ચરનનકા ચેરા;
કહાં લૌ ફિરા આગે ફેરા. હરિ. ૧
સેવકાઈ મોસું કછુ ન સરિ, પ્રિયકરકી પ્રીતિ બિસરિ;
યદ્યપી માનવ તનુમે ધરી. હરિ. ૨
અનન્યતા મોસુ ન બણી, રહામેં રંક તુમ્હારા રૂણી,
માફી કરો માહારાજ ધણી. હરિ. ૩
બાલક માંની બાંહ્ય ધરો, બિરૂદ પેખી બિરૂદાશ કરો;
ભવ્ય ભરૂંસે ચિત્ત ભરો. હરિ. ૪
કોસુમે કૃપા નિધાન કહું, કહાં લૌં અબ મેં કષ્ટ સહું;
દેખો મેં દાવસું દાસદ હું. હરિ. ૫
સરન આચે કી લાજ નિભાઓ, દયા નિધાન પ્રતીતિ દિખાઓ।
કૃષ્ણરામકે કષ્ટ મિટાવો. હરિ ૬

વી. ૩ પા. ૧

કીર્ત્તન ૩૦૯ મું.

દેશીફેર.

અબલું કયોં નહિ બોલો તુમ, કહા ડારચ દીયા, ટેક. ૧
ગુનેગાર દેખી મો ગરિબકું, કિંકરકું કહા દૂર કીયા;
દિલ્લ મેરો ડરપે યહ ડરતે, હિંમતબિન ફટ જાત હિયા; અ. ૨
કરૂણાસિંધૂ કહાયકેં ઐસા, રોષ રંકસું કયોં રખિયા;
અધમો દ્ધારણકું એસા અબ, લક્ષ્ય કહાં સૂં આય લગિયા. અ. ૩
અસરન સરન જ્યાન અબ આયો, ચરન સરનમેં કાલ ભિયા;
અબ પાછિ પટકો મોકું તબ, શરણુ વત્સલ કયોં બિરૂદ લિયા.
અ. ૪
તુમકું તજ્યમે તમ કહા જ્યાંઉ, ધરમધુરંધર ધારોખિયા;
દાસ જયાંન જ્યબ નરતનું દીનિ, અબ રગડાઓ કયોં રસિયા.
અ. ૫

છોકરબાદ ન છેક કરે તુમ, છાછચ પિબન વારેકે છિયા,
પતિત પાવન અબ દીજે પ્રતીતિ, કૃષ્ણુરામકું જ્યાહિ પ્રિયા. અ. ૬

વી. ૫ પા. ૩

કીર્ત્તન ૩૧૦ મું.

દેશી ફેર "ઇશ ઇચ્છાયે" એ ચાલ.

પ્રેમ કટાક્ષ શું પેખો, પ્રભો મોસું પ્રેમ કટાક્ષ સું પેખો;
ગુણ અવગુણ જી ન દેખો. પ્રભો. ૧
મેં કિંકર સોહિ કૃપણ સદામત, તુમ દીલકે દરિયાઓ;
સંકટ સિંધુમેં ડુબત સેવક, બાંહ પકડકે બચ્ચાઓ. પ્ર. ૨
માફ કરો અપરાધ એ મેરચે, તનયકે જ્યૌં કરે તાત;
રંક રહિયતકે જ્યૌં કરે રાજા, મુગ્ધ શિશુકે માત. પ્ર. ૩
વચ્છકે માફ કરે જ્યૌં વાચ્છા, પ્રતીવૃતાકે જ્યૌં સ્વામી;
સખા સખાકે સહન કરેં જ્યૌં, યૌં મેરે અંતરયામી. પ્રઃ ૪
તુમ હો જયગતપિતા જનની જગતકે, જયગત્સખા જયગદીશ;
તુમ બિન કોસું કરૂં મેં અરજી, ચરન નમાયેં શીશ. પ્ર. ૫
દાસ વત્સલ તુમ દેવ દામોદર, દયાનિધે દીન દયાલ;
કિંકરકે કલ્પદ્રુમ કેશવ, પ્રેમીનકે પ્રતિપાળ. પ્ર. ૬
આર્ત્ત જનોંકે આર્ત્તિ નિવારક, અંધ જનોંકે નેત્ર;
જ્ઞાન વિરાગ ભક્તિકે દાયક, ક્ષેમ સકલકે ક્ષેત્ર. પ્ર. ૭
અનન્ય. જનકી એક ગતી તુમ, તમ જનોંકે ત્રાતા;
સેવકકે સરવસ્વ સખા તુમ, દિવ્ય પદાર્થકે દાતા. પ્ર. ૮
અધમોદ્ધાર પતિતકે પાવન, ગરિબકે ગરિબનિવાજ;
કૃષ્ણુરામપર કરૂણાનજર કરો, માધવજી માહારાજ. પ્ર. ૯

વી. ૫ પા. ૧૪

કીર્તન ૩૧૧ મું.

દેશી ફેર "લંકાનગર સોઈ કાયારે" ચાલ.

મનપતિ અબહિ આજ્યા હે, ત્રિભુવન નાયક મેરે. મ. ૧
અશરનશરન પતિતકે પાવન, ઓતેરા બિરૂદ બતાજ્યાહે. ત્રિ. ૨
અંતરયામી સબઘટવાસી, ઇંદ્રિય સબકે રાજ્યા હે. ત્રિ. ૩

શરણાગત વિશ્રાંમ સખા તે, ગુણનિધી ગરિબ નિવાજ્યાહે. ત્રિ. ૪
ભક્તવત્સલ ભવ ભયકે ભંજન, પીઝ્ય પ્રાંણનકી પાજ્યાહે. ત્રિ. ૫
બેર બેર કહા કહું પુરૂષોત્તમ, મલિનતા મનકી મિટાજ્યાહે. ત્રિ ૬
જો નિરમિત સો હોયગી આપસું, સમઝયકિ બુઝય સુનાજ્યાહે. ત્રિ. ૭
દરદ મિટાઓ દયાનિધિ દિલકા, કોઉબિધ બચન બચ્યાજ્યાહે. ત્રિ. ૮
કંઠલું પ્રાન આન અબ અટકયા, બચવેકી બૂટી દીખાજ્યાહે. ત્રિ. ૯
જ્યો નહિ સાહ્ય કરો તો બિરૂદ તુમ, ઘર બેઠે કોંન કાજ્યાહે. ત્રિ. ૧૦
જેસેં બેગ છુડાયા ગજપતી, અબ એસે મોકું છુડાજ્યાહે. ત્રિ. ૧૧
કૃષ્ણરામકી અરજ્ય સુનવેકું, કબલું ધરોગે મુલાજ્યાહે. ત્રિ. ૧૨

વી૦ ૭ પા૦ ૧૪

કીર્ત્તન ૩૧૨ મું.

દેશી ફેર.

પ્રકૃતી પર હોય સદા તુમનેં, સીર કયૌં ધરીયા પર મોરનકા;
સત્પાત્ર બની દીન રાત્ર કરમ, બ્રજમેં જ્યું ક્રિયા કયૌં ચોરનકા. ૧
રસિયા જ્યું ભઇ છસિયાકે બિચે, કયૌં નાચ નચેં ઘર ગોપીનકે;
છત્રધારિ મુરારી કહાય સીરેં, ધરતા જ્યું ભયેં કયૌ ટોપીનકે. ૨
કેસેં પકરી કરમેં લકરી, જનપાલ ગોપાલ ભયે જનમેં;
શ્રીનિવાસ ભઈ પુની રાસ રચ્યે, ન કયૌ અહીર સુતાકે જ્યૂથમેં. ૩
સુપ્રબુદ્ધ પીયો કયૌં દુધ ધરચ્યે, વપુ વચ્છ શિશુંકે સ્વચ્છ ભઈ;
કૃષ્ણરામ પ્રણામ કરે તુમ બિન, અપને દુઃખકું કહેં કોંસુ જઈ. ૪

વી૦ ૯ પા૦ ૨૧

કીર્ત્તન ૩૧૩ મું.

પ્રભૂ આપ બરોબરી આપહિ હો, નહિ હોવત ઓર ન સું ઉપમા;
જયબ સાર અસાર બિચાર કિયો, તબ કોન પદારથ આપ સમા.
નીજ સેવક દેવ અદેવ તજી, ગ્રહિ પદ્મ ઉપાસત જ્યાકું રમા;
કૃષ્ણરામ પ્રણામ કરી જ્યું કહે, તુમ રંક કે વંક કરોગે ક્ષમા.

વી૦ ૯ પા૦ ૨૧

કીર્તન ૩૧૪. મું.

દેશી ફેર–ટિપિકા.

ગોબિંદજી કે ગુન ગાઉ, શ્રી કેશવજીકી;
કમલ નયનકી, સબ સુંનીકી, કરૂણા કટાક્ષ ચ્યહાંઉં. ગો. ૧
જયાકે પદ પ્રક્ષાલનકીના, બિધિને બહો અર્હણુ દીના
તે નીરનસું પ્રગટી સ્વઃસરિત, ભરિત કીને સબ લોક;
અશોક ભયે દરશન ફલ પાય, ભગીરથકો તપ જાન્ય.
કિયો ફલ દાંન, પધારી ભરતખંડ;
પાખંડ ભરચે જન તારનકું, આઇ કપિલા શ્રમ બેગ ભરી;
સુત સાઠ સહુસ્રકું તારચ લીના, જયાંને, સો પદકું શીશ નમાઉં.
ગો: ૨
જયો પદં વિશ્વ સકળ વિસ્તારચા, બ્રહ્માંડ બાહ્ય પ્રસ્તારચા;
જયાનેં અંડકટાહ ફોર, આંન્યો જલ આવ્રણુકો ઇત ઓર.
ધરયો બલ પૂરનસું, બશિયો બિધિકે જયુ કમંડુલુમેં;
જયાસું પદ પૂજા શુદ્ધ ભઇ, જયામેં જયુ બશી પદ પંકજકી રજ.
જયા રજસું અતિ પુનિત ભઇ, માંનુ મુક્તિજલ રૂપ ધરી;
આઈ અવની તલ શોધનકું, યાહીકું ધરી સિર શંકરને.
સો પદપંકજ બલિ શિર ધારચા. જયાનેં, વા પદ પંકજકિ રજ
બેગહિ પાંઉં. ગો. ૩
જયો પદકી હોવત નહિ ઉપમા, ગ્રહિ પદ્મ ઉપાસત જયાકું રમા,
જયા પંદ ગોપિનકે વક્ષ સ્થળ, બલ પ્રેમ ભરચો,
ફળરૂપી ધરચો, જ્યાસું કામામય ભાજ્ય ડરચો.
જયો જાય પરચો, કાલીય શિરે;
પુનિ નાચ નચ્ચે, જ્યાસુપદ લાંછન શીશ ભયે.
સબ બિધ્ન ગયે, ગરૂડાદિક આવત;
શીશ નમાવત, તાહિકી રજ ચ્યાહાવત.
કૃષ્ણુરામ, જયો પદ તમનકું છત્ર સમા,
જયાંની, વાહીકી નિત્ય ડુંડિ બજયાંઉ ગો. ૪

વી૦ ૧૦ પા૦ ૫

કીર્ત્તન ૩૧૫ મું.

દેશી ફેર.

જય જય વંતીની, નંદકે સુજાંન મેરી;
અખિયાં આગે આઓરે, હે નં. ધ્રૂ. ૧
કેસરકો ભાલ તિલક, કુંડલોંકી નીકી ઝલક;
પ્રેમકિ પૂરીત પલક, એસિ છબ લ્યાઓરે. હે. નં. ૨
મંદ મુસ્કયાન બાહાલ, ઉર વૈજયંતી માલ;
રસ સબસૂં રસાલ, છબી નિરખાઓરે. હે. નં. ૩
કીટ મુકુટ પર કલકી, અલકોંકી શોભા અલિકી;
યદુનાથ એસી ઝલકી, દ્રષ્ટિ સૂં દિખાઓરે. હે. નં. ૪
*ધ્વનિમંત અધરેં ધારિ, ભરચે જ્યામેં તાંને ભારી;
પ્રાંન કે પ્યારેકી પ્યારી. બંસૂરી બજ્યાઓરે; હે નં. ૫
કંઠપેં કૌસ્તુભમની, કટિકટિ કીંકિની.
પાંઉકિ નૂપુરધ્વની, શ્રવનેં સુનાઓરે; હે નં. ૬
તત થેઇ બોહ્લ્ય તાંન, ગલે મીઠો ગાય ગાંન;
‡સેનીસૂં બતાય સાંન, નિકટ બુલાઓરે. હે નં. ૭
મેરો કર ધરચ નીકો, ભાલમેં બનાય ટીકો;
કૃષ્ણરામ કૃષ્ણજીકો,. દાસ ઠિરાઓરે, હે નં. ૮

વિ૦ ૧૦ પા૦ ૬.

કીર્તન ૩૧૬ મું.

કેશવજી અરજી મેરી, કાંને કબ ધારોગે; હે કે. ૧
જિનગાંની જ્યાત રહી, આતુરતા અતી ભઇ;
અબહી અવલોકો નહી, પાછે કબ તારોગેં. હે કે. ૨
દુર્લભ જ્યો દેહ દીની, કરૂણા જ્યો તુમનેં કીની;
બહે જ્યાતીહે બિનચીની, કબ જ્યુ સુધારોગે. હે કે. ૩
કામસો સંકષ્ટ કરે, ક્રોધ ક્રિયમાંણુ હરે;
લોભ સો લરાઇ લરે, તાકું કબ ટારોગે. હે કે. ૪
તિનુ બિધ તાપ તાપેં, સ્વારથી જન શ્યાપેં;
ઇશ્વર કબ આપહી આપેં, વિડંબણુ વારોગે. હે કે. ૫

---

* મુરલિ. ‡ ગોપિકાઓને.

સાધન ન મોસું સાધે, લક્ષ્યહીકો શોધ ન લાધે;
બહોવિધ બડબડ બાધે, ઐસે કયૌં બિસારોગે. હે કે ૬
કહે જન કૃષ્ણુરામ, સુનોજી હે સુંદર શ્યામ;
પતીત પાવન નામ, આપહી કયૌં હારોગે. હે કે. ૭

વિ૦ ૧૦ પા૦ ૭.

કીર્ત્તન ૩૧૭ મું.

દેશી ફેર.

કેશવજી કરૂણા કરોગે, પ્રતીતિ ઘે મન મેરે ઠરોગે. કે. ધ્રુ. ૧
બુદ્ધિ બાવરીસી ભઈ મેરી, જ્ઞાંન અવિદ્યાને લીનો ઘેરી;
બહોબેર ક્રિરિયા મે ભવમેં ફેરી, કે. ૨
તૃષ્ણાને તાંતિ ગરેમેં ડારિ, તાતેં ભમ્યો મેં જથૌબનચારી;
બાસુદેવકો સ્મરણ બિસારી. કે. ૩
ધન સુતબંધુ હવેલી દારા, ભ્રમસૂં ભજ્યે મે બારહી બારા;
પ્રીછયો ન મેં હરી પ્રાંનકે પ્યારા. કે. ૪
મોહ નિશાકી ભારિ અંધેરા, રૂપ ન બુઝય પરે મોય મેરા;
યદ્યપિ હોત હે સાંજ સવેરા, કે. ૫
બહોત ભઈ બલવીર બિચ્યારો, અબમેં શરણ અહ્યો હે તુમારો;
કોઉ પ્રકારસું મોકું તારો, કે. ૬
કૃપણ જ્યાંન્ય કહ્યું કરૂણા કીજે, સત્વરખબરચ શરનકી લીજે;
કૃષ્ણુરામકું અભયતા દીજે. કે. ૭

વિ૦ ૧૧ પા૦ ૧

કીર્તન ૩૧૮ મું.

ગિરધરરાય શરણમેં તેરે, તો બિનઅવર સખા નહિ મેરે; ગિ. ૧
કાહુકું માત પિતા સુત નાતિ, કાહુકું ધન ગેહાદિક જાતી;
કાહુકું ભૂષણ નાના ભાતી. ગિ ૨
કાહુકું બાંધવ જનકે જોડે, કાહુકું ગજ રથ પાલખી ઘોડે;
કાહુકું ચોપદાર બહુ દોડે. ગિ. ૩
કાહુકું હાલ મસ્તિ વપુબલકી, કાહુકું જબર દસ્તિકોઉ કલકી;
કાહુકું પૂણ્ય પદારથ ફલકી. ગિ. ૪
કોઉ મોટેહે રાગિણિ ગાંને, કોઉ બિધબિધ બિદ્યાકે માંને;

કોઉ જોરાવર હે યજમાંને. ગિ. ૫
કોઉ તત્પર તીર્થાંકે તોરી, કોઉકે સિર કાહુકી જોરી;
એ સબ હાથ્ય તિહારે દોરિ. ગિ. ૬
તો બિન એ સબ લાગત ફીકા, નાથ તિહારા આશ્રયનીકા;
કૃષ્ણરામ હે કેશવજીકા. ગિ. ૭

વી૦ ૧૧ પા. ૧

કીર્તન ૩૧૯ મું.

દેશી પ્રેર.

બિરહ લગ્યો રહ્યો જ્યાત નહિ અબ. ધૃ. ૧
ચઉદ ભૂવનકી ચીત્ર સંપદા,
હરિ દરસન બિન ફીકિ પરત સબ. બિ. ૨
દીનદયાલ દયાલ દરસ દિખાઓગે;
મનુજ જનમ સો સફલ હોયગો જયબ. બિ. ૩
હરિકે હેત બિના જયો જીવનો;
નિષ્ફલ સોહિ માનું જીવિત શબ. બિ. ૪
કરૂણા કટાક્ષ્ય દેખોગે દયાનિધે;
મિટ જ્યાયગે મેરે તાપ ત્રય તબ. બિ. ૫
આતુર મન મેરો યહ રાહા દેખત;
કૃષ્ણરામકું મેરો કહોગે કબ. બિ. ૬

વી૦ ૧૧ પા. ૪

કીર્તન ૩૨૦ મું.

તુમ જ્યો કરો સો દયાનિધિ હોયરે. ધૃ૦ તુ.
વેત્તાકાલ ત્રયકે વિઠલ, તુમકું ન જ્યાનત કોયરે. તુ. ૧
મિથ્યા મેરોમેરો માંને મનુજ સબ, વાકુંહરતતુમ જયબ રહે જોયરે;
આગેપાછેં કરન સકત કોઉ, હાય કહા ભયો કહેકહે રોયરે. તુ. ૨
સમઝત તો હુ શરન ન આવે, ઉત્તમ જનમ યુહિ યુંહી ખોયરે;
ઓરનકું સમજ્યાવો ચ્યહાહેં, બિનવિશ્વાસ ધરી વેશ વગોયરે. તુ. ૩
માધવકી માયાકું બલ જાઉં, એકકે જ્યાસું ભાસત દોયરે;
કૃષ્ણ કૃપાદ્રષ્ટિસું તારો, કૃષ્ણરામ જયું કહે અબ મોયરે. તુ. ૪

વી૦ ૧૧ પા. ૫

કીર્ત્તન ૩૨૧ મું.

દેશી ધ્રૅર. શણગારનું વર્ણન.

છબિયાં નિરખો જગજીવનકી. ધ્રુ૦
મણિમય મુકુટ મયૂર પીછકો, કાંતિ જયસી જ્યું ગગન ઘનકી. છ૦ ૧
શ્રવન ધરચે મકરાકૃત કુંડલ, તા બિચ્ચમેં છબિ મોતનકી;
રવિ શશિ મદન બદન તેં લાજે, શોભા કમલ દલ લોચનકી. છ. ૨
ગંડસ્થલ શુભ સરલ નાસિકા, કહા છબિકી રચુ ગદનકી;
તા નાસા બિચ્ચ લલકત મોતી, બરનું કહા ભઈ જ્યા તનકી. છ. ૩
રદ રમણિક રસના મૃત લોલા, અધર છબી રવીચંદ્રનકી;
માલ વૃંદા ગુંજનકી કંઠમેં, ઓર બિધિ બાહન ભક્ષ્યનકી. છ. ૪
કૌસ્તુભ મણી ઉર ઉપર રાજીત, ખુબ બની ભ્રગુ લાંછનકી;
ચ્યાર ભુજા આયુધકી શોભા, બહુત બની બાજુ બંધનકી. છ. ૫
વામ ભાગ કમલા પટરાંની, કહા બરનું આભૂષનકી;
પીતાંબર પહેરન કટિ કિંકિનિ, રાજીત ઘુઘરૂ શબ્દનકી. છ. ૬
ગરૂડાસન આસન અતિ સુંદર, ઇસ બિધ ચિંતન દરશનકી;
કૃષ્ણરામ કહે કૃષ્ણ સદા તુમ, સહાય કરો સેવક જનકી. છ. ૭
વી૦ ૧૧ પા ૧૭

કીર્તન ૩૨૨ મું.

દેશી ધ્રૅર.

અબહી કયોં નહિ આવે મેરે, નયનકે આગેં; પ્યારે.
પ્રભુજિ મેં નહિ પકરચ બેઠાંઉં, મોસું મત ભાગે પ્યારે. ૧
કેશવજી મેં કછુ ન કીની, તેરે ઘર ચોરી; પ્યારે.
કીની તે તે સબ કહે દીનિ, કર જ્યોરી જ્યોરી. પ્યારે. ૨
દેખેંતો તેરી મઇયાનેં, કહા કીનો સિંગાર; પ્યારે.
જ્યો મોસુ ડરપેં દામોદર, ગોપ લ્યાઇયો લાર. પ્યારે. ૩
સુનિયે તેરી મુરલી કેસેં, મુખ ઉપર બાજે; પ્યારે.
છોગાલી પલકુંલુ પઘીયા, સિર કૈસે રાજે. પ્યારે. ૪
દેખે તેરી કાંધ કવરીયા, તેં કૈસે ધારી; પ્યારે.
દેખું તે મુસક્યાન જિનસું, છલ કીનિ નારી. પ્યારે. ૫

દેખે તેરી કરમે લકરી, ગૌ જિનસૂં હાકી; પ્યારે.
ભૂનર્ત્તન દેખે જ્યા આગે, કાલ રહે થાકી. પ્યારે. ૬
કટાક્ષ્ય નયનનું કીહે કૈસે, દીખાઈ દે મોકું; પ્યારે.
કુંડલ ઝલક દિખાતે પૈ સા, કહા લાગત તોકું. પ્યારે. ૭
મેયાને કર દીનો માંખન, રંચમોય દીજે; પ્યારે.
ચરન કમલપર પરી કરૂં તે, નમસ્કાર લીજે, પ્યારે. ૮
પુછ્યે કૈસે ધરચો ગિરીવર, તે કોમલ કરસેં; પ્યારે.
કૃષ્ણુરામ દરસનકે કારન, દિવાનિશી તરસે. પ્યારે. ૯

વી૰ ૧૨ પા૰ ૩

કીર્ત્તન ૩૨૩ મું.

કૃપાનિધાન સુનોગે કબહી, અરજી આતુરકી; પ્યારે.
કૃપા કટાક્ષ્યકી યે બિન પિડા, મિટે ન મો ઉરકી. પ્યારે. ૧
મેહર કીયે માનવતનું દીની, વિપ્ર વરણુ ઉંચી;
કલ ઉઘડે ક્યૌં હૃદય કમલકિ, કૃપા વિના કુંચી. પ્યારે. ૨
આશ્રિત કીને અવર પુરૂષકું, તે મોય ગુરૂ જ્યાંને; પ્યારે.
ચમત્કાર કહાં સૂં મેં બોલું, જ્યાસુ મન માંને, પ્યારે. ૩
અંધકું અંધ મીલે તેસેં અબ, મનુજ મીલે મોકું. પ્યારે.
મો લોચન ઉઘડચે બિન તીનકે, કૈસેંકુપથ રોકું; પ્યારે. ૪
તિનકે મન હે બહુત ભરૂસાં, મોકું સંત માની; પ્યારે.
વિશ્વાસેં સેવેં તે હરિકો, વદન વિપ્ર માંની. પ્યારે. ૫
પ્રભો પ્રતીતિ પ્રગટ દિયા બિન, કેસેં ધીરચ ધરૂં; પ્યારે.
શ્રીશ્વરમે સાક્ષાતકાર બિના કયૌ, તિનકું તારચ તરૂં. પ્યારે. ૬
બિરૂદ મિભાય બક્ષીષ્ટ આપકો, શરણાગત વિશ્રાંમ; પ્યારે.
અધમો દ્ધારન આશ્રીતકો તુમ, પૂરણુ કરો સબ કામ. પ્યારે. ૭
મો કીંકર સૂં કછુ હી નસરે, આપ ભરૂંસાં એક; પ્યારે.
કૃષ્ણુરામ કિંકર કે હૃદયેં. વિકાસ કરો વિવેક પ્યારે. ૮

વી૰ ૧૨ પા. ૪

કીર્ત્તન ૩૨૪ મું.

દીનદયાલરે, મત રીસાવેં. ધ્રૂ.
કબકો મેં પ્રાણુ આધાર પુકારૂં. અબલું તથાપી ન આવેં. દી. ૧
ગરીબનિવાજ ગોવિંદજી તેરા, બિરૂદ તે ક્યૌં ન બતાવેં;

વેદ પુરાન શાંસ્ત્રસું હરિ તેં, કરૂણાસિંધુ કહાવેં. દી. ૨
અધમોદ્ધારણ પતિત પાવન ઐસે, ગુણ તેરેં સબ ગાવેં;
મેરે તેરે કોન લરાઈ, દરદ ન દિલકા મિટાવેં. દી. ૩
કૃષ્ણ કહા તિલ ચોરચે તેરચે, દરસન કયૌં ન દિખાવેં;
કેશવ મેરી કરની કહા હે, એ સબ તેં સીખાવેં. દી. ૪
મો કિંકરસું કછુહિ ન સરે, હોવત જયો તું ચહાવે;
કો અપરાધ હે કૃષ્ણરામકા, મો મન કયૌં ન મનાવે. દી. ૫

વી. ૧૨ પા. ૮

કીર્ત્તન ૩૨૫ મું.

કેસે રિઝાંઉરે, કછુહિ ન જાનું મેં. કે.
ક્ષેમ કરન વારે કયૌં ખીજયે, મેં અબ કેસેં મનાઉરે. ક. ૧
ગુણસાગર તુમ ગોવિંદ વાકે, કોન કોન ગુન ગાંઉરે;
સબ સચરાચરકી તુમ જયાંનો, વાકું કહા મેં સુનાંઉરે. ક. ૨
વિશ્વ નિવાસ વિલાસ તુમારા, વાકો પ્રકાર ન પાંઉરે;
કોંન પ્રકાર કિયેં તુમ રીઝો, ચિંતન સોહિ મેં ચહાઉંરે. ક. ૩
રમાનાથકુ રિઝાવનકે લિયે, ભેટ્ય કહા કહા લ્યાંઉરે;
પ્રભુ પ્રીતિકો પ્રકાર કાહુ સું, પૂછનકુ કહાં જયાંઉરે. ક. ૪
પતિત પાવન તુમ બિરૂદ નિભાઇયો, મેં મેરા પતિત નિભાંઉરે;
કૃષ્ણરામ શ્રીકૃષ્ણચરનમેં, કેવલ શીશ નમાંઉરે. ક. ૫

વી. ૧૨ પા. ૯

કીર્ત્તન ૩૨૬ મું.

દેશી ફેર.

અબ મેં દેખ્યે નયન ભર, મદન મોહનજી લાલ. અ. ધૃ.
રત્નખચિત સિંહાસન ઉપર, બેઠે પરમ કૃપાલ; અ. ૧
બરહિ પીછકો મુકુટ મનોહર, મણીમય તેજ વિશાલ;
મકરાકૃત કુંડલ કાંનુનમેં, મૃગમદ બિંદી ભાલ. અ. ૨
મુખ મુરલિ ધુનિ સપ્ત સ્વરન સું, ગાવત બિધબિધ ખ્યાલ;
તાંન નયે નયે તામેં ઉઠાવે, રાગિણી રાગ રસાલ. અ. ૩
ઇંદીવર સુંદરસે લોચન, ઉર મોતન બન માલ;
યહ છબ દેખ ભયે સબ લજ્જિત, રવિ શશિ મદન મરાલ. અ. ૪

દોવત ગાવત મૃદંગ વિણાસ્વર, બાજત ઘુઘરૂ તાલ;
કૃષ્ણરામ પ્રભુકી છબ ઐસેં, નિરખ્ય ભયાહે નિહાલ. અ. ૫

વી. ૧૩ પા. ૧

કીર્તન ૩૨૭ મું.

દેશી ફેર.

એહ પ્રતાપ જગદીશકો અવર કોનહી કછયું,
જ્યાનેં ઉપજાઇહે અખિલ સૃષ્ટિ;
વ્યોમ જલ તેજ ભૂ પવન એ પંચમ હો,
ભૂત દ્રુમ વેલિ ધન જલદ વૃષ્ટિ. એ. ૧
સપ્ત પાતાલ અરૂ ભૂર્ભુવઃ સ્વ મંહજંન,
તપઃ સત્ય એ સકલ ધાંમ;
દેવ પન્નગ મનુજ યક્ષ કિંન્નર નિશાચર;
ગણાપ્સર, વિવિધ ધારચે નાંમ. એ. ૨
ગિરિ સરિત્સિંધુ અરૂ દસ દીશા દિગ્પતી,
ઉડુ શશી સૂર્ય ધ્રુવ પ્રમુખતારે;
જડ અજડ સ્થાયી પક્ષી પશુ ઔષધી,
સ્રી નપુંસક પુરૂષ વરણુ સારે. એ. ૩
એહિ સરજત સકલ એહિ રક્ષા કરત;
એહિ સિંહાર કર ફિર નિપાવે;
યાકિ આજ્ઞા બિના ન કછ્યુ કોઉ કર સકત,
જય પરાજય કદા ઈંદ્ર આવે. એ. ૪
એહિ ચિત્ત ચ્યાહ્ય તો વિપ્રિત સૂપ્રિત કરે,
ચ્યહાય તો રંકકું રાજ્ય દેવે;
ગજ તુરગરથ સુહૃત્સુત ગૃહ સંપદા,
એહિ ચિત્ત ચ્યહાય તો ખૂંચ્ય લેવે. એ. ૫
અવર અપરાધી સબ જીવ ભરચે ગર્વકે,
આપ વર્ણન કરત પ્રલય પ્રાંણે;
અસમરથ અંધસો કહતે સબ હમ કરેં,
કઠિણ ગતિ કાલકી કછ્યુ ન જાંણે. એ. ૬
સકલ સામર્થ્ય પરિપૂરણ તુમ પ્રભો,

દીનબ ધો દયાસિંધુ નાંમ;
કૃષ્ણગોપાલ કૃષ્ણરામકો કર ધરો,
સહજમેં સિદ્ધ હોય સકલ કાંમ. એ ૭
વી. ૧૩ પા. ૭

કીર્ત્તન ૩૨૮ મું.

દેશી ફેર.

આઓ જી સજનમેરે, ગોપી કહ્યું કીજે જ્યુ. ધ્રુ. ૧
મે જ્યું સદા તેરે દરસ ભિખારી;
તનક કૃપાસુદેવ દરસન દિજે જ્યું. આ. ૨
કહો કરૂણાનિધિ કોણ અપરાધ મેરા;
ક્ષેમકે કરનવારે મોપે કેસે ખીજે જ્યું. આ. ૩
તુમ દિલ દરિયાઓમેં દાસ તુમારાં;
અરભક જાન્ય મોય અભયપદ દિજ્યે જ્યું. આ. ૪
તનકે ત્રિવિધ તાપ મીટ જ્યાંયે;
હોય હુશિયાર રહેતે હરિરસ પીજે જ્યું. આ. ૫
કૃષ્ણરામ પર કછુ મેહરબાંની કરો;
પતિત પાવન બિરૂદ જયેસેં પ્રતીજ્યે જ્યું. આ. ૬
વી. ૧૩ પા. ૧૨

કીર્તન ૩૨૯ મું.

કહા તેં ગુમાન કરે મન મગરૂરરે. ક. ધ્રુ. ૧
તેરા ભલા સોહિ તોકુ રૂચે નહિ;
તેતો આપે જ્યાય પરચા તૃષ્ણા નહિ પૂરરે. ક. ૨
આગમ નિગમ કહે કહે હારયે;
તોહુ તે ન માંને એસા કયોં ભયા કુરરે. ક. ૩
હિતકારી હરજીકું વિસારી;
માયિક વસ્તુકા ભયા કયોં તે મજૂરરે. ક. ૪
જ્યાકું તું મેરા માંને સો ન રહેંગે;
સબ ઉડજ્યાવેંગેં જયોં આકકા તૂરરે. ક. ૫
પૂર્ણ કલ્યાણ સકલગુણ રાશી;

એસે હરીકું તેંતો હોજ્યાને હજ્જુરરે. ક. ૬
કૃષ્ણુરામ કહે કૃષ્ણુકું ભજ લ્યે;
ઈતિના તું મેરા અબ માંન્ય મચકુરરે. ક. ૭
વી૦ ૧૩ પા૦ ૧૨

કીર્તન ૩૩૦ મું.

લાવણી. "યામાકી મોહજાલ" ચાલ.

કહા કેહે કેહે રિઝાઉં, નાથ પરોક્ષ્ય પરચે વાકું અબ કૈસે મે પાંઉં.
ક. ધૃ. ૧
કઈકાલ કલ્પ કલ્પાંતરસું, મેં ભ્રમસે ભ્રમણુ કિયા;
કોઉ શાસ્ત્ર પુરાણુ બેદસુ હરિમેં, કબહુ ન ચિત્ત દિયા;
કબહુ ન ચિત્ત દિયા, કરૂણાકર, અબ કેંસે પાંઉં. નાથ. ૨
ન કિયા કબહિ સંગ સંતકા, ગિરધર નહિ ગાયા;
અનુદિન ઈચ્છિ આભ્યંતરમેં, ધનસુત ગ્રહ જાયા,
ધન સુત ગ્રુહ જાયા, કરૂણાકર, અબ કૈસે પાંઉં. નાથ. ૩
દાનમાં ન વ્રત યજ્ઞ તીર્થકી, બૂઝચ ન કછયૂ જ્યાંની,
સદ્‌ગુરૂ શરણુ બિમુખ તેં મેરા, મન હે અભિમાંની;;
મન હે અભિમાની, કરૂણાકર, અબ કૈસે પાંઉં. નાથ. ૪
ગુનેગાર ગોવિંદ તુમારા, અવર ન મો સરખા,
કૃષ્ણુરામ હે શરણુ કૃપાકી, બરખાઓ બરખા;
બરખાઓ બરખા કરૂણાકર, તબ તુંમકું પાંઉં. નાથ. ૫
વી૦ ૧૩ પા૦ ૧૪

કીર્તન ૩૩૧ મું.

દેશી ફેર. ચાલતા જમાના વિષે.

કલિયુગ આયો હરિ, કો સું કહે સુનાંઉ હે. ક. ધ્રુ. ૧
વિમલ મતી બિપરીત બહન લગી, પુરૂષ પરૂષ ભયે પાપી જ્યામેં,
પ્રત્યુપકારકી પ્રીતિ બિસારી, સહજ ઉઠન લગ્યે સ્થાપી;
સુખ કૈસેં પાંઉ હે. ક ૨
પિતા પૂત્રકું દેવત પીડા, સુત શઠ શાંહાંણે કહાવે,
સાસુ બહુકો શ્રમ નહિ જાનત, બહુ સાસૂકુ વહાવે;
ચિત્ત કેસેં ચ્હુરાંઉ હે. ક ૩

વરણાશ્રમકો વિવેક ન દીસે, શુદ્ર ભેખ ભયે સંત,
પરનારીસું પ્યારી કરન લગ્યે, અતિ અવિવેકી અંત;
નય કૈસેં નિભાંઉ હે. ક. ૪
બ્રાહ્મણ ઘર ઘર ભટકત તોહુ, શુદ્ર ન કરે સનમાંન,
કણ લોભે ભાજી સમજ્યાંને, ગીતા શાસ્ત્ર પુરાંણ;
અબ મેં કહાં જ્યાંઉ હે. ક. ૫
પંડિત પ્રાણ પોષણમેં સમજ્યે, સાધુ ભયે શિવ દ્રોહિ,
કૃષ્ણરામ કહે કૃષ્ણ સમજ્યકે, કૃત્ય ન સમજ્યે કોહિ;
મન કૈસેં મનાંઉ હે. ક. ૬

વી૦ ૧૩ પા૦ ૧૫

કીર્તન ૩૩૨ મું.

ઉપદેષ્ટા માંને હમ ઇશ્વર, પ્રગટ પ્રતીતિ ન પેખેં;
ધનહર લેં તોહુ ધોખા ન હરેં, દારા પરાઇ દેખેં,
કિસબિધ બિધસૂં બચ્યાંઉહે. કલિ. ૧
તીરથ જ્યાય તરૂણીકું ચ્યાહત, શઠસૂં કરત સમાજ;
ભાંમિનિયો ભૂંડા મુખ ભાખેં, ચતુર ચુગલ ભયે આજ;
કિન કિનકું સમઝાઉં હે. ક. ૨
વ્યાપારી વિશ્વાસઘાતી ભયે, ધારણ ધરમ ન ધારેં;
સગ્યે સગેંકો સબ હર લેવેં, માંનનિ પતિકું મારે;
છલ કૈસેં છુપાંઉંહે. ક. ૩
પરમેશ્વર પ્રીત્યર્થ ન સમજ્યે, દાન ન દેવત દક્ષ,
સોવર્ણસૂં શોભા શ્રૃંગારત, લૌકીકકી લહે લક્ષ,
કૈસેંકે પલટાંઉંહે. ક. ૪
ભેખધારી સબ ભેખવાદી ભયે, પ્યારો કિયો પાખંડ,
રાય રહિયતકો ન કરે રક્ષણ, વિપ્રકું દે દેહદંડ;
કિસ બિધ સમજાંઉં હે. ક. ૫
કૃષ્ણરામ કહે કઠિણ કાલમેં, અચ્યુત આય ઉગારો,
ગોવિંદ ગુણ ગાઉં હે. ક. ૬

વી. ૧૩ પા. ૧૫

કીર્તન ૩૩૩ મું.

સમશ્યા–કવિત.

કાચી [1]એકાદશી સી કાયા; તો હુ સર્વભક્ષિ,
[2]પેહેલી સો [3]નવ મીલ્યે [4]દૂજી શ્યો જ્યોવે હે.
[5]દશમ ધ્વજ અંગ વ્યાપ્યે, ધાવતપર [6]છઠીસૂં,
મો *સપ્તમ કો ન માંને, [7]ત્રીજીમેં સોવે હે. ૧
[8]ચૌથી [9]દ્વાદશી જયેસે, પાંની બીન તલપે તેસે,
અતિ [10]અષ્ટમ વેદના:સંસારિનકું હોવે હે.
[11]પંચમી બાહનપતીકે સ્મરન બિન,
કિસન કહે, પ્રાંનિ પિરાતજન્મ એસેહિ ખોવે હે. ૨

વી. ૧૩ પા. ૧૭

કીર્તન ૩૩૪ મું.

સૃષ્ટિક્રમનું વર્ણન.

ગણુપતિ અતિ મતિ ગતી ગહન, બિઘ્ન કરત વિદ્ધંસ;
ચરન સરન જનસુખકરન, હરન અરિનકે હંસ ૧
સરસ્વતિ સતિ પતિ ક્ષિતિ સુરન, ઉરન મોતનકે હાર;
જન મન પૂરન મુલન રચન, સ્મરન બરન દાતાર. ૨
મચ્યો મૂલકો બિચ્યાર, આદિ અક્ષર ૐકાર,
સ્વરૂપ શક્તિકો સાર, જ્યોતિ ધામ નિરાકાર;
તેજ સારનસૂં સારો હે, તાકું એસી ભઇ ચિત્ત,
સૃષ્ટિ સરજનકી પ્રીત, કીનિ માયા બિપરીત.
જ્યોતિ રૂપસૂં પ્રતીત, સ્વરૂપ શક્તિકો ધાર્યો હે,
તાંને હસ્ત મૈથુનાય, પ્રગટ કીને બ્રહ્માય;
કહ્યો મોકું બરચ આય, તાનેં મુખસૂં કહિ માય,
તાતેં તુર્ત્ત જ્યાર ડાર્યો હે, કિન્યે બિષ્ણુ હદયાત.

---

૧ કુંભ ૨ મેષ (બકરો). ૩ ધન: ૪ વૃષભ (આખલો). ૫ મકર;ધ્વજ (કામદેવ). ૬ કન્યા (સ્ત્રી વીષે) * તુલા. ૭ મિથુન (લોક). ૮ કર્ક (કાચબો). ૯ મીન (મચ્છ). ૧૦ વૃશ્ચિક (વિંછી) ૧૧ સિંહ (સિંહ ઉપર બેસનાર પાર્વતિજી પતિ શંકરના.)

કહ્યો મેરો ઘર હાત, વાને મુખસૂં કહિ માત,
પલમેં કીનેં નીઃપાત, ફેર મનસૂં બિચ્ચારચો હે. ૩
ભયો ગાલે પરિ સ્વેદ, રૂદ્ર પ્રગટયે ઉમેદ,
દેખી દોનુન કો છેદ, ચિત્ત ઉપનો હે ખેદ;
સકે એહુ ગત્ય મેરી હે, વદે શક્તી હે અધીશ,
કહ્યા એક ધરો શીશ, અહો મેરો કર ઇશ.
એસી બાંની જગદીશ, કેરી ચિંતનમેં પ્રેરી હે,
ભયે ભોલે ભવરાય, એસો કારજ્યહે કાય;
કહતી મોકું બરચ આય, એસી દેખી મહા માય,
જેસિ ઘેનનુંમેં ઘેરી હે, તેરે બરવેકો ભાવ.
તીન રૂપ ધરી આવ, જ્યરેં દોનુકું જગાવ,
ફેર મોયકું બતાવ, જ્યેસી ઇછા મન તેરી હે. ૪
સુની બાંની મન મહાય, દિયે દોનુકું જ્યગાય,
ધરએ તીન રુપજ્યાય, લક્ષ્મિ સાવિત્રી ઉમાય;
બિષ્ણુ બ્રહ્મા ભવ જાતીહે, બ્રહ્મા સૃષ્ટી સરજંન,
બિષ્ણુ કર તે રક્ષંન, કરે રૂદ્ર તે.પતંન;
એસે તીન રૂપ ભિન્ન, ધરિ સબકું સિખાતી હે,
રચ્ચો વ્યોમ રૂપ એક, નાસૂં વાયુ પ્રગટેક.
તાસેં તેજકો બિશેક, તાસે પાંની ભૂમિ છેક,
પંચભૂતનકી ભાતી હે, સૃષ્ટિ સરજી સંસાર;
મૂલ એકકો બિસ્તાર, માયા પ્રસારી અપાર,
કિયે સબમેં સંચાર, કૃષ્ણરામ કૃષ્ણ ગાતી હે. ૫

વી૦ ૧૩ પા૦ ૧૮

કીર્ત્તન ૩૩૫ મું.

દેશી ફેર.

સખા મેરે કૃષ્ણ આઓ, દાસકી બિરૂદાશ કરો;
કૃપાનીધાન હરે, સીસ મેરે હસ્ત ધરો. ૧
તિનું બિધ તાપ તપે, સો સહ્યા ન જાય મોસું;
ગરિબનિવાજ બિના, કૃષ્ણ મેં પુકારૂં કોસું. ૨
મેરે દીન બીત ગયે, અરજી કરત કરત અતી;
કેંસે બિસાર દિયા, મોકું મેરિ પ્રાનપતી. ૩

ભરૂંસા ભક્તવત્સલ, બિરૂદકા ભયા ભારિ;
અશરણુ શરણુ પ્રભો, દીનકું ન દીજે ડારી ૪
હોવેગિ કોન કમી, શ્રીપતે તુમારે ડેરે:
કિસન કંગાલ ઉપર, નજર કરો નાથ મેરે. ૫

વી૦ ૧૪ પા૦ ૧૫

કીર્ત્તન ૩૩૬ મું.

મેરચે ગુણુ દોષ અબે, દેખો કહા કૃષ્ણુ કારે;
ચરણુકેં શરણુ આયો, તુમકું મેરચે પ્રાન પ્યારે. ૧
કરો બક્ષીશ કરમ, જ્યો અન્યાંન જાન્ય કિયેં,
તુમારા યહ સુભાવ, બહુતકું બચ્યાય લિયેં. ૨
દયા નિધાન મેરા, દિલકા દરદ કોસું કહું;
કહાયમેં તુમારા, કષ્ટ અબેં કહાંલું સહું. ૩
કૃપાલ કૃપા નજર, કીજીયે ગરીબ જ્યાંની;
સબે કરો સહાય, ઘો હઠાય મેરી હાંની. ૪
સુનો હમારે નાયિક, એક હે ભરૂંસા ભારિ;
કિસન કંગાલ ઉપર, મેહેર કરો શ્રી મુરારિ. ૫

વી૦ ૧૪ પા૦ ૧૫

કીર્ત્તન ૩૩૭ મું.

કુંડલિયો.

ચિત્ત દીજ્યો ચ્યાહાંના કરી, મેરી ઓરચ મુરારિ;
જિનગાની જ્યાતી રહી, સકચો ન કછુ સુધારિ. ૧
સકચો ન કછુ સુધારિ, તનુ દુર્લભ જ્યો દીનિ;
વિમુખ વહ્યો મેં વાંમ, સાંચ સંભાલ ન લીનિ. ૨
શ્રીધર આયો શરણુ, ખબરચ અબ મેરી લીજ્યો;
કૃષ્ણુરામકી કૃષ્ણુ, ચ્યાહાંના કરચ ચિત્ત દીજ્યો. ૩

વી૦ ૧૪ પા૦ ૨૩

સંવત ૧૮૭૩ ના ફાલ્ગુન વદિ ૧૩ શનૌ.

લિ૦ ભટ કૃષ્ણુરામ ભક્તિરામ,
અમદાવાદ નગર—રાયપુરવાસી.

કીર્તન ૩૩૮ મું.

દેશી ફેર.

પ્યારે મેરા દિલકા દરદ મિટાઓ, કૃષ્ણ તુમ કરૂણાનિધાન કહાઓ.
પ્યા૦ ધ્રુ. ૧
બડા ગુનેગાર મેં નગુરા, પરે મેરે પીઠ જનમ જરા;
છબિલાજી યાતેં મોકું છુડાઓ. પ્યા૦ ૨
મોકું લિયા ધારણાને ઘેરી, ફિરિયા મેં બહોબિરિયા ફેરી;
અબ મોકું ચરણકે શરણ ઠિરાઓ. પ્યા૦ ૩
વિષયક્રમિ ન્યાય મેં વિષય ભજ્યે, તૃષ્ણાકે તંતુ ન કબહુ તજ્યે;
ત્રીકમ મેરચે તૃષ્ણાકે તંતુ ત્રુટાઓ. પ્યા૦ ૪
ધન સુત દારા વપુ વિલશ્યો, કામરૂપિ કીચકે મધ્ય ફશ્યો;
કીચસૂં બાહારચ નિકારિ નિભાઓ. પ્યા૦ ૫
નરતનુ દીની સો નિર્ભય કરો, ભવ્ય ભરૂસે દિલ મેરો ભરો;
કૃષ્ણ કૃષ્ણરામકું મેરા મનાઓ. પ્યા૦ ૬
વી. ૨૨ પા. ૨

કીર્તન ૩૩૯ મું.

દેશી ફેર.

દરસ તુમારા દિખાઓરે, મન માંન્યે માધો. ધ્રુ. ૧
તુમ સબહીકે નાઇકિ, છાસકુ વાંછિત દાયિક;
ન્યેહસૂં નિકટ બુલાઓરે. મ૦ ૨
તુમ કરૂણાકે સિંધુ, દીન જનોકે બંધુ;
તાપ અમારા બુઝાઓરે. મ૦ ૩
સહ્યે નહિ જયાંય તાપ, જનસૂં પઠાય જવાપ;
વિયોગકે દુઃખકું મિટાઓરે. મ૦ ૪
રહ્યે નહિ જયાય મોસૂં, તુમ બિન કહું કોસૂં;
દીવ્ય પ્રતીતિ દિખાઓરે. મ૦ ૫
સેવક તુમારા જ્યાંની, વિમલ બઢાય બાંની;
ગુણ ગોવિંદકે ગવાઓરે. મ૦ ૬
તુમ જ્યુ સખા અમારે, સરન હું મેં તુમારે;
બચન નિભાય બચ્યાઓરે. મ૦ ૭

મોસું મેરચે નાથ બોલો, અંતરકા પટ ખુલો;
ફિર ફિર ફેરિ ન ફિરાઓરે. મ૦ ૮
મોકુ મનાય મેરા, ચરણ કમળકા તેરા;
કૃષ્ણ કૃષ્ણરામકુ કહાઓરે. મ૦ ૯

વી. ૨૨ પા. ૭

કીર્તન ૩૪૦ મું.

દેશી ફેર.

પ્રભુ આપ બરોબરી આપહી હોં, નહિ હોવત ઓરનસું ઉપમા;
જયબ સાર અસાર બિચ્ચાર કિયો, તબ કોન પદારથ આપ સમાં.
નિજ સેવક, દેવ, અદેવ, તજી, ગ્રહિ પદ્મ ઉપાસત જ્યાકુંરમા;
કૃષ્ણરામ પ્રણામ કરી જ્યું કહે, તુમ રંકકે વંક કરોગે ક્ષમા. ૧

વી૦ ૨૨ પા. ૧૮

કીર્ત્તન ૩૪૧ મું.

દેશી ફેર.

સંતો મન મેરકી પીર, મેં કોન રીત્ય સમજ્યાંઉં; ૧
બાગ એક સંતોષ રૂપિણિ હે, આશા નદીકી તીર. મેં૦
બહુન લગ્યે બહો ધર્મરૂપી દ્રુમ, કોન લહેસુ બચ્ચાઉં; મેં૦ ૨
ચિંતા તટલું ભરચા ભરપુરન, મનોર્થરૂપી નીર. મેં૦
રાગ દ્વેષ એ મીન મગર બડે; ઓ પઢત શબ્દ ખાંઉખાંઉં. મેં૦ ૩
વિહુગ વિતર્ક રૂપ બહુતેક, દેખત રહે નહિ ધીર; મેં૦
તૃષ્ણા તરંગ બડે બડે ઉડત, ઠિરત દેત નહિ પાંઉં. મેં૦ ૪
પાર જ્યાય કૈસેં બાગ બચ્ચાંઉં, એસિ કરન [illegible]ીર; મેં૦
સુન્યકે ગુરૂ રૂપી ખેવટ કહેં, અબ એક અકલ બતાઉં. મેં૦ ૫
ચિદ્રૂપી ઓલખ નૌકાપર, બેઠ્ય ચલો બેફિકીર; મેં૦
શરણ રૂપી ઘો દામ તો મેં અબ, નાવ શુખાણ ફિરાંઉં મેં૦ ૬
તપોરૂપી શઢ પ્રભુકે પવનસૂ, નાવ જ્યાય જળ ચીર; મેં૦
વહાંજ્યાંય બાંધો ઓટધિરજય કામેં, નિર્વૃત્તિગારચ ઘલાંઉં. મેં૦ ૭
રખો રખવાળ પ્રેમરૂપી ફળ, નાસે નહિ ભય કીર; મેં૦
પાન કરો જ્યો કૃષ્ણકથા તોમેં, વાક્ય વિરાગ બનાઉં. મેં૦ ૮

ધર્મ અરથ અરૂ કામ મોક્ષફળ, ભક્તિ અંકુરિસૂં ઉતીર; મેં૦
શ્રદ્ધા ધરો તો સિદ્ધ હોવેકું, ગોવિંદગુણ મેં ગવાંઉં. મેં૦ ૯
સંશય દુષ્ટકે સંગ કિયે સૂં, મિટ જાય મનુજ શરીર; મેં૦
કૃષ્ણરામ ગુરૂકો કહ્યો માંન્યે, બાગ બચ્ચાય ફુલ પાંઉં. મેં૦ ૧૦

વિ૦ ૨૨ પા૦ ૧૮

કીર્ત્તન ૩૪૨ મું.

દેશી ફેર.

વરાહચરિત્ર.

કીર્ત્તિયો યજ્ઞ વરાહની કહિયે, જે થકિ ÷આશુ અવિદ્યા તરિયે. કી. ધ્રુ ૧
હિરણ્યકશિપુ જ્યારે મય પાસે ગયો, આસુરિ માયા ભણવારે;
વિતળ નામ ભૂ વિવરે રહ્યો તે, અમર મૂળને ખણવારે. કી. ૨
હિરણ્યાક્ષ ત્યારે ગયો તપ કરવા, વિધિને સેવિ :વર લેવારે;
ઉલ્વણ તપ એહેનૂં દેખી આવ્યા, જક્તપિતા વર દેવારે. કી. ૩
માંગ્યો વર જ્યે કોયને શસ્ત્રે, હું ન મરૂં એણિ રીત્યેરે;
દેવ ઇંદ્રાદિક વશ હોય ત્યારે, પ્રભુ કહે અસ્તુ પ્રીત્યેરે. કી. ૪
પછિ મૌર્વિં ગદા લેઈ સ્વર્ગે સુધારચો, તે સમે છઠો મન્વંતરરે;
તેહેને જોઈ સુર સંતાયા સહુ, દૈત્યનો લાગ્યો અતી ડરરે કી. ૫
*નાક નિવાસીને નિર્બળ જોઇને, અસુર ઉતરચો હેઠોરે;
મહિપ સકલનૂં માન મોડી પછી, સિંધુમાં નાહાવા પેઠોરે. કી. ૬
અવની ધ્રુજી એહેના ડરથી, નાસવા વાછ્ય તપાસેરે;
એહેવામાં હિરણ્યાક્ષ ગયો તે, પ્રતીચિપતીને પાસેરે. કી. ૭
એ સમયે છઠો મનુ દોડયો, વસુધાની લહિ વાતરે;
સ્વાયંભૂને કહ્યું અવની જશે તો, સૃષ્ટિ તણી થશે ઘાતરે. કી ૮
સ્વાયંભૂવે પછિ નિજ માયામાં, સૃષ્ટિ સત્વર સંતાડીરે;
તે સમે વરૂણે હિરણ્યાક્ષને. પાતાલે મૂકયો કાહાડીરે. કી. ૯
હિરણ્યાક્ષે સુણ્યા વરૂણ મુખે હરી, શોધવા ગયો પાતાલેરે;
આધારભૂમિયે અવની ઉતરી, રસાતલ ગઇ તે કાલેરે. કી. ૧૦
હાહાકાર થયો તે વેળા, સ્વાયંભૂ કહે ચતુર્મુખનેરે;

÷ જલદી. * સ્વર્ગ.

અવનીગઇ હવે સૃષ્ટિ ક્યહાં ધરૂં, દેવ ભાગો તે દુઃખનેરે. કી ૧૧
વિધિએ વિચ્યારયું જે આ શૂં અકાલે, આમ બન્યૂં શૂં કરિયેરે;
તે સમે વિધિના નાસા વિવરથી, રૂપ પ્રગટિયું હરિયેરે. કી. ૧૨
ન્યાંહાનું નીકળ્યું તે ગિરિસમ વાધ્યૂં, બ્રહ્માંદિકે તે ભળ્યુંરે;
જયજય સ્તુતિ કરિ તે શુણિને પછી, નાથે ભૂ સાંહાંમૂ ન્યાહાલ્યૂંરે.
કી. ૧૩
શિશુમાર સૂધી સલિલ ભરાયું, અતિ અંધારૂં ભાસ્યુંરે;
નાથે પછી નિજ નેત્રવડે ત્યહાં, અતિ ઉજ્વાળું વિકાશુંરે. કી. ૧૪
નીરમાં નારાયણે ઝંપલાવ્યું, પાતાલ પર્યંત આવ્યારે;
નીચે જઇ દંષ્ટ્રાગ્રે ઉઠાવી, અવનીને ઉંચી લાવ્યારે. કી. ૧૫
એણે સમે પાતાલમાં મળિયા, હિરણ્યાક્ષને નારદરે;
તેથી હરી શુણિ પાછળ દોડ્યો, વાસુદેવને વીશારદરે. કી. ૧૬
વરાહ વપુ હરિનૂં જોઇ હશિયો, ગાળિ દીધી દશ બારરે;
નાથે સહિ પછી અવનિને સ્થાપી, આપનો અરપી આધારરે. કી.૧૭
પછિ હિરણ્યાક્ષ શું હશિ હરિ બોલ્યા, બહુ બડબડ શૂં કરેછેરે;
શૂર હોયતો સાચવજ્યે તૂં, મુજથી હવણાં મરેછેરે. કી. ૧૮
એમ કહિ મારયો એક તમાચો, અભયતા સુરને આપીરે;
હિરણ્યાક્ષ મરયે મહિ સુખિ થઈ ત્યહાં, સૃષ્ટિ હતી ત્યમ સ્થાપીરે.
કી ૧૯
તેણે સમે ત્યહાં જયજય રવ થયો, દેવ સકલ દુઃખ વામ્યારે;
દેવ સ્તુતિ શુણિ યજ્ઞ વરાહ તે, અંતર્હિત ગતી પાંમ્યારે. કી. ૨૦
ભૂમંડળ પંનર કોટીનું, તે તળે આવરણનૂં દશરે;
તેહેમાં શપ્ત વિવર શિંડિ સરખાં, તે ન દબાયાં રહ્યા યશરે. કી. ૨૧
એ રીત્યે ઉપર ભૂમંડળ તેના, ઉપર આવર્ણ ભૂમીરે;
તેમાં વસે મહરાદિતે નાવ્યા, ઉપરિ રહ્યાએ લૂમીરે. કી. ૨૨
શ્વેત વરાહ તણે અવતારે, અવની એ રીત્યે આણીરે;
ભાગવત ભણિ શુણિ અનુભવ કરજ્યો, જન સદ્ગુરૂથી જાંણીરે.કી.૨૩
એમ અશક્ય નથી કાંઇ તમને, અઘટનું ઘટન કરોછોરે;
આજ કૃપણ કિંકરને કાજ્યે, આળસ કાં આચરોછોરે કી. ૨૪
કૃષ્ણ કૃપા કરો કિંકર જાણી, કઈ દિનથી કરગરૂંછુંરે;
કૃષ્ણરામ હું કૃષ્ણ પ્રતીતિ, પામવા અરજી કરૂંછુરે. કી. ૨૫
વિ૦ ૨૨ પા૦ ૧૪

કીર્તન ૩૪૩ મું.

દેશી ફેર.

૨ નૃસિંહ ચરિત્ર.

કીર્તિયો નૃસિંહરાય નાથની કરૂં,
જે કરે અજ્ઞાન તિમિર, પટલને પરૂં. કી૦ ૧
પ્રેમી પ્રહ્લાદજીની વૃત્તિ જ્યહાં વરી,
સ્તંભ થકે નીકળીને આપદા હરી. કી૦ ૨
હૃદય હિરણ્યકશિપુનું, નખથી વિદારયું;
પ્રહ્લાદની પ્રીતિ માટે, કુળને ઉદ્ધારયું. કી૦ ૩
લોક તણા સંકટને, સહજ શમાવ્યું;
રસિકોના હૃદય વિષે, રૂપ રમાવ્યું. કી૦ ૪
શ્રૃતિયો કહે ચરાચરે, જયે રહે વ્યાપી;
વેદ વચન પાળવા, તે પ્રતીતિ આપી. કી૦ ૫
નિર્ભય જયેનાં સ્મરણ, પ્રીછયું પ્રહ્લાદે;
વપુને ન વિઘ્ન અડ્યાં, જેહેને પ્રસાદે. કી૦ ૬
અટ્ટાટ્ટહાસ જેહેના, નાદ સાંભળ્યાં;
દુષ્ટ દૈત્ય દારાઓના, ગર્ભ તે ગળ્યાં. કી૦ ૭
વિકટ વદન જોઈ જે'નુ, શ્રી પણ ધ્રુજ્યાં;
આરાધક અમરોને, સ્તવન ન સુજ્યાં. કી૦ ૮
લોક અભય કરી બેઠા, દૈત્યની ગાદી;
પ્રહ્લાદને આપી તે, કરીને પ્રસાદી. કી૦ ૯
પ્રહ્લાદની પ્રેમ સ્તુતિ, શુણી જયે હરખ્યા;
ત્યારપછી અમર સહુએ, નયને નિરખ્યા. કી૦ ૧૦
નરહરીનો નાદ શુણી, દિગ્ગજ ડોલ્યા;
ભય વિનાના ભક્ત સકલ, જય જય બોલ્યા. કી૦ ૧૧
મુજ ઉપર મેહેર કરો પાપીના પાવન;
કૃષ્ણરામ કિંકરના, નાથ નિભાવન. કી૦ ૧૨

વિ૦ ૩ પા૦ ૧૩

કીર્તન ૩૪૪ મું.

૩ કૂર્મ ચરિત્ર.

ગોડી.

આરતિ કૂર્મ રૂપની કરીયે, દૂર કરે જયે દરીદ્ર દાસનાં;
ચિત્ત તેહેને ચરણે ધરીએ. આ. ૧
દેવને દૈત્ય મેળવવા જેણે, મંત્ર મનનનો ભણાવ્યો;
કરિ એકત્ર અમરને અસુરથી, મંદરાચલને અણાવ્યો. આ. ૨
ક્ષીરસમૂદ્રમાં તેહ ઠરાવિને, વિટયો *વાસુકિ નેત્રે;
+આનને અમર ઉભાતેને કાહાડિ, અસુર ઠરયા તે ક્ષેત્રે. આ. ૩
પુછની તરફ પછિ ઇંદ્રાદિક, રહિ આવર્ત્તન કરતા;
સિંધુ સલિલમાં ગિરિ ગયો બુડિ, દેખીને સહુ થરથરતા. આ. ૪
વિઘ્ન વિલોકિ તે વેળા વિઠલ, તત્ક્ષણ કચ્છપ થઇને;
લક્ષ યોજનના પ્રષ્ટ ઉપરી, ઉંચો આંણ્યો ગિરિ ગ્રહીને. આ. ૫
બળતી પરસ્પર લાગ્યા ખીંચવા, ગિરિ અતિ ડોલવા લાગ્યો;
ઉપરી સહસ્ર ભૂજાયે ધરીને, પડવાનો ધોખો ભાગ્યો. આ. ૬
વાસુકી વદન થકી અતી નીકલે, મહા વિષ ઉલ્વણ જ્વાલા;
તેથી શ્યામ થયા સુરના રિપુ, પ્રથમ હતા જયે રૂપાલા. આ. ૭
કાલકૂટ કલ્મષ પછિ નીકળ્યું, નિજ કરથી તે વલોતે;
રૂદ્ર રૂપે તે કંઠમાં રાખ્યું, સકલ સુરાસુર જોતે. આ. ૮
શ્રીનિકળિ તે રાખિ વક્ષમાં, વિષ્ણુરૂપ થઇ વાહાલે;
બે રૂપે જો બેને ગ્રહે નહિ, તો ઘર સહુનાં એ ઘાલે. આ. ૯
વળતિ સુધાનો કલશ નીકલ્યો, તે લેઈ અસુર ‡પલાયા;
મોહિની થઇ તે સુરને પાયું, દૈત્યને દાખવી માયા. આ. ૧૦
દુરવાસાના શ્રાપબળેથી, સુર થયાતા નિઃશ્રીક;
અમૃત પાઇ સહ શ્રી અવલોકીને, સુરની મીટાવી બીક. આ. ૧૧
અવાપ્રી જયેહેના શ્વાસો શ્વાસનેં, જણુવે જલનીધી વાહાડી;
નિત્યે ભરણ ચઢે ને ઉતરે, જોજયો ન માંનો તો ખાડી. આ. ૧૨

---

* વાસુકિ નાગરૂપિ દોરડે. + મુખભણિ. ‡ નાઠા.

એ રીત્યે તમે સહાય સેવકના, પતિત પાવન ચક્રપાંણી;
કૃષ્ણરામને કૃષ્ણ કૃપા કરો, જન પોતાનો જાંણી. આ ૧૩

સંવત ૧૮૭૩ ચૈત્ર વદી ૧ બુધ.
વી૦ ૧૭ પા૦ ૧૧.

કીર્તન ૩૪૫ મું.

આરતિની ચાલ.

૪ મચ્છ ચરિત્ર.

જય જય મચ્છસ્વરૂપી, નારાયણ પોતે, નારાયણ પોતે.
આશ્રિતનાં આભ્યંતર, જે નિત્ય ‡ઉદ્યોતે. જય. ૧
જેણે સત્યવ્રતને દેખાડી માયા, દેખાડી માયા;
અકાલ પ્રલયાર્ણવમાં, ધરિ અકળિત કાયા. જય. ૨
નૌ કીધી પૃથ્વિમય, *વાસુકિને †દાંમ (૨);
બીજ સર્વ ઔષધિના, મેળવ્યાં તે ઠાંમ. જય. ૩
સપ્તરૂષીની તનુથી, ઉજવાળું કીધું;
નિજ શ્રંગે નૌ બાંધી, એમ દરશન દીધું. જય. ૪
પ્રથમ વિરંચી મુખથી, વેદગયા નિકળી; (૨)
તેને સમીપે દૈત્યે, લીધા તરત ગળી. જય. ૫
તેણે પણ ત્યમ માયા, દેખી જલે વસ્યો; (૨)
મચ્છ સ્વરૂપી હરિને, જોઇ ગ્રસવાને ધસ્યો. જય. ૬
અનાયાસથી તેહેને, સંહારણ કરીને; (૨)
વિધિને વેદ સમર્પ્યા, દૈત્ય થકે હરિને. જય. ૭
સત્યવ્રતને શીખવી, જ્ઞાન તણી શિક્ષા; (૨)
જેથી આત્મ રતીને, ઉપજી અન્વિક્ષા. જય. ૮
તેહેનું મચ્છપુરાણ, ત્યમનું ત્યમ સાધ્યું; (૨)
મામા વિલય કરી પણ, જ્ઞાન ન તે બાધ્યું. જય. ૯
સત્ય વ્રતની સ્તુતિને, શુણિને કરી અંગી. (૨)
મન્વંતર પદ આપ્યું, રવિસુત કરી રંગી. જય. ૧૦
મજ ઉપર એ રીત્યે, કૃષ્ણ કૃપા કરીએ. (૨)
પ્રતીતિ દેઇ પુરૂષોત્તમ, જન મનમાં ઠરીએ. જય. ૧૧

---

‡ પ્રકાશીત. * વાસુકી નાગ. † દોરડું.

તમે પતિતના પાવન, હું છું પતિત પ્રાણી; (૨)
કૃષ્ણરામને કેશવ, તારો જન જાંણી. જય. ૧૨
વિં૦ ૭ પા૦ ૧૭

કીર્તન ૩૪૬ મું.

દેશીદેર.

૫ વામન ચરિત્ર.

કીર્ત્તિ કરૂં વામનની; શુદ્ધિ ઉપજવા મનની. ધ્રુ. ૧
જ્યે કશ્યપની સ્ત્રી અદીતિ, તેને અસુરોની ભીતિ.
લાગ્યે કીધું પયોવૃત્ત, તેને આપ્યું અભય દત્ત. કી. ૨
તેહેના મંદિરમાંહે તે પ્રગટ્યા, હેવે પ્રજાપતિયે રટ્યા.
ભૂમ્યાદિકે ભેટ આલી, અંસે યજ્ઞોપવિત ઘાલી. કી. ૩
ન્યાહાનાં અંગો અંગ કર પદ, જોઇને હરખ્યા સભાસદ.
વામન રૂપે વેશે, ચાલ્યા બલિના યજ્ઞ દેશે. કી. ૪
પૃષ્ઠે ઓઢ્યું મૃગનું અજીન, કટિ માંજી ને કોપીન.
કર કમંડલુ દંડ, કક્ષે પુસ્તક અખંડ. કી. ૫
શોભે ‡સરોરૂહશ્યાં કટાક્ષ, કંઠે માળ રૂદ્રાક્ષ.
પાદુકા પદે પવિત્ર, શીશે છત્ર વિચિત્ર. કી. ૬
ન્યાહાંને ન્યાહાંને ચરણે ચાલે, તો પણ ભૂમંડલ હાલે.
પોહોચ્યા યજ્ઞની વાટે, ભૃગુ કચ્છને ઘાટે. કી. ૭
ત્યહાં સહુયે કરયું અભ્યુત્થાન, સાહામા આવ્યા યજમાન.
બેસારયા સુવર્ણ પીઠે, દુઃખ ગયા જેને દીઠે. કી. ૮
પાગ પખાળીને તીર્થ કીધું, અલક માર્જન કીધું.
પછી પ્રક્રમીને પાગ લાગો, બલિયે કહ્યું કાંઇક માંગો. કી. ૯
ત્યાહારે ધરણી માગી ત્રણ્ય ડગલાં, તે પણ માહારા ભરૂં પગલાં.
વળી બલી કહે માંગો બીજું, સ્વલ્પ યાચે હું ન રીઝું. કી. ૧૦
ત્યાહારે હરિ કહે તોષ ત્રૂટે; અતિ લોભે આશા લૂટે.
પ્રયોજન માત્ર લેવાય, લોભે બ્રહ્મતેજ જાય. કી. ૧૧
પછી બલી કહે એટલું અસ્તુ, લ્યોને જોઇયે તેટલી વસ્તુ.
બોલ્યા ભૃગુ જોઈ વાંમન વપુ, એ છે અસુરના રીપુ. કી. ૧૨

---

‡ કમલ જેવાં.

એતો વિષ્ણુ શ્રીવામન દેવ, એમની સુરેં કરી સેવ.
એતો લેશે તારૂં સર્વસ્વ, પછી જીવીશ ક્યમ નિઃસ્વ. કી. ૧૩
ત્યારે બલીરાય કહે ગુરૂનેં, એહેવા કૃષ્ણ કલ્પતરૂનેં.
અશક્ય શું હોય સ્વાંમી, માટે આપુ શિરનાંમી. કી. ૧૪
એહેવું બ્રાહ્મણ થકે શું મોટું, જેહેને માટે બોલું ખોટું.
અનિત્ય આ સર્વ ચીજો, તેથી બ્રાહ્મણ કાં ન રીઝો. કી. ૧૫
એમ કહી કરેં આપ્યું જલ, દેવ જય બોલ્યા સકલ.
કીધી પૂષ્પો તણી વેગે વૃષ્ટી, થઈ બલિની દિવ્ય દ્રષ્ટી. કી. ૧૬
તેણેં વામન વિશ્વરૂપી દેખ્યા, પૂર્ણ ઓત પ્રોત પેખ્યા.
જેનો થઇ સક્યો નહિ નિરણે, ચર્ણ પોહોતો જલાવર્ણેં. કી ૧૭
ત્યહાંથી ધુઃસરિત વેગે આવી, વિધિયેં પાત્રે ઠરાવી.
પદ આંચ્યે પૂજન કીધાં, અમરે ઓવારણા લીધાં. કી. ૧૮
તે જલ મેરૂએ આવીને દોડયું, દક્ષિણ હિમાચળે પોહોડયું.
તે શિવે લેઈ લટે ઉતારયું, કારય ભગિરથનું સારયું. કી. ૧૯
એમ ભગવચ્ચરણોદકી ઉતરયાં, જેણિયે પાપી પાવન કરયાં.
ભૂમીમાં રૂપેં એ મુક્તિ, જેની વિરલા જાણે યુક્તિ. કી. ૨૦
હરિયે બે પગલાંમાં સર્વ લીધું, ત્રીજું બલિ શિરેં દીધું.
બાંધતાં પોતે બંધાયા, દાસના દાસ કેહેવાયા. કી. ૨૧
નમ્યાં વિરંચિ વિંધ્યાવળી બલિ, પ્રહ્લાદાદિ નમ્યાં લળી.
જય જયરવ અતી ઉઠ્યા, બલિનેં ત્રિવિક્રમ ત્રૂઠ્યા. કી. ૨૨
આજ કાં આલસ આંણી, ભજનેં જડ જન જાંણી.
કૃષ્ણ કૃપા શિઘ્ર કરીયે, માહારો વેગેં કર ધરિયે. કી. ૨૩
પેહેલાં પકવ પ્રતીતિ દીજે, જેથી હૃદય માહારૂં રીઝે.
પતિત પાવન પાળો નાંમનેં, કરે ગ્રહી કૃષ્ણરામનેં. કી. ૨૪
વી૦ ૧૩ પા. ૨

કીર્તન ૩૪૭ મું.

દેશી ફેર.

૬ પરશુરામ ચરિત્ર.

કીર્તિયો કરિયે ભાર્ગવ રામનીરે, જ્યેથી ભવ ભય ભાગે દૂર;
જ્યારે બ્રાહ્મણના અપમાનનેરે, કરવા લાગ્યા ક્ષત્રી અસૂર. કી. ૧

ત્યારે જમદગ્ની રૂષીને ગૃહેરે, પ્રગટ્યા આપે અકલ ચરિત્ર;
જમદગ્નીનિ પત્નિ રેણુકારે, તેની કરવા કુક્ષિ પવિત્ર. કી. ૨
એક સમે હૈહયના ગોત્રનોરે, શશી વંશી જયે સહસ્રાર્જુન;
દત્તાત્રેય હરીને સેવિનેરે, માગ્યો વર માને જયમ મંન. કી. ૩
સહસ્ર ભુજા મુજને હોયે મહા બલીરે, એક અચુત પુત્રોનું વૃંદ.
આજ્ઞાભંગ આ અવની તલેરે, ગાત્ર નિરોગી અભયાનંદ. કી. ૪
દિતિજ દનુંજ ક્ષત્રીને દેવતારે, ઉરગાદિકથી ન મરૂં આપ;
સકલ વિષય સિદ્ધિ ઘરમાં વસેરે, રાજ તેજનો પ્રૌઢ પ્રતાપ. કી. ૫
દત્તાત્રેય કહે સઘળુ હશેરે, તે સહુ સુખ સાગર તું ક્રીડ્ય;
પણ તે તાવત રેહેશે જયહાં લગીરે, ગૌબ્રાહ્મણને ન કરે પીડ્ય.
કી. ૬

એમ શુણી તે અતુલ બળિયો થયોરે, કરતો સકલ ભૂમિનું રાજ્ય;
રેવા જલ રોકયું ભુજ સહસ્રથીરે, રાવણ સરખો આવ્યો વાજ્ય. કી. ૭
એહેવો અખંડ મહીમા અનુભવેરે, એકવાર એહ ગયો વનમાંહ;
મહતિ સેનાસહ કોય કારણેરે, પોહોચ્યો જમદગ્ની વસે જયાંહ. કી. ૮
આવ્યો શુંણીને બોલ્યાં રેણુકારે, એહેની સ્વાગત કરો રૂષીરાય;
એની સાથ્યે સગપણ આપણેરે, આવ્યો જમ્યા વિના ન જવાય.
કી. ૯

ત્યારે મુનિ કહે મરજી આપનીરે', બાકી એ કરવું અઘટીત;
એ છે ઉન્મત્ત રાજ્ય તણે મદેરે, માટે આદરશે એ અનીત. કી. ૧૦
સ્રી કહે એમ કરશે શુ નૃપ થઇરે, એ ગૌબ્રાહ્મણનો પ્રતિપાલ;
એમ કહી આમંત્રણ નૃપને કરયુંરે, સેન સહિત આવ્યો તતકાલ.
કી. ૧૧

ત્યારે કામદુગા ગૌને કહેરે, જમદગ્ની મન માંની વાત;
સહુને આપ્ય ચતુર્વિધ અન્નનેરે, તું છે વિશ્વ સકલની માત. કી. ૧૨
કેહેતાં ભોજન આપ્યું સર્વનેરે, મન માન્યાં પૂરીને પાત્ર;
સર્વ પ્રકારે સહુને પોખિયારે, અતિ આશ્ચર્ય થયાં જન માત્ર. કી. ૧૩
રાય વિચારે આવડું કયહાં થકુંરે, ભિક્ષુક બ્રાહ્મણ પાસે ધંન;
હું નૃપ પણ આવડું મજને નહિરે, લેવા શોધી પઠાવ્યા જંન.
કી. ૧૪

કામદુગા ગૌ રત્ન લહી નૃપેરે, તે બિન આજ્ઞા ગ્રહી બલાત;
ચાલ્યો ગૌને લેઈ માહીષ્મતીરે, આક્રંદન કરતી સાક્ષાત. કી. ૧૫

વત્સવતી તે વાસ્ત્રાવિલપતીરે, એવું શુંણી તે પરશુંરામ;
ધાયા અજીન ઓઢીને *એણુનુંરે, સાચવવા ગોપાલક નાંમ. કી. ૧૬
કપરો કુઠાર કરમાં સાહિનેરે, અક્ષય ઇષુધી ચાપ અભંગ;
ભાર્ગવ બ્રહ્મચારીના વેષથીરે, અતિ અનુપમ તેજસ્વી અંગ. કી.૧૭
ધરતાં અંધ્રિ ધરણી ધ્રુજતીરે, કોપીત ભૃકુટી જ્યમ કોદંડ;
કોટી રવી શી ધરી કટાક્ષનેરે, †રવથી કંપ્યા દિગ્ગજ ગંડ. કી. ૧૮
માહિષ્મતિના પતિથી બોલિયારે, ચાલ્યો જાયે શું ગૌના ચોર;
ગૌ બ્રાહ્મણ પાલક થઈ દ્રોહો કરેરે, જડમતિ જોઉંછું તાહારૂં જોર.
કી. ૧૯
વેદ વદે મુખ હરિનું વિપ્રનેરે, ગૌ બ્રાહ્મણના પ્રભુ પ્રતિપાળ;
એ સાથે કાં અવજ્ઞા આદરીરે, કિતપ જાણ્ય આંવ્યો તુજ કાળ.કી.૨૦
એહેવું શુણી અવનીપતિ કોપીયોરે, સેન સહિત આદરિયું યુદ્ધ;
એક ઉપર અનેક આવી પડ્યારે, ત્યારે રામે ધરચાં આયુદ્ધ. કી.૨૧
આ યોધન ભૂમીમાં એકલારે, બહુ વિધના વરસાવે બાણુ;
કર કાપ્યાં હૈહયના કુઠારથીરે, કીધું કટકનું કચરઘાંણ. કી. ૨૨
સહસ્રાર્જુનનુ શિર પણ કાપીયુંરે, એ જોઈ નાઠા પુત્ર અયુત;
કામદુઘા લીધી રામે કરેરે, એહેવું કાર્ય કરી અદ્ભૂત. કી. ૨૩
સૂંપી તાત માતને તે જઇરે, પ્રિછયો પિતાયે પુત્ર પ્રતાપ;
બોલ્યા આ શું અઘટિત આદરયુંરે, પૃથ્વી પ્રદક્ષણાથી તરચ પાપ.
કી. ૨૪
એ આજ્ઞા માંની અવની ફરયાંરે, એક વર્શમાં આવ્યા ઘેરચ;
નિષ્પાપી પણ કીધી નિઃકૃતીરે, પાછળથી પછી શી થઇ પેરચ. કી.૨૫
એક સમે અર્જુન સુત આવિયારે, લેવા સમિદ ગયા વન રામ;
સૂનું જોઈ શિર જમદગ્નીતણુંરે, વૈરે કાપ્યું હવા હરાંમ. કી. ૨૬
રડતાં રેણુકા ઉર તાડન કરેરે, મુષ્ટી એક વિંશતીવાર;
હાહા રામ કહ્યું તે ત્યહાં શુણ્યુંરે, વેગે આવ્યાં સર્વ કુમાર. કી. ૨૭
આતે અઘટિત કોણે આદરયુંરે, એમ શુંણી બોલ્યા રેણુકા માત;
સુત અર્જુનના શિરને લેઇ ગયારે, નાકેહેતાં પણ કરીને ઘાત.કી ૨૮
એમ શુણીને અશ્રું આવિયાંરે, હાહા તાત કહી રડ્યા બાલ;
રામે સહુને રડતાં રોકિયાંરે, પોહોચ્યા માહીષ્મતિ તતકાલ. કી. ૨૯

* મૃગનું. † શબ્દથી.

અર્જુનસુત સહુના શિર કાપિયાંરે, તેનો કીધો અટંબર એક;
વળતાં વસુધાતલ સઘળે ફરચાંરે, મારચાં અધરમી ક્ષત્રી અનેક.
કી. ૩૦
મુષ્ટી ગણિયો રામે મા તણીરે, અવની ફરીયાં એટલી વાર;
ગૌ બ્રાહ્મણના દ્રોહી મારીયાંરે, ભૂમીનો ઉતારચો ભાર. કી. ૩૧
આશ્રય આવ્યા એટલા ઉગારચાંરે, કેવા ગુપ્ત થયા સ્ત્રિયમાંહ;
રામે તાત તણું શિર આણિયુંરે, કરી સંધાન જીવાડ્યા ત્યાંહ.
કી ૩૨
ક્ષત્રિયના શ્રોણિતના હૃદ કરચાંરે, કુરૂક્ષેત્રમાં કલિમલ હારી.
પ્રાયશ્ચિત્તના યજ્ઞ કરચા પછીરે, મહાયશ વસુધાતલ વિસ્તારી. કી. ૩૩
તાતને રૂષિમંડલમાં રાખિયાંરે, એહેવા અદ્‌ભૂત કીધા કરમ;
મજમાટે આજ કયહાં જઇને વસ્યાંરે, પતિતતણા પાવન તમે પરમ.
કી. ૩૪
હવેતો હેત કરી હાથે ગ્રહોરે, વૃત્તી માહારી કરી વિતૃષ્ણ;
આપો ઉત્તર અરજી અનેકનોરે, કૃષ્ણરામ શું બોલો કૃષ્ણ. કી. ૩૫
વી૦ ૪ પા૦ ૮

કીર્ત્તન ૩૪૮ મું.

દેશી ૧૨.

૭ શ્રી રામ ચરિત્ર.

શ્રી રઘુનાથતણો યશ ગાઇયે, ચિંતન ચરણકમળનું ધ્યાહિયે;
કીર્તન કરીને કૃતારથ થાઇયે. શ્રી. ૧
અસુર ભાર અવનીતલે વાધ્યો, બલવંત ધર્મ સનાતન વાધ્યો;
સંતનો જ્યારે યોગ ન સાધ્યો. શ્રી. ૨
ભૂમી ગઈ ત્યારે બ્રહ્માની પાસે, સૂરભીરૂપે ભરાતી શ્વાસે;
હે બ્રહ્મન્ હવે શી ગતી થાશે. શ્રી. ૩
વદે વિરંચી ધીરજ્ય ધરીયે, ક્ષીરસમુદ્ર અમે સંચરીયે;
કમલાના કાંતને વિનતી કરીયે. શ્રી. ૪
એમ કહિ સુર સઘળા મળિયા, પયોનિધી તણી તીરે પળિયા;
સંસ્તુતિયે સેવ્યા સાંમળિયા. શ્રી. ૫
ધ્યાંને વિરંચી સમજ્યા વાણી, દેવોને તે જણવી તે જાંણી;

કેશવજી જ્યે બોલ્યા કલ્યાણી. શ્રી. ૬
પૂર્વે તમારી હું પીડા જાંણું, જગત અધર્મે જ્યે અકળાણું;
એ અસુરોનો હું અંતજ આંણું. શ્રી. ૭
ત્રિપુરારિયે લઈ કષ્ટ તમારૂં, વર આપતી વેળા રાખ્યું છે બારૂં;
માટે માનવ થઇ હું રાવણ મારૂં. શ્રી. ૮
સુર અવતાર ધરો વાનરમાં, પાસે રેહેજ્યો મુને તે અવસરમાં;
હું પ્રગટીશ દશરથના ઘરમાં. શ્રી. ૯
વ્યૂહ ત્રણય સહિતા હું આવીશ, રામચંદ્ર નિજ નાંમ ધરાવિશ;
બલવંત માહારૂં બિરૂદ બતાવીશ. શ્રી. ૧૦
...હાલક્ષ્મીને જનક ઘર જોડીશ, તે વરવા ત્ર્યંબકધનુ ત્રોડીશ;
... મદ પરશુરામનો મોડીશ. શ્રી. ૧૧
યજ્ઞઘાતી રાક્ષસને મારીશ, પદરજ સ્પર્શે અહલ્યા તારીશ;
તાત તણી આજ્ઞા શિર ધારીશ. શ્રી. ૧૨
સીતા લક્ષ્મણ સહ વન રહીશું, નાસિકા સુર્પણખાના ગ્રહીશું;
ખર દૂષણ ત્રિશરાદીને દહીશું. શ્રી. ૧૩
રાવણ વૈરનું કારણ કાહાડીશ, અવની સુતા અનલે સંતાડીશ;
છાયા જાનકીને સંગે રમાડીશ. શ્રી. ૧૪
માયિક મારિચ મૃગને મારીશ, દાર હારિ રાવણને ધારીશ;
સીતાની શોધ લેવાને સુધારીશ. શ્રી. ૧૫
જટાયુને મારો કરી સ્થાપીશ, કબંધ રાક્ષસના કર કાપીશ;
શબરીના.બદરી જમી વર આપીશ શ્રી. ૧૬
અર્ક અવતર્યો હશે જ્યે દિવસથી, સખ્ય કરીશ હું તે સુગ્રીવથી;
વાલિ વિટલને મારીશ જીવથી. શ્રી. ૧૭
ધરણીતળે જ્યહાંજ્યહાં પદ ધારીશ, ત્યહાંત્યહાં તીર્થ કરી જન તારીશ;
વિષ્ણુ ભક્તિનો માર્ગ વધારીશ. શ્રી. ૧૮
વાયુપુત્રને મુદ્રિકા આલિશ, તે દ્વારા લંકાને બાળીશ;
વાનરોને ઘટે સત્તા ઘાલીશ. શ્રી. ૧૯
સેન સહિત જાશું સિંધુતટ, શરણ વિભિશણને લેઇશ ચટ;
કપી કરે સેતુ રચાવીશ ચટપટ. શ્રી. ૨૦
ઇંદ્રજીત સૂંપીશ લક્ષ્મણને, હું હણીશ ઘટકરણ રાવણને;
લંકાપતી થાપીશ વિભિશણને. શ્રી. ૨૧

જાનકી અગ્નિથી લેઇશ સંગ, મધ્યેથી સેતુને કરશું ભંગ;
આવિ અયોધ્યા વધારીશ રંગ. શ્રી. ૨૨
ભરતાદિકના શોક સમાવિશ, ગુરૂજન સહુને શીશ નમાવીશ;
રાજ્ય રૂડું કરી પ્રજા રમાવીશ. શ્રી. ૨૩
કર્મ ભક્તિ જ્ઞાનાદિ બતાવીશ, અધર્મ માર્ગ સકલને હઠાવીશ,
ત્રેતામાં કૃતયુગ વરતાવિશ. શ્રી. ૨૪
પ્રાણિને તારવા કીર્ત્તિ પ્રકાશિશ, અવધપુરી જન સ્વર્ગ વાશિશ;
સ્વધામ જઈ માહરૂં રૂપ પ્રકાશિશ. શ્રી. ૨૫
એહેવાં વચન સુંણી દેવજ હરખ્યા, પૂષ્પતણી વરસાવી વરખા;
દેવ અવતરચા આજ્ઞા સરખા. શ્રી. ૨૬
ચૈત્ર શુકલ નવમી મધ્યાંને, રામચંદ્ર પ્રગટ્યા નિજ બાને;
ગુણ પ્રગટ્યા તે ગવાયા ગાને. શ્રી. ૨૭
કૃષ્ણરામ કહે કૃષ્ણને ગાતાં, ચિંતન વાધે નિત્ય ચઢિયાતાં;
મરણાદિક નાસે મદમાતાં. શ્રી. ૨૮

વી૦ ૬ પા૦ ૫

કીર્ત્તન ૩૪૯ મું.

દેશી ઢેર.

૮ શ્રી કૃષ્ણ ચરિત્ર.

આજ વધાઈ અનૂપમ મંગળ, ભૂતળ પ્રગટ્યા શ્રીભુવનેશ;
પૂરણ બ્રહ્મ સ્વયં પુરૂશોત્તમ, રમા રમણ જયે છે રૂષિકેશ. આ. ૧
પૂર્ણેંદુ જ્યમ પ્રાચિયે પ્રગટે, દેવકસુતાથી એમ એ દેવ;
ઉદયું ધામ વિષે ઉજ્જુવાલું, એહેવાં અંગોઅંગ અવેવ. આ ૨
અવલોકયા વસુદેવે અદ્ભુત, અર્ભક અંબુજ નેત્ર વિશાળ;
ચાર ભુજાયે શંખ સુદરશન, ગદા ધનુષ શારિંગ કરાલ આ. ૩
શ્રીવત્સ વક્ષ કંઠ કૌસ્તુભમણિ, પીતાંબર પરિધાન પવિત્ર;
જલપૂરિત જ્યમ જલદનિ શોભા, વપુની શોભા એમ વિચિત્ર. આ. ૪
મણિમય રચિત કિરીટ મસ્તકે, મકરાકૃત કુંડલ છે કાંન;
તેની કાંન્તિથી અલક પીવળા, ગંડ ઉપરી સ્યામલવાંન. આ. ૫
કટિ કિંકિણી ઘુઘરૂ રવ ગર્જીત, બાહુએ બાજુબંધ જડાવ;

કડાં પૂહુચિયો પરમ અનૂપમ, વસુદેવને જોઈ ઉપનો ભાવ. આ. ૬
મનસંકલ્પ વડે વસુદેવે, ગૌ દશ સહસ્રનું કીધું દાન;
જય જય શબ્દ જગતૂમાં જાગ્યો, ગુણિ જન ગાવા લાગ્યા ગાંન.
આ. ૭
દિશાઓ નિર્મળ ને નિર્મળ નભ, નિર્મળ યમુનાદિકનાં નીર;
નિર્મળ જનનાં નિર્ભય મન થયાં, નિર્મળ પ્રગટ્યા શ્યામ શરીર.
આ. ૮
દેવ દુંદુભિ દિવિયે વાજ્યાં, કુસુમ ગંધ વરસ્યા ભરપૂર;
નૃત્ય કરે નર્ત્તકિયો સુરની, ઉછળી ઉછળી ઉઠે અસૂર. આ ૯
મંદ મંદ ગરજે સહુ સાગર, ઝીણિ ઝીણિ બુંદે વરસે મેહ;
અગ્નિહોત્રના ઘરના અગ્નિ, દિવ્ય થયા જાણ્યે પ્રગટ્યા દેહ. આ. ૧૦
સૂકાં દ્રુમ તે થયાં સપલ્લવ, અવનીનેં ઉપજ્યા અંકૂર;
અમરોને આણંદ ઉપનો, દુઃખ ત્રિવિધનાં ભાગ્યાં દૂર. આ. ૧૧
શ્રાવણ માસની અસિત અષ્ટમી, વાસર સૌમ્ય રોહિણિ રૂક્ષ;
સિંહ સ્થિત સવિતા વૃષ લગ્નેં, અર્ધનિશી હવા સમક્ષ્ય આ. ૧૨
એહેવા આંખ્ય આગળ મુંને આવો, હૃદયે સદા રહો રૂપ રસાલ;
કિંકર માંનિને કૃષ્ણરામની, પક્ષ કરીને કરો પ્રતિપાલ. આ. ૧૩
વી. ૨૨ પા. ૯

કીર્તન ૩૫૦ મું.

નંદરાણિયે નિરખ્યા નંદન, યશોદા ઝટ દેઈ જાગ્યાંરે;
અનુપમ અરભકનેં અવલોકી, જય જય કેહેવા લાગ્યાંરે. નં. ૧
જય જયરવ શુંણિ નંદજી જાગ્યા, આનંદ ઉર અતી વાધ્યોરે;
શું જાંણું આ શા શા સુકૃતથી, સુખસાગર ઘેરય સાધ્યોરે. નં. ૨
ગોકુળ ગામમાં મંગળ ઘરઘર, જાંણ્ય થઈ સહુ જનનેરે;
મહા મંગળ વાધ્યું સહુને મન, જ્યમ મળે મણિ નિર્ધનનેરે નં. ૩
બારણે મુક્તા તોરણ બાંધ્યાં, ચિત્રેં સદન ચીતરીયાંરે;
નવરંગે ગૌ વત્સને રંગ્યાં, અબળાયે આભરણ ધરીયાંરે. નં. ૪
વિવિધ વસ્ત્રથી વપુનેં સુમારી, ગોપ ગોપિકા દોડેરે;
અરભકને ઓવારણાં લેઈનેં, કૃષ્ણને સહુ કર જોડેરે. નં. ૫
અમ અનાથ જનનું પરિરક્ષણ, કુંઅર સદા તું કરજ્યેરે;

ગોપીજન કહે ગોકુળપતી તું, વૃત્તિ અમારિને વરજ્યેંરે. નં. ૬
એમ કહી જન ભેટ્યજ અરપેં, ગાંન ગાવતાં નાંચેરે;
છાંટે પરસ્પર દહિને હલદિ, રૂપ જોઈ જોઇ રાચેરે. નં. ૭
માંહોમાંહિ કરતાં મહોત્સવ, નંદ મેહેલે સહુ મળિયાંરે;
નંદજી સહુનેં આપે વધાઈ, વચન સકળનાં ફળિયાંરે. નં. ૮
અવની સૂર આશિશ વદે સહુ, લ્યે મન ગમતાં દાંનરે;
વરષનિ પેરચેં નંદજી વરસે, સહુને કરે સન્માનરે. નં. ૯
દેવ દુંદુભિ દિવિયે વાજે, નારદ વાહે વીણારે;
નર્ત્તકિયો નર્ત્તન કરિ ગાતી, સ્વર આલાપી ઝીણારે. નં. ૧૦
વિમાન પંક્તિથી કુસુમજ વરસેં, વળિ ચંદન વરસાવેરે;
દેવ સકળ દરશનનેં કારણ, અહિર બની બની આવેરે. નં. ૧૧
ગોકુળ ગામમાં ઘર ઘર મંગળ, શ્રીયે કરચો ત્યાં વાસરે;
વૈકુંઠથી શોભા થઇ વધતી, પુરૂષોત્તમને પાસરે. નં. ૧૨
શું વરણું વરણી ન સકાયે, મહિમા જેનો અનંતરે;
વ્રંદાવનવાસી સચરાચર, સહુ કેહેવાણા સંતરે. નં. ૧૩
કિંચિત્કરૂણા નજર કરીને, ઉર ઐશ્વર્ય ઉઘાડોરે;
કૃષ્ણચંદ્ર હવે કૃષ્ણરામને, બુદ્ધિ સજીવ સુંઘાડોરે. નં. ૧૪

વી. ૨૨ પા૦ ૧૦

કીર્તન ૩૫૧ મું.

દેશી ફેર.

૯ બૌદ્ધ ચરિત્ર.

બૌદ્ધરૂપ જગન્નાથનીરે, કરૂણા થવાને કાજ,
ગાઇયે કીર્તિયોરે, સાચવે સેવકની સાથનીરે;
લાખેણી જયે લાજ, ગાઇયે કીર્તિયોરે. ૧
પુરૂશોત્તમ પુરીમાં વસેરે, પ્રત્યક્ષ જયેહિની પ્રતીતિ. ગા૦
દિવ્ય જયેનો યશ દિગ્ દસેરે, ભાગે જયે ભવની ભીતરે. ગા૦ ૨
પૂરણ મહિમા પ્રસાદનોરે, વિધિ નિષેધથી પર, ગા૦
માનવની મરીયાદનોરે, લક્ષ નહિ જયહાં લગાર. ગા૦ ૩
માનવ મન કરી જો મળેરે, એકવાર લ્યે દરશાંન. ગા૦

બલવંત કર્મ તેહેના બળેરે, પતિત તે હોય પાવન. ગા૦ ૪
પતિત પાવન જયેહેના બિરૂદનેરે, જાંણે તે વિરલા કોય. ગા૦
દોષ સકલના દરદનેરે, ધ્યાંને કરી જયે ધોય. ગા૦ ૫
આ અવની મહાં આ સમેરે, દ્વજધારી જયે ધાંમ. ગા૦
નાથના પદ પંકજને નમેરે, કર જોડી કૃષ્ણરામ. ગા૦ ૬

વી૦ ૧૧ પા૦ ૨

કીર્તન ૩૫૨ મું.

દેશી ફેર–"શ્રી રઘુનાથ તણો૦" ચાલ.

૧૦ કલ્કિ ચરિત્ર.

કલ્કિ સ્વરૂપની કીર્તિયો કરીયે, જેને પ્રતાપે અધર્મને તરીયે;
વૃત્તિવડે પદ પંકજે ઠરીયે. ક૦ ૧
કલિ અંતે જ્યારે સુકર્મ કટશે, વરણસંકર જન થઈ વટવટશે;
ત્યારે જયે રૂપ ધરીને પ્રગટશે. ક૦ ૨
મારશે જયે મહા મ્લેચ્છ મોટાને, ખુંટી નાંખશે ખલોને ખોટાને;
તારશે ચરણમાં ચિત્ત ચોટાને. ક૦ ૩
અશ્વ અનુપમ ઉપર ચઢશે, ભ્રષ્ટ ભૂપોની સાથે ભટશે;
પ્રેમી જનોની નજરે પડશે. ક૦ ૪
એવડી અવધ્ય કયમ આદરી મોડી, દાસ માટે ઘટે આવવું દોડી;
કૃષ્ણરામ કહે નિત્ય કર જોડી. ક૦ ૫

વી૦ ૧૧ પા૦ ૧

કીર્તન ૩૫૩ મું.

રામાયણનો સાર.

કીર્તિયો શ્રીરઘુનાથની કરીયે, જયે થકી સહજ ભવાંબુધિ તરિયે;
વેદશાસ્ત્ર જેને નિત્યે વિખાણે, ઓલખાય જયે અનુભવ ઓળખાણે.
કી. ૧
યશ જયેહેનો વાલ્મિકિયે ગાયો, વિશ્વ વિશે ભરપૂર ભરાયો;
જેણે દશરથ ઘર તનું ધારી, અવતરતાં બ્રહ્મહત્યા ઉતારી. કી. ૨
ભરત શત્રુહણ લક્ષ્મણ સાથ્યે, ભૂમિનો ભાર ઉતારવા હાથ્યે;
જયેણે રઘુકુળ સરવ વિકાશ્યું, પ્રથ્વીમાં પુત્રનું નામ પ્રકાશ્યું. કી. ૩

જેણે સુર વાનર અવતારચા, રાવણાદિકના ભયના ભારચા;
જયેણે કાકભુશંડીને રમતાં, માયા દેખાડી ભાંખોડિયા ભમતાં. કી. ૪
જયેનું રૂપ રંગીલું જોઇ, સહુ નરનારિ રહ્યાં મન મોહિ;
જયેણે બાલચરિત્ર રમાડી, પૂરણ પ્રિતી સહુને પમાડી. કી. ૫
જેને માત કોશલ્યા રમાડે, જોઇતિ વસ્તુ હાથ્યે જમાડે;
આલિંગન કરિ અંકમાં એહેતી, ભવતારકને ભાંમણા લેતી. કી. ૬
અંબરે રહિને અમર એમ બોલે, કોહોનું ન પુણ્ય કૌશલ્યાને તોલે;
એમ મોટે થતે ઉપવિત આપ્યું, વાહાલપણું સહુને મન વ્યાપ્યું. કી. ૭
વિદ્યા વશીષ્ટ થકે બહુ ભણિયા, જકતગુરૂયે તે ગુરૂ કરિ ગણિયા;
કર પછિ ચાપ સાયકને ધરિયાં, અક્ષય ઇષુધિયે સહુ શરભરિયા.
કી. ૮
કૌશિક સંગ જઇ બે ભ્રાતા, મારચા નિશાચર મદના માતા;
શ્યાપેથી સુંદરિ થઇતિ શલ્યા, ચરણ રજે તે તારિ અહલ્યા. કી. ૯
માંન મહિપ માત્રોનું મોડયું, તરત જનકઘર ત્ર્યંબક ત્રોડયું;
જાનકીયે મનમાં જયે ધરિયા, વળતા તે વસુધા સુતાને વરિયા. કી. ૧૦
ભાર્ગવરામનું ધનુષ ધરિને, સ્વકિય સત્તા તે લીધિ હરીને;
વનગયા તાત વચન સિદ્ધ કરવા, ભૂમીના ભાર અતુલને હરવા. કી. ૧૧
સીતા સહીત લક્ષમણ લેઇ સંગે, રટતા તે રૂષિને રમાડ્યા રંગે;
વાલ્મિકીજી રૂષિના વનમાં, પરણકુટિ બાંધિ નિર્જનમાં. કી. ૧૨
ત્યહાં ભરતાદિક મળવા આવ્યા, તાત તણા સમાચાર શુણાવ્યા;
સ્નાંન કરિ પછિ પિંડજ આપ્યા, દશરથના ભવ ભયને કાપ્યા.
કી. ૧૩
કૈકેઇ માત એકાંતે તેડિ, કરણમાં જ્ઞાન રસાયણ રેડિ;
કૌશલ્યાને સુમિત્રા એ બેના, શિક્ષાથી શોક નિવારચા તેહેના. કી. ૧૪
ભરત શત્રુહણને સમજાવ્યા, ભાષા બંધે ભાવિને ભજાવ્યા;
પાદુકા આપિને પાછા વેળાવ્યા, ભરતાદિક નિજ નગરે આવ્યા.
કી. ૧૫
પોતે પછિ પંચવટિયે પધારચા, મારગે કઇ રાક્ષસને મારચા;
ગૌતમિ ગંગાને તટે વશિયા, રાઘવ ભક્તના રંગના રશીયા. કી. ૧૬
ત્યહાં એક રાવણ ભગની આવી, સુંદરિ થઇને માહા માયાવી;
એ જીવલોચન નરને જાંણી, બોલિ તે મુજને કરો પટરાંણી. કી. ૧૭

રાવણુ વૈર ઉપજાવાને કાજ્યે, અનુજને સાંન કરિ માહારાજ્યે;
લક્ષ્મણે કરણુ નાસિકા કાપ્યા, સૂર્પણખાને સંકટ વ્યાપ્યા. કી. ૧૮
જઇ કહ્યું ત્રિશિરા ખરદૂષણને, તે હણવા આવ્યા લક્ષ્મણને;
ચૌદ અયુત રાક્ષસની સાથ્યે, હરજીયે તેમ્ને હણીયા હાથ્યે. કી. ૧૯
વળતિ સૂર્પણખાં ભરિ શ્વાસે, રડતિ ગઇ રાવણને પાસે;
જઈ કહ્યું રઘુવર વનમાં આવ્યા, સુંદરિ સંગ સીતાને લાવ્યા. કી. ૨૦
તે તુજ કાજ ગઈતિ લેવા, રઘુવર નર બેને દુઃખ દેવા;
જઈ મે જાનકિ નજરે જોયાં, એટલામાં કર્ણ નાસિકા ખોયાં. કી.૨૧
તાહારિ રાંણિયો મે સઘળિ જાંણિ, એ આગળ સહુ આણે પાણિ;
શુ બેઠો વંદલશ્યો વેશે, માંનજે રાજ્ય રાઘવ તાહારૂં લેશે. કી.૨૨
જો હોય મરદ તો ઉદ્યમ કરચને, સીતા સોહાંમણિને તુ હરને;
એમ શુણી રાવણે મારિચ મામો, માયિક મૃગ કરી મોકલ્યો સાહામો.
કી. ૨૩
એહેવી વાત રાઘવજીયે જાંણી, અનળમાં ગુપ્ત કરયાં નિજ રાંણિ;
છાયા જાંનકી કૃત્તિમ કરિયા, તેહેના લોચન મૃગ જોઇ ઠરિયાં. કી. ૨૪
તે કહે રાઘવને આણિ આપો, મૃગ એ માહારે સમીપે સ્થાપો;
એહેની કનક સરિખિ કાયા, તે જોઈ મુજને ઉપજી માયા. કી. ૨૫
રામ કહે એ મૃગ નહિ રાક્ષસ, માઇક ઉપર ધરિયે નહિ રસ;
જાંનકિકહે કહ્યું માહારૂં ન ચાલે, કેહોનેકહુ જે મૃગ આણિઆલે.
કી. ૨૬
માહારાં માતપીતા રહ્યાં દૂરી, સસરે તો ભટકાવ્યા ભૂરિ;
કોણ જનમનિ આ માહારિ કરણી, આત્મારામની સંગે હું પરણી
કી. ૨૭
જાંનકિના એહેવાં વચનોને જાંણિ, રામે અનુજને સુપ્યાં રાંણી;
બાંણ ભરિ મૃગ પાછળ ધાયા, માહા માઇકિને શું કરે માયા. કી. ૨૮
મરતાં માઇક મૃગ રવે ગાજ્યો, લક્ષ્મણ વીર ધરીને ધાજ્યો;
એ રવ શુણિ કહે સીતા સરજી, દોડોને શું બેઠાછો દિયરજી. કી. ૨૯
ભય લાગ્યો ભડકયા તવ ભ્રાતા, લક્ષ્મણ કહે સીતા ધરો શાતા;
માહારા ભાઇને ભય નહિ કોહોનો, શબ્દ એતો માયા મૃગ મોહોનો.
કી. ૩૦
લક્ષ્મણે શીક્ષા કહી જયે સવળી, તે શુંણિ જ્યાંનકિ બોલ્યા અવળિ

શું સકે ભરતે પઠાવ્યા તમને, રામ રંજાડિ હરવા અમને. કી. ૩૧
હું નહિ જીવતી કોય કર આવું, પતિના પેહેલાં પ્રાણ પઠાવું;
એહેવાં ઓછાં વચન શુણિ લક્ષ્મણ, રિસાઈ નિચું જોઈને ગયા રણ.
કી. ૩૨

એટલામાં રાવણ વેશ ધરિને, આવિને જાનકી લીધાં હરીને;
હાહારામ કહીને રડતી, રાવણ અંસેથિ ઉછળિ પડતી. કી. ૩૩
તે સમે જટાયું પક્ષી આવ્યો, પંખોને પ્રાહારે રાવણને હરાવ્યો;
રીસ રાવણને હૃદયે વ્યાપી, પંખિની પાંખો ખડ્ગે કાપી. કી ૩૪
પીડિત પંખી ધરણી ઢળિયો, જાંનકિ લેઇને રાવણ વળિયો;
જાંનકીએ નિચું જોયું ઝાંખી, વાંનરો મધ્યે વિંટીયો નાંખી. કી. ૩૫
રૂષ્યમુક પરવતે વાંનર બેઠા, વાળિના ડરથી ન ઉતરે હેઠા;
રાવણે લંકામાં સીતા પેસારયાં, અશોક બાગને મધ્યે બેસારયાં.
કી. ૩૬

રાઘવે મારિચને મારયો રણ, વાટયે વલ્યા ત્યાંહાં મળિયા લક્ષ્મણ;
કહો સૌમિત્રી તમે શું જાંણી, કયમ આવ્યા મૂકી મમરાણી. કી. ૩૭
કહે લક્ષ્મણ શું કરિયે રાઘવ, જાનકીને વચને લાગ્યો દવ;
કહે રાઘવ ઘટ કરીયે ઘાડું, અબળા માત્ર વચન વદે આડું. કી. ૩૮
વનિતાના વાકય સાંહાંમૂં નવ્ય જોઇયે, આપણો યશ આપણ ન
વગોઇયે;

જો કોય રાક્ષસ હરિને જાશે, તોતો આપણી લાજ લોપાશે. કી. ૩૯
નારિ એ નર માત્રાને બેડિ, તેહેને વન લાવ્યો હું તેડી;
એમ કહી બે જણ વાટયે વળતાં, દિઠા કુટિયે કાક કકળતા. કી. ૪૦
રાઘવે રાંણિને ન દિઠાં જ્યાહારે, આંખ્યો ભરાંણી આંસુને ધારે;
હા સીતે સીતેહા કરતા, નર નાયક નરવત્ આચરતા. કી. ૪૧
જયે છે સચરાચરના વાસી, અબળા અદિઠે થયા તે ઉદાસી;
વિશ્વ વિકાશ્યું જેને બોધે, તે સરવજ્ઞ સીતાને શોધે. કી. ૪૨
આવ્યાં જયહાં જટાયું લડથડિયો, રામ ઉચ્ચરતો નજરે પડિયો;
તેથી સીતાની શોધજ મળિયા, પક્ષીના પ્રાણ તનું તજી પળિયા.
કી. ૪૩

તેહેને આપ તણિ ગતિ આપિ, જન્મ મરણની વિપત્તિ કાપી;
જયેહેને નાંસવડે હોય મૂક્તિ, દરશને હોય તેહેમાં શી અયુક્તિ. કી.૪૪

ત્યહાં થકી રઘુવર આઘા ચાલ્યા, કબંધ રાક્ષસે બાથમાં ઘાલ્યા;
તેહેનો એક એક કર કાપી, નિજ સંગતિથી વિમુક્તિ આપી. કી. ૪૫
વળતાં શબરીને આશ્રમે પોહોતા, જનને કરૂણાદ્રષ્ટિયે જોતાં;
પ્રેમેથી બદરી ફળને પ્રાશી, શબરીને કીધી વૈકુંઠવાશી. કી. ૪૬
રૂષ્યમુક પ્રર્વતપાસ પધારચા, ઉપર બેઠા કપિ તેણે ધારચા;
સુગ્રીવ પાસે ચ્યાર પ્રધાન, નલ નિલ જાંબુવાન હનુમાન કી ૪૭
હનુમંત બટુ થઈ જોવા આવ્યા, ભક્તવત્સલ જાંણિ મન ભાવ્યા;
અંસે બેસારિને ત્યહાં આણ્યાં, જગદીશ્વર તે કપીયે જાંણ્યાં. કી. ૪૮
સખ્ય કરી સુગ્રીવને સુધારચો, વાળી વિટળ વાંનરને મારચો;
સુત વાળિ તણો શરણે આવ્યો, અંગદને યુવરાજ ઠરાવ્યો. કી. ૪૯
સુગ્રીવને નિજ રાજ્ય ઠરાવી, કપિની સેના ભેગી કરાવી;
ચોહોદિશ સીતાની શોધ્ય તલાસે, અષ્ટ વાંનર આવ્યા અંબુધિપાસે.
કી. ૫૦
શોધ ન લાભિ તે ધ્રૂજે છાતિ, ત્યહાં એક ગ્રધ્ર આવ્યો સ્વયંપાતી;
તેણે જટાયુની શુણી વાતો, બધુનું સ્નાંન કરી જળે નાહાતો.
કી. ૫૧
કપિયે રામનિ કીર્તિ શુણાવિ, પાંખો ફરી સ્વયંપાતીને આવી;
તેણે સીતાને દેખાડી લંકા, કપિ ધરે સિંધુ ઉલ્લંઘતાં શંકા. કી. ૫૨
વળતા હનુમત કપિ ઉછળિયા, જાંનકિમાતને બાગમાં મળિયા;
કપિ જોઇ સીતાને શંકા વ્યાપી, હનુમતે રામની મુદ્રિકા આપી.
કી. ૫૩
મુદ્રિકાને જોઈ પ્રણુતિ કીધી, શીશે ધરી ઉર સાથ્યે લીધી;
કપિ કહે ભૂખે હાડ કડકડિયા, મા કહે વીણી જમો ફળ પડિયા;
કી. ૫૪
એટલી મા થકે આજ્ઞા પાંમી, વૃક્ષ સમૂલાં નાંખ્યાં ઉત્થાંમી;
વળતાં પટકિયાં પૃથ્વી સાથ્યે, ત્યહાંથી વીણી ખાધાં ફળ હાથ્યે.
કી. ૫૫
જાણ્ય થયું રાવણને જ્યાહારે, કેટલા યોધ મોકલ્યા વાહારે;
રામનું નાંમ દેઇ કપિ ગાજે, પુત્ર પ્રધાંન સેના કરિ પ્રાજે. કી. ૫૬
વળતી ઇંદ્રજીતે અસ્ત્ર સાધિ, નાગપાશેથી કપિ ગ્રહ્યો બાંધિ;
કપિનું મરણ કારણ તે શું છે, તેલાક્ત વસ્ત્ર વિટિ લીધાં પૂછે. કી. ૫૭

બાંધીને લંકા ફેરવિયો કપિને, સળગાવ્યાં વસ્ત્ર ગયાં તે તપિને;
તે વેળા ઉછળ્યો હનુમત વાનર, લંકામાં લાહ્ય લગાડી ઘરઘર.
કી. ૫૮

હનુમત કેહે છે લંકાપતીને, રામને પાગ નમી સૂપ્ય સતીને;
નહિતર રાજ્ય તાહારૂં રોળાશે, પ્રાણ સહિત કુળનો ક્ષય થાશે.
કી. ૫૯

આ હું આવ્યાનિ જાંણ્ય નિશાંનિ, પાછળ આવશે જાનકી જાની;
એમ કહિ મણિ જાનકીથી લીધો, સાગર લંઘવા ઉછાળો દીધો.
કી. ૬૦

આવિને અષ્ટ તે એકઠા મળિયાં, રામને મળવા વાટચે વળિયા;
તેમણે રાયની બાગજ લૂટી, ખાધાં ખૂશીથી બહુ ફળ ચુંટી. કી. ૬૧

વલતા અષ્ટ વાંનર ગડગડીયા, રામને મણીસુંપી પગે પડિયા;
કપિ કહે લંકામાં સીતા દેખ્યાં, રાક્ષસના ભયથી પીડિત પેખ્યાં.
કી. ૬૨

તે દુઃખ દાવાનળ લેઈ પાસે, લંકામાં, લાહ્ય કરી મે દાસે;
કાહાવ્યું જ્યે વેહેલા મળો તો જીવું, નહિતો વિષ પડશે માહારે પીવું.
કી ૬૩

એમ શુંણી હનુમતથી ગઈ શંકા, સેન ચલાવ્યું દેઈને ડંકા;
કેટલીક જાતીના કીશ પૂંછાળા, ઉડતા ઉપરાઉપરી ઉછાળા. કી.૬૪
કેટલા રૂક્ષને મરકટ માહાલે, અંબરે ઉડતા આગળ ચાલે;
પદ્મ અઢાર સુભટ જ્યહાં મળિયા, સેનાને ભારે શેષ સલ સળિયા.
કી. ૬૫

તે સર્વ સિંધુ કિનારે, આવ્યા, લંકેશના ચોકિદાર ઉઠાવ્યા;
ક્રાધકટાક્ષથી તપિયો સિંધુ, આવિ નમ્યો જ્યહાં અનાથબંધુ. કી. ૬૬
જીવોને ઇશ જણાવવા હેતુ, સ્વામીયે સિંધુ સિરે રચ્યો સેતુ;
લંકાપતિને ખબરચજ આપી, રાવણે વિભિષણ પૂછ્યા બોલાવી.
કી ૬૭

કોહોજી ભ્રાતા હવે શું કરવું, આપ સલ્હા આપો તે આદરવું;
ત્યારે વિભિષણ બોલ્યા વાંણિ, ત્યહાં આવ્યા તે રથાંગવાણિ. કી. ૬૮
જ્યેનિ આજ્ઞા ઉલ્લંઘી ન જાયે, જ્યેનો સંકલ્પ તે ત્યમ થાયે;
જે છે સૃષ્ટિસ્થિતિલયકારી, જ્યેના ગુણ ગાય શ્રીત્રિપુરારિ. કી. ૬૯

જેણે સેતુબંધ રામેશ્વર, સ્થાપ્યા તે હરિને વાહાલા હર;
એમની જાનકી જઇને આલો, ભુજબંધ બાંધીને મળવા ચાલો.
કી. ૭૦

કીધિ અવજ્ઞા બક્ષીશ કરશે, અભય કરાંબુજ મસ્તકે ધરશે;
નહિતર સર્વનો કાળજ ખુટયો, કુણ જાય કાળના કરથી છૂટયો.
કી. ૭૧

એહેવી સરસ શુંણિ શિખામણ, કોપ કરી પછી બોલ્યા રાવણ;
રંક શું રિપુની વરણે સત્તા, જા ઉઠ્ય એમ કહિ મારી લત્તા.
કી. ૭૨

વિભિષણે રાવણને જોઇ રૂઠ્યા, ચ્યાર પ્રધાન સહિત તે ઉઠ્યા;
તે ગયા અશરણ શરણને પાસે, ચરણ શરણ થયા દ્રઢ વિશ્વાસે.
કી. ૭૩

આવો લંકેશ્વર ભલે આવ્યા, રાઘવે આદર કરી બોલાવ્યા;
શરણ આવ્યા તેને અમે વહિયે, તેમ્નુ અનિષ્ટ થાય ન કહિયે.
કી. ૭૪

જે જન છે માહારા વિશ્વાસી, તેની કાળ કરે નહિ હાંસી;
અવગુણ મૂકી અમે ગુણ ગ્રહિયે, પ્રણતપાળ એહેવાંબિરૂદ વહિયે.
કી. ૭૫

એમ કહિ રાઘવે સેન ચલાવ્યું, વાંનરે લંકા નગર હલાવ્યું;
તે જોઇ સંગ્રામે આવ્યો રાવણ, રક્ષોરામને યુદ્ધ હવું દારૂણ. કી. ૭૬

અગણિત સેન રાવણનું માર્યું, રાઘવે રાક્ષસ કુળ સંહાર્યું;
ભાઇ ભત્રિજા ભાંણેજા જમાઈ, તે સહુ મુક્તિની લાભ્યા કમાઇ.
કી. ૭૭

કુંભકરણ રાવણ ઇંદ્રજીત, જયેહ હતા સુરાસુરોથી અજીત;
તે ઇંદ્રજીતને લક્ષ્મણે રોળ્યો, કુંભકરણ રામે રગદોળ્યો. કી. ૭૮

રાવણને પણ હણિયા રામે, દેવ અદેવ હતા જેને નાંમે.
દેવ વિમાનેથી પુષ્પોને વરખે, જય જય રામ કહી મન હરખે.
કી. ૭૯

વિભિષણને સર્વ સૂંપી રિદ્ધિ, સીતાને શ્રીરાઘવજીયે લીધી;
સધરૂં કરવા અગ્નિમાં ઘાલ્યા, અગ્નિએ અસલ હતા તે આલ્યા.
કી. ૮૦

જાનકિ સંગે શોભી જોડી, મધ્યેથી સેતુને નાંખ્યો તોડી;
તે સતી સીતાને સંગે લેઇ, પૂષ્પકે ચઢેયા હુદા ા હેઇ. કી. ૮૧
સર્વે સુભટને લીધા સંગે, રાઘવ આવ્યા અયોધ્યા રંગે,
ભરત શત્રુહણુને તે મનાવ્યા, ખુઠા થયાતા તે ધર્મ બનાવ્યા.
કી. ૮૨
નિષાદ મિત્રને લાંહાંણુજ આપી, રહિયત સરવને પ્રીતિ વ્યાપી;
માતાને નમિયા ઉતરી હેઠા, ગુરૂ આજ્ઞાયે ગાદ્દિયે બેઠા. કી. ૮૩
યજ્ઞ કરયા અશ્વમેધાદિ આપે, નિષ્પાપિ ન લિપાયા પાપે;
ધરમની લીક સકલ વરતાવી, ઉતારયા ભાર અવનીયે આવી. કી. ૮૪
શીક્ષા કહી રામે સભાસદને, પૂષ્પક પોહોચાડયું શ્રીધનદને;
લોકને તારવા યશને વધારયા, પ્રજા સહિત નીજ ધામ પધારયા.
કી. ૮૫
લવકુષ દ્વારા વંશજ રાખ્યો, વાલ્મિકિયે જેહેનો યશ ભાખ્યો;
વેદ વ્યાસે વળિ જે ગાયા, જે'ના ચરિત્ર શુણ્યે ખસે માયા. કી. ૮૬
પતિત પાવન જયેહેની પ્રતીતિ, જ્યેને નામે મિટે ભવભીતી;
જે જન રામ રસાયણ ચાખે, તેને કુણુ પછી રોકી રાખે. કી. ૮૭
કિંકરની પ્રભુ ન જુવે કરણી, કૈ કે તારયા વિલોમાચરણી;
ગૌ બ્રાહ્મણના જયે પ્રભુ પાલક, દુઃખ દરિદ્ર તણા નિહાલક. કી. ૮૮
આનંદરૂપ અભયના દાયક, કોટી કોટી બ્રહ્માંડના નાયક;
આજ કાં આવડી આળસ આંણી, સેવક કાજે સારીંગપાણી. કી. ૮૯
જે અઘટિત ઘટના ના કરતા, તો કાં આજ હિડો ઓસરતા;
પ્રભુ હું કઇ દીનથી પુકારૂં, બાલ્યક જાંણી ઉઘાડીયે બારૂં. કી. ૯૦
મજને ભાવી તે નજરે પાડો, દાસને દીવ્ય પ્રતીતિ દેખાડો;
મુંને તો આશ્રય એક તમારો, અબલ લહિને મુનેં ઉગારો. કી. ૯૧
શું જોશ્યો સાધનના બળને, કિંકર જાણિ ઉઘાડો કળનેં;
આવર્ણનો અંતરપટ ખોલો, કૃષ્ણજી કૃષ્ણરામથી બોલો. કી. ૯૨
સંવત્ અઢારસેહે ચ્યુમોતર, ફાલ્ગુન સિત નવમિ શશિ વાસર;
રામચરિત્ર સંક્ષેપે લખાણું, કૃષ્ણાર્પણ તૂકો થઈ ત્રાંણું. કી. ૯૩

વી૦ ૨૮ પા૦ ૧

કીર્ત્તન ૩૫૪ મું.

રૂક્ષ્મણી સ્વયંવર પ્રારંભ.

શ્રી ગુરૂ ગોવિંદને નમું પાય, ચંચળ મન તેથી સ્થિર થાય;
વાંણિ વિમળ થવા જીંન્હાને, વરણવું રૂકમણિ વિંન્હાને. ૧
પરિક્ષિત પુછે શુકને નમિ, હરિ પરણ્યા કયમ નૃપને દમી;
રાક્ષસવિધિયે રૂકમણિને વરયા, ચાસનપ્રભુજી ચોર કયમ ઠરયા. ૨
આપ્તકામ એમ કરિ †આયાસ, કાં રૂકમણિને વરયા શ્રીનિવાસ;
એઆ આખ્યાન સાંભળવું ચ્યહાઉં, સંશય મિટેતો મનસ્થિર થાઉં. ૩
શુકસ્વામિ કહે સાંભળ્ય ભૂપ, તારિ મતિ ‡અખિલોથી અનૂપ;
તુજદ્વારા કઈ થશે પવિત્ર, એહેવાં પુછયાં તેં કૃષ્ણચરિત્ર. ૪
વૈદર્ભદેશમાં કુંડિનપુર, રાજા ભીષ્મક તેહેનો શૂર,
તેહેને પંચ કુંઅર છે પ્રેષ્ઠ, રૂકમી નામ તે સહુથી જેષ્ટ. ૫
સહુથી ન્યાહાની રૂકમણી સુતા, સર્વ સુંદરીથી અદભુતા;
આપે લક્ષ્મીતણો અવતાર, રૂપ શીલગુણની ભંડાર. ૬
તે વર વરવાલાયક થઇ, તાત પુછેછે તેહેને જઇ.
કહો કુંઅરી તુંને કુણ વર ગમે, જેથી સકલ સંતાપજ શમે. ૭
રળિયામણા કઈ રાજકુમાર, તેહેમાં તું કોહોને સમજે સાર;
પુત્રિ કહે શુણિ તાતનું પ્રશ્ન, હું વર માનું મનથી કૃષ્ણ. ૮
જેહેનું ચરણ શરણ સહુ ચ્યહાય, બ્રહ્માદિક નમે જેહેને પાય;
*અવરનવર કોય એહેના સમો, તમને ગમો કે એહ ન ગમો. ૯
સુતાતણા તે શુણિને વચંન, પ્રજાસહિત નૃપ થયો પ્રસન્ન;
રાણિયો વજીરોને પણ ગમ્યું, કૃષ્ણરામનું ચિત્ત જ્યહાં શમ્યું. ૧૦
વી૦ ૨૧ પા૦ ૧.

કીર્તન ૩૫૫ મું.

દેશી ફેર.

શુકજી કહે શુણો ભૂપતિ, રૂકમણિનાં શુણિ વાકય. જુવોરે.
અખિલોને આનંદ +ઉપનો અતી, હર્ષની વાગી હાક. જુ. ૧
ભીષ્મક કહે માહારૂં ભાગ્ય ફળ્યું, પુત્રિ હું પામ્યો સુપાત્ર; જુ.

---

† પ્રયત્ન. ‡ સર્વ કરતાં. * બીજું. + ઉપજ્યો.

કોણુ જનમનું એ સુકૃત ફળ્યું. યદુપતિ થાશે યામાત્ર. જુ. ૨
વિશ્વકર્માને તેડીને, મંદિર કીધાં તૈયાર. જુ.
રસ કાંચના રેડીને, ચિત્ર કરયાં ચમત્કાર. જુ. ૩
ઉજ્વળ આરસા મેહેલ કરચા, વિધ વિધ બાંધ્યા ‡વિતાંન જુ.
મેહેલમાં મણિના દીપ ધરચા, ઉપજાવ્યાં †ઉદ્યાન. જુ. ૪
કનક કળશ શિખરે પરિ, તોરણે મુક્તામાળ; જુ.
ધ્વજા પતાકાઓ સજ્જ કરી, રંગ બિછરણાં રસાળ. જુ. ૫
અહાં માહારા પ્રભુજી ઉતરશે, યાદવ જાન સમેત; જુ.
રૂષિકેશ્વર રૂકમણિ વરશે, મુજ શું કરશે હેત. જુ. ૬
મંડપ મોટા રચાવિયા, રૂકમણિ સ્વયંવર કાજ્ય; જુ.
*અનુચર રાયે પોહોચાવિયા, રાજા સંગાને રાજ્ય. જુ. ૭
ચૈદ્ય દેશમાં રૂકમી હતો, વર જોવા શિશુપાળ; જુ.
ત્યહાં એક અનુચર થઈને +છતો, વચન કહ્યાં તત્કાળ. જુ. ૮
ત્યહાં તમને રાજાયે તેડાવ્યા, રૂકમણિ સ્વયંવર માટ્ય; જુ.
સાંઢણિ સ્વારોને *ખેડાવ્યા, વેગે પધારોને વાટ્ય. જુ. ૯
એહેવું શુણિને આવિયો, રૂકિમ પિતાને પાશ. જુ.
રાજાયે નિકટ બોલાવિયો, વાર્તા કરીને પ્રકાશ. જુ. ૧૦
યદુપતિને વર જાંણિને, અંગોમાં ઉઠી આગ્ય; જુ.
વળતો વદે છે વાણીને, પિતાજીને નમિ પાગ્ય. જુ. ૧૧
આ શું આચરણ આચરયું, વૃદ્ધપણે ગઈ સાંન; જુ.
કુળ ઉજ્વળ સારૂં કરયું, મહિપોનું ખોયું માંન. જુ. ૧૨
કંસ થકે જ્યે બીહિનારો, [1]ઉચલ્યો અરધી રાત્ય; જુ.
[2]તક્ર તણો તે પીનારો, તેહેની તે શી જોઈ જાત્ય. જુ. ૧૩
નાશિ ગયો જરાસંધથી, [3]રૂગ્ણ થઈને રંક. જુ.
એહેની સાથ્યે સબંધથી, કુળને લાગે કલંક. જુ. ૧૪
મથુરાં મુકીને બેટ વશ્યો, નહિ એહેને ચમર ને છત્ર; .
ક્ષત્રિનો ધર્મ ન એહેને કશ્યો, એ ફરતો સર્વત્ર. જુ. ૧૫
એહેને ન રૂકમણિ આપવી, વર જોવો શિશુપાળ; જુ.
માટે એ વાત ઉથાપવી, શુણિ સહુને પડી ફાળ. જુ. ૧૬

---

‡ સ્થાન. † બગીચા. * નોકરો. + ઉઘાડો. * મોકલ્યા.
૧ નાઠો. ૨ છાશ. ૩ પીડીત.

ભિષ્મકે શુણિ નીચૂં જોયું, દીઠો ન એકે ઢંગ. જુ.
કૃષ્ણરામ કહે મન મોહ્યું, કંન્યાતણું કૃષ્ણ સંગ. જુ. ૧૭

કીર્તન ૩૫૬ મું.

દેશી ફેર.

શુણિ રૂકમીનાં વચન રોષે ભરયાં,
પછિ ભાંખે છે ભીષ્મકરાય,
શુકજી કહે શુણો ભૂપતી;
માહારે મનતો એ વર કંન્યા વરયાં,
પછિ વિધિ નિરમિત તે થાયરે. શુ. ૧
પછિ તુને જયે ગમે તે મુને ગમ્યું,
નથિ બીજુ બોલ્યાનો ચોગ. શુ.
જ્યાહારે વિષ્ણુથી મન તાહારૂં વીરમ્યું,
ત્યાહારે બાકી હશે કાંઇ ભોગ. શુ. ૨
એતો કૃષ્ણ કૃપણુના વત્સલ,
જયેહેને શરણે શમે સંતાપ. શુ.
એથી અધિક દેખે તૂં જયેહેનું બળ;
તેહેને બેટી વરાવોને બાપ. શુ. ૩
એહેવું શુણિને રૂકમીયે મોકલ્યા,
દમ ઘોષને ઘર અનુચર, શુ.
તમે ભારચે ભૂપોને [1]મળ્યા મળ્યા;
વેહેલા આવજ્યો લેઇને વર. શુ. ૪
માહારે મંડળે કૃષ્ણ વિચ્યારિયા;
વર રૂકમણિ સહિતાં શ્રેષ્ટ. શુ.
મેહેતો તે તે સહુને નિવારીયા;
માંની પ્રિતી તમારિ પ્રેષ્ટ. શુ. ૫
માટે સંજ્જ થઇ સહુના સંગથી;
વેહેલા આવજ્યો વેળા ન જાય. શુ.
એહેવો આદર શુણિ અંગો અંગથી;
પછિ રૂકમણિ વ્યાકુળ થાય. શુ. ૬

---

૧ મળી મળી તેડીને.

એહેવે અવસરે હરિભટ આવીયા;
તેહેને રૂકમણિ નમિને પાય. શુ.
પત્રિકા આપીને પોહોચાવીયા;
જાઓ વેગે જયહાં યદુરાય. શુ. ૭
ત્યાહારે હરિભટ કહે નવ્ય હારશ્યો;
માહારિ બેહેની ન ધરશ્યો ડર. શુ.
થશે કામ તમારૂં જ્યે ધારશો;
તમને કૃષ્ણજી વરશે વર. શુ. ૮
વેગે જઇને હું લ્યાવું કૃષ્ણને;
મન નિશ્ચળ રહેજ્યો માત. શુ.
મુંને કેહેવું પડે શુ [1]વિતૃષ્ણને;
એ છે છાનિ કરવાની વાત. શુ. ૯
પછિ પત્રિકા લેઇને પધારિયા;
બાઇયે જોતાંમાં આવ્યું બળ. શુ.
ક્ષણ માત્રમાં બેટે સુધારીયા;
તેહેની કોહોણે ન જાંણી કળ. શુ. ૧૦
પછિ ચાકર લાવ્યા ચ્યાહિને;
જયહાં બેઠા છે બ્રહ્મણ્ય દેવ. શુ.
વિપ્ર જોઇને ઉઠી મળ્યા ધાઇને;
કૃષ્ણરામ એ કૃષ્ણની ટેવ. શુ. ૧૧

કીર્ત્તન ૩૫૭ મું.

દેશી ફેર.

શુક કહે સાંભળ્યરે નરનાયક, હરિયે હરિભટ પૂજ્યા લાયક;
પ્રભુ શિરનાંમીને પુછે, મજ સરખું કહો કારજ્ય શું છે. ૧
મહા મેહેનત કીધી મુજ માટે, ચાલ્યા દિસોછો વેગે વાટે;
કહો કુણ દેશ નગરના વાશી, સુખીયા છો કે કાંઇ ઉદાસિ. ૨
જે બ્રાહ્મણ સંતોષે વર્ત્તે, તે તો ન પડે ફરિને ગર્તે;
જ્યેહ *તપોધન એટલું ધારે, વેદ વચનનો અર્થ વિચ્યારે. ૩
દુર્લભ માંનવદેહેને દાખે, રાગ રોષ રૂદયે નવ્ય રાખે;

---

૧ લોભ વીનાનો. * તપ કરનાર.

કરૂણા આણે કૃપણો ઉપર, શિષ્યને સત્ય બતાવે ઉત્તર. ૪
વાણિવડે ગોવિંદ ગુણગાતા, રટે રૂષિકેશને રંગે રાતા;
જ્ઞાન વિરાગ ભક્તિને ભજતાં, વિષય વાસના વેગે તજતા ૫
તે બ્રાહ્મણનૂં અન્નાછાદન, જેહ ચલાવે કરિ ઉત્પાદન;
વિન માગે જોઇતું જ્યે આપે, તેહેને પુછિ સકાય ન પાપે. ૬
એ બ્રાહ્મણને જ્યે કોઇ નમશે, તેહેને યમકિંકર કયમ દમશે;
એહેની આજ્ઞા જ્યે અનુસરશે, તે પ્રાંણિ ભવસાગર તરશે. ૭
જે દેશોમાં દ્વિજને સંકટ, દેશ ભંગ થાશે તે ચટ ચટ;
જ્યે દ્વિજ તજી શંકરને પૂજે, તેહેને સાધન શુદ્ધ ન સૂઝે. ૮
બ્રાહ્મણ શ્રીધરનું મુખ સારૂ, ભજનારાને હું ચટ તારૂં;
જ્યે બ્રાહ્મણની નિંદા ચ્યહાશે, તેહેના વંશ સમૂળા જાશે. ૯
જ્યે બ્રાહ્મણને દેશે ગાળિ, તેહેના સુક્રત હું નાંખું બાળિ;
જે બ્રાહ્મણનાં અંન્નજ રૂધે, તેહેને યમ બાંધે શિર ઉંધે. ૧૦
માટે તમને જો હોય સંકટ, કેહેતાં માત્ર મિટાવું ચટ પટ;
જ્યે આજ્ઞા કરશો તે માનું, બ્રહ્મણ્ય દેવ અમારે બાંનું. ૧૧
શુણિને પ્રસન્ન થઇ દ્વિજ બોલે, નહિ કોય ત્રિભુવનમાં તુમ તોલે;
તમે તમારૂં બિરૂદ નિભાવો, કૃપણ વત્સલ કેશવજી કહાવો. ૧૨
કુંડિન પુરથિ હું ચટ આવ્યો, રૂક્મણિજીનિ પત્રિ લાવ્યો;
તે વાંચીને ઉત્તર દીજે, કૃષ્ણરામ જ્યમ રૂકિમણિ રીઝે. ૧૩

કીર્તન ૩૫૮ મું.

દેશી ફેર.

શુકજી કહે શુણય પરિક્ષિત રાજા, ખાસા બોલ્યા ક્ષિપ્રરે,
વાંચે પત્રિ વિપ્ર હું શ્રવણે ધરૂંરે,
મોહરવ છોડી મૂકી માઝા, પત્ર ઉકેલ્યું સાચરે,
રૂક્મણિના ઉવાચ ત્યાંહાંથી વાંચે ખરૂંરે. ૧
ત્રિભુવન સુંદર ગુણ ગણ સારા, આપતણા મે જાણ્યાંરે,
નારદે વીખાણ્યા શ્રવણે સાંભલ્યારે,
શુણનારાંનાં શ્રવણ દ્વારા; આપ જઇને અંતરે,
તાપ કરો નિષ્કંત જ્યે મનમાં મળ્યાંરે. ૨
એહેવું શુણિને નિર્લજ માહારૂં, ચરણે ચોટયું ચિત્તરે,

પરોક્ષ વાધી પ્રીત્ય ટાલી નવ્ય ટળેરે,
ગુણ વિદ્યા વયોરૂપ તમારૂં, નિરૂપમ શિલ વિચ્યારીરે,
કુલવંતી કૌમારી તે કેઇ નવ્ય ચળેરે. ૩

નર લોકોના નેત્ર મનોને, ઉપજાવે આનંદરે;
એહેવું રૂપ મુંકુંદ માહારે મન વશ્યુંરે,
યદુપતી જાણુવો સર્વ જનોને, મે વરિયા જ્યે નાથરે,
હરજી પકડો હાથ અમ્યો રાણી થશુંરે. ૪

મનથી દેહ સમર્પ્યો મહારો, તમને ત્રિભુવન રાયરે,
ચૈદ્ય રખે લેઈ જાય પાંમિ લાગનેરે,
અતિ વેગે આવી ઉગારો, નહિતર હાશી ઠરશેરે,
શિયાલુંવાં જો હરશે સિંહના ભાગનેરે. ૫

પૂર્વે મે પુરૂષોત્તમ તમથી, ગુરૂ વિપ્રાર્ચન દ્વારારે,
સેવ્યા હોયે તમારા અંઘ્રી આદરીરે,
યજ્ઞ નિયમ વ્રત દાન જપથી, જો કરિ હોય મે સેવારે,
તો કેશવ કર એહેવા આવો વેગે કરીરે. ૬

કાલ્ય આવશે જાન સઘળિ, હું પણ નીકળીશ બાહારચરે,
કુળદેવી દરબારે પૂજન કારણેરે,
દુર્જન દ્રષ્ટે દેઇ ÷ડગલી, આવતાં મુંજને લેજ્યોરે,
સહુને શિર પગ દેજ્યો નાંખી ‡ધારણેરે. ૭

આજ આવજ્યો એકલા આપે, પછવાડેથી સેનારે,
ભાગ મળ્યા હોય જેહેના તેહેને ત્રાડજ્યોરે,
તવ પદરજ તે કળિમળ કાંપે, શિર લેવિ સહું ધારેરે,
માટે મુજને વાહારે ધાઇને કાહાડજ્યોરે. ૮

જો માહારો કર નહિ ×ધારો તો, પ્રાંણ હું પોતે તજીનેરે,
સો જન્મે પણ ભજીને હું તમને વરૂંરે,
કૃષ્ણરામ કહે ઉગારોતો, કરૂણાથી ઉગરીયેરે,
અન્યોને નવ્ય વરિયે જો મન રાખો નરૂંરે. ૯

÷ પગલા. ‡ માઠા નિદ્રામા. × પકડો.

કીર્તન ૩૫૯ મું.

દેશી ૬ર. "સાંભળજ્યો શાંહણા જન." ચાલ.

એ પરમાંણે સંદેશા તે સાંભળીરે;
કૃષ્ણ કહે છે સાંભળિયે હરિભટજો,
મે પણ શુણિયા રૂકમણિના ગુણ વળિ વળિરે,
તે દિનથી ચિત્ત લાગી છે ચટપટજો;
શુક સ્વામી કહે છે તૂં સાંભળ્ય ભૂપતીરે. ૧
મજને પણ નિંદ્રા નાવે રાત્રી વિષેરે,
જાંણ્યું જ્યે રૂકમીયે વિવાહ વારચોજો;
ડંકો વાગ્યો દ્વેપ તણો તે દસો દીશેરે,
શિશુપાળ વર એહેણું એકલે ધારચોજો. શુ. ૨
હું પણ સહુ રાજાને શિર પગ દેઈનેરે,
કરિ સંગ્રામ હરાવું સહુ ભૂપાળજો;
મમપર [1]અનવધાંગીને હરિ લેઇનેરે,
દ્વારાવતી આવી પરણું તત્કાળજો. શુ. ૩
એમ કહીને વિવાહ રૂક્ષ્ય વિચ્યારિનેરે,
દારૂકને કહે લાવ્ય આપણો રથજો;
તે પણ સૈન્ય બળાહક સુગ્રિવ ધારિનેરે,
મેઘ પુષ્પ એ ચ્યારે અશ્વ સમર્થજો. શુ ૪
એ રથ ઉપર હરિભટને બેસારીયારે,
પોતે પણ બેશીને હાકયો તર્ત્તજો;
એક રાત્રિમાં કુંડિનપુરે પધારિયારે,
અતિ ઉતાવળા મૂકીને *આનર્ત્તજો. શુ. ૫
પોતે પેહેલા આવી ઉતરચા બાગમાંરે,
તે રાત્રે હવે કુંડીનપુરનો રાયજો;
વશ્ય થઇને નિજ પુત્ર તણા અનુરાગમાંરે,
કન્યા દેવા વિધિ લાગ્યા કરવાયજો. શુ ૬
ગંધોદકથી પુર મારગ છંટાવિયારે,
પુર સઘળું ચિત્રાવ્યું વિધ વિધ ચિત્રજો;

[1] શુદ્ધ પ્રેમી. * દેશનુ નાંમ છે.

ચ્યારે વેદના બ્રાહ્મણને બોલાવિયારે,
સંસ્કારેથી કંન્યા કરી પવિત્રજો શુ. ૭
તોરણ બાંધ્યાં મુક્તાફળનાં ઘરો ઘરેરે,
પૂષ્પ માલિકા ગંધ વસ્ત્ર આભરણજો;
અંગે ધારિ નરનારિ નીત્યે ફરેરે,
ઉજ્વળ થઇને બધા નગરની વરણજો. શુ. ૮
પિતૃ દેવ વિપ્રોને વિધિયે અર્ચિનેરે,
ભોજન દેઇને સ્વસ્તી વાંચન કીધીજો;
કન્યા સુંદર મંગળ દ્રવ્યે ચર્ચિનેરે,
તેહેને કાજ્યે દાન બહુ વિધ દીધાંજો શુ. ૯
અગ્નિ માહે આહુતી આપી ઘણીરે,
અથર્વણી આચાર્યે કીધિ શાંતિજો;
કૃષ્ણ નાંમને વરાય દાતું આપણીરે,
કંન્યાને એમ પ્રયોગમાં થઈ ભ્રાંતીજો. શુ ૧૦
શિશુપાલ વર ધારયો તે મુખે નાવિયોરે,
વાંણી વિધિયે એ રીત્યે ઉચ્ચારીજો;
કૃષ્ણરામ તે કૃષ્ણ તણો કેહેવરાવિયોરે,
તેહેને કષ્ટ થકે લ્યે કૃષ્ણ ઉગારિજો. શુ. ૧૧

કીર્તન ૩૬૦ મું.

દેશી ઉપર.

શુકદેવ કહે શુણ્ય રાય, રાજા દમઘોષે પણ એમ કરયુંરે;
નિજ પુત્રને નિર્વિઘ્ન થાય, એ માટે દાનાદિક બહુ આદરયુંરે. ૧
દેશ દેશના તેડયા ભૂપ, શાલ્વ વિદૂરથ જરાસંધનેરે,
આવ્યા અતુલ સેનાથી અનૂપ, સાચવવા શિશુપાળ સંબંધનેરે. ૨
દંત વત્કને પુંડ્રકાદિક, જે રામકૃષ્ણ ઉપર રોષે ભરેરે,
તેમને હઇયે અતી ઘણી *બીક, કૃષ્ણ આવીને રખે કન્યા હરેરે. ૩
મદ ઝરતાં ઘણા માતંગ, સોનાની સાંકળોયે સાંકસ્યારે,
રથ અશ્વ અનૂપમ અંગ, મહિપતિ માત્રોના ત્યહાં મળ્યાંરે. ૪

---

* બીક.

ઘણા પદાતિ બહુ બળવાંન, શસ્ત્રને અસ્ત્ર સજેલા અંગથીરે,
જાવા તત્પર થઈ સહું જાંન, સકલ નૃપાલોના સંગથીરે. ૫
શણગારયો વર શિશુપાલ, ખૂંપ કીરીટ ઉપર ધરયોરે,
ઘોડે બેસારતાં તે કાલ, છીંક થઈ તે શુણિને ડરયોરે. ૬
પણ છાની એ રાખી વાત, જાંણ્યું જયે વેળા જાશે વહિરે,
પછિ ખૂંપતણો થયો પાત, તોહ્યે વિકલોયે ધારયું નહિરે. ૭
પછિ વેગેથી ચાલ્યા વાટ્ય, વનમાં વાંમ હરિણ તે ઉતરયારે,
અતિ સહુ ઉરે પેઠા ઉચ્ચાટ, એ વર કંન્યા નહિ આવે વરયાંરે. ૮
ત્યારે સહુ નૃપતિ થયા સજ્જ, શસ્ત્રને અસ્ત્ર સજીને તે રહેરે,
સંભાળો પોતાના ધ્વજ, માંહોમાંહે મહિપતિ એમ કહેરે. ૯
જાને આવીને જમવી શેવ, તે દિન આ અવસર આવે નહિરે,
પેલા કૃષ્ણને ચોરની ટેવ, એ સકે કંન્યા હરશે સહીરે. ૧૦
ત્યારે થાશે સબળ સંગ્રામ, માટે સાવધાન રેહેજ્યો સહુંરે,
એહવું સાંભળી શ્રીબળરામ, આવ્યા યાદવ સેના લેઇ બહુંરે. ૧૧
એહેવે ભિષ્મકે શુણી જયે જાન, આવી તે બાહારય ઉતરાવીનેરે,
કિધું રૂકમી દ્વારા સનમાન, હરિવર નિજ હૃદયામાં ધરાવીનેરે. ૧૨
તહેની કોહોણે ન જાંણી કળ, ઠીક ઠરાવથી સહુ ઠરયુંરે. ૧૩
લગ્નવેળા આડે ત્રણ્ય યામ, બાકી રહ્યા તે જોઇને રૂકમણિરે;
કૃષ્ણ નાવ્યા જાંણી કૃષ્ણરામ, અરજી કરેછે મન વ્યાકુળ બણિરે. ૧૪

કીર્ત્તન ૩૬૧ મું.

દેશી ઢેર.

શુકજી કહે શુણ્ય રાય, વળતિ રૂકમણિ વ્યાકુળ થાયરે,
કોશું કહ્યું ન જાય, દુઃખ જયે આપણુંરે;
કાં અજી નાવ્યા કૃષ્ણ, હું તે કોહોને પુછું પ્રશ્નરે,
વૃત્તિ માહારી વિતૃષ્ણ, બીજાથી ઘણુંરે. ૧
હરિભટ સકે ન પોહોંચ્યા, કોયે વાટયેં શું સંકોચ્યારે,
વર્ણ સકે નવ્ય રોચ્યા, હરિને માહારારે;
કે મજમાં દોષજ ધારયા, કે હરજી બિરૂદજ હારયારે,
વિઘ્ન જોઈ કે વારયા, મળિ કોય કાયરારે. ૨

કે શતધૃતી મુજને રૂઠ્યા, કે ગિરિજયેશ્વર ન ત્રૂઠ્યારે,
દોષ પુરવના ઉઠયા, કે કઈ કલ્પનારે;
હવે માહારૂં દુઃખ કુંણ જાણે, એમ આંસુ આંખે આંણેરે,
ભારે ભોગ ન માંણે, તરૂણી તલ્પનારે. ૩
એમ મન થઇ જ્યારે ભંગ, એહેવે કુંરકચાડાવાં અંગરે,
તે સમજીને રંગ, †વાધ્યો મન ઘણોરે;
પછિ કૃષ્ણે મોકલ્યા *ઝટ, રૂકમણિ પાસે હરિભટરે,
ચ્યતુરા જોઇ સમજી ચટ, ચેહેરો મુખ તણોરે. ૪
હશિને બાલા બોલિ +ક્ષિપ્ર, પુછી વધાઇ કહે છે વિપ્રરે,
મનોર્થ કરવા ક્ષિપ્ર, આવ્યા કૃષ્ણજીરે;
સત્ય ઠરાવાની સેવ, આવ્યા ત્રીકમજી ‡તતખેવરે,
પાછળથિ બળદેવ આવ્યા, સેના સજીરે. ૫
વિપ્રે વિષ્ણુની કહિ વધાઇ, તેહેના તુલ્ય ન દીઠું કાંઇરે,
સુંદરી શરમાઇ, દ્વિજને પાગ્ય નમીરે;
એહેવે સમાચાર જન લાવ્યા, જયે રામકૃષ્ણ બે આવ્યારે,
ભિષ્મકને તે ભાવ્યા, રહ્યા હૃદયે રમીરે. ૬
એહેવે પ્રહર ચઢયો અર્ક, રાય ભીષ્મક સમજ્યા તર્કરે,
કૃષ્ણજીને મધુપર્ક, કીધું આવીનેરે;
જયે કીધાંતાં સંસ્થાંન, ત્યહાં ઉતારયા ભગવાનરે,
સેન સહિત સન્માન, કીધાં પધરાવિનેરે. ૭
સહુ પ્રજા થઈ છે ખૂશ્ય, પીને ×મુખપંકજ પીયૂષરે,
હરિ હઇયાની હુંશ્ય, પૂરો એમ કહેરે;
આવરલાયક આહાંને, શિશુપાલ તેડાવ્યો શાંનેરે,
કન્યાનું પણ માંને, મન એહેને ગ્રહેરે. ૮
કાંઇ સુકૃત હોય જો શેષ, અમ જન્મોનું જો એષરે,
વર વરજ્યો રૂશિકેષ, કન્યા રૂકમણિનેરે;
કૃષ્ણરામ કહે એમ, સહુ પ્રજા કરે છે પ્રેમરે,
ખાસા કરજ્યો ક્ષેમ, ગરીબ અમને ગણિનેરે. ૯

---

† વધ્યો. * જલદી. + તુરત. ‡ તત્કાળ. × મુખકમળરૂપી અમૃત.

કીર્તન ૩૬૨ મું.

દેશી ફેર.

અંબા ચાલી અંબીકા પૂજવારે, શુકદેવ કહે શુંણુ ભૂપ;
રામા આહાતી [1]રૂદ્રજ રૂઝવારે, મૂખે વાંણિતણુ ગ્રહિ આૂપ. અં. ૧
પરમેશ્વરિના પદને નિહાળતીરે, પ્રભુના પદ પંકજ આહાય;
પદ્મની પદ પલ્લવથી ચાલતીરે, સખિયો છે હઝારો સહાય. અં. ૨
તે સખિયો પણ શસ્ત્ર સજેલિયોરે, શિરે કેશના કશિયા બંધ;
સોનાનિ વેલિ પાછળ જયમ વેલિયોરે, ત્યમ શામાનિ સંગે સંબંધ.
અં. ૩
તે પાછળ રખવાળા રાયનારે, તેને કર ઉદ્યત આયુદ્ધ;
કોટ કરીને નીજ કાયનારે, કિધિ રૂકમણિ સઘળે રૂદ્ધ. અં. ૪
મૃદંગ શંખ પણવ તૂર્ય ભેરીનેરે, વાદ્યક વજાડે વાદિંત્ર;
ગાયક ગાયે સ્વરને પ્રેરિનેરે, ચિત્ શક્તિતણા જયે ચરિંત્ર. અં. ૫
નાના બળિ લેઇને વારાંગનારે, માળા ચંદન વસ્ત્રાભર્ણ;
અંગે ધરી આવિયો કૈ અંગનારે, વળિ દેશ્ર વિદર્ભની વર્ણ. અં. ૬
આગળ સૂત માગધ બંદિજનરે, કરે કંઇક વિધિનાં સ્તોત્ર;
દુંદુંભિ સુરનાં વજાડે ઘન ઘનરે, પડ્યું કાંઇ શુણાય ન ‡શ્રોત્ર.
અં. ૭
દમ ઘોષે તે ડંકા સાંભલ્યારે, જાણ્યૂં કંન્યા નિકળ્યાં બાહારય;
*સુભટ દોડાવ્યા તે આવિ મળ્યારે, ઘણા ગજરથ †પ્યાદા સવાર.
અં. ૮
કંન્યા કોય હરે રખે કામથિરે, માટે આવ્યા તે દેતા દોટ;
રચિયા રૂકમણિજીના ધામથીરે, દેવિ મંદિર સૂધી કોટ. અં. ૯
એહેવી ચોકિથિ ચતુરા સંચરીરે, પદ પંથે પુરથી બાહારય;
હસ્ત પાગ ધોઈ આચમન કરિરે, દેવિ પેઠી દેવી દરબાર. અં. ૧૦
તેહેને વદ્ધ વિપ્ર નારિયો કહેરે, ભવાંનિને કરો નમસ્કાર;
વિશ્વેશ્વર અરધાંગે જયે વહેરે, વાધે વંશ જયેથી પરિવાર. અં. ૧૧

---

૧ હૃદય દુઃખ મટવાનુ. ‡ કાનમાં. * યોદ્ધા. † પગે ચાલનારા.

એ રિત્યે વળિ માતાઓ શીખવેરે, ત્યમ રૂકમણિ કરે ઉપચાર;
નાના બળિ અરપીને વિનવેરે, મુને કૃષ્ણ હુજ્યો ભરતાર. અં. ૧૨
વિપ્ર પત્નિયે આશિકા આપિયોરે, તેહેને શામા ચઢાવે શીશ;
વળતો વિરહ વિષ્ણુનો વ્યાપીયોરે, દિલ ધારતાં દ્વારકાંધીશ. અં. ૧૩
પૂજા કરીને સહુ પાછાં વળેરે, મુખે જપતાં જયજય જગદંબ;
કૃષ્ણરામ કહે કૃષ્ણ ક્યાહારે મળેરે, હવે વેઠયો ન જાય વિલંબ.
અં. ૧૪

કીર્ત્તન ૩૬૩ મું.

દેશી ફેર.

શુકજી કહે શુણ્ય રાય, અંબાએ અંબિકા પૂજ્યાં;
કરતાં પ્રદક્ષિણા પાય, કનકનાં નૂપુર કૂંજ્યા. ૧
નમિને કરયો નમસ્કાર, આશિશો ઉરમાં માંગિ;
કૃષ્ણ હુજ્યો ભરતાર, તુચ્છ પુરૂષને ત્યાગી. ૨
બાલિકા નિકળ્યા બાહારય, સખી નોકર કરે ઝાલી;
સહસા થયો ચમત્કાર, જાંણ્યે જ્યે ‡વિદ્યુત હાલિ. ૩
દેવ માયાના જેવી, મંદોને મોહિનિ કરતી;
દેવ સકલ શિરે દેવી, હરિ વર હૃદયે ધરતી. ૪
પુષ્પ ભરેલી વેણિ, લટે લટે ગૂંથી દક્ષે,
જાંણે ફણીધર ફેણી, લૂંમતી ચંદન વૃક્ષે. ૫
અંકુર પામ્યા ઉરોજ, ચંદન ચર્ચિત હૃદયે;
મદન તણી એ મોજ, શાહાણા સમજે હૃદયે. ૬
અલક ઝડે છે કપોલ, તેથી નેત્રજ શંકે;
કાંચિ કરે છે કલોલ, ધરિ જ્યે કટિને લંકે. ૭
મંદ મંદ ‖મુસક્યાન, બિંબ ફલાધર કાંતિ;
તે વડે શોણાય માંન, દિસે દંતની પાંતિ. ૮
કુંદ કળીશ્યા દંત, અખિલ અવિવરે અડિયા;
ગંડ ઉભય પર્યંત, જાણ્યે જ્યે હિરલા જડીયા. ૯
પાગ ધરયાં નૂપૂર, રત્ન ખચિત તે ઘમકે;
શુણિ તેનો ‡રવ શૂર, ચિત્તે ચટકતા ચમકે. ૧૦

‡ વીજળી. ‖ ઝીણું હસવું. ‡ અવાજ.

રાજહંસની ગત્ય, ચતુરા ચરણે ચાલે;
નિજ છબિ કેરિ છત્ય, કૃષ્ણને ઉરથી આલે. ૧૧
પૂર્ણ પુન્યમનો ચંદ, આનન એહેવું ઉઘાડ્યું;
સહુને ફળવા ફંદ, લાજેથિ નજરે પાડ્યું. ૧૨
ભ્રકુટિ કામ કમાન, કીકિયો વિશિખો સરખી;
ભુલ્યા ભલા ભલા ભાન, નારિના નેત્રને નિરખિ. ૧૩
હય ગજરથના સ્વાર, મૂર્છાઓ લાગી તેહેને;
શિથિલ થયા શિરદાર, ગત્ય રહિ નહિ દેહેને. ૧૪
ચોકી તણી ચતૂરાઇ, બાઇનિ દ્રષ્ટિયે બેઠી;
મહિપ પડ્યા મરદાઈ, પેટે કટારિયો પેઠિ. ૧૫
નર માત્રોનાં નૂર, હાસ દેખાડિ હરાવ્યાં;
શૂરવીરોનાં શૂર, †વિક્ષણથી વિસરાવ્યાં. ૧૬
ચિત્ર લિખેલા જ્યંમ, તસ્મીરો શ્યા સ્તંભ્યા;
જયે ઉભા તે ત્યંમ, વિમોહથિ વિજૃંભ્યા. ૧૭
શસ્ત્ર અસ્ત્રની સાંન, વેગે વહિ ગઇ સહુંની;
ભગવતિયે ભગવાંન, નિરખ્યા છબ જોઈ બહુની. ૧૮
કૃષ્ણ તણું આનંન, નિરખીને નારિયો મોહિ;
મદનાંકિત થઈ મંન, ચોકી રહ્યું નહિ કોઈ. ૧૯
ભગવતિ ને ભગવાન, બેની ભુરકીયો મોટી;
સહુ પંડ્યાં સાંનો સાંન, નરનારી જન કોટી. ૨૦
રૂકમણિ રથપર જાય, એહેવામાં હરિયે હરિયાં;
પ્રેમદા નંમિયાં પાય, કૃષ્ણે તે કર ધરિયાં. ૨૧
જયમ [1]હરિ [2]હરિનો ભાગ, [3]હરિલ્યે શિયાલમાંથી;
ત્યમ પ્રભુ પામી લાગ, તારૂણિ લીધાં ત્યાંથી. ૨૨
સહુ દેખે પણ દોટ્ય, દેઇ સકાય ન કોથી;
આડે કરે કુંણ [4]ઓટ્ય, મથન થયાં છે મોહોથી. ૨૩
કંન્યાને કૃષ્ણજી લેઇ, રૂકમણી રથ બેસારિ;
દોડ્યાં દુદામા દેઈ, માંન મહિપનાં હારિ. ૨૪
પાછળથી બળદેવ, સૈન્ય સજીને ચાલે;
કૃષ્ણરામ એ ટેવ, કૃષ્ણજી [5]જનને ઝાલે. ૨૫

† દ્રષ્ટીથી. ૧ સિંહ. ૨ સિંહનો. ૩ લેઈલ્યે. ૪ આવીને. ૫ ભક્ત.

કીર્તન ૩૬૪ મું.

દેશી ફેર.

શુક કહે શુરુય રાય, વળતિ વળિ મૂર્છાય; બળિયા ઉઠી બેઠા થાય;
કોય પકડો એ નંદના ગોવાળને. ૧
હઇયે લેતા કહે હિક, આપણું જીવિત ધિક;
૬અરિયે આદરિ ૭અલિક. કો. ૨
૮કિંકર આવ્યા ૯આક્રોશે, ત્યારે જાણ્યૂં દમઘોષે;
વળતો વદે ભરિયો રોષે. કો. ૩
એને લાજ નહિ લગારે, કંન્યા હરિ એ ઠગારે;
ડંકા દેઇને નગારે. કો. ૪
પૂર્વે કુડાં કર્મ કીધાં, એણે તસ્કરિને લીધાં;
ગવ્ય ગોપીયોનાં પીધાં. કો. ૫
એણે ગોકુળે ગૌ ચારિ, એતો વસ્ત્ર ગયો હારિ;
નગ્ન નિરખિયો નારિ. કો. ૬
એ પાછળ સેના નુધો, એને સહુ મળિ રૂંધો;
હરે સર્પ થાશે સુધો. કો. ૭
વળતાં વાગ્યાં રણતૂર, સકલ સજ્જ થયા શૂર;
સેના જયમ સિંધુ પૂર. કો. ૮
ચમકે ભાલાના ફલ, ધમકે ગજનિ સાંકળ;
ધમકે ભારે ભૂતળ. કો. ૯
તંગ કરિને તૈયાર, ઘણા ઘોડાને સવાર;
હાથ્યે ધરિયાં હથિઆર. કો. ૧૦
કૈને માંથે છે ÷મોડ, કૈને ચમરોની જોડ્ય;
દોડ્ય ઘે દોડા દોડ્ય. કો. ૧૧
સજી ટોપ ને બક્તર, ધરયાં ચાપ ને શર;
ક્રોધે કરડે અધર કો. ૧૨
કૈને શીશે કીરીટ, વદે મરડીને †મીડ્ય;
કાહાડો યાદવોનું દીટ. કો. ૧૩
ફેરે ફાંકડા શ્યા ઢળકે, છોગાં કલકિના ઝળકે;

---

૬ શત્રૂયે. ૭ અમર્યાદ. ૮ નોકરો. ૯ ઘુમો મારતા. ÷ મુકુટ. † મુછો.

ભાલે નવ ગ્રહાં ચળકે. કો ૧૪
કૈંને મસ્તકે મોલ, કુંડલ લલકે કપોલ;
મુખે તાતા તંબોલ. કો. ૧૫
કંઠે મુક્તાફળના હાર, આગળ દોડે છડિદાર;
કરતા નેકિ પુકાર. કો. ૧૬
વળતિ વાગિ વીરહાક, સહુના ચિત્ત ચઢ્યાં ચાક;
જાણ્યું જયે ગયું નાક. કો. ૧૭
વળતા વદતા તે હોડ્ય, જોડયે ચાલે જોડ્યા જોડ્ય;
રખે લાગવા ઘો ખોડ્ય. કો ૧૮
ક્રોધે આખડીયો તરસે, વર્ષા શસ્ત્રોના વરસે;
એક એકને આકરસે. કો ૧૯
સાંહામા ધાયા હલધર, જયેની સેના છે તર;
યાદવ યોદ્ધા જબર. કો. ૨૦
દેતા સાંહામા સાંહામા માર, પ્રબળ શસ્ત્રોના પ્રહાર;
ભૂમી સહેતી નથી ભાર. કો. ૨૧
જોઇને રૂકમણિ એમ, ચિત્તે ધરતાંતાં વેહેમ;
કૃષ્ણ કહે થાશે ક્ષેમ. કુંણ પકડે એ નંદના ગોવાળને. ૨૨
એટલે બળરામે કળે, કૈંને ખીચી લીધા હળે;
ઉપર મારીયા મુશળે. કું. ૨૩
તેતો પ્રાણ તજી પડિયા, ઘડિ બે ચ્યાર તરફડિયા;
ગયા વિમાનોયે ચઢિયા. કું .૨૪
×શ્રોણિત +સરિતાઓ ચાલી, કીધિ અંબારિયો ખાલી;
÷હલિયે હણિયા મુહાલી. કું. ૨૫
કીધા ગજ રથ ચૂર, અશ્વપદાતિનાં પૂર;
વાધ્યાં યાદવોનાં નૂર. કું. ૨૬
કૈંતો અદમુવા ધાયા, કૈંતો રણમાં રોળાયા;
જાયે રૂધીરે તણાયા. કું. ૨૭
કામી શિશુપાળને કાજ્ય, કૈનાં ધૂળ્ય મળ્યાં રાજ્ય;
દેખિ પડિ પછિ *ભાન્ય. કું. ૨૮
જાંણ્યું જમિશું જમણ, માટે આવ્યાતા કૈં જણ;

× રૂધીરની. + નદીઓ. ÷ બલરામે. * ભ્રાંતિ.

તેતો રોળાયા રણ. કું. ૨૯
કૈંતો નાઠા અધીર, રણમાં પાડતાં +રીર,
પાછા વળિયા પ્રવીર. કું. ૩૦
સમાચાર કહ્યા સંગ, આપણા ÷ભડ થયા ભંગ;
વાધ્યો યાદવોનો રંગ. કું. ૩૧
કૃષ્ણ જાંણ્યા અજીત, કૃષ્ણરામ કરે પ્રીત્ય;
ચરણે ચોહોટાડો ચિત્ત. કું. ૩૨

કીર્તન. ૩૬૫ મું.

દેશી ફેર.

શુક સ્વામિ કહે વાંણિ, ખબરય શિશુપાળે જાંણિ,
અતિ મતિ અકળાંણી, આપની શુણો રાજા;
મુખે શામતા આવી, નેત્ર મીચ્યાં નમાવી,
જાણ્યે પૂંજી ગમાવી, આપની. શુણો રાજા. ૧
કર પૃથ્વીમાં પટકે, વેર હૃદયમાં ખટકે,
મારૂં યાદવોને ઝટકે, જો મળે. શુ.
કહે વૈરી સંહરવા, જાઉં વન તપ કરવા;
વિધિથી વર વરવા. જો ફળે. શુ. ૨
મૂછ બે કરે મરડે, ક્રોધે આંખડી તરડે;
હઇયે હાથ ભચરડે. આપથી શુ.
ગયા યાદવ ગાજી, સેના લેઇને સાજી;
દીલ જાય છે દાઝી, તાપથી શુ. ૩
આતે આમ થયું શું, હવે હાથ્ય રહ્યુ શું;
આપણું માંન ગયું શું, આ સમે શુ.
હવે જીવવું ખોટું, ગયું માંન જયે મોટું;
કુળે કલંક ચોટ્યું, કયમ શમે. શુ. ૪
એટલી ચોકીમાં આવી, દળ માંહરૂં દબાવી;
કયમ કન્યા ઝુંટાવી, એ કાળિયે. શુ.
શું મોંહો લેઈ જવાશે, પૂછયે જવાપ શ્યો થાશે;
ચઢિ કયમ બેસાશે માળિયે. શુ. ૫

+ ધુમ. ÷ મંડળ.

જરાસંધ કહે શુંણીયે, હર્ષ શોક ન ગણીયે;
વાંકા વેહેમ ન ચ્યણિયે, રાયજી. શુ.
દુઃખ આપણુને દીધું, ભક્ષ યાદવે લીધું,
એ સહુ કાળનું કીધું, થાયજી. શુ. ૬
+કાષ્ટકામાનું કરવું, જ્યમ નૃત્ય આદરવું;
એતો ×કુંહુકનું કરવું, જાણવું. શુ.
એમ કાળને હાથ્યે, સચરાચર સાથ્યે;
કશું આપણે માથે, નાંણવું. શુ. ૭
હું પણ ત્રેવીસની સંગ, સત્તર વાર થયો ભંગ;
છેલ્લી વાર રહ્યો રંગ, ન ગાજીયે. શુ.
જ્યાહારે કાળ થશે સાંહાંમો, તો એ કરશે સલામો;
માટે મનડું વીરામો, ન લાજીયે. શુ. ૮
એમ ÷સજિ સહુ બળિયા, દેશ પોતાને પળિયા;
કામ ક્રોધમાં કળિયા, ઘર ગયા. શુ.
કૃષ્ણરામ કહે શ્યો ડર, અમે કૃષ્ણના અનુચર;
કરશો કૃષ્ણ કૃપા કર, જો દયા. શુ. ૯

કીર્ત્તન ૩૬૬ મું.

દેશી ફેર.

શુકદેવ કહે શુણો રાજા, હરિયે હરિ મહિપોનિ માઝા;
એમ રાક્ષસ વિધિયે વિવાહ, શુણિ રૂકિમને ઉઠયો દાહ. ૧
કહે રૂકમણિ માહારી ધન્યા, હરિ કૃષ્ણે તે ન સહુ †અન્યા;
ક્ષત્રિ વંશતો ન કરે એમ, પણ એહેને ન જાતિનો નેમ. ૨
એતો *અહીર ઘર ઉછરીયો, નિત્યે મરકટ સંગે ફરીયો;
એણે ગોપિયોથી કરી ક્રીડા, વનચર એ ન સમજે ‖વીડા. ૩
એહેને અદબીચ ગોપોયે કાહાડયો, એણે કંસને કપટે પછાડયો;
જરાસંધથિ એ ગયો નાશિ, એણે બેટમાં નગરી વાશી. ૪
એહેવા અનેક આદરે અન્યા, એને કોણ વરાવે કન્યા;
માટે વગર બોલાવ્યે આવ્યો, એણે ભૂપતી સાથ ભુલાવ્યો. ૫

+ પુતળી. × મદારી. ÷ તૈયાર થઇ. † અન્યાય. * ગોવાળ.
‖ પીડા.

એણે યાદવે લોપિ *લીક, બળવંતોનિ ન ગણી બીક;
જાનૈયાને તે જોખ્યમ શાંનું, પણ નાક માહારૂ ગયુ માંનુ. ૬
એણે માહારિ હરી જયે ભગની, શુણિ અંગોમાં ઉઠે છે અગની;
એમ કહીને ઉઠયો મન બળતે, પણ ×પાંકે સભા સાંભળતે. ૭
એને પછવાડે હું જઇને, લાવું ગોવાળાને અહીને;
જો ન રૂકમણિ પાછિ લાવું, તો ન કુંડીનપુરમાં આવું. ૮
ત્યારે સભા તણા જન બોલે, કોન રૂકિમ તમારે તોલે;
તમે બોલ્યે તમારે પળશ્યો, કૃષ્ણ જીતીને પાછા વળશ્યો. ૯
એહેવા વચન બોલે જન સરખાં, તેહેને રૂકિમ શુણિને હરખ્યા;
પછિ અક્ષોહિણી ×ચમુ લેઇ, દોડ્યા ડંકા નગારે દેઈ. ૧૦
મરણ આંવ્યાં હશે જેને માંથે, ચાલ્યા +સુભટ તે રૂકિમ સાથ્યે;
રૂકિમ કહે સુભટો ધાઓ, હલધરને જીવતા સાહાબો. ૧૧
બહુ ખાઇને થયા છે મસ્ત, તેહેને દેખાડો આપણા હસ્ત;
હુંતો જઇને કૃષ્ણને ઝાહાલું, કરિ કદ્રુપી સાંગિમાં ઘાલું. ૧૨
એમ કહીને ચમૂને ચલાવી, એતો હલધર સાંહામી આવી;
આપે હરિ સાંહાંમોગયો એક, જ્યમ ॥અહી સાંહાંમોજાય ൪ભેક.૧૩
બોલે કૃષ્ણથી આંખ્ય ઉલાળી, ગર્વ ભરીયો દે હરિને ગાળી;
કહે રૂકમી તું સાંભલ્ય કાળા, ઇહાં નહિ ચાલે તૂજ ચાળા. ૧૪
તુંતે કોણ કન્યા હરનારો, હવે જોને પ્રતાપ હમારો;
તુંને જાંણ્ય પનોતિ બેઠી, નહિતો રૂકમણી ઉતારય હેઠી. ૧૫
જો જીવવું ચ્યાહે તુંજને, તોતું પ્રણામ કરયને મુજને;
અમને [1]ચોળિવાળા શું દાખ્યા, એમ કહિ હરિ ઉભા રાખ્યા. ૧૬
વાકય વિશિખે મનડું વિધું, કરે કૃષ્ણે [2]કોદંડ લીધું;
હશીને બોલ્યા સાંમળીયા, અમે જાણ્યા ન તમને બળીયા. ૧૭
અમે લીધિ અમારી રમાને, જ્યમ શૂલપાણિ લ્યે ઉમાને;
જાંણિ સુંદરી રત્નજ સારિ, હરીલીધિ હતી જયે હમારી. ૧૮
અમે અનિતીને નથી કીધી, સહુ દેખતાં સુંદરી લીધિ;
જો એ શિશુપાળની હોય નારી, તો કાં પાછો વળી જાય હારિ. ૧૯
એવું મનમાં વિચ્યારોને રાંણા, શાંને પાછળ આવો તણાણા;

---

* મર્યાદા. × બોલ્યો. × સેના. + યોદ્ધા. ॥ સર્પ. ൪ દેડકો.
1 ચોળી પેહેરનારા બાયલા. 2 ધનુષ્ય.

કંન્યાદાન તણો પરીકર, આપીં અમને જાંણીને વર. ૨૦
એ વાતે જો ઉલટું જોસ્યો, આપે આપના યશને વગોસ્યો;
લક્ષ્ય સમજ્યા વીના જો લડસ્યો, તમે બાંધતાં બંધન પડશો ૨૧
એહેવી શિક્ષા ન સમજ્યો વગની, શુણિ રૂકમી ઉરે થયો અગની;
પછી રૂકિમયે =ચાપજ લીધું, સંધાન શરોનૂં કીધું. ૨૨
ત્રણ્ય બાંણ મૂકે છે જ્યંમ, કાપ્યા કેશવે ત્યમના ત્યંમ;
ત્યારે અન્ય ધનુષ લ્યે કરે, તે પણ કાપીયું વિશ્વેશ્વરે. ૨૩
જયે જે રૂકમી ધરે હથીઆર, કૃષ્ણ કાપે તે વારંવાર;
કાપ્યા કવચ ટોપના જોડા, રથ ભાગ્યો ને હણિયા ઘોડા. ૨૪
ઉભો રૂકમી તે એકાએક, તોહ્યે તજતો નથી અજી ટેક;
પછી ×અસી ÷ચરમને ઝાલી, આવ્યો કૃષ્ણના સાહામો ચાલી. ૨૫
કૃષ્ણે ખડ્ગ ચરમને કાપ્યાં, એહેનાં શસ્ત્ર સરવને ઉત્થાપ્યાં;
પછિ રૂકમણિનૂં મન કળવા, ધારયું રૂકમીનું રૂકિમને ફળવા. ૨૬
કાહાડયું કેશવે ખડ્ગ કમરથી, જોઇને રૂકમણી ડરપ્યાં ડરથી;
થરથર મન કાયા ધૃજે, ખસ્યો પદર ન ખીચવો સૂઝે. ૨૭
શિરે વેણી થઇ છે વિસ્રસ્ત, બોલ્યા કૃષ્ણ શું જોડીને હસ્ત;
એતો મોટા ભાઈ છે માહારા, ગુણ જાંણે ન એહ તમારા. ૨૮
એહેને મારસ્યો જો જગદીશ, ચઢે કલંક માહારે શિશ;
લોક કેહેશે ભાઇ મરાવી, મન માંન્યાને નીકળી આવી ૨૯
માટે ક્ષમા કરો તજો રીસ, હુંતો ચરણ નમાવું શિશ;
એહેવિ રૂકમણિની શુણિ વાત, કૃષ્ણે કીધિ ન રૂકમીનિ ઘાત. ૩૦
પછિ અસ્ત્રેથી પટીયા પાડિ, મૂડિ રૂકમીનિ મૂછને ડાહાડી;
સાચવિયો જાંણિને સંબંધ, નાંખ્યો સાંગીમાં બાંધીને બંધ. ૩૧
એટલે અવસરે શ્રીબળરામે, સૈન્ય સકળ હણ્યું સંગ્રામે;
પછિ આવ્યા તે માધવ પાસ, બાંધ્યો રૂકમી જોઇ થયું હાસ. ૩૨
કદ્રુપી જોઈ મુખ મોડયો, બાંધ્યો રૂકમીને હલધરે છોડયો;
હલધર કહે સગપણ ન મટે, શાલકને આ કરવું ન ઘટે. ૩૩
ચામાત્ર શું થઇને ક્રૂદ્ધ, રૂકમીને ન કરવું યુદ્ધ;
વળિ રૂકમણિનો જોઇ પ્રેમ, સમઝે તેહેને થાવા ક્ષેમ. ૩૪
સત અસંતનૂ મન કળવા, માંને તેહેને સ્વરૂપને મળવા;

= ધનુષ્ય. × તરવાર. ÷ ઢાલ.

જુંજુંવા કર્મ સહુનાં જણાવા, ભક્તિ વિરક્તિ જ્ઞાન ભણાવા. ૩૫
સર્વને શિખવવા અકામ, શ્રેષ્ટ શિક્ષા વદે બળરામ;
અહંતા મમતાને તજાવા, કૃષ્ણરામને કૃષ્ણ ભજાવા. ૩૬

કીર્ત્તન ૩૬૭ મું.

દેશી ઉપર.

શુકસ્વામિ કહે સાંભળ્ય પરિક્ષિત રાય,
બળદેવ કહે શુંણો રૂકમણીરે;
ભ્રાતાને વિરૂપ કરયું માટે નિંદાય,
ચિત્તમાં નવ્ય ચાહાશો અમ તણીરે. ૧

કોહોને સુખ દુઃખદાતા બીજો નથી જન કોય,
પ્રાંણિ માત્ર પોતાનું કરયું ભોગેરે;
પૂર્વ પાપ પૂણ્યથી દુઃખ સુખ સહુને હોય,
દેશ કાળ પદારથ જન યોગેરે. ૨

વળિ કૃષ્ણ શુંણો કહિ હોય સગાંનો દોષ,
તોહ્યે મારવો ન ઘટે તેહનેરે;
તેતો નિજ દોષે મરયો તેથી ન કરવો રોષ,
એહને દોષે પછી તજવો એહિનેરે. ૩
વળિ વૈદર્ભિ શુંણો ક્ષત્રિયોનો એ ધર્મ,
પ્રજાપતિયેં વિનિર્મ્યોં પાળવોરે;
આવ્યો સમરમ સાંહાંમો તેહેની ન ધરવી શર્મ,
નિજ ભાઇને પણ નિર્દાલવોરે. ૪

વળિ કૃષ્ણ શુંણો મન નિંદા ન ગણિયે કોહોની,
નિજ સ્વાર્થથી નિંદા સહુ કરેરે;
શ્રીમદાંધોને મન પેડિ વિપત્તિ મોહોની,
માટે અજ્ઞ એ અવળું આદરેરે. ૫

રાજ, ભૂમિ, ધન, સૂત, નારી, તેજને માંન,
મન મમતા સહુ તેહેની ગણેરે;
એતો સ્વભાવ સહુનો યાવત હોય અજ્ઞાન,
એનાં માટે મરે કે બિજાને હણેરે. ૬

વળિ રૂક્+ણિ શુંણુજ્યો સહુ જનનું જયે અનિષ્ટ,
મન ઇચ્છે તે હોયે જો સગારે;
તેમને દુઃખ પડે તે માંનવું તેમનું ઇષ્ટ,
જયે ન માંને તેમ્ને દિલ દગારે. ૭
એતો દેહાભિમાંનીના મનમાં મોહ મહાન,
દેવ માયાનો કરચો જાંણિયેરે;
જે હું મ્હારેથી અરિમિત્રાદિક ધ્યાન,
અજ્ઞ સરખું ઉરમાં ન આણિયેરે. ૮
એતો આત્મા વસે છે અખિલ જનોમાં એક,
ઘટ મઠ નભ બે બિંબની રિત્યેરે;
તેને મૂઢ તે માને દેહ અનેકે અનેક,
ચતુરા તમે સમજી લહો ચિત્તેરે. ૯
આતો દિસે અવિદ્યા કલ્પિત એહેમાં દેહ,
દ્રવ્ય પ્રાણ ગુણાત્મક જાંણિયેરે;
શુદ્ધ આત્માને સંસારિ કરે છે એહ,
માટે હું માહારો મન નાંણિયેરે. ૧૦
સ્વત સિદ્ધ સ્વયં જ્યોતી એ આત્મા હોય,
એને યોગ વિયોગ ન કોયથીરે;
જડ દેહાદિકને એ અજુવાલી જોય,
એમાં યોગ ભાસે તે મોહથીરે. ૧૧
દ્રષ્ટિ અલગ પ્રકાશે જ્યમ સવિતાદક રૂપ.
પછિ તે સવિતા તેહેને જુવેરે;
ત્યમ દેહાદિકને આત્મા પ્રકાશે અનૂપ,
એ વિનાનાં તે સઘળાં સુવેરે. ૧૨
જન્માદિક જયે છે ષડવિધ ભાવ વીકાર,
એ ન આત્માને અડકે દેહનારે;
જ્યમ શશી મંડળને ક્ષય વૃદ્ધિ ન લગાર,
કહ્યા દોષ કળાને એહેનારે. ૧૩
એમ અખંડ આત્મા જન્માદિક ત્યાંહાં શ્યાંના,
જ્યમ ઇંદુ અમાંસે નવ્ય મરેરે;

+ નિર્માણ કર્યો.

એતો જન્માદિક તે દેહને ફળતામાં માંન્યા,
માટે આત્મા મરે ન અવતરેરે. ૧૪
જયે ભોક્તા ફળને ભોગ્ય એ ત્રણ્ય પ્રકાર,
જયે સૂતો તે સ્વપ્ને દેખશેરે;
એમ મિથ્યા તથાપિ અજ્ઞ જીવ સંસાર,
પોતાને ત્રિવિધનો પેખશેરે. ૧૫
રાંણિ એહેવું સમજી આત્મ વિમોહ ન શોક,
અજ્ઞાનથી ઉપજ્યો મૂકીયેરે;
મન મનન કરી માઇકને માંનો ફોક,
સ્વસ્થ થઇને શોકે ન સૂકીયેરે. ૧૬
આજ કૃષ્ણચરણનો આશ્રય મલિયો એહ,
પૂર્વ જન્મનાં પૂણ્ય પ્રગટ થયાંરે;
એહેવું શુણિ રૂકમણિના મિટિયા સહુ સંદેહ,
કઇ કલ્પના કલિમલ ગયાંરે. ૧૭
એક કાળે રૂકમીયે શિક્ષા સાંભળી આહાવી,
બળદેવ મુખે કહિ નિર્મળિરે;
રૂકમણિ સમજ્યાં પણ રૂકમીનું ભવ્ય ન ભાવિ,
તેણે બુદ્ધિ ન કૃષ્ણ ભણિ વળિરે. ૧૮
હું તો પાય નમિને પૂછું તમને પ્રશ્ન,
મુંને ક્યાંહાં સૂધી કરગરાવશ્યોરે;
મુંને ક્યાહારે માહારો કેહેશો કૃપા કરી કૃષ્ણ,
કૃષ્ણરામને ચરણે ઠરાવશ્યોરે. ૧૯

કીર્ત્તન ૩૬૮ મું.

દેશી ફેર.

શુકજી કહે શુણ્ય પરિક્ષિત રાજા, શું રૂકિમયે નીચું જોયુંરે;
મૂછ મરડતો તે ગઇ માઝા, માન મહિપનું ખોયુંરે. ૧
કાળિકા લાગી મુખ કાંતીને, અવયશ અધિકો આવ્યોરે;
લોચણ તજતો નથી ભ્રાંતીને, બળદેવે બાંધ્યો છોડાવ્યોરે. ૨
બોલ્યો હતો જયે બળ પાંકીને, પાછું તે મુખમાં પેઠુંરે;
પાછો વળ્યો રૂક્મિ થાકીને, વદન કરીને હેઠુંરે. ૩

લોક કહે એણે હાલા હલાવી, તાત વચન છંડાવીરે;
ઘણા પુરૂષના ઘરને ઘલાવી, રાંણિયો કંઈ રંડાવીરે. ૪
આપે જીવતો પાછો આવ્યે, મુખ એહેનું નવ્ય જોઇયેરે;
હાહા કહિ સહુ શીશ હલાવે, રૂક્મિને કેટલો વગોઇયેરે. ૫
રૂક્મિયે ત્યહાં નવું નગર વસાવ્યું, પેઠો ન કુંડીનપૂરરે;
ભોજકટ તેહેનું નામ ધરાવ્યું, ત્યહાં વસ્યો ઉતરવે નૂરરે ૬
પૌત્ર કૃષ્ણનો જ્યાહારે પરણશે, રૂક્મિનિ પૌત્રિ સાથેરે;
મશ્કરી કરતાં રૂક્મિને હણશે, છોડયો તે હલધર હાથ્યેરે. ૭
કૃષ્ણ રૂકમણિ ને હલધરજી, અક્ષત સેના લેઈરે;
દ્રષ્ટિયે સહુનિ પીડા વારી, ચાલ્યા દ્વારામાં દેઈરે. ૮
ગુણીજન ગાવે નૃત્યકિ નાચે, દેવ દુંદુભિ વાજેરે;
રૂકમણિ સહિતાં જોઈ સહુ રાચે, જયજય સહુ ગાજેરે. ૯
દ્વારિકા નગર સમીપે આવ્યાં, ॥પાંચજન્યને વજાડયોરે;
તે દ્વારા સમાચાર શુણાવ્યા, સ્વર સહુ શ્રવણે પાડયોરે. ૧૦
માધવપુરમાં માધવ ઉતરયા, આવી પ્રજા સહુ મળવારે;
વિધિયે કરી ત્યહાં રૂકમણિને વરયા, સહુના મનોરથ ફળવારે. ૧૧
દેશ દેશના ભૂપ તેડાવ્યા, મંડપ મોટા રચાવ્યારે;
ભૂપતી ભેટ્ય લેઈ સહુ આવ્યાં, મહિમા મોટા મચાવ્યારે. ૧૨
પ્રતાપ પલ્લે પ્રભુજી પરણ્યા, ઇશ્વરતા દેખાડીરે,
ગુણીજનોયે તે ગુણને વરણ્યા, દાસ શુંણે જયેને દાહાડીરે. ૧૩
કૃષ્ણનો યશ વરણવતાં ચાલ્યા, નરનારી નિજ ધામેરે;
આશ્રિતને મન ગમતાં આલ્યાં, જયેથી જીવ દુઃખ વામેરે. ૧૪
દાસ જાંણી મુંને દરશન દેજ્યો, વૃત્તિ થવાને વિતૃષ્ણરે;
રૂકમણિ સહીતાં હ્રદયે રેહેજ્યો, કૃષ્ણરામને કૃષ્ણરે. ૧૫

કીર્તન ૩૬૯ મું.

દેશી ૬૨.–ઘણિ થઇછે ગરિબને ગોવિંદજી, ચાલ.

શુક કહે શુંણ્ય રાજવી કુરૂ કુળના,
કૃષ્ણ સંગે કરી સકે કુણ તુલના;

॥ શંખ.

જેહેના મહિમાનો પાર ન વેદલહે,
યથા શક્તિ મતિથી કીર્ત્તિ કહે. શુ. ૧
જેને શેષ અશેષ ન જાંણી સકે,
=ચતુરાનન ચિંતન જયેહેનું ચકે;
ગુણ જયેહેના ઙ્વૃષધ્વજ વરણે સદા,
એતો કૃષ્ણ કળાય ન કોથી કદા. શુ. ૨
એહેને રંક થઇ જન જયેહ રટે,
થાય ચરણ શરણ જયે નિષ્કપટે;
દિનબંધુ દયા કરે તે જનને,
ત્યારે વિરતી આવે તેહેના મનને. શુ. ૩
શુંણે કલિમલ હારિણી જ્યાહારે કથા,
વપુ ધન સુત નારીને જાંણે ÷વ્યથા;
ત્યાહારે પ્રેમ થયાની પ્રતીતિ ×પટે,
કરચાં કોટી કલ્પનાં કર્મ કટે. શુ. ૪
અપરાધ સકળ તેહેના માફ બને,
અહં મમતા ન ઉપજે તેહેને મને;
શત્રૂ મિત્ર ઉદાસી સમાન લહે,
તેહેનો કૃષ્ણ કૃપા કરી હસ્ત ગ્રહે. શુ. ૫
જયમ રૂકમણિ પરમ પિડામાં હતી,
જયેહેને નોહોતી હરિ વિના કયાંહે *રતી;
ગુણ નારદ દ્વારા સાંભળીને,
વાધી પ્રિતી પરોક્ષ્ય મનેં મળીને. શુ. ૬
તેહેનો એટલામાંથી કર કૃષ્ણે ગ્રહ્યા;
એહેના માટચે અખીલ અપવાદ સહ્યા;
એમકૃષ્ણજી દાસના કરને ધરે,
જે વિષ્ણું ને વૃત્તિયોદ્વારા વરે. શુ. ૭
એતો કૃષ્ણ કૃપણના વત્સલ છે,
એહેને જે ન ભજે તે જન ખળ છે;
માટે એહેને ભજો મન મોહ તજી,
નથી હાથથી બાજી ગમાવિ અજી. શુ. ૮

= બ્રહ્મદેવ. ઙ શંકર. ÷ પીડાકારી. × જણાય. * પ્રીતિ

એતો રૂકમણિ વિંહા કહ્યો તુજને,
યથાશક્તિ મતિ જ્યેટલિ મુજને;
શુણ્યે કૃષ્ણચરિત્ર જશે કલિમલ,
આહાવો આવ્યો થશે તે જન્મ સફળ. શુ. ૯
સંવત્સેહેં અઢાર ને અડસઠ્યના,
શાકે સત્તરસેહેં ને તેત્રીસના;
માઘ વદ્ય અમાંસ ને બુધવારે,
થયા પદ પૂરણ શોડશ ત્યાહારે. શુ. ૧૦
જે કો વરણવશ્યેં સાંભળશ્યે ગાશે,
તેતો પ્રાંણી કૃતારથ ચટ થાશે;
કહ્યું સર્વ સમર્પણ હરિને હજ્યો,
કૃષ્ણરામને કૃપણ સુતુષ્ટ થજ્યો. શુ. ૧૧

છંદ.

૧૧ ૧૪ ૨૬
દશ, સત્તર, રૂદ્ર, ત્રયોદશ, નવ, અગીયાર, મનુ, નવ, ચઉદ, છવી;
બત્રીસ, ને નવ, છત્રીસ, ઓગણીસ, પંનર, અગીયાર, સહુ તૂક હવી. ૧

દોહરો.

ક્રમથિ ગાઇ સોળની; બીહીસેંને છપન્ન તૂક;
કૃષ્ણરામની કૃષ્ણજી, માફ કરો સહુ ચૂક. ૧
રૂકમણિ વિવાહનાં થયાં, સોળ દેશીનાં સોળ,
પદ નાના રસ નવ વિષે, કીધાં ઝાકમ ઝોળ. ૨

॥ ઈતિ–શ્રી રૂકમણિ સ્વયંવર આખ્યાનમ. ॥

કીર્ત્તન ૩૭૦ મું.

દેશી ફેર.

અશરણ કેરા શરણ, અલબેલાજી આવો;
સાંમળ સુંદર વર્ણ, નેત્ર ભરી નિરખાવો. ૧
ઈચ્છા હમારી એહ, પ્રભુજી પૂરણ કરિયે;
સેવક શું કરી સ્નેહ, વિઠલ વૃત્તિને વરિયે. ૨

ઉજમ આવે એમ, જાંણિ આલિંગન ભીડું;
પ્રભુજી દાખવો પ્રેમ, તોતો હું ઝડપું બીડું. ૩
એટલું આપો વચંન, જે તું સેવક માહરો;
જે હોય આશ્રિત જંન, સુખથી તે'ને સુધારો, ૪
રૂષિકેશ રમાનાથ, વપુ નિરખાવો વેહેલું;
હરજી ધરવા હાથ, પત્ર પઠાવિયે પેહેલું. ૫
કલિયે પણ કઇ જંન, તે તમે તરતજ તારયા;
આશ્રિતને અનુદીન, આપના માની ઉગારયા. ૬
ખલની સભામાં વીર, કૈરવ પાંડવ જોતે;
દ્રુપદ સુતાનાં ચીર, પ્રભુજી પુરયાં પોતે. ૭
ગયાં પ્રથાસુત પાંચ, વન દુરવાસા દાખ્યા;
આવતી દીઠી આંચ, પત્ર આરોગી રાખ્યા. ૮
ઘર બેઠા શ્રુતદેવ, જનકને દરશન આપ્યાં;
જાંણી શ્રીદામાની સેવ, દુઃખ દરિદ્રજ કાપ્યાં. ૯
વાઙ્મન ક્રમથી દાસ, નિ વન ખબરજ લીધી;
ચકવે ચઢયો ચંદ્રહાસ, વિષની વિષયા કીધી. ૧૦
ચરણ ચિંત્તતું ચિત્ત, જેહેનું મનને મળવા;
તેલ કઢા કરિ શીત, સેવક રાખ્યો સુધનવા. ૧૧
છલ કરતા કરિ છેક, વેદ વિવેક વિસારયો;
નામ ઉચ્ચરતા એક, તરત અજામિલ તારયો. ૧૨
જયદેવનું શુણિ ગીત, સંજીવન કરી નારી;
પદ્મમાવતિની પ્રીત, પ્રભુજી વિધ્ધ પસારી. ૧૩
ઝટ જીરવાવ્યા ઝેર, મિરાંને માહારી માંની;
દીયરાંદિકના વેર, તેથી બની ન હાંની, ૧૪
બાહ્ય માહ્યલી દ્દષ્ટ, સૂરદાસની સુધારી;
સ્વરૂપ જણવી સ્પષ્ટ, કીધી મેહેર મુરારિ. ૧૫
ટક્કર લેવા કાજ, વિપ્રે વિદ્યા હલાવી;
જ્ઞાનદેવની લાજ, રાખવા ભિંતિ ચલાવી. ૧૬
ઠગ નાગર કરી હાસ, મોકલ્યા પંથીહકારી;
નાગર નરસિંહદાસ, ની તમે હુંડિ શિકારી. ૧૭
ડગવા ન દીધો ટેક, રાગ મુકાવી આલ્યો;

અવલોકંતાં અનેક, હાર કંઠમાં ઘાલ્યો. ૧૮
ઢગલે આપ્યાં ધંન, વસ્ત્ર વિવિધ શાળામાં;
કુંવરબાઇનું મંન, મનવ્યું મોસાળામાં. ૧૯
વણ કાળે વરસાદ, વરસાવ્યો તમે ગજવી;
નાગર જનની નાત, નિંદા માટે લજવી. ૨૦
તત્ક્ષણ આવ્યા ધાઈ, નામાનું છાપરૂં છાયું;
મરી જીવાડી ગાય, પાત્રમાં પાણિ ભરાવ્યું. ૨૧
થકિત થયો સહુ સાથ, પુંઢલીક ઘેર આવ્યા;
કટિ ઉપર ધરિ હાથ, આસને ઇંટે ઠરાવ્યા. ૨૨
દગેથી આવ્યા દેવ, ડાકોર દ્વારાવતિથી:
જાણી બોડાણાની સેવ, તોલાયા ચાર રતિથી. ૨૩
ધનાજાટનું ક્ષેત્ર, નિર્બીજે નિપજાવ્યું;
નિરખે સહુ જન નેત્ર, ભોપલે અન્ન ભજાવ્યું. ૨૪
નજરે પડતાં નાથ, તુલસીદાસથી તારી;
મસ્તક મુકી હાથ, નર થયો જે હતિ નારી. ૨૫
પતિતપણું નિરમલ, રોહિદાસનું કીધું;
હાથ કાહાડી શ્રીફલ, જ્યેનું ગંગાયે લીધું. ૨૬
ફૂટકારો થવા કાજ, દિવાને દાખવિયો ડર;
કબીરની રાખી લાજ, પારસ થઈ ગયા પથ્થર. ૨૭
બળતાં રાખ્યાં પાંચ, પાંડવ પાસ પધારયા;
લાક્ષાગ્રહની આંચ, થી તે સલિંગ સુધારયા. ૨૮
ભગવદ્ ગીતા ગાઈ, પારથને રથ બેશી;
પરિક્ષિત રાખ્યો ધાઈ, માત ઉદરમાં પેશી. ૨૯
મજ ઉપર એમ મેહેર, કરિયે સારિંગ પાણી;
ધક્ષ્મીવર કરી લેહેર, વિમલ ઉઘાડો વાણી. ૩૦
યદુપતિના યશ ગાઉં, શરણ થઇને સાચે;
કરૂણા તમારી ચ્યહાઉં, બીજું કાંઇ ન રાચે. ૩૧
રમાનાથ કરી રીઝ, દરશન સત્વર દીજે;
બાળિ વાસના બીજ, ચરણ સુધારી લીજે. ૩૨
લક્ષ્મીવર તવ લક્ષ, મુજને સત્ય સધાવો;
શ્રીધર થઇને સમક્ષ, માહારૂં મંન મનાવો. ૩૩

વહી જાય છે વ્યર્થ, દુર્લભ દેહજ માહારો;
અક્ષિતણો જયે અર્થ, દરશન દેઈ સુધારો. ૩૪
શઠતા સઘળી જાય, માહારા આભ્યંતરની;
બાહ્યાભ્યંતર થાય, લક્ષ જે લક્ષ્મીવરની. ૩૫
ષટ્શાસ્ત્રોનો શોધ, કરતાં સત્ય પ્રમાણે;
બળિયો જયેને બોધ, જન તે તમને જાણે. ૩૬
સકલ વસ્તુનું સાર, એક તમ્યો છો આપે;
જેને તમારો આધાર, તે જન ન તપે તાપે. ૩૭
હઠ્ય મુકીને સર્વ, ભાવે જે જન ભજશે;
તત્વાદિકના ગર્વ, તે સમજીને તજશે. ૩૮
ક્ષમા કરી અપરાધ, ગરિબનો કર ગ્રેહેવો;
બાળકનો હવે બાધ, નાથજી થવા ન દેવો. ૩૯
શ્રીધર રાખો શર્મ, દાસને દરશન આપો;
કૃષ્ણરામના કર્મ, કંઈક કલ્પના કાપો. ૪૦

કીર્ત્તન ૩૭૧ મું.

"મનની પીડચ શમાવો." એ ચાલ.

નિર્લજ નવ્ય થઈયે, હરે માહારા નિર્લજ નવ્ય થઈયે;
કરૂણાનિધાન કેશવજી વિના અમે, કોહોને દરદ કહિયે. હરે મા. ૧
અવિનાશીના અમે થઈ અનુચર, સંકટ કયમ સહિયે;
કોટિ બ્રહ્માંડના નાયકને તજી, જન અમે કયહાં જઈયે. હરે મા. ૨
સત્ય સખા જાંણિ અમે તમને, ચરણ શરણ રહિયે;
શરણાગત વિશ્રામ તમારૂં, વેગે બિરૂદ વહિયે. હરે મા. ૩
જેહેવા તેહેવા પણ જયગદીશ્વરના, દાસ અમે છઈયે;
કરૂણા કરી હવે કૃષ્ણરામનો, કેશવ કર ગ્રહિયે. હરે મા. ૪

વી૦ ૫ પા. ૧૪

કીર્ત્તન ૩૭૨ મું.

"ધારી માનવ તનુ કાં તેહેણે." એ ચાલ.

કરૂં વિનતી શ્રીકેશવને, ઈચ્છું આપ તણા અનુભવને;
અજી આંમ તે શું આદરો, કાં ન કરણે વિનતી ધરો. કરૂં. ૧

તમે ગૌબ્રાહ્મણના પાળ, શિઘ્ર કીજીયે મમ સંભાળ;
વિના ઐશ્વર્યે જે હું જીવું, પડે સહુથી તે માટે બીહિવું. ક૦ ૨
શ્રેષ્ટ જન્મ તણું શું ફળ, મિટ્યા નહિ જો મનના મલ;
વિદ્યા જાણી તેંણે શું છે, જો ન જાણું જે ભાવિ પુછે. ક૦ ૩
એહેવું મોહોટાપણું તે ફોક, જ્યારે ન શમ્યા ઉરના શોક;
એહેવું વ્યાસપણું તે વ્યર્થ, અંગિના જો ન સરચા અર્થ. ક૦ ૪
એહેવી કીર્ત્તિયો શી પ્રિય લાગે, જો ન ભ્રાંતિયો ઉરની ભાગે;
બુટ્ટી સંજીવની સુંઘાડો, કૃષ્ણરામની કળ ઉઘાડો. ક૦ ૫

વી૦ ૭ પા૦ ૧

કીર્તન ૩૭૩ મું.

દશી ફેર.–શ્લોકો પહેલો.

શ્રી સદ્ગુરૂ ચરણે શીશ નમાવિ,
કેશવની કરૂણા ચ્યાહુ કમાવિ.
શ્રીધર અરજીનો સાંભળતાં શ્લોકો,
ગુણ કે દોષનો લાગે નહિ ગોકો. ૧
અચ્યુત આપના અર્ભકની અરજી,
સાંભળજયો શ્રવણે શીઘ્ર શ્રીધરજી;
સત્ય ત્રેતા ને દ્વાપર યુગ પેહેલાં,
સઘળા ઉદ્યમ તે પડતાતા સેહેલા. ૨
પુણ્ય પ્રાણી તે પ્રગટતા જયેહેમાં,
દાન દયા ને દમ રેહેતાં દેહેમાં;
વર્ણાશ્રમીયોમાં વ્યભિચાર નોહોતા,
ખાંત્યે સત્સંગે ખળતા ને ખોહોતા. ૩
વેદને પંથે વિશ્વાસે વેહેતા,
ગોષ્ટી જ્ઞાનની ગમ્યેથી ગ્રેહેતા;
સત્કર્માદિકને સાધતા સુખથી,
મિથ્યા વાણીને વદતા નહિ મુખથી. ૪
અંતઃકરણોમાં ઇર્ષ્યાઓ નોહોતી,
જીવેશ્વરની તે જાણંતા જયોતી;
પરની પીડાને પેખી પરજળતા,

છેક છેતરી છલ્યને નવ્ય છળતા. ૫
કઉતુકની કલબલ કોયે નવ્ય કરતા,
ઉત્તમ સંગને ઓળખી આદરતા;
મન મધ્યે મોટી વસતીતિ મેહેર,
કોયે જન કોહોનો કરતા નહિ કેહેર. ૬
શ્રૃતિયોને સ્મૃતિયો સરવે સાંભળતાં,
માંન્યેથી માનવ મનનાર્થે મળતા;
બહુધા દેહેંદ્રિય હોતી બલવંતિ,
ત્રોડી સકતા તે તૃષ્ણાની તંતી. ૭
સ્મૃતિયો સરવથા રાખંતા સાચી,
નારી નાંણાથી નવ્ય પડતા નાચી;
પ્રારબ્ધ પૂરણ પુણ્યેનું મળતું,
ફલરૂપી વાકય સઘળાનું ફળતું. ૮
તંદ્રા નીદ્રા ને મોહને તજતા,
ભક્તિ નવધા ને ભાવેથી ભજતા;
આપણથી અધિકા જ્ઞાનીને પરખિ,
હઠ્ય મૂકી શરણે જાતા તે હરખી. ૯
સૂધા વેહેતાતા સમ તુલ્યો સાથ્યે,
હેતે ઝાલંતા દીનોને હાથ્યે;
સઘળા દેશોમાં થાતાં બ્રહ્મસત્ર,
સાંભળવા જાતા સજ્જન સરવત્ર. ૧૦
વાંકે ઉદ્યમે કોયે નવ્ય વેહેતા,
લક્ષ્મી નાથને લક્ષ્યેથી લેહેતા;
ધર્મ વિસારી ધંધે નવ્ય ધાતા,
પરધન દારાને ચિત્તે નવ્ય ચ્યાહાતા. ૧૧
શાસ્ત્રોની શીક્ષા સમજી સેહેલી,
મમતા અહંતા સકતાતા મેહેલી;
ચિત્ત ચિંતન ચૈતનનું ચ્યાહાતું,
એહેવા અવસરમાં મન માન્યું થાતુ. ૧૨
કેશવજી હવેતો આવ્યો કલિ કપટી,
લોભમાં સહુની વૃત્તીયો લપટી;

વરણસંકરતા વ્યાપી વરણોમાં,
કલેશની વાર્ત્તા પેઠી કરણોમાં. ૧૩
તીર્થોયે લીધું તીર્થત્વ તાંણી,
જાતિ વિજાતિના જારોને જાંણી;
દેવ દૈવત દાબીયું અહિને,
લક્ષણ હીનોની લોલુપતા લહિને. ૧૪
સંકોચન કીધી શાસ્ત્રોએ સત્તા,
વિષયારામીને જોઈને વત્તા;
વ્યાસોયે વિમળી વાતો સંતાડી,
જ્ઞાન વિહીનની ગોષ્ટી જોઈ ઘાડી. ૧૫
આચાર્યોયે પણ અંતરપટ રાખ્યો,
દોષાંકિત દંભી લોકને દાખ્યો;
સંત શોધ્યા પણ જડે સંતાયા,
મેલા જન જાણી દાખવે માયા. ૧૬
રહ્યા નહિ રૂડા પ્રિયવ્રતશ્યા રાજા,
માને બીકથી જેહેની ચુગ માઝા;
સત્કર્માદિક તે સંકોચ પાંમ્યા,
જોઈ જંજાળે જન માત્ર જાંમ્યા. ૧૭
વૈવસ્વત મનુને વૈરાગ્ય વ્યાપો,
તૃષ્ણા તપનેથી જાંણિ જન તાપ્યો;
બદરી વન જઈ નરનારાયણ બેઠા,
અવળા અધ્યાસી જાણી જન એઠા. ૧૮

જગન્નાથ વશા જલધી ને તીરે,
કરપદ સંકોચ્યા રાગીની રીરે;
જ્યોતીલિંગ રહ્યાં જુજુવે દેશે,
ગંદા જન જોઈ આવાણ વેશે. ૧૯
ચતુર્ભુજ આવ્યા ડાકોરચે ચાલી,
જારી જન જોઈ જવનિકા ઝાલી;
અંબાજી બહુચર આદે જે આઈ,
ભાસે નહિ જાંણી જનની ભવાઇ. ૨૦
ભાસવા દે નહિ ભક્તિ નિજ રૂપ,

ચેટક ભરિયા જન જાણિ થઇ ચુપ;
વૈરાગ્ય જ્ઞાને વપુને સંતાડ્યા,
કલેશી જન જાંણી કોરાંણે કાહાડ્યા. ૨૧
પશ્ચા પિદધાન કીધા પુરાણે,
ટક્કર લેતા જન જોઇ આ ટાંણે;
કાવ્યે ઇતિહાસે કળનાઓ ચોરી,
તપતા જન જાણિ તનુઓના તોરી. ૨૨
ધર્મ જાણ્યૂં જે અધર્મ વશિયો,
ખોટાઇ કરીને ખળ જનથી ખશિયો;
સત્ય સ્વરૂપ પણ તે રહે સંતાયું,
પાપિષ્ટોને જોઈ પૂણ્ય પળાયું. ૨૩

જન જન પ્રત્યે તો જાડ્યતા બહુ ઝળકે,
ચકલે ચોવટે ચેટક બહુ ચળકે;
સવાઈ માધવરાવો સ્વધામ સધારયા,
પાછળથી નાના ફર્ણવીસ પધારયા. ૨૪
ગાયકવાલમાં ગોવિંદરાઓ,
દેવલોક પામ્યા જીતીને દાઓ:
અધર્મે સઘલો લોક અભડાવ્યો,
ગરીબ ગુર્જરમાં ગોરીયો આવ્યો. ૨૫

હાલાહળ કીધું સઘળે હુલ્લકરે,
સમર્થ કો નહિ જયે સેહેજયે સુલ કરે;
આહાવા અવસરમાં અવતાર આવ્યો,
કામ કલેશ તે જાશે કયમ કાપ્યો. ૨૬
નાથ નિષ્ઠુર થઈ નિર્મળિ જયે ન્યાત્યો,
પૂત્ર પિતાનીમથ પડતી પંચાત્યો;
આશ્રમિયો માંહે અવળાઇ પેઠી,
શઠ બુદ્ધિજનની સઘળે થઈ શેઠી. ૨૭
પાડિત પણ પ્રાણ પોષણને પેખે,
ડાહ્યા જન દોષ પારકા દેખે;
રાજા રંકોને સેહેજયે રંજાડે,
ભક્ત કેહેવાઇ ભટકે ભંજવાડે. ૨૮

સંત કેહેવાઈ શિવ નિંદા સાધે,
બાપ બાપડા બાળકને બાધે;
માતા થઈ તે પણ મેહેર ન આણે,
તનય થૈને પણ તાતથી તાણે. ૨૯
વાહાલા મિત્ર થઇ વધુને વણસાડે,
તાતી થઇ નારી પુરૂષોથી ત્રાડે;
ભગની ભ્રાતાનું ભૂંડુ નિત્ય તાકે,
સુખ ભત્રીજાનૂં સેહેવાય ન કાંકે. ૩૦
ભ્રાતા ભ્રાતાને ભટકાવે ભૂંડા,
લાડવાઇયો કરે નાથને લૂંડા;
સંતાપે સાસૂ વહુને થઇ સાંહાંમી,
પ્રેમદા માંની થાયે પરગાંમી. ૩૧
માતુલનિ સાથ્યે ભાણેજા મરડે,
હેતસ્વી પેહેલા હવે હોઠજ કરડે;
શેઠ વાણોતર ચાલે નહિ સવળું,
ઉત્તમ પુરૂષ થઇ બોલે છે અવળું. ૩૨
ધર્મીષ્ટ જન તે ડાટે ધન ધરણી,
પતિ કેહેવાઇને રઝળાવે પરણી;
વિમળ થઇને જન વેશ્યાને પોખે,
દાવા મુદ્દઈ થઇ દીનોને દોખે. ૩૩
કનીષ્ટ થઇને તે ભાગવત ભાખે,
રૂડી વરણને શેવક કરી રાખે,
મોટા થઈ મમ્મો ચચ્ચો મુખ બોલે,
કીધે શપથે પણ તે ન પળે કોલે. ૩૪
ઘરડા જનનેં પણ ગોવિંદ ગાવા,
ભાવે નહિ આવે રાહાડ્ય સળગાવા;
શ્રોતાજન થઈ પણ સમજે નહિ શિક્ષા,
દાસ કેહેવાઇ વગોવેં દીક્ષા. ૩૫
ભૂંડું ગાઇને ભાંમા બહુ હસતી,
કાંતોને કાંતા કાંમણથી કસતી;
પરમારથ કેરી પેખેં નહિ પ્રીતિ,

નર વા નારીયો ન્યાહાળે નહિ નીતિ. ૩૬
સમયે પાંનું તો પડિયું તે સાથે,
હારીને હઠિયો હું માહારે હાથે;
કોહોને કેશવજી માહારે શું કરવું,
તારી કઇકોનેં કેઇ રીત્યેં તરવું. ૩૭
દિશાઓ દાખી જોઇ ઘાલીને દ્રષ્ટી,
વરસતી દેખું વિષયા વિષવૃષ્ટી;
તાપ ત્રૈવિધથી તપિયો થઇ તાતો,
વિઠલ શી શી કહું વરણીનેં વાતો. ૩૮
સાધન સાધ્યાનો સમયો છે સારો,
ધર્મ ધુરિંધર મનમાં તો ધારો;
કાયા તો રોગે રગડાયે કસતી,
સંકષ્ટોનેં જોઈ સૂકી ને સસતી. ૩૯
પ્રારબ્ધ પૂરણ પાપેં બંધાણા,
શીષ્નોદર કાજે સાધન સંધાણા;
સ્વારથ સાધે તો સાચું સગપણ,
સ્થિરતા થાંથિ થઇ વાધ્યું ઠગપણ. ૪૦
ધન સુત દારાને ધંધે સહુ ધૂણે,
કેશવની કરૂણા કલપી નહિ કૂણેં;
ભક્ષ્યા ભક્ષ્યોની ભાવના ભૂલ્યા,
ડાહ્યા દારાના ડાહાપણમાં ડુલ્યા. ૪૧
ચાનક લાગવા ચોઘડિયાં વાગે,
જાંણે પણ યત્ને જગતી નવ્ય જાગે;
મિથ્યા વસ્તુને માટે મલપંતા,
જન જનથી ઝેરેં ઝઘડે જલપંતા. ૪૨
ક્રોધી ક્રોધેથી કૂટે કૂટાવેં,
લક્ષ્ય નિજ નિજની હાથ્યે લૂંટાવેં;
ગૌ બ્રાહ્મણ પાલક ધર્મ ગોપાયા,
લજ્જા મૂકીનેં લંપટ લોપાયા. ૪૩
દેહાદિ દુઃખાનળના દાઝેલા,
રગડાતા રામા રાગે રાજેલા,

ભરતખંડમાં ભવ પામી ભટકે,
પાપેથી પાછા પોતાને પટકે. ૪૪
સંગતી શીતલ થાવા શી કરિયે,
દંભોના દાઝ્યા દેખીને ડરિયે;
ખળના સંગેથી ખાસા ખળભળિયા,
શી ગતી શેવકની થાશે સાંમળિયા. ૪૫
ધ્યાનિ યાજ્ઞિકને પૂજક પરવારયા,
માનવ મલ્પંતા મમતાના મારયા;
કીર્ત્તન કેશવનાં ભાવેં નહિ કોહોનેં,
ચ્યુંબવું ચ્યાહે ચ્યતુરાના મોહોંને. ૪૬
સ્પૃશ્યા સ્પૃશ્યની સીમા લોપાંણિ,
ઘરડા પણ ખીંચે ઘર કેરી ઘાંણિ;
નારીના નરક કુંડોમાં નાહાવા,
ઇચ્છે આધીન અબળાના થાવા. ૪૭
શરમ સંતાણિ લજ્જા લુટાંણી,
કિંમત્ય કચરાંણિ કરૂણા કુટાંણી;
દયા ડુબી ગઈ દાન દબાયાં,
મેહેર મરદાઈ ગાયન ઘવાયા. ૪૮
ખોવાઇ ક્ષમા વીતૃષ્ણા વીતિ,
શાંતિ સટકી ગઇ નિર્બલ થઈ નીતિ;
આજ્ઞા અકળાઈ રંગ રોકાયા,
મોંન મીચાયું રસકસ શોકાયા. ૪૯
આપ મૂકીયું સઘળી ઔષધિયે,
બૂડવા લાગી બળ કરતાં બધિયે;
સંકોચ પામી સઘળેથી શુદ્ધિ,
બડબડને ભજવા લાગીયો બુદ્ધિ. ૫૦
ન્યાય નિર્બળ થઇ છુટીયો નાશિ,
પૃથ્વીમાં વ્યાપ્યું પાખંડ પ્રકાશિ;
ચોર થઇને સહુ ચિંતન ચૂકયા,
યમ કિંકર કેરા નેજા ફરૂકયા. ૫૧
રજની તો થોડી વાધ્યા છે વેશ,

હૃદયામાં વિલસે રાગ ને દ્વેષ;
આયુર્બળ થોડું મમતા તો મોટી,
કુચ્છિત ઉઘડિયો પ્રેતોની કોટી. ૫૨
દેશોમાં કળિયે દીધાં બહુ ડેરા,
ઘટઘટમાં ધાઢા ઘાલીને ઘેરા;
જીવોને જોખ્યમ લાગે ઝાઝેરાં,
કસણાયાં કર્મ કૃષ્ણાર્પણ કેરાં. ૫૩
સંકષ્ટ પડિઉં શ્રીધર શેવકને,
તારક સંભાળી લેજ્યો આ તકને;
ભાગવત ને ગીતા સદવસ્તુ ભણાવી,
જીવોને તરવા યુક્તિ જણાવી. ૫૪
તાજી કરી આપી બ્રાહ્મણની ટેવ,
દયા ત્યમ કરજ્યો બ્રહ્મણ્ય દેવ;
વાંણી વિસ્તારી વિમળી વદનેંથી,
સંભાળી લીધો પેહેલે સદનેંથી. ૫૫
દાતૃત્વ દાતા થઈને દેખાડયું,
પાપીનું પાવન બિરૂદ પેખાડયું;
શ્રીધર સર્વોત્તમ આપી તનું સરજી,
હવે તો હાથ્યથી મૂકો કયમ હરજી. ૫૬
કેશવજી કાળ આયુષનો થોડો,
દાસની વાહારે દામોદર દોડો;
પોહોડી રેહેવું તે કયાંથી પરવડશે,
કિંકરને શીશે કલંક ચઢશે. ૫૭
દાસોને કાજ્યે તનુઓ બહુ ધારી,
વાહારે આવોછોજી વિશ્વ વિહારી;
દિશાઓમાં વાજે દામોદર ડંકા,
તે તે તારયા જન સૂધાને વંકા. ૫૮
અદ્રષ્ટ સઘળાં દ્રષ્ટીયે પાડો,
કામ કર્દમથી કિંકરને કાહાડો;
તાંત્યો તૃષ્ણાની ત્રોડીને નાંખો,
સઘળા અપરાધ સેવકના સાંખો. ૫૯

કેશવ શી જોશ્યો કિંકરની કરણી,
અરભક હુંતો છું અવળો આચરણી;
અવિદ્યા કેરે આવરણે આંજ્યો,
ઘણા કલ્પોથી ગયો છું ગાંજ્યો. ૬૦
જીવનું દૈવત જગદીશ ન જોયા,
ખળતા ખેલંતાં જન્મ બહુ ખોયા;
પુરૂષોત્તમજીની પ્રીછિ નહિ પક્ષ,
ચૂકીને ભટકયો ચોરાશી લક્ષ. ૬૧
શીશ્નોદર માટે પડિયો સાધનમાં,
મીત્ર માધવજી માન્યા નહિ મનમાં;
બડબડ કીધામાં રાખી નહિ બાકી,
થાંથો થઇ આવ્યો શરણે હું થાકી. ૬૨
લાજ રાખજ્યો લક્ષ્મીના નાયક,
દાસોને દેવ અભિમત ફળદાયક;
ફળ મરડી તેણે કાંઇ થઈ કળના,
ખુશમાં આવ્યા નહિ સંગ જયે ખળના. ૬૩
કલબલ કુટિલોની કલ્પાઇ કરડી,
માંન મૂકીને બેઠો મુખ મરડી;
ભૂતલના મુજનેં ભાવે નહિ ભોગ,
વિઠલજી વેગે ભાગો વિયોગ. ૬૪
શોભે શ્રીધરની સત્તા સરવત્ર,
પ્રભુની આજ્ઞા બિન હાલે નહિ પત્ર;
જયેની આજ્ઞાથી જલધર જલ વરસે,
આજ્ઞાથી અનિમિષ આયુષ આકરસે. ૬૫
સાગર સઘળા ઉલ્લંઘે નહિ સીમા,
ધીરા થઇ વાહે વાયુ સહુ ધીમા;
આજ્ઞા માફકનેં અગ્નિ પરજાળેં,
તરૂવેલી ફૂલે નેં ફળે તે કાળે. ૬૬
અંતરિક્ષ આદિત્ય કરેં અજુવાળું,
રાત્રિનાથ કરેં સઘળું રસાળું;
અદ્રી અષ્ટ કુળ આજ્ઞાથી ન ડોલેં,

આજ્ઞાથી યમરાય અધર્મ ન બોલે. ૬૭
સરિતાઓ સઘળી આજ્ઞાથી વેહેતી,
નક્ષત્ર પંક્તિ આંત્રિક્ષે રેહેતી;
શિશુમાર કેરા પકડે ધ્રુવદોર,
યમ કિંકર જુઠું જણવે નહિ જોર. ૬૮
ઇંદ્રાદિક નિજ અધિકારે વેહેતા,
માનવની પૂજા આજ્ઞાથી લેતા;
જઠરાગ્નિ જઠરે ગર્ભ ન પચવે,
માયા વિમુખોનેં તૃષ્ણાયેં નચવે. ૬૯
હુતાશન સહુનેં પોહોચાડે હવી,
વિધાતા સરજે સૃષ્ટી નિત્ય નવી;
વાયુ ઉઘાડે વિધવિધની વાણિ,
તરૂના પત્રોમાં પોહોચાડે પાંણી. ૭૦
ચિંતનમાં નાવે ચરિત્ર જેહેનાં,
કોયથી અદ્રષ્ટ કલ્પાય ન કોહોના;
પ્રસવાવે પૂતળિયોથી પૂતળિયો,
ઉદરે કયાં પેશી રહીતી ઉતળિયો. ૭૧
વિધ વિધ રચના આવી રજય રજ માહાંથી,
કળના કયમ થાયે આવી એ કયાંહાંથી;
અંડજથી અંડજ ઉદ્ભિજથી ઉદ્ભિજ,
સ્વેદજ શ્યાં સ્વેદજ તેહેવી ત્યહાં તજવિજ. ૭૨
ચક્ષુઃહીનનો દેખે દીકરો,
નીપજતો દીઠો રોગી સુત નરો;
દંપતી દેખતાંનો સુત કાંણો,
શઠ નરનારીનો દીઠો સુત શાંહાંણો. ૭૩
મૂકોનો બોલે પંગુ સુત ચાલે,
ખળનો સાધુ સુત શુભનો ઘર ઘાલે;
સંતોષીનો સુત ક્રોધી કહિ દેખું,
પાપી પુરૂષોનો પાવન સુત પેખું. ૭૪
પૂત્ર મૂઢ તણો પંડીત પકવો,
સઘળાં સરખો દીસે નહિ શકવો;
કાળાનો ગોરો રૂપિ સુત કોહોડી,

ઉંચાનો વામન પ્રસવે કહિ જોડી. ૭૫
નિર્ધનનો બેટો ધનવંત થાય,
જરવાળાનો સુત ભીખવા જાય;
ચુગલીખોરનો કુઅર સંતોષી,
જાંણ શું સકશે જાતકથી જોશી. ૭૬
કહિ તો જ્યહાં જેવું તેહેવું ત્યહાં દીસે,
કરતા કોય ચઢે બીજાને શીશે;
કડવાથી મીઠું મીઠાથી મોળું,
ન્યાંહાંનાથી મોટું ટુંકાથી પોહોળું. ૭૭
પથરાથી હીરા સિકતાથી સોનું,
છીંપોથી મુક્તા એ કારજ્ય કોહોનું;
માર્જાર વૃષણે સૌગંધી સૂરિ,
કોશંટે રેશમ મૃગથી કસ્તૂરી. ૭૮
કર્દમથી પંકજ કુચ્છિતથી કેળી,
માધવજીયે એ સદવસ્તુ મેલી;
અતર્ક્ય રચના એ ઇશ્વરની એહેવી,
મમતા માનીને માહારી કયમ કેહેવી. ૭૯
સહુનો નિરવાહ સેહેજ્યે જ્યે કરે,
વિશ્વંભર એહેવું બિરૂદજ ધરે;
સત્તા સ્ફૂર્ત્તિથી સહુમાં જ્યે વ્યાપે,
શોભે સચરાચર જેહેને પરતાપે. ૮૦
બાહ્યાભ્યંતરની જાંણે જે કળના,
જેને જાણે નહિ સંગી ખળના;
ભુચર ખેચર ને જળ મળના જંતુ,
તે સઘળાની જ્યે રાખે કર તંતુ. ૮૧
વેદ વરણવે નિર્મળ જ્યેહેના,
દૈવત શું જાંણે દરશી જે દેહેના;
સરવાધાર જ્યે સરવેનો સાક્ષી,
જેહેની માહાલક્ષ્મી રાણિ કરૂણાક્ષી. ૮૨
જેહેને ભ્રૂભંગે વિલસે છે કાળ,
સેવકની લ્યે જ્યે સત્વર સંભાળ;

જેહેને હુ માહારૂં તાહારૂં કે પર,
શત્રુ મીત્ર નથી ઉંચ ઈતર. ૮૩
તોપણ સેવકની સંભાળ લે છે,
કલ્પદ્રુમ સદશ કિંકર રેહે છે:
જેનાં બળવંતાં બહુ વિધનાં બિરૂદ,
જયે છે સર્વોત્તમ વરદોથી વરદ. ૮૪
જેનું ચરણોદક ગંગાનું વારી,
નામ સ્મરણેથી તરત લ્યે તારી;
જેનૂં કીર્ત્તન કંઠેથી ગાતાં,
કલિમલ તે નાસે લત્તાઓ ખાતાં. ૮૫
નામોને મંત્રે ભૂતાદિક ભડકે,
ઉરમાં રેહેતાં તે અંગે નવ્ય અડકે;
જેનો યશ માત્ર કરણે સાંભળતાં,
માહા પાતક નાસે પોતે પરજળતાં. ૮૬
મનન કરચે જેહેનું વશ થાયે મંન,
પ્રત્યમા પૂજ્યે થાયે પાવંન,
જેના ચરણુને શરણે રહ્યેથી,
કામાદિક નાસે વિલપંતા ક્રેહેથી. ૮૭
જે બળવંતનૂં ધરતાંમાં બાંનું,
ચિત્ર વિચિત્ર પણ શોધે નહિ પાંનું;
જેહેના કેહેવાતાં દાસોના દાસ,
માથેથી મિટશે મરણનૂં હાસ. ૮૮
જેહેની ધારણા કરતાંથિ બુદ્ધિ,
સરવથા હોયે શમલોથી શુદ્ધિ;
જયેહેના ચરણનું ધ્યાંનજ ધરતાં,
નિકટે નવ્ય આવે નિદ્રાદિક નર તાં. ૮૯
જેને ભરૂંસે ભાવેથી રેહેતાં,
વિઘ્નાદિક નાસે વિડંબણુ વેહેતાં;
જે મહારાજાની થાતાં મહા રીઝ,
બળીષ્ટ બળિ જાયે સંચિતનાં બીજ. ૯૦
જેનો સુધા સમાન કથા રસ જાણ્યે,

કલેશ ઉપજે નહી કરતાં ક્રિયમાણે;
જેના ચિંતનનો કરતાં સંયોગ,
પ્રીત્યેથી પાંમે પ્રારબ્ધ ભોગ. ૯૧
સંતત જેહેનૂ સાધંતાં સ્મરણ,
ફરિને નવ્ય પામે જન્મ ને મરણ;
દોષોથી દૂર રહિને જો વિચ્યારે,
તોતો તે પ્રાણી કઇ જનને તારે. ૯૨
જેની કરૂણાથી પંગુ ગિરિ લંઘે,
મૂંગો વેદ વદે શાસ્ત્રોની સંઘે;
તે નારાયણને નિત્યે નમુછું,
વીયોગી તાવત રજમાં રમૂછું. ૯૩
માધવજી માનવ અવતાર આપ્યો,
શરણે આવ્યોછું તાપોનો તાપ્યો;
ષોડષ સમર્પી અરજી પણ આઇ,
બીજું બોલ્યાં નહિ બહુચર બાઇ. ૯૪
તમને તો અતિશે અરપીયો અરજી,
હેતેથી ઉત્તર નાપો કાં હરજી;
બન્યે એક થઇ બેઠાં શું સમજી,
તક વીતિ જાશે જાંણો ત્રીકમજી. ૯૫
સાધન મન માહારૂં સાધી નથિ સકતું,
ચિદ્ઘનને ચાલે ચોહોતરફાં ચકતું;
પેહેલા કાળનો જો હું મહા પાપી,
શું સમજી ત્યારે માનવ તનું આપી. ૯૬
સરવથા સઘલે સંભાળ લીધિ,
આવડી નિર્દયતા આજ કાં કીધિ;
શું કળિયુગ માટે વાંકા ચાલો છો,
ઘેલાના ઘટમાં ગાડાં ઘાલો છો. ૯૭
ભક્તવત્સલ કાં ભાગો ભરૂંસો,
હું તે કયહાં જઇ કહું હઇયાની હુંશો;
તપતો તનય લહી તાત ને માતા,
સુખથી શું બેઠાં સમજીને શાતા. ૯૮

બ્રાહ્મણનો દેહ આપીને ભાવે,
વેશ વગોવો છો તે હવે શે દાવે;
જોરાવરનો જન જો યમ કર જાશે,
તોતો લક્ષ્મીવર લાજ લોપાશે. ૯૯
માહારાં અંગના ગાત્રજ ગળિયાં,
પસરયાં મસ્તકે પેહેલાંથી પળિયાં;
કરોડા કમ્મરના થાયે કડકા,
ન સહે તનુ શીત શરદી કે તડકા. ૧૦૦
અંગે અકળામણ આવે અતુલ,
સંધિ સંધિમાં ઉઠે છે શુલ;
નાંક નીતરે તાંણ્યે તબખીર,
નેત્રે ઝાઝુવાં આવે વહે નીર. ૧૦૧
દુખવા લાગે બેઠેથી ડોક,
ઉત્તર શો આપું પૂછે જયે લોક;
પાગ હાથથી નીતરે પાણી,
વાગે કરણોમાં વેગની વાણી. ૧૦૨
અહ્માઇ ઉપરકાળજે બેઠી,
એકે ઉપાયે ઉતરે નહિ હેઠી;
નિદ્રાનિશિયે પણ નોહોતરી નાવે,
પૂરૂ મંદાગ્નિ પ્રાશું ન પચાવે ૧૦૩
ચ્યાર કોસ પણ ન સકાયે ચાલી,
ખાસા અંગોમાં ઉઠે બહુ ખાલી;
જાવું ઝાઝીવાર પડે છે ઝાડે,
તો પણ મારૂત તે મળને નવ્ય કાહાડે. ૧૦૪
નીર શીતલથી ન ખમાયે નાહાયું,
ઘોષે ગ્રીવાથી ન સકાયે ગાયું;
આસન ચ્યારઘડી ન ઠરે એકાંતે,
ભોગીની વાતો ભાવે નહિ ભ્રાંત્યે. ૧૦૫
કામિની કલબલ સેવાય કરણે,
નષ્ટ નારીનો ન સુહાવે નિરણે;
દાવાનળ સરખું લાગે છે દેવું,

શઠનું બાણવચન હૃદયામાં સેહેવું. ૧૦૬
શરણે આવ્યા જે શાંહાંણા જન શ્રોતા,
ત્રીકમના પ્રેરયા મે તેડ્યા નોહોતા;
તે સઘળા જનની લેજ્યો સંભાળ,
ગુરૂ તમને જોજ્યો નવ્ય લાગે ગાળ. ૧૦૭
વિઠ્ઠલ માહારે એક તમારી વગ,
યદ્યપિ હું છું ઠગમાં મહા ઠગ;
કેટલી આપત્તિ ભોગું છું કૃષ્ણ,
વૃત્તિયો તોહ્યેથઇ નહિ વિતૃષ્ણ. ૧૦૮
ભગવંત કેરા માની ભરૂસો,
લોકોના આગળ હાંકી મેં છુશ્યો;
આતુરતા અંતઃકરણે બહુ વ્યાપી,
પ્રભુજીને પદરેં પડિયો હું પાપી. ૧૦૯
દેવ તણા દેવ દયાનિધાંન,
મજ શેવક જનનું રાખવું માંન;
વિભુ તમને શરણે આવ્યા જો વહીશું,
તો તો આપણ બે બરોબર થઈશું. ૧૧૦
ઓળખિ જયે જયેણેં મુજને ઉપકાર,
કીધો હોયે તેહેની કરજ્યો વાહાર;
અન્નાદિક અરપ્યું હોયે મુખ માંની,
શાતા કરજ્યો તે જનને સુખ માંની. ૧૧૧
વિષ્ણુમૂર્તિ લહી કીધી હોય સેવા,
પ્રભુજી તે જનને પોતાના કેહેવા;
વૈરી માંની જયે કરતો હોય વેર,
જીવન તે જનથી કરશો નહિ ઝેર. ૧૧૨
જે જેણે મજને દીધી હોય ગાળો,
પાઠવશો નહિ તે જન ઉપર પાળો;
વિધવિધ સૃષ્ટીમાં સ્વામી વીરાજો,
દોષ દાસોના જોતાંથી લાજો. ૧૧૩
માહારે માત પીતા ભ્રાતા સુત બંધુ,
સગપણ સઘળામાં તમે કરૂણાસિંધુ;

ગુણદોષ જનના ગોવિંદ ન જોશ્યો,
અસતો કરશો તો નિજનો યશ ખોહોશ્યો. ૧૧૪
તરત અજામિલને તમે નામે તારયો,
જળમાં જૂડ થકે ગજરાજ ઉગારયો;
લાક્ષાગ્રહ વિષે બળતાતા આંચે,
કુંતીમા સૂધાં રાખ્યા સુત પાંચે. ૧૧૫
ગીતા ગાઈ કહી પારથ રથ બેશી,
પરિક્ષિતને રાખ્યો કુક્ષીમાં પેશી;
પોહોચાડ્યા પંચાળીને પ્રાવર્ણ,
દુષ્ટ સભા મધ્યે અશરણના શર્ણ. ૧૧૬
પત્ર પ્રાશીને પાંડવને રાખ્યા,
શ્રીદામાદ્વિજના તાંદુલ ચાખ્યા;
ગૌ ગોપી કાજ્યે ગિરિવર કર લીધો,
દાસ રાખવા દાવાનળ પીધો, ૧૧૭
રાસની ક્રીડા રામાથી રમિયા,
ભાજી વિદુર તણી ભાવેથી જયમિયા;
પિંગલા ગુણિકા સરખીને તારી,
પદરજથી ગૌતમ ગ્રહણી ઉદ્ધારી. ૧૧૮
સિંધુને મસ્તકે સેતુને બાંધી,
અજ્ઞાની જનની મૂકાવી આંધી;
લંકાપતી કીધો વિભિષણને રાજા,
રાખી સુગ્રીવ હનુમંતની માઝા. ૧૧૯
શબરીનાં બદરી પ્રેમેથી પ્રાશ્યાં,
અવધપૂરીનાં વૈકુંઠ વાશ્યાં,
ભક્તોના મનમાં ભૂધરજી ભાવો,
દાસોને દેવ તુમ સાથ્યે દાવો. ૧૨૦
હવે તો શ્રીધરજી મજ ઉપર હેત,
કરજ્યો પોતાનો પાળી સંકેત;
કરમ સઘળાની કરજ્યો બક્ષીશ,
રંક જન ઉપર રાખો નહિ રીસ. ૧૨૧
પ્રારબ્ધ પૂરણ પ્રીત્યે પોહોંચાડો,

દેવાના દવથી દાસને કાહાડો,
મન મેળાવી લ્યો માધવ તુમ ચરણે,
સેવક શઠ છું પણ રાખો નિજ શરણે. ૧૨૨
અગોચર સઘળાં ગોચર કરાવો,
દરશન આપવા દામોદર આવો;
અકળાંમણ ભાગો માહારાં મન કેરી,
ફરવી મિટાવો જન્મોની ફેરી. ૧૨૩
કરૂણાસાગર કૃષ્ણજી કાહાવો,
અવસર સાચવજ્યો આપ્યો જ્યે આહાવો;
વેહેલા આવજ્યો વેળા રહિ થોડી,
કૃષ્ણરામ કહે કિંકર કર જોડી. ૧૨૪
સંવત અઢારસે ચ્યુમોત્યર જ્યારે,
ફાલ્ગુન સિત પડવે શનૈશ્ચરવારે;
શ્લોકો સવાસો તૂકોથી સીધો,
લખિને શ્રીપતિને સમર્પણ કીધો. ૧૨૫

કીર્તન ૩૭૪ મું.

શ્લોકો બીજો.

શ્રી સદ્‌ગુરૂ ચરણે શીશ નમાવું,
સારિંગપાણીને શ્લોકો સંભળાવું.
ગોવિંદજી ગરિબનીવાજ કહાવી,
અરભકથી રાખો રીસ કાં આહાવી. ૧
દામોદર પદરે પડિયો હું દાસ,
હઠ્ય કાં રાખો અજી ચ્યાહો શું હાસ;
શરણે આવ્યાની સંભાળ કરોજી,
બળિષ્ઠ બિરૂદ ધરચાં તે કાં વિસરોજી. ૨
તારક નાથ સકે કોયથી ટોકાયા,
રંગીલા કુણરંગ વિષે રોકાયા;
કિંવા કોય રૂષીયે કીલન કીધાં,
કિંવા કોય વાહાલી વનિતા શું બીંધા. ૩

કિંવા વિશ્વેશ્વર વટ પત્રે પોહોડ્યા,
કે કોય દૈત્ય વિદારણ કરવા દોડ્યા;
કિંવા સલિલો પરી સૂતા અહિ અંગે,
કિંવા કેલી રચી કમળાને સંગે. ૪
કિંવા સાંખ્ય કહો સ્વાયંભુસુતાને,
મનગમતુ કરવા નિજની માતાને;
કિંવા સત્યવત્તને કહો શિક્ષા,
કિંવા બદરી વન બેઠા લેઇ દીક્ષા. ૫
કિંવા વૈકુંઠે પોહોડ્યા થઇ નિંદર,
કિંવા પૃષ્ટ ધર્યો ફરતો ગિરિ મંદર;
કે પૃથ્વી લેવા પોહોચ્યા છો રસાતલ,
કિંવા સુરરિપુ પાસ ગયા કરવા છલ. ૬
કિંવા લોકા લોકાચલ ફરવા,
કિંવા બળિના યજ્ઞ વિષે કર ધરવા;
કે સુતલે બેઠા બળિની દેવડીયેં,
કે ધાયા ગજરાજ મુકાવા હડીયે. ૭
કિંવા અજગર વૃત્તિ ધરી સૂતા વન,
કિંવા ઇંદ્ર થઈ બેઠા ઇંદ્રાસન;
કિંવા વૈદ્ય થઈ ઔષધિયો શોધો,
કિંવા ગુરૂ ચોવીસ યદ્દુને બોધો. ૮
કિંવા વર દેવા ધ્રૂવ પાસે પોહોચ્યા,
કે પૃથ્વી દોહોવા જયે રસ સંકોચ્યા;
કિંવા પ્રગટ થવા પેઠા જઈ સ્તંભે,
કે દોડ્યા ક્ષત્રિય હણુવા આરંભે. ૯
કિંવા ગૌતમ અહલ્યિને ઉદ્ધરવા,
કે ત્ર્યંબક ત્રોડી સીતાને વરવા;
કિંવા પંચવટી મધ્યે જઇ વશિયા,
કિંવા માયિક મૃગ હણવાને ધશિયા. ૧૦
કિંવા ગ્રધ્ર જટાયૂને કર સાહાવા,
કિંવા શબરીનાં બદરીને ખાવા;
કિંવા સુગ્રિવની બિરદાશજ કરવા,

કિંવા વાલિના વપુને સંહરવા. ૧૧
કિંવા સાગર શિર સેતુને રચવા,
કિંવા દશમુખ સંગ સમરને મચવા;
કિંવા સીતાના સંતાપ શમાવા,
કિંવા ભરતાદિકને રંગે રમાવા. ૧૨
કિંવા વસુદેવના અંસો પરી બેઠા,
કિંવા છાના શ્યા યશોદા ઘર પેઠા;
કિંવા ઉત્સંગે ચઢિયા માશીને,
કે કોય દૈત્ય ગયો લેઇને નાશીને. ૧૩
કિંવા પુરૂષોત્તમ પાળનિયે પોહોડ્યા,
કિંવા ગોપી ઘર તસ્કરવા દોડ્યા;
કિંવા નાચ કરો પીવાને છાશ્યો,
કિંવા દાખવવા ઘર ઘર તમાશ્યો. ૧૪
કિંવા વચ્છપતી થઈ વચ્છ ચરવા,
અઘ બગ વચ્છાદિનાં જોર હરાવા;
કિંવા યમુના તટ અન્નાદિક જમવા,
કિંવા વચ્છ શિશુરૂપે વ્રજ રમવા. ૧૫
કિંવા યશોદાયે બાંધ્યા શું દામે,
કિંવા તાલ વને પેઠા ફળ કામે;
કિંવા ગૌચારણ કાજ્યે વન વસવા,
કિંવા રૂષિ પત્નીનાં અન્નજ ગ્રસવા. ૧૬
કિંવા વન ભૂષણ ધરવા ગ્રીવાને,
કિંવા દોડ્યા દાવાનલ પીવાને;
કિંવા ગોપ કુમારીનાં પટ હરવા,
કિંવા ગોવરધન ગિરિવર કર ધરવા. ૧૭
કે યમુના જલમાં કાળિય દમવા,
કિંવા રાસોત્સ ગોપીથી રમવા;
કે પ્રતિચી પતિને દરશણ દેવા,
કે દધ્યાદિકનાં દાંણોને લેવા. ૧૮
કિંવા અક્રૂરને સંગે રથ બેઠા,
કે પ્રતિતી દેવા યમુના જલ પેઠા;

કિંવા પાંધ્રણુને પરિચટથી હરવા,
કિંવા કુબજ્યાનું મન માન્યૂં કરવા. ૧૯
કિંવા માળિ ઘર માળા માગવા,
કિંવા કંસ તણું ચાપ ભાગવા;
કિંવા મલ્લયુદ્ધ મલ્લોથી લડવા,
કિંવા દશ પ્રકારથી નજરે પડવા. ૨૦
કિંવા મામાને મરદવા દાઝયે,
કિંવા માત પિતા મૂકાવા કાજ્યે;
કિંવા માગધની સેનાને હણુવા,
કે સાંદિપની નીશાળે ભણુવા. ૨૧
કે મુચુકુંદને દરશણ દેવા,
કિંવા ગુરૂ સુતને સંયમની લેવા;
કિંવા દ્વારવતી બેટે વાસવા,
કિંવા પરવતથી પડિયા નાસવા. ૨૨
કિંવા ભીષ્મની પૂત્રીને હરવા,
કિંવા રૂકમીને કદ્રુપી કરવા;
કિંવા રૂક્ષપતીબિલ મણિને લેવા,
કે જાંબવતીનો પાણીને ગ્રેહેવા. ૨૩
કિંવા સદ્ભામા સંગે સ્વ જઇને,
લ્યાવવા દોડ્યા ગમતું તરૂં ગ્રહિને;
કિંવા નરકાસુર નિર્દાલન કરવા,
કિંવા સોલસહસ્ત્ર શતસંગે વરવા. ૨૪
કિંવા પટરાણી ધરવાને હાથ્યે,
સપ્ત વછોને નાથવા નાથ્યે;
કિંવા કાલિંદી કેરી કર ગ્રેહેવા,
કિંવા મછવેધ કરીને સ્ત્રિ લેવા. ૨૫
કિંવા ઉજ્જયની પોહોચ્યા સ્ત્રી હરવા,
કિંવા પાંડવની પ્રતિપાલ કરવા;
કિંવા દુ:શાશનનૂં હરવા નીર,
કિંવા પૂરવા કૃષ્ણાને ચીર. ૨૬
કિંવા ભીમ કરે માગધ મોડાવા,

કિંવા બહુ નૃપના બંધન છોડાવા;
કિંવા શિશુપાળાદિને નિર્દલવા,
કિંવા કુરૂક્ષેત્રે વ્રજ જનને મળવા. ૨૭
કિંવા પારથના રથને હાંકવા,
કિંવા ભીષ્મ વચન ભાવે રખવા;
કિંવા કૌરવનું દલ સંગ કપાવા,
કિંવા પાંડુસુતને, રાજ્ય અપાવા. ૨૮
કિંવા પ્રૌંઢૃક સંગ ગયા છો કાશી,
કે શ્રીદામાને કરવા સુખ રાશી;
કિંવા રૂષિ સંગે વળિયા છો વાટે,
શ્રુતદેવ દ્વિજને બહુલાશ્વ માટે. ૨૯
કે ઉદ્ધવજીને જ્ઞાન અરપો છો,
કે વિશ્વંભર થઈ સહુને તરપો છો;
કિંવા વ્યાસ થઇ વશિયા છો બેટે,
કિંવા મૌન થઇ ખશિયા છો ખેટે. ૩૦
કિંવા પરિક્ષિતમાતુ ઉદરમાં પેઠા,
મજ કિંકર માટે કહો કયાં જઇ પેઠા;
અનેક અરજીયો તમને તો અરપિ,
કે મજ કરમોથી બેઠા છો ડરપિ. ૩૧
મેં તે કરમ કિયાં કીધાં આ લોકે,
તે તમથી બળિયાં જ્યે તમને રોકે,
શું મે બ્રાહ્મણના કીધા કર કાપ્યા;
શું મે સંત પુરૂષ સેહેજ્યે સંતાપ્યા. ૩૨
શું મે સરિતામાં કીધી લઘુશંકા,
શું મેં દેશ ઉજડ કીધા દેઈ ડંકા;
શું મેં પાખંડ રચના રચાવી,
કે કોયની થાંપ્યણુ પુષ્કળ પચાવી. ૩૩
કે પરદારાથી કીધા વ્યભિચાર
કે ગૌજાતીને લત્તાના પ્રહાર;
કે મેં વિશ્વાસીની કીધી ઘાતો,
કિંવા માહા મારગ લૂંટાયો જાતો. ૩૪

કિંવા જન બહુનેં ખવરાવ્યાં ઝેર,
કિંવા વાહાલામાં વધરાવ્યાં વેર;
કિંવા તીરથ જઇ તાકી તારૂણિયો,
કિંવા વિપ્ર થઇ પીધિ વારૂણિયો. ૩૫
દીધિ જંતૂને અગ્નિની આંચો,
કુડી સાક્ષી ભરી લેઇને લાંચો;
કે પરદારાના વરણુવિયા દોષ,
કે કોય રંકોને રગડ્યા કરિ રોષ. ૩૬
કે કીધી નિંદા વૈષ્ણવ શિવજનની,
કે આશા રાખી બ્રાહ્મણના ધનની;
કિંવા કૃષ્ણ કથા ભંગાણ પાડી,
કે સત્પુરૂષોની કીધી બહુ ચાડી. ૩૭
કિંવા શપથ કરી લીધા નાખ્યાં ધન,
કે પરણી પત્ની રઝળાવી રનવન;
કે મેં .આત્માની ઘાતો કરી આપેં,
કિંવા પ્રાણ સગાં પોષ્યાં મેં પાપેં. ૩૮
કિંવા માત પિતાથી ચાલ્યો અવળું,
કે સંભળાવ્યું નહિ શિષ્યોને સવળું;
કે ઉત્તમ જનનાં કીધાં અવમાંન,
કે લીધાં અઘટિત અવસરમાં દાન. ૩૯
કિંવા ભક્ષ્યાભક્ષ્ય ન જોયાં ભાળિ,
કે ગૌબ્રાહ્મણને દીધિ બહુ ગાળિ;
કે કોય અતિથિનેં દેખાડી આંખ્યો,
કે કોય યોગીનેં જંજાળે નાંખ્યો. ૪૦
કે મારણ મોહન ઉચ્ચાટન સાધ્યાં,
કિંવા બહુ જનનેં પીડાથી બાધ્યાં;
કે અવળું બોલી આભ્યંતર બાળ્યાં,
કે કોય દાનાદિક કરતાં મેં ખાળ્યાં. ૪૧
કિંવા વેદ તણા મારગ મેં લોપ્યા,
કે ગુણવંત વિષે અવગુણ આરોપ્યા;
કિંવા ઇંદ્રિજાળ વિદ્યાથી સહુનેં,

બાહ્ય કરી નાંખ્યા ધર્માંથી સહુને. ૪૨
કિંવા દેવ તણા દેવાલય ત્રોડ્યાં,
કે મહાપુરૂષોનાં માંન્ય મેં મોડ્યાં;
કિંવા વાહાલાં મધ્ય વિયોગજ પાડ્યા,
કિંવા વિણુ વાંકે બાળ્યક કૈં ત્રાડ્યાં. ૪૩
કિંવા પશુજાતિ સ્ત્રીથી હું રમિયો,
કિંવા શબ સૂતક ભોજનને જમિયો;
કિંવા વેશ્યા સંગ કરચો મેં વંઠી,
કે ઠગવિદ્યાથી ઉતરાવી કંઠી. ૪૪
કિંવા ભેદ ગણ્યા બ્રહ્મા હરિ શિવમાં,
કિંવા સત્ય લહ્યાં દેહાદિક જીવમાં;
કિંવા નિંદ્યા મેં ગણપતિ રવિ દેવી,
કિંવા રજવંતી રામા મેં સેવી. ૪૫
કિંવા આપીશ કહી બ્રાહ્મણને નાપ્યું,
કિંવા કલહ કરી નિજ કુળ સંતાપ્યું;
કિંવા માઠું મે સહુ જનનું તાક્યું,
કિંવા વિષ્ણું વિમુખ થઇ પોકળ હાંક્યું. ૪૬
કિંવા તોર ધરચો તનુ ધન ઉદ્દેશી,
કિંવા કષ્ટ કરચાં જનને થઈ ક્લેશી;
કિંવા બ્રાહ્મણ ગો બાળક સ્ત્રી મારચાં,
કે વેદ વચન શુણતાં જન વારચાં. ૪૭
કિંવા લાંચો લેઇ કીધી :પંચાત્યો,
કિંવા કરિ પટલાઈ ભગાવી નાત્યો;
કિંવા બ્રાહ્મણને જમતા રોકાવ્યા,
કિંવા ભાગ વિભાગીના શોકાવ્યા. ૪૮
કિંવા અધર્મિનું અન્ન આરોગ્યું,
કિંવા વ્યસને વિષ ભોગાવી ભોગ્યું;
કિંવા સત્પાત્રોનાં લાડ ન પાળ્યાં,
કિંવા લૂટી લેઇ નગરાદિક બાળ્યાં. ૪૯
મ્હારે વદનેથી શું શું કહુ વરણી,
કેશવજી જાંણો સહુ જનની કરણી;

મજને તો લીધો અજ્ઞાને ઘેરી,
કયમ જાંણું કરણી કાળાંતર કેરી. ૫૦
સાક્ષી છો શ્રીધર તે જાંણો સ્પૃષ્ટ,
અજ્ઞાને મજને સઘળું અદ્રષ્ટ;
ગત દિનની કરણી તે આજ વિસરિયે,
જીવ અમે બાંધ્યા માયાના ફરિયે. ૫૧
જયમ મળને રોગે બકવા બહુ વાધે,
તે તે સાધન સત્ય કહો કયમ સાધે;
એ રીતે અમને અજ્ઞાને વાહ્યા,
દેવ દયા કરશો તો થઇશું ડાહ્યા. ૫૨
નહિતર તો નથિ ઉગરવા આરો,
માધવજી માહારો શો વાંક વિચ્યારો;
છો સર્વજ્ઞ તમે સરવાંતરયામી,
કિંચીત્કરૂણા દ્રષ્ટિ કરો મજ સાહામી. ૫૩
માધવ માન તજી આવ્યો હું શરણે,
નિરખાવો મુજને કરૂણા કરિ નિરણે;
જયે વાતે જગદીશ તમે થાઓ રાજી,
બાળકને તે બાપ બતાવો બાજી. ૫૪
અકળિત છે સત્તા અવિનાશિ તમારી;
તે કળના કરવા સત્તા શી માહારી;
સુતનું નાંમ લહી નારાયણ ભાખ્યો,
તર્ત અજામિલને ભવ ભયથી રાખ્યો. ૫૫
દરશણ દાન કરયૂં નિજને આણંદે,
તોપણ જન્મ ધરયો બીજો મુચકુંદે;
વિદ્વત્ વીપ્ર હતા પણ ન લહી વ્યક્તી,
શ્રવણ કરયે થઇ બ્રાહ્મણિયોને ભક્તિ. ૫૬
પ્રતિદિન પઠતાં પણ રેહે વસ્તુ પરોક્ષ,
સપ્ત દિવસ શુણતાં પરિક્ષિતને મોક્ષ;
યજ્ઞ કરયા નહુષ્યે પણ સ્વર્થી પડિયો,
અપરાધી લુબ્ધક દેહે સહિતાં ચઢિયો. ૫૭
સરખે ઉદ્યમે સમ ફળ નહિ કોહોને,

સુરને પીયૂષ વારૂણિ અસુરોને;
કદર્યનીતો રહિ બિન દાને માઝા,
માહાદાને કૃકલાસ થયો નૃગરાજા. ૫૮
નીર વિના શલ્યા થઇ ગૌતમ દારા,
પ્રસવ્યો પૂત્ર પણ પાવન રહિ તારા;
દુરવાસા શ્યાપે ઘોળે જયગ ઘાલ્યો,
પણ તે અંબરીષ ઉપર નવ્ય ચાલ્યો. ૫૯
સાઠ્ય હઝાર સુતે સંતાપ ન વારયા,
પિતુ સહિતાં સઘળા એકે ઉદ્ધારયા;
દેવાપી પામ્યા બહુ તપથી શોક,
ષણ્માસે પામ્યા ધ્રૂવજી ધ્રૂવલોક. ૬૦
સૌભરિશ્યા તપસી સંસારે ધાયા,
કાકભુષંડીને અડકે નહિ માયા;
છલાઈ પતીવ્રતા વ્રંદા નીકટની,
નિસ્તાર પાંમી પીંગલા નટની. ૬૧
એહેવા કેટલા કહું આશ્ચર્ય અનેક,
ત્રીકમજી રાખો તેહેનો રેહે ટેક;
એમાં કોય જનનૂં ઉપજે નહિ કાંઇ,
મનન કરૂં શાંશાં માહારાં મન માંહી. ૬૨
અનાથના બંધો આવ્યો હું શરણે,
કિંકરની અરજી સાંભળજ્યો કરણે;
આદી એક હતા આપે અવિનાશી,
પાછળથી માયાએ શક્તિ પ્રકાશી. ૬૩
તેણિયે પુરૂષોત્તમજી ચતુર્ભુજ ભાશ્યા,
નિર્ગુણ તે સગુણાકારે પ્રકાશ્યા;
ચૈતન આપ તણું માયામાં વ્યાપ્યૂં,
કાળ અને પૂરૂષ નામે થાપ્યૂં. ૬૪
વિદ્યા અવિદ્યા માયાથી શક્તી,
પ્રગટી તે એમાં બેની થઇ વ્યક્તી;
વિદ્યા સહ તે પુરૂષોત્તમ પરમાત્મા,
અવિદ્યા વશ તે પૂરૂષ જીવાત્મા. ૬૫

વિદ્યાંડાવિદ્યાથી રચિયો ઉપાધી,
મોક્ષને ભોગ જણુવવા સાધી;
જીવને તો રહિ અગોચર વિદ્યા,
અવલોકન માંહિ આવિ અવિદ્યા. ૬૬
જ્યેહ સધાંણી તે ફળરૂપે થઈ,
અણુસાધી તે નીત્ય અગોચર રહી;
અવિદ્યા કેરાં આચરણુ અવળાં,
વિદ્યા જાંણ્યા બિન ભાસ્યાં તે સવળાં. ૬૭
આવરણે આત્મા અગોચર કીધો,
અભ્રમંડળમાં રવિ સરખો લીધો;
અસ્મિતા દ્વારા અધ્યાસ મનાવ્યો,
દેહ વિનાનો તે દેહી બનાવ્યો. ૬૮
રાગ ઉપજાવ્યો દેહાદિક ઉપર,
તેણે મનાવ્યાં હુંને માહારાં પર;
વૃત્તિ મન માંની ભંગ જ્યહાં થાતી,
દ્વેશેથી ચક્ષુ થાયે ત્યહાં રાતી. ૬૯
અભિનીવેશથી અસત સત માન્યાં,
બુદ્ધિ બિગાડ થયે વિશ્વાસે બાંન્યાં;
એતો પાંચે પરવ અવિદ્યા કેરાં,
તેથી કર્મ કરે જીવ અનેરાં. ૭૦
અસંભાવના ઈશ્વરમાં આણી,
જીવ તેથી ન સકે ઈશ જાંણી;
વળતી વિપરીત ભાવના વાધે;
આંધળા જનને અંધ આરાધે. ૭૧
કામ ક્રોધને લોભજ લૂંટે,
તમ રજ સત્વનાં તાંન ન ત્રૂટે;
કાયા કનકને કાંતા મન પેઠાં,
મન બુધ્ય ચિત્તને કરિ નાંખ્યાં એઠાં. ૭૨
શબ્દ સ્પરશને રૂપ રસ ગંધ,
ભોગે શુદ્ધ તજી અવળાને અંધ;
ઈંદ્રિયો સઘળાં અવળાઇ ભજતાં,

વિષ વિષયા મધ્યે સમજ્યા બિન સજતાં ૭૩
ભેદની દ્રષ્ટી ભલિ પેરચે ભાવે,
એમ અવિદ્યા તે બહુ નાચ નચાવે;
એહવે આચરણેંથી અહંપદ વાધે,
બલિષ્ટ થઇ તે પથ વિદ્યાના બાધે. ૭૪
તેથી જન્મ મરણુ લાગે જંજાળો,
પ્રૌઢો નિત્ય આવે અનિમિષનો પાળો;
વ્યાપક આત્માનેં લોકાંતર ભમવું,
આત્મારામને વિષયોમાં રમવું. ૭૫
નિર્ગુણુ તે પરતંત્ર થયો ત્રૈગુણુથી,
કેશવ કરૂણા બિન છુટે તે કુંણુથી;
સમર્થ છે પોતે પણુ ભાસે રંક,
કલિમલ વરજીતને ચઢિયા કલંક. ૭૬
પંથ પ્રપંચના પ્રીત્યેં પ્રસરાવ્યા,
દૈવત દેવનેં દિલથી વિસરાવ્યા;
એહ અવિદ્યાની અવળાઇ કહિયે,
લક્ષ્મીવરનેં તે શ્યે લક્ષ્યે લહિયે. ૭૭
અવિદ્યા હરજી આધિન તમારે,
નિત્યેં નૃત્ય કરે જે શીશેં અમારે;
વિદ્યા તે પણુ છે વશ હરજી તમનેં,
અગોચર રેહે છે જ્યે નિત્યે અમનેં. ૭૮
સજ્જન સંગતી કૃષ્ણાર્પણુ કર્મ,
વેદ શાસ્ત્રના માનવા ધર્મ;
કૃષ્ણુ કથા પિયૂષ સાંભળવું,
કેશવ કોપેં તે રીત્યેં નવ્ય રળવું. ૭૯
વિશ્વંભર કેરો ધરવો વિશ્વાસ,
હરિ હરિજન કેરાં કરવા નહિ હાસ;
દામોદરજીના દાસ થઈ રેહેવું,
હું માહારૂં મનથી માંની નવ્ય લેવું. ૮૦
સુખ દુઃખ ભોગવવું પ્રારબ્ધ માંની,
હૃદયામાં કોયની ચ્યાહાવી નહિ હાંની;

પરની પીડાને પેખી પરજલવું,
મિત્ર મિત્રોને મનનાર્થે મળવું. ૮૧
દંભીની સંગતિથી દૂર ખસવું.
વિટંબણા વરજી એકાંતે વસવું;
ગુણ ગોવિંદના ગવરાવી ગાવા,
જાવું જ્ઞાનરૂપી ગંગામાં નાહાવા. ૮૨
સત્ર સાંભળવું ગુરૂને થઇ શરણે,
નિત્યાનિત્યના સાંભળવા નિરણે;
વેદાંત જોવું નિત્યે વિચ્ચારી,
ધન સત્પાત્રોને દેવું હું હારી. ૮૩
શ્રીધરની સત્તા જોવી સરવત્ર,
જેહેની આજ્ઞા બિન હાલે નહિ પત્ર;
માંનવી માથે છે મરણ ભીતિ,
યમનો ડર જાંણી નિહાળવી નીતિ. ૮૪
અહાર ભય નિંદ્રા રતિને રગડવાં,
લોકોનાં બળવા દેવાં બડબડવાં;
સજ્જન પુરૂષોની માનવી શિક્ષા,
દિલ સાચે ધરવી દેવની દિક્ષા. ૮૫
સઘળે સર્વાત્મા વ્યાપકને જોવા,
ખાંતે રાગ દ્વેષ હૃદયથી ખોહોવાં;
થાશે નારાયણ કેરૂં નિરમેલું,
વશ મન રાખવું વૃત્તિ વિરમેલું. ૮૬
સૂતાં જાગતાં કરતાં ગૃહકાંમ,
આભ્યંતર રટવાં નાથ નાંમ;
હસતાને હસવું રડતાને રડવું,
ગર્વ મૂકીને ખાલી ગડગડવું. ૮૭
ગુપ્ત અરપવું પાત્રોને વિત્ત,
ચકડોળ ચઢવા દેવું નહિ ચિત્ત;
હરિના થઇ રેહેવું હૃદયમાં રાજી,
સજ્જન સંગત્યથી સાચવવી બાજી. ૮૮
ભગવન્નૈવદ્ય પાખે નવ્ય જમવું,

દુઃશમન માંનીને કોઈને નવ્ય દમવું;
દેહાદિક જોતાં મળ મૂત્ર ભરેલા,
સબંધી જોવાં રૂણુ સ્વાર્થે વરેલાં. ૮૯
કાળ તણા મુખમાં જોવાં જન સર્વે,
કરવો નહિ વિદ્યા વપુ ધનનો ગર્વ;
સુખ સંસારીના સ્વપના શ્યાં જોવા,
ધણિના ધ્યાંનવડે કલિમલને ધોવાં. ૯૦
નિત્યે સ્તુતી કરવી શારિંગધરની,
વિધ વિધ માંનવી રચના ઇશ્વરની;
જ્ઞાન વૈરાગ્ય સહિતાં હરિભક્તિ,
તે દ્વારા તજવી બીજી આસક્તિ. ૯૧
અધમોદ્ધારણને આશરે રેહેવું,
આપણુના ડાહાપણને મૂકી દેવું;
ઈચ્છા ઇશ્વરની માંની મન મોટી,
હું કરતા કેહે તે લેહેવી મતિ ખોટી. ૯૨
સંકલ્પોના સહ વિકલ્પ વિસરવા,
કઉતુકથી કાંન કોહોના નવ્ય ભરવા;
હરિનું હેત લહી હારી નવ્ય જાવું,
માયિક રચનાનૂં મળવું નવ્ય ચ્યહાવું. ૯૩
કામ પડે તેટલું વદવું કૃપણોથી,
મમતા નવ્ય ધરવી મનમાં જન કોથી;
હરિ વિમોખુનું જોઈ ભવ માંહે ભમવું,
હરિને ચરણ તણે શરણે વીસમવું. ૯૪
ભેખ તણા કેવળ ભરૂસા તજવા,
ભાવેથી ભગવંત હ્રુદયમાં ભજવા;
ભેખ તણી નિંદા કદિયે નવ્ય કરવી,
ઓળખી ઉત્તમની સંગતિ આદરવી. ૯૫
પરદેશી સરખું રેહેવું નિજ ઘરમાં,
વાહાલપણું કરવું તે વિશ્વેશ્વરમાં;
બાજીગર સાચો જુઠી જયે બાજી,
એહેવું જોઇ રેહેવું માધવ શું રાજી. ૯૬

એહેવા વિદ્યાના વીધ વિધ વિલ્લાસ,
તેને સેવે તે સાચા હરિ દાસ;
એહેવી વિદ્યાને કયમ કરિ હું સાધું,
માટે માધવજી તમને આરાધું. ૯૭

કરૂણા કરશો તો વિદ્યા મન વસશે,
આવરણ કરણાર અવિદ્યા ખસશે;
સેહેજ્યે સંતાપ સઘળાયે શમશે,
ગુણ ગોવિંદતણા ગાવા મન ગમશે. ૯૮

અતિશે આભ્યંતર અજુવાળું થાશે,
જીવની જોરાવર જંજાળો જાશે;
ભીતી મિટિ જાશે કાળા નલ કેરી,
ફરવી મિટી જાશે જન્મોની ફેરી. ૯૯

અદ્રષ્ટ સઘળાં દ્રષ્ટિયે પડશે,
ભક્તિ વૈરાગ્ય જ્ઞાન ગડગડશે;
છૂટશે ત્રણ્યે રૂણ ત્રણ્યે તાપ,
ઓળખાશે ઉરમાં આપનું આપ. ૧૦૦

ભાસશે કાક વિષ્ટા સમ ભોગ,
જણાશે જાલ્યમ જીવેશ્વર યોગ;
રૂપ રંગીલૂં નજરે દેખાશે,
એકોત્તર શતનો ઉદ્ધાર થાશે. ૧૦૧

માધવજી કરિયે મુજને મેહેરબાંની,
ઓળગ નોહ્ય અક્લ આપની માંની;
માધવજી આહાવો અવસર કયહાં મળશે,
ત્રીકમ કયહાં સૂધી સેવક ટળવળશે. ૧૦૨

સત્વર સેવકની સંભાળ કરજ્યો,
હરજી હસ્ત હવે હેતેથી ધરજ્યો;
હાંની કયમ સેહેશે વરિયો જ્યે હરિને,
કિંકર કૃષ્ણરામ કહે કરગરિને. ૧૦૩

સંવત અઢારસેહેને ચ્ચુમોત્યરે,
ફાગણ સિત તૃતીયા ચંદ્ર વાસરે;

શ્લોકો સંપૂરણ લિખિયો તે સીધો,
કૃષ્ણરામે તે કૃષ્ણાર્પણ કીધો. ૧૦૪

દોહરો.

શ્લોકાની શ્રવણે ધરી, તૂક એકસો ચ્યાર,
કૃષ્ણરામની કૃષ્ણજી, વેગે કરજ્યો વાહાર.

વી૦ ૨૪ પા૦ ૧

કલિકાલનું વાર્ણન.

કીર્ત્તન ૩૭૫ મું.

કૃષ્ણ કરૂણાનિધાન કૃપા કરો, આતો સમય આવિ પડયો આકરો;
નથી સેહેવાતી ટંટાની ટાંકરો. કૃ૦ ૧
આંગે પીડા અહંમમતા તણી, વળિ સમય બિગાડે બિજી બણી;
મજ રંકથી કયમ ઓલવાય અણી. કૃ૦ ૨
તાપ ત્રિવિધથી પેહેલાં તાપિયો, વળિ રાગ રોષ હૃદિ વ્યાપિયો;
ભાગ્યહીણ તેણે સંગે શાપિયો. કૃ૦ ૩
જ્યે જ્યે મળિયું તે સ્વારથ સાધવા, આપસરીખો કરીને આરાધવા;
બુદ્ધિ બિગાડ કરીને બાધવા. કૃ૦ ૪
રોજગાર રોકાયા રોળથી, ઘરનાં ધન ઘાઢાં ઘણા ઘોલથી;
દુઃખ વાધ્યાં મતિ દંદોલથી. કૃ૦ ૫
વાધ્યા ચકલે ચકલે ચાડિયા, ઉંચ પુરૂષોને ઉંધા પાડિયા;
લોક દાંડ થયા લડવાડિયા. કૃ૦ ૬
જન જનની હઠી બલજોરીયો, અનુદીન થવા લાગી ચોરીયો;
ગરિબ ગુર્જર પેઠો ગોરીયો. કૃ૦ ૭
કશું કિંચિત્ કલ્પી કલંકને, રાય થઇને રોળે છે રંકને;
વિત્ત લોભે વિચ્યારે ન વંકને. કૃ૦ ૮
વિના કાળે તે વરષા વરસતા, અંબુ વેળા અંબુને આકરસતા;
સસ્ય માત્રની સૂકાઇ સરસતા. કૃ૦ ૯
જન અવગુણ ગ્રહે ગુણ વિસરે, દેશે દેશે દેવાળાં નિસરે;
એમ અર્થાભિલાશા શી સરે. કૃ૦ ૧૦

સુખે મમા ચ્યચ્યા રહ્યા મલિ. એક એક ઉપર જન રહે બલિ;
સગા સગા ન બેસે હશી મળી. કૃ૦ ૧૧
વેદ શાસ્ત્રની ગોપિ લોપાઇયો, જ્ઞાન દાનની ગતી ગોપાઇયો:
હૃદયે રાહાડ્યની વેલ્યો રોપાઇયો. કૃ૦ ૧૨
મિત્ર માંનીયે તે મહા મોહો કરે, છોડિ છોકરા તે ગળે છોહોકરે;
જાતી જાતીમાં જન બહુ દ્રોહ કરે. કૃ૦ ૧૩
વ્યભિચાર વધ્યા બહુ જાત્યમાં, અતી ઇરિષા વધી નાત્ય નાત્યમાં;
રહ્યા વિષય વિકાર વિસાત્યમાં. કૃ૦ ૧૪
કન્યાવિક્રય કલ્પાયા ઘણા, ગુણ ગાત્રા ગમ્યા તનુઓ તણા;
કહું શું શું નથી રહી કાંઈ મણા. કૃ૦ ૧૫
કથા કૃષ્ણની કોયને નવ્ય ગમે, દાસ થાય તેને દુનિયા દમે;
દામ દારાના રંગમાં સહુ રમે કૃ૦ ૧૬
આહાવે અવસરે સાધન શ્યાં સધે, અંગે રોગ નવા નિત્યે વધે;
આવે અલ્પ મરણ અકાલે બધે. કૃ૦ ૧૭
આભ્યંતરે આતુરતા થઇ, જંજાલમાં જીનગાની ગઈ;
કલેશ વાધે છે નિત્યે કઇ કઇ. કૃ૦ ૧૮
આવ્યો આશરે હું તો આપને, શ્રીનિવાસ શમાવો સંતાપનેં;
પ્રભુ નાથ પરાં કરો પાપનેં. કૃ૦ ૧૯
ગોરા કાળા શું જોવા અરદનેં, બલવીર પાળો નિજ બિરૂદનેં;
વારંવાર કહું શું વરદનેં. કૃ૦ ૨૦
ગુણ દોષ ગરીબના શું જુવો, ધણિ સાહ્યબ મહારૂં મન;
સખા થઇને સુખે અજી કયમ સુવો. કૃ૦ ૨૧
વાહાલા નાથતણો વિશ્વાસછે, એક મુજને તમારી આશાછે;
કૃષ્ણરામ તે દાશનો દાસ છે. કૃ૦ ૨૨

વી૦ ૨ પા ૨૧

કીર્ત્તન ૩૭૬ મું.

દેશી ફેર.

કેશવ ધરજ્યોરે કરણે, મ્હારા મન કેરા કહુ નીરણે,
ચિત્ત કરિ જોયુરે ચિંતન, કોય ઠેકાણે માને નહિ મન. ૧
સકલ સંબંધીરે જોયાં, કલબલ કરતાં બોલે કોહોયાં;

સહુ સ્વારથનેરે ચકતાં, સ્વારથ સમઝાવિ નવ્ય સકતાં. ૨
માને સુરદાનીરે મમતા, ગાય ન ગોવિંદના ગુણ ગમતા;
શોક પળાવીનેરે પાળે, નજરો બાંધી અક્ષત વાળે. ૩
આપ રડીનેરે રોવરાવે, લૌકીક કેરી લક્ષ કરાવે;
શીખવે નાત્ય તણીરે રીત્યો. સાધ્યે શિશ્નોદર જયગ જીત્યો. ૪
પુત્રાદિકની પૂછે વાતો, કાલ ન જાણે જણવે જાતો;
ખાય પરસ્પરને ખવરાવે, બાધા રાખી જયાગ વવરાવે. ૫
વહુને ભરાવેરે વાડી, વેહેવાણ્યોને વાહાલા સાડી;
અબલાને અરપે આભૂષણ, દૂભાઈ જઇને બોલે દૂષણ. ૬
વાંધો પાડી વેર વધારે, આપ ન સુધરે ને ન સુધારે;
મુમત મનાવેરે મોટો, ખેલ ખેલાવે સઘળો ખોટો. ૭
છિદ્ર પરસ્પરનાંરે બોલે, રાજી થઈ રજમાં રગદોલે;
ભ્રાંતે શિખાવેરે ભમવું, દુષ્મન માંની કઇને દમવું. ૮
સુખે જયમે નહિ ને જકડે, આપ આપની હઠ્યને પકડે;
મરતા જનનેરે મારે, પ્રાણ ગયા પછિ રામ પુકારે. ૯
લોચન બાંધેરે તાણી, ઘરની ખીચાવે નિત્ય ઘાણી;
દાન કરંતાંરે વારે, ભાવ ભજનમાં વિઘ્ન વધારે. ૧૦
કૃષ્ણ કથાનેરે રોકે, તારક સંગ કરતાં ટોકે;
લાલ લીંટનેરે આંસુ, પાછલ પોહોચાડે રોઈ ફાંસું. ૧૧
શ્રાદ્ધ સંવત્સરીને ન કરે, ગુણ વિસારી અવગુણ ઉચરે;
જીવતાં જકડેરે જંજાળે, પ્રાણ ગયા પૂઠે શું પાળે. ૧૨

(૧)

ધન તૃષ્ણાનેરે જોઇ, જેણિયે કરી જીનગાંની ખોઇ;
કઇને ધરણીરે ખોદાવે, કઇને પાસે રજ સોધાવે. ૧૩
કરાવે નીચોની ચાકરીયો, બંધાવે બહુ વિધ બાકરીઓ;
વૈર પરસ્પરરે ઉપજાવે, પૈસા માટે પ્રાણ તજાવે. ૧૪
નિત્ય કરાવેરે ચોરી, પૈસે અંત કાલજું કોરી;
ધાતુ બુદ્ધિનેરે બળાવે, રંક કરી રણવન રઝળાવે. ૧૫
સમ ખવરાવેરે જૂઠા, બળિયાને કરી નાંખે બૂઠા;
ભ્રાંતી મનાવેરે ભોળવ્યાની, આશા ઉપજાવે ઓળવ્યાની. ૧૬
રંગ કથાનોરે રોકે, સત્કર્માદિક સેહેજે શોકે;

વેહેમ વધારેરે મનને, પુન્ય વળાવે ઉપર ધનને. ૧૭
સત્પાત્રોનેરે જાંણી, દેતાં ધન પકડી લે પાણી;
બાધ કરાવેરે બહુના, અવિશ્વાસ ઉપજાવે સહુના. ૧૮
વિદ્વાનોનેરે વાહ્યા, ધર્મ તજી ધન માટે ધાયા;
દૂષીત કીધારે દાતા, ધન ધન કરતા હીંડે ધાતા. ૧૯
રાજ પ્રતિગ્રહરે કરતા, બિન સન્માને ઘર ઘર ફરતા;
વિદ્યા રાખીરે વંધ્યા, શમીએ તાણી બાંધી સંધ્યા. ૨૦
અજ્ઞ તણું કહ્યુંરે માને, સાચી શીખામણ કહે શાંને;
શાસ્ત્ર મનનરે નવ્ય શોધે, બકતાં જનને વકવું બોધે. ૨૧
દારૂણ દાન તણુંરે લેવું, છતી છત્યે દેખાડે દેવું;
પડિયું નંગ જડેરે કોહોનું, શોષ કરે શાંહાણા થઈ સોનું. ૨૨
સાગર નાવેરે ચઢવું, અર્થ તણે માટે આથડવું;
કઇનાં મસ્તકરે કાટે, ધન ચાહાતા કઇ શીરને સાટે. ૨૩
વિરામ નાવેરે મનને, ધનવાળાને કે નિરધનને;
ધન તૃષ્ણા છેરે ભૂંડી, એહેવિ પેશી રહી છે ઉંડી. ૨૪
ગાલી કઇનેરે બુહુણાવે, ભૂત સરપ કરીને ધુણાવે;
ડાક્યણ ડોલાવેરે ધાહાડી, કૃષ્ણ ભજનથી મૂકે કાહાડી. ૨૫

(૨)

અબલાની જોઇરે આસક્તિ, જેથી નાવે કદાપી વિરક્તિ;
કરમાં શ્રીફલરે લેવરાવે, ઘોડે ઘાલી બજાર ફિરાવે. ૨૬
આંખે બંધાવેરે અસાબા, કાજલ લપટે ગંડેડાબા;
બળતી મશાલેરે કાહાડે, આગળ પાછળ ઢોલ વજાઢે. ૨૭
ગાલી ભંડાવેરે ગાંને, પરણશે વરતે એહેની માને,
સગાં સકલનેરે ભંડાવે, ઘરમાં ઘાલીને દંડાવે. ૨૮
નાક કપાવેરે બિન પાળી, માંનની નીરખાવે મોહોવાળી;
અંતર પટરે ઘાલે આડો, દિવ્ય દેખવા દ્યે નહિ ધાહાડો. ૨૯
સાવધાન કેહેરે સંભાળો, કર ધરતાં કહે હાથ્યે વાળો;
આંખ્યે આંણેરે આંધી, વરમાલાથી પકડે બાંધી. ૩૦
કંઠે ઘાલેરે દોરી, ચ્યારે તરફ રચાવે ચોરી;
અંગુઠાનેરે સહવરાવે, અબલાનું આપ્યું ખવરાવે. ૩૧
જોતાં જાંણિતીરે સવાઈ, બગલ નીકલ્યે ઠરી ભવાઈ;

જોતાં લક્ષ તણોરે ધરીઓ, ડાબી કાખ સમોતે ઠરીઓ. ૩૨
માનનીયે નાંખ્યોરે મરદી, દીન દીન અધિકો કીધો દરદી;
નરકકુંડમાંરે નવ્હરાવ્યો, કમનીયને કામિ કેવ્હરાવ્યો. ૩૩
તનુ મન ધનનેરે ચોરચું, વિષ્ણુ તજીને વિડંબણુ વોહોરયું;
ગંદાઈમાં મનને ગુથાવ્યું, ચિત્ત ધરીને ચરમ ચુંથાવ્યું. ૩૪
જ્યમ ખંજોલેરે ખસમાં, એમ રમે રામાના રસમાં;
અશુચિ શય્યામાંરે પોહોડે, દસવા અધર કારણે દોડે. ૩૫
અર્થ અધર્મેરે આંણ્યો, સૂપી વનિતા કર વેચાંણો;
પ્રિત્યે પયોધરને પકડે, યુવતીની જંઘાઓ જકડે. ૩૬
મોહીની લાગીરે મનમાં, તેથી ઝેર વધાર્યું જનમાં;
કદી જો મર્ણ થઈરે નારી, તોપણ બીજી ધરાવે ધારી. ૩૭
શ્રીપતીને ન રહે શરણે, પાછો પડવા નરકે પરણે;
મરતી વેળારે મનની, યોનિમાં આશા રહે જનની. ૩૮
લક્ષ ચોરાશીનેરે લેખે, દુઃખ સહે પણ દષ્ટે ન દેખે;
એહેવી સ્ત્રીનીરે આસક્તિ, હોય ન જ્ઞાન વિરતી કે ભક્તિ. ૩૯

(૩)

પુત્ર તણી આશારે જોઇ, જેથી મનડું રેહે છે મોહી;
દેવ દેવીનીરે બાધા, દિલમાં રાખે દુઃખના દાધા. ૪૦
લોટ ફાકતારે હીંડે, પોતાની કાયાને પીડે;
દાખી પુત્ર તણીરે દાત્રી, લક્ષ ધરી સેવે નવરાત્રી. ૪૧
એક વસ્ત્રથીરે નાહાતા, નારાયણબલિ કરવા જાતા;
પિપ્પલ કેરાંરે આવર્તન, નિત્ય નવિન કરાવે નર્તન. ૪૨
શ્રીફળ શણગાને શિવલિંગિ, કેક ગલંતિ શમારંગિ;
પીર ચઢેલીરે કલિયો, કુસુમ તણી કઈ કઈ કે ગલિયો. ૪૩
પુત્ર થયેથીરે શાંતિ, થાય ન નિત્ય નવિ હોય ભ્રાંતિ;
નજરો કઈનીરે લાગે, નિત્ય નવી જંજાલો જાગે. ૪૪
વિષ્ટા મૂત્ર તણુંરે વેહેવું, આલું ચરમ ગલાશું એહેવું;
પીડા દેખીનેરે રડવું, ઉંજણી નંખાવા આથડવું, ૪૫
ભાંણામાં પડતિરે લાળો; ઉચકવો અસ્થિનો માળો;
ઉપજે મનમાંરે આળો, અનેકની સેહેવો ઓશિયાળો. ૪૬
ચાકર થઇનેરે નાંમે, રેહેવું ઉચકવું બિન દામે;

પરના ઓલંભારે સેહેવા, કઠીણુ બોલ કે કેને કેહેવા. ૪૭
વિવિધ વસ્તુનેરે વણસાડે, પડે નાચવું જયમ નચાડે;
ભંગ કરાવેરે નિંદ્રા, નિત્ય વધારે વિવિધ વંશીદ્રા. ૪૮
ખાવા નિત્ય નવુંરે માગે વણુ સાચવતાં વાસણુ ભાગે;
કઇની ખવરાવેરે ગાળી, ઉત્તમ વસ્તુ લે ઉલાળી. ૪૯
વશ રાખીનેરે વેહેવરાવે, બાપ બાપ મુખથી કેહેવરાવે;
મોટો થાતેરે પરણે, ઘર ઘરણું મૂકાવે ઘરણે. ૫૦
કમાઈ કરીનેરે નાલે, વળતી ઘરધણી થઇ ઘાલે;
ઓલાવે ઘરનીરે વસ્તો, કરે તાતને તે ખડ ઘસતો. ૫૧
મધ્યે મરે જો એ ઘર માંડી, માથે મૂકી જાય વહુ રાંડી;
જો જીવે તોરે ઝગડે, કનક કામની કાજે બિગડે. ૫૨
ન કરે વૃદ્ધપણેરે સેવા, હોય તો અંતે આવે લેવા;
મન વાંચ્છિતનેરે માગે, ભલો થાય તો રગડે રાગે. ૫૩
પ્રીતિ પ્રભુનીરે ન કરાવે, દાન ન દે કે નવ્ય દેવરાવે;
પુત્રાસક્તિરે પરખી, સ્નેહ બને શું નીતમ નિરખી. ૫૪

(૩)

જોઇ પરલોક તણીરે પ્રીતિ, જયેથી બુદ્ધિ સકાય ન જીતી;
કામ્ય કરમનેરે કરાવે, હરિ ભજનાદિક સરવ હરાવે. ૫૫
કઈક પશુનેરે પીડાવે, કામનાઓ રૂદયે ક્રીડાવે;
ધૂમ્ર ભરાવેરે આંખ્યે, નિત્યે વિઘ્ન ઘણેરાં નાખે. ૫૬
કૃત્ય કરાવેરે કાચું, સ્વરૂપ સમઝાવે નહિ સાચું;
સ્વર્ગને અર્થે કર્મ તજાવે, ભેદ બુદ્ધિયે બલિ ભજાવે. ૫૭
વાદ વેદનારે વદાવે, યજ્ઞે ઇંદ્રાદિકને યજાવે;
કઈ દિન સ્વર્ગેરે અટકાવે, પાછો પ્રથ્વીમાં પટકાવે. ૫૮
જનનીનેરે જઠરે ઘાલે, ચેટક કઇક ચલવતી ચાલે;
એહેવી અમુત્રનીરે પ્રીતિ, નિરખી જાણિ તેહેની નીતિ. ૫૯

(૪)

રસના રસનીરે, પ્રીતિ, તેતો કરતી દીઠિ અનીતિ;
ધરમ તજીનેરે ધાતી, નિત્ય નવા રસ લેવા ચ્યાહાતી. ૬૦
પેટ ભરચું તોહ્યેરે પ્રાસે, અકળાવે અતી શ્વાસો શ્વાસે;
વાંહાંણે નંખાવેરે વાશી, તોપણ ઉપજાવે ન ઉદાશી. ૬૧

નિત્યે ભાવેરે જ્યમવું, હાહાડી રંક દેહને દમવું;
જોખ્યમ કોયનુંરે નવ્ય જાંણે, તનુને કંઈકંઈ દેશે તાંણે. ૬૨
કાન સાંભળેરે કાંણી, બુધિ સાચી જાય ન જાંણી;
કલબલ શુણતાંરે દોડાવે, તતક્ષણ કાર્ય સકલ છોડાવે. ૬૩
ગ્રામ્ય ગીતમાંરે રાજી, જાંણિ જાય ન હારિ બાજી;
કૃષ્ણ કથામાંરે ન ઠરે, જ્યે જ્યમ ત્યે ત્યમ સમઝણ ન ધરે. ૬૪
રૂપ નિહાળેરે લોચન, તે ઠેકાણે ચોટે જઈ મન;
કનક કામિનીરે વાહાલાં, લોચન નિરખ્યે ઘટમાં ઘાલ્યાં. ૬૫
પર દારાનેરે દેખે, અનંગ ઉપજે અંત અલેખે;
દામ દેખતાંરે ડલકે, તૃષ્ણાંકિત થઈ મનડું ઠલકે. ૬૬
નાસા ગંધ ગ્રહેરે રૂડો, મુખ બિગડાવે જાંણિ ભૂંડો;
સૌરંભ જાંણેરે સારા, અન્નાદીકના ન્યારા ન્યારા. ૬૭
ત્યાંહાં ત્યાંહાં ઉપજાવેરે આશા, તનમન દ્વારા કરે તમાશા;
ધર્મ તજીનેરે ધસતી, ગણવા દે નહિ કાંનન વસતી. ૬૮
ત્વચા સ્પર્શનેરે ચ્યાહાતી, કોમલ મૃદુલ મનાવિ વાહાતી;
તરૂણી તનનુંરે આલિંગન, ઇચ્છાવે નિત્ય કરવાને મન. ૬૯
તનય તનયનૂરે મળવું, કઠીણ મળે તો મન કલકલવું;
વસ્ત્ર અનૂપમરે ભાવે, તેલ ફૂલેલ અરગજા ચ્યાહાવે. ૭૦
કામ ક્રોધ મદરે મરદે, ત્રશિયે દંભ લોભને દરદે;
મત્સર મતવાલોરે મારે, શાહાણપણું સેહેજ્યે સંહારે. ૭૧
જ્યાંહાં જ્યાંહાં આસક્તિરે લાગે, ત્યાંહાંથી અધિક વિપત્તિ જાગે;
હરિ વિમુખોનીરે ટોળી, રાજી થાય તે નાંખેરોળી. ૭૨
આ અવસરમાંરે મોહન, મેહેર કરો મજને મધુસૂદન;
ઠગનાં ટોળાંરે મળીયાં, ફંદ કરાવા માટે ફળિયાં. ૭૩
તેહેની પ્રીતિરે જો ત્રુટી, લક્ષ સરવ મળી લે છે લૂંટી;
વાહારે ધાજ્યોરે વત્સલ, માહારે એક તમારૂં છે બલ. ૭૪
જ્યે ગુણ અવગુણરે ગાયા, એ સહુ રૂપ તમારિ માયા;
શરણ થયેથીરે ખસશે, વિઠલ વિસારે મન વસશે. ૭૫
દુઃખ સકલનેરે વાંમું, સાહેબ જો જોશો મજ સાંહાંમું;
કૃષ્ણરામનીરે અરજી, શ્રવણે શિઘ્ર ધરો શ્રીધરજી. ૭૬

સંવત ૧૮૭૩, ચૈત્ર શુક્લ ૧૫) ભોમ.

વી૦ ૧૭ પા. ૪

કીર્તન ૩૭૭ મું.

કેશવ કૃપાનિધાન, અરજી ઉરમાં આણો
ભક્ત પ્રિય ભગવાન, જીવ દયા મન જાણો. ૧
પુરૂષોત્તમ પ્રતિપાલ, આ અવસરતો આવ્યો;
કુટિલ કર્મથી કાલ, કેટલો તે મે કાપ્યો. ૨
અજી રહ્યો અવશેષ, જકડ કરયે જો જાશે;
રીઝ કરી રૂષી કેશ, અફળ તમારી થાશે. ૩
બાળક દેખ્યે બાઉ, પ્રીત્યે ફિરે તે પૂઠે;
હઠયે બતાવે હાઉ, છાતીમાં છળિ ઉઠે. ૪
એમ હુ અંતરયામી, હેત દેખાડે હરખું;
ગોવિંદ ગરૂડાગામી, થોડા દુઃખથી થરકું. ૫
સેવકને સનમાન, કરીને સૂંપો કામું;
દાસ હું ઠરી દુકાન, નિત્ય લિખું નિજ નામું. ૬
ઉઘરાણી ઘર ઘર, કરવી મુજથી ન સાધે;
મન ધ્રૂજે થરથર, બોલ લોકના બાધે. ૭
ત્રીકમ ન રહ્યો તાલ, અર્થ નથી કાંઇ સરતો;
કલીનો આવ્યો કાલ, કડકડાટ બહુ કરતો. ૮
વિમલમતિ વિપરીત, વેહેવા લાગી સહુની;
પરમાથની પ્રીત્ય, બાહારચ ખરી ગઇ બહુની. ૯
ઉત્તમ ચ્યારે વરણ, ઉત્તમતાને મૂકી;
કરે અધર્માચરણ, ચિંતન હરિનું ચૂકી. ૧૦
વાડવ વિદ્યાવાંન, થઇ પણ ઘર ઘર ડોલે;
શુદ્રતણું સનમાંન, નહિ પણ આશિશ બોલે. ૧૧
વિદ્યા ભણીને વાદ, પંડીત કરે પરસ્પર;
શિશ્નોદરના સ્વાદ, ફિરે શોધતા સત્વર. ૧૨
વાંચે જઈ વેદાંત, કણ લેભે કઈ ઘરમાં;
સમઝે નહિ સિદ્ધાંત, ભટકે ભવસાગરમાં. ૧૩
વિપ્ર પરસ્પર વેર, કામ કામણે કરતાં;
જરને માટે ઝેર, મમતા માંની મરતાં ૧૪
વિદ્વત્થઇને વ્યાજ, ગરીબ કેરૂં ગમિયું;
કરે અઘટતા કામ, ભ્રાંત્યે મનડું ભમિયું. ૧૫

શાસ્ત્ર તણી નહિ સાંન, વાંમ મારગે ચાલે;
કરિને મદિરા પાન, મોહોટા થઇને માહાલે. ૧૬
મારણ, મોહન જાર, ઉચ્ચાટન આરાધે;
ઉત્તમ થઈ અભિચાર, સુવર્ણ માટે સાધે. ૧૭
ઉર્ણા ઉરદ ઉપાન, મધુ મહીષીને મહીનું;
દારૂણ લે છે દાન, કાળ સમે કઈ કઇનું. ૧૮
શુદ્રાદિકને ઘેરચ, શાસ્ત્ર શિખાડે જઇને;
પરમ ધરમની પેરચ, વિપ્ર તણી ગઈ વહીને. ૧૯
એકાદશાનું અન્ન, બ્રાહ્મણને પણ ભાવે;
ધણિને નોહ્યે જો ધંન, ઘર ઘરણું વેચાવે. ૨૦
મળ લઘુ શંકા લીંટ, દેખંતા જ્યહાં દીસે;
એ ઠેકાણે ઇંટ્ય, માંડી પાતળ પ્રીસે. ૨૧
રામા કરે રૂદંન, હાથ વાળતી હઇયે;
આરોગે ત્યહાં અન્ન, કોણ કોણને કહીયે. ૨૨
રટતાં રાજદ્વાર, પંડીત થઇને પક્કા;
દેવડિયે છડિદાર, સહિને તેમ્ના ધક્કા. ૨૩
તોપણ નાવે લાજ, કિંકર મૂકે કાહાડી;
વર્ષાસનને કાજ, દરબારે જાય દાહાડી ૨૪
નાત્ય નાત્યમાં નીત્ય, બંધી કરી બડબડતા;
વૃષા ઉષ્ણ ને શીત, વેઠી વાટચે વઢતાં. ૨૫
અન્ન તણો મુખ આસ, તોપણ બોલે ગાળિ;
દામ તણા થઈ દાસ, પેઠે મારે પાળી. ૨૬
વૈશ્વદેવ નૈવેદ્ય, બ્રહ્મયજ્ઞ કે તર્પણ;
ભૂત બળીનો ભેદ, જાંણે નહિ બ્રહ્માર્પણ. ૨૭
સસરા કહીને ગાળ, પુત્ર પૌત્રને દેતા;
અલ્પ ચઢાવી આળ, લાંચ પટેલ થઈ લેતા ૨૮
એક નોહોતરે ચ્યાર, જ્યમવા કાજ્યે જાતા;
ન જુવે વરણાચાર, સહુને ઘર જઈ ખાતા. ૨૯
શ્રીવા લગણ ભરાઈ, પરનૂં આવે પ્રાશી;
રાત્રિ બધી રગડાઇ, વાહાણે નાંખે વાશી. ૩૦
પલાંડુ લસન કલિંગ, મધુ પૂષ્પો ને ગાજર;

અફીણુ તમાકુ ભંગ, વ્યસન કરવામાં હાજર. ૩૧
બેઠા નિત્ય બજાર, બ્રાહ્મણુ નિંદા સાધે;
સગાં સગાંમા ખાર, કલહ કરીને બાધે. ૩૨
પર નાતીનિ શહાડ્ય, નિજ નાત્યોમાં ઘાલે;
દાંમે ડલકે દાહાડ્ય, મનને માંન્યે ચાલે. ૩૩
ઘરમાં ક્ષીપ્રાખાય, સરખા થઇ સબંધી;
કુલીન જમવા જાય, ત્યહાં ધાકડની બંધી. ૩૪
તજી સ્નાન સંધ્યાય, ભાવે ભાવે ભમવું;
ચિત્તે નિત્યે ચ્યહાય, પૂર્વજીયાનૂં જમવું. ૩૫
વાટયે વાટયે વ્યાસ, થઇને માંણ્ય વજાડે;
પાંચેક બેઠા પાસ, તેહુ તાળિયો પાડે. ૩૬
શ્રુતી સ્મૃતીની વાત, કાલ જીવ ઇશ્વરની;
જાંણ્યે નહિ કાંઇ જાત્ય, રાગ તાલ કે સ્વરની. ૩૭
પિંગલ રીત્યે છંદ, કવિના કરયા ન જાંણે;
પોતા તણા પ્રબંધ, રચી રાગડા તાંણે. ૩૮
નાતરીયાની વાત, કેરીને રે ટીડા;
ગાતા શામા સાથ, કરે કટાક્ષે ક્રીડા. ૩૯
અંગુલિયો અંગૂઠ, બાંધી ગાય ઉછળતા;
મોહોટા થાય તો મૂઠ્ય, બીજા મારે બળતા. ૪૦
યજમાંનોથી રીસ, કરીને દાપું લેતા;
નહિતર ફોડી શીશ, રૂધિરે હાથા દેતા. ૪૧
કઈ ધન કાજ્યે થાય, વોહોરાના વાણોતર;
કે કાશદીયે જાય, કઈ ભીખંતા ઘર ઘર. ૪૨
કે નાંખતા ટેહેલ, કઇ વીટણીયો વીંટે;
કે હાકંતા બેલ, શકટ ભરીને ઇંટયે. ૪૩
કંઇક કરંતા રાસ, નારિ રૂપ થઈ નાચે;
મશ્કરિયોથી હાસ, કઈકિ કરંતા સાચે. ૪૪
કઇ પાણી ભરનાર, કંઇક રસોઈ કરતા;
કોય હોય નાકાદાર, કઇક કરોઢ ફરતા. ૪૫
કઇ લ્યે ભરિને દામ, સરપણુ શકટ અજારે;
કે શેઠોનાં કામ, બેઠા કરે બજારે. ૪૬

એક ન્યાત્યમાં નાત્ય, કલ્પિત બીજી કીધી;
ગ્રહસ્થ ભિક્ષુક જાત્ય, દીકરીયો નવ્ય દીધી. ૪૭
નમસ્કારની રીત્ય, તજી સલામો કરતા;
પર ન્યાતીનિ પ્રીત્ય, મનમાં કદી ન ધરતા. ૪૮
વાડવ થયા વકીલ, ઘર ઘર કેરા ઠાકર;
હિંવ્ય વધારે દીલ, યવન તણા થઇ ચાકર. ૪૯
ફારશિયોના હરફ, વશ્યા વિપ્રની વાંણ્યે;
આખુનજીના ખરફ, ગમતા દીઠા ઘાણે. ૫૦
દીકરીયોના દામ, હૃદયે લાગ્યા રશિયા;
કરે કારચમાં કામ, કેશ ધરે કાંનશીયા. ૫૧
બેસે બણિને વેસ, ચકલે ડંમર હાંકે;
અરધ ઉઘાડે કેશ, તારૂણિયોને તાકે. ૫૨
કઇકે કીધાં કામ, વેળા જોઇને વંઠી;
નીચ જનોને નાંમ, આપી બાંધે કંઠી. ૫૩
કઇક પૂજતા પીર, અવલોકે જઈ ઓરસ;
પયમાં મેલી નીર, કઇ વેચંતા ગોરસ. ૫૪
કંઈ પરણેલી નારચ, પ્રાહાર કરે ત્યાં પેખી;
કંઇક કરે વ્યભીચાર, દાર પારકી દેખી. ૫૫
સાઠે વરસે સાંન, કંઇકે મૂકી ઘરણે;
વારૂ થઈ વિદ્વાંન, ફરી ફરીને પરણે. ૫૬
નાથે કાહાડયું નરક, પોતે પાછા પેસે;
ગદાઇમાં ગરક, બાધા થઇને બેસે. ૫૭
વાડવ ઉપર વેર, આવડું તે કાં આણ્યું;
કલિયે કીધો કહેર, કારણ કાંઇ ન જાણ્યું. ૫૮
ભલા તમે ભગવાન, હરે હઠાવો હાની;
ગોવિંદ આપો જ્ઞાન, મુખ બ્રાહ્મણને માંની. ૫૯
આ અવસરે અલોપ, થઇ જલમાં કાં ઝીલો;
કરિને કરડો કોપ, કલિયે લીધો કીલો. ૬૦
નૃપતી થઇને ન્યાય, પૂછી જોઇ ન પ્રીછે;
ધન લેવાને ધાય, અનર્થ કઇનો ઇચ્છે. ૬૧
વિપ્રને વપુનો દંડ, દેતાં દયા ન આવે;

પેખે પણ પાખંડ, લાંચો લેઇ ચલાવે. ૬૨
કંઇક વધારી કર, રાંક લોકને રગડે;
જયહાં જયહાં દેખે જર, બુદ્ધિ ત્યાં ત્યહાં બિગડે. ૬૩
પર દારાનો સંગ, રાત્યે તેથી રમતાં;
ધારી ન જુવે ઢંગ, દક્ષ જનોને દમતાં. ૬૪
કૂડી ધરતા કાંન, ચ્યુગલ જનોની ચાડી;
ઘટવા લાગ્યું જ્ઞાન, દંભી સંગે ધાહાડી. ૬૫
વેદશાસ્ત્રની વાત, કદિ ધરે નહિ કાંને;
રાજી રહે દીન રાત્ય, ગુણિકા કેરે ગાંને. ૬૬
ગોબ્રાહ્મણ પ્રતીપાળ, કદી કરે નહિ કુડા;
રાખે નહિ સંભાળ, ભક્ત જનોની ભૂંડા. ૬૭
શાક ભાજીયો ફળ, એ પરચંત અજારા,
વળી બતાવે બળ, ઝોળીવાળા ન્યારા. ૬૮
કાષ્ટ શકટથી કાઠ, કેટલાં કલ્પે કાહાડી;
કડકા ભારચે સાઠ્ય, દરવાનાદિક ધાહાડી. ૬૯
વર્ષે વર્ષે સવાઇ, અજારદાર વધારે;
રહિયત રહે રગડાઈ, કો આગળ પુકારે. ૭૦
ચઉટે જણવે તોર, દોડાવીને ઘોડા;
રાત્યેં આવે ચોર, ઘર ઘર પડે દરોડા. ૭૧
ચોરોના અસવાર, બાંન પકડતાં લૂંટે;
દરવાજાથી બાહાર, વાહાર કરે નહિ પૂંઠે. ૭૨
દરવાજે દરવાંન, રંક જનોનેં રોકે;
કોય ધરે નહિ કાંન, રડે બિચ્યારા પોકે ૭૩
અન્યાઇયોના દામ, લેઈ ઠરાવે સાચા;
ન્યાઇયા લ્યે જો નાંમ, તો તો હણે તમાચા. ૭૪
રાજ્ય તણા સંતાન, રાય આપનેં માંને;
દુઃશમન થઇ દીવાન, કેદ કરે રાજાનેં. ૭૫
થોડો જોઈ અપરાધ, મરી રહ્યાને મારે;
બલવંતોનો બાધ, કરી સકે નહિ ક્યારે. ૭૬
વર્ત્તાવે નહિ ધર્મ, રહિયત જનોને રીત્યેં;
પોતે પણ સત્કર્મ, કદી કરે નહિ પ્રીત્યેં. ૭૭

ઉત્તમ જનનેં આંચ, દેઇને નિત્યે દમતાં;
વર્ષ ચ્યાર કે પાંચ, એટલામાં આથમતાં. ૭૮
કળીયે કીધો કેહેર, જ્યમ ગળે શશિને રાહુ;
માધવ કરિયે મેહેર, જોઇ પોતાના બાહુ. ૭૯
વૈશ્ય કરે વિપરીત તોલ ન સાચાં તોલે;
પરમારથની પ્રીત, મૂકી મુગદલ ચોળે. ૮૦
બાર પાંણ્યનો માલ, વીસ પાંણ્ય વેચંતાં;
દોડે દોડ્ય દલાલ, કઉતુક કલહ કરંતાં. ૮૧
કહે ધર્મના સંમ, ધર્મ ઘસરડે ધૃત્યેં;
તોહ્યે ત્યંમનું ત્યંમ, મરદી નાંખે મૂત્યેં. ૮૨
હેતસ્ત્રી થઈ હાંણ્ય, કરે ન લ્યે જોતશિયો;
વદે પરસ્પર વાંણ્ય, પોતાની પારશિયો. ૮૩
દમડી માટે ગાલ, મુખથી માને દેતા;
એક એકની આળ, જઈ દરબારે કેહેતા. ૮૪
શાંહાંણા થઇને શેઠ, પાંન તમાકુ ચાવે;
*વાડવ પાસે વેઠ્ય, કાયા તણી કરાવે. ૮૫
લેઇ આપ્યાની આશ, મનમાં કદી ન રાખે;
દામ તણા થઇ દાસ, ભૂંડું મુખથી ભાખે. ૮૬
યતિ ગુરૂ બ્રાહ્મણ દેવ, ગુંસાઇ વિધવાનાં ધન;
સંગ્રહવાની ટેવ, અંતે ઓળવ્યાનું મન. ૮૭
ચ્યાર રામની ઘર, થઇનેં કરતા કાળું;
જીરવી કઈના જર, દેખાડે દેવાળું. ૮૮
મનમાં રાખે મેલ, મુખે જણાયે મીઠાં;
ઘૃતમાં મેલી તેલ, દેતાં કંઇને દીઠાં. ૮૯
કહી બતાવે કાંઈ, આપે વસ્તુ બીજી,
મગન થયે મનમાંહી, તાલી આપે રીઝી. ૯૦
વૈષ્ણવ થઇને વેશ, અબળાને આરાધે,
કરે ધર્મનો દ્વેષ, શિવની નિંદા સાધે. ૯૧
સમર્પણી થઈ સ્વાદ, શીરો પૂરી જ્યમતા;
ગુરૂનો લેઇ પ્રસાદ, રામા સંગે રમતાં. ૯૨

* બ્રાહ્મણ.

વિપ્ર અડે જો અંગ, છુવાઇ જઇને થુ કે:
ઉરમાં અતિ અનંગ, માંની જણી ન મૂકે. ૯૩
સાચા મનથી શરણુ, ગુરૂ ચરણે નવ્ય રેહેતા,
કરે અધર્માચરણુ, કલ્પિત કઇ મત કેહેતા. ૯૪
અજા મુકાવી ધંન, હિંસકને ચવરાવે;
માણુસ લાયક અન્ન, શ્વાનોને ખવરાવે. ૯૫
જીવદયા પ્રતિપાળ, થઇને કરે અજારા;
કલ્પે કઇનો કાળ, શ્રાવક થઇને સારા. ૯૬
ધરમ એટલો લાભ, બોલે પણુ નવ્ય પાળે;
ગરભિણિયોના ગ્યાભ, ઔષધી આપી ગાળે. ૯૭
પરધનથી પરતંત્ર, સમજે નહિ શિખામણુ;
ગમે મૂઠચના મંત્ર, કંને કરતા કાંમણુ. ૯૮
પરનારીના સંગ, પ્રીત્યે મનમાં પેસે;
અલંકારથી અંગ સરસ સમારી બેસે. ૯૯
વેદ વિનાના ધર્મ, વાંચે નિત્ય વિખાંણે;
કૃષ્ણચંદ્રનાં કરમ, જીવ સરીખાં જાંણે. ૧૦૦
કળિયે કચ્ચરધાંણુ, કરિને પીડ્યા પ્રાંણિ;
કૃષ્ણ કરો કલ્યાણુ, ઉરુ આપનાં જાંણિ. ૧૦૧
દંભી જનના દાસ, થઇને શીસ નમાવે;
વિટલ તણો વિશ્વાસ, શુદ્રોને મન ભાવે. ૧૦૨
ઉત્તમના આચર્ણ, કનીષ્ટ થઇને કરતાં;
સજ્જન જનનો શરણુ, ઓળખી નવ્ય આદરતાં. ૧૦૩
રાજ સેવાની રીત્ય, જાંણે નહિ પણુ રાખે;
મુખ માંહેથી નીત્ય, મમો ચચ્ચો ભાખે. ૧૦૪
દેખે પરની નાર, રૂપાળી મન માંની;
કામ ભરી દરબાર, છંડાવી લ્યે છાની. ૧૦૫
સંતાનોના સહીત, અષ્ટ મંગલે આંણે;
નારી પામ્યે નીત્ય, જગ જીત્યો એમ જાંણે. ૧૦૬
ગરીબ કેરાં ઘર, ઉલાળી લ્યે એળ્યે;
છત્યનો વાધે છર, એલા થાશે મેળ્યે. ૧૦૭
નવ ઠેકાણે જઇ, આવે દશમે દ્વારે;

કાંતા તેને કહી, સોવર્ણે શણગારે. ૧૦૮
પાયે પડી પ્રણામ, બ્રાહ્મણને નવ્ય કરતા;
દુઃખે જોડ્યા દામ. દરબારોમાં ભરતા. ૧૦૯
લક્ષ્મી ન જુવે લેશ, નીર્મળ જનને નાગા;
મતે બનાવે વેશ, દેવ મંદિરે વાગા. ૧૧૦
યાત્રા જાતાં સંગ, જબર બેલ જોડાવે;
જ્યમ વળગ્યું હોય વ્યંગ, ત્યમ ગાડી દોડાવે. ૧૧૧
મલિન માંહિલા મંન, સંત સંગ નવ્ય સૂઝે;
કલ્પિત ગાય કિરતંન, જાત્ય જાત્યનેં પૂજે. ૧૧૨
ગૌબ્રાહ્મણને દાસ, કરિનેં ધર્મે ધાવેં;
સેવા બ્રાહ્મણ પાસ, કણબી થઇ કરાવેં. ૧૧૩
આઝું હોય જો જર, તો તાંતણા તણાવેં;
વળિ ઘણેરાં ઘર, ચાંનક કરી ચણાવે. ૧૧૪
શુદ્ધ ધરમની વાત, હઠ્યથી ઘાલી હેડચેં;
જ્યમે જયમાડે જાત્ય, જણેં જમાઈ તેડે. ૧૧૫
કઉતુક સરખું કામ, કળિયે કીધુ. ભારી;
રક્ષા કરજ્યો રામ, પાગ પોતાના ધારી. ૧૧૬
કડિયા સુતાર મજુર, વચન પ્રમાણ ન ચાલે;
જોખ્યમ કરે જરૂર, ઘર કરતાં ઘર ઘાલે. ૧૧૭
સોની દેઇ વિશ્વાસ, કાલ્યને વાયદે કુહુનૂં;
આપે આઠે માસ, સોનાનું કરી સૂનૂં. ૧૧૮
ધોબી સાલવી સઇ, ફાડી વળતું સાંધે;
રોક મજુરી લેઈ, પણ પોતાનું રાંધે. ૧૧૯
વેદ થયા વાળંદ, શાસ્ત્ર વાત સંતાણી;
સૈહિદ્દ કરી સણુંદ, પાય મંત્રીને પાણી. ૧૨૦
બ્રાહ્મણ વિના અનંત, ગૃહસ્થ થઇને ભીખે;
શેરિયે શેરિયે સંત, ટેહેલ્ય નાંખવી શીખે. ૧૨૧
વૈરાગી ગોસાંઈ, શસ્ત્ર અંગપર ધરતાં;
મારે માંહોમાંહી, મમતા માંની મરતા. ૧૨૨
અંતરમાં અભિમાંન, બાંનું હરિનું બણિને;
મોડે દીજનું માંન, બ્રાહ્મણ પાસે ભણિનેં. ૧૨૩

ઉલટી વરણ અરાઢ, વૈરાગીને વેશે;
ગામ ગામથી બાહારય, બાવા થઈને બેસે. ૧૨૪
કરિને ચ્યારે ધાંમ, પૂજા કરે પુજારિ;
દેવ તણો લેઈ દાંમ, નિકળી જાયે લેઇ નારી. ૧૨૫
દેઈ બ્રાહ્મણને ધંન, ભારે વિદ્યા ભણતાં;
વળતા વ્યાસાસંન, બેસે સિદ્ધજ બણતાં. ૧૨૬
તિલક છાપ ને માળ, ઘરિને કૈને ખેંચે;
કનીક ચોખા દાળ, કઇના લેઈને વેચે. ૧૨૭
કરમાં લે હીન દાંમ, મોટ્યમ રાખે માઝા,
લેઈ પુસ્તકનું નાંમ, જર લેઈ જાયે ઝાઝાં ૧૨૮
માંડીને ઘરબાર, લોટ માંગતાં વાંહાણે;
લાવિ લાકડાં ચારય, જમી આવે જ્યહાં જાણે. ૧૨૯
વીઠલજીનો વેશ, હીંડે વિકલ વગોતા;
મૂંડાવીને કેશ, જરને હીંડે જોતા. ૧૩૦
ફકીર થઇને ફળ, ભાલાના કર પકડે;
પૈસા લ્યે કરી બળ, રંક જનોને રગડે. ૧૩૧
તીર્થ તણા જે તર, રાજ્ય રહ્યાં ત્યહાં ખોટાં;
બંધાયાં બિંદર, મ્લેછ રાજ્યથી મોટાં. ૧૩૨
ગૌબ્રાહ્મણને ત્રાસ, વધતો દિન દિન વાધ્યો;
રૂડી વસ્તુનો હ્રાસ, શાલેં શાલેં સાધ્યો. ૧૩૩
અંબુ વરસે અલ્પ, તે પણ નહી મુખ માંગ્યુ;
સત્ય રહ્યુ છે સ્વલ્પ, તે પણ જાવા લાગ્યુ. ૧૩૪
ભલા પુરૂષને ભાંડ, ભાવ્યાં ભવાઇ કેરાં;
ડાહ્યાં જન તે ડાંડ, થઇને કરે અનેરાં. ૧૩૫
પૃથ્વી પણ ગળી જાય, ધન ડાટ્યું કર નાંવે;
રગડે નિત્યે રાય, જ્યમ જે જનથી ફાવે. ૧૩૬
પિતા પુત્રમાં વેર; ભાઈ ભાઇને ભાંડે;
જાત્ય જાત્યમાં ઝેર, મુખ કો કોથી ન માંડે. ૧૩૭
સગા સહોદર સાથ્ય, વાંધે વૈર વધારે;
નર થઈ નારી હાથ્ય, માત પિતાને મારે. ૧૩૮
પૂરણ પાપે તંન, આ અવસરમાં આવે;

લેઈ તાતનું ધંન, અંતે બહુ અથડાવે. ૧૩૯
લાગે નરને અંગ, કામિનીયોનાં કામણ;
માંને મંન થઈ દંગ, શાળકની શિખાંમણ. ૧૪૦
સ્નેહી સગાં સમસ્ત, કટુ કાલજાં કોરે;
દાવો દેખી વસ્ત, આપ આપમાં ચોરે. ૧૪૧
મુખ તાંબુલે લાલ, પેહેરે જ્યાંમા નીમાં;
જુઠો જકડી માલ, સત્ય કરાવે બીમાં. ૧૪૨
રાખીને વેહેવાર, ગાળી નાંખે નાંમું;
માંગે જો દેનાર, જુવે ન તેહેના સામું. ૧૪૩
કરનું આપ્યૂં રોક, નાંણું તે પણ નાંપે;
સમજે કરવું શોક, વળિ ઉલટું શાપે. ૧૪૪
મેળે ખેલે જાય, દહ્યા કામને દરદે;
કાંમીનીયોની કાય, મંદિરમાં પણ મરદે. ૧૪૫
પીત્તળના શણગાર, સૂવર્ણ સરખા કરિને;
વેચે મધ્ય બાજાર, ધન લેઇ જાયે હરિને. ૧૪૬
રૂપૈયામાં રોળ, ત્રાંબુ ઘાલે પેખી;
કોરી ભરતાં તોલ, મારે ઉપર મેખી. ૧૪૭
દામેં ડલકે ડાહાડ્ય, મનુષ્ય મનુષ્યને મારે;
ખોદી ઘાલે ખાડ્ય, અલંકાર ઉતારે. ૧૪૮
વ્યસન થકી થઇ વંધ્ય, ધર્મ જુવે નહિ ધારી;
નિજ જનનીનેં કંઠ, મારે કુટીલ કટારી. ૧૪૯
માતપિતાનું ધંન, મૂકયું ચોરી જાતાં;
માંનિનિ કરી મગંન, ખાંત્યે ખ વું ખાતાં. ૧૫૦
રંક તણી પ્રતિપાળ, કરી કરે કોય કો;
જણવે તે જંજાળ, બેદિલ જાય બહારવટો. ૧૫૧
ગમે ગરોના જોષ, પોમલીયો કર જોતી;
નિર્મળ જન નિર્દોષ, કલપ્યો જાય ન કોથી. ૧૫૨
દુનિયા સઘળી ડાહી, પોત પોતાના મનથી;
સંત રહે સંતાઈ, ઝેર ભરેલા જનથી. ૧૫૩
કળી કરે કલ્પાંત, કૃપણ જનોનેં કરડે;
સધાય નહિ સિદ્ધાંત, સરવ શળેલાં ભરડે. ૧૫૪

પતીવ્રતાની પેરચ, નારી જાનની નાઠી;
મરદાઇ ગઈ મેહેર, માંનિનિયો થઇ માઠી. ૧૫૫
દશ એકાદશ બાર, વર્ષે ગરભજં ધરતી;
વિટલ થકી વ્યભિચ્યાર, કામીનિયો બહુ કરતી ૧૫૬
થયાં વાંમણા વેશ, આઠ હાથની સાડી;
લાજ ધરે નહિ લેશ, તરૂણી ઉઠે ત્રાડી. ૧૫૭
ઠરી ન બેસે ઠાંમ, ઘરોઘરે અથડાતી;
દિલમાં ધારી દાંમ, પરપુરૂષોનેં ચ્યાહાતી. ૧૫૮
જીભે ભરિયું ઝેર, અકોર કરતી બોલે;
વરથી રાખે વેર, ડાકયણ સરખી ડોલે. ૧૫૯
સાસૂનેં કડે શોકચ, વહુ સાહાંમી રહી વઢતી;
પછિ મૂકતી પોક, રંક સરીખી રડતી. ૧૬૦
મારે જો ભરતાર, સાહામું બોલે શડતૂં;
ખરો ધરિને ખાર, કૂપે મૂકે પડતૂં. ૧૬૧
સાસુ પણ વહુ સાથ, કહે બાપની બૈયર;
લાંબા કરિને હાથ, શુણતાં સઘળી સહિયર. ૧૬૨
નગ્ન થઇનેં નાહાય, વિખાંણુ ત્યહાં પણ વાંચે;
શૌચ જવાને જાય, એક કળશિયે પાંચે. ૧૬૩
મળી કોયને કોક, ત્યહાં પણ બડબડ કરતી;
જ્યમ શુણે સહુ લોક, એ રીત્યે ઉચ્ચરતી. ૧૬૪
વાટચે કરતી વાત, કૈક મળીને કલબલ;
જાણી જાય ન જાત્ય, ખસે ન કરતી ખલભલ. ૧૬૫
કલ્પિત કીધા એમ, ધરમ દિવસ ધોવાના;
નારીયે કીધાં નેમ, પર દિવસ રોવાના. ૧૬૬
મરચે એક મોહોકાંણ્ય, ચ્યાર જુદી લેઇ ઉઠે;
મંદલ સરખાં વાંણ્ય, પુરૂષ પુકારે પૂંઠે. ૧૬૭
એક એકથી એક, આગળ પડે ઉજાતી;
અબળા મળી અનેક. પ્રોઢ પરજીયા ગાતી. ૧૬૮
કૂટે કઈક કપાળ, ઉર મૂકી ઉઘાડાં;
જણાય નહિ જંજાળ, શાં ઘટ પેઠાં ગાડાં. ૧૬૯
સાયં પ્રાતઃકાળ, મોહો વાળીનેં રડતી;

લીટ આંસુ ને લાળ, દેઇ જીવોને નડતી. ૧૭૦
કદી રજોદરશન, ઘર વિહીવામાં આવે;
ન દે પાળવા દિન, અખિલોને અભડાવે. ૧૭૧
સ્વાર્થ સ્વલ્પને કાજ્ય, પતિ પુત્રોને મારે;
દિલમાં રાખે દાજ્ય, હઠય પોતે નવ્ય હારે. ૧૭૨
અપરમાત થઈ આપ, દાસ પુત્રને દમતી;
પ્રૌઢ થાય જ્યહાં પાપ, ત્યહાં જઈ છાંની જમતી. ૧૭૩
ખાય શેર અઢીયેક, તોહે કહે નવ્ય ભાવે;
લડતી તજીને ટેક, પોઢ્યો ચ્યાર જગાવે. ૧૭૪
તેલ શરશિયું રાઈ, ખાતી એઠું ટાહાડું;
શીક્ષાથી રીસાઈ, અબળા વદતી આડું. ૧૭૫
છાંની લેઈ જાય વશ્ત, મહિઅરમાં મન માની;
કહે બતાવે હશ્ત, જાણ્યે જ્યમ હોય જ્ઞાની. ૧૭૬
કાંઇને સાટે કાંઇ, વસ્તુ બતાવે બીજી;
ઘોળ કરે ઘર માંહિ, ખરૂં કહે રહે ખીજી. ૧૭૭
પીટચા કહીને ગાળ, શીશૂને દેઈ પછાડે;
પતિ તણી પ્રતિપાળ, કરે નહિ પણ ત્રાડે. ૧૭૮
નગ્ન નદીને તીર, નરને તનું નીરખાવે;
પતિને નિજ મંદિર, નિત્ય કરડવા ધાવે. ૧૭૯
હાય હાય કરી આધ, વાત કરે વિસ્તારિ;
મૂકી નીજ મર્યાદ, નિર્લજ થઈ કુળ નારી. ૧૮૦
કર્ણકંઠ પદકર, નંગ ભરી જાય ધાતી;
જ્યમ દેખે પર નર, અરધ ઉઘાડી છાતી. ૧૮૧
વિહીવા મંગળ દિન, ભૂડું ગાતી ભામા;
જાતિ વિજાતિ જન, સાંભળવા રહે સાહામાં. ૧૮૨
હોળીની પણ ઘેરચ, હકી જાય જ્યમ હારી;
ગાય ત્યમ પૂરણ પેરચ, નરોને શુણતા નારી. ૧૮૩
નિર્ધન કે ધન પાત્ર, સુભાગ્યવતી કે રાંડી;
મળી માંનીની માત્ર, કાતે ચરકા માંડી. ૧૮૪
શેરીયે કરતી સોહોર, શામાં શરમ ન આંણે;
દિવસ ચઢે જ્યહાં પોહોર, ઘરમાં ઘંટી તાંણે. ૧૮૫

ઘહરમાં જો હોય દુઃખ, ગમતા ન મળે ઘરણાં;
મરડી નેં કહે સુખ, પાપે તમનેં પરણ્યાં. ૧૮૬
છડે ન વીંણું ધોય, તરત ન દેતી તડકા
રસોઇમાં પણ હોય, કેશ કોઈલા કડકા ૧૮૭
ચ્યકલે ચ્યકલે ગાયેં, ગરબા મળિને ઘણિયો;
જાર જોવાને જાય, ભામા એહવૂં ભણિયો: ૧૮૮
સાસુ વહુને શીશ, પ્રથમ પેહેરાવે વાડી.
અંતે કરીને રીશ, કહે ઘોડાંની લાડી; ૧૮૯
સાસૂ જોઇનેં સૂખ, વહુ ફેરૂં મન ખીજે;
વહુ જોઇને દુઃખ, સાસૂને મન રીઝે ૧૯૦
અપર માત કે માત, સુતના ઘરમાં આવી:
જ્યે કાંઈ આવે હાથ્ય, તેતે જાય સઘાવી ૧૯૧
દીકરીયો થઈ દૂત, ફોસલાવી લ્યે માનું;
શકી ન પામે સૂત, કરવા કારી ક્રિયાનું. ૧૯૨
જરેં ખરચીનેં જનોઈ, નીચ જાતીયે પેહેરી;
વનીતા જાય વગોઇ, નાતરીયે નવ ફેરી ૧૯૩
મરચે જીવે ભરતાર, વગોય વનિતા વરનેં
નીકળી જાય કુળ નારય, લેઇ પારકા નરનેં. ૧૯૪
શામા સુતને કાજય, વીર્ય ધરે કે કઇનું;
મૂકે કુળની લાજ, જયમ પાણું હોય ક્ષયનું. ૧૯૫
પિતા પુત્ર ભરતાર, સમ તેહેના ખાય જુઠેં;
ચડે ઘડી દીન ચ્યાર, ચક્ષુ ચોળતી ઉઠે. ૧૯૬
પતીનું કરે ન માન, માંનનીયો મન માન્યું;
સ્વારથની રહી સાંન, કળિમાં સગપણ કયાંહાંનું. ૧૯૭
કાંતપાસ બહુ કાંમ, ઘરના નિત્ય કરાવે,
ઘરનો કરી ગુલામ, અહનિશી અથડાવે. ૧૯૮
વિધવા પણ જણી બાળ, જઈ ટાંકામાં નાંખે;
સુગુવંતી થઇ ગાળ, સર્વ જનોની સાંખે. ૧૯૯
પરપુરૂષોથી વાત, હશિ હશિ વાટચે કરતી,
ઊઠે અરધી રાત્ય, અબળા નચ્ય ઓસરતી; ૨૦૦
દેવ મંદિરે જાય, નિત્ય રઝળતી રામા.

અન્ય પુરૂષ અથડાય, સુંદરિયોને સાહામાં ૨૦૧
ન કરે કહિયે નારય, સેવા નિજ સ્વામીની;
વાતે કરે વ્યભિચાર, કાંતાજન કામિની. ૨૦૨
ભાગે પરઘર સૂત્ર, તેહેવી વાતો ચણુતી;
થાય પુત્રનેં પુત્ર, તો પણ પોતે જણુતી. ૨૦૩
બાલા યુવતી વૃદ્ધ, ચડબડવું નવ્ય ચૂકે;
બડબડ કરતી બદ્ધ, મુખત્ત કોય ન મૂકે. ૨૦૪
સાચી જુઠી વાત શુણી લડાઈ લડતી;
સમ ખાતા સાક્ષાત રગડે રામા રડતી. ૨૦૫
વાંધા પડે વિશક, સબળે અવળે સમઝે;
એક એકથી એક, ટક્કર લેવી ન તજે. ૨૦૬
જયંબા જાયે ત્યહાં જ્યાંન, પરનું થતું ન જાણે;
કરી એકઠાં ધાંન, છાંડે શરમ ન આંણે. ૨૦૭
કૃષ્ણ કથામાં વાત, એક એકથી કરતી;
કરે આપની ઘાત, કાન્ય કથા નવ્ય ધરતી. ૨૦૮
મનમાં માને ડાહી, વરણ નિજનાં ભાવે;
રૂડું કહે રિસાઇ. જાય કથામા નાવે. ૨૦૯
કેટલાં કરૂં વિખાંણ, કળિના જનનાં કઠે;
ભજન પડે ભંગાણ, વાણી વળતી વઠે. ૨૧૦
સર્વ જનોને સાથ, નમસ્કારછે માહારો;
જોડીને કહું હાથ, હું છું દાસ તમારો. ૨૧૧
કોય ન કરશો રોપ, સહુથી હું બહુ પાપી;
ગાવા સહુના દોષ, વાંણી જ્યાહારે વ્યાપી. ૨૧૨
તો પણ કરિને તોલ, અવગુણ તજજ્યો આપે;
કૃષ્ણચંદ્રનો કોલ, કલિના કલિમલ કાપે. ૨૧૩
કલિમાં છે બે ગૂણ, દોષ તણા નિર્દાલક;
કળિ શકે તે કૃણ, પોતાના પ્રતિપાલક. ૨૧૪
મન ચિંત્યા સતકર્મ, શીઘ્ર સફળ તે થાશે;
અંગે કરચાં અધર્મ, મનન કરચે મરદાશે. ૨૧૫
કૃષ્ણ તણાં કિર્તન; ગાવા શુણવાં ગમશે;
થાશે પાપ પતંન, સંકટ સઘળાં શમશે. ૨૧૬

માટે શ્રી મહારાજ, મજ સાંહાંમું કાંઇ જોઇયે;
અન્નાદિકને કાજ, ખોટી થવું તે ખોઇયે. ૨૧૭
નાથ દાસને નિત્ય, આ અથડામણ ન ઘટે;
પ્રભો કરો તો પ્રીત્ય, સાચી મનમાં પ્રગટે. ૨૧૮
કોહોને કહું કિરતાર, આતુર થયો અતીશે;
શ્રીધર કીજે સાર, દિલ માહારે જયમ દીસે. ૨૧૯
નરતનુ કેરૂં નૂર, વહિ જાય વિશ્વંભર;
હરજી રાખો હજૂર, અથડાવો નહિ ઇશ્વર ૨૨૦
દેવ ન જોઇએ દોષ, દાસ તણા મન ધારી;
રંક ઉપર શો રોષ, મેહેર કરો મોરારી. ૨૨૧
અન્ય જનોની આશ, કરવી લાગે કરડી;
જોઇયે જગન્નિવાસ, પ્રભુજી પાસું મરડી. ૨૨૨
પતીત પાવન નાથ, શરણાગતના વત્સલ;
મેં માન્યું મન સાથ્ય, બિરૂદ તમારાનૂં બલ. ૨૨૩
સત્ય સચ્ચિદાનંદ, વચન તમારૂં જાણિ;
આવ્યો ધરિ આણંદ, શરણે શારિંગપાંણિ. ૨૨૪
વિટંબણાની વાત, દૂર કરો દામોદર;
યદુપતિ જાણી જાત, સંકટ કાપો સત્વર. ૨૨૫
હરિ ધરાવો હાંમ, ડગતું મન સ્થિર કરિયે;
માધવ રાખો માંમ, અરજી શ્રવણે ધરિયે. ૨૨૬
ગૌ બ્રાહ્મણ પ્રતિપાલ, આશ્રય રાખો અમને;
કૃષ્ણરામ કંગાલ, ચરણ શરણ છે તમને. ૨૨૭
ફાલ્ગુન સિત પાંચ્યંમ, સંવત્ અરાઢ ચ્યુમોત્યર,
કલી કરમ જ્યમ ત્યંમ, પૂર્ણ લિખ્યાં બુધવાસર. ૨૨૮

દોહરો

બિસેંહે અઠાવીતૂકથી, કહ્યાં કલીનાં કર્મ;
કૃષ્ણરામની કૃષ્ણજી, રાખ્યે રેહેશે શર્મ. ૧

વી૦ ૨૩ પા૦ ૧

ઇતિ કલિકર્મ સંપૂર્ણમ.

કીર્તન ૩૭૮ મું.

કૃષ્ણ મુખમાં વિશ્વ દર્શન. અભંગ.

કદાચિત્કન્હયે, ગ્રહોગ્રાશિ; બોલ્યા માને કહિયે, સહવાશિ. ૧
ગ્રહી કંધરાને, તે ઉકાશિ; લ્યાવી કહ્યું માંને, થૈ ઉદાશિ. ૨
કહે મા અધન્યા, ટેવ આશિ, દેશે કુંણ કન્યા, તુંને ખાશિ. ૩
અલ્યા કાં અદાંત, ગ્રહોપ્રાશિ, વદે રમાકાંત, માત પાશિ. ૪
સખા કહે ખોટી, ભ્રાંતિ ભાશિ, જુવો કયહાં ચોટી, મોહોવિકાશિ ૫
જુવે મુખમાંહિ માત કયાસિ, દીઠિ જયે ન કયાંહિ, તે વિભાશિ ૬
રચેલિ વિધાતા, જીવરાશી; માંને જોઈ માતા, એકલાશી. ૭
પાતાલોને પેખ્યાં, ઉરગવાશી; ઘાવા ભૂમિ દેખ્યાં, દેખિ કાશી. ૮
દિઠા સિંધુ અંભુ, નાવિલાશિ; વિધિ વિષ્ણુ શંભુ, નેં અનાશિ ૯
મહુત્તત્વ આદિ, નેં પ્રકાશિ; દિઠાં અંડજાદિ, નેં ચોરાશિ. ૧૦
પ્રજેશ સુરેશાદિ, અમૃતાશિ; રક્ષો અસુરેશા, નેં મલાશિ. ૧૧
ગિરિ દ્વીપખંડ, સરિદ્રાશિ; ભાશ્યે બ્રહ્માંડ માત ત્રાશિ. ૧૨
કૃષ્ણાનનેં કૃષ્ણ, વ્રજાભ્યાસિ; દેખી થૈવિતૃષ્ણ કહે હુમાશી. ૧૩
અહં મમ વામિ, નં નિરાશિ; માતા શિરો નામિ, થઇ દાશિ ૧૪
કૃષ્ણે પછિ માયા, ને સુધાશિ; પ્રસારિને ધાયા, યશોદાશિ. ૧૫
કહેં કૃષ્ણ હું શો, સ્રત્તિકાશિ; ધરો યે ભરૂંસો, વિશ્વવાસિ. ૧૬
વિસ્મૃર્ણમા મીઠિ, યે ઉલાશિ; કહેં મેં ન દીઠિ, મૃન્મુખાશિ. ૧૭
સખા પડયા જુડા, હરિહાશિ, બોલી થયાં બુંઠા, ગયા નાશિ. ૧૮
કૃષ્ણરામ કાંમે, ખાસો ખાસિ; પ્રતીતિયો પામે; તો પ્રભાશિ. ૧૯

વી૦ ૨૪ પા૦ ૧

મરાઠી.

કીર્તન ૩૭૯ મું.

"અમ તુમ કમસુમરોગે રામ." ચાલ.

સખ્યે નિજ લક્ષ્ય દે લવ કરી, ધ્રૂ૦
આતાં ઉપાધિ નલો આણુખિ. એઠ હા સિદ્ધ કરી; સ૦ ૧
લક્ષ્ય ચોરાશિ ફિરૂની મી થકલો, નકો ફિરૂનિ ફિરી;
કાં ભવ બંધન અજુનિ ન સોડિત; પાવલો ત્રાસ તાહી. સ૦ ૨

યા માનવ દેહાશી માલા, દિલ્હિ દ્વિજ વર્ણ ખરી;
યા પ્રપંચાચેં સાર ભક્તિ તો, દેત ન રાખત ધરી. સ० ૩
સાધન કાંહિ સાધુની જાંણુતો, બુદ્ધિ તુંચ હરી;
પડિલો પાશ ભવ બંધને ગુંતુની, સોડિવ કરૂણા કરી. સ० ૪
મન કૃમ વચ અહંકાર સમેતાં, બુદ્ધિ તુજ ઠાંઇ ઠરી;
મ્હણવુંનિ માહારાજાચેં અપર ધરિ. કૈસેં પદર પસરી. સ० ૫
જરિ કાંહિં અસેલ અવધ મરણાચિ, દાખિવ દ્રષ્ટિ ભરી;
કૃષ્ણુરામ મ્હણે આતાં મજશિ, કાંહિ જવાપ ઉચ્ચરી. સ० ૬

વી० ૧૩ પા० ૧૬

કીર્त्तन ૩૮० મું.

કૃષ્ણ ચરિત્ર. પાલણા.

બાલા જોજો જોજો, તુલા ઘુમરણી ઘાલો. મુલા હાલો હાલો. ધૃ.
વસુદેવ. દેવકીચેં ગૃહિ જનમિલા. મધ્ય નિશાચી કૃષ્ણા;
બિન કિલ્લી ઝટ કુલુપ ઉઘડલેં, ગોકુલ ગાંવી તૃષ્ણા. બા० ૧
માત પિતાશિ દરશન દિલ્હેં. મ્હણે મજલા ધ્યાવેં;
ગોકુલગાંવિ નંદ યશોદા, તિથેં ગુપ્ત સોડાવેં. બા० ૨
માયા ધારણી સેવક નિજલેં, કવાંડ ઉઘડલેં આપેં;
કાલિંદિનેં માર્ગ સોડીલા, તુઝયા ચરણ પ્રતાપેં. બા० ૩
મધ્ય નિશાંતેં મુલગી ઘ્યેવુની, વસુદેવ મથુરા આલે;
કવાડ સંપૂટ કુલુપ તસેં તો, પૂર્વ પ્રકારી જા'લે. બા० ૪
રડતી આઇકુનિ જાગ્રત જા'લે, અવઘે દાસાદાસી;
માતુલ્યેં મૂલ્ય ઘેવુની આપટલી, ઉડુન ગેલિ આકાશી. બા० ૫
જાતાં શબ્દ ઉઠલા કુઠલ્હી, જા'લા તુજયા વૈરી;
ઐશી આઇકુની કંસ ભિયાલા, ઉપની ચિંતા ઘૈરી. બા० ૬
બહિનિ આપ્ત પૂતનાનાવિ, શોધ્ય ઘ્યેયાલા જાતી;
ગોકુલ ગાંવિ ઘર ઘર મંગલ, કૃષ્ણુરામ ત્યા પાહાતી. બા० ૭

વી० ૧૩ પા० ૧૯

(૨)

વિષ અતિ વિષમ સ્તનિ મરદુનિ, મગ નંદ પૂત્ર દેલા;
પરમાનંદે પાન કરીતક્ષણ, જીવ લાગલા નેલા. ૧

કંસ ખબરચ આઇકુની પાઠવિલા. શકટાસુર તતકાલિ;
પાલનાતૂંન પાય પસરિલા, ત્યાલાહિ હલ્લા બાલિ. બા. ૨
ઐશા અનેક તહ્‍ે ઉપદ્રવ, કંસ પ્રપંચિ કેલા;
કૃષ્ણ કરે તો સર્વ મરૂનિ મગ, મુક્તિ મારગિ ગેલા; બા. ૩
માંડિવર મૂલાલા ઘેઉની, દૂધ યશોદા આદિ;
સ્તનપાનાચા તિરસ્કાર, કેલ્યા મોહન ત્યાસાટિ. બા. ૪
ધાવુનિ મહિચેં મોહોઠેં ભાજન, મોડિલે માજ ઘરાતિં;
પળત પાહિલા માતેં માઘેં, કાઠિ ધરલી હાતિં; બા. ૫
દોન્હિ હાત ધરૂનિ સુતલા, માત યશોદા વેઢે.
રસી લાંબ મિળેનાં લ્હણુનિ, એક અનેકેં જોડે. બા. ૬
માતા શ્રમિત પાહુનિ માધવ, ઉલુખ બંધન જાલે;
ગેલી આંત યશોદા જાણુનિ, આપણ બાહારચ નિઘાલે. બા. ૭
નારદચે શાપાંકિત દોન્હિ, દ્રુમ યમુલાર્જુન નાવિ;
ત્યાલા સ્પર્શ કરૂનિ પાઠવિલે, કૃષ્ણરામ નિજ ધાવિ. બા. ૮

વી૦ ૧૩ પા૦ ૨૦

(૩)

બાલપણેંચી ચેષ્ટા કરિતાં, માધવ માતી ભક્ષી;
મુખ પાહાતેં માતુનેં બઘિતલી, ચવદા લોક પ્રત્યક્ષી. બા ૧
ગોપ બરોબર હલધર સંગે, ગેલે ગોરક્ષાલા;
અગબગ કેશી ધેનુક મારૂનિ, મુક્તિ દિલ્હિ ત્યાલા. બા. ૨
ગોપીચેં દધિ દૂધ તસ્કરૂનિ, મર્કટ હાતી દેતો;
મથુરાચે મારગ સ્ત્રિય રોકુનિ, જકાતિ મહિચિ ઘેતો. બા. ૩
ગોપી જલ ક્રીડાચિ અસતાં, પાંઘ્રુણ ઘેઉનિ ગેલે;
વરતી વૃક્ષ્યે નગ્ન બઘુનિ સ્તુતિ કરિતાં માગુનિ દેલે; બા. ૪
યજ્ઞ કારણિ બ્રાહ્મણ મિળુનિ, સ્વયંપાક સિદ્ધ કેલા.
ત્યાંચિ સ્ત્રિયેંચિ પ્રીતિ પાહુનિ, આપણ પૂર્વે નેલાં. બા. ૫
બ્રહ્મા ભ્રમિત કરૂનિ ગાઇચે, ગોપવાસરૂં હરિલેં;
તતક્ષણ નૂતન કેલેં તો નિજ, ઘર ઘર પ્રત્યેં શિરલેં. બા. ૬
દોન્હિ વેળ દાવાનલ પિઘલા, ગોપ રક્ષણા સાટિ;
બાલ ક્રીડા કરિતાં ગેલ્યે, કાલિંદીચે ઘાટિ. બા. ૭

આપણુ ઉડી આંત ટાકુનિ, ગેલે જલાંત ખાલી;
કૃષ્ણરામ ગોરક્ષ્યા અરથી, મરદન કેલ્યા કાલિ. બા. ૮

વી૦ ૧૪ પા૦ ૧

૪

ઈંદ્રિ મહોત્સવતો ટાકુનિ મગ, ગિરિ મહોત્સવ કરિલા;
ઈંદ્રિ કોપ વૃષ્ટી પાહુનિ હરિ, કર ગોવરધન ધરિલા. બા. ૧
સપ્ત સ્વર મુરલી વાહુનિ વશ, કેલી વ્રજ વનિતાલા;
શરદ સહા મહિનેચી રાત્રિ, રાસ ક્રીડાયાલા; બા. ૨
પ્રતિ સ્ત્રિયાંચે ઠાઇ જાહ્લા, મોહન તું પ્રત્યેક;
બાલ ક્રીડા એશી બાળા, કેલી તુંચ અનેક. બા. ૩
મૂલ નવ્હે હા મૂલપુરૂષ તું, સૃષ્ટિ સરજણહારા;
નિર્ગુણ તોચિ સગુણ હોઉ બશિલા, એક અપારા વારા. બા. ૪
બ્રહ્મા વેદ વિધેં વરણવિતે, શુક સનકાદિક ધ્યાતેં;
જ્યાવર સંપૂરણ કરૂણાતો, વ્રજ જન સમિપ પાહાતેં. બા. ૫
જો જન બાલક્રીડા ગાતિલ, અથવા ધરતિલ ધ્યાન;
તો જન સકલ પદારથ પાવિલ, ઉત્તમ પાવિલ જ્ઞાંન. બા. ૬
હોતીલ વંશ પરંપર વૃદ્ધિ, પાવિલ ભવજલ પાર;
પ્રતિ દિન પ્રીતિ કરિલ જો તો જન, હોતીલ કૃષ્ણાકાર. બા. ૭
કૃષ્ણરામ હ્મણે મી કિંકર, તુજ ચરણાચા સ્વામી;
અધમોદ્ધારણ બિરૂદ બધુનિન્યે, મજલા નિજ સુખ ધાવી. બા. ૮

વી૦ ૧૪ પા૦ ૨

અભંગ.

કૃપા કરા મજ, હેચી દેવરાયા; ગુણ તુઝે ગાયા, આવડીદે. ૧
સજ્જન સંગ મી, આસુમિ નિત્યદા; સાંડુન દે કદા, ગાણ તુઝે. ૨
પીયાસી ઘુઘરૂ, બાંધુની નાચું મીં; તુજ પાશી, યાચુ મી હેચીદેઇ. ૩
હાતિ વિણામુખી, નામ નારાયણ; હેચિ પારાયણ, નિત્ય ઘડો. ૪
કૃષ્ણરામયાચી, વૃત્તિહિ પ્રેમાંચી; યોગ વા ક્ષેમાસિ, ચિન્તાનસો. ૫

કીર્ત્તન ૩૮૧ મું.

આરતી.

આરતી અનંત ભુજા, એસા દેવ નહિ દૂજા, આ૦ ૧

કેલી મનોમયી રૂપપંતી, કર્મ રૂપ એ બત્તી;
તૃષ્ણારૂપ તૃપ ત્યાંત, કેલિ જ્ઞાનરૂપી જ્યોત્ય. આ૦ ૨
નિરાંજન ભક્તિરૂપ, વાંણિ મંત્ર અનૂપ;
ગુણ ગુણાતીત ગાંન, ત્યાંત સોહં સોહં ધ્યાંન. આ૦ ૩
પુષ્પ કેલે નિરમલ ચિત્ત, અહં એ વજરહીત;
સમર્પિતો હર્ષહાતિં, મનોરથ ફલ સંઘાતિં. આ૦ ૪
તુઝે મસ્તક બ્રહ્માંડ, ભાસે કટી ભૂપિંડ;
હૃદયાંતરિક્ષાગાર, રોમ અઠરાભાર. આ૦ ૫
પર્વત એ તુઝેં અસ્તિ, કર્ણ દીશા સમસ્તિ;
કુક્ષિ એ સપ્ત સિંધુ, લોચન ભાસ્કર ઈંદુ. આ૦ ૬
મસ્તક એ તત્વાકાશ, વાયુ હૃદયાનવાસ;
અગ્નિ એ ઉદરસ્થાંન, જલ બસ્તિ સ્થલમાંન. આ૦ ૭
ભૂમિ એ ચરણ અંશ, ત્યાંત પાતાલ અઠ્ઠંસ;
વિશ્વરૂપ એક મૂર્ત્તિ, ગતી કુણાશિ પૂર્ત્તિ. આ૦ ૮
મ્હણે કૃષ્ણરામ કિંકર, નહિ કોણાચાહિ ડર;
સમજુન ધ્યાવી યુક્ત. વ્હાવેં જીવન મૂક્ત. આ૦ ૯
વી૦ ૧૩ પા. ૧

નારાયણ મહારાજ કૃત—અભંગ.

મારૂતિચા કોણી, હોઈલ જો દાસ; યોનિભય ત્યાસ, સોડવિલે. ૧
શ્રીરામ સોયરા, જયા મારૂતિચા; અકિંત તયાચા, હોઉનિ રાહે. ૨
દઢહા વિશ્વાસ બાણલા જયાસી; તયાચા વિશ્વાસી, ઠાવ નાહીં. ૩
ગુરૂ કૃષ્ણરામ, નિજ રૂપ ઠાઇ, દાખવિલી બાંણી, અમૃતાસી. ૪

સંસ્કૃત.

કીર્તન ૩૮૨ મું.

श्रीश्रीनिवास मां पाहि । कृष्ण सखे स्वामिन् ।
त्वयाऽव्ययो रपनेया । मध्य गता माया ॥ श्री. १
त्वदधीनया मायया । गाढं विमोहितः ।
सच्चिद्घनं त्वा मतुलं । नो जानेऽस्मृतितः ॥ श्री. २
तन्वा दारा सक्त धिया । भ्रमामि संसारे ।

त्व मार्द्रया दशाविभो । मां पाहि मुरारे ॥ श्री. ३
मामुद्धर दयानिधे । संसारार्णवतः ।
त्वं मद्घं कुरुपृष्ठे । सद्गीतेसिग्नतः ॥ श्री. ४
सीतापते दाशरथे । राम रावणारे ।
पश्य मुणै भ्रमणमाणम् । मांविषयेऽसारे ॥ श्री. ५
त्वद्विरहादार्त्तमार्तिं, भवांबुधौ मग्नम् ।
तारयमां करुणाले । त्वमदाब्जलग्नम् ॥ श्री. ६
कर्षय कष्टं मेदभ्र मसदध्या सामम् ।
त्वत्पादयो र्निधेहिमां । यदृच्छया मामम् ॥ श्री. ७
मदुपेक्षां मा कुरुभो । ह्यार्त्तजन त्रातः ।
कं शरणं यामि हरे । त्वदन्य कं धातः ॥ श्री. ८
त्वदंशकं त्वदभिन्नं । त्व द्दर्शन कामम् ।
त्व त्करुणा मभोप्सुकं । विद्धि कृष्णरामम् ॥ श्री. ९

વી૦ ૨૫ પા. ૧

કીર્ત્તન ૩૮૩ મું.

श्री सद्गुरुं ब्रह्मतनुं । नौमि नररूपम् ।
यदाश्रिता न पतंति । भूयो भवकूपम् ॥ श्री. १
गुणाकरं कृष्णपरं । सुरासुरैर्वंद्यं ।
निगमज्ञं ब्रह्मविदं । सद्भिरभिनंद्यम् ॥ श्री. २
समदृष्टिं निर्विकृतिं । निगुर्णतोऽभिन्नम् ।
परचित्ताभिज्ञमलं । विषयैरच्छिन्नम् ॥ श्री. ३
बोधकरं स्वप्नगतौ । तन्द्राविसूचकम् ।
वचनामृतैः शिष्याणा माधि विनोचकम् ॥ श्री. ४
शुद्धं बुद्धं बोधमय मगुणं निष्कामम् ।
संजानात्यपि विरलः । स्वत आत्मारामम् ॥ श्री. ५

प्रतारणा परानरा । यमनांद्रियंते ।
निपतंति ते निरये । सुकृताद्धीयंते ॥ श्री. ६
तनु धन वाङ्मनोभिः । आज्ञानु वर्त्तिनः ।
भवंति ते सदुपास्याः । संतः सत्कृतिनः ॥ श्री. ७
मूढ दृशां स्व समानं । भाति स नो भाति ।
कथमर्को घूक दृशो । दृष्टि पथंयाति ॥ श्री. ८
तं सद्गुरुरूपं वंदे । कृष्णबोधकामः ।
नो जानेहं तत्कृपया । कथं कृष्णरामः ॥ श्री. ९

વી० २५ પા० १

કીર્તન ૩૮૪ મું.

अच्युत मुकंद रुषिकेश । इश विशारद विश्वेश ॥
उत्तमश्लोक कृतज्ञ हरे । धर्म धुरंधर मुरारे ॥ १
रुषभ परात्पर परमात्मन् । केशव कृष्ण शाश्वदात्मन् ॥
खलद्वदहन रावणारे । त्रिशिरादुषणखरारे ॥ २
गिरिधर गोकुलेश गोविंद । घनश्याम श्री परमानंद ॥
चतुर्वेदविच्चतुर्भुज । छलवित्छद्मकदधोक्षज ॥ ३
जलशायिन् जय जनार्दन । झषरुपिन् कालियमर्दन ॥
तपोधनप्रिय तापहर । दंतवक्त्रहन् दामोदर ॥ ४
धनदेश्वर वल्लभ रणधीर । नारायण यादव यदुवीर ॥
प्रकृतेःपर परमार्थतनो । फलरूपिन्नपवर्गमनो ॥ ५
बलेर्द्वारपालक बकहन् । भक्तभीतिहारक भगवन् ॥
मधुसूदन मन्मथरिपुमित्र । यते यज्ञभुग्गकलचरित्र ॥ ६
सचराचरवित्सर्वस्वरूप । षट्शास्त्रज्ञ सदोदयरूप ॥
क्षांतिपुंज श्री वत्सल प्राण । कृष्णराम मंगल कल्याण ॥ ७

વી० २५ પા० २

વેદાંત.

અથ તૃતીયસ્કંદે દેવહુતી કપિલ સંવાદે સૂત્રાત્મક ષોડષ શ્લોકનાં કીર્તન પંચદશ બુદ્ધિ જુદી દેશીના

કીર્ત્તન ૩૮૫ મું.

દેશી ફેર "આવિ એકાદશી" ચાલ.

બોલ્યા મૈત્રેયજી વિદુરજી સાંભળો,
જ્ઞાંનિ ગુરૂ જ્યમ વદે શીષ્ય સાથે;
સૂત્ર રૂપે પ્રથમ વ્રત્તી રૂપે પછી,
જ્યંમ કહ્યું માતને કપિલ નાથે: બો. ૧
સૂત્ર કેહે સર્વનું સાર સંક્ષેપથી,
જ્યંમ તારિજ કહે નાંમાવાળો:
વૃત્તી કહે વરણવી તેહને વિસ્તારથી,
જ્યંમ રકમે રકમ નાંમું ન્યાહાળો. બો. ૨
જ્ઞાની થઇને ગુરૂ શિષ્યના મન તણિ,
કાં નથી જાંણતા પોહોચ્ય થોડી;
સૂત્ર કાં કેહે છે એ આશંકા ઉપની,
તેહેનાં છે કારણ હોઠ જોડી. બો. ૩
પ્રથમ કારણ તે તો સૂત્રને વૃત્તીની,
એકતા જાણીને ભાવ આવે:
ઉપજે વિશ્વાસ તે શિષ્યને ગુરૂ તણા,
વચનનો તે પછી સિર નમાવે બો. ૪
બીજુ કારણ જે જે જ્ઞાની બોલે વચન,
તે લિખ્યાં જોગ પુસ્તકને પાને;
સૂત્ર સાંભળિને જે કોઇ પાંમે મરણ,
તે પામે વૃત્તીનું પૂણ્ય ધ્યાંને, બો ૫
ત્રીજું કારણ પરિક્ષા તત્વ શિષ્યની:
સૂત્રને શુણિને જે ફરિ ન પુછે
અજ્ઞ છે પણ નથી ગરજ જાણ્યા તણી,
વૃત્તી વદવાનું ત્યહાં કાર્ય શું છે. બો. ૬

જ્ઞાનિના બોલ્યાની એહ પર નાળિકા,
કપિલે કહ્યું સૂત્ર હવે તેને કહિયે;
મા તમે પુછ્યું કલ્યાણ કયમ પામિયે,
તે તો આધ્યાત્મિક યોગે લહિયે. બો. ૭
આધ્યાત્મિક તો કહ્યા શાસ્ત્ર બહુ જાતિના,
તેહેમાં કપિલે કહ્યો કોણ એહેવો;
જેને સમજ્યે થકી દુઃખને સુખ તણી,
વૃત્તી જાયે ઉખડી તેહેને લેહેવો. બો. ૮
બાજીગરનો રચ્યો વ્યાલને આસ્ત્ર જ્યમ,
તે તેથી થાય શું પુષ્ટી મરવું;
પ્રથમ શ્લોકે કહ્યું એમ સુખ દુઃખથી,
આત્મા અવિનાશિને શાંને ડરવું. બો. ૯

વી. ૨૮. પા. ૧૦

કીર્તન ૩૮૬ મું.

બોલ્યા મૈત્રેયજી, શુણો વિદુરજી શ્લોક, બીજાની કહુ કથા
અનઘે કહિને દિધું સંબોધંન, વ્યસનની ગઈ વ્યથા. ૧
મૂળ દુઃખનારે, વાધે જ્યે કરચે કર્મ, તેહેને વ્યસન કેહે છે;
એ વિનાના તે અધિકારિ જંન, કૃષ્ણ કથા લેહે છે. ૨
કેહેતા અનઘેરે, મિટિ પાપની પીડ્ય, હેત હ્રદય વ્યાપ્યું;
કહ્યું કપિલેરે, કહીશ તે તુને યોગ, માને વચન આપ્યું. ૩
તે પ્રતિજ્ઞાથી ન કહ્યાનો ભર્મ. માત તણો ગયો;
જે મેં પૂર્વેરે, સનકાદિક સાથ્ય, હંસ રૂપે કહ્યો. ૪
એણે વચનેરે, થયો શ્રવણાદર, દુર્લભ માંનીને;
અંગ સઘળાંરે, એનાં છે મા નિપૂણ, સમજવા જ્ઞાનીને. ૫
સમજાશે કે નહિ, એ ચિન્તાય, માત તણી ટળી;
એ સધાશેરે, વશ ચિત્તથી ત્યાંહ્ય, શંકા થશે વળી. ૬

કીર્તન ૩૮૭ મું.

"નર તનુ આપીતે સુધારીયેરે" ચાલ.

કેહે મૈત્રેય શુણો વિદુરજીરે; કહુ ત્રીજા શ્લોકની વાત;
કહ્યું જ્યે વશ ચિત્તે એ સાધશેરે, ત્યહાં આશંકા પુછેછે માત. કે.

આત્મ કલ્યાણ મેં પૂછિયુંરે, તેહેમાં વશ ચિત્તનું શું કામ;
કપિલ કહે બંધને મોક્ષનુંરે, કહ્યું કારણ તે ચિત્ત નાંમ. કે. ૨
એકલું ચિત્ત તે વસ્તુ બે તણુંરે, કહો કારણ કયમ કેહેવાય;
અવસ્થા ભેદેથી ઓળખાવીયેરે, જયમ આપને અનુભવ થાય. કે. ૩
યાવત વિષયની માને સત્યતારે, ચ્યહાય વિધવિધ વિષય વિલાસ.
તાવત કારણ ભવ બંધનુંરે, આત્માને કરે અધ્યાસ. કે. ૪
જ્યાહારે શાસ્ત્રતણા સંસ્કારથીરે, થશે પરમેશ્વરની પ્રીત્ય;
વિષય વિકારશ્યા લાગશેરે, ત્યારે મોક્ષનું હેતુ એ ચિત્ત. કે. ૫

કીર્ત્તન ૩૮૮ મું.

મૈત્રેય કહેરે શુણો વિદુરજી, ચોથે શ્લોકે કપિલે કહ્યું જયેહરે;
વશ ચિત્તેથી આધ્યાત્મિક તે સાધશે, તે'નો ભાગ્યો માતાને સંદેહરે.
મૈ૦ ૧
પૂર્વાવસ્થા પુછિ વશ ચિત્તતણી; સમવૃત્તિ તે તેહેનું કહ્યું નાંમરે;
વિષમતા બિનાનું સમ જાંણવા, ઓળખાવે છે વિષમતાના ઠાંમરે.
મૈ૦ ૨
ઘી સાકરને લોભે ઝાઝા ગરિષ્ટને, સેવિયે જ્યંમ અપકવ વારંવારરે;
અજીર્ણ તેથી અતિશે વાધે ઉદરમાં, તેથી વાધે મલના કઇક વિકારરે.
મૈ૦ ૩
તેથી વાધે બડબડ ને બહુ વેદના, એથી થાયે અંગતણું અનિષ્ટરે;
એમ વાસના અપકવને જો સેવિયે, હું માહારાદ્ધારા યે માંનિમિષ્ટરે.
મૈ૦ ૪
એથી કાંમલોભાદિ મલને ઉપજે, તેથી સુખદુઃખ બડબડ જ્વરશાં વાધેરે
એહ વિષમતા ચિત્તતણી વરણવી, હવે કહું જ્યંમ સમતા તેની સાધેરે
મૈ૦ ૫
કૃષ્ણકથાથી હું તે આત્મા ઓળખે, શુદ્ધબુદ્ધને ચૈતન્ય માહારૂં રૂપરે;
દિવ્ય રૂપ તે દેહરૂપી હું કયમ ઠરૂં, માહારે માહારો ઇશ્વર અનૂપરે.
મૈ૦ ૬
દારા ધન પુત્રાદિ એ નહિ માહરાં, જેને સેવ્યે, સંકટ વાધ્યાં સર્વરે;
એહેવું સમજી મમતા મૂકે મલિનની, અંગતણિ અહંતા મૂકે ગર્વરે.
મૈ૦ ૭

કાંમાદિક મલ ત્યાહારે, જાયે ઉખડી, અળગો થાયે સુખદુઃખનો અધ્યાસરે;
એણી રિત્યે સમતા થાયે ચિત્તની, તેથી સમજે વિષ્ણુનો વિલાસરે.
મૈ૦ ૮

કીર્તન ૩૮૯ મું.

કહે મૈત્રેય શુણોરે ક્ષત્તા, સમચિત્તથી વશ ચિત્તની સત્તા;
જ્યંમ ધોયેલું વસ્ત્રજ નિર્મલ, સમચિત્ત તેહેવું શોભે જલહલ. ૧
જ્યમ તે ઉપર રંગ ચઢાવે, ત્યંમ પ્રભુ પ્રેમાંકિત વશ કાહાવે;
તે વશચિત્તથી આત્મા ભાસે, છ વિશેષણેથી નિજ પાસે. ૨
કેવલ, પ્રકૃતિપર, ને નિરંતર, સ્વયંજ્યોતિ અણિમાંન્ અજરામર;
એકરૂપને કેવલ કહિયે, પ્રકૃતિપર તે સાક્ષિ લહિયે. ૩
નિરંતર તે અભેદને કેહેછે, ત્રણ્ય ભેદ વરજીત જ્યે રેહે છે;
સ્વગત સજાતિય ને રે વિજાતિ, શાસ્ત્રે ભેદ ભણ્યા ત્રણ્ય ભાતી. ૪
એક તરૂમાં જ્યમ શાખાદિ, એક જીવમાં ત્યમ જ્ઞાનાદિ;
મૂર્ખ ભણ્યો ને દંભિ સજ્જન, એ ધર્માનૂ ધરમી તે મન. ૫
મનથી આત્મા છે એ ન્યારો, સ્વગત ભેદ વર્જિત તે ધારો;
સજાતિ અર્ક અને જ્યંમ આંબા, ગુણરૂપે તે તેથી લાંબા. ૬
ત્યંમ જીવેશ્વરમાંહે સજાતિ, ચૈતન છે પણ જુજુવિ ભાતી;
જીવ અજ્ઞ સર્વજ્ઞજ ઈશ્વર, તે કયંમ અભેદ હોય બરાબર. ૭
એહ અવિદ્યા વિદ્યોપાધી, જ્યેણિયે ન્યૂનાધિકતા સાધિ;
જ્યમ ઘટગત અંબર ઘટ જ્યેવું, ઘટે ભાગ્યે પૂર્વે હતું તેહેવું. ૮
વશચિત્તવાલો ત્યમ એ જીવ, લિંગભંગથી શિવ તે શીવ;
જ્યારે લિંગવાસના ભાગી, ઓળખ આપ તણિ એમ જાગી. ૯
વિજાતી પાંહાંણ વૃક્ષ બે જેહેવા જડ ચૈતનદેહે આત્મા તેહેવા;
ગુણરૂપે ન્યારા ઓળખાય, એહને અભેદ કયમ કેહેવાય. ૧૦
દેહ મરે ને આત્મા ન મરે, ડરે એક ને બીજો ન ડરે;
આત્માએક દેહ તે ઘણિયો, એહેનો અભેદ તે કયંમ ભણિયો. ૧૧
જ્યંમ જલ વાયુ યોગે જાઝા, બનિ આવે બહુ બુદ બુદ તાજા;
જ્યારે નિમિત્ત વાયું ન વાહાય, ત્યારે બુદ બુદ જલે સમાય. ૧૨
એમ આત્મામાં વાસના દ્વારા, દેહ ઉપજે ન્યારા ન્યારા;
જ્યાહારે મૂળ વાસના ત્રૂટે, આત્મા રેહે ને દેહજ છુટે. ૧૩

ઉપજે જ્યે જ્યાંહાંથી ત્યહાં મલશે, એમ સમજેથી વિજાતિ ટલશે;
વશચિત્તે એમ અભેદ જાંણે, આભ્યંતર અનુભવ ઓલખાંણે. ૧૪
નિજ પ્રકાશ તેતો સ્વયં જ્યોતી, જ્યેણે ઇંદ્રિયો સહુ ઉદ્યોતી;
અણિમાંન તે સૂક્ષ્મજ કેહેવો, દેખાય નહિ તે લક્ષ્યે લેહેવો. ૧૫
ખંડિત નહિ તેતો અજરામર, જરા મરણનો જ્યેહેને નહિ ડર;
વશચિત્તે એહેવો અવલોકે, એહ કથા કહિ પંચમ શ્લોકે. ૧૬

કીર્ત્તન ૩૯૦ મું.

ક્ષત્તા શુણિયે કેહે કૌશારવિ, છઠે શ્લોકે જ્યે કહિ યુક્તિ;
કૃષ્ણ પ્રેમરંગે જ્યે રંગિયું, તે વશચિત્તે કહિ જ્યે મુક્તિ ક્ષ. ૧
ત્યહાં આશંકા પૂછે, દેવહુતિ, કહો ક્યંમ એકલો ચઢિયો રંગ;
મેળવણિ વિના તે જાય ઉપડી, શી શી વસ્તુ મલી તે સંગ. ક્ષ. ૨
કપિલ કહે તે જ્ઞાંનવિરાગથી, ઉપટે નહિ તે પ્રેમ અનુપ;
જ્ઞાંનવિરાગ એ શી શી વસ્તુ છે, માતા શુણ્ય તેહેનાં કહું રૂપ. ક્ષ. ૩
સદ્‌ગુરૂ સત્‌શ્રદ્ધા સત્ શાસ્ત્રથી, જ્યે ઉપજે તે નિર્મલ જ્ઞાંન;
સદ્‌ગુરૂ તે ઓળખાવે આપને, સધવે શ્રીપતિનું સંધાંન. ક્ષ. ૪
સદ્‌ગુરૂ સરખું કોય સગું નથી, ઇશ્વર જ્યેણે જણંયો અદ્ધા;
તેહેની આજ્ઞાને જ્યે અનુસરવું, તેહેને તો કેવી સત્‌શ્રદ્ધા. ક્ષ. ૫
કઉતુક સરખા કેહે કાંમાદિકને, દેહાદિકને સ્વપ્ન સમાંન;
અભેદ કેહે તેતો સત્‌શાસ્ત્ર છે, તેથી અનુભવ હોય તે જ્ઞાંન. ક્ષ. ૬
વિલોમ થાય તે રાને ગ જેણે, વિરાગ તેને કહિયે સારો;
સે આદાને ગઅમને કહ્યો, વ્યાકરણેથી કહુ તે ધારો. ક્ષ. ૭
છલથી લેવું આવ્યું ધારે રા, ગયું ધારતો ગતે દાંન;
વિલોમ કીધાવીયે ગે જણને, પાપ પૂણ્યનુ કરિને ધ્યાંન. ક્ષ. ૮
છલથી લેવું પીડે પાપ થૈ, માટે ધર્મ કહ્યા ત્યંમ રળવું;
કૃષ્ણાર્પણ તેતો જ્યંમ વાવવું, કોટિ કોટિ ગણું નિજને ફળવું. ક્ષ. ૯
એહ જ્ઞાંન વૈરાગ્ય વડે ચઢયો, પ્રેમરંગ પોતાને ચિત્ત;
પ્રેમ કહ્યો તે કૃષ્ણાકારતા, ચિત્તવૃત્તિને વગર નિમિત્ત. ક્ષ. ૧૦
તે વશચિત્તે છ વિશેષણે, સહિતાં નિજ આત્મા ઓલખાયે;
ઉદાસીન તે જ્યંમ બેનો સાક્ષી, હર્ષ શોકથી નવ્ય લેપાય. ક્ષ. ૧૧
એ અવસરમાં પ્રકૃતિ હત તેજ, જ્યંમ દિવસે હોય શશિની કાંતિ;
એહેવી ભાસેરે આભ્યંતરે, એ વશચિત્તે ઉપજે શાંતિ. ક્ષ. ૧૨

કીર્ત્તન ૩૯૧ મું.

કહે મૈત્રેય વિદૂરની સાથ્યે, કથા સાતમા શ્લોક તણિ;
માત પૂછે શૂં મૂલ સરવનું, જ્યેથી આ જીવન મુક્તિ બણી. ક. ૧
પ્રથમ મૂલ તો સજ્જન સંગતિ, તેહેનું મૂલ તો પૂણ્ય પેહેલું;
કૃષ્ણ કથા શૂણ્યે કેશવ કરૂણા, હોય તેથી સર્વ થાય સેહેલુ. ક. ૨
અપર પ્રેમ તે તો સાધન ભક્તિ, તે થકે ચિત્ત ઠરે છે ઠાંમ;
તે થકી સમવૃત્તિ વશવૃત્તિ, તે થકે આધ્યાત્મિક નિષ્કાંમ ક ૩
તે થકે ઓળખ આપ તણિ હોયે, તે થકે જ્ઞાંન વિરાગને પ્રેમ;
પરા ભક્તિ તે પ્રેમ પ્રબલ હોય, તેથી સકલ બને છે ક્ષેમ. ક. ૪
જગજ્જિવનથી યોગ ઇચ્છે તેને, માર્ગ નથી કોય એહ સમાંન;
પરમ કલ્યાંણ કરે એ જીવનું, તેનું ન ત્રૂટે કદાપિ તાંન. ક. ૫
સાત શ્લોકથી સૂત્ર કહ્યું એ, ધારશે જ્યે મન રાખિ સ્થીર;
કૃષ્ણરામ કહે કષ્ટથી કાહાડશે તેને કૃપા કરી શ્રીયદુવીર. ક. ૬

કીર્ત્તન ૩૯૨ મું.

મિત્રા તનય કહે વિદુરને, દેવહુતિ જ્યે પૂછે;
સંગ અસજ્જન સંતનો, કહો દુઃખ સુખ શૂં છે. મિ. ૧
ત્યારે કપિલ કહે જ્યે કુસંગતે, દઢ બંધન જાણો;
આત્માને કરે અથડામણી, તે તો પાપિ પ્રમાણો. મિ. ૨
સંતસંગ તે તો મોક્ષનું, નિશ્ચે દ્વાર ઉઘાડે;
દુષ્ટ સમાગમ જો કરે, તે તો નરકેપાડે. મિ. ૩
વાંમ હસ્ત પડે છાતિયે, જ્યમ ઝબકી જગાડે;
સવ્ય ભુજેથી સુખે સુવે, સંત ત્યમ ન બિગાડે. મિ. ૪
સંતનિ લક્ષ્ય શ્રીધર વિશે, અસજ્જનનિ લોકે;
સંત તે માટે શોધવા, કહ્યું અષ્ટમ શ્લોકે. મિ. ૫

કીર્તન ૩૯૩ મું.

મૈત્રેય કહેરે શૂણો વિદૂરજીરે,
નવમે શ્લોકે કથા કહિતે કહિયેરે;
સંત પુરૂષને ઓળખવા લક્ષણ કહ્યાંરે,
દેવહુતીને કપિલે તે કહું લહિયેરે. મૈ. ૧
સુખને દુઃખ તે સકલ સહે પ્રારબ્ધ લહિરે,

સુખ દુઃખદાતા શુ નહિ રાગ દ્વેષરે;
ક્ષમાવંત તે પેહેલું લક્ષણુ સંતનુંરે,
બીજું લક્ષણુ કરૂણાવંત વિશેષરે. મૈ. ૨
આત્મા સાથ્ય પરમાત્માને આવવુંરે,
જ્યાહારે ધરવા જન્મ પડે બહુ વારરે;
એ અથડામણુ અનુભવથી આધી કરેરે,
કરે અન્યનો આપ્ત લહિ ઉદ્ધારરે. મૈ. ૩
ત્રીજુ લક્ષણુ સુહૃદપણું સહુ જન થકીરે,
ઉપકારી નહિ, તેહેને પણુ ઉપકારરે;
કરે કૃષ્ણુનો કિધો આપ ન વિસરેરે,
દાસ થઈ નિત્યે રેહે નિરધારરે. મૈ. ૪
અજાત શત્રૂ ચોથું લક્ષણુ સંતનુંરે,
ઉર નવ્ય ઉઠે રિપુ કાંમ કે ક્રોધરે;
બાહારય થકે તે શત્રૂ શાંને નિપજેરે,
ઉપજ્યો ઉરમાં બલિષ્ટ જ્યેને બોધરે. મૈ. ૫
શાંત કહ્યા તે પંચમ લક્ષણુ જાંણિયેરે,
હું માહારાના વિકાર ઉર નહિ જેહેનેરે;
છઠું લક્ષણુ સાધુ ભૂષણુ સંતનુ રે,
શીલ તણા શણુગાર ધરે જ્યે દેહનેરે. મૈ. ૬
એ લક્ષણુથી સાધુજનને ઓાલખિયેરે,
અંતરદૃષ્ટે અનુભવ કરિને માતરે;
કેવલ વેશ ધરયેથી સંત ન માંનવારે,
સંત શોધવા લક્ષણુથી સાક્ષાતરે. મૈ ૭

કીર્તન ૩૯૪ મું.

શુણો વિદૂર કહું, દશમ એકાદશ શ્લોક,
જ્યહાં સંત તણાં લક્ષણુ કહ્યાંરે;
રૂષી મૈત્રેય કહે કપિલજીયે કહ્યું જ્યમ,
દેવહુતિ કરણુ ધરી રહ્યાંરે ૧
કહે કપિલ શુણો મા, અનન્ય ભાવે જ્યેહ,
દૃઢ ભક્તિ કરે માહારે વિષેરે;
જેને સચરાચરમાં વિષ્ણુ વિનાનૂં અન્ય,

દેખંતાં દૈવત નવ્ય હિસેરે, ૨
એતો અનન્યતા કહિ ભક્તિ, તે પ્રભુનો પ્રેમ,
દ્દઢ અચલ વસે જેહેને ઘટેરે;
મજ અરથે જેણે ત્યાગ કરયાં સર્વ કર્મ,
તજી સ્વજન બંધુ મજને રટેરે. ૩
હું છું આશ્રય જયેમાં તે કથા શુણતાં કર્ણ,
ઘણિ શુદ્ધ લહિ કહે અન્યનેરે:
જયેનાં મર્ગત ચિત્ત થયાં છે તેને તાપ,
વિધ વિધના ન પીડે મંનનેરે. ૪

કીર્ત્તન ૩૯૫ મું.

મિત્રા તનય કહે વિદુરને, દ્વાદશ શ્લોકે કહ્યું જયેહરે;
સાધ્વિ શુણો કહે કપિલજી, સંતનાં લક્ષણ એહરે. ૧
સહુથી મોટું એક લક્ષણ, એકે ન આસક્તિ અંગરે;
આત્મ કલ્યાંણને કારણે, પ્રાર્થવો એહેવાનો સંગરે. ૨
જીવના જન્મ મરણ તણા, કઇક કુસંગોના દોષરે;
એહેના અજાણ્યાને ઓળખાવી, તે કરે સઘળાને શોષરે. ૩
રાજાના અંતઃપુર વિષે, જયંમ મળિ રેહેતા હોય મરદરે;
ડાહ્યો દિવાન તેહેને લહે, ઓલખાવે ત્યારે હોય ગરદરે. ૪

કીર્તન ૩૯૬ મું.

મિત્રાના સુત કહે વિદુરનેરે, તેરમા શ્લોકની વાતરે;
સંતતણા લક્ષણને સાંભળીરે, હવે આશંકા પૂછે છે માતરે. મિ૦ ૧
સંતનેં શુણ્યા તેના સંગનુંરે, રૂપ શું હશે તે કહો કપિલદેવરે;
કપિલ કહે તેના આસ્યથીરે, કથા કૃષ્ણતણી શુણવિ એ ટેવરે. મિ૦ ૨
તેના મૂખથી કથાઓ એવી નિકળેરે, માહારા ગુણકર્મની જાણનારરે;
તેતો હ્રદયને કર્ણની રસાયણોરે, શુણ્યે દોષતણા હોય નિસ્તારરે. મિ.૩
તેહેને સેવતાં સેવતાં ઉતાવળીરે, મોક્ષમારગના રૂપ મજમાંહરે;
તેને શ્રદ્ધારતિને ભક્તિ ઉપજેરે, તેનું ચિત્ત પછિ ચોટી રહે ત્યાંહરે.
મિ૦ ૪
તેમાં શ્રદ્ધા તે સત્ય મુજને લહેરે, પછિ રતી તે માહારેવિષે પ્રિત્યરે;
ભલિ ભક્તિ તે કૃષ્ણાકારતારે, રહે ચિત્ત તણી વૃત્તિયો નિત્યરે મિ. ૫

કીર્તન ૩૯૭ મું.

કહે કૌશારવી લાયક, શુણ્ય સંયમની નાયક,
ચઉદમો સુખદાયક, શ્લોક કહું તુંનેરે;
કપિલ કહે સૂણ્ય માત, કહું સત્સંગતિની ખ્યાતરે,
ભક્તિ જ્યહાં શુભ જાત્ય, તે વાહાલા મુંનેરે. ૧
પૂર્વે થઇ જ્યે ભક્તિ મા, તેથી હોય વિરક્તિરે,
તેથી જાય આસક્તિ, આ પરલોકનીરે;
મજ રચનાને ધારચે મા, સૂધ્ધ સર્વ વિચ્યારચેરે,
વૃત્તિ ન ઉઠે ત્યાહારે, હર્ષ શોકનીરે. ૨
સાવધાંન થઈ જન મા, વશ કરવાને મંનરે,
સરલ અહિ સાધંન, યોગ યુક્ત બનેરે,
રાગાદિક જ્યે રોગ મા, તેહેના હોય વિયોગરે,
મજથી હોય સંયોગ, તેહેને વશ મનેરે. ૩

કીર્તન ૩૯૮ મું.

હાંરે શ્રી દ્વૈપાયનના સખા બોલીયા,
હાંરે કહું પંનરમા શ્લોકની વાત. સંયમનિ પતિ સાંભળિયે
હાંરે તે સરલ સાધન કેવા હશે,
હાંરે કહો ફલ તેહેનું પૂછે છે માત. સં૦ ૧
હાંરે કહે કપિલમુની શુણો માનવી,
હાંરે ત્યહાં સત્સંગમ સાધન પેહેલું; સં૦
હાંરે તે સત્સંગમથી કથા કૃષ્ણુનીરે;
હાંરે તે સાંભળતાં હોય સર્વ સેહેલું. સં૦ ૨
હાંરે તે શ્રવણેથી કૃષ્ણુભક્તિ ઉપજે,
હાંરે હોય તેથી સરવ સમર્પણ કર્મ; સં૦
હાંરે હોય તેથી વેગે ચિત્ત તણી શુદ્ધતા,
હાંરે તે તેથી જાંણે પ્રકૃતિના ધર્મ; સં૦ ૩
હાંરે તે પ્રકૃતિના ગુણોને અસેવતાં,
હાંરે હોય તેહેને વિષે તિક્ષણ વૈરાગ; સં૦
હાંરે તે વિરાગેથી વૃદ્ધિ હોયે જ્ઞાંનની,
હાંરે તે જ્ઞાને હોય કર્મતણો ત્યાગ; સં૦ ૪

હાંરે તે કર્મ ગયે જાય સર્વ વાસના,
હાંરે નિરવાસનિક ચિત્ત હોયે વશ્ય; સં૦
હાંરે તે વશ ચિત્તથી જાણે આત્માનું,
હાંરે જે વેદે કહ્યું તેહેવું રહસ્ય. સં૦ ૫
હાંરે તે રહસ્યથી ભક્તિ હોય પ્રેમરૂપા,
હાંરે તે ભક્તિ થકી મિટે અંતરાય; સં૦
હાંરે તે જીવ પાંમે મુને સર્વાવાસીને,
હાંરે આ જન્મે તેહેનાં સંકટ જાય. સં૦ ૬
હાંરે તે પ્રારબ્ધોના ભોગ ભોગ્યા પછિ,
હાંરે તે જીવ પામે સદ્યો મુક્તિ તર્ત; સં૦
હાંરે કહે કૃષ્ણરામ જે જન ધારશે,
હાંરે નહિ હોયે તેને ફરિને આવર્ત્ત. સં૦ ૭
હાંરે નવ, છ, ને પંચ, અષ્ટ, સોળ, દ્વાદશ,
હાંરે ષટ્, પંચ, સપ્ત, ચ્યાર, ચ્યાર પંચ; સં૦
હાંરે ત્રી, સપ્ત, એટલી એકાદિક પદ તણી,
હાંરે છે તુકોં સર્વ સતાણુંનો સંચ. સં૦ ૮

દોહરો.

કહ્યું શ્લોક પંનર ભણિ, સૂત્ર સરવ સિદ્ધાંત,
કૃષ્ણરામ તે ધારતાં, નિશ્ચય હોય નિર્ભ્રાંત; ૧
સંવત અઢાર ચ્યુમોત્યરે, એકાદશી બુધવાર;
પદ પૂરણ તે દિન થયાં, લેખ વિષે દશ ચ્યાર. ૨

કીર્તન ૩૯૯ મું.

દેશી ટેર.

તુંતો સાંભળ્ય સુજાણુંડે જીજ્ઞાસું ધ્રૂ૦
કારણ કોટિની સત્વ વૃત્તિયો કહું,
જે થકી ઉપજે છે કર્મ ગહુ હે_જી. ૧
શમો, દમ, તિતિક્ષાને, ઇચ્છા, તપોરાગ;
સત્ય, અને દયા, સ્મૃતિ, તુષ્ટિ, અને ત્યાગ, હે જી.
અસ્પૃહાને, શ્રદ્ધા, હ્રી, સ્વનિર્વૃત્તિ, દાન,;
સત્વનિએ પંનર વૃતિનાં અભિધાન. હે જી. ૨

શમ તે તો ક્રોધાદિક ઉપજે ન ઉર,
ઉપજે તો વશ્ય રાખે જાંણિને જરૂર; હે જી.
દમ, તે દશેંદ્રિયોને રાખવા અધિન,
અઘટિત વિષયોમાં કરવાં ન લીન હે જી. ૩
તિતિક્ષ્ય, તે પ્રારબ્ધોના દુઃખ સુખ સહે,
શોક કે હર્ષના વેગમાં નવ વહે. હે જી.
ઇક્ષા, તે તો જાણે જેહેના તેહેવાં સ્વરૂપ,
પૂછે તેહેને કહે નહિ તો ચિંતવે ચ્યૂપ. હે જી. ૪
તપોરાગ, તે તો શોષે ઈંદ્રિયોને કાય,
વ્રત તીરથ જપધર્મેથિ ચ્યહાય; હે જી.
સત્ય, તે તો નિજાશ્રમવર્ણોના ધર્મ,
યથાશક્તિ આદરિને કરે ન કુકર્મ. હે જી. ૫
દયા, તે તો કોયનું ન પીડન કરે,
પોતાના પ્રમાંણે સહુનું પ્રિય આચરે, હે જી.
સ્મૃતિ, તે તો પૂર્વાપરનું ધરે અવધાંન,
નિજ હિત ઉપાયોનું રાખે સંધાન. હે જી. ૬
તુષ્ટિ, તે તો સ્વલ્પ લાભે પણ ધરે તોષ,
કોઇને અધિક મળતું દેખિ નાંણે રોષ; હે જી.
ત્યાગ, તે તો ધરમે ધનના વ્યયનો ન દ્વેષ,
અજાંણ્યે ગમાંચ્યું તેનો કરે નહિકલેશ. હે જી. ૭
અસ્પૃહા, તે પુત્રાદિકની આશાઓ ન હોય,
ધન સુત ધામાદિને જુઠાં કરી જોય: હે જી.
શ્રદ્ધા, તેતો વેદાદીથી સમજિ રહસ્ય,
સત્ય માંની શ્રીપતીને રહે નિત્ય વશ્ય. હે જી. ૮
હ્રી, તો આંણે કુચ્છિત કર્મ આદરતાં લાજ,
પાતક શમાવા સેવે સંતનો સમાજ; હે જી.
સ્વનિવૃત્તિ, આપે ઉઘડે અનુભવ વૃંદ,
સ્વાત્માને શુદ્ધ જાણિ ઉપજે આણંદ. હે જી. ૯
દાન, તે તો વિદ્યાદીનું અધિકારિ જોઈ,
યથાયોગ્ય આપવું તે હુંપણું ખોઇ; હે જી.
એ તો કહ્યાં સત્વવૃત્તિ પંનરોનાં રૂપ,

અનુભવ કરિ ઉરે ઓળખ્ય અનુપ. હે જી. ૧૦
એ પંનરમાં જયે જયે વૃત્તિ અતિશે સેવાય,
અતિવર પૂણ્ય વૃત્તિ તે તે કેહેવાય; હે જી.
વારંવાર સેવાય તે પુણ્ય વૃતિવર,
યથાશક્તિ સેવતાં સાધારણ પંનર. હે જી. ૧૧
સ્વલ્પ આદરતાં પૂણ્ય વૃત્તિ કનિષ્ટ,
અતિ કનિષ્ટ કિંચિત્ આદરતાં ઇષ્ટ, હે જી.
નિષ્કામે જો સેવે સમજી શાસ્ત્રોથી ફલ;
તે થકી વાધે સત્વ વૃત્તિનું બલ. હે જી. ૧૨

અલિષ્ટ થયો તે સત્વ વધતો થાય,
તેણે રજો તમો તણિ વૃત્તિ દબાય; હે જી.
તે અલિષ્ટ સત્વે કરિ ધર્મ બને સાર,
તે ધર્મથી જયે બને તે જાંણ્ય સંસ્કાર હે જી. ૧૩

શાસ્ત્ર સમઝીને પણ જો હોય સકામ,
રજો મધ્યે ધર્મ તેહનું ઉચ્ચકર્મ નામ; હે જી.
શાસ્ત્ર શુણિને પણ સ્વલ્પ સાધે સત્વ,
અહંમમ કામનાથી સમઝે ન તત્વ. હે જી. ૧૪
તે સત્વને રજોતમ મધ્યે બને કામ્ય,
તે કર્મોનું નાંમ કહિયે, સમઝીને સામ્ય; હે જી.
એણિ રિત્યે સત્વ થકી કર્મજ થાય.
સંસ્કાર ઉચ્ચને સામ્ય કેહેવાય. હે જી. ૧૫

રુષિ દેવ માનવ એ ત્રણ્યના સ્વભાવ,
એક એકથી એતો ઊતરતા દાવ; હે જી.
સત્વ તણિ વૃત્તિયોનો કહ્યો સંક્ષેપ,
કૃષ્ણરામ કહે જાણ્યે લાગે ન લેપ, હે જી. ૧૬

વી. ૩૦ પા. ૧

શ્લોક.

शमोदमस्तितीक्षेक्षा तपः सत्यं दया स्मृतिः ।
तुष्टि स्त्यागः स्पृहा श्रद्धा ह्रीर्दयादिः स्वनिर्वृतिः ॥१॥

तत्र सत्वं निर्मलत्वा त्प्रकाशक मनामयं ।
सुख संगे न बध्नाति । ज्ञान संगे न चानघ ॥२॥
सत्वस्य वृत्तयः पूण्याः । रजसो मिश्रिकास्तथा ।
पापिष्टास्तमसः सर्वाः । भवंत्यति वरादिका ॥३॥
निरंतरं मुहुः शक्त्या । स्वल्पं किंचित् क्रमात्श्रिता ।
अतिवरा वरासाम्या । कनिष्ठातिकनिष्ठिका ॥४॥

इति सत्व वृत्तयः

બી. ૩૦. પા. ૧

કીર્તન ૪૦૦ મું.

તું તો સાંભળ્ય સુજાણરે જીજ્ઞાસું, ધૃ.
કારણ કોટિની રજો વૃત્તિઓ કહું;
જ્યે થકી ઉપજે છે કર્મ બહું. હે જી. ૧
કામ, ઈહા, મદ, તૃષ્ણા, સ્તંભ, અને આશી;
ભિદા, સુખ, મદોત્સાહ, યશઃપ્રીતિ, હાશી. હે જી.
વીર્ય, ને બલોદ્યમ, ચાપલ્ય, વંચન,
પંનર એ રજોવૃતિ ધારજ્યે મંન હે જી. ૨
કામ, તે સ્ત્રિયોને વિષે મોહિનિ કેલિ,
રેહેવું વશ સ્ત્રિને તન મન ધન મેલિ; હે જી.
ઇહા, તેતો પ્રવૃત્તિયો વ્યાપારોનિ બહુ,
પુછે તેને એમ કહે નિકામો નહૂં. હે જી. ૩
મદ, તે તો આંતરીમાં ધરવો ગર્વ,
એમ માને મુને ભલો કેહે છે સર્વ; હે. જી.
તૃષ્ણા, તેતો લાભ છતાં વળી મળો સ્યહાય,
ઘણું મળે તોહે મનોતૃપ્તિ ન થાય. હે જી. ૪
સ્તંભ, તે છું ઉચ્ચ અમે એવી મનભ્રાંતિ,
સહુ ઉપરી થાવું સ્યાહે કરી આક્રાંતિ. હે જી.
આશી, તેતો ધનાદિની કામનાઓ ઘણી,
તેહેને માટે સેવા કરે, દેવાદિક તણી. હે જી. ૫

ભિદા, તેતો ભેદબુદ્ધિ, હું માહારૂં ને પર,
જુદા જીવ. જુદુ જગત જુદા ઈશ્વર હે જી.
સુખ, તે વિષય મળ્યાં, જાંણી કરે પ્રીત્ય,
ઈહિ પરલોક તણા ભોગ માંને નિત્ય. હે જી. ૬
મહોત્સાહ, તેનો મદે ધરે અભિનિવેશ,
તુકારચો ચઢાવ્યો ખરચે ધનાદિ અશેષ. હે જી.
યશઃપ્રીતિ, સ્તુતિ વાહાલી પોતા તણી અત્ય,
સ્ત્તાવકોને રીઝે જાંણે પાત્રની ન ગત્યરે. હે જી. ૭
હાશી, તે વિનોદે પરની મશ્કરિયો કરે,
છિદ્ર કાંત કાંતાઓના કરણોમાં ધરે. હે જી.
વીર્ય, તે સ્વ પ્રતાપોની પ્રગટાવા ખ્યાત,
તેહેવી કાહાડે મિશેમિશે સ્વ પરની વાત. હે જી. ૮
બલોદ્યમ, તેતો કરે વીના અવસરે,
ઉદ્યમ વિજાતી પણ ડરપે ન ડરે. હે જી.
ચાપલ્ય, તે દેહેંદ્રિય મનો ન વિરાંમ,
સ્મર્ણ પાઠ કીર્તનમાં વૃત્તી નહી ઠાંમ. હે જી. ૯
વંચન, તે સઘળાને ઠગવાની રીતિ,
મનમાંહે કાતિ મુખે જણવવી પ્રીતિ હે જી
એતો કહી રજોવૃત્તિ પંનર પ્રમાંણ્ય,
પૂણ્ય પાપાત્મક એને મીશ્રક જાંણ્ય. હે જી. ૧૦
એ પંનરોમાં જયે જયે અતિશે સેવાય,
અતિવર મિશ્રક તે વૃત્તિ કેહેવાય. હે જી.
વારંવાર સેવાય તે મિશ્ર વૃત્તિવર,
યથાશક્તિ સેવતાં સાધારણ પંનર. હે જી. ૧૧
સ્વલ્પને કિંચિતે એક નિષ્ટાતિકનીષ્ટ,
મિશ્રક રજોની કહીયે ઈષ્ટાનીષ્ટ. હે જી.
કામના છતાં જો કરે અકામનું યત્ન,
સત્વ મળ્યે સાધે તેતો પુરૂષ પ્રયત્ન. હે જી. ૧૨
સકાંમે જો સેવે સમજી શાસ્ત્રે સકલ,
તે થકી તે વાધે રજોવૃત્તિઓનું બલ હે જી
બલિષ્ટ થયો તે રજોવૃદ્ધિ થાય,

તેણે સત્વ તમો તણી વૃત્તિયો દબાય. હે જી ૧૩
તે અલિપ્ત રજોવડે દિષ્ટજ થાય,
તેણે દિષ્ટે ઋણોની તે અતિ ભોગાય. હે જી.
સકામ્ય છતાં પણ મલે રજે, સત્વ, તમ,
તેથી કર્મ સામ્ય બને આદરતાં સમ. હે જી. ૧૪
એણિ રીત્યે રજો થકી કર્મજ થાય,
પુરૂષ પ્રયત્ન દિષ્ટ સાંમ્ય કેહેવાય. હે જી.
માનવ અસુર ભૂત ત્રણ્યના સ્વભાવ,
એક એકથી એતો ઉતરતા દાવ. હે જી. ૧૫
રાગાત્મકરૂરજો કરે કર્મ સંગે બંધ,
આભ્યંતર પ્રકાશો ને અર્ધ કરે અંધ. હે જી.
રજોગુણ વૃત્તિયોનો કહ્યો સંક્ષેપ,
કૃષ્ણરામ કહે જાણ્યે લાગે નહિ લેપ. હે જી. ૧૬

श्लोक.

काम इहा मदस्तृष्णा स्तंभ आशीर्भिदा सुखं ।
मदोत्साहो यशः प्रीतिर्हास्यं वीर्यबलोद्यमः ॥१॥
रजो रागात्मकं विद्धि तृष्णा संग समुद्भवं ।
तन्निबध्नाति कौंतेय कर्मसंगेन देहिनम् ॥२॥
सत्वं तमश्चाभिभूय रजो भवति भारत ॥३॥
इति रजो वृत्तयः ॥

કીર્તન ૪૦૧ લું.

તું તો સાંભળ્ય સુજાંણ હે જીજ્ઞાસું. ધ્રુ.
કારણ કોટિની તમો વૃત્તિયો કહું,
જયે થકી ઉપજે છે. કર્મ બહું. હે જી. ૧
ક્રોધ, લોભ, અનૃતને હિંસા, યાંચા દંભ,
કલમ કલિ, શોક, મોહ, વિષાદવિજૃંભ, હે જી.
આર્તિ, નિદ્રા, ભી, અને અનુદ્યમ, જેહ,

તમોનિ વૃત્તિયો પંનર નાંમે કહિ એહ. હે જી. ૨
ક્રોધ, તે પરોના ઉપર આભ્યંતરે તાપ;
ચક્ષુ કરિ લાલ મારે મરે કે ઘેરયાપ. હે જી.
લોભ, તે ખાવુ કે ન ખરચવું કાંઈ,
વ્યાજે વ્યાજ આવે કેવા ઘાલે મહિ માંહિ. હે જી. ૩
અનૃત, તે અકારણે પણ જુઠુ વદે,
કલ્પિ કલ્પિ વાતોવડે કઇના બાળે હૃદે. હે જી.
હિંસા, તે તો ચરાચરને પીડા બહું કરે;
સહુંનું માઠું થેવું તાકે, જીવીકાઓ હરે. હે જી. ૪
યાંચા, તે તો પરધનાદિ માગવું ચ્યહાય,
છતે કે અછતે અહર્નિશી અથડાય. હે જી.
દંભ, તે તો ધર્મ વિના ધર્મિ છું અમે,
એમ કહિ નમાવે સહુંને આપે ન નમે. હે જી. ૫
કલમ, તે જયે કરિ ન સકાય તે કરે,
સ્વ શક્તિ વિચ્યારચા વિના અશક્ય આચરે. હે જી.
કલિ, તે તો કરે સ્વીય પર થકે કલેશ;
સ્વરૂપ સમય ભુલી વદે ભુડું એષ. હે જી. ૬
શોક, તે તો જયે જયે ગયું તેની યાદ કરિ,
કુટિને કુટાવે વળિ, રડે આંસું ભરી. હે જી.
મોહ, તે તો વિપરિત ભાવના લહે;
પોતે એક ભલો બાકી સહુંને ભૂંડા કહે. હે જી. ૭
વિષાદવિજૃંભ, તેતો ચિંત્તાયે સુકાય,
વિષય ન મળ્યે ગયે ચિત્તભ્રમ થાય. હે જી.
આર્તિ, તે તો અંગ દુઃખે કહે અરે અરે;
આપે થયે મંદ બિજા બહુંને મંદ કરે. હે જી. ૮
નિંદ્રા, તે તો જાગતામાં યાદ સર્વ જાય;
સાંભળે પણ સમજે નહિ, ખરૂં ન બોલાય. હે જી.
ભી, ત્યે ભય રોગ ભૂત સર્પાદિ ના ધરે,
વિષયોને અર્થે કર્મ અયોગ્ય આદરે. હે જી. ૯
અનુદ્યમ, તે વેહેમેથી, સુઝે ન ઉદ્યંમ:
થશે કે નહિ થાય એટેવા ઉઠે ઉરે ભ્રંમ; હે જી.

એમ કહિ તમોવૃત્તિ પંનર પાપીષ્ટ;
એ થકી જ્યે જ્યે સધાયે ત્યેહ અનિષ્ટ. હે જી ૧૦
એ પંનરેમાં જ્યે જ્યે અતિશે સેવાય;
અતિવર પાપ વૃત્તિ તે તે કેહેવાય. હે જી.
વારંવાર સેવાય તે પાપ વૃત્તિ વર;
યથા શક્તિ સેવતાં સાધારણ પંનર હે જી. ૧૧
સ્વલ્પે ને કિંચિતે એક નિપાતિ કનિષ્ટ,
પંચધા તમો તણી, વૃત્તિ એ પાપીષ્ટ. હે જી.
કાંમ ક્રોધ છતાં કરે કર્મ જો અકામ્ય,
તે કર્મનું નાંમ કહીયે સમઝિને સામ્ય. હે જી. ૧૨
ક્રોધ છતાં જો કરે વિધિથી સકામ,
આગંતુક કહીયે તેને તમો રજે નાંમ. હે જી.
સકામે જો સાધે વિધી ઉલ્લંઘી સકલ,
તે થકી તે વાધે તમો વૃત્તિયોનું બલ. હે જી. ૧૩
બલિષ્ટ થયો તે તમો વાધતો જાય,
તેણે રજો સત્વ તણી વૃત્તિયો દબાય. હે જી.
તે બલિષ્ટ તમોવડે જ્યે જે સાધે કરમ,
તેનું તેનું નાંમ કહિયે અવચ અપરમ. હે જી. ૧૪
એણિ રીત્યે તમોગુણે ત્રિધા કર્મ થાય;
સામ્ય આગંતુક અવચ કેહેવાય. હે જી.
પશુ અસુર રાક્ષસ ત્રણ્યના સ્વભાવ,
એક એકથી એતો ઉતરતા દાવરે. હે જી. ૧૫
પ્રમાદ આલસ નિંદ્રાથી કરે બંધ,
તમો કરે આભ્યંતર પ્રકાશ ને અંધ. હે જી.
તમોગુણ વૃતિયોનો કહ્યો એ સંક્ષેપ,
કૃષ્ણરામ કહે જાંણ્યે લાગે નહિ લેપ. હે જી. ૧૬

શ્લોક.

क्रोधो लोभो ऽनृतं हिंसा यांचा दंभः क्लमः कलिः ।
शोकमोहौ विषादार्त्ती निद्रा ऽशाभीरनुद्यमः ॥१॥

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्व देहिनाम् ।
प्रमादालस्यनिद्राभि स्तंन्निबध्नाति भारत ॥२॥
सत्वंरजश्चाभिभूय तमो भवति भारत ॥३॥

इति कारणकोटि मध्ये त्रिगुण वृत्तयः कर्माणि स्वभावाश्च कथिताः ॥

કીર્તન ૪૦૨ જું.

અથ ભોગકોટી.

ભોગ કોટીમાં ઋણને ભોગવા,
દિષ્ટ ત્યાગવારે, લાૈકિક કહું કર્મ. જીજ્ઞાસુ હે. ધૃ.
સર્વ ઋણિયા સંબંધી જાંણવા,
ઉરે નાણવારે, માહારા માંની એ ચર્મ. જી૦ ૧
યથાશક્તિથી ઋણ તેહેનાં છુટવા,
નવ્ય ફૂટવારે, એ માટે શિરો ઉર; જી૦
એમના માટે ન બાધાઓ રાખવી,
નવ્ય ભાખવીરે, દીન વાણી જરૂર. જી૦ ૨
ગુણ અવગુણ ગાવા ન એમના,
મન વેહેમનારે, ધરવા નહિ ધોખા. જી૦
આપ આપને કર્મે અવતરયા,
એમાં કો ઠરયારે, મેલા કે ચોખા. જી૦ ૩
જ્યમ ભાર વેહેવો નવ્ય ધારીયે,
એમ વારીયેરે, વૃત્તિયો એ મળ્યાની; જી૦
એથી ક્લેશ ઘણા ઘણા નીપજે,
વૃત્તિ ન ભજેરે, ભુલ્યા પાછા વળ્યાની. જી૦ ૪
જ્યમ ભડકીયે ભૂતોનેં પેખીને,
એ ઉવેખીનેરે, જ્યમ નાશીયે દૂર; જી૦
એમ સંબંધી એ સઘળાં છળે,
માંન્યા નીકળેરે, નહિ જો વશ્યા ઉર. જી૦ ૫
એતો માનીયે સૃષ્ટિ રામની,
નહિ કાંમનીરે, એહેમાં આપણે કોય; જી૦
એહેને ન મળ્યે ન રેહેવું ઉચાટે,

ગયા માટેરે, એહેને અરથે ન રોય. જી૦ ૬
જ્યમ ગુનેગાર પગે શ્રૃંખલા,
જોઇ આકળારે, થઇ છોડવી ચ્યહાય; જી૦
એમ આપણુ એહ સંબંધીયે,
પડચા બંધિયેરે, તે ક્યમ નીકળાય. જી૦ ૭
જયે જયે બેડી છોડાવે શ્રીહરિ,
કરૂણા કરીરે, તે તે પાછી ન ઇચ્છે; જી૦
પછી નિશ્ચિંત શ્રીકૃષ્ણ સાંભરે,
નવ્ય વિસરેરે, દુઃખ પાછલ્યાં પ્રીછચે. જી૦ ૮

આતો કૃષ્ણ સ્મરણ માટે તનું,
બિરૂદ એમનુંરે, જોઇ આપી નાથે; જી૦
માટે અન્ય વાસનાથી બીહીઝીયે,
નવ્ય લીજીયેરે, કોયનો ભાર માથે. જી૦ ૯
પંચાત્ય ન કરીયે કોયની,
મન મોહનીરે, મોટાઈ ન ધરિયે; જી૦
બહુજતાવ્ય ન કરીયે જંનની,
મળ્યા ધનનીરે, વૃત્તિ ન પ્રસરીયે. જી૦ ૧૦

મોટા મંડપ મુસાળાં ને વરા,
પડે આકરારે, તે કરીયે ન કોડે; જી૦
ઝાઝા ઘર કે મોટા ધાંમને,
ધારી નાંમનેરે, ન બનાવીયે હોડચે. જી૦ ૧૧
કોહોનાં આભરણ માંગી ન પેહેરીયે,
નવ્ય ધીરીયેરે, કાંમી, ક્રોધીને ધંન; જી૦
ક્રોથી દત્ત પુત્ર નવ્ય રાખીયે,
નવ્ય ભાખીયેરે, કોહોને માઠું વચંન, જી૦ ૧૨
અન નવારસું ન આરોગીયે,
નવ્ય ભોગીયેરે, પરની થાપણ્ય, જી૦
ઘરસા ભ્રષ્ટને બહુ ન જયમાડીયે,
નવ્ય કાહાડીયેરે, વરો કરવા ઋણ. જી૦ ૧૩
પુત્ર પરણાવા વેગ ન કીજીયે,
કન્યા દીજીયેરે, વર જોઇ વિવેકી; જી૦

આઝી મહર્ધ્યે વસ્તુ ન જ્યમીયે,
નવ્ય રમીયેરે, દ્યુત એકી બેકી. જી૦ ૧૪
દીર્ઘ દૃષ્ટીયે જોઈ સ્વ પ્રતાપને,
તેહેવું આપનેરે, રાખીયે વાહંન; જી૦
તે પ્રમાણુયે નંગ પશુ ભૃત્યને,
નિજ છત્યનેંરે, જોઇ રાખે જંન. જી૦ ૧૫
જયેને ધીરચું તે જો આપે ન કદા,
તેને આપદારે, ભારયે ન કરીયે કોઇ; જી૦
વીના વિરાગે પરણી ન ત્યાજીયે,
નવ્ય દાઝીયેરે. સુખ પારકું જોઈ; જી૦ ૧૬
સારૂં કરતાં ન કોહોને વારીયે,
નવ્ય ધારિયેરે, ધન વિપ્રનું મળવું; જી૦
વાજવીથી અધીકું ન લીજીયે,
મુકી દીજીયેરે, માહા અધર્મે રળવું. જી૦ ૧૭
ઉંચ પાસે ન સેવા કરાવીયે,
ન ઠરાવીયેરે, બ્રાહ્મણ શિરે કર; જી૦
નિજથી કો કનિષ્ટ મરચા તણું,
માંની આપણુંરે, જીરવિયે ન જર. જી૦ ૧૮
ભાઇ, ભત્રીજો, સુત તેમની વરી,
બેહેન્ય, દીકરીરે, વળી હોય જો અનાથ; જી૦
આપણુ સધન હઇયે તો પાળયે,
પણુ ગાલ્રીયેરે, લડીયે ન તે સાથ. જી૦ ૧૯
કોનું માઠું જોઇ ન ખુશી થઇયે,
ન કદી કહીયેરે, દેવ વિપ્રના સંમ; જી૦
ગુરૂ તીર્થ દેવોને ન ખીજીયે,
નવ્ય કીજીયેરે, અનુંચિત ઉદ્યંમ. જી૦ ૨૦
ધન લોભે ન જંતુને મારીયે,
નવ્ય હારીયેરે, નિજ સત્ય વચંન; જી૦
કોથી સ્નેહ વૈર નવ્ય બાંધિયે,
નવ્ય રાંધિયેરે વીના વેણેલું અન્ન. જી૦ ૨૧
કૃષ્ણુકથા સાંભળીયે કર્ણુથી,

સદાચરણથી રે, કરીયે સત્સંગ; જી૦
કૃષ્ણરામ કહે ઋણુ ભોગાશે,
હિશ થઇ જાશેરે, ભલું આચરચે ભંગ. જી૦ ૨૨

કીર્ત્તન ૪૦૩ જું.

ભોગ કોટિમાં પ્રારબ્ધ ભોગવા,
આગંતુક જવારે, શારિર કહું કર્મ; જી૦
નખ શિખ પીંડ ભૌતિક જાણવો,
ઉરે નાંણવોરે, આ હું માંની એ ચર્મ. જી૦ ૧
સુતકીનું ન અન્ન આરોગવું,
નવ્ય ભોગવુંરે, એંઠું વાશી ઉઘાડું; જી૦
જેહેને પિપીલીકા ઝાઝી ચઢી,
જયે ગયું શડિરે, એહેવું જમવું ન ટાહાડું. જી૦ ૨
રજોવંતિની છાયાયે સ્પર્શેલું,
કે આકર્શેલું રે, કોય જનનું ન લેવું; જી૦
દશા આદિ ત્રિદિન સંકેતનું,
કે અહેતનુંરે, ગળામાં નવ્ય ગ્રેહેવું. જી૦ ૩
કે ત્રિપિંડિનું કે પ્રાણાંતનું,
અહણાંતનુરે, જમવું નવ્ય ચ્યહાવુ; જી૦
કાક માર્જાર શ્વાનનું અડકેલું,
ચર્મે ખડકેલું રે, જલે પકવ ન ખાવુ. જી૦ ૪
ઝાઝું ખારૂં ખાટું તીખું તેલનું,
રસ્યું ફેલનુંરે, અરધ પકવ કે દાઝયું; જી૦
મધુપૂષ્પ પલાંડુ લસુન મળ્યું
કે અતિ શળ્યુંરે, ન આરોગિયે ઝાઝું. જી૦ ૫
ઘણું જુનું કે ખાંણ્યથી નિકળ્યું,
કે આવિ મળ્યુંરે, કે વીરોનુ આંણેલું; જી૦
અતિ નીચે જયે છાનું આપીયું,
કીટે વ્યાપિયુંરે, જમિયે ન જાંણેલું. જી૦ ૬
જાતાશૌચનું સુતિકા હેતુનું,

રાહુ કેતુનું રે, દાનેથી લીધેલું; જી૦
ઘણા કેહેરનું કે ન સંતાનનું,
અવમાંનનું રે, જાણિ જયમિયે ન મેલું. જી૦ ૭
વિના નૈવેદ્ય કે વિના હોમનું,
પશુ રોમનું રે, કે સલિદ બાફેલું; જી૦
જ્યાહુ ખોરે અમિત્રે કે સંકરે,
ન તે ઉદરેરે, લેવું એમનું આપેલું. જી૦ ૮
હત્યારાનું વટ્લ્યાનું ગુમારનું,
વંધ્યદારનુંરે, કે અપૂછ્યું અજાણ્યું; જી૦
ચાડિયાનું કે વિપ્રના દ્રેશીનું,
કે વા કલેશીનું રે, નવ્ય લિજીયે આંણ્યુ. જી૦ ૯
પંચભાગ વિનાનું કે ચોરનું,
ઘણા ઘોરનુંરે, કે પક્તિ વેરાનું; જી૦
ન લ્યે ચાકરી બિન સરકારનું,
પશુમારનું રે, કે વિપ્ર વેહેરાનું. જી૦ ૧૦
કન્યાવિક્રયીનું કે કુલટાનું,
કાંનફટ્ટાનું રે, કે લૂંટેલું ભોજ્ય; જી૦
ઠગ વિદ્યાયે ગરિબોનાં ગ્રહ્યાં,
શાસ્ત્રે કહ્યાંરે, એ અન્ન અભોજ્ય. જી૦ ૧૧
પર વસ્ત્ર અધોયું ન પેહેરિયે,
નવ્ય ઘોરિયેરે, સભા મધ્યે ઉંઘે; જી૦
ખેળાલાં ન ધરે સ્વયં ધોઇને,
ખસબોઇને રે, પર સુંધિ ન સુંઘે. જી૦ ૧૨
દેશ કાલ વયો વર્ણ ધંનનેં,
જોઇ જંનનેંરે, યોગ્ય વસ્ત્રજ ધરવા; જી૦
સાવયવ ઈતર રતિ શય્યાયે,
નિજ ઇચ્છાયે રે, ત્યાંહાં શયન ન કરવા. જી૦ ૧૩
નિચ ઉંચને આસનેં ન બેશિયે,
નવ્ય પેશિયેરે, સહસા અંધારે; જી૦
રૂક્ષ છુટા મેલા ઘણા કેશને,
સદ્દેશનેંરે, બિન સમજ્યે ન ધારે. જી૦ ૧૪

અજાણ્યા તરૂના ફુલ કંદના,
પૂષ્પવૂંદનારે, કરવા નહિ ભોગ; જી૦
કુ ચિકિત્સકની જયે ઔષધી,
રસાયણ બધીરે,.ન લિજે છતે રોગ. જી૦ ૧૫
કહુંના ઔષધ કલ્પ્યાં ન કીજીયે,
નવ્ય ખિજીયેરે, અન્નને અન્ય રૂચ્યે; જી૦
ભંગ, મદિરા, તમાકુ, અફીણુનેં,
ગુણ હીણુનેરે, નવ્ય સેવિયે હુંશ્યે. જી૦ ૧૬
મહાગરિષ્ટ અતિ નઆરોગિયે,
નવ્ય ભોગિયેરે, રતી રામાથી આજિ; જી૦
અતિ આલસ નિદ્રા ન ધારિયે,
આહાર વારિયેરે, વશ્ય રહે જયમ બાજી. જી૦ ૧૭
દ્રઢ આસન અંગે ઠરાવીયે,
ન કરાવિયેરે, શ્રમ વપુને વિશેષ; જી૦
સેહેતાં સેહેતાં તીર્થ જલે નાહિયે,
નવ્ય ધાઇયેરે. આપે કરી કલેશ. જી૦ ૧૮
વિના વૃતે ન પ્રાંણુને પીડિયે,
નવ્ય હિંડિયેરે, દોડિ ઉછંગી વાટયે; જી૦
ઘણું જયમિયે ન મુળગું મૂકિયે,
નવ્ય મુકિયેરે, ગઈ વસ્તુને માટે. જિ૦ ૧૯
મોઘા વસ્ત્ર અતર ફૂલેલને.
કરિ સેલનેરે, નવ્ય સેવિયે રંગે. જિ૦
આપે સદ વસ્તુ જયમતાં લાજિયે,
નવ્ય દાઝિયેરે, ડાંહાંમ દેવરાવિ અંગે. જિ૦ ૨૦
બ્રહ્મચર્ય રાખિયે આપથી,
સથા પાપથીરે થરકિયે જાણીને. જિ૦
પાપે રળિને પુત્રાદિ ન પોષિયે,
નવ્ય પ્રોશિયેરે, અંગ માટે પ્રાંણીને. જિ૦ ૨૧
માંસ આદિનો આહાર ન કીજીયે,
મને બિઝિયેરે, પ્રભુ છે પુછનાર; જી૦
ગર્વ કીજે ન જાતી કુલનાં,

જોઇ મૂળનારે, મસાલાનો પાર. જી૦ ૨૨
છાંણ્યું પાંણિ વાવરિયે સર્વથા,
શુણિયે કથારે, કરિયે સતસંગ; જી૦
કૃષ્ણરામ એ પ્રારબ્ધ ભોગાશે,
આગંતુક થાશેરે, એહવે આચરચે ભંગ. જી૦ ૨૩

કીર્તન ૪૦૪ થું.

ભોગ કોટિમાં વાસના ભોગાવા,
તેતે પલટાવારે, કુસ્વભાવના ધર્મ; જી.
સંસ્કાર ઉપજવાને કહું,
શુણજ્યે સહુંરે, જ્યે અકામ્ય સુકર્મ. જી. ૧
સદ્ગુરૂને સેવિને સાંભળે,
નિવૃત્તિ ફલેરે, જે શાસ્ત્રથી તેહને. જી.
ઉપનિષદ ગિતા ને ભાગવત,
જ્યેથી સહસા તરે; વાંમે બે દેહને. જી. ૨
જ્યેથી પ્રવૃતિ પાખંડ ઉપજે;
શુણવા તજેરે, તેહેવા શાસ્ત્રને જાંણિ. જી.
મહિમા લહિ તિર્થોદકને ભજે,
બીજાં વરજેરે, ગંધ મદિરા પાંણિ. જી. ૩
નિવૃત્તિવંત જનને કરે સગાં;
રાખિ અલગારે કામી દૂરાચારીને. જી.
સ્મરણ માંહે એકાંત દેશે પેસે;
નવ્ય બેસેરે, માર્ગે ઘુત ધારીને. જી. ૪
ધ્યાનાદિ માટે સેવે પ્રાહ્નને,
પ્રદોષાંહ્નનેરે, ન નિશીથનિ વેળા; જી.
નિત્ય કર્મ યથા શક્તિ આદરે,
કામ્ય પરિહરેરે, સાભિચારાદિ હેલા. જી. ૫
ભજે શૈવિ કે વૈષ્ણવિ દિક્ષાને,
સંત શિક્ષાનેરે, સમજીને સાચે જી.
શાક્ત વાંમ દિક્ષાને નવ્ય ધરે,
ક્ષુદ્રના ચરેરે, મેલે દેવે ન રાચે. જી. ૬
ધ્યાંન શ્રીકંઠનું કે શ્રીશનું;

ન અનિશનુંરે, કાં તાકે અરીનું. જી.
નમો ભગવતે શિવાય વિષ્ણુવે;
ઐક્ય અનુંભવેરે, જપવું હર હરિનું. જી ૭
એ વિના નવ્ય જપ વાજન્યના;
મંત્ર અન્યનારે, કામ્ય ક્ષુદ્રાદિ તજવા. જી.
સેવે સંસ્કાર મન શુદ્ધિ તણા;
બીજા ઘણારે, દેહ ગેહેના ન ભજવા. જી. ૮
હું છું કરતા એહેવું નવ્ય ધારવું;
ન વિચ્ચારવુંરે, મળ્યુ તે હોય માહારૂં. જી.
સર્વ હાથ્ય હરિને જાંણવું;
મન નાણવુંરે, કાંઈ ભુંડુ કે સારૂં. જી. ૯
સ્તુતિ નિંદા ન કોહોની કીજીયે;
માનિ લીજીયેરે, સઘળે હરિ એક. જી.
હું છું જ્ઞાંનિ સુખિ કે દુઃખી ઘણો;
એતો ગુણ તણોરે, મન નાંણિયે ટેક. જી. ૧૦
અહંકારાસું દેહેંદ્રિય દેવતા;
એતો સેવતારે, પોતં પોતાના ભોગ. જી.
એમાં આત્માને કોથી નથી કદા;
કાંઇ આપદારે, થતાં યોગ વિયોગ. જી. ૧૧
એતો અખંડ અજર અશોક છે;
સર્વ લોક છેરે, આત્માને અધીન. જી.
એતો ઇશ છે કાળનો કાળ છે;
આતો આળ છેરે, જ્યે કહે છે હું દીન. જી. ૧૨
એણે રૂપ વિસરિયો આપનું;
તેતો પાપનુંરે, સઘળાનૂ મૂળ: જી.
મિથ્યા માયિક વસ્તુમાં માહાલિયો;
તેણે ચાલિયોરે, પ્રભુથી પ્રતિકુલ. જી. ૧૩
એણે લક્ષ ચોરાશી અનુભવી;
તેણે થઇ આવિરે, વાસનાઓ અપાર. જી.
તેણે પ્રીતિ વિસારિ પ્રભુતણી,
તે વડે બણિરે, વાસનાઓ અસાર. જી. ૧૪

આતો અલબેલો આવ્યે અવસરે;
અજી કાં ફરેરે, માધવથી બિમૂખ. જી.
રખે વાંચ્છે હવે તું ત્રિવર્ગને;
સહુ સ્વર્ગનેરે, દાખિ જોજ્યે દુઃખ. જી. ૧૫
વપુ ધન દારા ગ્રહ આત્મજ;
તેને મા ભજ્યરે, હું માહારાં માનીને. જી.
એ છે ધૂર્ત્ત વિચ્યારી જો ધ્યાંને;
જો ન માનોરે, તો પૂછ્ય જ્ઞાનીને. જી. ૧૬
એતો ઠગબાજી માયા તણિ,
એ ન આપણીરે, આપણુ નહિ એહેના; જી.
જોતાં જોતાં કાલ એહેને ગ્રસે;
એ ઉડી જશેરે, નહિ રેહે કોય કેહેના. જી. ૧૭
માટે સદ્ગુરૂ મીત્ર માંનિ કરિ;
ઓળખ્ય હરિરે, જયે આપણિ વસ્ત; જી.
એહેને ભૂલી રખે ભટકયો ભમે;
આવ્યો આ સમેરે, પૂર્વ પૂણ્યે પ્રશસ્ત. જી. ૧૮
ગુણ ત્રણ્યમાં સત્વનિ વૃત્તિને,
નિર્વૃત્તિનેરે, ઉપજાવા સેવ્ય; જી.
તેણે રજ તમ વૃત્તિયો છુટશે;
ત્યારે ત્રૂટશેરે, તૃષ્ણા તતખેવ. જી. ૧૯
હરિ સ્મરણેથી કામાદિ હારશે;
તે પધારશેરે, પોત પોતાને ઠામ. જી.
પછિ સત્વ શમી જશે શાંતીથી;
નિર્ભ્રાંતિથીરે, થઇશ અગુણ અકામ. જી. ૨૦
માટે વેહેલો થા વેળા જાય છે;
કાળ ખાય છેરે, દેહાદિને જાણ્ય. જી.
હરિ વિમુખે તે થાય છે આપદા,
તું રખે કદારે, એહેવી ભજતો હાંણ્ય. જી. ૨૧
યશ અવયશ માનાવમાનને,
વ્યયઆદાનરે તુતો જોને સમાન. જી.
જયાજય સુખ દુઃખ સઉ જાવાનાં;

માન્ય વાહાવાનાંરે, એતો નિખિલ નિદાન. જી. ૨૨
એહવે અકામ્યે સ્વભાવ પાલટશે;
ભોગ્યે છુટશેરે, વાસનાનાં શરીર. જી.
સંસ્કાર ઉપજશે નવા નવા;
ભક્તિ થવારે, મળવા યદુવીર. જી. ૨૩
શમ્યે કામ રામ સન્મુખ થશે;
તેણે ભાગશેરે, ભય ભવના ભારિ. જી.
તેતો પોહોચે પછિ નિજ ધામને;
કૃષ્ણરામનેરે, કૃષ્ણ લેશે ઉગારિ. જી. ૨૪

કીર્ત્તન ૪૦૫ મું.

અથ ચિહ્નકોટિ. અભંગ.

ચિહ્ન કોટિ તણિ વૃતિયો કહું ભણિ, નર જયમ નારિ બણી,
સકે તેહેવીરે જાણ;
સ્રીને વસ્તુ માન્યે, ગાતિ શુણતાં કાંન્યે, બાધા રાખિને બાન્યે,
સ્રૈણપણુ એ જાણ. ૧

નગ્ન જોતાં નાહાતિ, છલિને ધારચે છાતિ; દોડિ જોતાં જાતી; સ્રૈ.
અધર ને અજીઠું, ચુંબે જાણિ થીઠું, રાજી જો છિદ્ર દીઠું; સ્રૈ ૨
જો તે શૌચ જાતાં, સાંહામું દોડચે ધાતાં, ગુણ સ્રીના ગાતાં. સ્રૈ.
નિત્યે નારિ ખોળ્યે, ધર્મવંતિ ઝોળ્યે, રંગે કિચે રોળ્યે. સ્રૈ. ૩
સ્રી માટે માતાને, પીડવું પિતાને, ભાંડવું ભ્રાતાને,
વિગ્રહ એ જાણ.
પરસ્વ નહુરાવ્યે, સ્રીને તે ખવરાવ્યે, બાળ ન ધવરાવ્યે. વિ. ૪
સ્રીને માટે સહુને, ગાળિ દેતાં બહુને, વેગળિ કરચે વહુને. વિ.
સહુનિ લજ્જા મૂક્યે, યુવતિ સંગે ઝૂક્યે, પર્વણિયો ચૂકયે. વિ. ૫
ઝાઝી નારિ વરચે, રાખ્ય રૂડિ ધરચે, સ્રીયોને કરગરચે.
આદાન એ જાણ.
કુંઆરે જો રેહેતાં, કયાહારે પરણું કેહેતાં, સ્રીની વૃત્તિયો વેહેતાં.
આ. ૬
સ્રી મળવાને મંન, જોઇતું આપે ધંન, મન થઇ મગંન. આ.
સ્રીયોની મશકારિ, કરે મન ભરિ, એકાંતે આદરિ. આ. ૭

દિવસે સ્ત્રીને ભોગે, જયમે લેઇને ચોગે, વિલસે છતાં રોગે
અતિ કેલિ એ જાંણુા.
અધો રહે નર, સ્ત્રી ધારે ઉપર, ક્રીડે પરસ્પર. અ. ૮
સ્ત્રી છતાં મહિયરે, અથવા પર ઘરે, ત્યહાં જઈ રતિ કરે. અ.
રજો વિના આવે, કે પૌત્રોને ધાવ્યે, ક્રીડે વયો ગમાવ્યે. અ. ૯
સ્ત્રીને રાખે બેશી, આપ રસોડે પેશી, પ્રીશી જયમે શેષી;
અધિનતા એ જાં.
મોહિ સ્ત્રીને રૂપે, સર્વ રળ્યું સૂંપે, પાણિ જાયે કૂપે. અધિ. ૧૦
સ્ત્રીનાં ગાઠે ઘરણાં, દળે આપે દરણાં, શિશુ તેડિ ફરણાં. અધિ.
સ્ત્રીનું બોલ્યું પાળિ, સ્વ વાકયોને ટાળી, સ્ત્રીની સાંખે ગાળિ. અ. ૧૧
કઇની રતિ ઝાંખે, કંકરિયો નાંખે, ભૂંડું સ્ત્રી જોઇ ભાંખે;
અનૃતતાએ જાણુા.
સ્ત્રી આવતી જાણે, લઘુ બેસે ટાંણે, પૂઠયેથી પટ તાંણે. અનૃ. ૧૨
કહિ બેહેન્ય માડી, આંખ્ય રાખે આડી. સ્ત્રીની કરે ચાડી. અનૃ.
સૂતા બેહેન્ય વધુ, તેમ્ને પાઇ મધુ, અંગ નિહાલે બધુ. અનૃ. ૧૩
ઉંઘે સ્ત્રીને વળગી, ભોગે જાણિ અળગી, વારચે ઉઠે સળગી.
અશુચિતાએ જાણુા.
સ્ત્રીના નલને ચોળે, પુહુચો પેટે બોળે, મંદિરે સ્તન તોલે. અશુ. ૧૪
નારિનું ઉછિષ્ટ, જયમે માંની મીષ્ટ, મરચે કુટે કલીષ્ટ. અશુ.
જોરે સ્ત્રીમાં પેસે, સ્ત્રીને ટોળે બેસે, રેતો લુહવે ખેસે. અશુ. ૧૫
વિધવા કે વંધ્યા, મુગી ઘેલી અંધ્યા, ભોગે ત્રિકાલે સંધ્યા. અશુ.
સુતીકાને જોતાં, સ્ત્રીના વસ્ત્ર ધોતાં, પાસે રહ્યે રાતાં. અશુ. ૧૬
કાંમનિએ સાત, વૃત્તિસેણિ ખ્યાત, કહિ તુજ સંઘાત;
ધારિ જોજ્યેરે જાણુા.
નર જો સાતે કરશે, સીની વૃત્તિ ધરશે, નારિ તે અવતરશે;
પાપ ભોગીરે જાણુા ૧૭
સ્ત્રૈણ વિગ્રહતા, આદાંના,ડધીનતા, અતિકેલી અનૃતતા;
અશુચિતારે જા.
કામવૃત્તિ સાતે, કૃષ્ણુરામ થાતે, તજવિ જાણિ ઘાતે;
આપકેરિરે જા. ૧૮

श्लोक.

सप्तभि र्वृत्तिभिः कामं । यो सेवेत सदानरः ।
भोगांते क्षित्व माप्नोति । प्रायःश्चित्तंनचेत्कृतं ॥१॥
तामिक्ष्येतात्मनो मृत्युं । तृणैः कूपमिवावृतं ॥२॥

કીર્તન ૪૦૬ ઠું.

ચિહ્ન કોટિ તણી, વૃત્તિયો કહું ભણિ, નારિ જ્યમ નર બણી;
સકે તેહેવીરે, જાણો.

ભણવું સાંભલવું, સત્સંગમાં મળવું, કોપે ન કળકળવું;
દક્ષપણું એ જાં. ૧

શિવની સેવા કરવી, કથા કાંને ધરવી; સ્મૃતિ ન વીસરવી. દ.
પતિની આજ્ઞા માને, સમજી જાયે સાંને, શુદ્ધ રહે સ્નાંને. દ. ૨
દેહને માને નાશી, અન્નજ્યમે નહિ વાશી, કરે ન કોહોનીહાશી. દ.
સાસુ સસરો જ્યેષ્ટ, સહુનું વાંચ્છે શ્રેષ્ટ, પતિને માને પ્રેષ્ટ. દ. ૩
ગોબિંદને ગાવું, નાહિને તિર્થે નાહાવું, એકલાં ન નિશિ જાવું. દ.

થોડુ ખાવું અન્ન, કોયના સરખું ધંન, ઇચ્છવું નહિ મંન;
ધીરપણુ એ જાણો. ૪

પરોના જ્યે નંગ, ધરવાં ન અંગ; શઠોનો ન કરે સંગ. ધી.
ગોષ્ટિ ઘરઘરોનિ, પરનારી નરોની, શુણે ન કરે કોહોની. ધી. ૫
કામિયોને કળે, લોભેથી ન ચળે, વાંકી વાચે ન વળે. ધી.
અંગે ન ઉધાડે, કદિયે બેસે દાહાડે, બોલે નહિ ધાડચે. ધી. ૬
વાજણાં ન પેહેરે, નરોને ન હેરે, બેઠાં ઉધે ન ઘેરે. ધી.

આધાઓ ન રાખે, અથડાયે ન આખે, દીનતા નવ્ય ભાખે.
નિર્ભયતા એ જાણો. ૭

કોયનિ અંકિત, થૈને ગ્રામ્ય ગીત, ગાય ન વિપરીત. નિ.
લોકની જ્યે લવ, તેને માંને દવ, સંભારે કેશવ. નિ. ૮
કોયના જેવું થાવું, મન માહે ન ચ્યાહાવું, કોથી ન રિસાવું. નિ.
ધારે જ્યે અદ્દષ્ટ, થાશે તેહેવુ સ્પૃષ્ટ, ભૂલી ન થાયે ભૃષ્ટ. નિ. ૯
સવતીજો આવે, તો ન દૂભે દાવે, પતિને ન રિસાવે. નિ.

પતિની સેવક, થઈ સંભાળે તક, જવા દે અન્ય જક;
સ્વાધીનતા એ જાણ્યુ. ૧૦

ચુથોમાં ન જાવું, ગરબે ન ગાવું, નીચમાં ન અભડાવું. સ્વા.
શેષ રાત્રે જાગે, ભજન ન ત્યાગે, પતિથી ન નંગ માગે. સ્વા. ૧૧
સેવાનિ તૈયારી, કરિ આપે નારી, પાક કરે સુધારી; સ્વા.
રજોના જયે ચ્યાર, દિવસોમાં બાહારચ, નિકલે નહિ નારચ. સ્વા. ૧૨
વૃદ્ધોને જયમાડી, પછી જયમે દાહાડી, માને હરિની વાડી. સ્વા.

વસ્તુ જયે ન મળે, મળીને જોટળે, તેથી ન ટલવળે;
અશોકતા એ જાણ્યુ. ૧૩

વિષ્ણુનિ વિશ્વાસી, સઘળું માને નાશી, ધારે ન ઉદાસી. અશો.
વિધવા કે સૌભાગી, મનમાં રેહે વિરાગી, વહે ન ધર્મ ત્યાગી.
અશો. ૧૪
ન્યાહાલી ચાલે નીતિ, સહુથી રાખે પ્રીતિ, કોયને ન કરે ભીતિ; અ.
ત્રિસંધ્યા ન રૂવે, સહુ પેહેલી ન સૂવે, કોહોની રતિ ન જુવે.
અશો. ૧૫
સ્વ કીર્તિ ન વરણે, પતિને હરિને પરણે, મમતા ન રાખે મરણે; અ.

યથા શક્તિ દાંન, સહુને દે સન્માંન, સારિ કહે સાંન;
ઉપકાર એ જાણ્યુ. ૧૬

સ્વામીને સજાવે, અધર્મ તજાવે, લક્ષ્યેથી લજાવે. ઉ.
દાનને કરાવે, અહંતા હરાવે, ધર્મને ધરાવે. ઉ. ૧૭
પાત્રોને પરખાવે, નિર્ણય નિરખાવે, શિક્ષાઓ શીખાવે. ઉ.
ગુરૂની સેવા કરે. કહ્યું ન વિસરે, ગર્વ કરચો ન ધરે. ઉ. ૧૮
ઇર્ષ્યા નિંદા મૂકે, કથાને ન ચુકે, લૌકિકે નવ્ય સુકે. ઉ.

માયાનિ જયે રચિ, છૈયાંની કચકચી, તેહેમાં રહે ન પચિ;
અલોલુપ્તા એ જાણ્યુ. ૧૯

પતીને ન તાંણે, કેલિયો ન માંણે. ઉર આશાઓ નાંણે. અ.
સુતકીનુ અન્ન, ન કરે અશંન, ભુજે ન પ્રેતાન્ન. અ. ૨૦
નંગ વસ્ત્ર ચુડા, કોહોના કેશ જુડા, કહે ન રૂડા ભૂંડા. અ.
કો સખિના વરને, વિખાણે ન નરને, ગણે ન ઘરઘરને. અ. ૨૧
ઇશ ઇચ્છા યોગે, મળ્યું ધર્મે ભોગે, રહે ન વિયોગે. અ.

દાક્ષ્યતા ધૈર્યતા, નિર્ભય સ્વાધિનતા, અશોક ઉપકાર્યતા, અલોલુપ્તતા.
રે જાણુ. ૨૨

તોષનિ એ સાત, વૃત્તિ તણી ખ્યાત, કહી તુજ સંઘાત;
ધારિ જોજ્યેરે જાણુ. ૨૩

સ્ત્રી જો સાતે કરશે, નરની વૃત્તિ ધરશે, નર તે અવતરશે;
પૂણ્ય યોગેરે જાણુ. ૨૪

સાતે વૃત્તિ સારી, તેથી ભક્તિ ભારી, થાશે તો તે નારી;
ઉદ્ધરશેરે, જાંણુ ૨૫

કૃષ્ણરામ કહે, ભક્તિ કાચી રહે, તો એ નારિ ગ્રહે;
વપુ નરનુંરે જાણુ. ૨૬

શ્લોક

सप्तभि र्वृत्तिभिस्तोषं । योषित्सेवेत या सदा ॥
सा नरत्वमवाप्नोति । पूण्ययोगैः पुनर्भवे ॥१॥

કીર્તન ૪૦૭ મું.

ચન્દ્ર કોટી તણી, વૃત્તિયો કહું ભણી, પું સ્ત્રી ષંઢ બણી,
સકે જેણે રે જાંણુ.

પરણેલિને મારી, કોયની કાહાડી નારી, નિકલી જાયે જારી,
હિંસનતાએ જાણુ. ૧

કો નરને મરાવી, તેની સ્ત્રી હરાવી, રાખે પોતાને લાવી. હિં.
પરણેલાને મારી, નિકળી જાયે નારી, સગે લેઇ જારી. હિં. ૨
સવતી કે બાળ, તેના કરે કાળ, મુકે અન્યને આળ. હિં.
ગર્ભોને ગળાવે, ધર્મીને ચળાવે, વંધ્યાને ભળાવે. હિં. ૩
ગાળે નરની મસ્તી, ફાડે સ્ત્રીની ખરતી, ઝોળે જબરદસ્તી. હિં.
નર કે નારી રાખી. ભોગ તેના ચાખી, સાણસે દે નાખી. હિં. ૪
ચક્ષુ કોહોનાં ફોડી, સ્તન વા અડવા તોડી, તેમ્નાથી રમે જોડી. હિં.

કાંમણોથી કરી, નરને કરે વશી, અન્યોથી રમે ધશી.
અભિચાર એ જાંણુ. ૫

મંત્રોથી મંગાવી, પુરૂષોને ઉંઘાવી, સ્ત્રીથી રમે ફાવી. અ.
ભુરકીયે ભ્રમાવે, અક્કલ ગમાવે, બીજી બીજાથી રમાવે. અ. ૬

ઔષધી ગળાવી, ડાગલી ચળાવી, રમે બિજાને લ્યાવી. અ.
નૃ નારીને ઠગે. ડોલાવી દે દગે, અન્યો અન્ય વળગે. અ. ૭
સ્તંભનેથી સ્તંભી, બિમોહે વિજંભિ, તેથી રમે આલંભી. અ
પરણી કોયની હરે, વરી પુનર્વરે, કોયની ને કહિક ધરે.
ચૌર્યતા એ જાંણુ. ૮
નરને આપી જર, કે દેખાડી ડર, તેહેનીને રાખે ઘર ચૌ.
ચઢીને ઉતરે, કોયને સુને ઘરે, તેહેનાથી રતિ કરે. ચૌ. ૯
કોયની તેડી આંણે, તેહેની સાથ્યે તાંણે, જોરે રતી માંણે. ચૌ.
દલાલીને આલી, કોયને ઘરે ઘાલી, રમે કળે ઝાલી. ચૌ. ૧૦
કોહોનું દેઈ નામ, દે બીજાને ધાંમ, તેથી રમે કામ. ચૌ.
જારોને ન જાંણે, બીજા કોને તાંણે, પીડા રે પ્રહ્યાંણે.
આસક્તતા એ જાંણુ. ૧૧
વિના વ્યભિચ્ચારે, વેહેમેથી વિચારે, કેહેશે રચ્યો જારે. આ.
સ્વ સંતતિ થઇ, સ્વ સરખી ન લહિ, કેહેશે એ માહારી નહિ. આ. ૧૨
છોડજો પાલવ્યું. બહુકાળે પ્રસવ્યું, પૂછે એ કોહોનું હવું. આ.
ભૂત કાઇ હરે, નિશ્ચય ન ઠરે, સ્ત્રીને શીશે ધરે. આ. ૧૩
કોયને હકારચે, વાંક ન વિચ્ચારે, પરણિને તજે મારે. આ.
બળવા જ્યે નીકળી, ત્યહાંથી પાછી વળી, નાસે વા અદબળી.
અધિરતા એ જાંણુ. ૧૪
સાસરે ન જાય, પતિથી પળાય, રતિની કહે નાય. અ.
સ્વામીને મરાવે, સેનાને હરાવે આપે નાશી આવે. અ. ૧૫
ચાલે તેને ચાંપે, બલિહોથી કાંપે, ઝુરણથી ઝાંપે અ.
રતિ અન્ય દરે, કરાવે કે કરે, સ્ત્રી દ્વારા પેટ ભરે. અ. ૧૬
સંતાનોને વેચે, પશુમાં રેતો સેચે, વિર્ય ગાળે રેચે. અ.
સાધુને સંતાપે, અસાધુને આપે, વિપ્રના કર કાપે.
અદાક્ષતા એ જાંણુ. ૧૭
ગોત્રનીને પરણે, માનાં છિદ્ર વરણે; શઠોને જાયે શરણે. અદા.
જુઠાં નામાં નૂધે, વગર વાંકે રૂંધે, સુવે સદા ઉંઘે. અદા. ૧૮
દૂધ વિના ગળ્યું, તાંબ્રપાત્રે મળ્યું, પીયે જ્યે વ્યાઇનું ભળ્યું. અદા.
સ્ત્રીને મુખે રેત, રેડે ધારિ હેત, જપે પૂજે પ્રેત. અદા. ૧૯
તિર્યં ભોગે નારી, જ્યહાં વહે છે વારી, નૃમાંસનો આહારી. અદા.

ગુરૂને વિક્રોસે, પાપિયોને પોસે, ધર્મિયોને ધ્રોસે.
નિર્દયતા એ જાણુ. ૨૦
પરણેલિને તજે, જેખલોને ભજે, સત્ર કરતાં વરજે. નિ.
પાટવિયોને મારે, બ્રાહ્મણિયોને હારે, ગૌજાતિને દારે. નિ. ૨૧
પૂસ્તકોને બાળે, વાહાણ બાંધાં વાળે, મોંઘું કરે અકાળે. નિ.
અશ્વ મારી જમે, બહુ નારિને રમે, દક્ષોને નિત્ય દમે. નિ. ૨૨
ચલાવે પાખંડ, ફોડે કઇના અંડ, વિપ્રોને દેહદંડ. નિ.
હિંસા અભિચારતા, ચૌર્ય, આશંકતા, અધિર્ય, અદાક્ષતા;
નિર્દયતા, રે જાંણુ. ૨૩
મોહની એ સાત, વૃત્તિયોની ખ્યાત, કહિ તુજ સંઘાત;
ધારિ જોજ્યેરે જાંણુ.
નર નારિ જો કરશે, મોહવૃત્તિ ધરશે, ષંઢ બે અવતરશે;
પાપ ભોગીરે જાંણુ. ૨૪
પ્રાયશ્ચિત્ત કરતાં, નાસે કર્મ કરતાં, અનિષ્ટનાદરતાં;
રેહેશે રૂપે રે જાં.
કૃષ્ણુરામ કહે, નહિતો પાપિ રહે, વૃંદલ વેશ વહે;
નરનારિરે જાં. ૨૫

श्लोक.

सप्तभि र्वृत्तिभि र्मोहं । यायोषिद्योपुमांन् श्रयेत् ।
सासः षढत्व माप्नोति । पापं भुक्त्वाऽग्र जन्मनि ॥१॥

કીર્ત્તન ૪૦૮ મું.

ચિન્હ કોટિ તણી, વૃત્તિયો કહું ભણિ, ક્લિબતા નાસે બણી;
નૃ નારીનીરે જાંણુ.
ગંગાતટે જાવું, એકાંતમાં નાહાવું, અન્ન થોડું ખાવું;
તિર્થ કરવું એ જાંણુ. ૧
કથાઓ સાંભળે, સત્સંગમાં મળે, પાપોનિ વૃત્તિ ગળે. તિર્થ.
દંડવતે સમા, દેવો પ્રક્રમા, કરે ખિજાવ્યે ક્ષમા. તિર્થ. ૨
દેવોનાં દરશન, કરે ધારિ ચિન્હ, જોવું વ્રંદાવંન. તિર્થ.

રામકૃષ્ણ કેહેવું, દુઃખ ન કોહોને દેવું, રાજી સદા રેહેવું;

જપ કરવું એ જાણ્યા. ૩

વિધિ હર હરિ, અભેદે આદરિ, ભજવા ભાવે કરી. જપ.

સુવે બેસે ચાલે, હરિ સ્મરણે હાલે, ફંદમાં નવ્ય ફાલે. જપ. ૪

હરજીનું જયે ચરણ, તેનું કરતાં સ્મરણ, સદા રહે શરણ. જપ.

એકવાર જમે, ધુતને ન રમે, ભ્રષ્ટ સંગે ન ભમે;

વ્રત કરવું એ જા. ૫

નિત્યે ભૂમિ સુવે, આંગણે ન રૂવે, કહિયે ન લોહિ લુહે. વ્રત.

નગ્ન ન દેખાડે, કોયને ન ત્રાડે, નિજાંગ નવ્ય વાહાડે. વ્રત. ૬

એકાદશી કરે, ગાય સ્વર સ્વરે, નૃત્યને આચરે. વ્રત.

દેવ ધાંમ ઝાડે, લિપે બાઉવા પાડે, ચિત્ર નાનાં કાહાડે;

સેવા કરવી એ જાણ્યા. ૭

• વજાડે વાદિત્ર, સ્વરે સેલી ચિત્ર, માંને સાધુને મિત્ર. સેવા.

સંત તણા પાગ, ચાંપે પામી લાગ, સીચે દેવોની બાગ. સેવા. ૮

હરિ ચરણોદક, પીયે ત્રણ્યે તક, જવા ઘે અન્ય જક. સેવા.

નિત્યે સ્વવિચ્ચારે, વાસના નિવારે, માયિક સહુ ધારે;

મૌનપણું એ જાણ્યા. ૯

માધવનિ માયા, ધન ધાંમ ને કાયા, એથી સહુ બંધાયા; મૌ.

ઝાંઝુવાનું જલ, તેહેવું આ સકલ, ખરૂં માંને તે ખલ. મૌ. ૧૦

એહની વૃત્તિ વરે, જીવ જન્મ ધરે, લક્ષ્ય ચોરાશિ ફરે. મૌ.

મુખે બોલે મિષ્ટ, સહુનું ધારે ઇષ્ટ, સેવે સદા શિષ્ટ;

ઋતપણું એ જાણ્યા. ૧૧

હરિને ગાયે ગાંણે, વેહેલા ઉઠિ વાંહાંણે, મર્ણથી દુઃખ નાંણે; ઋત.

સહુને કરે માંન, ધન હોય તો ઘે દાંન, કથાનું રાખે ધ્યાંન.

ઋ. ૧૨

સંતોને વિખાંણે, કૃષ્ણ તુલ્ય જાંણે, વ્યસનોને નવ્ય માંણે; ઋ.

વિપ્રોને ન નડે, કોયથી ન લડે, ગર્વે ન ગડગડે;

અવિગ્રહ એ જાણ્યા. ૧૩

કરે નહિ ચાડી, બેસે નહિ ગાડી, વાત ન કહે આડી; અવિ.

શિખવે ન ભૂંડું, જ્ઞાન રાખે ઉંડું, સાધે સકલ રૂડું. અવિ. ૧૪

કોયને ન બાંધે, વઢે નહિ વાંધે, નિષ્કપટે રાંધે. અવિ.

તિર્થ, જપ, વ્રત્ત, સેવા, મૌન, ઋત, અવિગ્રહ એ સપ્ત;
તપો વૃત્તિરે જાણુ. ૧૫
તપોની એ સાત, વૃત્તિની વિખ્યાત, કહિ તુજ સંઘાત;
ધારિ જોજયેરે જાણુ.
ષંઢ સાતે કરશે, પૂં સ્રીવૃત્તિ ધરશે, પૂં સ્રી તે અવતરશે.
પૂણ્ય યોગેરે જાણુ. ૧૬
અસુર સ્વભાવે, કામ સ્ત્રી બનાવે, દિષ્ટને ઉપજાવે;
ઋણુ વાધેરે જાણુ.
દેવને સ્વભાવે, તોષ પું બનાવે, ઉચ્ચને ઉપજાવે.
કામ યોગેરે જાણુ. ૧૭
પશુને સ્વભાવે, મોહ ષંઢ બનાવે, સામ્યને ઉપજાવે;
કામ તોષેરે જાણુ.
માનવ સ્વભાવે, તપો બે બનાવે, સામ્યને ઉપજાવે;
કામ લોભેરે જાણુ. ૧૮
વૃત્તિ ચ્યારિ ચ્યારિ, સમજી જો બિચ્ચારી, સેવે જયે નરનારી;
ભલી જાણીરે જાણુ.
કૃષ્ણુરામ કહે, પૂર્વ પાપ દહે, ચઢતાં ચઢતાં ગ્રહે;
રૂપ રૂડાંરે જાણુ. ૧૯

तीर्थं जपो व्रतं सेवा । मौनं रुतमविग्रहं ।
तपसो व्रत्तयः सप्त याभि र्मुच्येतक्लीबतां ॥१॥

કીર્તન ૪૦૯ મું.

દેશી ફેર.

શ્રી ગુરૂ પ્રત્યે શિષ્ય પુછે છે, પ્રશ્ન નમીને પાયજી;
તમે કહ્યું જયે ઇશ ઇચ્છાયે, જયમ ચિંત્યું ત્યમ થાયજી. ૧
ઇશિ ઇચ્છાયે નિપજે ત્યાહારે, જીવ તણું શું જોરજી;
પૂણ્ય પાપ કાં જીવને માંથે. તરણી સુત કરે તોરજી. ૨
ઇશ્વર ઇચ્છા બિન નહિ હાલે, એકહિ *પિપ્પલ પાંનજી;
સ્વરગ નરક કયમ જીવને માંથે, શાસ્ત્ર ઠરાવે સાંનજી. ૩
જીવ તણે યત્ને કરિને નવ્વ, ઇશ્વર ઇચ્છા તુટેજી;

---

* પીપળો.

તો કાં બિન અપરાધે જીવની, લક્ષ્ય સરવ મળી લૂટેજી. ૪
એ શંકાથી મનડું માહારૂ, છલ પાંમે છે છેકજી;
ગુરૂજી કહે શુણ્ય શિષ્ય કહું તુંને, ઈશ ઈચ્છાનો વિવેકજી. ૫
ઈશ ઈચ્છામાં ત્રણ્ય રૂપ છે, શિષ્ય કહું શુણ્ય રીઝિજી;
નામે અસાધારણ સાધારણ, મિશ્રક ઈચ્છા ત્રીજીજી. ૬
તેહેના રૂપ કહુ શુણ્ય જુદાં, ચિત્તમાં સમજી જોજયેજી;
શંકા ઉપજી તે સઘળીને, કૃષ્ણરામ તૂં ધોજયેજી. ૭

વી૦ ૧૪ પા૦ ૩

કીર્ત્તન ૪૧૦ મું.

પૂર્વે કીધાં જીવે જેહેવાં, અશુભ કે શુભ જે કર્મજી;
હું કરતાં માંની તેણે થઇ, વાસના અપરમ પરમજી ૧
તે તેહેનાં સુખ દુઃખ ભોગાવા, ઇશ્વરે ઇચ્છા કીધિજી;
ધારયું અસુખ સુખ ભોગાવાને, તનું તે માફક દીધિજી. ૨
આટલું દુઃખ સુખ આહાને બનજયો, દેશકાલ જન યોગેજી;
આટલા દેહ એ આહાવા ધરજયો, આ પ્રારબ્ધ જયમ ભોગેજી. ૩
એહ અસાધારણ ઇચ્છાને, ચ્યતુર સમઝજયે ચિત્તેજી;
એહેનું ઉદાહરણ સમજાવું, જયે ત્રૂટે ન નિમિત્તેજી. ૪
ભરતખંડ પતિ ભરતે ભોગ્યા, પૂર્વાર્જિતના ભોગજી;
શુદ્ધ કરયાં ક્રિયમાણ તેહેનાથી, અંતે સધાયો યોગજી. ૫
શુદ્ધાચરણે કરિને બનિયાં, જ્ઞાંન વિરાગને ભક્તિજી;
તોપણ અંતે ઇશિ ઇચ્છાથી ‡એણુની થઈ આસક્તિજી. ૬
એથી હરિણ બની તે વળતો, વિપ્ર દેહથી તરિયોજી;
એહ અસાધારણ ઇચ્છાથી, જ્ઞાનિયે તનું બે ધરિયોજી. ૭
જે કાલે દેશે જન યોગે, જયમ નિરમ્યું ત્યમ પામ્યોજી;
ઉપાય કીધા નવ્ય કીધા પણ, દુઃખ સુખ તેથિ ન વાંમ્યોજી. ૮
ઉપાય કરિયે કે નવ્ય કરિયે, તોહો ન જયે પલટાયજી.
એણે અસાધારણ ઇચ્છા તે, કૃષ્ણરામ ઓલખાયજી. ૯

વી૦ ૧૪ પા૦ ૩

---

‡ હરણી.

કીર્તન ૪૧૧ મું.

સાધારણ ઇચ્છા હવે સાંભળ્ય, જયેહ વિચ્યારચું ઇશેજી;
પૂર્વોર્જિત કર્મોની વાસના, સ્વભાવરૂપે દીસેજી. ૧
આ જન્મે સતસંગ કરીને, સ્વભાવ જો શુદ્ધ કરશેજી;
તો તો સ્વધર્મ દ્વારા તે જન, સત્વે રજતમ તરશેજી. ૨
જ્ઞાન વિરાગ ભક્તિ જાગ્યાથી, જો અભેદને લેહેશેજી;
જો અધર્મ આદરશે નહિતો, મન માન્યું પદ ગ્રેહેશેજી. ૩
શુદ્ધ થકો જો નિજાભિમાને, અસત સંગથી આપેજી;
અધર્મ આદરશે તો પડશે, પીડાશે નિજ પાપેજી. ૪
એહેવું ઉદાહરણ કહું સાંભલ્ય, વિભિષણ રક્ષ સ્વભાવજી;
સતસંગેથી શાસ્ત્ર વિચ્યારી, બાંન્યો બેષ વણાવજી. ૫
અધર્મ મારગ જો ન ધરચોતો, લંકાપતિ થઈ બેઠોજી;
નહુષ થયો સ્વરગી પણ ત્યહાંથી, પડયો અધર્મે હેઠોજી. ૬
માટે જીવ સ્વભાવે જયે જયમ, કરશે તે ત્યમ ભોગેજી;
સ્વભાવ પલટે સત શ્રદ્ધાથી, સત્ શાસ્ત્રે ગુરૂ યોગેજી. ૭
સ્વભાવ પલટે પણ નવ્ય પલટે, પ્રારબ્ધોનાં ફલજી;
એ સાધારણ ઇચ્છાની લહે, કૃષ્ણરામ એમ કલજી. ૮

વી૦ ૧૪ પા૦ ૫

કીર્તન ૪૧૨ મું.

મિશ્રક ઇચ્છાને કહુ સાંભળ્ય, જીવ જયે જીવના ઋણિયાજી;
પોત પોતાનું ઋણ લેવાને, મિત્ર સગા રિપુ બણિયાજી. ૧
વળી કબુલત કેશવજીની, પામી બીજા સધાયાજી;
તેમને માંન્યાં મને માહારાએ, માધવજીની માયાજી. ૨
વ્યાજ વ્યાજનું વ્યાજ ભરીને, તૂં અણ સમજયે લેશેજી;
વળી વાસના ચીત્તે વસાવી, પરલોકે દુઃખ દેશેજી. ૩
જો સતસંગે શાસ્ત્ર સમજશે, તો થોડે ઘણું વળશેજી;
વ્યાજ વ્યાજનું વ્યાજ વાસના, ÷પરત્ર દુઃખ સહુ ટલશેજી. ૪
એહેનું ઉદાહરણ શું કરવું, સૂધું નજરે આવેજી;
સમજયે છુટે અલ્પ આપ્યાથી, અણ સમજયે અથડાવેજી. ૫

÷ પરલોક.

એ સ્વરૂપ મિશ્રક ઇચ્છાનું, સમજી સંશય વારોજી;
ત્રણ કર્મોના ઉપર હરિની, મીશ્રક ઇચ્છા ધારોજી. ૬
ક્રિયમાંણો ઉપર સાધારણ, પ્રારબ્ધો પરિ પેહેલીજી;
જયમ હરિ ઇચ્છા તે ત્યમ થાશે, બુદ્ધિ ન કરશ્યો ઘેહેલીજી. ૭
સમજ્યેથી પ્રારબ્ધ ન છુટે, પણ ત્રણ સ્વરૂપે વાળેજી;
સમજીને ક્રિયમાંણ કરેતો, જન્મ મરણ દુઃખ ટાળેજી. ૮
અણ સમજ્યેથી આગંતુકતે, ક્રિયમાણે થાય અવળાંજી;
કૃષ્ણરામ કહે ઇશ ઇચ્છાના, સ્વરૂપ સમજો સવળાંજી. ૯

કીર્ત્તન ૪૧૩ મું.

દેશી ફેર.

શ્રીગુરૂ ચરણને શીશ નમાવિ, રસિક રમેશને હૃદયે રમાવિ;
શમલ સકળ માહારો નાંખો શમાવિ, મનોરથ પૂરો. ૧
કૃત્યોનિ પંક્તિને કેળવિ ગાઉં, ચિદ્ઘનરાયનું ચિંતન ચ્યાહું;
કિર્ત્તન કરિને કૃતારથ થાઉં. મ. ૨
જીજ્ઞાસુ શિષ્ય કો જઈ ગુરૂ પાસે, સદય સ્વામી તણે રહિ વિશ્વાસે;
પાગ નમિ નિજ પ્રશ્ન પ્રકાસે. મ. ૩
કહો ગુરૂજી કાંઇ કરૂણા કરીને, જીવ જાંણેઃકુંણ રીત્યે હરિને;
જન્મોની ફેરી ન પામે ફરીને. મ. ૪
જીવ બલિષ્ટનો અંશજ બળિયો, કોણ પ્રકારે એ કર્મમાં કળિયો;
કુણે ચ્યાહ્યા વડે ચિત્તે એ ચળિયો. મ. ૫
કેટલાં કર્મનાં રૂપજ કેહેવાં, જ્યમ ઓળખાય જયેનાં ફળ જયેહેવાં;
લક્ષ કરાવો તો માહારે એ લેહેવાં. મ. ૬
કેહેવાં કરચે હોય કર્મોનો બંધ, શ્યાં શ્યાં સાધન કરચે છુટે સંબંધ;
કુંણ કહિયે દેખતો કુંણ અંધ. મ. ૭
કયમ તજાય હું માહારાનો ટેક, કયમ હોય ભક્તિ વિરાગ વિવેક;
કયમ સમજાય ઇશ જીવ બે એક. મ. ૮
કયમ કરિ મૂળથી વાસના છૂટે, શું કરચે તૃષ્ણાની તંતિયો ત્રૂટે;
શું કરચે લક્ષ ન કામાદિ લૂંટે. મ. ૯
ત્રિગુણ અઢ્યા કયમ અગુણ એહેવાને, શકય ચ્યાહો કયમ વિષયસેવાને;
શ્યાથિ સધાય ગુણાતિત રેહેવાને. મ. ૧૦
જુદા કેહેવાયા કાં જીવને ઇશ, ઇશ કાં શકય કાં જીવ અનીશ;

પ્રીછવા પૂછું હું પ્રશ્ન પચીશ. મ. ૧૧
શ્રીગુરૂજી તમે વાંચ્છિત દાતા, ઉત્તર દેઈ કરો શિષ્યને શાતા;
તમ્યો સદા તમ જીવના ત્રાતા. મ. ૧૨
સંશય ટાળિ સંતાપ નિવારો, આપ્યો અનૂપમ જન્મ સુધારો;
કૃષ્ણ કહો કૃષ્ણરામને માહારો. મ. ૧૩

કીર્ત્તન ૪૧૪ મું.

સદય સ્વામી કહે શુણ્ય જીજ્ઞાસુ, પ્રત્યુત્તર પ્રશ્ન કેરાં પ્રકાસું;
સમજજ્યે મન કરીને ખાસું. વિશાળ વિવેકી. ૧
માહારે ક્રમે તુંને ઉતર કેહેવા, જુદા જુદા સહુના જવાપજ દેવા;
તે ત્યમના ત્યમ સમજીને એહેવા. વિ. ૨
જીવેશ્વર ક્યમ જુદા કેહેવાયા, બિંબાનું બિંબ બે સરખા એહેવાયા;
ઘટ મઠ *વિયતસ્યા ભેદે લેહેવાયા. વિ. ૩
એક ચૈતનના અનેક જણાયા, ઇશ ઇચ્છા વડે જાગી એ માયા;
એક અહં બહુસ્યાં તેણે ગાયા. વિ. ૪
પૂર્વે જગત્ જ્યાહારે પ્રલય કરયુંતું, માયાદ્વારા ઈશિ ઉદરે ઠરયુંતું;
તે પ્રગટયું જે જ્યે વૃત્તિ ધરયુંતું. વિ. ૫
વાસના સહિત જ્યે જ્યે જન હોતા, તે પ્રગટ્યા તે ઉપાધિને જોતા;
નિર્વાસનીક તેતો પોતામાં પોહોતા. વિ. ૬
જેને ઉરે નોહોતું નિજાભિમાન, તેને નથી ઉપજાવ્યું અજ્ઞાન;
એહેવા છે કેશવ કરૂણાનિધાન. વિ. ૭
નામ રૂપાત્મક તેહ ઉપાધિ, ઇશ ઇચ્છા વડે માયાથી સાધિ;
અજ્ઞ હતા તેણે એહ આરાધિ. વિ. ૮
લય થયાતા પણ વાસના રહિતી, જ્ઞાનવિનાથી આભ્યંતરે ગ્રહિતી;
વિષ્ણુ વિમુખ જે નિવૃત્તિયો વહિતી. વિ. ૯
જ્યમ હિમે પાત્રમાં પાંણિ ઠરેલું, તેહેમાંનું બિંબ ન ભાસે ધરેલું;
વાદળે દીસે ન તે આવરલું. વિ. ૧૦
તે જ્યારે વાદળિ દૂરજ નાસે, ઓગળે જળ જ્યાહારે અર્ક વિકાસે;
ત્યારે તે બિંબ સકળ ઘટે ભાસે. વિ. ૧૧
એમ લયે વાસના મનમાં સંકોચી, ભાસ્યા ન જીવ મધ્યે
નિદ્રાઓ પોહોચી;

---

* આકાશ.

ઉદયે રહ્યું જ્યમતું ત્યંમ વિરોચિ વિ. ૧૨
ઉદક સુકયાં જ્યે જ્યે પાત્રજ ફૂટ્યાં, નામને રૂપ તે બિંબના છૂટ્યા;
પાછાં ન તે બને પેહેલાં જ્યે ત્રુટ્યાં. વિ. ૧૩
તે થયા ઐકય જેહેનિ ગઈ માયા, બીજા સવાસનીકને બનિ કાયા;
એમ જીવેશ્વર જુદા કેહેવાયા. વિ. ૧૪
ત્રેવિસમુ એ પેહેલું કહ્યું પ્રશ્ન, એથિ લહ્યા અથડાતા સતૃષ્ણ;
કૃષ્ણરામને ઉગારજ્યો કૃષ્ણ. વિ. ૧૫

કીર્તન ૪૧૫ મું.

પ્રશ્ન પુછ્યાં તે બે ચોવી પચીશ, ઇશકાં શકય કાં જીવ અનીશ;
એ બેનો ઉત્તર સંગે કહીશ, સદય કહે શુણ્ય જીજ્ઞાસુ હે. ૧
એ બનિ માયાની બન્હે ઉપાધિ, વિદ્યા અવિદ્યાનિ શોધ ન લાધિ;
એથી અધિકતા ન્યૂનતા સાધિ. સદ. ૨
વિદ્યા એ સ્વચ્છ અવિદ્યા મલીન, નિજ નિજના ગુણ તેહેના નવીન;
એકે એ ઇશ બીજે એ અધીન. સદ. ૩
એ બે ઉપાધિથિ એ બે ભાસ્યાં, વસ્તુથિ એક તે જુદા વિકાસ્યા;
જ્યમ ઘટ મઠ નભ તેહેવા તમાસ્યા. સદ. ૪
સર્વજ્ઞ અલ્પજ્ઞ સ્વામિને સેવક, વ્યાપક છિન્ન ઉપાસ્ય ઉપાસક;
પરોક્ષ એક બીજો અપરોક્ષક. સદા ૫
વશ્યમાય અને વશ્ય માયાથિ, અનાવરિત આવરિત કાયાથિ;
મુક્તને બદ્ધ અગ્યાહ્યા ગ્યાહ્યાથિ. સદા. ૬
સચરાચર ગતને પરિછિન્ન, મહદાનંદ ક્ષુદ્રાનંદ ભિન્ન;
દાતૃ યાચક એ ઉપાધિથિ ચિન્હ. સદ. ૭
એકને માયા ચરણ શિર નામે, એક નમે શિર માયાને કાંમે;
આપ્ત કામ એક અલ્પને પામે. સદ. ૮
એક નિયંતૃ નિયમ્ય કહાવે, એક અનાદિને સાદિ ઠરાવે;
બન્હે સુપર્ણને શ્રુતિયો શુણાવે. સદ. ૯
જવનિકા વરજીત તે જ્યગદીશ, વિષય વિલાસિ તે જીવ અનીશ;
એ લક્ષણે લહો જીવને ઇશ. સદ. ૧૦
એક વિદ્યા અવિદ્યાથિ બે ભાસે, તે સમષ્ટીને વ્યષ્ટીને પ્રકાસે;
કૃષ્ણરામ રહે કૃષ્ણને પાસે. સદ ૧૧

કીર્તન ૪૧૬ મું.

ત્રિગુણુ અડયો ક્યમ અગુણુ એહેવાને,
શકેય ચ્યાહ્યો ક્યમ વિષય વેહેવાને;
બોલું એ બેના ઉત્તર કેહેવાને, શિષ્ય સમજજ્યે સાંભળીરે. ૧
અગુણુ સ્વરૂપ એ આત્માનું આદિ, માયાને જોતાં વિસારિ તે યાદિ;
સગુણુ ભાસ્યો તેતો તેહેની પ્રસાદિ. શિષ્ય. ૨
નિજ પ્રકાશ થકિ જે જડ જાગ્યાં, વાસનાદ્વારા તે તે પ્રિય લાગ્યા;
માંન્યા અધ્યાસે તે જાય ન ત્યાગ્યા. શિષ્ય. ૩
ચેતનમાં જડ બિંબ જણાયા, અડક્યા નથિ પણ અડક્યા ગણાયા;
જડ ગુણુ ચૈતને ભાસે એ માયા. શિષ્ય. ૪
જ્યમ ધનવંતનો પુત્ર ધનીષ્ટ, નિદ્રામાં ભાસે દરિદ્ર અનીષ્ટ;
કંણુ માગે પોતાને માંની કનીષ્ટ. શિષ્ય. ૫
એમ આ અંશ જીવ પ્રભુજીનો, માયાયે પામ્યો કૃપણુછું એકીનો;
સ્વરૂપ વીસાર્યેથિ કરે બીન્હો. શિષ્ય. ૬
વિસાર્યે રૂપ વિષયને વાંચ્છે, તત્વ ગયું નથિ જેહેનું તેહેમાં છે;
કૃપણુ ભૂલિ કહે ક્યાંકાં છે ક્યાંછે. શિષ્ય. ૭
સત્ય સ્વરૂપ આત્માને શોધે, વિષય માટે લડિ ઉઠે ક્રોધે;
વિષય વસ્તુ માંની વિષયીને બોધે. શિષ્ય. ૮
એમ અડ્યા ગુણુ અગુણુને અંગ, અવિષયીને થયો વિષયનો સંગ;
વસ્તુ વિસારચે એ વળગ્યાં વ્યંગ. શિષ્ય. ૯
ચેતનને જડ રૂપનો ભાસ, અવિષયીને જ્યે વિષય વિલાસ;
એ સહુ જાણુ માયાનો અધ્યાસ. શિષ્ય. ૧૦
ભ્રાંતિ તજી નિ:સ્વરૂપ સંભારે, તો એ અવળાં અધ્યાસને હારે;
કૃષ્ણુજી કૃષ્ણુરામને તારે. શિષ્ય. ૧૧

કીર્તન ૪૧૭ મું.

શું કરચે બંધન કામાદિ લુંટે, શું કરચે તૃષ્ણાની તંતિયો ત્રુટે;
એ બે ઉત્તર હવે છુટે. શુદ્ધ્ય શિષ્ય સુધર્મિ. ૧
કર્મેથિ કામિયે કમળાપતિને, રટિયે નહિ હૃદિ રામા રતિને;
મેલી ન કરિયે મતિને. શુ. ૨
ક્રોધે અધરમને કાહાડિયે કાપી, શોષીયે નહિ કોયને સંતાપી;
પિંડ ન કરિયે પાપી. શુ. ૩

લોભેથિ ભગવત્ભક્તિ ચ્યાહિયે, અલ્પકાજ્યે ન અતિ અથડાઈયે;
ધૈર્ય તજી નચ્ય ધાઈયે. શુ. ૪
મોહ્યેથી મોહનજીને ભજીયે, ઈર્ષ્યાયે કુસંગતિ તજીયે;
શ્રીપતિ સંગે સજીયે. શુ. ૫
કપટ રાખિયે કૃત્રિમો સાથ્યે, દંભ રાખિયે મમતા માથે;
હરિ હીરો ધરિ હાથ્યે. શુ. ૬
રાખિયે સ્નેહ જ્યે શ્રવણ ન છુટે, તે ન ધરંયે જ્યેથી કઇ જંન કુટે;
એમ કામાદિ ન લૂંટે. શુ. ૭
જ્યે જ્યે પદારથ મનમાં ચ્યાહિયે, ખાંયે તે આપણ જ્યેહેને ખાઈયે;
તાંણતાં આપે તણાઈયે. શુ. ૮
વિષ ખાતાં વિષ ખાયે આપણને, તાંણતાં પૂર તાંણે તે જણને;
એમ ઓળખ્ય લક્ષણને. શુ. ૯
જેને ચ્યાહિયે તે તે લક્ષજ લૂટે, વિરતિથિ તૃષ્ણાનિ તંતિયો ત્રૂટે;
કાળેથિ વિષયજ છુટે. શુ. ૧૦
ભવજલ સિંધુ વિષયરસ ખારો, એ થકે કૃષ્ણગોપાળ ઉગારો;
કૃષ્ણરામને તારો. શુ. ૧૧

કીર્તન ૪૧૮ મું.

અંશ અકર્માનો કર્મમાં કળિયો, કુંણ ચાહ્યા વડે ચિત્તે એ ચળિયો;
એનો ઉત્તર કહું બળિયો. ધરચ ધારણા દ્વારા. ૧
એહ અવિદ્યાનો ઉપાધિ જાગ્યો, વાસના શેષે એ જોઈ પ્રિય લાગ્યો;
મુજને મળો એમ માગ્યો. ધ. ૨
વર્ણું વિચિત્ર અવિદ્યા પ્રકાશિ, ભોગ ભલે ભલે રૂપે ભાશિ;
માયિક જ્યમ હોય માશિ. ધ. ૩
તેનું વિષય વિષપાનજ ચાહ્યું, વશ થતાં અણિયે ચિત્તજ વાહ્યું;
દૈવત ભૂલ્યે દબાયું. ધ. ૪
આવર્ણ અસ્મિતા રાગ ને દ્વેષ, પંચમું પર્વ તે અભિનિવેશ;
ઉદય થયા એ અશેષ. ધ. ૫
આવરણે નિજ રૂપ આવરિયું, અસ્મિતા એ આ અંગહુ ઠરિયું;
રાગેંથી પૈષ્ઠિક કરિયું. ધ. ૬
દ્વેષેથિ આદર્યું નિષિદ્ધ કર્મ, અભિનિવેશથી ચિત્ત ગ્રહ્યું ચર્મ;

એ અવિદ્યાના ધર્મ. ધ. ૭
એમ અવળું આદરતાં નિત્યે, બિસ્મરણે વેહેતાં વિપરીતે;
ચર્મ ચ્યાહ્યે ચ૦યે ચિત્તે. ધ. ૮
આ હું ને આ સહુ માહારૂં માંનિ, દેહાદિક વસ્તુ કરી બાંનિ;
એમ થયો અભિમાંનિ. ધ. ૯
ઇંદ્રિયો મન ને પ્રાણુ ને કાયા, એ સઘળે રાગ રોષ ભરાયા;
મનમાં વશી એ માયા. ધ. ૧૦
એને અધ્યાસે મિથ્યામાં મળિયો, યદ્યપિ અંશ બલિષ્ટનો બળિયો;
કર્મમાં એમજ કળિયો. ધ. ૧૧
અનેક કર્મ કીધાં એ માટે, જુઠું વોહોરી લિધું સાચાને સાટે;
ઉતરચો અવળે ઘાટે. ધ. ૧૨
કઇકવાર દુઃખ સુખ ભોગાયાં, કઇ વિધનાં ક્રિયમાંણુ કરાયાં;
શેષ સંચિત સંચાયાં ધ. ૧૩
કર્માધિન થયો એ અધીશ કૃષ્ણુરામ કહે નાંમિ શીશ;
કૃષ્ણુ કરો બક્ષીશ. ધ. ૧૪

કીર્તન ૪૧૯ મું.

કેહેવાં કિયે થયો કર્મોનો બંધ, શ્યાંશ્યાં સાધન કરચે છુટે સંબંધ;
એ બેનો વારૂં છું ધંધરે. સુખે શિષ્ય સાંભળજ્યે. ૧
ભગવંતનો અંશ સ્મર્ણને ભૂલ્યો, ખોટામાં બેશીને ખાસો એ ખુલ્યો;
હું માહારા માનિને ફૂલ્યોરે. સુખે. ૨
હું જુવુ હું વહું હું ગ્રહુ વાસ, હું શુણું હું ધરૂં હું ગળું શ્વાસ;
ઇંદ્રિયોનો એ અધ્યાસરે. સુખે. ૩
હું પેહેરૂં ઓઢું ને હું કરૂં ક્રીડા, હું ચાલું હું સુવું હું ધરૂં વ્રીડા;
હું ભોગું પર થકે પીડારે. સુખે. ૪
હું દુઃખી હું સુખી હું ગોર કાળો, હું કુલહીન હું કુલિન, રૂપાળો;
હું અસવાર હું પાળોરે. સુખે. ૫
હું જીવું હું મરૂં હું દેખું અંધ, ઉપજ્યો અધ્યાસે એ પરનો સંબંધ;
એમ થયો કર્મોનો બંધરે. સુખે. ૬
દેખે તે ચક્ષુ ને ચાલે તે ચર્ણ, રસ લહે રસનાને સાંભળે કર્ણ;
દેહનેં જન્મ જરા મર્ણરે. સુખે. ૭
ત્વચા લહે સ્પર્શ પકડે એ પાણિ, ઘ્રાંણુ ગ્રહે ગંધ બોલે તે વાંણિ;

રતિ તે ઉપસ્થની જાંણિરે. સુખે. ૮
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ મતિને, હર્ષ ગ્લાનિ ભય ઇંદ્રિપતિને;
ક્ષુત્તૃડ પ્રાંણ યતીનેરે. સુખે. ૯
કાળા ગોરા એતો અંગોના અંગી, કુલ કુલહીન એતો રાગના રંગી;
આત્મા તો સહુથી અસંગીરે સુખે ૧૦
જ્યમ પરદેશીકો પરઘર વાસે, તેને તે ઘરવાળાનાં સરવ ભાસે,
તેણે તે હરખે ના ત્રાસેરે. સુખે ૧૧
દ્રશ્યનાં સુખ દુઃશ દ્રષ્ટાને શાનાં, માહારાં એ કર્મ એ એણે ન માન્યાં;
હું કુંણ છું એ તે ક્યાંહાનારે. સુખે. ૧૨
હું સતચિત આનંદ સ્વરૂપ; ઇંદ્રિયો કર્મના તે જડરૂપ;
એ કરતાં હું તો ચ્યૂપરે. સુખે. ૧૩
એતો અસત અખીલોના ધંધ, જો માંનું માહારા તો હું પડું બંધ;
એમ માંન્યે છુટે સંમંધરે. સુખે. ૧૪
બંધને મોક્ષ બે એ રીત્યે ગાયા, કૃષ્ણરામને કૃપાથી જણાયા;
માધવ છોડજ્યો એ માયારે. સુખે. ૧૫

કીર્તન ૪૨૦ મું.

ક્યમ તજાય હું માહારાનો ટેક, ક્યમ સમજાય ઇશ જીવ બેએક;
એ બેનો કહું છું વિવેકરે શિષ્ય જોજ્યે વિચ્ચારી. ૧
હું કેહેછે તે કિયાં કિયાં એ માહારાં, નખ શિખ અંગ નાંમેછે ન્યારાં;
એહેમાં તું કુંણ કિયાં તાહારાંરે. શિ. ૨
પંચભૂતો તણિ રચના એ દીસે, ચિત્તાદિ વશિયો છે એહેમાં ચોવીસે;
કાળ જેહેને નિત્ય પીસેરે. શિ. ૩
માંને અધ્યાસે એ આવી જણાયાં, આવિદ્યક એહેને આગમે ગાયાં;
જોતાં એ જયે ત્યહાં સમાયાંરે. શિ. ૪
માયાથિ ઉપજ્યો એ માયામાં મળશે, હું માહારાં માન્યેથી ફરિફરિ ફળશે;
તાહારાં ટાળ્યાં એતો ટળશેરે. શિ. ૫
જન્મ થયો રજ્જુમાં સર્પનો ભાસ, સર્પ માંન્યા વડે ઉપજ્યો ત્રાસ;
રજ્જુ જાંણ્યે મીટયો હ્રાસરે. શિ. ૬
એમ ભાશ્યા આત્મામાં દેહાદિ ભ્રાંત્યે, હું માહારાં માંન્યેથિ ભૂલ્યો અશાંત્યે;
આત્મા વિચારય એકાંત્યેરે. શિ. ૭

એહેમાંનું સત્ય ન માંનીશ એક, તો તો તજાશે હું માહારાનો ટેક;
એકમાં ક્યાંહાં થા અનેકરે   શિ ૮
જહદ જહદ એ બે લક્ષણા કરીયે, જહતે તજી અજહતથી ધરીયે;
ઉપાધિ મુકી વસ્તુ વરિયેરે.   શિ. ૯
પરોક્ષતા એતો વિદ્યાએ ભાસે, અવિદ્યાએ અપરોક્ષ પ્રકાસે;
ચૈતન એક વિકાસેરે.   શિ. ૧૦
સર્વજ્ઞ અલ્પજ્ઞ એ પણ એહેની, અપરિછિન્ન પરિછિન્ન જ્યેહેની;
ઉપાધિ એ નહિ તેહેનીરે.   શિ. ૧૧
વિદ્યા અવિદ્યા એ માયાની શક્તિ, ચેતન સ્વચ્છમાં સ્ફુરિયો બે વ્યક્તિ;
સ્ફટિકે કુસુમ વદારક્તિરે.   શિ. ૧૨
વિદ્યાયે ઇશ એ અવિદ્યાયે જીવ, ભાશ્યા એ બે મુખ પ્રતિ મુખ ઇવ;
વસ્તુ વિચ્યારચે એક શીવરે.   શિ. ૧૩
જાૂઠી ઉપાધીને વસ્તુએ ખાસી, તત્વમસી વડે શ્રુતિયે પ્રકાશી;
આવરણ છુટું તેહેનેં ભાશીરે.   શિ. ૧૪
એમ વિચ્યારચે ઇશ જીવ બે એક, કૃષ્ણરામને કૃષ્ણ કરૂણાયે છેક;
ઉપજે એહેવો વિવેકરે.   શિ. ૧૫

કીર્તન ૪૨૧ મું.

ગુણાતીત રહ્યું કયમ જાયરે, કુંણ દેખતો અંધ કેહેવાયરે;
એ ત્રણયેનો ઉત્તર થાય.   મુમુક્ષુ માંનજ્યે મનમાંરે. ૧
રાગ રોષ વિનાથી રેહેવુંરે, સુખ દુઃખ તે સત્ય ન લેહેવુંરે;
જે પડે તે વપુયે વેહેવું.   મુ. ૨
શોક મોહની શાંતિ કરવીરે, અહંમમતા ન કોહોની ન ધરવીરે;
વૈર વૃત્તિયો મનથી વિસરવી.   મુ. ૩
અહં કરતા ભોક્તા ન માંનેરે, કૃષ્ણકથા તણી ધરે કાંનેરે;
તાંણ્યું જાવું ન કોયને તાંને.   મુ. ૪
મર્ણ જીવવું માનાપમાનરે, યશ અપયશનું ધરવું ન ધ્યાંનરે;
ગાવું ગિરિવરધારીનું ગાંન.   મુ. ૫
પ્રભુજી થકી કરવો પ્રેમરે. સહુ જનનું ચ્યાહાવું ક્ષેમરે;
ગુણાતીત રેહેવાયે એમ.   મુ. ૬
જે તનુને દેખે ચાંમરે, જે ધનને દેખે દામરે;
જ્યે કારાગ્રહ લહે ધાંમ.   મુ. ૭

જે યુવતિને દેખે જાળરે, જ્યે વૈરને માંને વ્યાળરે;
જ્યે કામને દેખે કાળ મુ. ૮
જ્યે ભોગને દેખે ભોગરે, જ્યે રાગને દેખે રોગરે;
જ્યે શોકને દેખે યોગ. મુ. ૯
જ્યે ઘરણાંને દેખે હાઉરે, બાળોને દેખે બિલાઉરે;
જ્યે સતને દેખે સ્યાહુ. મુ. ૧૦
દેખે પુત્રને પાપનો પાળોરે, દેખે મોહોટાઇ કંઠનો ગાળોરે;
પ્રતિષ્ઠાને પોદરસાલો. મુ. ૧૧
દેખે પ્રત્યક્ષ ચોર સગાંનેરે, લોકીકને લવ લવ માંનેરે;
સત્ય દેખે શ્રીધરને સાંને. મુ. ૧૨
દેખે સત્ય ગુરૂનો સમંધરે, બાકી સઘળાને દેખે બંધરે;
એ તે દેખતા બીજો અંધ મુ. ૧૩
જ્યમ બાજીગરની બાજીરે, દીસે નાના પ્રકારની તાજીરે;
સત્ય માંની ન થઇયે રાજી. મુ. ૧૪
બંધી નજરે કાંઇનું કાંઇરે, ભાસે તે ધરી મનમાંહિરે;
હતું ત્યંમ જુવે તેતો ગુસાંઇ. મુ. ૧૫
દેખંતો જ્યંમ હોય ત્યંમ ન્યાહાળેરે, કાંઇનું કાંઇ આંધળો ભાળેરે;
કૃષ્ણરામને કૃષ્ણજી પાળે. મુ. ૧૬

કીર્ત્તન ૪૨૨ મું.

જીવ જાંણે શિ રીત્યે હરિનેરે, તેનો ઉત્તર કહુ વિસ્તરિનેરે;
તું તો ધારજ્યે મનને કરિનેરે, જાણજ્યે જીજ્ઞાસુ. ૧
જ્યેહેની સત્તાયે સકલ પ્રકાસેરે, જડવર્ગ સ્વવૃત્તિ વિલાસેરે;
સ્વય જ્યોતિ એ પ્રભુ તુજ પાસેરે. જાણુ. ૨
જીવ જાગ્રદાદિકને જાંણેરે, વિશ્વ તૈતજસ પ્રાજ્ઞ પ્રમાણેરે;
ઓળખ્ય આશ્રય એ ઓળખાંણેરે. જાણુ. ૩
જેહેને ભાસે વિષય તે વિભાસ્યા, હતા નિરસ તે સરસ પ્રકાસ્યા;
તે એ માહામાયીના તમાસ્યારે. જાણુ. ૪
સર્વ અંગોમાં જ્યેહેની પૂર્તિરે, ભાસે સાથ્યે સકળનિ સ્ફૂર્તિરે;
જોજ્યે વિવેકે એ વિશ્વમૂર્તિરે જાણુ. ૫
નાહાનું બાલ તે સ્તનને જાણેરે, જેમની પ્રેરણાયે પય તાંણેરે;
પેખ્ય પ્રેરક એહ પ્રમાણેરે. જાણુ. ૬

જેથિ અંતર વૃત્તિયો જાગેરે, નિજ નિજના વિષયને માંગેરે;
એ સહુ આશ્રિત એહેને આગેરે. જાણુ. ૭
જે સત ચીત આનંદરૂપરે, જે ભુવન સકલનો ભૂપરે;
જેહેનાં ઐશ્વર્ય અકલ અનૂપરે. જાણુ. ૮
જેથી ઉપજે સહુ સચરાચરરે, જયેહેનું બિરૂદ સદા વિશ્વંભરરે;
જે ગુણ ધરચે વિધિ હરિ શંકરરે. જાણુ. ૯
જેહેને કાળ વશી રહે હાથેરે, જેહેને ઇશ નથી કોય માથેરે;
જેહેને ખબરચ સકલનિ સાથેરે. જાણુ. ૧૦
જેહેનાં ધ્યાંનેથી માયા લાજેરે, જે ભક્ત તણે શિર ગાજેરે;
જેહેનાં બિરૂદ બહુ વિધ રાજેરે. જાણુ. ૧૧
જેહેનો વેદ વિમલ યશ વર્ણરે, પાંમે અભય રહે જયે શરણેરે;
જેહેના મહિમાનો થાય ન નિરણેરે. જાણુ. ૧૨
એહેવે વિચારે જાણે હરિનેરે, રહે જીવ વૃત્તિથિ વરીનેરે:
કૃષ્ણરામ લે કૃષ્ણ ધરિનેરે. જાણુ. ૧૩

કીર્તન ૪૨૩ મું.

કયમ જન્મોનિ ફેરિયો ત્રુટેરે, કયમ મૂળથી વાસના છુટેરે;
એ બેનો હવે ઉત્તર ઉઠે, વિચ્યારિને જાંણજે જીજ્ઞાસુરે. ૧
જયાહારે મમતા સહુની મૂકેરે, સદા ચિંતન હરિનું ન ચુકેરે;
જયાહારે શઠતા સઘળી સૂકે. વિ. ૨
જયાહારે યમના ડરથી ડરપેરે, કીયમાંણ કેશવને અરપેરે;
હરિ માંનીને સહુને તરપે. વિ. ૩
મુંકે વદવું લોકની લવનુરે, નિત્ય મનન કરે માધવનુંરે;
ભાસ્ચે દુઃખ માંને આ ભવનું. વિ. ૪
આપે વિચ્યારિ આપ સંભાળેરે, જરા જન્મ મરણ ભય ન્યાહાળેરે;
બોલ્યો ગર્ભમાં તેહેને પાળે. વિ. ૫
મન કલ્પિત મતને ન તાંણેરે, ભેદ વિધિ હરિહરમાં નાંણેરે;
વેદ શાસ્ત્રના રહસ્ય જાંણે. વિ. ૬
કહિ કરમ કરે નહી કૂડાંરે, વેહેમ ગાડાં ન ઘાલે ઉંડાંરે;
ભોગ પ્રારબ્ધ રૂડાં ને ભૂંડાં. વિ. ૭
સત્ય વચન સદાયે ભાખેરે. આત્માને આલોકે આંખેરે;
અન્ય અસત જુવે એ પાખે. વિ. ૮

સંસાર સ્વપન શ્યો ભાસેરે, બેસે સંત પુરૂષને પાસેરે;
રહે વિઠલને વિશ્વાસે. વિ. ૯
શ્રીધરના સ્મરણને સાંચેરે, વશ્ય ઇંદ્રિયો રાખે પાંચેરે;
વેદાંતના વાક્યને વાંચે. વિ. ૧૦
નીત્ય કૃષ્ણની કરૂણા ચ્યાહ્યરે, લોક લાજને માંને લાહ્યરે;
કોહોને વેશ ધરી નવ્ય વાહ્ય. વિ. ૧૧
દુશમનથી ન રાખે દાવોરે, માને ચ્યાર દીવસનો લાહાવોરે.
આપે જન્મ બીગાડે ન આહાવો. વિ. ૧૨
તેહેને કેશવ કરૂણા કરશેરે, તેતો મૂળથી વાસના તરશેરે;
શાને જન્મોની ફેરીયો ફરશે. વિ. ૧૩
પ્રભુ પતિતપાવન બિરૂદ પાળેરે, વાસના ઉઠતીને બાળેરે;
કૃષ્ણરામને કૃષ્ણ સંભાળે. વિ. ૧૪

કીર્ત્તન ૪૨૪ મું.

કર્મ કેટલાં તે કહું નામેરે, જ્યમ રચના રચી છે રામેરે;
અજ્ઞ ભોગ્યા વિના નવ્ય વાંમેરે, સમજે શોધ કરી. ૧
આથી પૂર્વે જન્મ હતા જ્યેજ્યેરે, તે'માં કર્મ કરચાં છે તે તેરે;
અહી આજ ભોગે છે એ એ રે. સ. ૨
આ હું માનીને જ્યે જ્યે કરિયાંરે, માહારાં માંનીને મનમાં વરિયાંરે.
તે તે વાસના રૂપે ઠરિયાંરે. સ. ૩
ત્રણ્ય ગુણના સ્વભાવ ઘણેરારે, તેથી કામાદિ ઉઠે અનેરારે;
એ છે બીજ કરમ સહુ કેરારે. સ. ૪
આથી પૂર્વે જે પીંડ ધરચોતોરે, કર્મ રાશીથી જ્યે ઉદ્ધરચોતોરે;
તેનો વિધિયે વિચ્યાર કરચોતોરે. સ. ૫
આટલા પિંડથી બણજ્યો આહાવિરે, સપ્ત પર્યંત તનુઓ ભાવિરે;
તેહેમાં મનુષની જ્યેટલી ધરાવીરે. સ. ૬
તેહેમાં અજ્ઞે કરચાં જ્યે જ્યે કર્મરે, યદૃચ્છાયે અન્નોથિ શરમરે;
તેહેના લખાયા ધરમાધરમરે. સ. ૭
પશુ પક્ષિના ભૂડાં ન લેવાંરે, બ્રહ્મહત્યા વિના મુકિ દેવાંરે;
નરદેહેનાં તો સઘળાં ગ્રેહેવાંરે સ. ૮
નગદેહનાં તાંરૂડાં લીધાંરે, સર્પ ભૂતના અશુભ જ્યે સીધાંરે;
શ્રહી અરધા અરધ માફ કીધાંરે. સ. ૯

સ્વેદજના તો સઘળાં તજીયાંરે, સપ્ત જન્મ સુધિ એ ભજીયાંરે;
રાશી રૂપે સકલને સજીયાંરે. સ. ૧૦
તે તે કર્મનાં બે કરચાં શકલરે, તેમાં એક અલગ ધર્યું દલરે;
એકના કરચા ભોગ સકળરે. સ. ૧૧
શાસ્ત્ર સમજ્યાવિના જયેજયે કરિયાંરે,શાસ્ત્ર સમજી જયે કામ્યને વરિયાંરે;
અણુ સમજ્યે અકામ્ય આદરિયાંરે. સ. ૧૨
અજાણ્યે કરચાં ને કરચાં કામ્યરે, તેના અરધના ભોગના ઠાંમરે;
ઋણુ વાસના પ્રારબ્ધ નામરે. સ. ૧૩
ઋણુ ઇંદ્રિયો ઉપર રેહેશેરે, વાસના મનવૃત્તિયે વેહેશેરે;
પ્રારબ્ધને તો તનુ સેહેશેરે. સ. ૧૪
વાસનાથી બને જન્માંતરરે, ઋણુથી બને રાગ રોષભર રે;
પ્રારબ્ધ સુખ સત્વરરે. સ. ૧૫
એતો ત્રણ્યે ન થાયે લીનરે, અસાધારણુ ઇચ્છાને અધીનરે;
બીજા ભોગ સાધારણુ તીનરે. સ. ૧૬
આગંતુકને ઋણુનું બંધરે, ત્રીજો સ્વભાવ કર્મનો બંધરે;
તેનો પુરૂષ પ્રયત્ને સબંધરે. સ. ૧૭
પેહેલો શકલ રહ્યો છે જયેહરે, શુદ્ધ ક્રિયમાંણુથી શમે એહરે;
નહિતર સંચિત હોયછે તેહરે. સ. ૧૮
માહા પાપ કરચાં પૂણ્ય પાખેરે, તેહને યમ નરકે નાંખેરે;
મધ્ય પાપે દેવડીયે રાખેરે. સ. ૧૯
થોડે ભોગાવે લક્ષ ચોરાશીરે, શેષે મનુષ્ય કરે ગર્ભવાશીરે;.
તે તે તનુનાં લ્યે પૂણ્ય તપાશિરે. સ. ૨૦
શાસ્ત્ર જાણ્યાવિના કર્મ કરતાંરે, એણી રીત્યે ભોગે ફળ નરતાંરે;
શાસ્ત્ર સમજ્યે સકામ્યે સરતાંરે. સ. ૨૧
માહા પૂણ્યે તે સ્વર્ગ ભોગાવેરે, મધ્યમથી દ્રિપાંતરે આવેરે;
શષે પુનરપિ મનુષ બનાવેરે. સ. ૨૨
તે તે તનુયે કુડાં કરમ કીધાંરે, તેનાં પાપ તે સિધીયે લીધાંરે;
શેષ પૂણ્ય તે સાથ્યે સમ કીધાંરે. સ. ૨૩
એતે નિષિદ્ધ કામ્ય કહ્યાં કરમરે, કીધા શાસ્ત્ર સમજ્યે જ્યે ધરમરે;
અહંકરતા માન્યા વિના પરમરે. સ. ૨૪
તે તે કર્મે બન્યાં સંસ્કારરે, મોહોટે મોહોટા લગારે લગારરે;

તેથિ વેહેલો મોડો પાંમે પારરે. સ. ૨૫
તેથી નરક ચોરાશિ ન ન્યાહાળેરે, ફરિ ફરિ ન પડે જંજાળેરે;
તેથિ નવિન વાસના બાળેરે સ. ૨૬
એમ શાસ્ત્ર સંસ્કારે ભણુશેરે, ચુકી ચાલ્યેથી અવળું ચણુશેરે;
જો ભવ ભય ગણુશે ન ગણુશેરે. સ. ૨૭
પિંડ વાસના પ્રારબ્ધ ઋણુરે, આગંતુક ઋણુબંધ ને છણ્યરે;
સ્વભાવોચ્ચાવચ લક્ષણુરે. સ. ૨૮
સામ્ય ક્રિયમાણુ ને સંસ્કારરે, આવર્ત્તન એ તેર પ્રકારરે;
કહ્યાં કર્મના નાંમ નિરધારરે. સ. ૨૯
એહેના રૂપ વિસ્તારિને કેહેશેરે, કૃષ્ણુરામ શ્રી કૃષ્ણુ ઉદ્દેશેરે;
કૃષ્ણુ કરૂણાથી કૃષ્ણુને લેહેશેરે. સ. ૩૦

કીર્તન ૪૨૫ મું.

પિંડ કરમનુ રૂપ કહું, જેથિ કરમ બને છે બહુ;
જેને અજ્ઞ કહે આ હું, ચિત્ત ધરી ચિંતન કરજ્યે. ૧
સપ્ત જનમ સુધીમાં જ્યેહ, પૂર્વે નર તનું ભોગી તેહ;
ત્યહાં કર્મ કરેલાં એહ. ચિ૰ ૨
ત્યેહેમાં શાસ્ત્રનિ સમજણુ બીન, કીધાં ત્રિગુણુથી કરમ નવીન;
લોક પરંપર સ્વચ્છ મલીન. ચિ૰ ૩
વળિ જ્યે શાસ્ત્ર લહિને કરમ, કીધાં સકામ્ય પરમાપરમ;
તેથિ બણિયા ધર્માધરમ. ચિ૰ ૪
વળિ જ્યે અણુજાણ્યે નિપજ્યાં, કોય દ્વારા જ્યે અકામ્ય સજ્યાં;
સાક્ષિ હરિયે તે ન તજ્યાં. ચિ૰ ૫
કરમ ત્રિક્ષણાડવસ્થાયી, તેથી વાસના નિરમાયી;
તે તો ચિત્તમાં એહેવાઇ. ચિ૰ ૬
હું કરતા એ અધ્યાસે, વશી વાસના તે પાસે;
એથી પીંડ તે પ્રગટાશે. ચિ૰ ૭
એ સહુ કરમના ત્રણ્ય વિભાગ, રચિયા વિધિયે પામી લાગ;
તેમાં બે મૂકયા અન્ય જાગ. ચિ૰ ૮
એક તણા કીધાં વળી ત્રણ્ય, તે વાસના પ્રારબ્ધ ને ઋણ;
વાસનાનાં કહું *શુણ્ય લક્ષણ. ચિ૰ ૯

પૂણ્ય પાપ સામ્યેથી નર, તેટલા દેહે જેહેવો જ્યહાં ભર;
વિષમ થકી હોય એ ભૂચર. ચિ૦ ૧૦
ઘણા બને તો સાત ઠરે, થોડા તો તેથી ઉતરે;
અંતે નરતનુ ત્યાંહ્ય ધરે. ચિ૦ ૧૧
એટલે એ પ્રારબ્ધ ભોગાય, જ્યમ ઘટિત ત્યહાં ત્યંમ વેહેચાય;
એટલે ઋણુ તે છુટી શકાય. ચિ૦ ૧૨
એ કહ્યા મધ્યમ કરમેં પિંડ, માહા પાપે હોયે નરક પ્રચંડ;
તે સાધારણુ પાપે યમ દંડ. ચિ૦ ૧૩
સ્વલ્પ અઘે લક્ષ ચોરાશી, શેષે મનુષ ગર્ભવાશી;
તે તેહેનો લેઇ પૂણ્ય રાશી. ચિ૦ ૧૪
બ્રહ્મહત્યા બિન ચરનાં પાપ, કૃષ્ણુ કહે છે સઘળાં માફ;
અલહ્યાં પૂણ્ય ગ્રહે છે આપ. ચિ૦ ૧૫
તે પૂણ્યોને પાપ સમાન, રહે ત્યહાં હોય માનવ સંતાન;
અવચ કરમથી એ સંધાન. ચિ૦ ૧૬
જો કરે મહત્પુણ્યનો ભર, તેથી સ્વરગ ભોગ હોય વર,
સાધારણુથી દ્વીપાંતર. ચિ૦ ૧૭
તે તેહેનાં લેઇ કરમ અધમ, શેષ પુણ્યનેં કીધાં સમ;
તેથી મનુષ્ય બનાવે રમ્ય. ચિ૦ ૧૮
હરિ સેવન બિન પૂણ્ય પ્રતાપ, સુરનાં સર્વ કરચાં છે માફ;
લે છે કુકર્મ કેરાં પાપ. ચિ૦ ૧૯
એમ એ પીંડ ઉચ્ચ કરમેં, એકેકો ધરમાધરમેં;
સામ્યની રીત્યે ન બહુનિરમેં. ચિ૦ ૨૦
એ જન્મોમાં જ્યમ કરશે, તે તેહેવે સ્થળ અવતરશે;
જ્ઞાન થશે ત્યાંહાંથી તરશે. ચિ૦ ૨૧
જ્ઞાન થશે પણુ શેષતનું, વિધિ નિર્મિત તે થશે જનું;
ચરમ જન્મેં તરશે તદનું. ચિ૦ ૨૨
અસાધારણુ ઇચ્છાથી એમ, પડે ભોગવું જેટલો નેમ;
એ સમજ્યે ખસશે વેહેમ. ચિ૦ ૨૩
અજ્ઞાને આવૃત્તિ થાય, જ્ઞાંને અનાવૃત્તિ કેહેવાય;
ક્રિયમાંણેથી બે ઓળખાય. ચિ૦ ૨૪
વાસનાદ્વારા એમ અવતાર, માનવ તનુંમાં ઘણા પ્રકાર;
બ્રહ્મ, ક્ષત્ર, વિટ્, શુદ્ર, એ ચ્યાર. ચિ૦ ૨૫

રહે મનમાંહે વાસના રોગ, ઋણુનો ઇંદ્રિયને સંયોગ;
તનુને પ્રારબ્ધોનો ભોગ. ચિ૰ ૨૬
પેહેલાદલથી એહ ઉઠાવ, બીજાથી પણુ ત્રણ્ય બનાવ;
દિષ્ટાડગંતુક અને સ્વભાવ. ચિ૰ ૨૭
સ્વભાવ કરે વાસના અધિક, આગંતુક ભોગાવે અલીક;
દિષ્ટ વધારે ઋણુની બીક. ચિ૰ ૨૮
શાસ્ત્ર સમજથી એહ શમે, અન્ય ઉપાયે નવ્ય વિરમેં;
ઇંદ્રિય દેહે મન મધ્યે રમે. ચિ૰ ૨૯
એ ત્રય સત્કર્મે ત્રૂટે, અણુ સમજ્યે ભોગી છૂટે;
મધ્યે રહે સંચિત પૂટે. ચિ૰ ૩૦
ત્રીજા દળનું થાય સંચિત, જો સંસ્કારે ઘટે ન વિત્ત;
જ્ઞાન બન્યા બિન રહે તે નિત્ય. ચિ૰ ૩૧
•પકવ શાસ્ત્રથી સમજી સાર, હું કરતાનો ખોઈ અહંકાર;
અકામ્ય કીધે હોય સંસ્કાર. ચિ૰ ૩૨
તે સંસ્કારના બાર છે ભેદ, અન્ય થકી નોહ્યે એ ઉચ્છેદ;
જેહેને ઉત્તમ કેહેછે વેદ. ચિ૰ ૩૩
દૈવ વિરાગ ભક્તિ ને જ્ઞાન, ભાગ્ય યોગ ઈજ્યાનેં દાંન;
પૂણ્ય, તીર્થ, વૃત, જપ, અભિધાંન. ચિ૰ ૩૪
એથી આશય શુદ્ધિ સજે, સહસા સગત્ય ઉપજે;
એથી ભગવત્પદવિ ભજે. ચિ૰ ૩૫
છુટે અધ્યાસોની આળ, ત્રૂટે જન્માદિકની જાળ;
પાછો પ્રંપ્ઠે ન પડે કાળ. ચિ૰ ૩૬
એથી સાધે ઈશ કોટી, વાસના ઉપજે નહિ ખોટી;
અંતે પદવિ મળે મોટી. ચિ૰ ૩૭
એ સંસ્કાર તણાં છે ફળ, સત્સંગે એ સાધે સકળ,
કોય વિરલાને લાધે કળ. ચિ૰ ૩૮
બ્રહ્મહત્યા બિન અરધાં પાપ, ભૂત સર્પનાં કીધાં માફ;
પૂણ્ય તણો લ્યે સરવ પ્રતાપ. ચિ૰ ૩૯
સ્વેદજ ઉદ્‌ભિજનાં નગનાં પાપ, સઘળાં તેનાં કીધાં માફ;
પૂણ્ય સકલને લે છે આપ. ચિ૰ ૪૦
સંસ્કારોની કોટિ ત્રણ્ય, દૈવ, ભાગ્ય, ને ત્રીજું પુણ્ય;

તેમનાં ત્રણ્ય ત્રણ્ય આચર્ણ. ચિ૦ ૪૧
કર્મોનાં છે રૂપ અપાર, એહેમાં મુખિયા કહ્યાં અઢાર:
કૃષ્ણુરામ સમઝચે ઉદ્ધાર. ચિ૦ ૪૨

કીર્તન ૪૨૬ મું.

પિંડ વાસનામાંથી જયે ધારચારે, જે જે મનુજ દેહ અવતારચારે;
તેના ભેદ કહું ગુણ દ્વારા. મુમુક્ષુ. ૧
બ્રહ્મ ક્ષત્ર વૈશ્ય ને શુદ્રરે, તેહેમાં સદ્દશા ઉત્તમ ક્ષુદ્રરે;
તેનાં કારણ ત્રણ્ય તનુધ્ર. મુ. ૨
સદ્દશા ભાસેં સત્સંગેરે, સંસ્કારેથી ઉત્તમ અંગેરે;
શુદ્ર ભાસે સ્વભાવને રંગે. મુ. ૩
પેહેલા ગુણ ભેદેં કહું અવતાર, બ્રાહ્મણાદિક વરણી ચ્યાર;
પછિ સદ્દશાદિકનું સાર. મુ. ૪
સત્વ ગુણ તે ક્ષમા દયા શાંતિ, રજ તૃષ્ણા પ્રવૃત્તિ આક્રાંતિરે;
તમ મોહ કલેશ ને ભ્રાંતિ. મુ. ૫
ક્ષમા તે સુખ દુઃખને સેહેવુંરે, દયા તે કોહોને દુઃખ ન દેવુંરે;
શાંતિ તે ક્રોધાદિ ન વેહેવું. મુ. ૬
તૃષ્ણા તે અલાભ્યને ચ્યાહાવું, પ્રવૃત્તિતે મળ્યે અથડાવું;
આક્રાંતિ અતિ ઉંચ થાવું. મુ. ૭
મોહ સ્વસ્વરૂપ વિસરવુંરે, કલેશ સ્વ પરને સંકટ કરવું રે;
ભ્રાંતિ અવળું અનુંસરવું. મુ. ૮
ત્રણ્ય ગુણના ત્રિત્રિઆચર્ણરે, તેથી સરજાય સઘળિ વર્ણરે;
તેથી સરજવું કહું શુણ્ય કર્ણ. મુ. ૯
ત્રણ્ય સત્વના રજના હોયરે, મળે તમનો એકજ કોયરે;
એણે આશયે બ્રાહ્મણ હોય. મુ. ૧૦
ત્રણ્ય રજના સત્વના હોયરે, મળે તમનો એકજ કોયરે;
એણે આશયે ક્ષત્રી હોય. મુ. ૧૧
ત્રણ રજના તમના હોયરે, મળે સત્વનો એકજ કોયરે:
એણે આશયે વૈશ્યજ હોય. મુ. ૧૨
ત્રણ્ય તમના રજના હોયરે, મળે સત્વનો એકજ કોયરે;
એણે આશયે શુદ્રજ હોય. મુ. ૧૩

એકેકે ગુણે નવ નવ ભાતિરે, તેહેમાં અષ્ટાદશેં બને જાતિરે;
તેહેની વરણવું વિધ વિધ ભાતિ મુ ૧૪
નવ તમની રજનિસાતરે, મળે બે માંહિસત્વની ભાત્યરે;
એણે શુદ્રથી નીચી જાત્ય. મુ. ૧૫
નવ રજની તમ નિસાતરે, મળે બે કોય સત્વની ભાત્યરે;
એણેં ભૂત સરપની જાત્ય. મુ. ૧૬
નવ રજની તમની આઠરે, મે'લે એક સત્વની દાટરે;
એણેં પશુ પક્ષિના ઠાઠ મુ. ૧૭
નવ સત્વનો રજનિસાતરે, મળે તમની કોય એક ભાત્યરે;
તેણે સુરની ઋષીની જાત્ય. મુ. ૧૮
તમની નવ રજની અષ્ટરે, કોય સત્વની એક અમૃષ્ટરે;
એણેં નારકી જાતિ સ્પષ્ટ. મુ. ૧૯
એમાં ચ્યાર કહી જયે વર્ણરે, જેવડે ઈચ્છાય ઉદ્ધર્ણરે;
તેહેનાં શુણ્ય કહું સદશાચર્ણ. મુ. ૨૦
સંગ સદ્રશેં હોયેં સમાનરે, સ્વભાવેથી વિલોમ વિધાંનરે;
સંસ્કારેથી શ્રેષ્ટ સંધાંન. મુ ૨૧
કહિ વાસના ગુણથિ એ કાયારે, જે આશય તે પિંડ બંધાયારે;
કૃષ્ણરામથી જેટલા ગવાયા. મુ. ૨૨

કીર્ત્તન ૪૨૭ મું.

કરે પુરૂષ પ્રયત્ન જો વર્ણરે, સંગ સદશને રહી શર્ણરે;
તો તો ઉઘડે સદશાચર્ણ. મુ૦ ૧
શુણવું ભણવું ધરી લક્ષરે, નિજ ધરમનિ સમજવી પક્ષરે;
દિલ રેહેવું સદાયે દક્ષ. મુ૦ ૨
લેહેવી પોત પોતાની નીતિ, સહુ જનથિ કરવી પ્રીતિરે;
નિજ વૃત્તિનિ સમજવિ રીતિરે. મુ૦ ૩
સત્ય મિષ્ટ વચન ઉચ્ચરવુંરે, દેશકાલ જોઈ કાર્ય કરવુંરે;
પર દાર ધનાદિ ન હરવું મુ૦ ૪
ઘણો આહાર નિદ્રાને પ્રમાદરે, નવ્ય કરવો કાંઇ ઉન્માદરે;
વિટળોથિ ન કરવો વાદ. મુ૦ ૫
પરથિ ગુણ સમઝી લેહેવારે, ઉંચ વરણની કરવી સેવારે;
દોષ પરખીને મૂકી દેવા. મુ૦ ૬

નાહાનિ પરણવી નિજની નારીરે, ખરચ કરવું તે સત્તા વિચ્યારિરે;
હરામિથિ છુટવું હારી. મુ૦ ૭
કદિં વ્યસન ન કરવાં નરતાંરે, શિશુ વારવાં નેષ્ટ આચરતાંરે;
કોહોને રોકવાં નહિ દાન કરતાં. મુ૦ ૮
એઠું ઉઘાડું અભડાયું વાશીરે, સૂતકાન્નોનિ ધરવિ ઉદાસીરે;
કોય જનનિ ન કરવી હાસી. મુ૦ ૯
રૂડા ભૂંડાનિ કરવી ન ચાડીરે, મુખે વાત ન વદવી આડીરે;
શોક ધરિને ન રડવું દાહાડિ. મુ૦ ૧૦
કુટિલોથિ કરજ ન લેવુંરે, બ્રાહ્મણોનું ન રાખવું દેવુંરે;
કૃપણોને કષ્ટ ન કેહેવું. મુ૦ ૧૧
કામિ ક્રોધી ને મિત્ર ન કરવારે, નિત્ય મૂકી નિકળવું ન ફરવારે;
આપે આપ ન ઇચ્છવું મરવા. મુ૦ ૧૨
રંક ઉપર ધરવો ન રોષરે, કોહોના જોવા ન વદવા દોષરે;
તરૂણિ થકી રાખવો તોષ. મુ૦ ૧૩
કાચિ રસાયણો નવ્ય ખાવિરે, સંત પુરૂષોને જોવા ન તાવીરે;
મુખે કીર્ત્તિ ન પોતાની ગાવી. મુ૦ ૧૪
એહેવા પુરૂષ પ્રયત્ને આચર્ણરે, કરચે સદશ રહે સર્વ વર્ણરે;
કૃષ્ણ કથા શુણે જો કર્ણ. મુ૦ ૧૫
થાય પુરૂષ પ્રયત્ન સુસંગેરે, જાત કર્માદિ કરતાં અંગેરે;
કૃષ્ણરામ રહે નિજ રંગે. મુ૦ ૧૬

કીર્તન ૪૨૮ મું.

દેશી ફેર.

પ્રારબ્ધોના ભોગ કહું શુણય કરણજો,
કરતાં નિત્યે સ્વધરમનું આચરણજો;
પથ્ય ભોજને વેહેતાં જયે જયમ વરણજો.
જીજ્ઞાસુ જાંણિને મનમાં સમજ જયેજો. ધ્રૂ. ૧
યત્ન કરયાબિન જે જયે સુખ દુઃખ થાયજો;
અવળું કરતાં સવળું જે થઇ જાયજો,
સબળે અવળું જે જયે ભોગે કાયજો, જીજ્ઞા૦ ૨
જન્મ થકી જયે સાથ્યે સુખ દુખ હોય જો,
પરાધીનથી કૃત્ય કરંતા કોયજો;

જે બને તે પ્રારબ્ધોથી જોય જો. જીજ્ઞા૦ ૩
વામનસ્યામલ દુર્ગંધિ કે કોહોડીજો,
મસ તીલ પાઠું રસોળિ હઇયાંહોડિજો;
પીત્ત વાત કફ બાંબ લાઇનિ જોડિજો. જીજ્ઞા૦ ૪
શૂળ શોક જ્વર આદોશીશિ વાળોજો,
મુર્ચ્છિ વાંતિ સંગ્રહણી વહે નાળોજો;
અફ્રાઇ નળને વાઇ તણો જે ચાળોજો. જીજ્ઞા૦ ૫
હીમ લૂક ને શરદીથી લડથડવુંજો,
અશક્તિ મળ કે કહિક અચાનક પડવું જો;
અકાળ પ્રાપ્ત જરાથી માંચે શડવું જો. જીજ્ઞા૦ ૬
કાંઇ વાગવું વ્રણ થાવું કે બળવું જો,
અંગ ત્રુટવું ખાંસી શરીર ગળવું જો;
ખાન પાન રસ વસ્ત્ર ન મળવું મળવું જો. જીજ્ઞા૦ ૭
એટલાંમાંનું જે કાંઇ થાય ન થાય જો,
પુરૂષ પ્રયત્ન કરચેથી નવ્ય બદલાય જો;
અવશ્ય એ પ્રારબ્ધ એમ ઓળખાય જો. જીજ્ઞા૦ ૮
યત્નૌષધ પાખે જયે અવશ્યે જાશેજો,
યત્ન કરચે પણ જયે તેટલું ભોગાશેજો;
પ્રારબ્ધોના ભોગ એમ ઓળખાશે જો. જીજ્ઞા૦ ૯
એહુ અસાધારણ ઇચ્છાથી આવે જો,
એહેને જો કોય સિદ્ધિ બળે મિટાવે જો;
તોપણ બીજે કાળે હરિ ભોગાવે જો. જીજ્ઞા૦ ૧૦
હરિ વશ હોય પણ એ પ્રારબ્ધ ન છૂટે જો,
આગંતુક કરતાં તે અધિકું ઉઠે જો;
પિંડિમાંહાના શેષ જનમ નવ્ય ત્રુટે જો. જીજ્ઞા૦ ૧૧
જો કોય મધ્યે જનને નાંખે મારિજો,
તો બાકી ભોગાવે ફરિ અવતારિ જો;
મારનારને યમરાય રાખે ધારિજો. જીજ્ઞા૦ ૧૨
કોયનું ઇશોપાસકથી નવ્ય ચાલે જો,
આગંતુક વિઘ્નોને ઇશ્વર જાલે જો,
કૃષ્ણરામને અશકય તે એ આલે જો. જીજ્ઞા૦ ૧૩

કીર્તન ૪૨૯ મું.

આ હું માંન્યે કર્માગતુક થાય જો,
તેથી પ્રારબ્ધોની લીક લોપાય જો;
સાધારણ ઈચ્છાયે બહુ ભોગાયજો. જી. ૧
અધરમ આચરણેથી જે જન વેહેશેજો,
કુપથ્ય ભોજન કરતાં સંકટ સેહેશે જો;
અંગ નિમિત્તે અન્યોને દુઃખ દેશે જો. જી. ૨
ઘણું હીંડતાં દોડતાં કે લડતાં જો,
ઉછળતાં કે ઝાડ ઉપરે ચઢતાં જો;
અગ્નિ સાથ્યે રમતાં જળમાં પડતાં જો. જી. ૩
કાષ્ટ ચીરતાં અસહ્યે ઉદકે નાહાતાં જો,
ચડતે પૂરે વસ્તુ લેવા જાતાં જો;
અધિકું તીખુ ખાદ્ય વાશિ ખાતાં જો. જી. ૪
અસહન ભાર વહતાં અધિકું તરતાં જો,
અધિક બેઠકે અથવા અધિકું ફરતાં જો;
મૂત્ર પુરીષને ગળફા રૂંધન કરતાં જો. જી. ૫
અણસેહેતાં વાહનના ઉપર બેઠે જો,
અણજાણ્યે ઉદકે એકાએકી પેઠે જો;
અચિકિત્સિકના ઔષધથી દુઃખ વેઠે જો જી. ૬
અણજાણે ટાંકે કૂપે ઉતરતે જો,
વ્યસન વિશેષે અઘટિતને આદરતે જો;
દિવા ઉંઘતે રાત્રે જાગરણ કરતે જો. જી. ૭
વિષમાસનથી બેઠે સત્વર ચઢતે જો,
અતિ ઉંઘતાં અલહિ સેજ્યે પડતે જો;
જીર્ણાલયમાં ઈંટ્ય લાકડું જડતે જો. જી. ૮
આપણે અંગે આપ હાથથી ઘાને જો,
ઘણી લાંઘણે સહસા ઝંઝું ખાતે જો;
અન્ન છતાં પણ વૈરે લાંઘણ ચાહતે જો. જી ૯
અજીર્ણ છે પણ ગરિષ્ઠ વસ્તુ જમતાં જો,
કપરી ચીજ કચરતાં ધાતુ ધમતાં જો;
આંધિ, વર્ષા, લૂ,માં બાહ્યર ભમતાં જો. જી. ૧૦

હોડયે રાત્રે અલસ્રે મારગ જાતાંજો,
કોહ્યું કાચું અણજોયેલું ખાતાં જો;
કઠીણ અવસરે સ્વતંત્ર વાટયે ધાતાં જો. જી. ૧૧
એટલામાંનું કરતાં દુઃખ સુખ થાય જો,
એણે પ્રારબ્ધોથી બહુ ભોગાય જો;
એ દ્વારા આગંતુકને ઓળખાય જો. જી. ૧૨
એ આચરણ કરે નહિ તો દુઃખ નાવે જો,
એ દુઃખને મંત્રૌષધ દેવ મિટાવે જો;
અવળું આચરતાં અધિકું ભોગાવે જો. જી. ૧૩
સત્સંગેથી જે જન હરિનો થાય જો,
તેથી આગંતુક તે દૂર પળાય જો;
કૃષ્ણરામને કેશવ કરે સાહાય જો. જી. ૧૪

કીર્ત્તન ૪૩૦ મું.

દેશી ઉપર.

સાંભળ્ય શિષ્ય કહું ઋણ ભોગ, કરંતાં સ્વધર્માચરણનો યોગ;
જ્યે બને ઇંદ્રિયને સંભોગ. જીજ્ઞાસુ જાંણજ્યે મંન વિચ્યારી. ૧
અંધ મૂકતા બધિરતા આવે, બોબડું બોલવું રસ નવ્ય ભાવે;
નાસિકા ન લહે ગંધ સુહાવે. જી. ૨
ઠુંઠું થવું ઘણી થોડી આંગળિયો, પંગુ થવું કટિ બેવડિ વળિયો;
પુરૂષ છતાં નપુસક હોય ગળિયો. જી. ૩
વિશેષ વસ્ત્રને ભૂષણ મળવું, ખોટ જવી અથવા બહુ રળવું;
કોયથી મળે કેવા નિજનું ટળવું. જી. ૪
બંધન પડવું કે મારજ સેહેવો, ભલો ભૂડો પરિવારજ વેહેવો;
રસ રેહેવો કોયથી નવ્ય રેહેવો. જી. ૫
ભૂત સરપ સ્વેદજથી પીડા, હર્મ્યે હિંડોલા ખાટ્યમાં ક્રીડા;
નાત્ય સગાં પાડોશીની વ્રીડા. જી. ૬
કોયને મારચે મરવું રડવું, અભિચારેથી પડવું શડવું;
કોયનું ધન દાટેલું જડવું. જી. ૭
પુત્ર બને ન બને મળે દારા, ઝાઝું પરણવું કે રેહેવું કુંઆરા;
પુત્રી પશું સેવક ભુંડાં સારા. જી. ૮

મિત્ર થવા ન થવા જયહાની, રાંડે મરે, ભુંડાં ઉઠયેલાંનિ;
ધન ખોહોવું ચેલા સહિયારી માંની. જી. ૯
છુટિ પડે કે અગ્નિ દઝાડે, ઝાલ બોલે જાય ચોરને ધાડે;
અધર્મ બિન જયે રાય રંજાડે. જી. ૧૦
શાહાને આપ્યું પાછું નાપે, સૂપ્યું સગાને તે સ્વારથે શાપે;
વિશ્વાસી જન થઇ ધન શિર કાપે. જી. ૧૧
ઇંદ્રિયો સાજી ને દંતજ સાજા, મરણસુધી કદિ જાય ન માઝા;
સુત ધન સેવક સહુ રહે તાજા. જી. ૧૨
પૂર્વ પૂણ્યથી સહુ મળે રૂડા, પાપે ભલામાહાથી નિકળે ભૂંડા;
અધ્યાસે રાખવા નહિ તેહેને ઉંડા. જી. ૧૩
ધર્મ ચાલંતા જયે ઋણ આવે, એ અસાધારણ કો ન મિટાવે;
જ્યમનું ત્યંમ તે ભોગિ છુટાવે. જી ૧૪
એહેને અધિક વધારે દીષ્ટ, જેણે કરચાં નોહ્યે ઈશ્વિર ઈષ્ટ;
દાસોને અધિક ન હોયે અનિષ્ટ. જી. ૧૫
પ્રારબ્ધ સરખાં ઋણને ધારે, સત્સંગતિ કરિ દિષ્ટને વારે;
કૃષ્ણરામને કૃષ્ણ ઉગારે. જી. ૧૬

કીર્त્તન ૪૩૧ મું.

દિષ્ટ બને રાગ રોષેથી રેહેતાં, સ્વધર્મ મૂકિ અધરમે વેહેતાં;
માહારૂં તાહારૂં પરનું એમ લેહેતાં. શિષ્ય. ૧
સંત પુરૂષથિ દૃષ્ટિ બિગાડયે, બગર વાંકે વિપ્રને ત્રાડયે;
ચ્યુગલી દ્વારા રંકને રંજાડયે. શિષ્ય. ૨
ગો દ્વીજ રંકને મારતાં લત્તા, કન્યા ન દેવિ જ્યહાં વાંણિથિ દત્તા;
ચોરિથિ હરતાં સ્વધર્મિનિ સત્તા. શિષ્ય. ૩
પિત્રિનું તર્પણ પિંડ નિવારચે, માતા પિતા વધુ ભગની મારચે;
ઉત્તમનું લેઈ અધમને ચારચે. શિષ્ય. ૪
ક્ષુદ્રોની ક્ષુદ્ર બાધાઓ વેહેતાં, દેવા ન દાંનને વારતાં દેતા;
દુષ્ટ કાળે દુષ્ટ દાનોને ગ્રેહેતાં શિષ્ય. ૫
પુત્રાદિ અરથે સકામ્ય કરતાં, વિશ્વાસિ જનનિ વસ્તુ હરતાં;
કોયને ધનેથિ કુકર્મ આચરતાં. શિષ્ય. ૬
થાંપ્યેણ્યો ઓળંગ્યે લેઇને નાપ્યે, બગર વાંકે સુધાજનને શાપ્યે;
લોભ માટે ગરિબોને સંતાપ્યે. શિષ્ય. ૭

જીવતાં જીવને મારતાં કામે, હેતસ્વી જનથકિ વેહેતાં હરાંમે;
નાંખ્યું દેખાડતે લખિને નાંમે. શિષ્ય. ૮
મરતાંનું ધન લેઈ સઘળું ખાતે, કાળજાં બાળતાં કલ્પિત વાતે;
રોકતાં કોય શુભ મારગે જાતે. શિષ્ય. ૯
પચ માહા યજ્ઞ કદીયે ન કરતે, વિપ્ર ન પોખતાં સારે નરતે;
આપનું દાટિને અન્યોનું ચરતે. શિષ્ય. ૧૦
અન્યોને કુટાવ્યે શોક પળાવ્યે, નાપી ને નામુ બલાંત વળાવ્યે;
લેઇને નાશિ જતાં કોયનું ફાવ્યે. શિષ્ય. ૧૧
વગર વિરાગે સ્વજનને તજતે, સંત જાણિને અસંતોને ભજતે;
અન્યાય મારગે દામ અરજતે. શિષ્ય. ૧૨
જીવોનિ વૃત્તિમાં વિઘ્ન કરંતે, નાંમ કોહોનું કહિ આપે હરંતે;
દ્વિષ્ટ બને એહેમાંનું આદરતે. શિષ્ય. ૧૩
ઋણને અધિક ભોગાવે દીષ્ટ, માટે ન આદરવાં એ અનિષ્ટ;
પંચાત્યો મૂકીને સાધવું ઇષ્ટ. સિષ્ય. ૧૪
માટે સુસંગેથિ હરિને સેવો, દામ ન કોયનો રાખવો દેવો;
બોલ કઠીણ નવ્ય કોયને કેહેવો. શિષ્ય. ૧૫
જો ન કરોતો થશે નહિ દ્વિષ્ટ, કૃત્ય સુધાં કરચે થાશો ન કિલષ્ટ;
કૃષ્ણરામને પ્રભુ કરશે ઇષ્ટ. શિષ્ય. ૧૬

કીર્ત્તન ૪૩૨ મું.

શાસ્ત્ર અજાંણ્યેથી ચાલતાંરે, ગુણથી બને છે સ્વભાવ;
તમ રંજ સત્વથી માહાલતાંરે, ઉઠે અનેક ઉઠાવ.
શિષ્ય સમજજે સાંભળીરે. ૧
નજરે પડે પરનારિયોરે, રૂમઝુમ કરતી જાય;
દ્રષ્ટે જોવા તેહને ધરિયોરે, પુરૂષ પ્રયત્નેં ધાય. શિ. ૨
ચાલે તો ચલવી ચાંપતારે, તેથી રમે વ્યભિચ્યાર;
જો ન મળે તો ઝાંપતારે, દિલ વધે દુઃખ અપાર. શિ. ૩
દોલત કોય તણી દેખીનેરે, ઉરમાં ઉપજે અદાપ;
પોતાને મળતું ન પેખિનેરે, સ્યાપ દે કે કરે તાપ. શિ. ૪
પોતે ધની થઇ ધરમનેરે, આદરે નહિ કાંઇ એક;
જો કરેતો કામ્ય કર્મનેરે, મનમાં ધરિ ઘણો ટેક. શિ ૫

અભિમાને આડાં વહેરે, કરતા તીરથ વ્રત જપ;
ધન પુત્રાદિ મળો કહેરે. મન ખરો ધારિ ખપ શિ. ૬
સમ સરિખાં સુખનેરે, જાતાં જાણીને રોય;
જાણે ન ભવ ભય દુ:ખનેરે, શરિરાદિ સાચાં જોય. શિ. ૭
વિપરિત ભાવના આંણતારે, સંતને જાણે અસંત;
મન કલ્પિત મત તાંણતારે, આદરે કંઇના અંત. શિ. ૮
ખાવું ચ્યાહે ખવરાવીનેરે, ખરચે ત્યહાં અધિકો દાંમ;
લોભે નાંખે નવ્હરાવિનેરે, જાણે ન રૂસશે રામ શિ. ૯
સુવર્ણથી શણગારતારે, નારિ નિરયની ગર્ત્ત;
કાંને તેનું કહ્યું ધારતારે, નાચતા નચવ્યા નર્ત્ત. શિ. ૧૦
પુત્રાદિક પરિવારથીરે, તૃપ્તિ ન ધરતા કાંઈ;
અનુદિન એહેના વિચ્ચારથીરે, મળિને રહે તે માંહિ; શિ. ૧૧
એ અરથે ઉપાસનારે, કરિને આપે દાન,
ઉપજે ન હરિની વાસનારે, એહેવું ધરચે અભિમાન. શિ. ૧૨
મરતાં સુધી પણ કોયનીરે, વાસના ન કરે ત્યાગ;
મન જ્યાંહાં વિપત્તિ મોહનીરે, તેમને ન હોચે વિરાગ. શિ. ૧૩
એહેવે સ્વભાવેથી આવરચારે, દ્રોહિ તે પામે દ્રોહ;
સૂત્ર વરણ તે તે ઠરચારે, સ્વધર્મ કીધો વિદ્રોહ. શિ. ૧૪
તેથી બને બહુ વાસનારે, તેથી ધરે બહુ દેહ;
જો કરે કૃષ્ણ ઉપાસનારે, તો શમે સ્વભાવ એહ. શિ ૧૫
જો સમજે સત્સંગથીરે, તો પલટાય સ્વભાવ;
કૃષ્ણરામ રહે રંગથીરે, બેશ્ય બણ્યેથી બણાવ. શિ. ૧૬

કીર્તન ૪૩૩ મું.

શાસ્ત્ર અજાંણ્યે કે જાંણતાંરે, રજ તમથી જયે ઉઠાવ;
અસત સંગે મદ આંણતાંરે, મલિન બને છે સ્વભાવ. શિ. ૧
એથી અત્રચ કર્મ ઉપજેરે, તેહેનો કહું છું પ્રકાર;
નરક ભોગરૂપે ભજેરે, યમરાયનો પડે માર. શિ. ૨
માણુસ મારવાં મરડીનેરે, વટલાવવી વળિ વર્ણ;
દક્ષોનેં દાંતજ ઘરડિનેંરે, ધરિનેં ઘસરડવા ધરણ. શિ. ૩
તપ્ત તવે બેસારવારે, બિન અપરાધે સંત;
વિપ્રોને દેહે દંડ ધરવારે, અકળાવિને અનંત. શિ. ૪

માંસ ભક્ષણ ગો મારીનેરે, જીવતે તળવાં તેલ;
ધન સુતાં લેવાં હારિનેરે, દાખવીને બહુ ફેલ. શિ. ૫
વગુસાડવી પરનારિયોરે, વેગે રમી વ્યભિચાર;
અડકાવી સરવ બારિયોરે, રૂધવા દેહિ અપાર. શિ. ૬
રેત પાવું રામાને મુખેરે, રમવુ રજસ્વલા સંગ;
દેશ નગર વસતાં સુખેરે, કરવાં અચાનક ભંગ, શિ. ૭
સરવસ્વ હરવું શ્રેષ્ટનુરે, ખેતરિ હણવો રાય;
માત પિતા ગુરૂ જેષ્ટનુંરે, અનિષ્ઠ કરવું ચ્યહાય. શિ ૮
કૃષ્ણ કથાને રોકાવવીરે, દેતાં નિવારવા દાન;
સતિયોને શોકાવવીરે, મદિરાનું કરવું પાન. શિ ૯
આગ્ય ઉદ્યોતવી વરિતયેરે, વરણોને પાવું વીષ;
કાષ્ઠ આરોપવું બસ્તીયેરે, મુદ્ગરે ફોડવાં શીશ, શિ. ૧૦
ક્ષુદ્રોની કરવી ઉપાસનારે, દેવોનાં ત્રોડવાં ધાંમ;
વસ્તુની રાખીને વાસનારે, મારગે વેંહવું વાંમ. શિ. ૧૧
બ્રાહ્મણુંને સેવક કરિરે, અઘટિત દેવાં કાર્ય;
પુજ્યોની પૂજા પરહરિરે, આદરવાં જ્યે અનાર્ય. શિ. ૧૨
કામ ક્રોધ લોભે કરીરે, જ્યે જ્યે કરવા અધર્મ;
પ્રાયશ્ચિત અનાદરિરે, સમજવો નહિ કાંઇ મર્મ. શિ. ૧૩
એથી નરક યમ યાતનારે, લક્ષ ચોરાશીના ભોગ;
પાછળ જન્મ કિરાતનારે, અવચ્ય કરમને યોગ. શિ ૧૪
અવચ્ય કરમ નવ્ય કીજીયેરે, વાસના કરીયે વિરામ;
કૃષ્ણચંદ્રથી બીઝીયેરે, કરગરિ કહે કૃષ્ણરામ. શિ. ૧૫

કીર્તન ૪૩૪ મું.

શાસ્ત્ર સમજણયેંથિનેં શુભ સંગેરે, સત્વ રજો વડે કામ્યને રંગેરે;
જે બને સરસ સ્વભાવને અંગેરે.
ધારચ વિચારિને જીજ્ઞાસુ શિષ્યરે. ૧
ઉચ્ચ કરમ બને એહેવે સ્વભાવેરે, પાપ કરમ તણે કરચે પ્રસ્તાવેરે;
ઉત્તમ કર્મ તે સ્વરગ ભોગાવેરે. ધા. ૨
અહંકરતા મન માંનિને કરતેરે, નિજનિજ વરણના ધરમમાં ઠરતેરે;
યજ્ઞ તિરથ વ્રત જપ આદરતેરે. ધા. ૩
નિત્ય ગંગાળુનું પાંનને સ્નાનરે, શય્યા હવેલી ને સ્વર્ણનાં દાનરે;

સન્માંને માંનવા નિત્ય મહાનરે ધા. ૪
વૃદ્ધોની સેવા ને રંકોને મેહેરરે, કરવા ન કોહોના કદાચિત કેહેરરે;
અમૃત વદવું ન રાખવું ઝેહેરરે. ધા. ૫
પરદારા થકે રતિયે ન રમવું રે, વિપ્રોને વૃદ્ધોને આપીને જમવું રે;
પિઠય હિધિ તેહેવા અરિને ન દમવું રે. ધા. ૬
માસે માસે નિજ પત્નિનેં ભજવીરે, દોષ ભારચે વિના દારા ન તજવીરે;
ન્યાયદ્વારા નિત્ય રિદ્ધિ અરજવીરે. ધા. ૭
પોષ્યોને પાળવાં રંકરે, કોયને શિરે નવ્ય કલંકરે;
વિરતિ વિચ્ચારવી દેખીને વંકરે. ધા. ૮
હય ગજ રથ સુખ પાલ્યોને અન્નરે વિપ્રોને આપીને આપવું ધન્નરે;
ગૌ જીવિકા આપી કરવા પ્રસન્નરે. ધા. ૯
અડતાળિ સંસ્કાર અંગે આદરવારે, દેવ પિત્રિ વન્હિ તૃપ્તજ કરવારે;
નિત્ય નૈમિત્તિક ધરમાનુસરવારે. ધા. ૧૦
સંગ અધમના સહુજમાં તજવારે, વિઘ્નોના પંથોને નિત્ય વરજવારે;
સૂતકે સૂતકીના ભોગ ન ભજવારે. ધા. ૧૧
કૂપ વાપીને સરોવર ખણવાંરે, ધર્મશાળાઓ દેવમંદિર ચણવાંરે;
અભિચારાદિ ન કરવાં ન ભણવાંરે. ધા ૧૨
અંગે ન તપ્ત લોહીથી કરે વ્રણુરે, કોયનું ન રાખવું નિજ શિરે ઋણુરે;
ઉચ્ચ કરમ તણાં એહે લક્ષણરે. ધા. ૧૩
ચુક પડયે પ્રાયશ્ચિત વિધાંનરે, એમ કરયે મળે સ્વર્ગનું સ્થાંનરે;
સાધારણે ખંડાતરમાંહાં માંનરે. ધા. ૧૪
સ્વલ્પ સુકૃત થકી દ્વીપાંતરરે, સ્વલ્પ પૂણ્યે પાછો અવતરે નરરે;
કૃષ્ણરામ તો કૃષ્ણનો અનુચરરે. ધા. ૧૫

કીર્તન ૪૩૫ મું.

દેશી ૬૨.

દેવાર્ચન સંધ્યોપાસન ને સ્નાન જો,
પિત્રિ વન્હિ તર્પણ ને નિત્ય દાંનજો;
એ કર્મોનું ધરમ એહ અભિધાંન જો. જી. ૧
ન્યાંત સગા ને પડોશીને ભોજનજો,
નવસોત્તીરણ કરી ખરચવું ધંનજો;
કામ કાજ્ય એ કરમ ધારજ્યે મંનજો. જી. ૨

શેહેર ચોખલું જયમાડવુ ચોરાશી જો,
સગાં ભ્રત્ય આશ્રિત કરવા સુખવાશીજો;
કર્મ કહ્યાં એ યશને અર્થે રાશિ જો. જી. ૩
કૃષિ વ્યાપાર ગુમાસ્તિ ચાકર રેહેવુંજો,
દલાલી, ભિક્ષા, ચિત્ર ભારનું વેહવુ જો;
એહ કરમને અરથને અરથે લેહેવું જો. જી. ૪
અધિક અપાયું પડિયું કે વિસરિયું જો,
એ દ્વારા કોય જને શુભાશુભ કરિયું જો;
અણજાણ્યે તે કર્મ બન્યું એ ઠરીયું જો. જી. ૫
માત પિતા સુત બંધુ ભાઈ ને દારા જો,
મિત્ર સુતા દૌહિત્ર શિષ્ય કરણારા જો;
એહેને કહિયે આપ ધને પરદારા જો જી. ૬
નિજનાં નાંખ્યાં કૃપાદિ કોયને જડિયાં જો,
કોયનું રક્ષણ થયું પરસ્પર લડતાં જો;
સ્નાન વર્જ્યું કોય કાળે તિર્થે પડતાં જો. જી. ૭
કોય ભૂલ્યો મારગ પાંમ્યો નિજ જાતાં જો,
કોય બચ્યો વ્યાઘ્રોથી વદતાં ઘાતાં જો;
કોય નિરોગિ થયો રસનાદિક પાતાં જો. જી. ૮
કોયનું દુઃખ મિટિયું ચર્માદિક લીધે જો,
કોયનું કાર્ય સરયું આહુતિ દીધે જો;
પશુ પક્ષિથી સુકર્મ હોય એમ કીધે જો; જી. ૯
કોયને ધન દેખાડયે ભાવિ કેહેતે જો,
કોયને વશ્ય વર્ત્તિથી સેવા વેહેતે જો;
સ્તુતિ પાઠ કોય દ્વારા મનમાં એહેતે જો. જી. ૧૦
ધુણિ દર્શીને દાંન ભોજન દેવરાવ્યે જો,
આડાં ઉતરી અનિષ્ટને સુચાવ્યે જો;
ભૂત સર્પને સુકરમ હોય એમ ફાવ્યે જો. જી. ૧૧
મર્યાદા લોપંતા મહાજન કેરી જો,
તપને ભંગ કરંતાં કપટે હેરી જો;
દેવ યોનીને કરમ બને છે કેહેરી જો. જી. ૧૨
દોડંતાં કંઈ જીવ બણે છે કિલષ્ટ જો,
ઉતાવળું બોલંતાં ઝબકે શીષ્ટ જો;

માણસને હોય અલદ્યે એમ અનિષ્ટ જો. જી ૧૩
એમ કહ્યાં એ સહુનાં શ્રેષ્ઠાશ્રેષ્ઠ જો.
પિંડિ રચતાં વિધિ લ્યે નેષ્ઠાનેષ્ઠ જો;
કૃષ્ણરામને કૃષ્ણ એક છે પ્રેષ્ટ જો. જી. ૧૪

કીર્તન ૪૩૬ મું.

શાસ્ત્ર તણા સંસ્કાર વિના જ્યે થાય જો,
શાસ્ત્ર લદ્યે પણ કામ્યે જેહ કરાય જો;
તે ત્રિગુણના સ્વભાવથી કેહેવાય જો. જી. ૧
હું કરતા માંન્યેથી નિપજે જ્યેહ જો,
અતિવર વરસાધારણ કનિષ્ટ એહ જો;
પૂણ્યાપૂણ્ય બંને એમ નિઃસંદેહ જો. જી. ૨
સત્વ સ્વભાવે પૂણ્ય બને છે આપ જો,
તમથી પૂણ્ય વિનાનાં એકલાં પાપ જો;
રજથી પૂણ્ય સહિત પાતકનાં માપ જો. જી. ૩
પૂણ્ય રાશીમાં પૂણ્ય સકલને મેલે જો,
પાપ રાશીમાં પાપ સકલને ભેળે જો;
તેથી પિંડી અન્ય રચાય અંત્ય વેળે જો. જી. ૪
પૂણ્ય પાપના ત્રિ ત્રિ કરે વિભાગ જો,
પંનર દશ ને પાંચ એ રીત્યેં લાગ જો;
મહાન મધ્યમ કનિષ્ટ જુદા જાગ્ય જો. જી. ૫
કનિષ્ટ કેરાં ત્રણ્ય ભાગ તે કીધા જો,
ઋણ પ્રારબ્ધ વાસના રૂપે લીધા જો;
બીજે દ્દિષ્ટાગંતુક સ્વભાવ સીધા જો. જી. ૬
પૂણ્ય પાપ વાસના તણાં જ્યે આવ્યે જો,
સમ હોયતો તેથી નરતનુ બનાવ્યે જો:
અધિક પાપથી અન્ય રીતિ ઉપજાવ્યે જો. જી. ૭
પૂણ્ય થકે તે તૃતિયાંશને કાહાડે જો,
બે ભાગોની સાથ્યે અઘ સરખાડે જો;
તેટલા માફક નરતનુને સરજાડે જો. જી. ૮
તૃતિયાંશના સુકૃતનું જ્યે માપ જો.
તેહ થકી જો અષ્ટ ગુણિત હોય પાપ જો;

તે માફક સરજાય ભૂત કે સાપ જો. જી. ૯
પૂણ્ય થકિ જો સત્તર ગણું હોય પાપ જો,
પશુ પક્ષિ તે થકી અવતરે આપ જો;
ઉત્તમ પશુ હોય અધિક પૂણ્ય પરતાપ જો. જી. ૧૦
પૂણ્ય પાપ જો વાધે પિંડી રચતાં જો,
તેહના માટે કાળ કૃત્ય સરજાતાં જો;
સુકૃતિને નોચ્ચે પાપીને તે થાતાં જો. જી. ૧૧
દુકાળ રેલ્ય દટંતર દાવાનળ જો
વિદ્યુત્ પાપ ભુવાથી જાય સકલ જો;
પાપ શેષથી એટલાં ચાલે બલ જો. જી. ૧૨
સદુપાસન સત્કરમોથી અઘ સૂકે જો,
નહિતર ભોગ કરયા બિન એ નવ્ય મૂકે જો;
શેષ પૂણ્યવાળો સત્સંગ ન ચુકે જો. જી. ૧૩
અતિવર પૂણ્ય પાપને રાખે શેષ જો,
એથી ફળ પામે છે ન્યારા એષ જો;
કૃષ્ણરામને રાખે શ્રી રૂષિકેશ જો. જી. ૧૪

કીર્ત્તન ૪૩૭મું.

પૂરણ ત્રિચરણ એક ચરણ બે ચરણ જો,
સત્વ તથા તમથિ હોય પૂણ્યાપૂણ્ય જો;
અતિવર વરને કનિષ્ટ સાધારણ જો. જી. ૧
પૂણ્ય પાપ સમતોલે કરિને ઠીક્જો,
પણ મૂલેથી જોતાં ન્યૂનાધિકજો;
તે માફક નરતનુની બાંધે લીકજો. જી. ૨
એક જન્મ આવ્યો તો પિંડિપારેજો,
બે નરદેહને આદિ અંત વિચ્યારે જો;
આદિ, મધ્ય, અંત, ત્રણ્યોને ધારે જો. જી. ૩
ચ્યાર બંને તો અંતે આપે હોય જો,
પાંચે અંત મધ્યમાં બબ્બે જોય જો;
છ સાત આવ્યે સમને સઘળા હોય જો. જી. ૪
સાત થકી તે અધિકા નોહે અવતાર જો,
તેહને ઓળખવાના કહું પ્રકાર જો;

જેહને ઉપજ્યા નથી શાસ્ત્ર સંસ્કાર જો. જી. ૫
કામ, ક્રોધ ને લોભ. મોહ, મત્સર જો,
ક્લેશ ભ્રમોના ક્રમથી ભાસે ભર જો;
કોય અવતાર હજ્યો કે અથવા નર જો. જી. ૬
જનમ જેટલા તેટલા કામાદિક જો,
ભાસે એકઠા વાધે ન ધરે બીક જો;
સુસંગત સત્કર્મો બિન હોયે અધિક જો. જી ૭
બહુ નારીનો સંગ કહ્યો તે કામ જો,
બહુનું અનિષ્ટ સાધે ક્રોધ હરામ જો;
લોભ હરે બિનધરમે બહુનો દામ જો. જી. ૮
મોહ મનાવે મહારૂં તાહારૂં પર જો,
પર ગુણ સેહેવા દે નહિ તે મત્સર જો;
ક્લેશ કરાવે બહુને સંકટ ભર જો. જી. ૯
ભ્રમથી સવળે અવળું સઘળે ભાસે જો,
પાછલા પોતાના તે એકઠા થાશે જો;
એ ઓળખાણે પ્રથમાદિક ઓળખાશે જો. જી. ૧૦
સંકોચાશે પેહેલાં તે સત્સંગે જો,
વર્ત્તમાનના વશ રહી રમશે રંગે જો;
સંસ્કારેથી કોય અડે નહિ અંગે જો જી. ૧૧
જેટલે ભાગે જયે ગુણ સેવે મંન જો,
તેહેવા ઉપજે આશય તેહેને ભિન્ન જો;
તેહ પ્રમાણે વણ અવતરે જંન જો. જી. ૧૨
કનિષ્ટ સાધારણ પુણ્યોનાં માપ જો,
તેની સાથ્યે વરકે અતિવર પાપ જો;
તેહેને સુખ થોડું ને બહુ સંતાપ જો. જી ૧૩
કનિષ્ટ સાધારણ પાપોને સંગે જો,
વર અતિવર જો પૂણ્ય મળે નિજ રંગે જો;
દુઃખ થોડું ને સુખ બહુ તેહેને અંગે જો. જી. ૧૪
સામ્ય કરમથી કહિ જન્મોની રીતિ જો,
ઋણ પ્રારબ્ધોની પણ એહેવી નીતિ જો;
કેશવ ભાગે કૃષ્ણરામની ભીતિ જો. જી, ૧૫

કીર્તન ૪૩૮ મું.

કારિણિ ધારિણિ હારિણિ આદિજી જો,
તોષણિ પોષણિ શોષણિ એતો બીજી જો;
રમણા ભ્રમણા દમના નામે ત્રીજી જો	જી. ૧
મોહ તણિ એ નવ શક્તિયો વિજાતિ જો,
નરનારી નેં ષંઢ તણિ ઘે ખ્યાતિ જો;
સાંભળ્ય ભિન્ન ભિન્ન કહું તેની ભાતિ જો.	જી. ૨
કારિણિ પુરૂષ પ્રયત્ન અકળમાં દોડે જો,
ધારિણિ તેમ્નિ વાસનાઓ મન જોડે જો;
હારિણિ પરના વ્યાપારાદિક મોડે જો.	જી. ૩
તોષણિ તારૂણિયોનિ તુષ્ટિ કરતિ જો,
પોષણિ અબળાનિ આજ્ઞા અનુસરતિ જો:
શોષણિ સ્રી માટે અન્યાયાદરતી જો.	જી. ૪
રમણાથિ સ્રી કઇક પુરૂષ શું રમતી જો,
ભ્રમણા કાંમણ મોહન માટે ભ્રમતી જો;
દમના તે અરથે કઇ નરને દમતી જો.	જી. ૫
પોત પોતાની ત્રણ્ય ત્રણ્ય આસક્તિ જો,
તેથી ઉત્તમ મધ્યમ કનિષ્ટ વ્યક્તિ જો;
મોહ તણિ એમ કરે નવે તે શક્તિ જો.	જી. ૬
સ્વધર્મ તજી જયે એ આચરણુજ કરશે જો,
તે નર છે પણ નારી થઇ અવતરશે જો;
નારી હશે તે ષંઢ તનુને ધરશે જો.	જી. ૭
પુણ્યાચરણે તનુ તેની બદલાશે જો,
સ્વલ્પાચરણે નિજ રહિ પલટાશે જો;
સત્કરમેંથી ચઢતા ચઢતી થાશે જો.	જી. ૮
વાસનાઓને આસક્તિયો વધારે જો,
નરનેં નારી, સ્રીનેં નર અવતારે જો;
સ્રીનેં ષંઢ, ષંઢને કાંતાકારે જો.	જી. ૯
પુર્વ પિંડિથી સ્વભાવ જયે બંધાય જો,
આ જન્મોના સ્વભાવથી સધાય જો;

અવળે ઉણો સરખે અધિકો થાય જો. જી. ૧૦
આશય દ્વારા વરણ રચી છે ચ્યાર જો.
તેહેના ઉપર સ્વભાવ છે શિરદાર જો;
શ્રેષ્ઠાશ્રેષ્ઠ કનિષ્ઠ તણો કરણાર જો. જી. ૧૧
કિર્ત્તિ તુષ્ટિ ક્ષમા દયા નેં શાંતિ જો,
શ્રદ્ધા રતિ એ સપ્ત જન્મની ભાંતિ જો;
સંસ્કારીનેં એ ચઢતી એકાંતિ જો. જી. ૧૨
અકામ્ય કરમોથી એ ચઢતિ આવે જો,
સ્વભાવ ને આસક્તિનેં બદલાવે જો;
સત્સંગેથી સઘળું સવળું ચ્યાહાવે જો. જી. ૧૩
સંસ્કારેથી સ્વભાવ ને આસક્તિ જો,
મિટે મૂળથી ને હોય ભગવદ્ ભક્તિ જો;
જ્ઞાંન બને ને વાધે અતિ વિરક્તિ જો. જી. ૧૪
એ પરમાણ્યે કહી જન્મોની ખ્યાતિ જો,
સમઝંતાં ઉઘડશે સહુની છાતી જો;
કૃષ્ણરામને કૃષ્ણ કરે નિજ જાતિ જો. જી. ૧૫

કીર્ત્તન ૪૩૯ મું.

મધ્યમ દલથી દિષ્ટાગંતુક સ્વભાવ જો,
તેમના પુણ્યાપુણ્ય તણા જ્યે ઉઠાવ જો;
ઉચ્ચ કરમથી તેમને હોય પ્રસ્તાવ જો. જી. ૧
શાસ્ત્ર સંગ સંસ્કારેથી તે દાઝે જો,
સત્સંગેથી તે બળિયા નવ્ય બાઝે જો;
નહિતર દેહિનેં સુખ દુઃખ દેઇ ગાજે જો. જી. ૨
એટલામાંનું એકે ન બન્યું જ્યાહારે જો,
સંચિત માંહ્યે સંધાશે તે ત્યાહારે જો;
તેને જ્ઞાનાદિક થાયે તે સંહારે જો. જી. ૩
મહાન દલથી સંચિત સઘળાં હોય જો.
જ્ઞાન વિના તેહેનેં નવ્ય બાળે કોય જો;
વિરાગ ભક્તિ થાય તે એહેનેં ધોય જો. જી. ૪
જ્યે પિંડિથી જ્યેહ કરચાં તે જામે જો,
ક્રિયમાણોને લખે વિધાતા નાંમેં જો;

સંચિત રહે ને બીજાં ભોગિ વામે જો. જી. ૫
બ્રહ્માજીને દિવસાંતે શત વરષે જો
ત્રિભુવન ચઉદ ભુવનને ત્યહાં આકારશે જો;
શેષ રહ્યા તે જીવ સૃષ્ટિમાં ફરશે જો. જી. ૬
સંચિત તો છે કઇ કલ્પોનાં ભારે જો,
તેતો નથી છુટતાં કોય પ્રકારે જો;
જ્ઞાન એક બાળી સંચિત સંહારે જો. જી. ૭
શાસ્ત્ર સંસ્કારે ઉદ્યોતે જ્ઞાન જો,
ભક્તિ વિરાગ સહિતાં તેહ મહાન જો;
કૃષ્ણરામ ગોવિંદનું ગાશે ગાંન જો. જી. ૮

કીર્ત્તન ૪૪૦ મું.

ત્રણ્ય કોટિમાં ત્રિત્રિ જયે કહ્યા, સંસ્કાર તેહેનાં કહુ રૂપ; મુમુક્ષુ.
દ્દઢ બુદ્ધિયે કરિને ધારજ્યે, વેદ શાસ્ત્ર પુરાણ શુણિ ગ્રહ્યા,
જ્યે ચિત્તમાં વસે છે ચ્યૂપ. મુ. ૧
પુણ્ય કોટિમાં તિરથ કહ્યું તેહેને, જાણિ કરવાનિ સાંભલ્ય રિતિ. મુ.
જે કૃતાર્થ કરે નિજનિ દેહેને, જયેથિ ભાગે ચોરાશિની ભીતિ મુ. ૨
પેહેલાં શાસ્ત્ર શુણિ સત્પાત્રના, મુખથી લહી તેહનું સાર. મુ.
કથા તીર્થ નાહ્યે દોષ માત્રના, નિઃશેષ બને નિસ્તાર. મુ. ૩
તીર્થ માત્રનાં ત્રિ ત્રિ રૂપ છે, જલ મહિમા ને ત્રીજું દેવ. મુ.
તે તો એક એકથી અનુપ છે, તે તો ત્રણ્યોનિ ત્રિવિધા ટેવ. મુ. ૪
ધુવે અંબુ મલિનતા અંગની, મહિમા તે ધુવે સર્વ પાપ. મુ.
વાસના ધુવે સઘળિ લિંગની, દેવરૂપે પ્રગટ થઈ આપ. મુ. ૫
શાસ્ત્ર સમજે નહિ તે જલ દેખે, તેહેને તીર્થોનિ નહિ મર્યાદ. મુ.
શાસ્ત્ર સમજે તે મહિમાને પેખે, તેહેનો બાધ થયો બકવાદ. મુ. ૬
જેહેનાં પાપ ગયાં તે પ્રગટ જોશે, સર્વ તીર્થોનું દૈવત રૂપ. મુ.
તેહેને સેવ્યાથિ વાસનાને ધોશે, જલ કથા ગુરૂ એ અનૂપ. મુ. ૭
જલ શુદ્ધ થઈ કથા સાંભળે, માને ગુરૂને પ્રત્યક્ષ દેવ. મુ.
તેહેના મનના મનોરથ સર્વ ફળે, કરચે ત્રિવિધ તીર્થનિ સેવ. મુ. ૮
તેહેને અરથે કરે વ્રત સરવદા, કુચ્છિત અન્નોનો ત્યાગ. મુ.
સંગ મૂકે જેથિ હોય આપદા દિલ લાગવા દે નહિ દાગ. મુ. ૯

તેતો આશ્રય ન ચુકે સુસંગનો, એથી અપર ન માને લાભ. મુ.
એતો રોકયો ન રેહે કોય રંગનો, કથા મૂકે ન સૂતે ડાભ. મુ. ૧૦
શુણિ ત્યમનું ત્યમ કિર્ત્તન કરે, મનખાઓ ધરીને ખપ. મુ
સદા ઉરમાં હરે કૃષ્ણ ઉચરે, એતો સંસ્કાર ત્રીજો જપ. મુ. ૧૧
આપ વરણુવ પર નિંદા તજે, ગુણ ગાયે વિષ્ણુના વિચિત્ર. મુ.
ભેદને તજી ભગવંતને ભજે, તેતો પુણ્યેથિ હોય પવિત્ર. મુ. ૧૨
તેહેના અનિષ્ટ નાસે આવતાં, હોય પ્રીતિ પ્રભુનિ પરોક્ષ. મુ.
તેહેને દ્દિષ્ટાંગતુક નાવતાં, તેહેના સ્વભાવનો હોયે મોક્ષ. મુ. ૧૩
સ્વલ્પ આયાસે પ્રારબ્ધ ભોગવે, અલગી ખશી જાયે અનીતિ. મુ
જયગજીવન શું મન યોગવે, કૃષ્ણરામ કરે ત્યહાં પ્રીતિ. મુ. ૧૪

કીર્તન ૪૪૧ મું.

બિજી ભોગકોટિમાં દાનનું, કહુ રૂપ તે સાંભલ્ય કર્ણ. મુ.
પેહેલા સંત તણા સનમાંનનું ટેક મુકી કરે આચર્ણ. મુ. ૧
માહા પુરૂષોને માંનજ દીજીયે, જેહેને ઉદયાં ચક્ષુ અનંત. મુ.
તેહેની પદ રજ મુસ્તકે લિજીયે, શિક્ષા માંનિયે જે કહે સંત મુ. ૨
બીજું અભયદાન સર્વ જીવને, કોયને નવ્ય દિજીયે દંડ. મુ.
કોથી આદરિયે ન અભીવમે, આદરાવિયે નહિ પાખંડ. મુ. ૩
ત્રિજુ વિદ્યાનું દાનજ આપિયે, શ્રવણ પઠન લહિને પાત્ર. મુ.
કોહોને સ્વારથે નવ્ય સંતાપીયે, આત્મ તુલ્ય જોઈ પ્રાણિમાત્ર. મુ ૪
સન્મંત્ર બતાવિયે શીષ્યને, જયેથી હોય પ્રભુજીનિ પ્રીતિ. મુ
ચોથુ ધન દાન દીજે વરીષ્ટને, જેહેનિ નિર્મળ નિરખિયે નીતિ. મુ. ૫
જેહેને આપ્યેથિ તારીને તરે, તેહેવિ ઉપયોગિની દીજે વસ્તો. મુ.
દિધે પંચમે ઔષધ ઉગરે, ઉઠે આમયાવિ જેણે હસ્તો. મુ. ૬
દિજે પંચદાન મહા પાત્રને, ઉરથી કરી અવલોકંન. મુ.
છઠું દાન દિજે રંક માત્રને, જલ વસ્ત્ર છાયાને અન્ન. મુ. ૭
જેહને દીજે ત્યહાં હરિ દેખીને, ષાડ્વધનાં કહ્યાં જયે દાન. મુ.
અહંકર્ત્તા ફ્લાશા ઉવેખીને, ધારે કૃષ્ણ પ્રીતિનું સંધાન. મુ. ૮
હવે યજ્ઞ કહું તે ધારિયે, ઇંદ્રિયાગ્નિમાં વિષયનો હોમ; મુ.
સગ શોષનિ વૃત્તિને વારિયે વાસના નવ્ય કરિયે વિલોમ. મુ. ૯
બાહ્ય અગ્નિમાં સ્વાહા સ્વધાયે કરિ, દેવ પિત્ર્યર્થ અહિંસ યજ્ઞ. મુ.
સર્વ રૂપે સકલમાં જાણિ હરિ, થાવા પ્રિતિ લગાવીયે લગ્ન. મુ ૧૦

ત્રીજો યજ્ઞ એકાદશી વૃત્તને, જાગરણ પુરઃ સર કીજે. મુ.
કીજે નૃત્ય મૂકીને મુમત્તને, કૃષ્ણ કીર્ત્તને વર્તમાન દીજે. મુ. ૧૧
ચોથો યજ્ઞ ચતુરને મળીને, એકાંતમાં થઇ એકત્ર; મુ.
તજી કામ કરમની કેલીને, સુંદર કરિયે બ્રહ્મસત્ર. મુ ૧૨
પંચમ યજ્ઞ બ્રહ્માનલ વીષે, હોમીયે જ્યે ભાસે છે ભેદ મુ.
સ્વજાતીને વિજાતિ સ્વગત દીસે, અનુભવથી કરિયે ઉચ્છેદ મુ. ૧૩
એતો પંચ મહા યજ્ઞ જાણજે, ભાગ્ય કોટીના એ સંસ્કાર. મુ.
અનુભવથી ઉરમાં આણજ્યે, દાન યજ્ઞ છે પંચ પ્રકાર. મુ. ૧૪
એણે સંસ્કારે સુંદરસ્યામનો, જનને ઝટ થાશ્યે યોગ. મુ.
કૃષ્ણચંદ્રજી તે કૃષ્ણરામનો, વેગે મિટાવિ દેશે વિયોગ. મુ. ૧૫

કીર્ત્તન ૪૪૨ મું.

સાંભળ્ય યોગ કહું સ્પષ્ટ, જેના અંગ અનુપમ અષ્ટ;
યમ નિયમાસન પ્રાણાયામ, પ્રત્યાહાર પંચમું નાંમ. ૧
યમ તે વશ કરવા સર્વ અંગ, આયાસે નવ્ય કરવા ભંગ;
એક યોજનથી અધિક ન ફરવું, અન્ને અરધ ઉદરને ભરવું. ૨
મધ્ય નિશાની દશ ઘડી રાત્રી, નિદ્રા કરવી ત્યહાં સુખ દાત્રી;
અત્યાયાસે અનિંદ્ર ભૂખે, રહેતાં અંગ અખિલ તે દુઃખે ૩
નિયમ સેહેતા જલથી નાહાવું, સેવન સદ્ગુરૂજીનું ચ્યાહાવું;
ભૂમિની શય્યાએ સુવું, રામાને સ્મરણે રેત ન સુવું. ૪
આસન નિજનું સુધારવું એલેં, ઉપર દર્ભ મૃગાજીનચૈલેં;
આસન સ્વસ્તિકાસનથી ઠરવાં, સૂધાં કરી પૃષ્ટ ગ્રીવા કરવાં; ૫
પ્રાણાયામ ઇડાથિ પુરક, બાહ્યથી વાયુ આંણવો ઉરક;
કુંભક સુષુમણાયે કરિયે. યથાશક્તિ તે વાયુ ધરિયે. ૬
પિંગળા નાડિયે રેચક કરવો. જ્યમ લીધો ત્યમ વાયુ નિસરવો;
પુરતાં દક્ષિણે મૂકતાં વાંમે, વાયુ વશ હોય પ્રાણાયામે. ૭
પ્રત્યાહાર તે પાછિ વાળે, ઇંદ્રિયોને બહિ જાતાં ખાળે;
ધારણા ધ્યાન ને છેહલેં સમાધિ, કહું તે જ્યમ સકાયે સાધિ. ૮
ધારણા ગુરૂયે કહ્યું જ્યે રૂપ, ચ્યતુર્ભુજાદિક અંગ અનૂપ;
તેતો મનથી વિસરવા ન પાંમે, જઇ નિજ મનડું તેહેમાં જાયે. ૯
ધ્યાન તે મૂર્તિને વારે વારે, પાદાદિ મુખ પર્યંતજ ધારે;
અવયવ અખિલ તણું જે ધ્યાન, તે કરચે મનડું રહે સંસ્થાન ૧૦

સમાધિ તે તદાકાર જ્યે વૃત્તિ, અન્ય વૃત્તિયોની નિર્વૃત્તિ;
એમ કરચે હૃદયે અપરોક્ષ, ભાસે સ્વરૂપ જ્યેહ પરોક્ષ. ૧૧
એ અષ્ટાંગ કહ્યો તે યોગ. જ્યેથી સત્વર ભાગે વિયોગ;
ભાગ્ય કોટિનો એ સંસ્કાર, ત્રીજો યોગ તે અષ્ટ પ્રકાર. ૧૨
હરિ બિન અન્ય વૃત્તિનો વિરામ, હોય તેહેનું યોગજ કહિયે નાંમ;
જો કથા વેદાંત વાક્ય વિચારે, હોય તો આ અષ્ટાંગ ન ધારે. ૧૩
વૃત્તિ રહે સદા કૃષ્ણાકાર, અષ્ટાંગ યોગ તણું એ સાર;
કૃષ્ણ કૃપાથી સહજ એ સાધે, કૃષ્ણને કૃષ્ણરામ આરાધે. ૧૪

કીર્ત્તન ૪૪૩ મું.

ત્રિજી દેવ કોટીના ત્રણ્ય, સંસ્કારોનાં કહું લક્ષણ;
પેહેલા વિરાગનો વિસ્તાર, જેહેના અંગ અનૂપમ ચ્યાર. ૧
વ્યતિરેકને પેહેલો યતમાન, એકેંદ્રય વશિકારાભિધાન;
સદ્ગુરૂથિ શુણિને સર્વ, દેહાદિકના મૂકે ગર્વ. ૨
જોઈ સહુ કાળ તણા મુખમાં, નિત્યે તપતું ત્રિવિધા દુઃખમાં;
માયાનું રચિયું માયીક, અવલોકતાં દીસે અલીક. ૩
જન્મ જરા ભય ને મર્ણ, દુઃખ દોષનાં ચઢતાં ભરણ;
જ્યમ બાજીગરની માયા, વિવિધા જોઈને કંઈક વંચાયા. ૪
એમ આ વસ્તુની કરવી આશ્યા, તે ભ્રાંતિ તૃષ્ણાના તમાશ્યા;
જ્યમ વિકશ્યા ઇંદિવરમાંહિ, બેસે ષટ્પદ તે હોય જાંહિ. ૫
એમ આ વિવિધા માયા વિકાશી, એહેમાં લોભાયો તેહેને ફાંશી;
માટે યત્ને રહે સાવધાન, પેહલો વિરાગ તે યતમાન. ૬
એહેમાંનું જ્યે સ્વલ્પ અપાર, જેહેનો ન્યૂનાધીક હોય ભાર;
જ્યેમાં ઝાઝો નાહ્યો અધર્મ, તેહેને સેવે ધરતો શરમ. ૭
જેણે અધર્મ અધીકો થાયે, તેને ન સેવે ન ચિત્તે ચ્યાહે;
દેહારબ્ધ ઋણોને ભોગે, માટે સ્વલ્પને રહે સ્રયોગે. ૮
દિષ્ટાગંતુક અને સ્વભાવ, એ આદરતાં હોય પ્રસ્તાવ;
સેવે તેહેનો પણ નહી ટેક, બીજો વિરાગ એ વ્યતિરેક. ૯
ઇંદ્રિયોના જ્યે જુદા રસ, વિષય સેવાના ચતુર્દશ;
સેવ્યે ઇંદ્રિયો પામે બિગાડ, જાંણી કરે અકેકે આડચ. ૧૦
એકેકાના રસને મૂકે, તેહેના ઉપર પાછો ન ઢુકે;
એક તજીને તજે વળી બીજો, વિરાગ એકેંદ્રિય તે ત્રીજો. ૧૧

શુષ્ક થયું પ્રારબ્ધજ જાંણે, સર્વ વિષયની ગ્લાંનિ આંણે;
જ્યમ વાંતીનું અશન ન ભાવે, એમ વિષયોની વિરતિ આવે. ૧૨
આબ્રહ્માદિ સ્તૃણ પરયંત, સહુનો કાળ કરે છે અંત;
એહેમાં વાસના જેહેને રેહે છે, તે વિષયોથી સંકટ વેહે છે. ૧૩
કાક વિષ્ટાના સરખા ભોગ, વાહાલા હોયે તોહ્યે પાંમે વિયોગ;
એથી અનંત દુઃખ ભોગાયા, સદ્‌ગુરૂથી એ સહુ સમઝાયા. ૧૪
વિષય માત્રનું હોય અવમાંન, ચોથો એ વશિકારાભિધાંન;
પેહેલો વિરાગ એ સંસ્કાર, કૃષ્ણરામ કહે ચ્યાર પ્રકાર. ૧૫

કીર્તન ૪૪૪ મું.

સદય કહે શુણ્ય જીજ્ઞાસુ, એહેવે વિરાગે ખસે આસક્તિરે;
તેહેને બીજો સંસ્કાર તે, ઉર ઉપજે નવધા ભક્તિરે. ૧
વિષ્ણુનું શ્રવણ ને કીર્ત્તન, સ્મરણ પદાંબુજનું સેવન;
અર્ચન વંદન દાસ્યતા, સખ્ય ને નવમું આત્મ નિવેદન. ૨
કરણ નયનને મન તણું, એકત્ર રાખીને સંધાંનરે;
જ્ઞાની ગુરૂજીના મુખ થકી, કરિયે કથામૃતનું પાંનરે. ૩
અન્ય ચિંતન ઉરે નાંણવું, બાહ્ય પદારથને ન ભજવાંરે;
શાઠ્યતા વિસ્મૃતિ નિદ્રા એ, પાંચે રજોતમનાં તજવાંરે. ૪
શાસ્ત્રોનું સાર ઉતારવું, નિઃસંશય નિજના મનમાંરે;
એતો શ્રવણ કહ્યું એહેને, ત્યમનું ત્યમ ગાવું કીર્ત્તનમાંરે. ૫
વાનંતિ ભાષા પ્રબંધની, સ્વર રસ તાલને મેલિરે;
લાલિત્ય છંદ ને શૃંખલા, અર્થે અનુભવને ભેલિરે. ૬
નિકૃષ્ટ નગ્ન વચન તજી, વિપ્રિય પદ વિપરીત ન ધરિયે;
અવધાન પૂર્વા પર તણું, જ્યમ જ્યેહેનું તે ત્યમ અનુસરિયેરે. ૭
જન્મ કરમ ગુણ રૂપનું, નામનું કીર્ત્તન કીજેરે;
લીલા પ્રયોજન પ્રાર્થના, ત્યહાં તેહેવાં સંબોધન દીજેરે ૮
ઉપદેશ ઉદ્દેશ મનનને, રૂપકાલંકાર ગાઇયેરે;
સંરંભ પ્રેમથી વક્તૃતા, ગાઇને પ્રીતિથિ અન્ય ન ચ્યાહિયેરે. ૯
ઇશનિ ઇશતા ગાઇને, જીવની દાસ્યતા જણવિયેરે;
શાસ્ત્રની સંમતિ દેઇને, નીજ કલ્પિતના મતને ન કવિયેરે. ૧૦
કીર્ત્તન એ કહ્યું સ્મરણની, રીતિ કહું તે મનમાં ધારયરે;

બેસતાં ઉઠતાં હીંડંતાં, કૃત્ય સરવમાં કૃષ્ણ સંભારયરે. ૧૧
ક્ષણ હરિ સ્મરણ જો વીસરે, એથી ન હાનિયો બીજી મોહોટીરે;
જીવે હરિને વિસારતાં, કઇ કલ્પોમાં ધરયા તનું કોટીરે. ૧૨
ચરણ સેવન ગુરૂ રાયનું, પ્રભુ પ્રત્યક્ષ લહી કરવુંરે;
હરિયે તે હરિ ઓળખાવિયા, હરિજનને એમ મનમાં ધરવુંરે. ૧૩
સર્વ શુભાશુભ જયે થયું, ગુરૂને નિવેદન કીજેરે;
અનુકુલ વસ્તુઓ અરપીને, પદ રજને શિરસા લીજેરે. ૧૪
આજ્ઞાઓ નવ્ય ઉલ્લંઘિયે, વચન ચઢાવીયે શીશરે;
સદ્‌ગુરૂને નવ્ય નિંદિયે, કઠિણ કહ્યે નવ્ય ધરિયે રીશરે. ૧૫
અપાર મહિમા ગુરૂજીનો, શરણ રહ્યેથી તે સમજાશેરે;
હરિ ચરણાંબુજ સેવન, કૃષ્ણરામ એ રીત્યે સધાશેરે. ૧૬

કીર્તન ૪૪૫ મું.

અર્ચન પ્રત્યમાને વિષે, સર્વેશ્વરજીનું કરીયેરે;
નિંદા ન કરિયે અવરની, દોષ ન કોયનો આદરિયેરે. ૧
અવમાંન કીજે ન સંતનું, મોહોટાઈ ધરિયે નહિ મનમાંરે;
દંભ મુકી પ્રભુ પૂજીયે, રંક થઇ રહીયે જનમાંરે. ૨
સ્તોત્ર પાઠ અને મંત્રથી, વિધિયે કરીયે સર્વોપચારરે;
અંબરાકલ્પ ધરાવિયે, ઉચ્છવ કરીયે સર્વ પ્રકારરે. ૩
ઇશ્વિર જનને અર્પિને, પ્રસાદ પાછળથી લીજેરે;
યથાશક્તિ સામગ્રિયો, નિત્ય સુપાત્રને દીજેરે. ૪
અર્ચન એ કહ્યું વદન, સર્વ જીવોમાં હરિને જોઇરે;
નમિયે વાગ્મન કાયથી, ઇર્ષા મોત્સ્યમને ખોઇરે. ૫
કોયનું દમન ન કિજીયે, સર્વનું શ્રેય થવું ચ્યાહિયેરે;
મમતા અહંતાને તજી, કોહોના દોષ કલંક ન ગાઇયેરે. ૬
વંદન એ કહ્યું દાસ્યતા, કૃત્ય સમર્પણ કરવાંરે;
હું કરૂં મેંહે કરયું મજ વડે, એ અભિમાંનોને ન ધરવાંરે. ૭
દાસ હું હરિને આશરે, જયમ માહારિ બુદ્ધિને પ્રેરિરે;
એથિ હું કૃત્ય કરી શકયો, જયમ કરે સિંધુથી લેહેરિરે. ૮
મજને ન તૃષ્ણા ફળ તણિ, કૃત્ય હજો જેહેનું તેહેનેરે;
પ્રીતિ ઇચ્છે પ્રભુરાયની, દાસ્યતા તે કહિયે એનેરે. ૯
સખ્યતા વિશ્વાસ વિષ્ણુનો, જયે મુંને રૂડું તે એ કરશેરે;

માફ કરી અપરાધને, સન્મિત્રના સરખું આદરશેરે. ૧૦
આત્મ નિવેદન સર્વથા, વિક્રીત ગૌ સરખું રેહેવુંરે;
શરણુવત્સલ શ્રીનાથને, શાંને પડે કાંઈ કેહેવુંરે. ૧૧
હું હરિનો હરિ માહારાં, એ વિના અન્ય ન કાંઈ માગેરે;
અંતરાય સર્વ સિદ્ધિને, માંનિને સર્વાભિલાષા ત્યાગેરે. ૧૨
એ નવધા ભક્તિ કહી, સહુ સંસ્કારોથી શ્રેષ્ટ;
એથી પ્રભુ વશ હોય છે, પ્રેમી જનોનો જયે પ્રેષ્ટરે. ૧૩
બીજો કહ્યો દૈવ કોટિનો, એ ભક્તિરૂપી સંસ્કારરે;
નવ માત્ર શુદ્ધ એ નિત્ય નવો, નવ નવા જયેહેના પ્રકારરે. ૧૪
ઇંદ્રિયો સરવ તે ઇશને, જયે કરચે અર્પણ થાયરે;
કૃષ્ણરામને કૃપા કરી, એ પ્રસાદ આપો યદુરાયરે. ૧૫

કીર્તન ૪૪૬ મું.

દૈવ કોટીનો ત્રીજો તે, જ્ઞાનરૂપી સંસ્કાર; સાંભળ્ય જીજ્ઞાસુ.
સપ્ત ભૂમિકા જયેહની, એક એકથી ઉદાર. સાં ૧
નાંમે શુભેચ્છા વિચારણા, તનુ માનસા તૃતીય; સાં.
જાગૃદવસ્થા એ ત્રણ્યે, સાધનરૂપા સ્વકીય. સાં. ૨
સત્વાપત્તિ ચ્યારમી, સ્વપ્નાવસ્થા એહ; સાં.
ફલરૂપા એહેને કહિયે, સમજયે નિઃસંદેહ. સાં. ૩
અસંસક્તિ ને પદાર્થા, ભાવિનિએ સુષુપ્તિ; સાં.
નિર્વિકલ્પિકા રૂપિણી, સુષુપ્તિ ગાઢ સુષુપ્તિ. સાં. ૪
સપ્તમી નાંમે તૂર્યગા, બાધીત વૃત્તિ રૂપ; સાં.
તૂર્યાવસ્થા એ કહીયે, અખિલ થકે એ અનૂપ. સાં. ૫
નામ અવસ્થા રૂપથી, કહી ભૂમીકા સાત; સાં.
જયમ સમજાયે ત્યમ કહું, સ્વરૂપની વિખ્યાત. સાં. ૬
કાલ માયા ને જીવેશ્વર, બ્રહ્મ નિત્ય એ પાંચ; સાં
અનિત્ય એથી અન્ય સહુ, જયેહેને લાગે આંચ. સાં. ૭
નિત્યાનિત્ય વિવેક એ, બીજો કહું વૈરાગ; સાં.
ઇહા મૂત્ર ભોગાશાનો, અનિત્ય માટે ત્યાગ. સાં. ૮
શમતે શાંતિ ચિત્તને, ક્રોધાદીનો વિરામ; સાં.
સ્વાધીન ઇંદ્રિ દશ રહે, દમતે તેહેનું નાંમ. સાં. ૯

એ સાધન ચ્યારે બને, મોક્ષાર્થે સંદેહ; સાં.
જ્ઞાન તણી નિજ ભૂમિકા, પેહેલી શુભેચ્છા એહ. સાં. ૧૦
સદ્ગુરૂને તે શરણુ થઈ, પુછે પછી વિચાર; સાં.
નિત્ય એક હોય સર્વદા, તે કાં પંચ પ્રકાર. સાં. ૧૧
મોક્ષ હોય કુણુ સાધને, તેહેનો કહો વિવેક; સાં.
સદ્ગુરૂ કહે તું માનજ્યે, નિત્ય પંચ એ એક. સાં. ૧૨
અનાદિ નિર્ગુણ બ્રહ્મ તે, સ્વ પ્રકાશ જ્યે જ્યોતી; સાં.
તેમની ઇચ્છા શક્તિ તે, કાલશક્તિ એ ઘોતી. સાં. ૧૩
તે ઇચ્છિામાં નિર્ગુણ તે, ભાષા પુરૂષોત્તમ; સાં.
ચૈતન ભ્રૂભંગે વશી, કાલશક્તિ તે રમ્ય. સાં. ૧૪
તે ઇચ્છિા અરધાંગના, તેહેની શક્તિ સચીવ; સાં.
તેહેની મલીન અવિદ્યામાં, કાલ એ ભાસ્યો જીવ. સાં. ૧૫
ઉજ્વલ વિદ્યામાં દિસે, પરમાત્મા એ કાલ; સાં.
જીવ ધરે જ્યે વાસના, તે માયાની જાળ. સાં. ૧૬
જ્ઞાન વડે એ વાસના, જીવ કરે જો ત્યાગ; સાં.
તો સઘળું એ એક છે, પંચ ન ભાસે ભાગ. સાં. ૧૭
શિષ્યે ગુરૂથી એમ શુણી, મનન વિચ્ચારચું મંન; સાં.
સમજ્યો એહ વિચારણા, બીજી ભૂમિકા ભિન્ન. સાં. ૧૮
અભેદ ભાસ્યો પંચનો, છુટ્યા મનના વેહેમ; સાં.
કૃષ્ણરામ એ સાધશે, કરચે કૃષ્ણથી પ્રેમ. સાં. ૧૯

કીર્ત્તન ૪૪૭ મું.

શુણ્યું તે સકલ:પ્રમાણથી, કરિને નિદિધ્યાસ; સાં.
દૃઢ કર્યું તે ત્યંમનું ત્યંમ, જોઇને સરવા વાસ. સાં. ૧
નેહ નાનાસ્તિ કિંચન, એતો શ્રુતિ પ્રમાણ; સાં.
ભિન્ન હોય તો જ્ઞાનિ કયંમ, સહુનો થાય છે જાંણ. સાં. ૨
મિટચે વાસના દ્વૈતતા, એહેની મેળ્યે જાય; સાં.
પ્રતિબિંબ નવ્ય ભાસે બહુ, જળ જ્યાહારે સૂકાય. સાં. ૩
અનુમાન દ્રષ્ટાંતે, કરિને સમજે વેદ; સાં.
લૌકીકમાં પણુ જન બોલે, આપે સકલ અભેદ. સાં. ૪
કમાડ ઠોકચે કુણુ એ, પૂછચે કહે નહિ કોય; સાં.
એ હું ઉઘાડો સહુચે, કહે છે અભેદ જોય. સાં. ૫

કોય નહિ તે અન્ય નહિ, એ હું સઘળે એક; સાં.
ઉઘાડો આવર્ણ વિના, એ પ્રત્યક્ષ વિવેક સાં ૬
સગે ઓ માહારા કાકા ભાઈ, તે બિન એકલો ઓય; સાં.
હરિ ઓહિરે ઓહિ એમ. અભેદ કહિ સહુ રોય. સાં. ૭
એહ શમશ્યાઓ વર્ણે, વિંજન હોયે સ્વરીત; સાં.
એમ ચૈતનથી જુદા જડ, ભાસે સત શોભીત. સાં. ૮
અનામ ઓવરણે જાણ્યું, હરિ વોહિ એ નામ: સાં.
જ્યે[redacted] મરચો તેહેને કહે છે. રામ બોલોને રામ. સાં. ૯
સાવધાન કહે પરણતાં, કાં તુ થાય આધીન; સાં.
હાથ પહો તું લ્યે છઈયા માણ્યક થશે મલીન. સાં. ૧૦
એ પ્રત્યક્ષ પ્રમાણથી, આશા લહી વિડંબ; સાં.
એમ તૃતીયા તનુ માનસા, નો હોય ઉર અવલંબ. સાં. ૧૧
આપે ભાસે જ્યક્ત અને, અનુભવનું ઓળખાણ; સાં.
ત્રય એ સાધન ભૂમિકા, જાગ્રદવસ્થા જાણ્ય. સાં. ૧૨
પુરૂશોત્તમ પરમાત્મા, કાલ અને ઇચ્છાય: સાં.
સગુણ છતાં પણ વિકાર બિન, નિયંતૃ છે એ સદાય. સાં. ૧૩
નિર્ગુણ સાથે અભેદતા, એમ નિભાસે નિત્ય; સાં.
અસંભવના એમ લહ્યે, ગઇ ઘઇ પ્રભુની પ્રીત્ય. સાં. ૧૪
મહાકાશ ત્યમ. બ્રહ્મ લહ્યું, નિરૂપાધિક નીર્ગુણ; સાં.
સરો વિયત ત્યમ સોપાધીક, ઇશ અન્ય એ કુણ. સાં. ૧૫
જલમાં વૃશિયું ખં માટે, જલના જેવું જણાય; સાં.
રેલાય નહી ને કોહ્ય નહી, અભેદ એ ઓળખાય. સાં. ૧૬
જલમાં પ્રતિબિંબે દીસે, વ્યાપક વિયત વિમલ; સાં.
એમ એ ઇશ્વર નિર્મળ છે, દીવ્યોપાધી અકલ. સાં. ૧૭
અભેદ એમ નિત્યે ચિંત્યે, સત્વાપત્તિ હોય; સાં.
ફલરૂપા સ્વભાવસ્થા, જક્તને જુદું જોય. સાં. ૧૮
જુદું જગત સ્વપન સરખું, આપે હોય એમ સ્મર્ણ; સાં.
કૃષ્ણરામ એ સધાયજો, સેવે હરિના ચર્ણ. સાં. ૧૯

કીર્તન ૪૪૮ મું.

ચતુર્થ એ ભૂમિકાવડે, જ્ઞાન બને તે પરોક્ષ; સાં.
યોગી તે હોય બ્રહ્મવિત, દેહાન્તે હોય મોક્ષ. સાં. ૧

એ યોગી એમ થઇ ધ્યાતા, ધ્યાને ચિંત્યે ધ્યેય; સાં.
સવિકલ્પક તે સમાધિથી સાધંતા હોયે શ્રેય. સાં. ૨
આવે અષ્ટો સિદ્ધિયો તેથિ ન કરે ન્યેહ; સાં.
નિર્વિકલ્પિકા હોય તેણે, અસંસક્તિ તે એક. સાં. ૩
સુષુપ્ત્યવસ્થા એ કહિયે, આપે હોય વ્યુત્થાન; સાં.
સિદ્ધિ સઘળી જાણે પણ, તેહેનું ન કરે માન. સાં. ૪
બ્રહ્મ વિદાવર તે યોગી, જ્ઞાન બને અપરોક્ષ; સાં.
સ્પુરે સકલ એહેને હૃદયે, હોય જીવંતા મોક્ષ. સાં. ૫
પંચમ કહિ એ ભૂમિકા, છઠ્ઠીનિ કહું રીતિ; સાં.
અભેદ ચિંતન એમ કરતા, સ્વરૂપની હોય પ્રીતિ. સાં. ૬
ઘણાકાલ છુટે નહિ, આપે એક સમાધિ; સાં.
તદાકાર હોય ભાવના, અળગી ખસે ઉપાધી. સાં. ૭
તેહ પદાર્થાભાવિનિ, છઠિ ભૂમિકા જાણ્ય; સાં.
કાલ કર્મને વાસના, તેહેનિ નહિ જ્યહાં તાણ્ય. સાં. ૮
પરને યત્ને તે યોગી, હોય કદિ વ્યુત્થાન; સાં.
આઢ સુષુપ્ત્યાવસ્થાયે, સબ્રહ્મ વિદ્વરિયાન. સાં. ૯
નિર્વિકલ્પિકા રૂપિણિ, પણિ તે હોય એમ; સાં.
સાતમી એ સોહંભાવે, અનન્ય ચિંતન પ્રેમ. સાં. ૧૦
ચિર સમાધિથિ જ્યેહને, કોયથિ નોહ્યે વ્યુત્થાન. સાં.
અભેદ દર્શન સર્વથા સ્વરૂપનૂં સંધાન. સાં. ૧૧
વિશ્વ દેહની વિસ્મૃતિ. હોયે પરિપૂર્ણાનંદ; સાં.
એહેને વશ હોય વિશ્વસ્વર. નમ્યે પાગ્ય સુરવૃંદ. સાં. ૧૨
નિજ પ્રયત્ન પાખે યોગી. ઈશ પ્રેરિયો જાય;
પ્રારબ્ધોને એમ ભોગે. જીવન્મુક્ત જણાય. સાં. ૧૩
એહેનો બિગાડ નોહ્યે કોથી, એહેને સહુ આધીન. સાં.
સહુ ભૂતોનો એ આત્મા, ઉપાધ્યવસ્થાહીન. સાં. ૧૪
સપ્તમ ભૂમિ તુર્યગા, તુર્યાવસ્થા એહ. સાં.
બાધિત વૃત્તિ રૂપિણિ, સમજ્યે નિઃસંદેહ. સાં. ૧૫
પૂરણ સપ્તમ ભૂમિયે, સબ્રહ્મ વિદાં વરીષ્ટ; સાં.
એહેની સેવા નિંદાથી, ઉપજે ઇષ્ટાનિષ્ટ. સાં. ૧૬
પંચમ આદિ ભૂમિયે, વિકલ્પનો હોયે છેદ; સાં.

જીવન મુક્તિના ત્રયથિ, કહ્યાં અવાંતર ભેદ સાં. ૧૭
દૈવ કોટિના એ ત્રયે, વિરાગ ભક્તિ જ્ઞાન; સાં.
સંક્ષેપ સંસ્કારોનાં, કહ્યાં રૂપ અભિધાન. સાં. ૧૮
સંચિત સકલ બને પછી, શુદ્ધ બને ક્રિયમાણ; સાં.
પ્રારબ્ધોને ભોગીને, અંતે હોય કલ્યાણ. સાં. ૧૯
સમૂળ સૂકે વાસના, ખસે ત્રિગુણના ટેક; સાં.
કૃષ્ણરામને કૃષ્ણનો, જબર ભરૂંસો એક. સાં. ૨૦

કીર્તન ૪૪૯ મું.

નારાયણ મહારાજનું ભવિષ્ય વર્ણન.

વરઘોડે ચઢશે ભાઇ નારાયણ,
પછી કરશે શ્રીભાગવતનું પારાયણ;
વેગે પ્રથમતો લગ્ન કરવા જાશે,
પછી પ્રેમેથી પુરૂષોત્તમના ગુણગાશે. ૧
આ અવતાર પામ્યા જ્યેને અર્થે કરી,
તે છે નારાયણ હૃદયે વાહાલા;
એક હરિ કિંચિત પ્રારબ્ધ ઋણ ભોગવવા,
પેહેલા બ્રહ્મચારિ એ ઉપકુર્વાણ હવા. ૨
માટે સત્સંગતિ આદિ હરિયે આપી,
વૃત્તિ ઉદયિ તેથી પ્રિયંકર પ્રીતિ વ્યાપી;
તેથી ઋષિકેશ્વર રતિ ઉપજશે,
ભાવે નારાયણને એ નારાયણ ભજશે. ૩
કૃષ્ણ કીર્તિયો મળતાં કૃષ્ણ સુતુષ્ટ હશે,
કોટિ કલિમલહારિણિ તે ભક્તિ થશે;
મનો જાશે ન વિષયને વેગે વહ્યું,
નારાયણનું ધાર્યું તે નારાયણને કહ્યું. ૪
આપે કૃષ્ણ બિરૂદ કૃષ્ણ સાચવશે,
નારાયણ તેણે શ્રી નારાયણને કવશે;
વચન સિદ્ધિ થશે નારાયણને કોલે;
કૃષ્ણરામ તો કૃષ્ણ કૃપાથી એ બોલે ૫

આરતિઓ.

(૧)

જય કરૂણા કર કેશવ, સવિતાન્વય ભાનું; (૨)
દોષા ચરવન દાહક, જયમ કુપિત ÷કૃશાનું.
જયદેવ જયદેવ. ધ્રુ. ૧

જેથી રાવણ *સાનુજ, ઇંદ્રજીત આદિ; (૨)
મૃધમાહા તિર્થે પાંમ્યા, નિજ પદવિ પ્રસાદિ. જય. ૨
અપિ હતી જયે +અવનીજા, કૃપાનુથી કાહાડી; (૨)
જેની યુગલ જોડીને, દાસ જુવે દાહાડી. જય. ૩
ભૂભાર આપે ઉતાર્યો, ધર્મ પ્રગટ કીધા; (૨)
×હરિપતી મીત્ર થઇને, †હરીને યશ દીધા. જય. ૪
મમ હૃદયાબ્જ ઉઘડવા, એહેવા ઉદય હજ્યો; (૨)
કૃષ્ણરામ કિંકરને, સદ્ય સુતુષ્ટ થજ્યો. જય. ૫

વી. ૨૨ પા. ૨૧

(૨)

જય ગીતે, જય ગીતે, જય ભગવદ્ગીને; (૨)
કુંતિસુત પ્રતિ હરિણા, યા નિજ મુખ કથિતે. જ૦ ૧
સર્વોપનિષદ્ દોહન, પરમામૃત રૂપા: (૨)
ભવ ભય હારિણી, તારિણી, અદ્વિતિયાનૂપા. જ૦ ૨
મુક્ત મુમુક્ષુ વિષયી, ત્વમખિલજનવંદે;‡
કાંડ ત્રયમયી વિમલે, અંતર્મલ ॥ભિંદે. જ૦ ૩
પુનરાવૃત્તિ વારિણિ શ્રવણ માત્ર સુખદા;
?બાધરાયણ ગ્રથિતા, સત્ય સ્વરૂપ સદા. જ૦ ૪
ઇતિ નિરાજંન ગીતં, *અહમમનિંગત્વા; (૨)
નિવેદયે તવ પ્રીત, કૃષ્ણરામન ત્વા. જ૦ ૫

વી. ૭ પા. ૨૦

÷ અગ્નિ. * નાનાભાઇ સાથે. + સીતાજી. × સુગ્રીવ. † વાનરો. ‡ સર્વને નમવા યોગ્ય. ॥ નાશ કરનારી. ? વ્યાસજી. * હું નીચે પડી નમન કરીને

(૩)

જય કલ્યાંણી તારિણી, વારિણી ભવ ભયની મા; (૨)
વ્યક્તિ જણાવ્ય વરા તૂં, શ્રી સદ્ય હૃદયની
જય દેવી જય દેવી ૧
અઘોધકંતની સંતની, અનુભૂતી ભક્તિમા; (૨)
વિરક્તિ વૈરાગીની, સર્વ તણી શક્તિ. જય. ૨
સંકટ શમની દમની, દુષ્ટ દનુજ કેરી મા; (૨)
વૈષ્ણવાંણિ તૂ વિમલે, માધવની મેહેરી. જય. ૩
તું ગાયત્રી ધરિત્રિ, ક્ષમા દયા શાંતિ મા; (૨)
ચિત્સ્છક્તિ તુજ ભાને, અર્કાદ્યનુ ભાંતિ. જય. ૪
પ્રણત પાલિની શાલિની, અભિનવ ફલદાત્રી મા; (૨)
પુરૂષોત્તમ પટરાણી, ધી હ્રી શ્રી ધાત્રી. જય. ૫
કરૂણા કરચ તું કમલે, અંતરાધી શમવા મા; (૨)
કૃષ્ણરામને શિખાવ્ય, કૃષ્ણ પદે રમવા. જય. ૬
વી. ૨૨ પા. ૨૩

(૪)

જય ત્રિભુવન સ્વામી, જય ત્રિભુવન સ્વામી;
આરતિ કરૂં કૃપાલો, સન્મુખ શિરનાંમી. જ૦ ૧
પ્રસન્ન મુખ શશિ શેખર, ગંગ જટાધારી; (૨)
રવિ શશિ વન્હિ સદશ, લોચન ત્રય ભારી. જ૦ ૨
કર્ણં મણિ રૂદ્રાક્ષ, કંઠે રુંઢ માલા; (૨)
સર્વાંગે અભિશોભિત, હિમાચલ બાલા. જ૦ ૩
નીલ ગ્રીવ સદાશિવ, વાસુકિ ઉપવીત; (૨)
સદય હૃદય અતિ કોમલ, સગુણ ગુણાતીત. જ૦ ૪
પંચાનન દશભુજ શુભ, કક્ષે વિભુતિ ગોળા; (૨)
પ્રિયકર વિજયા વલ્લિ, શિવશંકર ભોળા. જ૦ ૫
પાશાંકુશ શુલ ડમરૂ, વજ્ર પરશુ હસ્ત; (૨)
પિનાક ભિંદી તોમર, મુદ્ગર મદમસ્ત. જ૦ ૬
કામાંતક અંધકાંતક, દક્ષાદ્ધર હારી; (૨)
પુષ્પદંત ભિદ શંભો, તારક ત્રિપુરારી. જ૦ ૭
મહા શ્મશાંને ક્રીડા, ભૂત પ્રેત સંગ; (૨)
નૃત્યતિ રુચિર મનોહર, નિત્ય નાના રંગ. જ૦ ૮

તતથેઇ તાંડવ ગીત, સ્વર વીણા તાલ: (૨)
વાજે મૃદંગ ઝલ્લરી, શ્રૃંગી કંસાલ. જ૦ ૯
યક્ષોરગ ગણુ રાક્ષસ, નર દાનવ દેવ; (૨)
મુનિ વિદ્યાધર પ્રભૃતિ, નિત્ય કરે સેવ. જ૦ ૧૦
વિશ્વરૂપ વિશ્વંભર, અજ અખિલાધાર; (૨)
કૃષ્ણરામ કિંકરની, શીઘ્ર કરો સાર. જ૦ ૧૧
વી૦ ૭ પા૦ ૧૮

(૫)

જય ગુરૂરાય કૃપાકર, જય જય શુક સ્વામી; (૨)
જેને પ્રતાપે કઈ જંન, ઉદ્ધરિયા કામી. જ૦ ૧
જન્મ પ્રભૃતિ યોગી, ષડૈશ્વર્ય યુક્ત; (૨)
અભેદદર્શિ શશ્વત્, જે જીવન મુક્ત. જ૦ ૨
કરૂણા કરીને કીધું, પરિક્ષિતનું કાંમ; (૨)
સપ્ત દીવસ સાંભળતાં, પાંમ્યા નિજ ધાંમ. જ૦ ૩
કલિન જનને તરવા, દાખવિયું નાવ; (૨)
વચન પ્રતીતિ કરતાં, હોય બ્રહ્મ ભાવ. જ૦ ૪
કૃષ્ણ પુત્ર ધરિ નામ, કૃષ્ણે કૃષ્ણ ગાયા: (૨)
કૃષ્ણરામ જયમ છુટે, કૃષ્ણ તણી માયા. જ૦ ૫
વી૦ ૭ પા૦ ૧૯

(૬)

જય ભગવન્નારાયણ, મુખનિઃસ્રૃત વાણી; (૨)
અંતર્દષ્ટિ ધ્યાંને, સ્વયંભુયે જાણી. જ૦ ૧
વિધિમુખથી વીસ્તરતાં, નારદજી પામ્યા; (૨)
તેથી વ્યાસજ શુણતાં, ચિત્ત ચિંતા વાંમ્યા. જ૦ ૨
તે ભણિયા શુકદેવ, પૂર્ણ ધરી પ્રીતિ; (૨)
તેથી શુણતાં પરિક્ષિત, છુટ્યા ભવ ભીતિ. જ૦ ૩
સંગે શુણતાં સૂત, કૃપા થકે સમજ્યા; (૨)
સત્રી શુણતાં તેમ્ણે, તરત વિકાર તજ્યા. જ૦ ૪
તે આ ભાગવત સેહેજે, સહુ જનને મળિયું; (૨)
કૃષ્ણરામનું મનડું, કૃષ્ણ વિષે વળિયુ. જ૦ ૫
વી. ૭ પા. ૨૦

॥ समाप्तोयं ग्रन्थः ॥

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૪	૨૨	વ ન	વન.
૬	૨૧	ચટ	ચટ્ટ.
૧૮	૬	તહુરાની	તાહુરાની.
૧૮	૨૯	ખેયું	ખોયું.
૨૦	૮	શારૂ	સારૂં.
૨૨	૨	અહિત	અર્હિત.
૨૭	૧	માયુ	માન્યું.
૪૯	૧૫	ગેવિંદજી	ગોવિંદજી.
૪૯	૨૮	અંત ાય.	અંતરાય.
૫૮	૨૩	સ્વમિ	સ્વામિ'
૭૦	૧૧	સસારનારે	સંસારનારે.
૭૩	૨૮	બક્ષાશ	બક્ષીશ.
૭૪	૨૦	દેખડે	દેખાડે.
૧૧૫	૬	ઉજ્જુવાળો	ઉજ્જુવાળુ.
૧૨૪	૧૦	પ્રતિતી	પ્રતીતિ.
૧૩૬	૧૭	ઓખે	આંખે.
૧૪૩	૯	રકને	રંકને.
૧૬૨	૪	ગરદે	મરદે.
૧[illegible]૩	૧૬	બધુને	બંધુને.
૧૬૩	૨૨	ગા	ગૌ.
૧૬૫	૧૯	બર્દ્નુ	બન્ધુ.
૧૬૯	૧	ખસે	ન ખસે.
૧૭૦	૨૬	કિકર	કિંકર.
૧૭૬	૧	દરા	દારા.
૧૭૮	૨૮	કંસારી	કસારી.
૧૮૬	૨	પવન	પાવન
૧૮૬	૧૧	તરવારે	તારવારે.
૧૯૨	૧૨	હાસ	દાસ.
૧૯૨	૧૩	દાસ	હાસ.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૦૫	૮	ધાદીને	ધારીને.
૨૦૫	૨૭	કર	કરત.
૨૦૬	૬	ત્યોરે	ત્યારે.
૨૧૦	૧૨	હેરે	હરે
૨૨૭	૧૬	ઇચ્છું	પ્રીછું.
૨૪૮	૧૫	કુખ	કુખા
૨૫૦	૧	ખેલિયે	ખોલિય.
૨૫૧	૫	બતાવ	તે બતાવ્ય.
૨૫૪	૫	પુકરૂં	પુકારૂં.
૨૬૦	૨૫	અધ	અંધ.
૨૬૨	૧૧	લોક	ત્રૈલોક.
૨૬૬	૩	દમદારાના	દામદારાના.
૩૦૫	૨૯	અલબેલ	અલબેલા.
૩૩૦	૫	ગદનકી	ગંદનકી.
૩૪૫	૧૩.	છાસકું	દાસકું.
૩૯૮	૩	સગને	સંગને.
૩૯૯	૧૩	જડે	ન જડે.
૪૦૦	૨૮	પાડિત	પંડિત.
૪૫૨	૨૧	પીચાસી	પાચાસી.
૪૫૫	૧૪	छलवितू	छलाविहू
૪૯૯	૮	દુઃશ	દુઃખ
૪૯૯	૨૬	જન્મ	જયમ.
૫૨૨	૮	સગ	સંગ.
૫૨૭	૭	સસ્કાર	સંસ્કાર.